ચોવીસમા શાસનપતિ, ત્રિલોકગુરુ, તીર્થંકર પરમાત્મા મહાવીરદેવ વીતરાગ હતા, સર્વજ્ઞ સર્વદર્શી હતા, આથી જ સત્યવાદી હતા આ વાતોને આજના કહેવાતા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સચોટ રીતે સમજાવતું, જેમ જેમ વાંચન થતું જાય તેમ તેમ રુવાંટે રુવાંટેથી એ શાસનપતિને વંદના અપાવતું, શિર ઝુકાવતું અને મનમાં અપાર ભક્તિ બહેલાવતું, નાસ્તિકવાદના ભુક્કા બોલાવતું, ભૌતિકવાદની સખ્ત ખબર લેતું, અંતરમાં પલાઠી મારીને અંતરની ખોજ કરવાની સાધના કરી લેવા માટે પ્રબળ પ્રેરણા આપતું પુસ્તક....

વિજ્ઞાન અને ધર્મ

: લેખક :

પં. ચન્દ્રશેખરવિજયજી

૧૫

કમલ પ્રકાશન ટ્રસ્ટ

પ્રકાશક :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

લેખક-પરિચય :
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી

આવૃત્તિ : પ્રથમ સંસ્કરણ : નકલ ૧૦૦૦
દ્વિતીય સંસ્કરણ : નકલ ૧૨૫૦
તૃતીય સંસ્કરણ : નકલ ૧૨૫૦
ચતુર્થ સંસ્કરણ : નકલ ૨૦૦૦
પંચમ સંસ્કરણ : નકલ ૧૦૦૦
ષષ્ટમ સંસ્કરણ : નકલ ૨૦૦૦
સપ્તમ સંસ્કરણ : નકલ ૩૦૦૦
વિ. સં. ૨૦૬૫, તા. ૧૫-૭-૨૦૦૯

મૂલ્ય રૂા. ૫૦/-

ટાઈપસેટિંગ :
અરિહંત ગ્રાફિક્સ
ખાડિયા ચારરસ્તા, અમદાવાદ

મુદ્રક :
ભગવતી ઑફસેટ
૧૫/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-૪

દર્શન; જગતનું અને જગત્પતિનું

"શા માટે 'વિજ્ઞાન અને ધર્મ' નામનું પુસ્તક મેં તૈયાર કર્યું ?' 'એમ પૂછો છો ? આ રહ્યો ઉત્તર - આગ, ઉકળાટ, કકળાટ, વ્યથા અને કડવાં સત્યોથી ખીચોખીચ ભરેલો —

પળો જતી જાય છે અને હૈયું વધુ ને વધુ બેબાકળું બનતું જાય છે. કોણ જાણે શાને ગભરાટ છે એના ઊંડાણમાં ? શી વેદના ધણધણી છે એના તારે તારના ઝુમખામાં ?

એક વાત વારંવાર ચિત્તમાંથી ઉપર તરી આવે છે કે, 'ખરેખર આવી ઊતરનારા, ભયાનક રીતે ખાબકી જનારા, ચારે પગે ત્રાટકનારા, સઘળું ય હતપ્રહત કરી દેનારા ભયાનક વાવંટોળની હજી ઘણાંખરાને કલ્પના પણ આવી નથી.

"ઓ ! આ ધસ્યું આવે છે....અરે ! એકદમ નજીક આવી ચૂક્યું છે; રાક્ષસી વંટોળનું એક કાજળકાળું વાદળ ! ચેતો...દોડો...સાબદા બનો." એવાં મારાં સંવેદનનોને જો જાહેરમાં મૂકીશ તો કદાચ બધા ય હસી પડશે અને મને કહેશે, "પાગલ છે. કેવું નિરભ્ર સ્વચ્છ આકાશ છે અને આ કહે છે વંટોળનું કાજળકાળું વાદળ ધસી આવતું દેખાય છે !" ભલે...દુનિયા શું કહે છે તે મારે સાંભળવું નથી. મારી વાત સામે એ હસે છે કે ગંભીર બને છે તેની મને ઝાઝી ફિકર નથી. મારે તો એક કડવું સત્ય રજૂ કરી જ દેવું છે હા...ઘમું જ કડવું સત્ય....હવે એને છુપાવી રાખ્યે મહાવિનાશ વહેલો થનારો દેખાય છે. નથી થોભવું. એક પળ પણ નથી થોભવું.

આ રહી એક કડવી વાત, અણગમતી અને સણસણતી સ્પષ્ટ વાત કે —

ભાગ્યે જ કોકે વર્તમાન જગતનું અને જગત્પતિનું સાચું દર્શન કર્યું હશે, શિક્ષિતો, વિદ્વાનો, પ્રોફેસરો અને સ્કોલરોથી ઊભરાયેલા આ જગતમાં ભાગ્યે જ કોઈએ હિન્દુસ્તાની પ્રજાને ખતમ કરી નાંખવા માટે ગોઠવાઈ ગયેલી અત્યંત ભેદી સુરંગોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હશે. ના, નિશાળોમાં એ જ્ઞાન અપાતું નથી, કોલેજોમાં એ જ્ઞાન આપવાના પિરિયડો જ નથી. સ્કોલરોને એની ગંધ પણ નથી, રાજકારણીઓ પણ એ વાત જાણતા નથી.

એક આર્ય દેશ જ એવો છે જેની ધરતી ઉપર પથરાયેલી રેતીના કણ જેટલા સંતો પ્રગટ્યા હોય. આવા સંતોએ આર્યોને આર્યત્વ શીખવ્યું, સર્વ જીવો સાથે મૈત્રી સાધવાની માનવતા શીખવી, બીજાનું આંચકી લેવાની વૃત્તિને 'મહાપાપ' કહીને ત્યજાવી, આર્યપ્રજાએ એ સંતવાણીને વધાવી લીધી અને સૌની સાથે પ્રેમથી રહીને હજારો-લાખો-કરોડો વર્ષોથી એણે આ ધરતી ઉપર પોતાનું પ્રકાશમય અસ્તિત્વ દીપાવ્યું. એ જ પ્રકાશના રેલા ચોમેર રેલાયા. આથી જ ઈસુખ્રિસ્ત વગેરે માનવતાવાદી માનવો જન્મ્યા અને એમણે પણ એકબીજા સાથે પ્રેમથી રહેવાનો સંદેશ આપ્યો. પણ પશ્ચિમની ધરતીના લોકો આ સંદેશાને ઝીલી શક્યા નહિ. અનાદિકાલીન દુષ્ટવૃત્તિઓના એ લોકો ભોગ બન્યા. છેલ્લાં પાંચસો વર્ષથી એમના અંતરમાં ધર્માન્ધતા અને સ્વાર્થાન્ધતાનાં બે મહાપાપોની આગ પ્રજ્વળી ઊઠી છે. આથી જ સમગ્ર વિશ્વ ઉપર પોતાનો ખ્રિસ્તી ધર્મ ફેલાવી દેવાના અને સંપૂર્ણ વિશ્વમાં પોતાની ગોરી પ્રજાનું એક જ અસ્તિત્વ કાયમ કરી દેવાના સંકલ્પ સાથે એ પ્રજા ક્રૂરતાની પરાકાષ્ટાએ પહોંચી છે. આ બે સંકલ્પોને બર લાવવા માટે જ એ ક્યાંક રાજ કરે છે, ક્યાંક રાજ છોડીને ચાલી જવાનો ય દેખાવ કરે છે, ક્યાંક મૈત્રીના દાવે હાજર થઈને લડતા બેની વચમાં પડે છે અને જાણે સમાધાન કરાવીને ચાલી જાય છે, પરંતુ લડતા પેલા બે ય જણા પેલાની ઘાતકી મૈત્રીના નહોરથી લોહીલુહાણ થઈને પોતાની જ ધરતી ઉપર લોહીનાં છાંટણાં કરે છે. જૂના સમયમાં શત્રુ બનીને સહુ ઉઘાડા લડતા, હવે આ લોકોએ મિત્ર બનીને ગુપ્ત લડાઈઓના, અને ખૂનખાર કાપાકાપીઓના કાર્યમાં જબ્બર સફળતા પ્રાપ્ત કરી છે. અત્યંત શક્તિશાળી બે મિત્રો જ એકબીજાના શત્રુ તરીકે દેખાવ કરીને જગત્ સામે ખડા થાય છે. બાવરા બનેલા જગતના બે દુશ્માનોની પડખે પેલા બે ય ગોઠવાયા કરે છે. મિત્ર બનીને બધા ય સંચા એ બાવરાં રાજ્યોના ઢીલા કરી નાખે છે. અંતે બેયને શસ્ત્રોથી સજ્જ કરીને, લડાઈની પ્રેરણા કરીને, લડાવી મારે છે. પોતે બન્ને ય ખસી જાય છે. પેલા બે ય સાફ થાય છે. આમ મૈત્રીના દેખાવ સાથેના ઘાતકી યુદ્ધમાં કરોડો

માનવો આ જ સુધીમાં કપાઈ મર્યા છે. કોડીબંધ દેશોની પ્રાચીન પ્રજાનું નામનિશાન રહ્યું નથી. માનવવિહોણા એ દેશોની ધરતીને, શત્રુના દેખાવથી રહેલા પેલા બે મહામુત્સદ્દી મિત્રોએ વહેંચી લીધી છે.

આવું જ કાંઈક હિન્દુસ્તાનની ધરતી ઉપર બની રહ્યું છે. હિન્દુઓની અત્યન્ત બલિષ્ઠ પ્રજાનું નિકંદન કાઢી નાંખવા માટે જ તદ્દન જૂઠા એવા કોમવાદને ઊભો કરવામાં આવ્યો છે. મુસ્લિમો સાથે યુદ્ધનાં નગારાં વગાડ્યાં છે, ખૂનખાર કાપાકાપીઓ ચાલી રહી છે.

દુનિયામાં પરસ્પરના શત્રુ તરીકે કે દેખાડતા રશિયા અને અમેરિકાના ધુરંધરોએ હિંદુ અને મુસ્લિમ બે ય પ્રજાને શસ્ત્રાસજ્જ કર્યે જ રાખી છે. બસ...કાયમ સળગતું રહે અર્થતંત્ર, શત્રુતાને જિવાડતી રહે બે ય પ્રજા : કપાતાં રહે ધડ અને માથાં અને જોતાં રહે પેલાં બે દિલોજાન દોસ્ત તેમનો તમાશો ! અને અહીં કરોડોનું નિકંદન ! સરહદના સીમાડે જ હિન્દુ પ્રજાના નાશનાં યુદ્ધો ચાલે છે એવા ભ્રમમાં રખે કોઈ રહી જતા ! અરે ! આ વિનાશનું તો ઘરઘરમાં, વર્તન-વ્યવહારમાં, કપડાલત્તામાં, બોલવા-ચાલવામાં સર્વત્ર વાદળ છાઈ ગયું છે. સીમાડાનાં ઉઘાડા યુદ્ધમાં તો લાખ, દશ લાખ હિન્દુઓ મરી જાય, પણ આ છૂપા-સદા સળગતા યુદ્ધમાં તો કરોડોનો કચ્ચરઘાણ વળી જાય તેવું છે. એમાં ખૂબની વાત તો એ છે કે શત્રુનો એક બચ્ચો ન મરે, શત્રુને યુદ્ધના મેદાનમાં ઊતરવું ય ન પડે અને આ યુદ્ધ ખેલાઈ જાય. આપસમાં જ લોહિયાળ જંગ ખેલાય...અરે ! ભૂલ્યો. લોહી નીકળ્યા વગર જ સર્વનાશ થઈ જાય. સેંકડો વર્ષો સુધી જેણે હિન્દુસ્તાનની ધરતી ઉપર ડેરા-તંબુ નાખ્યા એ લોકો આ દેશની કયી બાબતથી અજાણ હોય ભલા ! એણે એ વાત બરોબર જાણી લીધી છે કે આ પ્રજાને ખતમ કરી દેવી હોય તો એની મહાબલિષ્ઠ સંસ્કૃતિને જ ખતમ કરી દેવી જોઈએ. જ્યાં સુધી સંસ્કૃતિનો પ્રાણ ધબકતો હશે ત્યાં સુધી આ દેશની ધરતી ઉપર આપણને કાયમી રાજ્ય કરવા દે એવી નિર્માલ્ય પ્રજા નથી. બસ....વિનાશનું મૂળ પકડી લીધું અને કારવાહી શરૂ કરી. વર્ણવ્યવસ્થાનાં મૂળિયાં હલબલાવી દેવા માટે અસ્પૃશ્યતાનું નિવારણ લાવી મૂક્યું, ઉદ્ધારના નામે નાશની તલવાર ચલાવી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રોનાં આંતરજ્ઞાતીય આંતરજાતીય લગ્નોની હિમાયત જોરદાર રીતે કરીને બળવાન એવા આર્યબીજને બગાડ્યું, કોહાવ્યું, બાળ્યું. લોકશાસન લાવીને સંતશાસન દૂર હડસેલ્યું. બહુમતીવાદનું ચોકઠું ગોઠવીને શાસ્ત્રમતીના વિચારને દેશવટો દેવડાવ્યો. નારીની ગુલામીની વાતો કરીને ઉઘાડે છોગ, ઊભી બજારે અને ધોળે દહાડે નારીનાં શીલ લૂંટતા લાખો દુઃશાસનો પકવી દીધા. નિરોધ, ગર્ભપાત, છૂટાછેડા, સિનેમા, સહશિક્ષણ, બ્લુ-બુક, બ્લુ-ફિલ્મ, રેડિયો, ટેલિવિઝનો, મેગેઝીનો, ક્લબો, જીમખાનાંઓ, હોટલો અને પરિસંવાદોની યોજનાઓના વિવિધ સાણસામાં ખમીરવંતી અને પવિત્રતાના પુંજસમી હિન્દુ પ્રજાને આબાદ જકડી લીધી.

બસ...હવે એનાં પરિણામો જાહેર થતાં જ રહ્યાં દેખાય છે. શ્વેત પ્રજાને પણ કલ્પનાતીત-એવા ઝડપી વેગથી પરિણામો આવી રહ્યાં છે. નારીનું શીલ લૂંટાયું છે. યુવાનોનું મીઠું વેરાઈ ચૂક્યું છે, ક્ષત્રિયોનું ક્ષાત્રવટ રહેંસાઈ-પિસાઈ ચૂક્યું છે. વેપારીઓનું તેજ ચૂંથાયું છે, સંતોનું બળ તૂટ્યું છે, ધર્મોનું અસ્તિત્વ પૂર્ણપણે જોખમાયું છે, જોર વધ્યું છે. ગુંડાશાહીનું, તકવાદીઓનું, અનાચાર અને અનીતિનું, આંધી અને અંધાધૂંધીનું, અસ્થિરતા અને અરાજકતાનું, કામના ઉન્માદો અને અર્થની મલિનતાનું.

હજી એ યુદ્ધ નવાં નવાં શસ્ત્રો સાથે આગળ વધી જ રહ્યું છે. બધાયને ભારતીય બનાવી દઈને - સહુને જૈન, બ્રાહ્મણ, વૈષ્ણવ, બૌદ્ધ તરીકે મીટાવી દેવા માટે 'ભારતીયકરણ'નું ભયાનક શસ્ત્ર ક્યારનું ફેંકાઈ ચૂક્યું છે. સંતોની સંતશાહીના બળને હતપ્રહત કરી નાખવા માટે હિપ્પીઓનાં ટોળાં છૂટી ગયાં છે. ગામડે ગામડે તેઓ ફેલાઈ જશે. અફલાતુન ધ્યાન ધરશે અને માળાના મણકે મણકે ભારતીય ધર્મપ્રણેતાઓનાં-મનગમતાં નામ જપશે. હરેકૃષ્ણની ધૂન મચાવતી મંડળીઓએ મુંબઈમાં પ્રવેશ કરી દીધો છે. દરેક ધર્મના પુણ્યશાલી ગણાતા સંતોમાંના એકાદ બેને ઉચ્ચ કક્ષાનું માન આપીને ભોળવી દઈને, તેમની પાસે અનેક ગોરાઓ સમૂહમાં દીક્ષા લે અને એ સાધુસંસ્થામાં પ્રવેશ કરી પગ પહોળા કરે એવી અનેક તબક્કાઓ સાથેની યોજના ખૂબ જ ટૂંકા સમયમાં અમલી બનશે. આમાંનો પહેલો તબક્કો પૂર્ણ થયો હોવાથી દરેક ધર્મના આગેવાનોમાં એક, બે કે પાંચ અમીચંદો તૈયાર પણ થઈ ચૂક્યા છે. કામચલાઉ દીક્ષા ફાવે તેને દીક્ષા, સબ ભૂમિ ગોપાલકી,

સબ સમાનતાનો વાદ, વગેરે વગેરે શસ્ત્રો અત્યંત ઘાતકી પુરવાર થવાનાં છે.

હિંદુ પ્રજા સાથેહજારો વર્ષોથી અવિભક્ત રહેલા જૈનધર્મ પાળતા હિંદુઓને હવે હિંદુ તરીકે મટાડી દેવાયા છે. વસતિપત્રકમાં ધર્મનું જ ખાનું મૂકીને, અને પ્રજાનું ખાનું ઉડાડી મૂકીને એક ભયાનક શસ્ત્ર ફેંકાઈ ગયું છે. આથી હિન્દુ એ પ્રજા હતી એને બદલે હિન્દુ એ ધર્મ બનશે, આમ વિશ્વની અત્યંત બળવાન 'હિન્દુ' નામની પ્રજા શાબ્દિક ફેરફાર માત્રથી નાબૂદ થશે અને જૈન એ ધર્મ હતો તે હવે સમાજ ગણાશે, વિશ્વના તખ્ત ઉપરથી 'જૈન' નામનો ધર્મ નાબૂદ થઈ જશે.

કેટલીક ભયાનક મુત્સદ્દીગીરી ! આવાં હજારો શસ્ત્રો સાથે હિન્દુ સંસ્કૃતિના નાશ દ્વારા હિંદુ પ્રજાનો નાશ કરવાનું ખૂનખાર યુદ્ધ આ પળે પણ ચાલી રહ્યું છે. હિંદુ પ્રજાજન પોતે જ પોતાને આ શસ્ત્રોથી મારી રહ્યો છે. કહો, આવું જગતદર્શન કેટલાયે કર્યું છે ? જો આટલી હદ સુધી વણસી ગયેલી સ્થિતિનો ખ્યાલ આવી જાય તો કોઈ પણ હિંદુપ્રજાજનને ખાવું પણ ભાવે ખરું ? ગળેથી કોળિયો ઊતરતાં ડચૂરો ન થાય શું ? રે નીંદ હરામ ન થઈ જાય શું ?

એક બાજુએ આ બધાં શસ્ત્રોથી સંસ્કૃતિ અને પ્રજાજનોનો ખાતમો બોલાવાઈ રહ્યો છે તો બીજી બાજુએ આ દેશની ધરતીને સમૃદ્ધ બનાવાઈ રહી છે. એ જ ગોરી પ્રજા યંત્રોની ભેટ કરે છે, પોતાના ઈજનેરોની મફત સેવા આપીને પણ ઉદ્યોગો અને ઉદ્યોગનગરો બાંધી આપે છે. અઢળક નાણું આપે છે, વ્યાજ વગેરે બાબતોમાં વિપુલ સવલતો આપે છે. આ બધી સગવડો મળવાને કારણે દેશની ધરતી અવશ્ય આબાદ બનતી જતી જોવા પણ મળે છે, કેટલાય હજારો માઈલોના આસ્ફાલ્ટરોડ બંધાયા, હજારો એક જમીન ઉપર ઉદ્યોગો ધમધમી ઊઠ્યા, લાખો એકર જમીન ખેતીલાયક બની ગઈ, અઢળક પાણીથી ડેમ છલકાયા અને બારમાસી ખેતીની પેદાશ ચાલુ થઈ ગઈ.

અર્ધદગ્ધવિચારક, એકલો સ્કોલર કે યુનિવર્સિટીનું ભણાવેલું જ ભણી ગયેલો માણસ આ બધાયમાં આબાદીનાં જ દર્શન કરવાનો...હું પણ એમાં આબાદીનાં જ દર્શન કરું છું. માત્ર ફરક એટલો જ પડે છે કે પેલો હિન્દુપ્રજાની આબાદી જુએ છે જ્યારે હું ગોરી પ્રજાની આબાદી જોઉં છું. આમાં મારું દર્શન સાચું છે એમ કહેવા માટે પૂર્વે રજૂ કરેલાં કારણો પૂરતાં છે. આપણી સંસ્કૃતિ અને પ્રજાનો જો વિનાશ જ બોલાવાઈ રહ્યો હોય તો આબાદ બનતી આ દેશની ધરતી, એ ગોરી પ્રજાની આબાદી માટે જ ગણવી ને ?

આપણો સંપૂર્ણ વિનાશ થયા બાદ એ લોકોનાં ધાડાં અહીં ઊતરી પડશે અને તૈયાર એવા ભાણા ઉપર જમવા બેસી જશે.

જે આર્યના હૈયામાં આ વાત બરાબર ઠસી ગઈ હશે 'કે દેશ કરતાં પ્રજા મહાન છે, સંસ્કૃતિની રક્ષા કાજે પ્રજાએ પોતાનું બલિદાન દેવું ઘટે અને પ્રજાની રક્ષા કાજે દેશને ખોઈ નાખવામાં કશું અજૂગતું ન ગણાય' તે આર્ય અવળી વહેતી ગંગાનું દર્શન કરતાં જ દિઙ્મૂઢ થઈ જશે. દેશને જીવતો રાખવા માટે પ્રજાના નાશ માટે સંસ્કૃતિનો વિનાશ ! જેના લોહીમાં આર્યત્વનો થોડો પણ ધબકાર હશે, જેને આર્ય દેશમાં જન્મ પામ્યાની ખુમારી હશે, એ આર્ય આ બધી વાતો જાણ્યા-સાંભળ્યા પછી નખ-શિખ સળગી ઊઠે તેમાં લેશ પણ નવાઈ પામવા જેવું નથી. એનું લોહી ઉકળી જાય કે એના અંતરમાં કોઈ ભાવાવેશભર્યા ઉકળાટ વ્યાપી જાય તેમાં કશું ય આશ્ચર્ય નથી. હા....જે સ્થિતિ મારી છે, એવી જ કદાચ એની પણ થાય.

આ તો આપણે જગદ્-દર્શન કર્યું,

હવે જગત્પતિની ઓળખની વાત કરું.

વૈ.શુ. ૧૦મના દિવસે જેમની સાડાબાર વર્ષની ઘોર સાધના પૂર્ણ થઈ, એ દિવસે જ પરમકૃપાલુએ વિશ્વહિતકર શાસનની સ્થાપના કરી, આ સંસ્થાને સુંદર રીતે ચલાવવા માટેના કાયદા-કાનૂન સ્વરૂપ વિધિ, નિષેધાત્મક શાસ્ત્રો જેમણે શ્રી ગણધરભગવંતોના આત્મામાં ત્રિપદી પ્રદાન દ્વારા પ્રગટ કર્યા, એ શાસન નામની સંસ્થાના કાર્યવાહકો રૂપે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની જેમણે સ્થાપના કરી, સંસ્થાના યોગક્ષેમ માટે જરૂરી સાતક્ષેત્ર સંપત્તિની વ્યવસ્થા પણ જેમણે કરી આપી અને સર્વ જીવોને આ સંસ્થા દ્વારા મોક્ષ પામવાનો ધર્મ પણ જેમણે બતાડ્યો એ ત્રિલોકનાથ, તીર્થંકર પરમાત્મા મહાવીર પરમાત્માને હજી આપણે સહુ ઠીક ઠીક રીતે ઓળખી શક્યા છીએ

ખરા ? મને તો શંકા છે.

આ પરમાત્માનું લોકોત્તરઐશ્વર્ય, એમનું સર્વોચ્ચ વિભૂતિત્વ, એમની વિરાટ શક્તિઓનુ, એમનું વીતરાગત્વ અને સર્વજ્ઞત્વ, એમની સાહજિક વિશ્વકલ્યાણકારિતા વગેરે જો ખૂબ સારી રીતે સમજાઈ જાય, જો એમણે સ્થાપેલા શાસનનું મૂલ્ય અંતરમાં ઠસી જાય, પરમાત્માએ પ્રકાશેલાં શાસ્ત્રોના સુસૂક્ષ્મ પદાર્થોનો જો સુંદર બોધ થઈ જાય, એમના લોકોત્તર માર્ગની કઠોર આરાધના કરતાં શ્રમણવર્ગના જીવનની સર્વથા સુંદર સઘળી બાજુઓનું દર્શન થઈ જાય, પરમાત્માએ દાખવેલી મોક્ષમાર્ગસાધક પ્રત્યેક ક્રિયાઓ પ્રત્યે જો ગૌરવ ઉત્પન્ન થઈ જાય તો તે જ પળે અહોભાવથી શિર ઝૂકી જાય, જિનેશ્વરોને, જિનના શાસનને અને એ સર્વહિતકર શાસનનાં સર્વ અંગોને.

અંતર પોકારી ઊઠે, 'આના જેવી મૂલ્યવાન વસ્તુ જગતમાં કોઈ નથી. જો આ શાસનપતિ અને તેમનું શાસન મને ન મળ્યાં હોત તો નર્યો અંધકાર ઓકતી દુ:ખ અને પાપની અમાવસ્યાની રાત્રિ સમી આ ધરતીએ હું સદા અથડાતો-ટિચાતો હોત !' એક જ ઇચ્છા છે, સહુ શાસનપતિને ઓળખી લે, શાસનને સમજી લે, દ્વાદશાંગીના સૂક્ષ્મ તત્ત્વોનાં રહસ્યોને હસ્તસાત કરી લે. બસ...પછી મારે કાંઈ જ કહેવું નથી, કહેવું પડશે પણ નહિ. એ શાસનપ્રેમી પોતે જ, શાસન ઉપર આવતાં ઉપરોક્ત આક્રમણોની સામે એકલવીર બનીને લડશે. વિરાટ સેનાનું સર્જન કરશે. એ સર્વત્ર ફરશે, ધરતીના કણ-કણને ખૂંદી વળશે, ઘટઘટમાં શાસનની સ્થાપના કરશે. શાસનપતિના નામનો જયજયકાર મચાવશે.

વિજ્ઞાનના તકવાદી અને કુતર્કવાદી યુગમાં શાસ્ત્રોનાં સૂક્ષ્મ તત્ત્વોને ન્યાયની તાર્કિક ભાષામાં સમજાવવાનું કામ ઘણું કપરું છે. એટલે જ મનમાં વિચાર ઝબકી ગયો કે તો પછી એ સૂક્ષ્મ તત્ત્વોના પ્રકાશક શાસનપતિની સત્યવાદિતાને જ સાબિત કરી આપું તો ? વૈજ્ઞાનિકો ઉપર તો ઘણાંને કૂણી મમતા છે જ ને ? એનો જ લાભ કેમ ન ઉઠાવવો ? વિજ્ઞાનની વાતોથી જ કેટલાંક તત્ત્વોને સિદ્ધ કરી આપીને જગત્પતિનું સત્યવાદિત્વ સ્થિર કરી દઉં તો જગત્પતિ ઉપર કેવો અપાર વિશ્વાસ સહુને બેસી જાય ? એમના પ્રકાશેલા શાસ્ત્રના પ્રત્યેક અક્ષર ઉપર કેવી નિષ્ઠા જામી જાય ? નાસ્તિકતાનો હિમપર્વત કેવો ઝપાટાબંધ ઓગળવા લાગી જાય ? ડૉક્ટર ઉપર વિશ્વાસ જામી ગયા બાદ કદી કોઈ માણસ એ ડૉક્ટરે સૂચવેલી ઔષધીમાટે તર્કવિતર્ક કરે છે ખરો ? એ દવાની બાટલી ઉપર 'Poison' લખ્યું હોય તોય ? તો હું પણ શા માટે ૫૦૦, ૧૦૦૦ સિદ્ધાંતોની સચોટ સત્યતા પુરવાર કરી આપીને એના પ્રકાશક શાસનપતિ તીર્થંકર ઉપર પરિપૂર્ણ વિશ્વાસનું પ્રદાન કેમ ન કરાવી દઉં ? પછી એ પરમકૃપાળુનાં પ્રકાશેલાં સત્યોને સમજવા માટે તર્કો કરવાની અને બુદ્ધિ લડાવવાની જરૂર જ નહિ જણાય. જો સમ્યગ્દર્શન આવી જાય તો સમ્યગ્જ્ઞાન આપમેળે જ આવી જાય ને ? ચોખા બરાબર ચડ્યા છે કે નહિ તે નક્કી કરવા માટે ગૃહિણી ચાર જ દાણા ચાંપીને આખી તપેલીનો નિર્ણય કરી લે છે ને ? આ ન્યાય અહીં કેમ ન લગાડવો ? શાસનપતિ પરમાત્મા ઉપર અફાટ ભક્તિ ઉત્પન્ન કરવાનો જેમ આ જ સરળ માર્ગ છે, તેમ શ્રેષ્ઠ માર્ગ પણ હાલના તબક્કે આ જ છે.

સહુના અંતરમાં શાસનપતિ પરમાત્માની મંગલ પધરામણી થઈ જાય, સહુને એમના શાસન પ્રત્યે અપાર પ્રીતિ જાગી જાય પછી આપણે સૌ વર્તમાન ભીષણ યુદ્ધની પરિસ્થિતિને અનુલક્ષીને કેટલાંક મંતવ્યો નિશ્ચિત કરીએ કે —

★ સહુસહુના આર્યધર્મમાં સ્થિર બની રહો. ★ પાશ્ચાત્ય જીવન પદ્ધતિને સહુ દફનાવો. ★ પાશ્ચાત્ય વિચારસરણીને સહુ દૂર કરો. ★ વર્ણવ્યવસ્થાને ધિક્કારવાની વાતોમાં કોઈ સામેલ ન થાઓ. ★ સંતશાહીનાં ઉત્તમોત્તમ મૂલ્યોને સીધી કે આડકતરી રીતે તોડી પાડતી કોઈ પણ પ્રવૃત્તિને જરા પણ સાથ ન આપો. ★ પ્રાચીન ગૌરવવંતી પરંપરાઓના સહુ ચુસ્ત હિમાયતી બની રહો. ★ જૈનત્વની ખુમારી ઘટઘટમાં સ્થાપો. રત્નત્રયીને અને તત્ત્વત્રયીને સદા શિર ઝુકાવો. ★ જમાનાવાદનાં જૂઠાણાંઓને સખ્ત રદિયો આપો. એકતાને બદલે એકસંપીની વાતોને જ સાથ આપો. ★ યુગપ્રગતિના જૂઠથી સદા છેટા રહો.

ઘાતકી સુરંગોની જાળને છેદી-ભેદી નાખવા માટે આપણે આટલું જરૂર કરીએ. ત્યારબાદ ત્રિલોકનાથ જગત્પતિ તીર્થંકર પરમાત્માએ ફરમાવેલી આજ્ઞાઓથી પ્રતિબદ્ધ જીવન જીવવાનો દૃઢ સંકલ્પ કરીએ અને શક્ય એટલું પાલન કરીએ. આજ્ઞાપ્રેમી બનીએ, અનેકોને આજ્ઞાપ્રેમી બનાવીએ.

સુવિશુદ્ધ આજ્ઞાપાલનમાં જ પેલાં ભેદી અને ભયાનક આક્રમણોનો વિનાશ કરવાની પ્રચંડ શક્તિ પડેલી છે એ વાત આપણે કદી ન વીસરીએ.

સુવિશુદ્ધ આજ્ઞાપાલન પણ આજ્ઞા પ્રત્યેના ભારોભારના બહુમાનથી જ આવે અને આજ્ઞા પ્રત્યે એવું બહુમાન ઉત્પન્ન કરવા દેવા માટે જ આ પુસ્તક છે. ચાલો ત્યારે શરૂ કરો એનું વાંચન...ઉત્પન્ન કરો. આજ્ઞા બહુમાન...અને પાલન કરવા લાગી જાઓ સુવિશુદ્ધ આજ્ઞાઓનું. એથી નિષ્ફળ બનશે ભેદી આક્રમણો અને સફળ બનશે મોંઘેરું માનવજીવન.

સમગ્ર વિશ્વના સર્વ જીવો :

એકબીજાના મિત્ર બનીને જીવો અને અન્યને જીવવા દો. પ્રાચીન આર્યપરંપરાનાં ગૌરવોને પોતાના સ્વાર્થ ખાતર કોઈ હાનિ ન પહોંચડો. સર્વત્ર ત્રિલોકગુરુ તીર્થંકર પરમાત્મા મહાવીરદેવનું શાસન અબાધિતપણે પ્રવર્તો.

વિ.સં. ૨૦૨૬, ધનતેરસ — લિ. ગુરુપાદપદ્મરેણુ

ધ્રાંગધ્રા — **મુનિ ચન્દ્રશેખરવિજયજી**

અનુક્રમણિકા

- **લેખકીય પ્રસ્તાવના – દર્શન, જગતનું અને જગત્પતિનું**

ખંડ : ૧ અપૂર્ણ વિજ્ઞાન અને પૂર્ણ તત્ત્વજ્ઞાન

૧. અગણિત વંદન, જિનાગમોને ૧
૨. સત્યવાદી ભગવાન જિનેશ્વરો ૧૦
૩. વિજ્ઞાનનાં ફરતાં વિધાનો ૧૬

ખંડ : ૨ આત્મવિજ્ઞાન

વિભાગ : ૧ આત્મા અને પુનર્જન્મ **૩૬**
૪. જૈન દૃષ્ટિએ આત્મા : ષટ્સ્થાનવિચાર ૩૭
૫. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આત્મા ૪૧
૬. વશીકરણવિદ્યાથી આત્મસિદ્ધિ : પુનર્જન્મવાદ ૪૭
૭. જાતિસ્મૃતિથી આત્મસિદ્ધિ : પુનર્જન્મવાદ ૬૯
૮. વિશિષ્ટ શક્તિથી આત્મસિદ્ધિ : પુનર્જન્મવાદ ૯૫

વિભાગ : ૨ પરલોકસિદ્ધિ **૧૦૩**
૯. પ્રેતલોકમાંથી આવેલા આત્માઓની વાતો ૧૦૪
૧૦. પ્રેતાત્મા સાથે વાતચીત ૧૧૫
૧૧. મિડિયમમાંથી પ્રેતાત્મા-સંપર્ક ૧૩૫
૧૨. નારકલોકવિચાર ૧૩૯

વિભાગ : ૩ ઈશ્વર **૧૪૩**
૧૩. ઈશ્વર અને જગત્કર્તૃત્વ ૧૪૪

વિભાગ : ૪ અન્ય જીવસૃષ્ટિ **૧૬૩**
૧૪. વનસ્પતિ જીવો અને સંજ્ઞાઓ ૧૬૪
૧૫. પૃથ્વી : પાણી : અગ્નિ : વાયુમાં ચૈતન્ય ૧૭૨
૧૬. બે : ત્રણ : ચાર ઇન્દ્રિયવાળા જીવો ૧૭૩

ખંડ : ૩ જડવિજ્ઞાન

વિભાગ : ૧ ત્રણ અસ્તિકાય **૧૭૪**

૧૭. ધર્માસ્તિકાય ૧૭૫

૧૮. અધર્માસ્તિકાય : આકાશ : પાતાળ ૧૮૫

વિભાગ : ૨ પુદ્ગલાસ્તિકાય **૧૮૮**

૧૯. પરમાણુવાદ ૧૮૯

૨૦. સોળ : મહાવર્ગણા ૨૦૪

૨૧. શબ્દ-અંધકાર-છાયા ૨૧૦

૨૨. પરમાણુવાદનો ઉપસંહાર ૨૧૭

વિભાગ : ૩ બે પ્રશ્નો **૨૨૦**

૨૩. સર્વજ્ઞોએ અણુ આદિના સિદ્ધાંતો જ કેમ બતાડ્યા ? ૨૨૧

૨૪. અનન્તાદિનું ગણિત અને વૈજ્ઞાનિકો ૨૩૧

ખંડ : ૪ પ્રકીર્ણક

૨૫. ૧. પાણીનું મૂળ કારણ વાયુ ૨૩૫

૨. છઠ્ઠો આરો

૨૬. સ્યાદ્વાદ : સાપેક્ષવાદ ૨૪૧

૨૭. પૃથ્વી અને તેનું પરિભ્રમણ ૨૫૪

૨૮. વિભંગજ્ઞાન અને પિટલ હરકોસ ૨૬૧

૨૯. જેની ડિક્સન ૨૭૯

પરિશિષ્ટ : ૧ ભવિષ્યવાણી ૨૯૦

પરિશિષ્ટ : ૨ અવકાશખોજથી આત્મખોજ સુધી ૩૧૭

પરિશિષ્ટ : ૩ વિજ્ઞાને સર્જેલી ભૂતાવળ ૩૨૦

પરિશિષ્ટ : ૪ સમસ્ત માનવજાતિનો પ્રશ્ન : વળાંક લઈ શકાશે ? ૩૨૩

પરિશિષ્ટ : ૫ ત્રીજું વિશ્વયુદ્ધ તો પૂરું થયું હવે ચોથા વિશ્વયુદ્ધમાં હારવું ન જોઈએ. ૩૨૫

પરિશિષ્ટ : ૬ વનસ્પતિનું રહસ્યમય જીવન ૩૩૦

પરિશિષ્ટ : ૭ 'પૃથ્વીમાં જીવ છે' જૈન દર્શનની માન્યતાનો સચોટ પુરાવો ૩૩૯

પરિશિષ્ટ : ૮ 'પારથેનીયમ' કૃષિ અને માનવી માટે ખતરનાક ઘાસ ૩૪૩

પરિશિષ્ટ : ૯ ઓ વિજ્ઞાન ! તારા પાપે પ્રદૂષણથી મરી રહેલ હજારો, ગાયો, લાખો મરઘાં બતકાં અને કરોડો માછલાં ! ૩૪૬

ખંડ-૧

અપૂર્ણ વિજ્ઞાન અને પૂર્ણ તત્ત્વજ્ઞાન

૧. અગણિત વંદન, જિનાગમોને

મહામંગળકારી પરમ પવિત્ર શાસ્ત્રગ્રંથોનું અધ્યયન એક મુનિવર કરી રહ્યો છે. એમના મુખ ઉપર થોડી થોડી વારે કોઈ અપૂર્વ આનંદની લહરી ફરી વળે છે. કોઈવાર એ મુખાકૃતિ ગંભીર બને છે, તો ક્યારેક વળી કોક ઊંડા ચિંતનમાં ગરકાવ થઈ જતા આત્માનું સ્થૈર્ય પોતાનામાં દર્શાવે છે.

આનંદઘનની મસ્તીમાં મુનિવર ગળાડૂબ ડૂબેલા જણાય છે. જ્ઞાનગંગાની રસલૂંટમાં ઓતપ્રોત જણાય છે.

થોડીવાર થઈ, આનંદ અને ગામ્ભીર્યના મિશ્રભાવ સાથે મુનિરાજ એકદમ મોટેથી બોલી ઊઠ્યા, "અરે ! અરે ! આવા ભયંકર કળીકાળમાં અમારા જેવાની શી મજાલ હતી કે કાળના એ મલિન પ્રભાવથી અમે જરાય ન ખરડાઈએ ! સ્થિતપ્રજ્ઞ બની રહીએ !

"જો...જો... આ જિનેશ્વરદેવના આગમોનું જ્ઞાન અમને ન મળ્યું હોત તો હું કલ્પના પણ કરી શકતો નથી કે મારા જેવા અનાથોનું જીવન કેટલી હદ સુધી રફેદફે થઈ ગયું હોત !"[૧]

ભગવાન મહાવીરસ્વામીજીના નિર્વાણ પછીના દસમા સૈકાની આ વાત છે. ઉપરના શબ્દો સ્વગત બોલનાર પૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજી છે. એક વખતના બ્રાહ્મણ પુરોહિત. જૈન ધર્મના કટ્ટર દ્વેષી. એટલે સુધી આગળ વધીને પોતાનો એ દ્વેષભાવ વ્યક્ત કરતા કહેતો કે, "ગાંડોતુર બનીને કોક હાથી રાજમાર્ગ ઉપર દોડ્યો જતો હોય, લોકો નાસભાગ કરતા હોય તે વખતે પ્રાણ બચાવવા માટે પણ જિનમંદિરમાં તો ન જ જવું. બહેતર છે કે તેના કરતાં તો હાથીના પગ તળે ચગદાઈ જવું."[૨]

૧. **कत्थ अम्हारीसा पाणी दूसमादोसदूसिआ ।**
हा अणाहा कहं हुंता जइ ण हुंतो जिणागमो ॥

૨. **हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जिनमंदिरम् ।**

રાજમાન્ય પુરોહિત હરિભદ્રને જિનધર્મ પ્રત્યે આટલો દ્વેષ હતો. એકવાર અચાનક પોતાને જિનમંદિરમાં જવાનું થયું. બન્યું હશે કોઈ નિમિત્ત. અને ત્યાં જોઈ ભગવાન જિનની મૂર્તિ. પુરોહિત હરિભદ્રને એ મૂર્તિમાં વીતરાગતા, પ્રસન્નતા વગેરે કાંઈ જોવા ન મળ્યું. એણે તો જોઈ જિનના દેહની હૃષ્ટપુષ્ટતા ! અને ખડખડાટ હસી પડતાં એ બોલ્યો, "વાહ રે ! તારી વીતરાગતા ! રે ! આ હૃષ્ટપુષ્ટ તારો દેહ તો સૂચવે છે કે તું અવશ્ય પક્વાનોનાં ભોજન ઊડાવતો હોવો જોઈએ. ખરેખર તું તપસ્વી હોય તો તારો દેહ આવો અલમસ્ત હોઈ શકે જ નહિ. જે વૃક્ષના કોટરમાં અગ્નિ મૂક્યો હોય તે વૃક્ષ કદાપિ લીલુંછમ રહી શકે ખરું ?"[૩]

જેવો દ્વેષ હતો હરિભદ્રને જિનધર્મ ઉપર, તેવું જ અભિમાન હતું પોતાને પાંડિત્યનું. માટેસ્તો પેટે પાટા બાંધીને એ ફરતો અને કોઈ તેનું કારણ પૂછે તો કહેતો કે, "જ્ઞાન એટલું બધું વધી ગયું છે કે હવે પેટ ફાડીને તે ક્યાંક બહાર નીકળી ન જાય એ ભયથી પેટે પાટો બાંધ્યો છે !"

બેશક, હરિભદ્ર ચૌદ વિદ્યાનો પારગામી પુરોહિત હતો. એની કક્ષામાં ઊભો રહી શકે એવો એક પણ બ્રાહ્મણ વિદ્વાન એ સમયે ન હતો. પણ હરિભદ્રને એના પાંડિત્યનું અજીર્ણ તો જરૂર થયું હતું. ગમેતેમ હોય, પણ એ પાંડિત્યને ગર્વે જ એને મગજમાં એક વાત દૃઢતા સાથે બેસી ગઈ હતી કે જગતમાં એવું કોઈ શાસ્ત્ર નથી, એવો કોઈ શબ્દ નથી જેનો ભાવ એ ન સમજી શકતો હોય. આથી જ એણે પ્રતિજ્ઞા કરી હતી કે જો કોઈ તેવું એકાદ પણ શાસ્ત્રવચન મારી બુદ્ધિથી અણઊકેલ્યું જોવા મળશે તો તેનો અર્થ ઉકેલી આપનારનો હું આજીવન દાસ બની જઈશ.

આ પ્રતિજ્ઞો જ પુરોહિત હરિભદ્રને, મુનિ હરિભદ્ર બનાવવામાં મોટો ફાળો આપ્યો, એણે જ એને જિનધર્મના કટ્ટરદ્વેષી મટાડીને જિનધર્મના ઝંડાધારી બનાવ્યા, સ્વરનું કારમું અહિત કરતા અટકાવીને, અગણિત આત્માઓને મુક્તિપંથના મહાયાત્રી બનાવ્યા.

એક વખતની વાત છે. દિવસનો સમય હતો. સાધ્વીજી મહારાજના

૩. **वपुरिदं तवाऽऽचष्टे स्फुटं मिष्टान्नभोजनम् ।**
न हि कोटरसंस्थेऽग्नौ तरू र्भवति शाड्बलः ॥

ઉપાશ્રયમાં એક સાધ્વીજી ક્ષેત્રસમાસ નામના ગ્રંથનો મુખપાઠ કરતા હતા. એમાં એક શ્લોક વારંવાર બોલતાં તેમને હરિભદ્રે સાંભળ્યાં. અરે ! આ શું બોલે છે ? શો આનો અર્થ ? ઘણી મહેનત કરી, પણ ન જ સમજાયું. ઉપાશ્રયમાં ગયા. સાધ્વીજીને હાથ જોડી એ શ્લોકનો અર્થ સમજાવવાની વિનંતી કરી. સાધ્વીજીએ તરત કહ્યું, "એ કામ મારું નહિ. જાઓ, અમારા આચાર્યભગવંતની પાસે. તેઓજ તમને સુંદર રીતે આ શ્લોકનો અર્થ સમજાવશે."

અર્થબોધ ન થાય ત્યાં સુધી વિદ્યાવ્યાસંગી હરિભદ્રને હવે ચેન પડે તેમ ન હતું. હરિભદ્ર આચાર્યશ્રીની પાસે ગયા.

પવિત્રતાના મૂર્તિમાન પુંજશા આચાર્યશ્રીને જોઈને જ હરિભદ્ર થીજી ગયા ! ઓજસનું સરવરિયું છલકાયું હતું મુખ ઉપર, સર્વધર્મ માધ્યસ્થભાવ રોમરોમમાં પરગમી ગયેલો દેખાતો હતો, જિનધર્મના શુદ્ધ સત્યોને પામ્યાનું ગૌરવ તો સમગ્ર અંગને જાણે આલિંગી રહેલું જણાતું હતું. પ્રસન્નતાનો તો સાગર એમનાં જ નયનોમાં ઊમટ્યો હતો. એ ભીમ પણ જણાતા હતા તો બીજી બાજુથી કાન્ત પણ દેખાતા હતા, એમની બહુમુખી પ્રતિભાને જોઈને હરિભદ્ર દંગ થઈ ગયા ! અભયની સાક્ષાત્મૂર્તિને એ મનોમન નમી ગયા ! પાવિત્ર્યની એ અખંડિત પ્રતિમાને જોતાં જ એમનું શિર ઝૂકી ગયા વિના ન રહી શક્યું.

પ્રસન્નસ્મિતના ઓઘ વેરતા આચાર્યશ્રીએ કલ્યાણકારિણી આશિષ આપી. વિનીતભાવે બેસીને હરિભદ્રે પેલા શ્લોકનો અર્થ જણાવવા વિનંતિ કરી. પરાર્થમૂર્તિ આચાર્યશ્રીએ અપૂર્વ વાત્સલ્ય દાખવીને એ શ્લોકનો અર્થ સમજાવ્યો. બ્રાહ્મણ પુરોહિતને એ વખતે તો એમ જ લાગી ગયું કે પોતે સાચે જ આજે એક વાત્સલ્યમયી માતાની હૂંફ પામી રહ્યો છે.

કદાચ આવી હૂંફ ક્યારેય ન મળી હોય. અને...નાનકડા બાળની અદાથી હરિભદ્રે એ અર્થ સાંભળ્યો. એનો અહં ચૂર ચૂર થઈ ગયો હતો. એ સાવ જ બાળ બની ગયો હતો, અને તેથી જ લેટી ગયો વાત્સલ્યમયી ગુરુમાતાની ગોદમાં.... એના ચરણોમાં !

એણે કહ્યું, 'ભગવન્, મને દીક્ષા આપો, આપના શિષ્યત્વની. મને

સ્વીકારો આપના બાળ તરીકે ! મારી પ્રતિજ્ઞા છે, મને ન સમજાયાનો જે બોધ આપે તેનો શિષ્ય થાઉં !'

અને....કરુણાની ખળ ખળ વહી જતી ગંગોત્રી સમી વાણીના ગંભીરનાદે કરુણામૂર્તિ આચાર્યશ્રીએ ભવરાનમાં ભાનભૂલ્યા એક આત્માનો ઉદ્ધાર કર્યો ! અહંની એક મૂર્તિને ખંડિત કરી નમ્રતાની નમણી પ્રતિમાનું સર્જન કર્યું.

હરિભદ્ર બ્રાહ્મણ પુરોહિત મટીને મુનિવર હરિભદ્ર બન્યા. આચાર્યશ્રી પાસે શિક્ષા પામીને આચાર્ય હરિભદ્રસૂરિ બન્યા. ભગવાન જિનના પરમભક્ત બન્યા. એમના તત્ત્વજ્ઞાનને પીને પચાવી ચૂકેલા અવધૂત જ્ઞાનયોગી બન્યા. એમની આજ્ઞાને અખંડિત રીતે જીવનમાં ઉતારીને કર્મઠ બન્યા.

આચાર્ય હરિભદ્રસૂરિ ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગના ત્રિવેણીસંગમનું તીર્થધામ બન્યા.

એમને એકવાર આ વિચાર સ્ફુર્યો, 'જો આ જિનાગમ અમને પ્રાપ્ત ન થયું હોત તો અમે અનાથ હતા. નિરાધાર હતા. હાય ! હડહડતા આ કળિયુગમાં અમારું શું થાત ?

એક વખતના જિનધર્મના કટ્ટરદ્વેષીના અંતરમાં એવું તે કયું તત્ત્વજ્ઞાન હલબલી ગયું, જેણે આ પુકાર કરાવ્યો !

એ મસ્તિષ્કમાં એવી તે કઈ અણપ્રીછી શક્તિનો પ્રાદુર્ભાવ થયો, જેણે જિનાગમ તરફ અભૂતપૂર્વ આદરભાવ જન્માવી દીધો !

એ આંખોએ જિનાગમમાં એવું તે શું વાંચ્યું કે જેથી આચાર્ય હરિભદ્રસૂરિજીને એના વિરહમાં પોતાની અનાથતાનું ભાન થઈ ગયું !

પશ્ચાત્તાપના પાવક મહાનલને જન્મ દેતી એવી તે કયી ચિનગારી જિનાગમમાં પડી જશે ?

અહંની શિલાને ચૂર ચૂર કરી નાખતું એવું તે કયું શસ્ત્ર કે અસ્ત્ર ત્યાં પડ્યું હશે ?

કટ્ટર દ્વેષની આગોને ઠારી દેતી એવી તે કયી આકાશગંગા ત્યાં ઊતરી પડી હશે ?

આ આશ્ચર્યજનક પ્રશ્નો છે. આનો જવાબ શો ? ઉકેલ શો ? સમાધાન શું ?

આચાર્ય હરિભદ્રસૂરિજીને ચૌદ વિદ્યામાં પારગામી બન્યા પછી પણ જે જોવા-સમજવા ન મળ્યું તે બધુંય જિનાગમમાં મળી ગયું ! શું બ્રાહ્મણ-વિદ્યાના પારગામી બન્યા પછી પણ અનાથતા ! એટલું જ્ઞાન મેળવ્યા પછી પણ નિરાધાર દશાની કલ્પના ! અને જિનાગમને પામ્યા પછી જ નાથ મળ્યાનું-આધાર મળ્યાનું સંવેદન

એવું તે શું હશે જિનાગમમાં !

એવું તે શું છે જિનાગમમાં !

-કે જેણે એના કટ્ટર દ્વેષીને નમાવી દીધો ! રડાવી દીધો ! અનાથતાનું ભાન કરાવીને સનાથ બનાવી દીધો !

વિચાર કરતાં એમ સમજાય છે કે જિનાગમનું અધ્યયન-મનન કરતા આચાર્ય હરિભદ્રસૂરિજીને એની પરમશુદ્ધ-સત્યતાનું ભાન થઈ ગયું હોવું જોઈએ. ક્યાંય પણ વિરોધ નહિ, ક્યાંય પણ પરધર્મ પ્રત્યેની અસહિષ્ણુતા નહિ. સર્વત્ર સ્વ-પરના હિતની જ વાત, સર્વત્ર અભયની જ સાધનાનું નિરૂપણ, સર્વત્ર પવિત્રતાની રક્ષા ઉપરનો જ ભાર. આ બધુંય એમના દિલને જરૂર સ્પર્શી ગયું હોવું જોઈએ. જે બીજે ક્યાંય એમને જોવા ન મળ્યું તે બધુંય જિનાગમમાં મળ્યું.

પ્રત્યક્ષ અને પરોક્ષ પદાર્થો અંગેનું અત્યંત યુક્તિયુક્ત વચન એમના દિમાગને હલાવી ગયું. ચતુર્દશ વિદ્યાનું પારગામિત્વ પણ એમને અધૂરું જણાયું.

એ બધું તો ઠીક, પણ વધુમાં વધુ તો જિનાગમનું તર્કબદ્ધ અને સત્યપ્રતિષ્ઠ નિરૂપણ જ તેમના ચિત્તને ચમકાવી ગયું હોવું જોઈએ. અને તેથી જ તેમને એમ લાગ્યું હોવું જોઈએ કે જો આ મૌલિક તત્ત્વોની સૂઝ ન થઈ હોત તો પેલી અવળી સૂઝે તો અમારા જીવનનાવને દુર્ગતિના ખડકોએ અથડાવી મૂક્યું હોત.

પૃથ્વી આદિમાં જીવની માન્યતા જ જ્યાં નથી ત્યાં તેની હિંસા શું અને અહિંસા શું ? એ અજ્ઞાન તો કેટલા જીવોનો કચ્ચરઘાણ બોલાવી દે !

લીલફૂલ સેવાળમાં અનંત જીવો હોવા છતાં જેને જીવવિહીન જડ માનીને, કહેવાતા ઉપાવાસોની તપશ્ચર્યાને પારણે નિઃશંક રીતે મોજથી ખાવામાં આવે ત્યાં અનંત જીવોના જીવનોની કેવી કરુણ જયાફત ઊડે !

યજ્ઞયાગમાં પશુવધને પણ ધર્મ માન્યો ત્યાં અધર્મ જેવું નામ કોને અપાય ?

એ જિનાગમે જ પૃથ્વી આદિમાં પણ જીવ-સૃષ્ટિ જણાવીને એને પણ અભય આપીને સ્વયં અભય બનવાની આરાધના બતાડી. પશુઓને પણ જીવાડીને એમની દુઆ લઈને જીવનને સુખી બનાવવાની ચાવી આપી. માટે જ એ બોલી ઊઠ્યા, "એ પરમ સત્યસ્વરૂપ જિનાગમને અનંત નમસ્કાર હો ! જિનાગમ વિના અમે ખરેખર અનાથ હતા !"

આ જ હશે, અથવા આવું જ હશે આચાર્ય હરિભદ્રસૂરિજીનું મનોમંથન. આ મંથને જ પોતાના જિનાગમ વિહોણા જીવનને અનાથ કહેવડાવ્યું હશે. એણે જ જિનાગમની પ્રાપ્તિમાં પોતાને સનાથ સમજાવીને જગતની તમામ ભૌતિક ઐશ્વર્યવિહોણી દશામાં પણ એ ઐશ્વર્યોને ય થૂ કરવાની લોકોત્તર તાકાત બક્ષી હશે.

હવે પ્રશ્ન થાય છે કે જિનાગમના જાણકારોને એવું કોઈ સંવેદન ક્યારે પણ થયું છે ખરું ? એના વિનાનું જીવન એ અનાથતાનું દીન-હીન જીવન હોય એવી સભાનતા આપણા ચિત્તમાં સતત જળવાઈ રહી છે ખરી ? જેને જિનાગમ મળ્યું છે, એને જગતનું સર્વસ્વ મળ્યું છે, અપૂર્વ નિધાન મળ્યું છે, એવો ભાસ ક્યારે પણ થયો છે ? અને તેથી ક્યારેક કશુંક ન મળે ત્યારે દીન બનવાને બદલે જિનાગમ મળ્યાની સનાથતાનું ગૌરવ લીધું છે ખરું ! કશુંક વધુ મળી જાય ત્યારે તેમાં પાગલ થવાને બદલે તેને ય થૂ કરવા જોગી તાકાત મેળવી લીધી છે ખરી ? જો હા, તો ખૂબ આનંદની વાત. જો ના, તો તે ખૂબજ દુઃખની બીના ગણાય.

જિનાગમ મળવા માત્રથી સનાથતાનું ભાન થતું નથી. એને તો મેળવીને પચાવી જાણવું જોઈએ. એમાં ખીચોખીચ ધરબાયેલાં અગણિત સત્યોને સ્પર્શવા જોઈએ. એનામાં સર્વત્ર છાઈ ગયેલી પરધર્મ-સહિષ્ણુતાની ભાવનાને આંખે આંખ નિહાળવી જોઈએ, એનામાં રહેલી

સંવાદિતાને નિહાળવી જોઈએ.

અફસોસની વાત તો એ છે કે આધુનિક યુગમાં અર્થ અને કામની પ્રાપ્તિ પાછળ માનવ એવો ઘેલો બન્યો છે કે એની ખાતર એણે પોતાનું તન નીચોવી નાંખ્યું છે. મીઠું વેરી દીધું છે, મગજ ધોઈ નાંખ્યું છે, જીવન બરબાદ કર્યું છે, અમૂલ્ય સમય વેડફી નાખ્યો છે.

આટલું બધું કર્યા પછી પણ ભયાનક રોગોએ એનો પીછો પકડયો છે. શું હજી રોગોને એ નિવારી શકાયા નથી ?

ઘડપણ એની પાછળ જ દોડી આવ્યું છે. હજી એને ટાળી શક્યો નથી ?

મોત એના માથે લટકી રહ્યું છે, હજી એ ભય દૂર ભગાવી શક્યો નથી ? એટલે આ ત્રણેય - રોગ, જરા અને મરણ ધસી આવીને એના જીવનના બધા દાવ નિષ્ફળ કરી રહ્યા છે.

માનવની આ તે કેવી કરુણતા કે એણે આ બધું મેળવ્યું છે છતાં એ બધુંય-રોગો (Disease), જરા (Deacy) અને મૃત્યુ (Death)ના સપાટા વીંઝાતા જ નકામું બની જાય ! એના એક જ ઝપાટે એકાએક બધું મૂકી દેવું પડે !

જેની ખાતર જીવનની ખેતી કરી નાખી એ બધુંય અંતે મૂકી દઈને ક્યાંક ચાલ્યા જવાનું, જ્યાં કોઈ સ્વજન નથી, કોઈ મકાન નથી, કોઈ સ્થાન નથી !

એક તો આ મોટી બરબાદી ! અને બીજું જીવનની એ અમૂલ્ય સંપત્તિ, એ અમૂલ્ય સમય, અને એ બહુમૂલ શારીરિક શક્તિ-બધાયનો - જે સત્ય મેળવવા પાછળ ઉપયોગ કરી નાંખવાનો હતો તેમાંનું કાંઈ જ ન કર્યું !

માનવજીવન શું વસ્તું છે ? જીવનનું કર્તવ્ય શું હોઈ શકે ? અહીંથી ક્યાં જવાનું છે ? સુખ શામાં છે ? શાન્તિ ક્યાં છે ? વગેરે આ જીવનના પ્રાણપ્રશ્નોને એણે બુદ્ધિથી જરાય મૂલવ્યા પણ નહિ !

આ જ તો એના જીવનના આશ્ચર્યોનું પણ આશ્ચર્ય છે ને ? જુવાનજોધ છોકરો એકાએક હાર્ટફેઈલર થાય તે જો આ જગતનું આશ્ચર્ય

ગણાતું હોય તો એની પાછળ કામ કરતા બળોને એ વખતે પણ નજરમાં લાવવાની લાચારી બતાડવી એ તો આશ્ચર્યોનું પણ આશ્ચર્ય કહેવું પડશે.

એકાએક એક જ રાતમાં એક ભિખારી જેવો માણસ લક્ષાધિપતિ બની જાય તે જો આશ્ચર્યની બીના ગણાતી હોય તો તેની પાછળ કામ કરતાં પરિબળોની વિચારણા માટે માનવનું મસ્તિષ્ક લાપરવા બને અને આશ્ચર્યોનું પણ આશ્ચર્ય ગણવું પડશે.

માનવ આજે લાપરવા બન્યો છે, પોતાના અંતરાત્માથી પોતાના ઘરથી. એ પરદેશમાં જઈને વસ્યો છે. કાલે આકાશમાં જઈને મથકો બાંધશે, પણ ગગનમાં વસવાટ કરતો માણસ પોતાના ઘરમાંથી બહાર નીકળી ગયો છે-તદ્દન નિર્વાસિત બની ગયો છે. કોણ રોશે આ કરુણતા ઉપર ! આંસુનાં બે બુંદ પણ કોણ પાડશે એની આ બેવકૂફી ઉપર !

અહીં તો એટલું જ જણાવવું છે કે આ બધી પ્રક્રિયાઓએ માનવના જીવન ઉપર એવા વિષાણુઓ ફેલાવ્યા છે કે માનવે સત્યને જોવાની દૃષ્ટિ ગુમાવી છે, લાગણીને પામવાનું અંતર ખોયું છે, જીવનની શાન્તિને સ્પર્શવાની ચામડી સળગાવી નાખી છે. આથી જ માનવ લાચાર બન્યો છે, સત્યને સમજાવતાં શાસ્ત્રોનું અવગાહન કરવા એ કાયર બન્યો છે, સત્યના પ્રયોગો કરવા એ ઉદાસ બન્યો છે, સત્યને પચાવવાની આરાધના કરતા સાધકોનો સત્સંગ કરવાથી એ પીછેહટ કરતો રહ્યો છે.

છતાં આશાનું એક કિરણ દૂરસુદૂરના અંતરિક્ષમાં લિસોટો પાડતું દેખાય છે કે આવો આવો પણ છે તો માનવને ? જડ તો નથી જ ને ? તો ચાલો, ચાલો એક પ્રયત્ન કરીએ એને સમજાવવાનો. મહાઅભિમાની હરિભદ્રનાં અરમાનને પણ જેણે ચૂર ચૂર કરી નાંખ્યાં તો આજના માનવની મલિનતાને જિનાગમનાં એ સત્યો નહિ પખાળી શકે શું ? વિષયવાસનાઓની એની આગને બુઝાવવાનું નાનકડું કામ નહિ કરી શકે શું ?

જો આજના માનવને સત્ય જ ગમે છે : ખોટી કટ્ટરતા અણગમતી બની છે તો જિનાગમના સત્યની મહોબ્બત કરાવવાનું કામ ઘણું સહેલું બની જાય છે.

જો આજના માનવને વિજ્ઞાન જ ગમે છે તો જિનાગમની સત્યતા એ વિજ્ઞાનના જ આધારે પ્રગટ કરી દઈને એના અંતરમાં ઠસાવી દેવાનું કામ રમત વાત બની જાય છે.

જો આધુનિક માનવ આજના પ્રગતિવાદમાં આંધળી દોટ મૂકીને હવે કાંઈક થાક્યો જણાય છે તો આ મંગળ તકે એના અંતરમાં જિનાગમનાં સત્ય ઠસાવવાનું કામ જ બહું થોડી મિનિટો માંગે છે.

જિનાગમના અણપ્રીચ્છયા મર્મોને જેને થોડાઘણાં પણ સ્પર્શ્યા છે એ માનવ તો આજના યુગને પ્રેમથી સાદ દેતો કહેશે કે, 'આવો સહુ, અહીં આવો. થાક્યા પાક્યા બધા અહીં આવો, સત્યના પ્રેમીઓ, તમે સહુ અહીં આવો. જીવન શું છે ? જગત શું છે ? આત્મા શું છે ? જડ શું છે ? તે બધું હું તમને સમજાવીશ.

'તમારે અણુ-પરમાણુ અંગે વાતો કરવી હશે તો તેની પણ વાતો કરીશ. આ લોકના સુખોની વાતો કરવામાં તમારી દિલચશપી હશે તો તે પણ કરીશ. વૈજ્ઞાનિકોની શોધોની પણ વાતો કરીશ. અને આજના વ્યસનોએ સર્જેલી હોનારતોની પણ વાતો કરીશ. તેમ એકવાર મારી પાસે આવો. જિનાગમને જાણો. એમાં બધું જ છે, કથાઓ છે, યન્ત્રોનાં રહસ્યો છે, યુદ્ધ અને શાન્તિનાં દુ:ખદ-સુખદ ચિંતનો પણ છે.

પ્રસ્તુત પુસ્તકમાં તો જિનાગમની પરમ શુદ્ધ સત્યતાને જ વિચારવી છે. આચાર્ય હરિભદ્રસૂરિજીને એ સત્ય સ્પર્શાઈ ગયું. ના, એમણે સર્વાંગે એ સત્યને આલિંગ્યું. એમના જેવી શાન્તિ આજનો માનવ લે તો એ પણ એ જ રીતે એ સત્યને સર્વાંગે આશ્લેષ આપે તેમાં કશી જ નવાઈ નથી. ખેર એવી શાન્તિ ન પામી શકે તો ય થોડી શાન્તિ મેળવીને પ્રસ્તુત પુસ્તકનું વાંચન-મનન કરતો રહે તો તે પણ એકવાર તો જરૂર ઓવારી જશે જિનાગમનાં સત્યો ઉપર, એકવાર તો જરૂર અંતરથી ઝૂકી જશે સત્યના પુરસ્કર્તા ભગવાન જિનેશ્વરોને.

●

૨. સત્યવાદી ભગવાન જિનેશ્વરો

કોઈ વચનની સત્યતાને સાબિત કરવાનો પ્રયત્ન કરવા કરતાં તે વચનના કહેનાર સત્યવાદી હતા એ વાત સાબિત કરવી જોઈએ. જિનાગમના પ્રત્યેક વચનની સત્યતા તો આજના અસર્વજ્ઞ જીવો સાબિત કરી શકે તેમ નથી. કેમકે તેટલું વિરાટ તેમનું જ્ઞાન નથી. બહુ બહુ તો આજે ઉપલબ્ધ થતાં સાધનો, આજના વિજ્ઞાન વગેરેના બળે એમાંના ૫-૫૦ સત્યોનો તાગ પામી શકાય. એટલે પ્રથમ તો સમગ્ર જિનાગમને કહેનાર કોણ હતા ? તેઓમાં સત્યવાદિતા સંભવી શકે છે કે નહિ ? તે જ અહીં વિચારી લેવાનું જરૂરી લાગે છે.

જે કોઈ વ્યક્તિ સત્યવાદી હોય તે અવશ્ય રાગ-દ્વેષથી પર હોય. જ્યાં રાગ કે રોષ છે ત્યાં અવશ્ય અસત્યને સ્થાન છે. બીજું, જે સત્યવાદી હોય તે જે વિષયમાં સત્યનું પ્રતિપાદન કરે તે વિષયની તમામ બાજુનું તેને જ્ઞાન હોવું જ જોઈએ. જેને અમેરિકાનું જ્ઞાન જ નથી તે માણસ અમેરિકા વિશે બોલવા લાગે તો શું તેમાં સત્ય જ હોય તેવું બને ? આઈન્સ્ટાઈનના જટિલ એવા પણ સાપેક્ષવાદનું તલસ્પર્શી જ્ઞાન જેણે મેળવ્યું છે તે આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ ઉપર સુંદર સમજણ જરૂર આપી શકે.

એટલે સત્યના પુરસ્કર્તામાં બે વસ્તુ હોવી જરૂરી છે, રાગ-રોષ રહિતતા અને વિષયનું જ્ઞાન.

અહીં પણ એ વાત સમજી રાખવી કે રાગ-દ્વેષથી સર્વથા મુક્ત બને તે જ સર્વજ્ઞ બને છે, અને તેથી તે જ સર્વજ્ઞત્વના પ્રકાશ વડે વસ્તુમાત્રનું સત્ય સ્વરૂપ બતાડી શકે છે.

શ્રીજિન જ્યાં સુધી સર્વજ્ઞ બન્યા ન હતા ત્યાં સુધી (આ જ કારણે) મૌન રહ્યા હતા. અલ્પજ્ઞાનથી કોઈપણ નિગૂઢ રહસ્યમય પદાર્થનું સત્ય બતાડવા જતાં અસત્ય પણ નિરૂપાઈ જવાનો ભય હતો માટે સર્વજ્ઞ-સર્વ પદાર્થના જ્ઞાતા બન્યા વિના સત્ય શું છે ? તે કોઈને જણાવ્યું ન હતું.

સંપૂર્ણ જગતને પ્રત્યક્ષ કરી દેતાં સર્વજ્ઞત્વને પામવા માટે કાંઈ ચોટી બાંધીને ઘૂણવાનું ગોખવાનું નથી હોતું કે એકાંતમાં જઈને ગ્રંથો ભણવાના નથી હોતા. આત્માના જ્ઞાનનો એ અનંત પ્રકાશ રાગરોષનાં જે આવરણોથી ઢંકાઈ ગયો છે તે ક્લુષિત આવરણોને હટાવવાનો જ ભીષણ પુરુષાર્થ ત્યાં સાધવાનો હોય છે. જેમ જેમ વસ્તુ પ્રત્યે રાગ-રોષના ભાવો દૂર થતા જાય છે તેમ તેમ અંતરમાં જ્ઞાનનો પ્રકાશ પથરાતો જાય છે. એટલે સર્વજ્ઞ બનવા માટે પણ જ્ઞાની થવાનું આવશ્યક નથી કિન્તુ રાગ-દ્વેષના ભાવોથી સર્વથા પર જવાનું જરૂરી છે. જિન શબ્દ પણ આ જ વાત સૂચવે છે કે તેઓ રાગ-દ્વેષને જીતનારા છે. જેઓ ત્યાગ-તપની પ્રચંડ પુરુષાર્થની ભઠ્ઠીમાં રાગ-રોષનાં ઈંધનોને નાંખીને ભસ્મસાત્ કરે છે. તેઓ એકવાર વીતરાગ બને છે, એ પછી તો આંખના પલકારા જેવા ટૂંક સમયમાં જ તેઓ સર્વજ્ઞ બની જાય છે, અને ત્યારપછી તરત તેઓ વિશ્વના જીવોને ધર્મનો-સત્યનો બોધ આપે છે.

સાધનામાંથી સિદ્ધિને પામતી આ યૌગિક પ્રક્રિયા ઉપરથી સમજાય છે કે પૂરા સત્યવાદી બનવા માટે સર્વજ્ઞ બનવું જોઈએ અને સર્વજ્ઞ બનવા માટે સર્વથા રાગ-રોષથી રહિત બની જવું જોઈએ. જે કોઈ આત્મા આ રીતે વીતરાગ બને છે તે જિન કહેવાય છે. તે તરત જ સર્વજ્ઞ બને છે, અને તે અવશ્ય સત્યવાદી હોય છે.

જિન જો ક્ષીણરાગી હોય તો તે અવસ્ય સર્વજ્ઞ હોય અને સત્યવાદી હોય એ વાત નિશ્ચિત થાય છે. હવે એ વાત શી રીતે નક્કી કરવી કે તે ભગવાન જિનેશ્વરો અવશ્ય રાગ-દ્વેષને જીતનાર વીતરાગ હતા જ ?

આ પ્રશ્નના ઉત્તરમાં એમ કહી શકાય કે કોઈપણ વ્યક્તિના ગુણનું દર્શન કરવું હોય તો તેનું જીવન, તેનું સ્વરૂપ અને તેની આકૃતિ દર્શાવતું ચિત્ર કે મૂર્તિ યા બાવલું તપાસવું જોઈએ. જવાહરલાલ નહેરુમાં રાષ્ટ્રપ્રેમ હતો કે નહિ ? તે વાત સમજવા માટે નહેરુના જીવન ઉપર દૃષ્ટિપાત નાંખવો જોઈએ. નહેરુનું પોતાનું સ્વરૂપ જાણવું જોઈએ. ત્રાણેયમાં જો રાષ્ટ્રપ્રેમ ઊભરાતો જેવા મળે તો કબૂલવું જોઈએ કે નહેરુ બેશક રાષ્ટ્રપ્રેમી હતાં.

આજ રીતે શ્રીજિનના જીવનમાં, સ્વરૂપમાં અને મૂર્તિમાં વીતરાગતા જ નીતરતી જણાતી હોય તો તેમને વીતરાગ માનવા જ જોઈએ.

હવે જિનેશ્વર ભગવાન મહાવીરદેવનું દૃષ્ટાંત લઈએ. તેમના જીવન વગેરે ત્રાણેયમાં વીતરાગતા જોવા મળે છે કે નહિ તે જોઈએ.

ભગવાન મહાવીરના જીવનમાં ડોકિયું કરો. જ્યારે તેઓ ગૃહસ્થ જીવનમાં હતાં ત્યારે યોગ્ય વય થતાં તેમનાં માતા ત્રિશલા, યશોદા સાથે વિવાહ કરવાનું કહે છે તે વખતે તેઓ કેટલા ઉદાસ થઈ ગયા હતા ? તેમણે માતાજીને વિરાગ-નીતરતી વાણીમાં જે વાતો કરી તે બધું સાંભળતાં જ એમ થાય છે કે હજી જેઓ જિન બની ચૂક્યા નથી, હજી તો ગૃહસ્થ જીવનમાં છે ત્યાં પણ કેટલા વિરાગી છે !

ત્યારબાદ મોટાભાઈ નંદિવર્ધનના આગ્રહથી વધુ બે વર્ષ સંસારમાં રહ્યા તે પણ કેવા ઉત્કૃષ્ટ વિરાગભાવથી રહ્યા હતા તે વાતો શાસ્ત્રોમાંથી સાંભળવા મળે છે.

ત્યારબાદ મુનિજીવનમાં રાગ અને રોષ કરવાના અગણિત પ્રસંગો આવ્યા. શૂલપાણિ, ચણ્ડકૌશિક, સંગમ વગેરેએ ભયાનક કહી શકાય તેવો જુલમ ગુજાર્યો છતાં પોતે લેશ પણ રોષ ન કર્યો. જિન બન્યા પછી દેવ-દેવીઓએ અસાધારણ કહી શકાય તેવી સેવા કરી છતાં સર્વથા રાગભાવરહિત-અલિપ્ત રહ્યા.

આમ તેમનું ગૃહસ્થજીવન શું કે સાધનાનું જીવન શું કે જિનની અવસ્થાનું જીવન શું ? સર્વત્ર તેઓ રાગ વિનાના અને રોષ વિનાના જ જોવા મળે છે. એમના જીવનમાં રાગપ્રેરિત કોઈ લીલા જોવા મળતી નથી. રોષપ્રેર્યા કોઈ તાંડવો કે સંહારો સાંભળવા મળતાં નથી, એટલે તેમનું લગભગ સમગ્ર જીવન જાણે નરી વીતરાગતાથી છલકાયેલું જ જોવા મળે છે.

આવું જ તેમના સ્વરૂપમાં સાંભળવા મળે છે. જિન તેને જ કહેવાય છે, જેઓ વીતરાગતામય હોય, સર્વથા રોષમુક્ત હોય, હાસ્યાદિથી પર હોય. જિન શબ્દનો અર્થ પણ તે જ છે કે જેમણે રાગરોષને જીત્યા હોય તે જિન.

તેમની મૂર્તિ તપાસવામાં આવે તો ત્યાં પણ પ્રશમરસમગ્નતા દેખાય છે, નથી હાથમાં કોઈ શસ્ત્ર કે જે રોષભાવને સૂચવતું હોય, નથી ખોળામાં કે બાજુમાં કોઈ સ્ત્રી કે જે તેમના રાગભાવને સૂચવતી હોય. શસ્ત્રરહિત અને સ્ત્રીરહિત એમની મૂર્તિમાં જે પ્રસન્નતા માધ્યસ્થભાવ વગેરેનું હૂબહૂ દર્શન થાય છે તે બધુંય તેમની વીતરાગતાને જ પુકારી પુકારી જાહેર કરે છે.

આમ જિનના જીવનમાં, સ્વરૂપમાં અને મૂર્તિમાં સર્વત્ર સર્વદા અને સર્વથા વીતરાગતા દેખાય છે માટે માનવું જોઈએ કે જિન રાગ-રોષથી રહિત જ હતા.

હવે જયારે જિન રાગાદિથી મુક્ત સિદ્ધ થાય છે, ત્યારે આપોાપ તેઓ સર્વજ્ઞ અને સત્યવાદી સિદ્ધ થઈ જાય છે કેમકે વીતરાગતાનું જ કાર્ય સર્વજ્ઞત્વનું છે અને સર્વજ્ઞત્વ કાર્ય સત્યવાદિત્વ છે.

ભગવાન્ જિનેશ્વરોએ આત્મા, કર્મ, પરલોક, મોક્ષ વગેરે ચક્ષુથી અગમ્ય એવા તત્ત્વોના સંબંધમાં પણ સર્વદેશીય વિધાનો કર્યા છે માટે તેમનું તે વિષયમાં જ્ઞાન પણ હોવું જ જોઈએ. એટલે કે તેમને આ બધા વિષયોનું જ્ઞાન પણ હોવું જ જોઈએ. એથી જ તેઓએ સર્વવિષયના જ્ઞાન માટે સર્વ પ્રકારના રાગાદિથી મુક્તિ મેળવવી જ રહી એટલે સર્વજ્ઞ એવા તેઓ સર્વથા રાગાદિથી રહિત પણ છે.

ટૂંકમાં, જિન વીતરાગ હતા એ વાત સિદ્ધ થઈ જાય છે. માટે જ તેઓ સર્વજ્ઞ હતા અને સત્યવાદી હતા એ બે વાત પણ સિદ્ધ થઈ જાય છે. જેને કોઈ રાગ-દ્વેષ નથી, મત કે મમત નથી, પક્ષ કે વિપક્ષ નથી એવા રાગ-રોષથી સર્વથા પર આત્માને અસત્ય બોલવાનું પ્રયોજન હોઈ શકતું નથી. વળી પાછું તેમની પાસે આત્મા, કર્મ, મોક્ષ, પુનર્જન્મ વગેરે કોઈપણ વિષયનું અધૂરું જ્ઞાન પણ નથી તો પછી મત-મમત વિના અને સર્વજ્ઞ એવા તે જિન શા માટે કોઈપણ વિષયમાં અલ્પાંશે પણ અસત્યનું પ્રતિપાદન કરે ?

જીવન, સ્વરૂપ અને મૂર્તિથી જિનની વીતરાગતા જો અંતરમાં ઠસી જાય તો વીતરાગતામાંથી જ નિષ્પન્ન થતી સર્વજ્ઞતામાં કોઈ સંદેહ ન રહે અને એ બેના સહયોગમાંથી જ નિષ્પન્ન થતી તેમની સત્યવાદિતામાં કોઈ શંકા ન રહે.

જેને આ રીતે તેમના વીતરાગત્વ, સર્વજ્ઞાત્વ અને સત્યવાદિત્વમાં અતૂટ વિશ્વાસ બેસી જાય છે તેમને આત્મા, કર્મ, પરલોક, મોક્ષ વગેરે ઈન્દ્રિયાતીત વાતોમાં પણ કોઈ શંકા થતી જ નથી. જિનની કોઈપણ વાતમાં લેશમાત્ર પણ પ્રશ્ન તેઓ કરતા જ નથી.

આમાં કશુ આશ્ચર્ય પામવા જેવું પણ નથી. એક ડોક્ટર ઉપર જે દરદીને પરિપૂર્ણ શ્રદ્ધા બેસી જાય છે તે કદાપિ ડોક્ટરની અપાયેલી દવા ઉપર અવિશ્વાસ કરતો નથી. દવાની બાટલી ઉપર 'પોઈઝન' લખ્યું હોય તો પણ તે દરદી એટલું પૂછવાની કલ્પના પણ કરી શકતો નથી, કે 'લાવ, ડોક્ટરને પૂછું તો ખરો કે એમાં ઝેર છે તે તમારા ખ્યાલમાં તો છે જ ને ? અજાણતાં તો મને આ દવા નથી આપી ને ?' એ તો આંખ મીંચીને એ દવા ગટગટાવી જાય છે.

આવું જ અહીં બને છે. ભગવાન્ જિનેશ્વરો ઉપરનો અખૂટ વિશ્વાસ તેમના પ્રત્યેક વચન ઉપર પરિપૂર્ણ વિશ્વાસ પ્રગટ કરે છે. પછી એમાં આત્માની, કર્મની કે કદી ન જોયેલા મોક્ષની પણ કોઈવાત હોય તેને તે જ સ્વરૂપમાં સ્વીકારી લેવામાં આવે છે, એટલું જ નહિ પણ આગળ વધીને કઠોર જીવન જીવવા માટે પણ એ આત્માઓ સદૈવ સજજ બની રહે છે.

એટલે આ રીતે પુરુષના વિશ્વાસ દ્વારા પ્રાપ્ત થતો તેના વચન ઉપરનો વિશ્વાસ જીવનને બહુ ઝડપથી ધાર્મિક બનાવી શકે છે, ચિત્તને ઝાઝી તકલીફ આપ્યા વિના જ કઠોર માર્ગે કદમ બઢાવવા સમજાવી શકે છે, જગતના લોકોને જે અશ-આરામીમાં જ જીવનનું સ્વર્ગ ભાસે છે તે એશ-આરામીને, જિનના વચનના વિશ્વાસ ઉપર એના અનુયાયીઓ સાપ કાંચળીને ફગાવી દે તેટલી સહેલાઈથી

ફગાવી શકે છે.

પ્રેમની પાછળ ઘેલી બનેલી પ્રેમિકાની પ્રીતને, શેઠના ઉપકાર નીચે દબાયેલા ખાનદાન મુનીમની વફાદારીને, યશરેખાવાળા ડોક્ટરની ઉપરના દરદીના અવિચળ વિશ્વાસને, વિનીત બાળકની માતા ઉપરની ઊછળતી ભક્તિને ય ટપી જાય એવા ઊર્મિલ ભાવો પરમેશ્વરની વીતરાગતા ઉપર આફીન પુકારી જતાં એના સેવકના અંતરમાં સદા હિલોળે ચડેલા રહે છે.

આવા આત્માઓ માટે આ યુક્તિપ્રધાન પુસ્તકની જરૂર નથી એમ કહીએ તો તે કદાચ અસ્થાને નહિ ગણાય.

●

3. વિજ્ઞાનનાં ફરતાં વિધાનો

જેને ભગવાન્ જિનેશ્વરો ઉપર અતૂટ વિશ્વાસ છે, તેને જિનના વચનની સત્યતા સમજવાની કે વિચારવાની રહેતી જ નથી. એ તો વચનોને સત્યમય માને છે.

અહીં જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તે તો વિજ્ઞાનનાં સંશોધનોથી જિન-વચનની સત્યતાને સિદ્ધ કરવાનો પ્રયત્ન છે. અથવા તો એવું પણ વિચારવાને યત્ન છે કે ભગવાન્ જિનેશ્વર પોતે જેમ વીતરાગ હોવાથી સર્વજ્ઞ હતા એ વાત સિદ્ધ થાય છે તેમ આજના વૈજ્ઞાનિક સંશોધનોથી પણ એમની સર્વજ્ઞતાની સિદ્ધિ થઈ જાય છે.

એટલે જેઓ શ્રદ્ધાપક્ષના સાધકો છે તેમને તો ભગવાન્ જિનેશ્વરોનાં જીવન, સ્વરૂપ અને મૂર્તિમાં છલોછલ ઉભરાયેલી વીતરાગતાના દર્શનથી જ એમની સર્વજ્ઞતા સિદ્ધ થઈ જાય છે, પરંતુ જેઓ સામાન્ય રીતે આધુનિક વિજ્ઞાનને અવલંબતા તર્ક અને પ્રયોગપક્ષના હિમાયતીઓ છે તેમને એ વિજ્ઞાનનાં સંશોધનોથી જિનની સર્વજ્ઞતા સિદ્ધ કરી આપવાનું આવશ્યક જણાય છે.

વિજ્ઞાને એવી અનેક શોધો આજે કરી છે જેનો નિર્દેશ જિનાગમોની અંદર પહેલેથી જ કરી દેવામાં આવ્યો છે. એવી તો અઢળક વાતો જિનાગમોમાં કહેલી પડી છે, જગતને એની ગંધ પણ નથી. આ પુસ્તકમાં એમાંની કેટલીક વાતો અહીં રજૂ કરવી છે જેને વૈજ્ઞાનિકોએ આજે જાહેર કરી, પરંતુ જે જિનાગમોમાં તો સેંકડો વર્ષો પહેલાં કહેવાઈ ચૂકી છે.

આ ચિન્તનના પાયા ઉપરની ઈમારતને ચણવાનો આરંભ કરવામાં આવે તે પૂર્વે એક સૂચન કરી દેવાનું મુનાસિબ લાગે છે કે જે વિજ્ઞાનનાં સંશોધનોના આધારે જિનાગમની સત્યતા પ્રગટ કરવી છે અને તે માટે જિનાગમના પ્રરૂપક ભગવાન્ જિન સર્વજ્ઞ જ હતા એ વાત સાબિત કરવી છે તે વિજ્ઞાનનાં સંશોધનો પણ અંતિમ સત્ય છે એવું માની લેવાની કશી

જરૂર નથી. કેમકે વિજ્ઞાનના ક્ષેત્રમાં આગળ વધતા વૈજ્ઞાનિકોની માન્યતાઓ પણ સતત પરિવર્તનશીલ જોવા મળી છે. આમ એક વિષયની માન્યતાઓ સતત પરિવર્તન પામી હોય ત્યારે પણ એ વિષય અંગે જિનેશ્વરદેવોએ જિનાગમમાં જે કહ્યું હોય તે વિજ્ઞાન સદૈવ ધ્રુવના તારાની જેમ સ્થિર-અપરિવર્તનશીલ જ રહે છે. અને અંતે એ વૈજ્ઞાનિકો પણ સત્યની ખોજ કરવાના(!) તેમના અભિપ્રાયને લીધે તેઓ જિનના વિધાનને લગભગ કે સંપૂર્ણ મળી જાય છે. આવું તો ઘણી ઘણી વાતોમાં બનતું રહ્યું છે. આ બધું જોતાં એમ લાગે છે કે જો વિજ્ઞાન સાચે જ સત્યની જ શોધમાં આગેકદમ માંડતું હોય તો એકવાર તમામ વિવાદાસ્પદ સંશોધનોનાં અંતે તો તેને શ્રીજિનાગમના તે વિષય અંગેના વિધાનને સંમત થવું જ પડશે. જો આમ થશે તો આત્મા, કર્મ વગેરે ઘણી ઘણી વાતો કે જેમાં જે વિજ્ઞાન, જિનાગમની ખૂબ જ નજદીક તો આવી ગયું છે તેની સાથે એકરસ થઈને એકજ બની જશે.

અહીં એવી કેટલીક બાબતો જોઈએ કે જેના વિષયમાં જિનાગમનું વિધાન એક જ અફર રહ્યું હોય અને વિજ્ઞાનનું વિધાન ફરતું ફરતું અંતે જિનાગમના વિધાનની સાથે સાવ જ મળી ગયું હોય.

વૈજ્ઞાનિકોનાં ફરતાં વિધાનો :

(૧) ઉલ્કા : શ્રીજિનાગમોમાં ઉલ્કાને તેજસ્કાય કહેલ છે. એટલે કે ઉલ્કાને આકાશમાં પડતા અગ્નિના કણિયા કે પથ્થરસ્વરૂપ પદાર્થ કહ્યો છે.

આ વાતને વૈજ્ઞાનિકોએ ઘણાં સમય સુધી માન્ય કરી ન હતી. 'સૌર-પરિવાર' પૃ. ૭૦૫ ઉપર ઉલ્કા-પ્રકરણ આપ્યું છે. ત્યાં 'વૈજ્ઞાનિકોનો અન્ધવિશ્વાસ' એ શીર્ષક હેઠળ લખ્યું છે કે કેવળ લોકો જ અન્ધવિશ્વાસમાં રાચે છે તેવું નથી હોતું કેટલીકવાર વૈજ્ઞાનિકો પણ અન્ધવિશ્વાસુ બની જાય છે, અને લોકો યોગ્ય રસ્તે ચાલતા હોય છે. યુરોપમાં મધ્યકાલીન સમયમાં જેમ જેમ વિજ્ઞાનની ઉન્નતિ થતી ચાલી તેમ તેમ વૈજ્ઞાનિકોને આ વાત ઉપર વિશ્વાસ વધતો ચાલ્યો કે પથ્થર કોઈ દિવસ આકાશમાંથી પડી શકે જ નહિ. આથી તેમણે એમ માની લીધું કે પહેલાં પણ કોઈ દિવસ આકાશમાંથી પથ્થર પડ્યા જ નથી. લોકો જ્યારે

એમ કહેવા લાગ્યા કે, 'અમે જાતે આકાશમાંથી પથ્થરો પડતા જોયા છે.' ત્યારે તે વખતનાં વૈજ્ઞાનિકોએ તેમની વાતોને અંધશ્રદ્ધાથી પ્રેરિત માની લીધી, એટલું જ નહિ પણ તેમની મશ્કરીઓ કરવા લાગ્યા, 'વાહ રે મોટા સમજદાર માણસો, આકાશમાંથી પથ્થરો પડ્યાનું આંખેઆંખ જોયાનું કહેતા લાજતાં ય નથી !!!'

આ વિષયમાં 'આલીબિયર' નામના વૈજ્ઞાનિકે પોતાના 'ઉલ્કાઓ, (Meteors) નામના પુસ્તકમાં લખ્યું છે કે, "હવે અમે અઢારમી સદીના બીજા ભાગમાં આવીએ છીએ. આની પહેલાંની શતાબ્દીઓમાં કેટલાય ય ઉલ્કા-પ્રસ્તર આકાશમાંથી પડયા હતા અને એને પડતા જોનારાઓએ એનું એક અસંદિગ્ધ વર્ણન કર્યું પણ હતું. ઉલ્કાને જોનારાઓએ બીજાં સ્પષ્ટ પ્રમાણો આપ્યાં તો પણ અમારી દુનિયાના એ વખતના વૈજ્ઞાનિકોએ એ માણસોને મૂર્ખ કહીને હસી નાંખ્યા હતા. આવં કહેનારા વૈજ્ઞાનિકોનું પણ એક બળવાન વર્તુળ હતું, જેમાં તેઓને ખૂબ જ બુદ્ધિમાન તરીકે નવાજવામાં આવ્યા હતા એટલું જ નહિ પણ એ વખતના 'આધુનિક વૈજ્ઞાનિકો' તરીકે બિરદાવ્યા હતા."

આટલું કહ્યા પછી આલીબિયર કહે છે કે, "આ દૃષ્ટાંત ઉપરથી સર્વકાળના તે સર્વ વૈજ્ઞાનિકોએ પોતાનાં સંશોધનો અંગેની વાતમાં આ ચેતવણી સમજી લેવી જોઈએ કે વૈજ્ઞાનિકો પોતાના અનુભવમાં ન આવતી વાતોને પણ પોતે નિશ્ચિતરૂપે જાણતા હોવાનું દુઃસાહસ કરી દે છે."

ફ્રાંસના વૈજ્ઞાનિક 'એકેડમી'એ 'લૂસ'માં આ પથ્થરો પડવાની સત્યતા જાણવા માટે એક કમિશન મોકલ્યું હતું !!! આ કમિશનના સભ્યોએ તે માણસોના નિવેદન લીધાં કે જેમણે પોતાની આંખોથી આકાશમાંથી પડતા પથ્થરો જોયા હતા. એ વાત જાણીને આશ્ચર્ય થશે કે તો પણ એ કમિશને એ બધી તપાસના અંતે નિર્ણય જાહેર કર્યો કે આકાશમાંથી પથ્થર પડ્યા જ નથી. એ તો જે પથ્થરો પૃથ્વીના જ હતા અને પૃથ્વી ઉપર જ પડ્યા હતા તેની ઉપર માત્ર વીજળી પડી હતી !

આ તો ઠીક. વૈજ્ઞાનિકોનું હજી વધુ ખરાબ ઉદાહરણ હવે સાંભળો. ઈ.સ. ૧૭૯૦ની ૨૪મી જુલાઈએ દક્ષિણ અને પશ્ચિમ ફ્રાંસમાં ફરી

પથ્થરો પડ્યા. એ વખતે ખૂબ પથ્થરો પડ્યા, જેમાંના કેટલાંક તો પૃથ્વીમાં તિરાડ પાડીને ઘૂસી ગયા. આ પથ્થરો જ્યારે આકાશમાંથી નીચે પડી રહ્યા તે વખતે તેમની ચોમેર જે પ્રકાશ આકાશમાં ફેલાયો હતો તે ઘણાં લોકોએ જોયો હતો. અહં પણ વૈજ્ઞાનિકોનું એક કમિશન આ અંગે તપાસ કરવા આવ્યું. ૩૦૦ માણસોએ લેખિત લખાણ આપ્યું કે તેમણે પ્રકાશ સાથે પથ્થરો પડતા જોયા. કેટલાય લોકોએ સોગંદપૂર્વક આ જ વાત કરી. વૈજ્ઞાનિકોના કમિશનને પડેલા પથ્થરના કટકાઓ પણ આપવામાં આવ્યા. ખેર, એ બધુંય પત્રિકાઓમાં છાપ્યું તો ખરું જ, પણ એવી ભાષામાં છાપ્યું કે જેથી આવી બધી વાતોને માનનારાઓની લોકોમાં હાંસી-મશ્કરી જ થાય. અધૂરામાં પૂરું, કમિશનના આ રિપોર્ટની નીચે 'બર્થલન' નામનો વૈજ્ઞાનિક નોંધ કરે છે કે, "આ રિપોર્ટ અંગે અમારે શું ટીકાટિપ્પણ કરવું ? જે વાત પ્રત્યક્ષથી જ તદ્દન જૂઠી છે : આકાશમાંથી પથ્થરો પડવાનો જ જ્યાં સંપૂર્ણ અસંભવ છે ત્યાં અમારે શું લખવું ? ડાહ્યા લોકો ઉપર જ આવી ઘેલી વાતોનો નિર્ણય કરવાનું અમે છોડી દઈએ છીએ."

પરંતુ વૈજ્ઞાનિકોના આ નિર્ણયને કુદરતે જાણે સાંભળ્યો જ ન હોય તેમ ફરી જ્યાં ને ત્યાં એકદમ પથ્થરો પડવા લાગ્યા. એમાં પણ છેવટે ૧૮૦૩ની સાલમાં ફ્રાન્સમાં એક ગામ ઉપર તો પુષ્કળ ઉલ્કાઓ પડી.

અહીં હવે 'એકેડેમી'ની પૂર્વની શ્રદ્ધા હાલી ગઈ. તેણે બાયો (Biot) નામના વૈજ્ઞાનિકને તપાસ કરવા ફ્રાંસ મોકલ્યો. તેણે પૂરી તપાસના અંતે જાહેર કર્યું કે, "પથ્થરો પડે છે અને તે પણ આકાશમાંથી જ."

આમ અંતે વિજ્ઞાને 'ઉલ્કા' જેવી આકાશમાંથી પડતી વસ્તુ માની. વૈજ્ઞાનિકોમાં જેમ સત્યાન્વેષિતા એક સારી વસ્તુ છે તેમ સંશોધન કરતાં એમને જે કાંઈ દેખાયું એ સાચું જ છે તેમ એકદમ જાહેર કરી દેવાની અંહકાર-વૃત્તિનું એક અશુભ તત્ત્વ પણ એમનામાં ખીચોખીચ ભરેલું જોવા મળે છે. આથી જ વૈજ્ઞાનિકોનાં સંશોધનો હંમેશાં સંદિગ્ધ રહેવાની શક્યતા ઘણી રહે છે. વળી જે વસ્તુ એમની અનુભૂતિમાં કદી આવી હોતી નથી એની બાબતોમાં પણ એને અસત્ય કહી દેવાના સાહસથી તેઓ મુક્ત રહી શકતા નથી, ખેર અહીં તો એટલું જ જણાવવું છે કે, ઉલ્કાને

જૈનકુળમાં જન્મ પામેલું નાનું બાળક પણ 'જીવવિચાર' નામનું પ્રકરણ ભણીને બેધડક કહી શકતું કે, "ઉલ્કા એ આકાશમાંથી પડતા અગ્નિ-કણો છે," તેને દસકાઓના દસકા સુધી એક જમાનાના ધુરંધર વૈજ્ઞાનિકો ન માની શક્યા અને છેવટે એમને એ વાત મંજૂર કરવી પડી. એ તો સુંદર વાત છે કે ઉલ્કાની વાત અંતે તેમણે મંજૂર કરી પરંતુ જો ત્યારે જૈનધર્મના જ્ઞાનને પામેલો એક ધાર્મિક માણસ ઉલ્કાને આકાશમાંથી પડતા અગ્નિકણ કહી દેત તો બીજા બધાની જેમ તે અને તેનો ધર્મ હાંસીપાત્ર જ બનત ને ? જગતમાં પણ એની ક્રૂર મશ્કરી જ થાત ને ? કેમકે દુનિયા તો વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોની પાછળ જ ઘેલી બની છે ! આજે પણ આવું બીજી ઘણી બાબતમાં બની જ રહ્યું છે, પણ જેવું ઉલ્કાની બાબતમાં થયું એવું બીજી બધી બાબતોમાં થશે જ. કેમકે જિનાગમ એ સત્યવાદી સર્વજ્ઞભાષિત આગમ છે.• અસ્તુ.

વિજ્ઞાનનાં મન્તવ્યો કેવાં કેવાં ફરતાં રહે છે તેનો બીજો એક દાખલો લઈએ.

(૨) ગુરુત્વાકર્ષણ : ન્યૂટન નામના વૈજ્ઞાનિકે ગુરુત્વાકર્ષણનો એક સિદ્ધાંત શોધ્યો હતો. આ સિદ્ધાંત ઉપર તો વૈજ્ઞાનિક જગતે ખૂબ જ નિષ્ઠા મૂકી દીધી હતી. પૃથ્વીના પરિભ્રમણની માન્યતામાં એવા કેટલાય પ્રશ્નો ઉપસ્થિત થયા હતા, જે બધાનો ઉકેલ ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત સ્વીકારીને વૈજ્ઞાનિકો લાવ્યા હતા. પરંતુ આજે એ બદ્ધમૂલ થઈ ગયેલા સિદ્ધાંતને આઈન્સ્ટાઈને મૂળમાંથી હલાવી નાંખ્યો છે. અદ્યતન વિશ્વમાં ન્યૂટનના એ સિદ્ધાંતનું કોઈ મૂલ્ય એણે રહેવા દીધું નથી.

જ્યારથી આઈન્સ્ટાઈને સાપેક્ષવાદના સિદ્ધાંતની શોધ કરી ત્યારથી ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત (Law of gravitation)નું કોઈ મૂલ્ય જ રહેવા પામ્યું નથી.★

આકાશમાંથી પથ્થર પડે છે, વૃક્ષ ઉપરથી પાંદડું કે ફળ પડે છે તેમાં

• **इंगाल जाल मुम्मुर, उक्कासणि वणग विज्जुमाइआ ।**
अगणि जिआणं भेया नायव्वा निउणबुद्धिए ॥

(જીવવિચાર પ્રકરણ ગાથા છઠ્ઠી)

★ Cosmology, Old & New, P. 197

કારણ તરીકે ન્યૂટને પૃથ્વીમાં રહેલું ગુરુત્વાકર્ષણ નામનું એક તત્ત્વ જણાવ્યું હતું, પણ આજે એ હકીકત સાપેક્ષ રીતે મિથ્યા ઠરી છે અને પથ્થર કે પાંદડા વગેરેના પતનમાં તે વસ્તુની ગુરુતા જ કારણ છે એવું જણાવવામાં આવ્યું છે.

ન્યૂટન જેવા ધુરંધર વૈજ્ઞાનિકોના પણ અભિપ્રાયો બદ્ધમૂલ બને, બીજા ભેજાબાજ કહેવાતા વૈજ્ઞાનિકો એને વધાવી લે અને છતાં એ વાત સાવ જ પોકળ સાબિત થાય એ વૈજ્ઞાનિકોની દુનિયાની કેવી જીવલેણ ભ્રાન્તિમૂલક અહંતા સૂચવે છે !

જે વાત હવે વૈજ્ઞાનિકોએ સ્વીકારી તેને ભગવતી-સૂત્રની ટીકામાં પહેલેથી જ કહી છે. બહુ સ્પષ્ટ શબ્દમાં ત્યાં કહ્યું છે કે પથ્થરનું ઢેફું નીચે પડે છે તેનું કારણ તે પથ્થરમાં રહેલી ગુરુતા છે, જ્યારે ધુમાડો ઊંચે આકાશમાં જાય છે તેનું કારણ તેનામાં રહેલો લઘુતા ગુણ છે. જ્યારે વાયુમાં ગુરુતા-લઘુતા ઉભય છે. માટે તે ઉપર નીચે ન ચાલ્યો જતાં તીરછો જાય છે.

આમ જ્યારે આઈન્સ્ટાઈન કહે છે કે સાપેક્ષ રીતે પૃથ્વીમાં આવી આકર્ષણ જેવી કોઈ વસ્તુ જ નથી ત્યારે જ સમગ્ર સંસારને હલાવી નાંખનાર સિદ્ધાંતને મિથ્યા કહેવાનું વિશ્વનો માનવ પસંદ કરે છે, ત્યાં સુધી તો ન્યૂટનના એ ભ્રાન્તિપૂર્ણ સિદ્ધાન્તમાં જ સંપૂર્ણ નિષ્ઠા જારી રાખે છે.

અહીં એ વાત જણાવવાનું પણ સમુચિત લાગે છે કે ૧૯૧૫ની સાલમાં આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાન્તની શોધ થતાં ન્યૂટનના સૂર્યગ્રહણ અંગેના સિદ્ધાંતને પણ ફટકો લાગ્યો હતો પછી તો એનો નિર્ણય કરવા ૧૯૧૯ના મેની ૨૯મી તારીખે આફ્રિકામાં ઈંગ્લાંડના પંડિતો બેઠા અને અંતે આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદને સત્ય જાહેર કરવામાં આવ્યો.

(૩) ઉત્ક્રાંતિવાદ (Theory of Evolution) : એક સમય એવો હતો કે ડાર્વિનનો-વાંદરામાંથી મનુષ્યોની ઉત્પત્તિનો-ઉત્ક્રાંતિવાદ એટલો બધો વ્યાપી ગયો હતો કે એને ન માનનારો કે એમાં શંકા કરનારો ગાંડાની હોસ્પિટલનો અધિકારી ગણાતો. જૈન-દર્શનની આ વિષયમાં સ્પષ્ટ માન્યતા છે કે વાંદરાની જાત પણ જુદી જ છે. બેય જાતિઓ સ્વતંત્ર

છે અને બેય જાતિ અનાદિકાળથી છે.

હવે આજે ડાર્વિનની એ માન્યતા ભ્રાન્તિમૂલક ગણાવા લાગી છે. હવે અનેક વૈજ્ઞાનિકોએ આ શોધની ઠેકડી ઉડાવી છે. ઈટાલીનો વિદ્વાન ગણાતો વૈજ્ઞાનિક એનરીકો માર્કોની કહે છે કે, 'વાંદરાની પણ પહેલાં મનુષ્યો હતા જ.'

(૪) મૂળતત્ત્વો : સમગ્ર ભૌતિક જગતની ઉત્પત્તિમાં મૂળભૂત તત્ત્વો કેટલાં ? એ વિષયમાં તો બેસુમાર વિચારોનાં પરિવર્તનો થતાં જ રહ્યાં છે. જૈનદર્શન તો આ વિષયમાં ખૂબ જ અસંદિગ્ધ રીતે જણાવે છે કે મૂળતત્ત્વ તો માત્ર પરમાણુ છે. એમાંથી કોઈવાર પાણી થાય, અને કોઈવાર એ પાણીનો સ્કંધ પરમાણુ રૂપે પરિણામ પામી જાય તો તે જ પરમાણુઓમાંથી વાયુ, પૃથ્વી કે અગ્નિ પણ થાય. એવું કાંઈ જ નથી કે અમુક પરમાણુ પાણીના મૂળતત્ત્વ પાણી રૂપે છે (નિત્યજલ) અને અમુક પરમાણુ અગ્નિ, વાયુ, પૃથ્વી આદિ એકજ મૂળસ્વરૂપે છે. વળી વૈજ્ઞાનિકો તથા નૈયાયિક વગેરે દાર્શનિકોની અણુ અંગેની જે માન્યતા હતી તેની સામે પણ જૈન દાર્શનિકોનું એ સ્પષ્ટ વિધાન હતું કે એ વસ્તુ અણુ નથી. અણુ જો અવિભાજ્ય જ ગણાતો હોય, અને તમે પણ તેમજ ગણો છો તો તે અણુ નથી. હજી અનંત ટુકડા થઈ શકે તેમ છે.

વૈજ્ઞાનિકોના જગતમાં મૂળતત્ત્વોની અને પરમાણુ અંગેની માન્યતામાં કેટકેટલાં પરિવર્તનો આવતાં જ રહ્યાં છે તે હવે જોઈએ.

(૫) મૂળતત્ત્વો અને પરમાણુ : વૈજ્ઞાનિકોની એ માન્યતા વિચારવા પૂર્વે ભારતના દાર્શનિક ઋષિઓની માન્યતાને જોઈએ. તેમની એ માન્યતા હતી કે જે પૃથ્વીમાંથી જ ઘણુંખરું ઉત્પન્ન થાય છે તે પૃથ્વી પોતે જલમાંથી ઉત્પન્ન થઈ છે, અને તે જલ, અગ્નિમાંથી, અને અગ્નિ, વાયુમાંથી ઉત્પન્ન થયો છે.• કોઈએ જલને પ્રથમ માન્યું, કોઈએ આકાશને આત્મામાંથી ઉત્પન્ન થતું કહ્યું. એ વખતના યુવાન વૈજ્ઞાનિકે (ઈ.સ. પૂર્વે ૬૪૦-૫૫૦) જલને સૃષ્ટિનું મૂળકારણ કહ્યું હતું. એના શિષ્ય અનકિસમને (Anaximens) (ઈ.સ.પૂર્વે ૫૩૫-૪૨૫) વાયુને મૂળ

• **एतरैयारण्यक २ । ३ । ५**

કારણ કહ્યું હતું, જ્યારે હેરાકિલંતુસે અગ્નિને મૂળ કારણ કહ્યું હતું. આમ ઈ.સ. પૂ.૭ મી-૮મી શતાબ્દીથી લઈને ઈ.સ.ની ૧૭મી શતાબ્દી સુધી ૪ કે ૫ મહાભૂતોને મૂળતત્ત્વો તરીકે માનવામાં આવ્યા હતા.

પરંતુ જ્યારથી રસાયણક્ષેત્રમાં લોઢાથી કે તાંબાથી સોનું બનાવવાનું ચાલ્યું ત્યારે સહુ પ્રથમ બોયલ (Boyle) (ઈ.સ. ૧૬૬૧) નામના વૈજ્ઞાનિકે 'સંદેહવાદી રસાયણી' નામના પુસ્તકમાં આ વાત લખીને પાંચભૂતની મૂળતત્ત્વની માન્યતામાં સંદેહ પ્રગટ કર્યો. એને વિશ્વાસ હતો કે એ પાંચભૂતો પણ બીજાં જ કોઈ મૂળતત્ત્વોનું મિશ્રણ માત્ર છે. એ વખત સુધી વાયુ ભાર વિનાનો મનાતો હતો, પણ બોયલે તેને ભારવાળો સાબિત કર્યો.

આમ કરતાં ૧૯મી સદી સુધીમાં તો મૂળતત્ત્વોની સંખ્યા પાંચને બદલે ત્રીસ સુધી પહોંચી ગઈ. અને ત્યારપછી તો તે સંખ્યા ૯૨ સુધી પહોંચી અને આજ તો ૧૦૩ મૂળતત્ત્વો છે એવી માન્યતા સ્થિર થઈ છે.

આગળ પરમાણુવાદના પ્રકરણમાં આપણે આ અંગે વિસ્તારથી જોઈશું કે જૈનદર્શનના મતમાં માત્ર પરમાણુ જ મૂળતત્ત્વ છે. તેમાંથી જ પાણી, અગ્નિ વગેરે કોઈપણ વસ્તુ ઉત્પન્ન થાય છે. એટલે પૃથ્વીના પરમાણુમાંથી પૃથ્વી જ બને છે તેમ નથી. જેમાંથી પૃથ્વી બની તે જ પરમાણુમાંથી ક્યારેક પાણી, અગ્નિ વગેરે પણ બની શકે છે. એટલે જડસૃષ્ટિમાં જૈનદર્શનના હિસાબે એકજ તત્ત્વ છે. જડપરમાણુ અને ચેતનસૃષ્ટિમાં પણ એકજ તત્ત્વ છે. ચેતન-જડના મૂળતત્ત્વનો વિચાર કરવો હોય તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગલાસ્તિકાય, એમ પાંચ રૂપે થઈ શકે ખરો. એ દૃષ્ટિથી બધું મળીને છ જ મૂળતત્ત્વ થાય છે. આજનું વિજ્ઞાન જે ૧૦૩ તત્ત્વો કહે છે તે બધાંય માત્ર પુદ્ગલાસ્તિકાયનો જ વિસ્તાર છે.

અહીં તો એટલું જ જોવાનું છે કે મૂળતત્ત્વોની માન્યતામાં પણ વૈજ્ઞાનિકોની વિચારધારા સતત પરિવર્તનશીલ જ રહી છે. હજી પણ કોણ જાણે એમની છેલ્લી માન્યતામાં પણ કેટકેટલાંક પરિવર્તનો આવતાં જશે ? 'જોન્સ' અને 'વિટરો' નામના વૈજ્ઞાનિકો પણ કહે છે કે, "અમને હવે સમજાતું જ નથી કે મૂળતત્ત્વો હકીકતમાં કેટલાં છે ?'

(૬) પૃથ્વીનું સ્થિરત્વ : પૃથ્વી સ્થિર છે કે ફરતી છે એ વિષયમાં પણ વૈજ્ઞાનિકોનાં મંતવ્યો સતત વિરોધી અને પરિવર્તનશીલ જોવા મળે છે.

પાશ્ચાત્ય જગતમાં પણ જો ધાર્મિક દૃષ્ટિએ પૃથ્વીના સ્થિરત્વ ઉપર વિચારવામાં આવે તો બાઈબલમાં તો પૃથ્વીને સ્થિર માનવાનું વિધાન ખૂબજ કટ્ટરતાપૂર્વક કરવામાં આવ્યું છે, પાશ્ચાત્ય જગતમાં સારા સારા જ્યોતિષીઓ અને ગણિતાચાર્યો તરીકે જેમની ગણના થતી હતી તે 'અરસ્તૂ' અને 'ટાલમી' પણ પૃથ્વીને સ્થિર માનવાના જ મતના હતા. ઈ.સ. પૂર્વે ૨૦૦ વર્ષે હીપારકસ પણ પૃથ્વીને સ્થિર માનતો હતો.

પણ ૧૬મી શતાબ્દીમાં સર્વ પ્રથમ કોપરનિક્સે (Copernicus) પૃથ્વીને સ્થિર ન કહેતાં ચર કહી અને સૂર્યને ચર ન કહેતાં સ્થિર કહ્યો.

ત્યારપછી ગેલેલિયોએ 'દૂરવીક્ષક-યંત્ર' આદિ દ્વારા નિરીક્ષણ કરીને તે જ માન્યતાને પુષ્ટ કરી. આ વિધાન બાઈબલના વિધાનથી પ્રતિકૂળ હતું માટે ગેલેલિયો સામે તે વખતના ધર્મગુરુ પોપે વાંધો લીધો, અને બાઈબલ જેવા ધર્મગ્રન્થનો અપલાપ કરવા બદલ ગેલેલિયોને રાજકીય રીતે ખૂબ ખૂબ વેઠવું પડ્યું.

પણ તેથી કાંઈ પૃથ્વીના પરિભ્રમણની માન્યતા અટકી ન ગઈ. એટલું જ નહિ પણ ભૂતકાળમાં પૃથ્વીને જેઓ સ્થિર માનતા હતા અને ચર માનવામાં જે આપત્તિઓ બતાવતા હતા, જેવી કે-પૃથ્વી જો ફરતી હોય તો આકાશમાં ઊડતાં પક્ષીઓ પાછાં તે જ વૃક્ષ ઉપર કેવી રીતે આવી શકે ? પૃથ્વીના ભયંકર વેગવાળા પરિભ્રમણને કારણે જે પ્રચંડ વાયુ ઉત્પન્ન થાય તેનાથી પૃથ્વી ઉપરની બધી વસ્તુઓ વેરણ-છેરણ કેમ થઈ ન જાય ? એ વાયુને કારણે ધજાઓ એકજ દિશામાં કેમ ઊડ્યા ન કરે ?• વળી તે વેગજન્ય પવનથી તો મહેલો અને પર્વતોનાં શિખરો પણ કેમ તૂટી ન પડે ?★

આવા અનેક પ્રશ્નોનું સમાધાન પૃથ્વીને ફરતી માનનારાઓએ વાયુમંડળની કલ્પના ઊભી કરીને કરી દીધું. તેમણે કહ્યું કે પક્ષી, તીર, વિમાન વગેરે જે કોઈ પદાર્થ પૃથ્વીની ઉપર જઈને પોતાની એક ગતિ કરે

• भूगोलवेगजनितेन समीरणेन केत्वादयोऽप्यपरदिग्गतयः सदा स्युः । - श्रीपति

★ भूगोलवेगजनितेन समीरणेन प्रसादभूधरशिरांस्यपि संपतेयुः । - श्रीपति

છે એજ વખતે એ વાયુમંડલની અંદર રહેવાથી પૃથ્વીના જેવી જ બીજી એક ગતિ એ પદાર્થોમાં સહજ રીતે ઉત્પન્ન થતી રહે છે. આથી જ આકાશમાં ફેંકેલું તીર પાછું તે જ સ્થાને પૃથ્વી ઉપર રહે છે એ બધામાં પૃથ્વીની અંદર રહેલું ગુરુત્વાકર્ષણ કારણ છે.

ટૂંકમાં ગુરુત્વાકર્ષણ આદિ કેટલાંક સિદ્ધાંતોએ પૃથ્વીને ફરતી માનવામાં નડતી સમસ્યાઓને ઉકેલી નાંખી અને તેથી પૃથ્વીને ચર માનવાની વાત વધુ સ્થિર બની.

પરંતુ આ બધું હોવા છતાં ૧૯૪૮ની સાલમાં પ્રગટ થયેલા 'ધ સન્ડે ન્યુઝ ઓફ ઈન્ડિયા' નામના એક પત્રમાં શું જણાવવામાં આવ્યું છે તે જાણવું રસપ્રદ થઈ પડશે. તે પત્રમાં 'હાઉ રાઉન્ડ ઈઝ ઓફ ધ અર્થ' નામનો એક લેખ હેનરી ફોસ્ટર નામના એક વૈજ્ઞાનિકે લખ્યો છે, તેમાં તે જણાવે છે કે 'પૃથ્વી ચપટી છે (સ્થિર છે.)' એ માન્યતાને પ્રમાણિત કરવા માટે ઘણાં ઘણાં માણસોએ ઘણાં વર્ષો કાઢ્યાં છે પરંતુ તેમાંના ઘણાં થોડા માણસોએ 'વિલિયમ એડગલ' જેવો ઉત્સાહ બતાવ્યો હશે. એડગલે ૫૦ વર્ષ સુધી લગાતાર આ વિષયમાં સંશોધન કર્યું. તેઓ રાત્રિના સમયમાં આકાશમાં નિરીક્ષણ કર્યા કરતા. તેઓ ક્યારે પણ પથારીમાં સૂતા ન હતા. ખુરશી ઉપર બેસીને, આકાશ સામે નજર નાંખીને તેઓ આખી રાત વિતાવતા. તેમણે પોતાના બગીચામાં લોઢાની એક નળી રાખી હતી, જે ધ્રુવના તારાની સન્મુખ રહેતી હતી. તેમણે પોતાના ઉત્સાહપૂર્ણ નિરીક્ષણ પછી એ નિર્ણય જાહેર કર્યો કે પૃથ્વી થાળી જેવી ચપટી છે. (અર્થાત્ સ્થિર છે.) એની ચારે બાજુ સૂર્ય ઉત્તરથી દક્ષિણ તરફ ઘૂમી રહ્યો છે. ઇત્યાદિ.★

★ Many people have spent years trying to proev that the earth is flat, but Few have revealed Sueh zeal as the late William Edgell of Mideomer. Norton Somerserset Edgell strove for over 50 years in order to study the night skies. He never went to bed but slept in a chair. Also he created still table in his garden Pointing towards. The pole star which was Visible through it. This eccentric man eventually evolved the theory of a flat, basin shaped earth with the sun moving north and south across it. – The sunday news of India-May 2nd, 1948.

એસ્ટ્રોલોજિકલ મેગેઝીનના ૧૯૪૬ના જુલાઈ અને ઑગસ્ટના અંકમાં મેકડોનાલ્ડે જે 'શું પૃથ્વી ચપટી છે ?' એ શીર્ષક હેઠળ લેખ પ્રગટ કર્યો હતો એ બે હપ્તે પૂર્ણ થયો હતો. 'પૃથ્વી દડા જેવી ગોળ છે.' એ સિદ્ધાંતનું એણે ખૂબ સારી રીતે પ્રમાણ આપીને ખંડન કરી નાખ્યું હતું, આજના વિશ્વની સૃષ્ટિના બધા નિયમોને તેણે પૃથ્વીને થાળી જેવી ગોળ કહીને સંગત કર્યા હતા. તેણે તે લેખમાં સૂર્યને જ પરિભ્રમણ કરતો કહ્યો છે. તે કહે છે કે, 'સૂર્યની ગોળાકર અને નિરંતર ગતિ બધી જાતના પ્રયોગો દ્વારા બતાવી શકાય તેમ છે. સૂર્ય ગતિ કરે છે છતાં એવો સિદ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવ્યો છે કે પૃથ્વી પોતાની ધરી ઉપર કલાકના એક હજાર માઈલની ગતિથી ફરી રહી છે. એ કેટલી હાસ્યાસ્પદ બાબત છે !!!'•

વળી 'પી. એલ જયોગ્રાફી' આદિ ગ્રન્થો કે જે ભારતીય વૈજ્ઞાનિકોએ લખ્યા છે તેમાં પણ તેમણે પૃથ્વીને પરિભ્રમણ અંગેની માન્યતા ઉપર ખૂબજ તાર્કિક વિશ્લેષણ કર્યું છે અને પૃથ્વીને સ્થિર માનવા તરફ પોતાનો આદર બતાડ્યો છે.

અંતમાં આધુનિક વૈજ્ઞાનિકોમાં શ્રેષ્ઠ પ્રતિભાસંપન્ન ગણાતા આઈન્સ્ટાઈને સાપેક્ષવાદ જણાવ્યો અને પૂર્વે જોઈ ગયા તેમ એ સાપેક્ષવાદના સિદ્ધાન્તે ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમને છિન્ન-ભિન્ન કરી નાંખ્યો. આથી પૃથ્વીને ચર માનવામાં જે સમસ્યાઓ ઊભી કરવામાં આવી હતી તે બધી સમસ્યાઓનું સમાધાન ગુરુત્વાકર્ષણના સિદ્ધાન્તના આધારે થયું હતું અને હવે તે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાન્ત પોતેજ છિન્ન-ભિન્ન થાય છે ત્યારે તે સમસ્યાઓ ફરી ઊભી જ રહે છે એટલે આડકતરી રીતે તે આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ પૃથ્વીને સ્થિર માનવા તરફ ઝૂકે છે એમ જ કહી શકાય. સાપેક્ષ રીતે તો આઈન્સ્ટાઈન પોતે સ્પષ્ટ શબ્દોમાં પૃથ્વીને

• The Concentric and progressive motion of the sun over the earth is in every sense Practically demonstrable. The earth like all other plganets floats in space. The sun moves and is the centre of our (Known) universe. The idea that the earth moves on its axis at the rate of 1000 miles an hour is ridiculous.

– Estrological Magazine, 1946.

સ્થિર માનવાનું વિધાન કરે છે.

આમ ઈ.સ. પૂર્વે ૨૦૦ વર્ષથી માંડીને આજ સુધીમાં પૃથ્વીના સ્થિરત્વ-ચરત્વની માન્યતામાં પણ વૈજ્ઞાનિકો એકમત થઈ શક્યા નથી એ વાત ઉપરોક્ત વિધાનોથી સાબિત થાય છે.

આમ વૈજ્ઞાનિકોની વાતો અનેક વિરોધોથી ભરપૂર છે, સદા પરિવર્તનશીલ છે એ વાત બહુ સારી રીતે સમજી શકાય છે.

આજે પણ કેટલાંક કહે છે કે ચંદ્ર ઉપર જે ડાઘા દેખાય છે તે સમુદ્રો છે, બીજા કેટલાંક તેને ઊંચા પર્વતો કહે છે, કોઈ વળી જ્વાળામુખી કહે છે તો કોઈ વળી પાણીની ગરમી કહે છે.

અમેરિકાના શોધકો કહે છે કે ઍટલાંટિક મહાસાગર આ પૃથ્વીનો એક દેશ હતો, પણ ધૂમકેતુ સાથે અથડાવાથી નાશ પામ્યો છે. જ્યારે ડો. કાઉલ્ટર્સનો ભૂતપ્રમાણથી એવો મત છે કે ઍટલાંટિક એક સ્વતન્ત્ર ગ્રહ હતો અને પૃથ્વી સાથે અથડાવાથી નાશ પામ્યો છે. વળી તે ગ્રહના માનવો મંગળના ગ્રહમાં જઈ વસ્યા છે.

ન્યૂટન અને લીવનીઝની વચ્ચે ચલન-કલનની માન્યતામાં વિવાદ હતો.

ન્યૂટન કહે છે કે સૂર્યમંડળમાં બુધ સિવાય બીજો ગ્રહ જ નથી. જ્યારે અન્ય વિદ્વાનો કહે છે કે સૂર્ય અને બુધની વચમાં વલ્કન નામનો ગ્રહ છે. બીજા કેટલાંક વળી કહે છે કે અહીં વલ્કન દેખાતો જ નથી.

સાપેક્ષવાદની ઉત્પત્તિ પછી ગેલેલિયો, ન્યૂટન અને ઉકલેદસ વગેરે વૈજ્ઞાનિકોનાં સિદ્ધાંતો અસત્યમૂલક તથા ભ્રમાત્મક સિદ્ધ થયા છે.

આ બધી વાતો ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે બધી બાબતમાં વિજ્ઞાનનું સંશોધન એ અંતિમ સત્ય નથી. એનું વિધાન સતત પરિવર્તનશીલ રહે છે.

આ વાત વર્તમાન જગતના દરેક વિજ્ઞાનપ્રેમીએ સમજી લેવી પડશે. જ્યારે ને ત્યારે વિજ્ઞાનના સંશોધનને અણીશુદ્ધ સત્ય તરીકે જ મૂલવવાની એક પ્રકારની ઘેલછા સત્યની નજદીક લઈ જવાને બદલે સત્યથી હંમેશ દૂર રાખનારી બની રહે છે.

જ્યારે વૈજ્ઞાનિકો પોતે જ પોતાનાં મંતવ્યોને અંતિમ સત્ય તરીકે

કલ્પી ન લેવા માટે જોરશોરથી સ્પષ્ટ શબ્દોમાં વિજ્ઞાનપ્રેમીઓને જણાવે છે તે વખતે પણ તેનાં વિધાનોને પરમ સત્ય તરીકે સ્વીકારી લેવાં અને સર્વજ્ઞભાષિત સત્યોની અવગણના કરી નાંખવી એ તો ખૂબ જ નાદાનિયતભરી ચેષ્ટા કહેવાય.

અહીં વૈજ્ઞાનિકોનાં પોતાનાં જ મન્તવ્યો રજૂ કરવામાં આવે છે એ ઉપરથી બહુ સ્પષ્ટ રીતે સમજાશે કે વિજ્ઞાનમાં દરેક વિધાનને આંખ મીંચીને અપનાવી લેવું, સત્ય કહી દેવું એ નર્યું દુઃસાહસ છે.

વૈજ્ઞાનિક અભિપ્રાયો :

(૧) એક પુસ્તકમાં વૈજ્ઞાનિકો કહે છે કે, "હવે અમે ખૂબ સારી રીતે અને મક્કમતાપૂર્વક એ વાત સમજવા લાગ્યા છીએ કે અમારા અજ્ઞાનનો પ્રદેશ કેટલો બધો વિરાટ છે !' **અ**

(૨) 'ધ મિસ્ટિરીયસ યુનિવર્સ' નામના પુસ્તકમાં સર જેમ્સ જીન્સ કહે છે, "હવે તો એ જ સારું લાગે છે કે વિજ્ઞાન નિત્ય નવી ઘોષણાઓ કરવાનું બંધ કરી દે. કેમકે જ્ઞાનની નદી ઘણીવાર પોતાના મૂળ ઉદ્‌ગમસ્થાને પાછી ફરી છે." **બ**

(૩) બીજી એક જગ્યાએ તેઓ લખે છે કે "૨૦મી સદીનો મહાનમાં મહાન આવિષ્કાર 'સાપેક્ષવાદ' કે 'કવોન્ટમ્'નો સિદ્ધાંત નથી. અને પરમાણુનું વિભાજન થયું તે પણ નથી. આ સદીનો મહાન આવિષ્કાર તો એ ચિંતન છે કે વસ્તુ તેવી નથી, જેવી તે દેખાય છે. આની સાથે સાથે સર્વસામાન્ય વાત તો એ છે કે અમે આજ સુધી હજી પરમ વાસ્તવિકતાની પાસે પહોંચ્યા જ નથી." **ક**

અ. We are begining to appreciate better and more thoroughly how great is the range of our igncrance. – Ibid P. 60

બ. Science should leave off meking Pronouncement, the river of knowledge has too often turned back on itself. – The mysterious Universe. P. 138

ક. The cutstanding achievement of twenteth century physics, is not the theorgy of relativity with its welding together of space and time, or the theory of quantum with its present

(૪) આઈન્સ્ટાઈન કહે છે કે "અમે તો વસ્તુનું સાપેક્ષ (આંશિક) સત્ય જ જાણી શકીએ છીએ, પૂર્ણ સત્ય તો કોઈ સર્વજ્ઞ જ સમજી શકે."ड

(૫) એક વૈજ્ઞાનિક કહે છે કે, "આજે હવે અમે કાંઈ જ કહી શકતા નથી. કેમકે કોને ખબર કે આ જ્ઞાનની સરિતા હજી પણ આગળ વધીને કેવા અને કેટલા વળાંક લેતી રહેશે ? એટલે અમે હવે એમ કહીશું કે અત્યાર સુધીમાં અમે જે કાંઈ કહ્યું છે, લખ્યું છે કે વિશેષરૂપથી રેખાંકિત કર્યું છે તે બધું જ ઊડતી કલ્પનાઓ જેવું અને સાવ જ અનિશ્ચિત છે." इ

(૬) સર જેમ્સ જીન્સ પોતાના 'દર્શન અને પદાર્થ વિજ્ઞાન' નામના એક પુસ્તકમાં ઉપસંહારમાં લખે છે કે ૧૯મી શતાબ્દી સુધીના વિજ્ઞાનના ઘણાં સારા ગણાતા નિર્ણયો આજે ઓગળી જતા (બરફના) ઘડા જેવી સ્થિતિમાં મુકાઈ ગયા છે."•

આવાં તો અનેકાનેક વિધાનો વૈજ્ઞાનિકોએ કર્યા છે, જેમાં તેમણે પોતાની જ્ઞાનની સીમિતતા, ભ્રમપૂર્ણતા વગેરેને સ્પષ્ટ રીતે રજૂ કરી છે.

એટલું જ નહિ પણ આ વૈજ્ઞાનિકો હવે જેને ધિક્કારતા હતા, જેને

apparent nagation of the laws of causation of the dissection of the atom with the resultant discovery that things are not what they seem. It is the general recognition that we are not yet in contact with ultimate reality.

– The Mysterious Universe, P. 3

ड. We can only know the relative truth, but absolute truth is known only to the universal observer.

इ. So at least we are temnhted to conjecture today, and yet who knows, how many more times the stream of knowledge may turn on itself ! what might have been interwinded into every paragraph that everything that has been side and every conclusion that has been tentatively but forword is quite frankly speculative and uncertein.

– The Mysterious Universe, P. 138

• Many of the formes conclusions of nineteenth century Science, are once again in the melting point.

– Physics & Philosophy, P. 217.

વહેમ અને ધતિંગ કહેતા હતા તે ધર્મની પણ નજદીક તેઓ આવી રહ્યા હોવાનાં વિધાનો કરે છે. તેઓ હવે એમ માને છે કે દર્શન અને વિજ્ઞાન દિવસે દિવસે નજદીક આવતા જાય છે.

એજ સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક સર જેમ્સ જીન્સ 'દર્શન અને પદાર્થ વિજ્ઞાન' નામક પોતાના પુસ્તકમાં કહે છે કે (૭) 'દર્શન અને વિજ્ઞાનની સીમારેખા કે જે એક રીતે સાવ જ નકામી-અર્થહીન બની ચૂકી હતી, તે હવે વૈચારિક પદાર્થ વિજ્ઞાન (થીઓરેટિકલ ફિઝિક્સ)ના થયેલા અદ્યતન વિકાસને કારણે મહત્ત્વપૂર્ણ અને આકર્ષક બની ગઈ છે."★

અરે ! હવે તો વૈજ્ઞાનિકો ધર્મને પુરાણો ભ્રમ કહેવા તો લાચાર બન્યા છે પરંતુ ધર્મ અંગેના લોકોના હાનિકારક વિચારોને દૂર કરવા સજ્જ થવા લાગ્યા છે, 'સાયન્સ એન્ડ રિલિજિયન' નામના પુસ્તકમાં એક વૈજ્ઞાનિકે કહ્યું છે કે (૮) 'કેટલાંક લોકોની એવી માન્યતા છે કે, ધર્મ એ તો માત્ર ભાવાવેશ છે, ધર્મ એક જરીપુરાણો ભ્રમ છે. પણ અમે તો કહીશું કે ધર્મના વિષયમાં પ્રચલિત થયેલા આવા કુવિચારોની પોલ આજના વિજ્ઞાને ઉઘાડી પાડી દીધી છે. માન-મસ્તિષ્કના ધર્મની ભ્રામકતા અંગેના હાનિકારક વિચારોને નિર્મૂળ કરી નાંખવાની આજે ખૂબ જરૂર છે.'+

આ વિધાન ઉપરથી સમજી શકાશે કે વિજ્ઞાન પણ હવે ધર્મ તરફ આદરની દૃષ્ટિથી જોવા લાગ્યું છે.

★ Border-Iand teritory between physics and philosophy which used to seem so dull, but suddenly became so interesting and important through recent developments of theoretical physics.

– Physics & Philosophy-preface.

+ The suggestion was assiduously conveyed that religion was an outworn superstition, a morbid sentiment, as a phase of hysteria, all of which had been exposed by modern science. These misleading and harmful impressions need to be dispelled.

– Science & Religion, P. 45

(૯) એટલું જ નહિ પણ તેઓ તો એમ પણ કહે છે કે થોડા સમય પૂર્વે તો વૈજ્ઞાનિક ક્ષેત્રમાં નાસ્તિક કહેવડાવવું એ તો અમુક મર્યાદા સુધી એક ફેશનની વાત ગણાતી. પણ આજે તેવો માણસ સારો ગણવામાં આવતો નથી. એવું કહેવાથી એ માણસની કોઈ મોટાઈ થતી નથી. નાસ્તિકતા એ એક ફેશનની વસ્તુ છે એ જૂના જમાનાનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હતો, જે આજે રહ્યો નથી.

આ બધી વાત ઉપરથી બે વાત આપણે તારવી શકીએ છીએ. (૧) વિજ્ઞાનનાં વિધાનો ભ્રમપૂર્ણ હોય છે તેથી સતત પરિવર્તનશીલ હોય છે. (૨) વિજ્ઞાન સત્યાન્વેષી જણાય છે. (કે હતું ?) અને તેથી જ તે કેટલીક બાબતોમાં સત્યની વધુ ને વધુ નજદીક આવતું જાય છે. કેટલીક બાબતોમાં તો તે સત્યને આંબી જઈને સત્યમાં સર્વાંગે વિલીન થઈ જાય છે. જો કે હવે વિજ્ઞાનમાં પણ રાજકારણે પ્રવેશ કરીને એની સત્યાન્વેષિતાને ગળે ટૂંપો દીધો જણાય છે.

આ ઉપરથી જણાવવાનું એટલું જ છે કે ભગવાન જિન સર્વજ્ઞ હતા એ વાતની સિદ્ધિ કરવા માટે એમનાં વચનોની સત્યતાને વિજ્ઞાનની કેટલીક સિદ્ધિઓ દ્વારા સાબિત કરવી છે, છતાં એનું અર્થઘટન એવું કોઈ ન કરી લે કે એનાથી તો વિજ્ઞાનનું મૂલ્ય વધી જાય છે. ના નહિ જ. આવો ભ્રમ ન થાય તે માટે જ વિજ્ઞાનના વિધાનો કેટલાં બધાં પરિવર્તનશીલ છે એ વાત જણાવવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના વિધાનો વર્ષે વર્ષે સાવ જૂઠાં સાબિત થતાં રહે તેવા વિજ્ઞાનને ગૌરવ આપવાની કોઈ કલ્પના સુદ્ધાં પણ નથી. પણ છતાં આવા ચંચળ વિજ્ઞાનને પણ ઘણોં મોટો માનવસમૂહ ભારે આદરથી જુએ છે તેથી જ એ વિજ્ઞાનની સત્યાન્વેષિતાના (!) ગુણોથી વિજ્ઞાનને જે કોઈ સત્યો સ્પર્શ્યા તે અહીં પ્રગટ કરીને - આવાં આજે શોધાયેલાં સત્યોને તો ભગવાન જિને વાત વાતમાં પ્રકાશ્યાં હતાં -એ વાત અહીં રજૂ કરવી છે અને તે ઉપરથી એમ

★ Not very long ago, it was to some exetent fashionable in scientific circles to be an Agnostic. But today a man who takes pride in his ignorance is blamed and lionised. The attitude is quite out of fashion.

સમજાવવું છે કે તેથી જ તે ભગવાન જિન અવશ્ય સર્વજ્ઞ હતા.

આમ વિજ્ઞાનનાં સંશોધિત સત્યોથી ભગવાન જિનના તત્ત્વજ્ઞાનની સહજ સત્યમયતા પ્રકાશમાં લાવીને એ તત્ત્વજ્ઞાનની સત્યતા સાબિત કરવાનો પ્રયત્ન હાસ્યાસ્પદ તો લાગે જ છે.

વિજ્ઞાન એ ફૂટપટ્ટી છે, તત્ત્વજ્ઞાન તો સ્વયંભૂરમણનો સાગર છે. ફૂટપટ્ટીથી કદી સાગર મપાશે ખરો ?

દરદીના શરીરનું ઉષ્ણતામાન જણાવતું થર્મોમીટર જમશેદપુરની લોખંડ ગાળતી ભઠ્ઠીની ઊષ્ણતા માપી આપશે ? કે સૂર્યની ગરમીનું માપ જણાવી શકશે ?

ગમે તેમ હોય, પણ જગતનો એક ન્યાય છે કે સોના જેવી બહુમૂલ્ય ચીજ પણ તુચ્છ એવી ચણોઠીથી તોલાય છે. એક તોલા સોનામાં લાખો ચણોઠી ખરીદી શકાય તેમ હોવા છતાં સોનાના વજનનો તોલ તો એ ચણોઠી જ કરે છે.

ગૌરવવંતુ તત્ત્વજ્ઞાન છે : સો ટચનું સોનું.

ચણોઠી સમું છે : આજનું વિજ્ઞાન.

જગતનો આ ન્યાય લક્ષમાં લઈને જ અહીં વિજ્ઞાનથી તત્ત્વજ્ઞાનને તોલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ન્યાયને કોઈ ન વીસરે. વિજ્ઞાન એ માત્ર ચણોઠી છે, તત્ત્વજ્ઞાન એ સુવર્ણ છે એ વાત પણ કોઈ ન ભૂલે. નહિ તો અનર્થ થઈ જવાનો પૂર્ણ સંભવ છે.

આજના બુદ્ધિવાદી માનવની એક મોટામાં મોટી માનસિક નબળાઈ છે કે તેનું મોં તે હંમેશ પશ્ચિમ તરફ જ રાખે છે. તેને બધુંય પશ્ચિમનું જ ગમે છે.

ભલે પછી ત્યાં બારે માસ ઠંડી પડતી હોય અને તેથી લોકો ગરમ કપડાં પહેરતા હોય, તોય ભારતીય જન એનું અંધ અનુકરણ કરવા સુધી તૈયાર-રહેવાનો અને તેમાં પાછો ગૌરવ લેવાનો.

પશ્ચિમના દેશો તરફના આવા અંધ અનુકરણે તો ભારતની પ્રજા પાયમાલ થઈ રહી છે. છતાં હજી આંખો ઊઘડતી નથી એ જ એની કમનસીબી છે.

સાંભળ્યું છે કે રવીન્દ્રનાથ ટાગોરે ભગવદ્‌ગીતા ઉપર ગીતાંજલિ નામક એક પુસ્તક લખ્યું હતું. ભારતમાં એ પુસ્તક પ્રસિદ્ધ થઈ ચૂક્યું ત્યાં સુધી તો ભારતના લોકોએ કદર ન કરી. પરંતુ જ્યારે એ પુસ્તક પરદેશોમાં ગયું અને ત્યાં તે પુસ્તક ઉપર તે વર્ષનું નોબેલ પારિતોષિક ગીતાંજલિને મળ્યું ત્યારે ભારતીય વિદ્વાનોએ એની મુક્તકંઠે પ્રશંસા કરી. જ્યારે આ પારિતોષિક જાહેર થયું ત્યારે રવીન્દ્રનાથ તો બાથરૂમમાં સ્નાન કરી રહ્યા હતા. બંગાળાના સમર્થ વિદ્વાનો અને શ્રીમંતોનું એક ડેપ્યુટેશન રવીન્દ્રનાથને અભિનંદન આપવા આવ્યું. જ્યારે ટાગોર સ્નાન કરીને બહાર નીકળ્યા કે તરત બધાએ તેમને અભિનંદન આપ્યા. ટાગોર આશ્ચર્યચકિત થઈને પૂછે છે કે, "પણ છે શું ? શાનાં અભિનંદન ! અને શાના ફૂલહાર !" ત્યારેજ તેમને જાણવા મળ્યું કે તેમને ગીતાંજલિ ઉપર નોબેલ પારિતોષિક પ્રાપ્ત થયું છે. એ જાણીને આશ્ચર્ય થશે કે આટલું જાણ્યા પછી ટાગોર આનંદિત થવાને બદલે ઉદાસ થઈ ગયા ! ખિન્નવદને તેઓ બોલ્યા, "મને માફ કરજો, હું તમારાં અભિનંદન અને ફૂલહાર સ્વીકારી શકતો નથી. તમારી પાસે આ ગીતાંજલિ આવી ત્યારે તમે તેની કદર કરી ન શક્યા અને હવે જ્યારે અંગ્રેજો એ પુસ્તકની કદર કરે છે ત્યારે જ તમને એમ લાગ્યું કે આ પુસ્તક કદરપાત્ર છે ? અને તેથી જ હવે તમે મને અભિનંદન આપવા દોડી આવ્યા છો ને ! જો તમારામાં કદર કરવાજોગી પણ સ્વતંત્ર બુદ્ધિમત્તા ન હોય, જો તમે આ રીતે અંગ્રેજોની સામે જ સદા જોઈને બેસી રહેતા હોવ તો મારે એવી ભાડૂતી કદરની કશી જરૂર નથી !!! અંગ્રેજોની કદરથી મારા પુસ્તકની તમે કદર કરો એ સ્થિતિ મને નાપસંદ છે !!!"

જેવું આ પ્રસંગમાં બન્યું તેવું જ પ્રસ્તુત પુસ્તકના લેખનના વિષયમાં પણ બની શકે. કોઈ એવી પણ કલ્પના કરી શકે કે જે તત્ત્વજ્ઞાનનું સત્ય સ્વયમ્ભૂ છે, સ્વતઃસિદ્ધ છે એ તત્ત્વજ્ઞાનની સત્યતા વળી વિજ્ઞાનની શોધોથી કરાતી હશે ?

અને જો આ રીતે વિજ્ઞાન દ્વારા તત્ત્વજ્ઞાનની મહાનતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેમાં તત્ત્વજ્ઞાનની સાથે સાથે વિજ્ઞાનનું પણ

વિશિષ્ટ મૂલ્યાંકન થઈ જતું નથી ?

આ બધા પ્રશ્નો કે વિચારોની સામે એકજ જવાબ છે કે વિજ્ઞાનવાદનું આજે જગતને ખૂબજ આકર્ષણ છે માટે જ તેના દ્વારા તત્ત્વજ્ઞાનની સત્યતાને સિદ્ધ કરવાનો વિનમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે. આજનું લોકમાનસ જ એવા પ્રકારનું છે કે તે સીધી રીતે શ્રદ્ધાના બળથી તત્ત્વજ્ઞાનને હૃદયથી ચાહી શકતું નથી. એટલે તત્ત્વજ્ઞાન તરફ તેની નજરને પાછી સ્થિર કરવા માટે તત્ત્વજ્ઞાન સાથે તેના જીવનનો સુભગ મેળ બેસાડવા માટે જ વિજ્ઞાનથી તત્ત્વજ્ઞાનનાં સત્યો સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બીજી વાત એ છે કે વિજ્ઞાનનું ખંડન કરીને તોષ લેવા કરતાં શા માટે સમન્વય-દૃષ્ટિ અપનાવીને તેના સુંદર સત્યોને નજરમાં લાવીને તત્ત્વજ્ઞાનનું મૂલ્ય વધુ સારી રીતે જગતમાં ન સ્થાપવું ? આ રીતે પણ એકવાર જો જીવાત્મા તત્ત્વજ્ઞાન તરફ આકર્ષાશે, ભગવાન જિનની સર્વજ્ઞતા ઉપર વિશ્વાસ કરવા લાગશે, એ સર્વજ્ઞતાના મૂળમાં રહેલી એમની વીતરાગતાને વધાવશે તો શું એ આત્મા કલ્યાણપંથનો પથિક નહિ બને શું ?

આ બધી મંગળમયી કામનાઓને અંતરમાં ભરીને વિજ્ઞાન, તત્ત્વજ્ઞાનને નજરમાં રાખવામાં આવ્યાં છે અને એમને કલમમાં ઉતારીને તત્ત્વજ્ઞાનની વિજયપતાકા ગગનમાં લહેરાવવાને અને ભગવાન જિનને સિદ્ધ કરવાનો મંગળ સંકલ્પ કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત ગ્રન્થમાં તો સર્વજ્ઞ ભગવાન જિનના તત્ત્વજ્ઞાનનાં કેટલાં સત્યો રજૂ કરી શકાય ? વિજ્ઞાનને હજી ઘણાં બધાં સત્યો પ્રાપ્ત કર્યા પણ નથી સ્તો - એટલે વાતો મગજમાં પણ ન બેસે તેવી વાતોને ભારે જહેમત ઉઠાવીને, અનેક જીવનો અર્પીને વૈજ્ઞાનિકોએ સિદ્ધ કરી તેમાંની ૩૦-૪૦ વાતો કે જે મારા ખ્યાલમાં છે-તત્ત્વજ્ઞાનની અંદર તો હજારો વર્ષ પહેલાં કહેવાઈ ગયેલી છે, જિનાગમોના ગ્રન્થોમાં કણ્ડારાયેલી પડી જ છે. આવું જો બતાડી દેવામાં આવે તો તત્ત્વજ્ઞાનનાં બાકીનાં બધાં સત્યો ઉપર અપૂર્વ વિશ્વાસ ન બેસી જાય શું ?

ભાત ચડ્યો છે કે નહિ તે જોવા તપેલીના બધા દાણા દાબીને જોવાના ન હોય. એ તો ચાર દાણા ઉપરથી જ બધાનો નિર્ણય થઈ જાય. આવું જ પ્રસ્તુતમાં સમજી લેવું જોઈએ કે જો ખૂબ જ ગહન કહી શકાય તેવી ૩૦-૪૦ બાબતોનાં શુદ્ધ સત્યો તત્ત્વજ્ઞાનમાં પડ્યાં જ છે તો તે તત્ત્વજ્ઞાનનાં બીજા તમામ વિધાનોની સત્યતામાં શંકા કરવાની રહેતી જ નથી.

જેની ૩૦-૪૦ અગમ આગોચર વાતો સત્ય સિદ્ધ થઈ જાય તે આખું ય તત્ત્વજ્ઞાન સત્યમય સાબિત થઈ જ જાય.

પછી તો, તે તત્ત્વજ્ઞાનના કહેનારા જે કોઈ હોય તે અવશ્ય સર્વજ્ઞ હોવા જોઈએ એવું પુકાર કરીને કહી દીધા વિના રહી શકાય નહિ.

ચાલો ત્યારે, હવે એક પછી એક એવી અનેક બાબતોને જોઈએ જેને વૈજ્ઞાનિકો તો આજે જ બોલ્યા, તે ય ભારે જહેમતો અને અનેક જીવનોના ભોગ આપ્યા પછી.

જેને ભગવાન જિન તો કશાય પરિશ્રમ વિના, વાતો કરતાં કરતાં જ કહી ગયા હતા.

ચાલો, ચાલો હવે એ વિજ્ઞાન-તત્ત્વજ્ઞાનનાં વિધાનો તપાસીએ અને સર્વજ્ઞ ભગવંતને પુનઃપુનઃ વંદના અર્પતા જઈએ.

ખંડ-૨

આત્મવિજ્ઞાન

વિભાગ પહેલો

આત્મા અને પુનર્જન્મ

૪. જૈન દૃષ્ટિએ આત્મા : ષટ્સ્થાન વિચાર

જગતમાં બે તત્ત્વો છે. જડ અને ચેતન.

આ બેય તત્ત્વો અંગે વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું મંતવ્ય કેટલો સમન્વય પ્રાપ્ત કરે છે તેનો આપણે વિચાર કરીશું.

પ્રથમ તો આત્મા અંગે વિચાર કરીશું. વર્તમાન વિજ્ઞાન આત્માનું અસ્તિત્ત્વ સ્વીકારતું જાય છે એ વાત હવે ઘણાં વિજ્ઞાનપ્રેમીઓ જાણે છે.

પ્રથમ તો જિનાગમની દૃષ્ટિએ આત્માનું શું સ્વરૂપ છે તે જોઈએ.

જૈન આગમોમાં આત્માની શાશ્વતતા અંગે જેટલું સ્પષ્ટ વિધાન મળે છે એટલું બીજે ક્યાંય મળતું નથી. જૈન દૃષ્ટિએ આત્મા નિત્ય છે અને દેહથી ભિન્ન છે. આત્મા પોતાના સ્વરૂપથી નિત્ય હોવા સાથે જુદા જુદા મનુષ્યાદિ સ્વરૂપે તો અનિત્ય પણ છેજ. એટલે કે પોતે નિત્ય હોવા છતાં મનુષ્ય, સ્ત્રી, પશુ, દેવ વગેરે સ્વરૂપે તેનાં જુદાં જુદાં પરિણામો તો થતાં જ રહે છે, આમ તે તે પરિણામસ્વરૂપ મનુષ્યાત્મા, સ્ત્રીઆત્મા, પશુઆત્મા, દેવાત્મા વગેરે અનિત્ય છે કેમકે મનુષ્ય વગેરે સ્વરૂપ આત્માનો નાશ થાય છે, છતાં આત્માનો પોતાનો સ્વરૂપથી તો નાશ થઈ જતો જ નથી.

સોનાની ઢીંગલી નાશ પામે અને તેમાંથી પછી સોનાની બંગડી બનાવવામાં આવે ત્યારે ઢીંગલીસ્વરૂપ સોનાનો નાશ થવા છતાં સોનું પોતે તો કાયમ જ રહ્યું અને તેથી તેમાંથી બંગડી બની. અહીં ઢીંગલી કે બંગડી એ સોનાનાં પરિણામો છે. બધી અવસ્થામાં સોનું પોતે કાયમ રહે છે.

આવું જ આત્માનું બને છે. મનુષ્યાત્માનો નાશ થાય અને દેવાત્મા તરીકે ઉત્પાદન થાય છતાં બંને અવસ્થામાં આત્મા તો કાયમ જ રહે છે એટલે જ પોતાના મૂળ સ્વરૂપની દૃષ્ટિએ આત્મા નિત્ય છે, પણ એના જુદાં જુદાં પરિણામોની દૃષ્ટિએ આત્મા અનિત્ય છે. પણ આ જ વાતને ટૂંકમાં એમ કહી શકાય કે આત્મા પરિણામી, નિત્ય છે.

એટલે આત્મા જેવી દેહથી ભિન્ન એક સ્વતંત્ર વસ્તુ છે અને તે પરિણામી નિત્ય છે એ વાત નક્કી થઈ.

આવો આત્મા કર્મનો કર્તા પણ છે, સમગ્ર આકાશમાં સર્વત્ર એવા એક પ્રકારની રજકણો ઠાંસીને ભરેલી છે જેને આત્મા પોતાની ઉપર સતત ચોંટાડતો હોય છે. આ સંસારમાં વસતો દરેક આત્મા રાગ અને રોષથી યુક્ત જ છે અને તે મન, વચન, કાયાની પ્રવૃત્તિથી પણ યુક્ત જ છે. આ રાગરોષના ભાવો અને મન વગેરેની પ્રવૃત્તિઓને કારણે જ આત્મા દરેક સમયે પેલી રજકણોને ઝડપતો જ રહે છે. જેમ ચુંબકમાં ચુંબકીયત્વ હોવાથી તે લોહકણોને ખેંચે છે તેમ આત્મામાં રહેલું રાગાદિ ભાવોનું ચુંબકીયત્વ પેલી રજકણોને ખેંચતું જ રહે છે. જે આત્મા રાગાદિ ભાવના ચુંબકીયત્વ બળ વિનાના બનીને સિદ્ધ પરમાત્મા બને છે તેઓને જ આ ભયાનક રજકણો ચોંટતા નથી. આ રજકણો આત્માને લાગે છે ત્યારે પછી તેને કર્મ કહેવાય છે. દરેક રજકણ 'ટાઈમ-બોમ્બ' છે. જ્યારે જ્યારે એ ટાઈમ બોમ્બ ફાટે છે ત્યારે તે આત્માને સુખ કે દુઃખ આપે છે, જીવન કે મૃત્યુ આપે છે, પુરુષપણું કે સ્ત્રીપણું, માનવજીવન કે પશુજીવન, શ્રીમંતાઈ કે ગરીબાઈ આપે છે.

જેવા રાગાદિ ભાવોથી રજકણો આત્મા ઉપર ચોંટ્યા હોય તેવા ફલો સમય પાકતાં તે રજકણો અવશ્ય બતાવે છે. કોઈએ રોષ કરીને કીડી જેટલા જન્તુની હત્યા કરી, કોઈએ ચોરી કરી, કોઈએ મિત્ર સાથે માયા-કપટ કર્યાં તે વખતે જે રજકણો આત્માને ચોંટ્યા, તે રજકણો પોતાનો સમય પાકતાં જ એ આત્માને દુઃખ આપે, મૃત્યુ આપે, સ્ત્રીપણું આપે, પશુજીવન વગેરે આપે. એજ રીતે સારું કામ કરતાં જે રજકણો આત્મા ઉપર ચોંટે છે તે રજકણો સુખ, જીવન, શ્રીમંતાઈ વગેરે આપે છે.

જડ એવા રજકણોનો પણ આવો સ્વભાવ છે. દરેક જડ વસ્તુનો પોતાનો આગવો સ્વભાવ હોય છે. સ્વભાવ સામે દલીલ કામ કરતી નથી. અગ્નિનો સ્વભાવ છે દઝાડવાનો, પાણીનો સ્વભાવ છે ઠારવાનો. અહીં એ પ્રશ્ન થઈ શકતો નથી કે પાણીનો દઝાડવાનો સ્વભાવ કેમ નહિ? અગ્નિનો દઝાડવાનો જ સ્વભાવ શા માટે ?

આ ઉપરથી એ વાત સમજાઈ જશે કે આત્મા કર્મને (રજકણોને) પોતાની ઉપર ચોંટાડવાની ક્રિયા કરતો હોવાથી કર્મનો કર્તા છે અને જ્યારે જ્યારે એ રજકણો પોતાનાં ફળો બતાવે છે ત્યારે તેને આત્મા ભોગવે પણ છે જ, માટે આત્મા કર્મનો ભોક્તા પણ છે.

આવાં કર્મોથી આત્મા સર્વથા છૂટો થઈ જાય તેવું નામ આત્માનો મોક્ષ છે. ભલે અનાદિકાળથી આત્મા અને કર્મનો સંબંધ હોય છતાં પણ શુદ્ધધર્મના સેવનથી એ સંબંધનો અંત જરૂર આવી શકે છે. સોનું અને માટી ચિરકાળથી સંબદ્ધ હોવા છતાં અગ્નિના પ્રયોગથી શું તે બેનો સંબંધ મટી જતો નથી ? શું સોનું શુદ્ધ બની જતું નથી ? આજ રીતે આત્મા પણ જ્યારે કર્મથી મુક્ત બને છે ત્યારે તે શુદ્ધ બનેલો આત્મા, ઉપર આવેલી સિદ્ધશિલામાં જઈને સદાને માટે સ્થિર થઈ જાય છે. ત્યાં તેની સાથે શરીર વગેરે કશું જ હોતું નથી. જે છે તે માત્ર પોતે જ છે, પોતાના જેવા અગણિત આત્માઓ છે. સદાકાળ માટે તે પોતાના જ આત્મિક શુદ્ધ આનંદને માણ્યા કરે છે. પછી તે કદાપિ આ જગતમાં અવતાર લેતો નથી. જો કોઈ જીવ એવા એવા શુદ્ધાત્મા પરમાત્માનું ધ્યાન ધરે છે તો તે પણ કર્મથી મુક્ત થતો શુદ્ધાત્મા પરમાત્મા બની જાય છે.

જેમ સઘળાં કર્મથી આત્માનો મોક્ષ થાય છે તેમ તે કર્મથી મુક્ત થવાના ઉપાયો પણ છે. એવું નથી કે એ મોક્ષ અકસ્માત થઈ જાય છે. જન્મ, જરા, રોગ, શોકાદિના ભયંકર દુઃખોથી મુક્ત થવું જ રહ્યું અને તે માટે જે ઉપાયો છે તેને જીવનમાં અપનાવવા જ રહ્યા. એ ઉપાયો છે ભગવાન જિનેશ્વરોએ બતાવેલું સાચું દર્શન, સાચું જ્ઞાન અને ઉત્તમ સદાચાર. આ ત્રણેય અગ્નિની ભઠ્ઠી સમા છે, જેમાં આત્મ-સુવર્ણ, કર્મના મેલથી છૂટું થઈ જઈને એકદમ શુદ્ધ બની જાય છે.

આજે જૈનદર્શનમાં આત્મા અંગે આ છ વાતો બતાવી છે, કે આત્મા છે, તે પરિણામી નિત્ય છે. કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, મોક્ષ છે અને તેના ઉપાયો પણ છે.★

★ **आत्माऽस्ति स परिणामी, बद्धः सत्कर्मणा विचित्रेण ।**
मुक्तश्च तद्वियोगाद्, हिंसाऽऽहिंसादितद्धेतुः ॥ (प्रमाणनयतत्त्वा.)

જૈન દાર્શનિકોએ આત્મા, કર્મ અને મોક્ષના વિષય ઉપર સેંકડો ગ્રંથો લખ્યા છે, આત્મા અને કર્મનો અનાદિકાળથી સંયોગ છે માટે એ સંયોગથી ઉત્પન્ન થયેલો આ સંસાર પણ અનાદિકાળથી છે. આત્માના આ સંસારનો પહેલો ભવ હોઈ શકે નહિ. કૂકડી અને ઈંડુ એ બેમાંથી પહેલું કોણ ? કદી પહેલા પિતા હોઈ શકે ? કે જે કોઈ પણ પિતાના પુત્ર જ ન હોય ? એ પ્રશ્નનો જેમ ઉત્તર નથી તેમ આત્માના સંસારનો પહેલો ભવ કયો ? એ પ્રશ્નનો પણ ઉત્તર નથી. અસ્તુ. આપણે ખૂબ સંક્ષેપમાં જૈનાગમોનું આત્મા અંગેનું તત્ત્વજ્ઞાન જોયું.

●

૫. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આત્મા

હવે આત્મા અંગેનું આધુનિક વિજ્ઞાનનું મંતવ્ય તપાસીએ એક સમય તો એવો હતો કે લગભગ બધા વૈજ્ઞાનિકો આત્મા જેવી દેહથી અતિરિક્ત કોઈ ચેતના માનવા તૈયાર જ ન હતા. વૈજ્ઞાનિક સંશોધનો માત્ર પરમાણુ વગેરે જડ પદાર્થોને અનુલક્ષીને જ રહેતાં અને તેથી જડના આવિષ્કારોની બાબતમાં વિજ્ઞાને સાચે જ આશ્ચર્યમુગ્ધ કરી દે તેવું ખેડાણ કરી નાંખ્યું છે.

પરંતુ હવે કેટલાંક વૈજ્ઞાનિકો આત્મા અંગે પણ કંઈક ચિંતન કરવા લાગ્યા છે અને તેઓ દેહથી ભિન્ન, દેહમાં રહેનારી એવી કોઈ ચેતનાની કલ્પના તો જરૂર કરે છે.

પાશ્ચાત્ય જગતનો પ્રથમ દાર્શનિક પ્લેટો કહે છે કે સંસારના તમામ પદાર્થો દ્વંદ્વાત્મક છે. એટલે જીવનની પછી મૃત્યુ અને મૃત્યુની પછી જીવન અનિવાર્ય છે. (જુઓ પાશ્ચાત્ય દર્શનોને ઈતિહાસ)

આ જ રીતે 'સુકારાત' 'અરસ્તૂ' આદિ દાર્શનિક વિદ્વાનોની નિષ્ઠા પણ પુનર્જન્મના સિદ્ધાંતમાં રહેલી જાણવા મળે છે.

આ તો દાર્શનિકોની દુનિયાની વાત થઈ. હવે વૈજ્ઞાનિકોની દુનિયામાં નજર નાંખીએ.

(૧) આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહે છે કે, "હું જાણું છું કે સમગ્ર પ્રકૃતિમાં ચેતના-તત્ત્વ કામ કરી રહ્યું છે."

(૨) સર એ. એસ. એડિંગ્ટન કહે છે કે, "કોઈ અજ્ઞાત શક્તિ કામ કરી રહી છે. આપણે જાણતા નથી કે તે શું છે ? હું ચૈતન્યને મુખ્ય માનું છું. અને ભૌતિક પદાર્થને ગૌણ માનું છું. જરીપુરાણો નાસ્તિકવાદ હવે ચાલ્યો ગયો છે. ધર્મ એ આત્મા અને મનનો વિષય છે અને તે કોઈપણ

★ I beleive that intelligence is manifested throughout all nature. – The Modern Review of Colcutta, July, 1936.

પ્રકારે દૂર કરી શકાય તેમ નથી."[૧]

(૩) "મિસ્ટિરિયસ યુનિવર્સ" નામના પુસ્તકમાં સર જેમ્સ જીન્સ કહે છે કે આજકાલ એ વાત સ્વીકારવાનો વિસ્તૃત માપદંડ પ્રસ્તુત થયો છે કે, "હવે જ્ઞાનની સરિતા અયાન્ત્રિક વાસ્તવિકતાની તરફ વહેવા લાગી ગઈ છે. યંત્ર કરતાં વિચારની અધિક સમીપમાં આજનું વિશ્વ જણાય છે. મને હવે એવી કોઈ ચીજ નથી જણાતી જે જડની દુનિયામાં ક્યાંકથી અકસ્માત્ ટપકી પડી હોય."[૨]

(૪) હર્બર્ટ સ્પેન્સર કહે છે કે "ગુરુ યા ધર્મગુરુ, ખૂબજ સારા પ્રાચીન કે અર્વાચીન દાર્શનિક, પશ્ચિમના હોય કે પૂર્વના-બધાએ એવો અનુભવ કર્યો છે કે તે અજ્ઞાત અથવા અજ્ઞેય તત્ત્વ પોતે જ છે."[૩]

(૫) "ધ ગ્રેટ ડિઝાઈન" નામના પુસ્તકમાં સર. જે. એમ. થોમસન કહે છે કે "સમગ્ર પ્રાણીસૃષ્ટિમાં એવી એક પ્રક્રિયા થઈ રહી છે કે જે મન સાથે કોઈ સંબંધ રાખે છે. નાનામાં નાના 'અમીબા'થી લઈને એક આન્તરિક અને વૈજ્ઞાનિક જીવનનું ઝરણું વહી રહ્યું છે. ક્યાંક એ સ્ત્રોત પાતળો છે તો ક્યાંક બળવાન. ભાવના, કલ્પના અને હેતુ એ બધી પ્રવૃત્તિઓ એની

૧. Something unknown is doing we do not know what ? I regard consciousness as fundamental. I regard matter as derivative from consciousness. The old atheism is gone. Religion belongs to the realm of the spirit and mind and cannot be shaken.

– The Modern Review of Colcutta, July, 1936.

૨. Today there is a wide measure of agreement that the stream of knowledge is heading towards a non-mechanical reality. The Universe begins to look more like a great thought then like a great machine. Mind no longer appears as an acidental itntruder into the realam of mother.

– Mvsterious Universe, P. 137

૩. The teachers and founders of the religion have all taught and many philosophers ancient and modern, western and eastern have perceived that this unkown and unknoable is our very self. – First Principles, 1900

અન્તર્ગત છે, અરે ! બેભાન અવસ્થા પણ એની અન્તર્ગત છે.''[૪]

(૬) જે.બી.એસ. હેલ્ડન કહે છે કે, ''સત્ય હકીકત તો એ છે કે વિશ્વનું મૌલિક તત્ત્વ જડ (Matter) નથી, જળ (Force) નથી, અથવા ભૌતિક પદાર્થ (Physical substance) નથી પરંતુ મન અને ચેતના જ છે.''[૫]

(૭) આર્થર એચ. કોમ્પ્ટન તો આત્માની નિત્યતા અંગે બહુ સ્પષ્ટ શબ્દમાં કહે છે કે, ''એક નિર્ણય કે જે એમ દેખાડે છે કે મૃત્યુ પછી પણ આત્મા જેવી વસ્તુ ઊભી રહે છે. જવાળા એ કાષ્ટથી ભિન્ન છે. કાષ્ટ તો થોડા સમય માટે એને પ્રગટ કરવા માટે ઈન્ધનનું કામ કરે છે.''[૬]

(૮) સર ઓલિવર લોજ કહે છે કે, ''એક એવો સમય અવશ્ય આવશે જ્યારે વિજ્ઞાન દ્વારા અજ્ઞાત વિષયનું અન્વેષણ થશે. આપણે જેવું માનીએ છીએ તેના કરતાં ઘણું અધિક તો વિશ્વનું આધ્યાત્મિક અસ્તિત્ત્વ છે. વસ્તુસ્થિતિ તો એ છે કે આપણે તે આધ્યાત્મિક જગતની મધ્યમાં છીએ, જે ભૌતિક જગતથી પર છે.''[૭]

૪. Through our the world of animal life, there are experessions of something akin to the mind in ourselves. There is from Amoeba unwards a stream of inner and subjective life. It may be only aslender rill, but somes it is a strong current. It includes feeling, imagining. Purposing. It includes unconscious. – The Great Design.

૫. The truth is that, not matter, not forces, not any physical thing but mind, personality is the central fact of the Universe. – The Modern Review of Calcutta, July, 1936

૬. A conclusion which suggests....the possibility of consciousness after death....the flame is distinct from the log of wood which serves it temporarily as fuel.

૭. The time will assuredly come when the avenuse use into unknown regiory will be explored by science. The Universe is more spiritual entity than we thought. The real fact is that we are in the midst of a spiritual world which dominates the material. – Sir Oliver Lodge.

(૯) વળી તેઓ એક જગ્યાએ કહે છે કે ''જેમ મનુષ્ય બે દિવસની વચ્ચે રહેલી રાત્રિમાં સ્વપ્ન જુએ છે તે જ રીતે મનુષ્યનો આત્મા મૃત્યુ અને પુનર્જન્મની વચ્ચે વિશ્વમાં અહીંતહીં વિહરે છે.''[૮]

આ વિધાન આત્માના અવિનાશી અસ્તિત્ત્વની કેટલી મહત્ત્વની વાત રજૂ કરે છે ? વૈાનિકો પણ આ રીતે પુનર્જન્મ માનતા થયા અને આત્મા જેવું એક નિત્યતત્ત્વ સ્વીકારવા લાગ્યા કે જે એક સમયમાં તદ્દન અસંભવિત બાબત હતી, જેનો બાઈબલ જેવા તેમના ધર્મગ્રંથમાં પણ સ્પષ્ટ નિષેધ કરવામાં આવ્યો છે ! જિનાગમની અંદર આત્માના અવિનાશી સ્વરૂપની વાત ખૂબ જ સ્પષ્ટ રીતે પહેલેથી કહેવાઈ ચૂકી છે. એ જ હકીકત તેના પ્રરૂપકોની સર્વજ્ઞતાને અકાટ્ય રીતે સિદ્ધ કરી આપે છે.

(૧૦) ''ધ ગ્રેટ ડિઝાઈન'' નામનું એક પુસ્તક છે, જેમાં દુનિયાના મહત્ત્વનાં ગણાતા વૈજ્ઞાનિકોએ પોતાના સામૂહિક અભિપ્રાયો આપ્યા છે. આ પુસ્તકમાં સ્પષ્ટરૂપે એ વિચાર રજૂ કરવામાં આવ્યો છે કે, ''આ વિશ્વ એમ ને એમ કાંઈ બની ગયું નથી. એની પાછળ કોઈ ચેતનાશક્તિ કામ કરી રહી છે.''

એક પુસ્તકમાં તો સ્પષ્ટ લખ્યું છે કે, ''આજે એ વાતનું મજબૂત પ્રમાણ મળે છે એવી પણ ઘટનાઓ આ વિશ્વમાં બને છે કે જે વિજ્ઞાનના નિયમોથી સમજી શકાતી નથી. ઘટનાઓ એક કઠિન શબ્દ દ્વારા સમજાવી શકાય છે. એ શબ્દ છે. 'સાઈકિકલ' (psychical), આ શબ્દનો વિકાસ એક ગ્રીક શબ્દમાંથી થયો છે, જેનો અર્થ છે આત્મા. આ ઘટનાઓનો સંબંધ આત્માની સાથે કલ્પી શકાય તેમ હતો, શરીરથી નહિ.''[૯]

૮. The soul of man paeses between death and rebirtn in this world, as he passes through dreems in the night between day and day. – Sir Oliver Lodge

૯. But today unanswerable proof exists that thiogs do happen which appear to be out side all known physical class. Such happenings are called by the rather difficult name of psychical which come from Greak word meaning the soul. Becuause such things were formerly supposed to have to do with the soul and not with the body.

(૧૧) પી. ગેડ્ડેસ કહે છે કે, "કેટલાંક એવા વિદ્વાનો છે કે તેમણે પોતાની માનવતા 'મીટીયોરાઈટ વેહીકલ થિયરી'માં જણાવી છે. તેમણે એવું સૂચવ્યું છે કે જીવન એટલું જ પુરાણું છે જેટલું જડ."[૧૦]

આવા તો બીજા અનેક વૈજ્ઞાનિકોના વિચારો અહીં રજૂ કરી શકાય તેમ છે.

આ બધાં પ્રમાણો ઉપરથી એ વાત હવે નિઃસંદેહ રીતે કહી શકાય છે કે ક્યાંક વિજ્ઞાન પોતાના વિકાસની સાથે સાથે આત્માવાદી થતું જાય છે. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે આત્માના વિચારના જે પાયા ઉપર આજ સુધી તત્ત્વજ્ઞાન ઊભું રહેલું હતું, તે જ પાયા ઉપર હવે વિજ્ઞાન રહેવા લાગ્યું છે અને વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો આત્માના વિષયમાં આ રીતે સુમેળ સધાતો જાય એ સાચે જ ખૂબ આનંદની બીના છે.

વિજ્ઞાન પ્રતિ જનસમાજનો આદર વધતો જાય છે અને આ તત્ત્વજ્ઞાન પ્રત્યે વધુને વધુ ઔદાસીન્ય આવતું જાય છે, પણ જો આ રીતે વિજ્ઞાન સ્વયં જનસમાજને વશ કરીને તત્ત્વજ્ઞાનના જ ક્ષેત્રમાં તાણી જાય તો જનસમાજમાં ફરી કદાચ ધર્મના પાયા ઉપર આર્યસંસ્કૃતિનું નવનિર્માણ થવાની શક્યતા વધતી જાય. (બેશક આ તરંગી કલ્પના છે. વસ્તુતઃ કોઈ પણ રીતે એને બિરદાવી શકાય તેમ નથી.)

આ રીતે વિજ્ઞાને આત્માનું જે અસ્તિત્ત્વ અંતે સ્વીકાર્યું તેને જૈન દર્શનકારોએ તો પરિપૂર્ણ સત્ય સ્વરૂપમાં પહેલેથી જ સ્વીકાર્યું છે. આ વાત જાણીને ખૂબ જ આશ્ચર્ય થાય છે કે જેને વૈજ્ઞાનિકો ઘણાં પ્રયત્ને પામે છે તેને જૈનાગમમાં ઠેર ઠેર રજૂ કરવામાં આવે છે. સાચે જ એવાં વિજ્ઞાનો કરનાર ભગવાન જિન સર્વજ્ઞ જ હતા. કોઈપણ પ્રયોગ વિના, કોઈપણ સંશોધન વિના કોઈ દૂરવિક્ષક યંત્ર વગેરે રાખ્યા વિના જેઓ આજના વૈજ્ઞાનિકોની વાતોને અગણિત

૧૦. Some authorities who have found satisfaction in the Meteorite Vehicle Theory have also suggested that life is as old as matter. – Evolution P. 70

વર્ષોથી એક અવાજે એકસરખી રીતે કહેતા આવ્યા તે બધાયને એવું કોઈ વિશિષ્ટ જ્ઞાન અવશ્ય પ્રાપ્ત થયું હોવું જોઈએ જેના બળે જ આવા અતીન્દ્રિય પદાર્થ સંબંધમાં સ્પષ્ટ સત્ય જણાવી શક્યા હતા.

આત્મા જેવી કોઈ ચેતાનત્મક વસ્તુ છે તે વાત વૈજ્ઞાનિકો પણ માને છે એટલું હજી તો જાણ્યું, પરંતુ વશીકરણવિદ્યાથી, જાતિસ્મરણોથી, પ્રેતોના આગમનથી, પ્લાન્ચેટ વગેરે સાધનોથી પણ આત્માનું અસ્તિત્ત્વ, પુનર્જન્મ અને પૂર્વજન્મ વગેરે સિદ્ધ થઈ ચૂક્યા છે.

●

૬. વશીકરણવિદ્યાથી આત્મસિદ્ધિ : પુનર્જન્મવાદ

જૈનદર્શનમાં આત્માના અસ્તિત્ત્વ અંગે શંકાને કોઈ સ્થાન જોવા મળતું નથી. સમગ્ર સચરાચર જગતની સમ-વિષમ તમામ અવસ્થાઓ ત્યારે જ ઘટમાન બની શકે, જ્યારે આત્મા જેવી એક વસ્તુ માનવામાં આવે, તેને નિત્ય માનવામાં આવે, કર્મનો કર્તા અને ભોક્તા માનવામાં આવે, એ કર્મનો સંપૂર્ણ વિનાશ માનવામાં આવે, અને સર્વ કર્મમુક્ત બનવા માટેના ઉપાયોનું અસ્તિત્ત્વ પણ માનવામાં આવે. શ્રી વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ પોતાના જ્ઞાનમાં આત્માનું આવું બે બાજુઓવાળું સ્વરૂપ જોયું અને જગતની સમક્ષ એ સ્વરૂપ જણાવ્યું.

આમ જ્યારે આત્મા નિત્ય છે, ત્યારે પૂર્વજન્મ અને પુનર્જન્મની વાતો પણ જૈનદર્શનોમાં બહુ જ સહજ રીતે ઠેર ઠેર વેરાયેલી જોવા મળે જ.

અને તેથી જ વર્તમાન જન્મમાં સુંદર એવું ધર્માચરણ પણ જરૂરી બની જ જાય. કેમકે તેના વિના પુનર્જન્મ પામ્યા પછી જીવાત્મા પોતે સુખદ જીવનનું ઐશ્વર્ય પામી શકે નહિ.

આમ આત્મા અંગેનું વિશદ સ્વરૂપદર્શન જૈનદર્શનમાં જોવા મળે છે તેથી જ દરેક જૈન આ વિષયમાં કોઈ શંકા કરતો નથી અને શક્ય એટલું જ સદાચારપરાયણ જીવન જીવવાની કોશિશ પણ કરતો રહે છે.

પણ આ હકીકત જગતના ઘણાં મોટા વિસ્તારમાં ખૂબજ ચર્ચાસ્પદ બનેલી છે. બુદ્ધિજીવી વર્ગ આત્માના સ્વરૂપમાં જાત જાતની શંકા-કુશંકાઓ કરતો રહે છે. એક નાનકડો વૈજ્ઞાનિક વર્ગ એના અંગે તરેહ તરેહના ઊહાપોહ કરે છે, વૈજ્ઞાનિક પદ્ધતિથી આત્માના સત્ય સ્વરૂપનું અન્વેષણ કરવા કટિબદ્ધ પણ બનેલો છે.

ફીનિક્સ (એરીઝોના)ની એક ખાણના માલિક જેમ્સ કીડની કે જેઓ ૧૯૫૧માં મૃત્યુ પામ્યા છે, તેમણે પોતાના મૃત્યુ પૂર્વ એક વીલ કર્યું

તેમાં તેમણે જણાવ્યું છે કે, "મૃત્યુ સમયે માનવશરીરમાંથી આત્મા નીકળી જાય છે એ વાતનો-આત્માના સ્વતંત્ર અસ્તિત્ત્વની વાતનો-જે કોઈ વૈજ્ઞાનિક પુરાવો આપે તેને બે લાખ ડોલર ઈનામ આપવું."

અમેરિકાની આઠ સંસ્થાઓએ આ ઈનામ માટે પોતાની ઉમેદવારી નોંધાવી છે. એરીઝોના રાજ્યની સર્વોચ્ચ કોર્ટમાં ૧૯૬૭નાં માર્ચ માસની છઠ્ઠી તારીખથી ૧૮ દિવસની સુનાવણી થનાર છે તે વખતે આઠ સંસ્થાઓ આત્માના સ્વતંત્ર અસ્તિત્ત્વ સંબંધમાં પોતાના પુરાવાઓ રજૂ કરશે અને તે ઈનામ માટેનો પોતાનો હક્ક દાખલ કરશે.

આ વીલના રક્ષક વકીલોનું કહેવું છે કે જો કોઈ સાચો વૈજ્ઞાનિક પુરાવો રજૂ નહિ કરાય તો માનવીના આત્માનું અસ્તિત્ત્વ પુરવાર કરવાનો ઈરાદો ધરાવતી કોઈપણ સંશોધન-સંસ્થાને તે રકમ આપી દેવામાં આવશે.

ભારતમાં ડો. બેનરજી આત્માના પૂર્વજન્મ અંગેનું સત્ય તપાસવા આકાશ પાતાળ એક કરવા લાગ્યા છે. વિશ્વભરમાંથી પૂર્વજન્મની સ્મૃતિ પ્રાપ્ત કરતા લગભગ ૫૦૦ કિસ્સાઓ તેમણે ભેગા કર્યા છે. દિવસે દિવસે તેઓ પૂર્વજન્મના અસ્તિત્ત્વની સત્ય હકીકતની વધુ ને વધુ નજદીક આવતા જાય છે.

આવું આવું તો ઘણું આજે સંશોધન થઈ રહ્યું છે. કેવી નવાઈની વાત છે કે જૈનદર્શનને પામેલા સંસ્કારી માતાપિતાના એક બાળકની ગળથૂંથીમાં જે વાત વણાઈ ગયેલી છે એને પામવા માટે આજના બુદ્ધિમાન માનવોને ભેજા કસવા પડે છે. ખેર... અંતે પણ તેઓ આત્માને સ્વીકારે છે, જે એની અવિનાશિતાને કબૂલે છે એજ મોટા આનંદની બીના છે.

આજે જુદા જુદા ઘણાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી આત્માનાં સત્યો હાથ લાગ્યાં છે. અનેક વૈજ્ઞાનિકોએ નિત્યાત્માનું અસ્તિત્ત્વ કબૂલ્યું છે. આપણે અહીં એમાંના એક સત્યાન્વેષીની આત્માના પૂર્વજન્મ અંગેની કબૂલાત વિચારશું. આ ભાઈએ વશીકરણ (Hypnotism)ના પ્રયોગો દ્વારા પૂર્વજન્મની સિદ્ધિ કરી છે. એણે ૧૩૮૩ પ્રયોગો કર્યા છે, અને છેલ્લામાં

છેલ્લા ગણાતા છઠ્ઠા નંબરના સૌથી ઊંડા વશીકરણથી (deepest hypnotism) એ આત્માઓ પાસે તેમના પોતાના પૂર્વજન્મોની સ્મૃતિ કરાવી છે. એમનું નામ છે એલેકઝાન્ડર કેનન. એમણે 'ધ પાવર વિધીન' નામનું અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું છે. આ પુસ્તકના સોળમાં પ્રકરણમાં પુનર્જન્મની વશીકરણવિદ્યાથી સિદ્ધિ કરતી માહિતીઓ આપી છે. તેમણે ત્યાં બહુ સ્પષ્ટ શબ્દમાં કહ્યું છે કે, "એક સમય એવો હતો, જ્યારે ઘણાં વર્ષો સુધી પુનર્જન્મનો સિદ્ધાંત મારા માટે એક ભયંકર સ્વપ્ન સમો હતો. તે વખતે હું આ સિદ્ધાંતને તોડી પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેતો. હું તો વશીકરણવિદ્યાનો નિષ્ણાત (hypnotist) હતો એટલે અવારનવાર અનેક વ્યક્તિઓ ઉપર વશીકરણવિદ્યાના પ્રયોગો કરતો અને તેઓને ઘણી ઘણી વાતો પૂછતો.

જ્યારે જ્યારે પણ તેમાંનું કોઈપણ મને પુનર્જન્મના અસ્તિત્ત્વની વાત કરતું ત્યારે હું સખત રીતે તેમની વાતોને વખોડી નાંખતો, પણ અફસોસ ! જ્યારે ઘણાં બધાએ એ જ વાતનું પુનરુચ્ચારણ કર્યું ત્યારે તો મારે પણ માનવું જ પડ્યું કે પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ જરૂર અસ્તિત્ત્વ ધરાવે છે.★

વશીકરણનો પ્રયોગ કરવા દ્વારા એક આત્મા પોતાની જાતને પૂર્વજન્મમાં વિદ્યમાન માને અને જાણે કે એ જ જન્મની અવસ્થાઓને વર્તમાનકાળમાં અનુભવતો હોય એ રીતે જ એનું વર્ણન કરવા લાગે એ બધું આપણને આશ્ચર્યમુગ્ધ કરી દે તેવું જરૂર છે, પરંતુ આ તો વૈજ્ઞાનિકોની દુનિયાની વાત છે. આજનું બાળક, આધુનિક જગતનો એક યુવાન કોલેજિયન કે કોઈ પ્રૌઢ માનવ આ વાતની સામે બંડ પુકારવા સદા

★ For years the theory of reincarnation was a nightmare to me and I did my best to disprove it and even argued with my trance subjects to the effect that they were talking nonsence, and yet as the years went by, one subject after another told me the same story in spite of different and varied conscious beliefs, in effect untill now well over a thousand cases have been so investigated and I have to admit that there is such a thing as reincarnation. - The power within p. 170.

લાચાર હોય છે. કેમકે એને આજના વૈજ્ઞાનિકના જાતપ્રયોગો ઉપર પરિપૂર્ણ વિશ્વાસ હોય છે. આ વસ્તુસ્થિતિ છે માટે જ અહીં આત્માના પૂર્વજન્મની વાતોને વશીકરણવિદ્યાના પ્રયોગથી જે રીતે સિદ્ધ કરી દેવામાં આવી છે તેજ હકીકત આપણે વિચારીશું.

જેમણે આ પ્રયોગો કર્યા છે તેઓ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે વર્તમાનકાળમાં જીવન જીવતો કોઈપણ માનવ પોતાના આ જીવનમાં જે કાંઈ સુખ કે દુઃખનો અનુભવ કરે છે તેનાં કારણો હકીકતમાં તો તેના પૂર્વજન્મોમાં જ પડેલાં હોય છે. વશીકરણ-વિદ્યાસાધકો કહે છે કે, "પૂર્વના દેશોના ચિંતકો 'કર્મ' જેવી વસ્તુને માનીને જન્માંતરના કારણો અને વર્તમાન જન્મનાં સુખદુઃખાદિ કાર્યો વચ્ચેની ખૂટતી કડી જોડી આપે છે. ઘણાં માણસો પોતાના જીવનમાં ઉપરાઉપરી ત્રાટકતી આપત્તિઓનાં કારણ પિછાણી શકતા નથી, પરંતુ પૂર્વજન્મનો સિદ્ધાંત એ કારણો શોધી આપે છે. શું સુખ કે શું દુઃખ -બે ય કાર્યોના કારણો અવશ્ય છે. આ જન્મમાં નહિ તો જન્માંતરમાં."• વશીકરણવિદ્યાથી તો સામાન્યતઃ વર્તમાનજીવનના જ ભૂતકાળની સ્મૃતિઓ તાજી કરવાનો પ્રયત્ન આજ સુધી કરવામાં આવતો હતો, પરંતુ હવે તો ગર્ભાવસ્થાના અનુભવો અને એની પૂર્વના જન્મોના અનુભવોનું પણ સ્મરણ કરાવવામાં આવે છે.

વર્તમાનજીવનના જન્મના જેટલાં વર્ષ પૂર્વની વાત પૂછવામાં આવે, બરોબર તેટલાં વર્ષ પૂર્વની અનુભૂતિને તે વ્યક્તિ બહુ સ્પષ્ટ શબ્દોમાં રજૂ કરે છે. આમ સો બસો કે ત્રણસો વર્ષ પૂર્વની વાત કે હજારો વર્ષ પૂર્વની વાત પણ પૂછવામાં આવે તો તે પણ બહુ સ્પષ્ટ ભાષામાં જાણે કે તે વખતે

• This study explains the scales of justice in a very broad way showing how a person appears to suffer in this life as a result of something he has done in a past life, through this law of action and reaction known in the East as 'Karma.' Many a person cannot see why he suffers one disaster after another in this life, yet reincarnation may reveal atrocities committed by him in lives gone by others, no matter what they seem to do. 'Fall on their feet' as it were, and May it not be the reward for services rendered in lives gone by ? – The power within, P. 170

તે જીવનની જ અનુભૂતિ થઈ રહી હોય તેવી રીતે રજૂઆત કરી શકે છે.

આ વિદ્યાના નિષ્ણાતો એમ માને છે કે આ રીતે પૂર્વજન્મ જેવી વાત સિદ્ધ થાય છે માટે તો વર્તમાન જીવનના અનેક ગૂંચવણભર્યા પ્રશ્નોનો ઉકેલ લાવી શકાય છે. એવા અનેક માનવો છે, જેઓ જાતજાતના ભયોથી સદા પીડાતા હોય છે. આવા માણસો એ ભય વગેરેની ગ્રંથિની પીડાનાં કારણો ઉકેલી શકતા નથી કેમકે તેમને તેમના વર્તમાન જીવનમાં તેનાં કારણો મળતાં જ નથી, પણ જો વશીકરણવિદ્યાનો આશ્રય લેવામાં આવે અને છઠ્ઠા નંબરનું સૌથી વધુ ઊંડું વશીકરણ તેમની ઉપર થાય તો તેમના પૂર્વ-જન્મોની સ્મૃતિઓ ખડી થાય અને તેમાંથી વર્તમાનકાળની ભય-ગ્રંથિની પીડાનાં કારણો પકડી શકાય. આજનો બુદ્ધિવાદી માનવ માને કે ન માને પણ આ સિદ્ધાંત ઉપર એ લોકોએ અનેક માનવોને ભયાદિની ગ્રન્થિથી મુક્ત કર્યા છે અને એમને સુખી કર્યા છે.

અહીં તો આપણે બે જ દાખલા વિચારશું :

એક માણસ હતો. તે કોઈ દિવસ 'લિફ્ટ'માં ઊતરતો નહિ, કેમકે તેને પડી જવાનો ખૂબ ભય હતો. એક વખત એક હીપ્નોટિસ્ટની પાસે ગયો. પોતાની સઘળી વાત કરી. તપાસ કરતાં આ જીવનમાં તો તેવા ભયનું કોઈ કારણ ન જણાયું, તરત તેને સુવડાવી દેવામાં આવ્યો. અને ઊંડુ વશીકરણ (deepest hypnotism) કરવામાં આવ્યું. અને તે વખતે માણસે પોતાને 'ચાઈનીઝા જનરલ' તરીકે ઓળખાવ્યો અને તેણે કહ્યું 'હું ખૂબ ઊંચા મકાન ઉપરથી અકસ્માત પડી ગયો અને મારી ખોપરી ફાટી ગઈ. મારું મૃત્યું થયું.' ત્યારબાદ તેને ટેબલ ઉપરથી ઉઠાડી મૂકવામાં આવ્યો, અને હીપ્નોટિસ્ટે તેને બધી વાત જણાવતાં કહ્યું કે, "જે અકસ્માત થયો તે વખતે તમારા મગજમાં ઉપરથી નીચે પડવાના ભયની લાગણીઓ સર્વત્ર પ્રસરી ગઈ. એ સંસ્કારો આજે પણ 'લિફ્ટ' માં નીચે ઊતરતા જાગૃત થઈ જાય છે.

આવો જ એક બીજો હિસ્સો બન્યો છે. એક બાઈ હતી. તે પાણીથી ખૂબ ગભરાતી હતી. કદી પણ નદી, તળાવ, સમુદ્ર વગેરે પાસે જતી નહિ. આ બાઈ પણ એક હીપ્નોટિસ્ટની પાસે ગઈ. પોતાની ભયગ્રન્થિની

વાત કરી. વર્તમાનજીવનમાં આવા ભયનું કોઈ કારણ ન મળતાં તેની ઉપર પણ પૂર્વજન્મોની સ્મૃતિ તાજી કરતું ઊંડુ હીપ્નોટિઝમ લાગુ કરવામાં આવ્યું. એ વાત જાણીને આશ્ચર્ય થશે કે એ પ્રયોગથી એનો એક એવો પૂર્વજન્મ પકડાયો. જેમાં તે સ્ત્રીનો આત્મા રોમ દેશમાં પુરુષ ગુલામ તરીકે હતો. (આ ઉપરથી જૈનદર્શનની એ વાત સિદ્ધ થાય છે કે પુરુષ મરીને સ્ત્રી થઈ શકે છે, સ્ત્રી મરીને પુરુષ થઈ શકે છે.) ત્યાં તેનાં કોઈ અપરાધને કારણે તેને પગે સાંકળો બાંધીને પાણીમાં ઉતારીને ગૂંગળાવીને મારી નાંખવામાં આવ્યો હતો. આ ઉપરથી હીપ્નોટીસ્ટે એવું તારણ કાઢ્યું કે એ ગૂંગળામણ વખતે પાણીના ભયના જે સંસ્કાર આત્મામાં જામ થઈ ગયા હતા તે અત્યારના તેના સ્ત્રીજીવનમાં જાગૃત થઈને તેને પાણીથી ડર પેદા કરાવી રહ્યા છે.

આ રીતે પૂર્વજન્મની સ્મૃતિઓ કરાવીને વર્તમાનજીવનની અનેક સમસ્યાઓ ઉકેલવાનું કામ આજના હીપ્નોટિસ્ટ-વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. ખેર...આ ઉપરથી પૂર્વજન્મ અને પુનર્જન્મની અકાટ્ય સિદ્ધિ થઈ જાય છે એ જ નિત્યાત્મવાદી જૈનદાર્શનિકો માટે ખૂબ જ ગૌરવભરી બીના છે. જે વાત જૈનદાર્શનિકોએ ઠેર ઠેર કહી છે. એ પૂર્વજન્માદિની વાત ઉપર આજ સુધી કદી પણ ઊહાપોહ થયો નથી તેવો ઊહાપોહ હવે થઈ રહ્યો છે. દરેક બુદ્ધિમાન માનવ આ વિષયમાં માથું મારવા તત્પર બને છે.

'આત્મા છે કે નહિ ? આ જીવન પછી બીજું છે કે નહિ ? અહીં જ સર્વથા વિનાશ થઈ જાય છે ? જો તેમ ન થતું હોય તો મૃત્યુ પછી શું થાય છે.'★ વગેરે વગેરે પ્રશ્નો આજે તો ચારે બાજુ જોરશોરથી ઉઠી રહ્યા છે, અને એ તો અપૂર્વ આનંદની બીના છે કે આ પ્રશ્નોનો જે કાંઈ ઉત્તર પ્રાપ્ત થઈ રહ્યો છે તે જૈનદાર્શનિકોનાં વિધાનોને લગભગ સંપૂર્ણ મળતો આવે છે. એ વખતે અંતર પુકાર કરી ઉઠે છે કે કોઈપણ જાતના પ્રયોગો વિના

★ To turn, for the moment, to a wider aspect of reincarnation, when we die, are we extinct ? What happens after death ? These are great questions, and to-day they are engaging the attention of men as never before in the history of world. - The power within - P. 171

એ ભગવંતોએ આત્માની પૂર્વજન્મ વગેરે વાતોને શી રીતે કહી હશે ? જરૂર તેઓ સર્વજ્ઞ જ હોવા જોઈએ. સિવાય તો આ ગૂઢાતિગૂઢ રહસ્યમયી વાતોને વાર્તાની જેમ સહજભાવે તેઓ કહી શકે જ નહિ. અસ્તુ.

જેમની જેમની ઉપર ઊંડા વશીકરણ કરવામાં આવ્યાં છે એવા અગણિત આત્માઓને આત્માની નિત્યતાની સત્યતા માટે જ્યારે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે એમણે બધાએ બહુ સાફ શબ્દમાં એ વાત કહી છે કે, "અમે મરતા જ નથી, અમે તો શાશ્વતકાળ સુધી રહીએ છીએ. તમારી મોટી દુનિયાને શબ્દોથી એ ઘણી મહાન સાચી વાત અમે કહેવા માંગીએ છીએ કે આત્મા અમર છે.•

તમે અમને પૂછશો છે કે આ અમરત્વ એ શું વસ્તુ છે ? તો અમે તમને કહીશું કે અમરત્વ એટલે મર્યાદાનું મૃત્યુ. તમે મૃત્યુ દ્વારા આત્માના જીવનની જે મર્યાદા આંકી છે એ મર્યાદાવિહીન અવસ્થા એ જ આત્માનું અમરત્વ છે. ટૂંકમાં અમારે એ જ કહેવું છે કે આત્માના મૃત્યુ જેવી કોઈ વસ્તુ જ નથી.★

વશીકૃત તથા અગણિત આત્માઓએ આત્માની અમરતાનાં આવાં ગાન ગાયાં છે. યાદ રાખજો કે આ છે આજના વૈજ્ઞાનિકોના સંશોધનોથી નિષ્પન્ન થયેલા વિધાનો. આજનું જગત એની સામે બળવો ઉઠાવી શકતું નથી. એથી જ શાસ્ત્રોક્ત એ વાતોને અહીં રજૂ કરવાને બદલે વશીકરણવિદ્યાની વાતો રજૂ કરવાનું મુનાસિબ માન્યું છે.

આ ક્ષેત્રમાં આગળ વધેલા સમર્થ હીપ્નોટિસ્ટોનાં જે વિધાનો વાંચવા મળે છે એ જાણે કે હૂબહૂ શાસ્ત્રવચન હોય એવાં જ જણાતાં હોય છે. એથી જ એ વિધાનો નજરે ચડતાં અંતર ઝૂકી જાય છે એ વીતરાગ સર્વજ્ઞ

• We do not die ! We live on through the ages into eternity. The voice is the instrument where by we, The Greater Worlds, can make known unto you the great Truths of Eternity in language form. P. 174.

★ What is Eternity ? Immediately the answer comes : Ezternity means the cessation of limitation.

– The P.W. P.174

ભગવંતોને ! એમની અપ્રતિહત સર્વજ્ઞત્વની અખંડિત પ્રતિમાને !

જૈનદર્શન એમ માને છે પ્રાણીમાત્રે કોઈપણ અશુભ વિચાર ન કરવો જોઈએ અને સદા શુભ વિચારોમાં રમમાણ બનવું જોઈએ. એની પાછળનો હેતુ જણાવતાં તેઓ કહે છે કે, "કોઈપણ વિચાર અંતે તો આત્માનો સંસ્કાર બને છે. અને જો એ અશુભ સંસ્કાર છે તો તે પુનઃપુનઃ જાગૃત થતો રહીને આત્મામાં અઢળક વિકારો ઉત્પન્ન કરતો, પ્રકાશપુંજ આત્મામાં અનંત અંધકાર ફેલાવી મૂકે છે. આથી ઊલટું જ, શુભ વિચારના સુંદર સંસ્કારમાં બને છે, એટલે જ મનુષ્યે વિચાર કરવામાં ખૂબ જ કાળજી રાખવી જોઈએ. અશુભ વિચાર જો ભયંકર ગણાતો હોય તો તેનાથી નિષ્પન્ન થતી અશુભ સંસ્કારોની વિરાટ પરંપરાને કારણે જ (આ હકીકતને અનુલક્ષીને) વિચારથી થતાં કર્મોનાં બંધ કરતાં સંસ્કારોના અનુબંધનું મહત્ત્વ વધુ આંકવામાં આવ્યું છે અને તેથી જ માનવજીવનના પરમ કર્તવ્ય તરીકે જન્માંતરોમાં નિષ્પન્ન કરેલા અશુભ કર્મોનાં અનુબંધોને તોડી નાંખવાનું શ્રીઉપદેશપદમાં જણાવવામાં આવ્યું છે.

આ જ વાતને આધુનિક વિજ્ઞાનના પુસ્તકર્તાઓ હીપ્નોટિઝમની વિદ્યા દ્વારા પુષ્ટિ આપે છે. તેઓ કહે છે કે સામાન્ય રીતે તો માણસનાં બે મન મહત્ત્વનાં છે : જાગ્રત (Conscious) મને અને આંતર (Sub-conscious)- મન. જાગ્રતમનમાં જે કોઈ વિચાર આવે છે તે થોડો સમય ત્યાં રહીને પછી આંતરમનમાં ચાલ્યો જાય છે. આ વિચાર ત્યાં જઈને સર્વવ્યાપી બની જાય છે. પછી જ્યારે જ્યારે તેને તક મળે છે ત્યારે ત્યારે તે વ્યાપી ગયેલો વિચાર જાગ્રતમનમાં આવી જાય છે અને પોતાનું કાર્ય કરતો રહે છે. આ વસ્તુસ્થિત છે માટે માનવે કોઈપણ અશુભ વિચાર ન થઈ જાય તેની ખૂબ કાળજી કરવી જોઈએ. હા, જાગ્રતમનનો ઉત્તેજિત વિચાર હજી ભયાનક નથી, પરંતુ પછી આંતરમનમાં એ સર્વ વ્યાપી જાય છે, ત્યાં સ્થિર થઈ જાય છે, અને તેથી ફરી ફરી તેના માઠાં ફળો જોવાનું દુર્ભાગ્ય અવસરે સાંપડ્યા કરે છે એ બધું તો ખૂબજ દુઃખદ છે. આ

જ વાતને તેઓ એક ખુબ સુંદર દૃષ્ટાંત આપીને સમજાવે છે.

"એક કાચનો ગ્લાસ લો. તેનો પોણો ભાગ પાણીથી ભરી દો. પછી તેમાં ખિસ્સાનો એક રૂમાલ એવી રીતે નાંખો કે અડધો રૂમાલ ગ્લાસના પાણીમાં પડીને ભીંજાઈ જાય, અને બાકીનો અડધો રૂમાલ પાણીની બહારના ગ્લાસની ધાર ઉપર રહે. હવે એ પાણીની બહાર રહેલા સૂકા રૂમાલ ઉપર સાકરનો એક ગાંગડો મૂકો, શું આ સાકરનો કટકો ઓગળશે ખરો ? ના, નહિજ. સારું. હવે એ સૂકો રૂમાલ પેલા સાકરના કટકા સાથે જ ગ્લાસના પાણીમાં સરકાવી દો. થોડીવારમાં જ આપણને જોવા મળશે કે પેલો સાકરનો કટકો ઓગળી ગયો છે, અને એની મીઠાશ પાણીના પ્રત્યેક ટીપાં સુધી અને રૂમાલના દરેક તંતુ સુધી વ્યાપી ગઈ છે.

"હવે આપણે મૂળ વાત ઉપર આવીએ. અહીં જે સૂકો રૂમાલ છે તે જાગ્રતમન છે, અને જે ભીનો થયેલો રૂમાલ છે તે અર્ધજાગ્રત મન છે. જે સાકરનો કટકો છે તે વિચાર છે. જ્યાં સુધી વિચાર જાગ્રતમનમાં છે ત્યાં સુધી તે પેલા સાકરના કટકા જેવો છે કે જે ઓગળીને ક્યાંય ફેલાતો નથી. પણ જ્યારે એ વિચારરૂપી સાકરનો કટકો આંતરમનમાં ચાલી ગયો ત્યારે ત્યાં એ સર્વત્ર વ્યાપી ગયો. એટલે વિચાર ક્યારેય મરી જતો નથી પણ ઊલટો એ તો આંતરમનમાં સર્વત્ર વ્યાપીને લાંબુ જીવન જીવતો હોય છે. જો આ જ વસ્તુસ્થિતિ છે તો કોઈપણ પ્રાણી ક્યારેય મરી શકતું નથી. ઊલટું, પેલા વ્યાપ્ત વિચાર (કે જેને જૈન-પરિભાષામાં સંસ્કાર કહેવામાં આવે છે) તેને પોતાની સાથે રાખીને એ ક્યાંક આગળ વધે છે, માટે અદ્યતન જગતના બુદ્ધિવાદી માનવીએ મૃત્યુ જેવી કોઈ વસ્તુ માનવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દેવો જોઈએ કેમકે આત્મા અમર છે. અઢળક સંસ્કારોનો એ ખજાનો છે.'★

★ You will never be able to say again that a man can die. Indeed, there is not, and cannot be, any room in the Universe for such an idea as death.

– The P.W.176

'ધ પાવર વિધીન' નામના પુસ્તકના લેખક એલેકઝાંડર કેનન, કે જેઓ સમગ્ર વિશ્વના ખૂણે ખૂણાને અડી આવ્યા છે તેઓ આ પુસ્તક લખતાં કહે છે કે, "મારી બધી વાતોનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાર હોય તો એટલો જ છે કે, આત્માનું મૃત્યુ હોઈ શકતું જ નથી." અહો ! આ વાત જો જગત સમજી જાય તો સમગ્ર વિશ્વ ઉપર ચમત્કારિક પરિવર્તન આવી જાય. લેખક કહે છે કે, "પછી તો કોઈ કોઈનું ખૂન નહિ કરે, દુઃખનો માર્યો કોઈ જીવ આત્મહત્યા નહિ કરે"• કેમકે આત્મહત્યા કરવા ઈચ્છતો માણસ પછી સમજી શકે કે, આત્મહત્યા કરી લેવાથી જેટલાં દુઃખોનો અંત આવશે તેનાથી ઘણાં વધુ દુઃખોનાં ધાડાં ફરી તૂટી પડશે કેમકે હું અમર છું ! મારે અહીંથી પણ ક્યાંક જવાનું છે.

લેખક કહે છે કે, "આજના ન્યાયાલયો શું ખરેખર ન્યાય કરે છે ? ના. એક ખૂનીના ખૂનના બદલામાં ન્યાયાધીશ વધુમાં વધુ તો ફાંસીની સજા ફટકારશે ને ? પણ તેથી શું થયું ? ખૂની માણસના ખૂનનો જે વિચાર ખૂન કરાવી ગયો તે વિચારને આત્મામાં સંસ્કાર રૂપે આપી જતો કોઈ રોકી શક્યું ? એ સંસ્કારને કોઈએ દૂર કરી દીધા ? જો એ સંસ્કાર દૂર ન થાય તો ખૂનીનો આત્મા તો મૃત્યુ પામતો જ નથી એટલે પુનઃ એ સંસ્કારો એની પાસે અનેક વ્યક્તિઓના ખૂન કરાવતા જ રહેશે ! તો પછી આ ન્યાયાધીશે તો ન્યાય કર્યો કે અન્યાય ? ફરી ફરીને ખૂનો કરતા રહેવાની તકને જીવતી રાખીને ખૂનીને ફાંસીના માંચડે ચડાવી દેવો અને તેથી અનેક બીજા ખૂનો થવા દેવાં એ માનવજાત સામે ભયંકર અન્યાય નથી શું ? હવે તો એવાં ન્યાયાલયોની જરૂર છે કે જ્યાં ખૂનીને ફાંસીએ ચઢાવવાને બદલે એના આંતરમનમાં વ્યાપી ગયેલા સંસ્કારોને ફાંસી દેવામાં આવે. આ કામ તો ધર્મગુરુઓ-માનસશાસ્ત્રીઓ જ કરી શકશે."★

• There is no death ! That is supreme message which this chapter has for you ! What a profound change would come over the whole world if that lesson were well and truly Iearned ! Suicide and murder would cease.

★ What a leason the would-be suicide can learn from the fact that we do not, cannot die ! He would then know that

આ વૈજ્ઞાનિકોએ વશીકરણવિદ્યાથી પૂર્વજન્મની સિદ્ધિ કરી આત્માનું અમરત્વ જાહેર કર્યું અને વિચારો તથા સંસ્કારોના બળનું કાર્યક્ષેત્ર આપણી સમક્ષ રજૂ કર્યું. જે વાતો સૈદ્ધાંતિક સ્વરૂપમાં આપણા માટે બે અને ચાર જેટલી જ સાદી અને સીધી જણાઈ છે તે વાતો આજના વિશ્વ માટે 'વહેમ', 'જૂઠ', 'ધર્માન્ધતા' વગેરે નામોથી ખતવાતી હતી. આજે પણ હજી તેવું ઘણું બધું જોવા - સાંભળવા મળે છે, પણ હવે એ દુનિયાની સાહસિક વિચારસરણીમાં જબ્બર કડાકો થયો છે. જો આ રીતે સાચે જ વિજ્ઞાનની દુનિયામાં સત્યની ખોજ ચાલુ જ રહે તો એમ કહી દેવામાં સાહસ નહિ ગણાય કે એક વખત સત્યમય જૈનદર્શનને તમામ વૈજ્ઞાનિકો અંતરથી ઝૂકી પડશે, અને હાથ ઊંચા કરીને જોરશોરથી પુકાર કરશે કે, ''આ જૈનદર્શનના પ્રણેતા સર્વજ્ઞ હતા, સર્વજ્ઞ જ હતા, નિઃસંદેહ સર્વજ્ઞ હતા !''

એકજ વિષયના મૂળ સુધી પહોંચી જવાનો નિષ્પક્ષ પ્રયત્ન શું કામ કરે છે તે આજે આપણને અનેક ઠેકાણે જોવા મળે છે, વશીકરણવિદ્યાથી પૂર્વજન્મની સ્મૃતિઓને તાજી કરાવવી અને એ વિષયમાં અનેક શંકા-

---

suicide, so far from ending his miseries, would plunge him into a dilemma ten thousand times worse than the one from which he seeks to escape-a dilemma from which escape be ten thousand times harder than before.

The murderer too, pays for his crime a million times more fully than any capital punishment could ever hope to make him do. In fact, so far from punishing the murderer, soceity is really punishing itself when it resort to capital punishment, since the loss of physical body, by hanging or by any other method, merely plunges the murderer's mind into the unconscious where his muderours ideas, like the lump of sugar in our previous analogy are able to spread into the mental atmosphere of the world. In this way the 'dead'. murderer can take possesion of other people's bodies during the sleep state, or during periods of dissociation and can thus cause more murders and suicides.

– The P.W.177

કુશંકાઓ કરીને તેનાં સમાધાનો મેળવવાં અને અંતે જાહેર કરવું કે પૂર્વજન્મ જેવી વસ્તુ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થાય છે. આ બધાં અન્વેષણોની પાછળ કેટકેટલાક વૈજ્ઞાનિકો જીવન અર્પતા હશે ? માત્ર એલેકઝાન્ડર કેનને આ વિષયના ૧૩૮૩ કેસ તપાસી નાંખ્યા છે અને તે જાત-તપાસના પૂર્વજન્મની માન્યતાને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. એલેકઝાન્ડર કેનને જે પ્રયોગ આ વિષયમાં કર્યા છે તેમાંનો એક ખૂબ જ રસપ્રદ પ્રયોગ આપણે સંક્ષેપમાં જોઈએ.

મધ્યમવયની એક સ્ત્રી ઉપર ઊંડુ-છટ્ટી-છેલ્લામાં છેલ્લી કક્ષાનું-વશીકરણ કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ તે બાઈને ટેબલ ઉપર સુવડાવી દેવામાં આવી. અને તેને પુનઃ પુનઃ જણાવવામાં આયું કે, ''હમણાં તમે આજથી બરોબર ૧૦ વર્ષ પૂર્વના-૧૯૨૪ની સાલની ૪થી ઓગસ્ટના દિવસમાં વર્તમાન છો. તમો હમણાં શું કરી રહ્યાં છો ? ઈત્યાદિ અનેક પ્રશ્નો એ દિવસ અંગે પૂછ્યા. ખૂબ જ સંતોષકારક જવાબો મેળવ્યા બાદ વધુ ૧૦ વર્ષ પૂર્વના-૧૯૧૪ની સાલની ૪ થી ઓગસ્ટના દિવસ ઉપર એને લઈ જવામાં આવી, અને એ દિવસની તમામ વાતો જાણે કે પોતે હમણાં જ અનુભવતી હોય એ રીતે બોલી ગઈ. તેણે કહ્યું કે, ''હમણાં બ્રિટન ઉપર બપોરનો સમય છે, જેના ગગનમાં પહેલા વિશ્વયુદ્ધનાં વાદળો ઘેરાઈ ગયાં છે,'' ત્યારપછી ફરી વધુ ૧૦ વર્ષની સ્મૃતિ તાજી કરાવી. ત્યારપછી એક એક વર્ષ પાછળ જતાં જતાં તેના જન્મ સમય પછીના એકજ કલાકની અવસ્થામાં તેને મૂકી. તેણે તે વખતના પોતાના સ્નાનનું વર્ણન કર્યું અને તે વખતે પડતી શ્વાસની ગૂંગળામણ કહી. ત્યાર પછી તેને જન્મ સમયની પૂર્વના અડધા કલાકના સમયમાં મૂકી. તે વખતે તે સ્ત્રી એકદમ ચીસો પાડતી બોલી ઊઠી : ''ઓહ ! મને ખૂબ જ અંધારું લાગે છે અને મને આજુબાજુ વહી જતાં દ્રવનો અવાજ આવે છે.'' (સંભવ છે કે તે માતાની નસોમાંથી વહેતું લોહીનું પરિભ્રમણ હોય.) આ, વર્ણનમાં જ્યાં અડધો કલાક પૂર્ણ થયો કે તરત જ તે બોલી ઉઠી, ''ઓહ ! હવે તો હું બહાર નીકળી ગઈ છું. !'' ત્યાર પછી તે સ્ત્રીએ તે ઓરડાનું વર્ણન કર્યું. આ બધું વર્ણન પણ તે સ્ત્રીએ તે વખતની પોતાની બાલ્યવય વખતના અવાજથી જ કરેલું. જાણે કે એ બાળકી જ બોલી રહી હોય તેમ લાગે !

ત્યાર પછી તેને વધુ કેટલાંક વર્ષ પૂર્વે લઈ જવામાં આવી. તે વખતે તે બોલી, 'અત્યારે હું શુક્રના ગ્રહમાં છું !!!' ત્યાંનો સમય પૂછતાં તેણે કહ્યું, 'અમારે ત્યાં સમય જેવું કશું નથી પણ તમારી પૃત્વીના ઘડિયાળના હિસાબે હું સમય કહી શકું !' ત્યારબાદ તે સ્ત્રીએ શુક્રના ગ્રહ ઉપરના પોતાના જીવનની કેટલીક ખૂબજ રસપ્રદ વાતો કરી. તેણે કહ્યું કે 'પૃથ્વીની પ્રાણીસૃષ્ટિની જેમ અમે (વેપાર-વગેરે) કાર્યો કરતાં નથી. અમારે ત્યાં એટલો બધો પ્રચંડ પ્રકાશ છે કે અમારી દૃષ્ટિએ તો પૃથ્વી તો અંધકારનો જ પ્રદેશ કહેવાય. પછી ભલે ને ત્યાં ભરબપોરનો પૂર્ણ પ્રકાશ કાં ન હોય !' ત્યારબાદ તેણે ત્યાંના વૃક્ષોનું વર્ણન કરતાં કહ્યું કે, 'એ વૃક્ષો ચમકતી પોલિશ કરેલી ધાતુની જેવા ચમકારા મારી રહ્યાં છે.'• આની સામે જ્યારે હીપ્નોટિસ્ટે વાંધો લીધો ત્યારે તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'તમે અમારી ગ્રહોની દુનિયાની વાતો ન સમજી શકો એવી ચમત્કારીભરી છે.'

એક બાઈ ઉપરના વશીકરણથી એલેકઝાન્ડર કેનન એના શુક્રના ગ્રહ ઉપરના જીવનમાં લઈ જાય અને ત્યાંની જે વાતો કરે એ બધી વાતો શું જૈનદર્શનમાં વર્ણવેલા દેવલોકની જ વાતો નથી ?

જૈનદર્શનની દૃષ્ટિએ ફક્ત અઢીદ્વીપમાં જ કાળ છે. દેવલોકમાં કાળ જેવું કશું નથી, ત્યાંના દીર્ઘ આયુષ્યોને જે કાળથી વર્ણવવામાં આવ્યાં છે તે અહીંના જ કાળથી કહ્યાં છે એવું સ્પષ્ટ કથન જૈનદર્શનમાં મળે છે. વળી દેવલોકમાં રત્નોના પ્રકાશની વાતો, અદ્‌ભુત વૈક્રિય વૃક્ષોની વાતો પણ શું ઉપરની વાતોથી સિદ્ધ થઈ જતી નથી ? આગળ વધતાં એલેકઝાન્ડર કેનન કહે છે કે, 'મારી તપાસમાં જેઓને પોતાના પૂર્વજન્મમાં ગ્રહો ઉપરનું જીવન પણ જીવતાં સાંભળ્યાં તે બધાયએ પોતાનું આયુષ્ય સો વર્ષથી વધુ કહ્યું છે અને ૪-૪ હજાર વર્ષના આયુષ્ય પણ કહ્યાં છે.'

આ વાત પણ જૈનદર્શનમાં કહેલા દેવોના સુદીર્ઘ આયુની ખૂબ જ નજદીકમાં ન કહી શકાય શું ?

ત્યારપછી એ બાઈને શુક્રના ગ્રહની પણ પૂર્વના જન્મની અવસ્થામાં લઈ જવામાં આવી. ત્યાં તેણે કહ્યું કે, 'અત્યારે હું રોમ દેશમાં કોઈને ત્યાં

• જિનાગમોમાં કેટલાંક વૃક્ષોને ઉદ્યોત નામનું નામકર્મ કહ્યું છે. તેનાથી તે વૃક્ષો ખૂબ ચમકતાં દેખાય છે. આવા જ કોઈ વૃક્ષનું આ બાઈ વર્ણન કરતી લાગે છે.

ગુલામડી તરીકે છું.'

મારા ગુલામ તરીકેના જીવનનો આ અંત સમય છે. આટલું બોલીને જ એ સ્ત્રીનું મોં એકદમ ફીકું પડી ગયું. તે ભયથી કંપવા લાગી અને પછી બોલી કે, 'મને અત્યારે પગમાં લોખંડની બેડીઓ સાથે પાણીમાં ઉતારી દીધી છે અને ભયંકર જળચર પશુઓ મારી ચોમેર ફરી વળ્યાં છે, ઓહ ! હમણાં જ મને ફાડી ખાશે.' લેખક કહે છે કે એ વર્ણન વખતની તેના મુખ ઉપરની વેદનાઓ સાચેજ અસહ્ય જણાતી હતી. એ પછી એને થોડા વર્ષ પૂર્વની ગુલામડી તરીકેના જીવનની અવસ્થામાં લઈ જવામાં આવી, જ્યાં તેણે પોતાના કારાવાસની કરુણ અવસ્થાનું વર્ણન કર્યું. તેણે રોમ દેશના અનેક એવા રીતરિવાજો જણાવ્યા, જેનો લેખકને પણ ખ્યાલ ન હતો જેમકે તેણે કહ્યું કે, ''અમારે ત્યાં પુરુષોના જાહેર કાર્યક્રમો સંધ્યાના સમયે યોજાય છે, જ્યારે સ્ત્રીઓની સભાઓ વગેરે બપોરના સમયે જ યોજવાનો રિવાજ છે. અમે લોકો સ્નાન કરતા નથી, માત્ર તેલની માલિશ કરાવીએ છીએ, ઈત્યાદિ.''

વશીકરણવિદ્યાથી પૂર્વજન્મની વાતો, દેવલોકની વાતો, સંસ્કાર શું કામ કરે છે ? એનું કેટલું પ્રચણ્ડ સામર્થ્ય છે વગેરે વાતો વૈજ્ઞાનિક રીતે આજના પ્રયોજકો જે જણાવે છે તેનાથી હેરત પામવાને બદલે જૈનદર્શનનાં સચોટ વિધાનો પ્રત્યે ચિત્ત આફ્રીન પુકારી જાય છે. એલેકઝાંડર કેનન કહે છે કે એમણે જેમની ઉપર આ પ્રયોગો કર્યા તેમાંના લગભગ બધાએ એ વાતો તો એકસરખી રીતે જણાવી છે કે (૧) અમે એક જીવન કરતાં વધુ જીવનો જીવીએ છીએ, (૨) એક ગ્રહ કરતાં વધુ ગ્રહો ઉપર જીવન જીવીએ છીએ, (૩) વર્તમાનજીવનની અને ભૂતપૂર્વ જીવનોની અગણિત સ્મૃતિઓ અમને થાય છે.

લેખક કહે છે કે એમના પ્રયોગોમાં ઘણાં બધા આત્માઓ બુધના અને શુક્રના ગ્રહો ઉપર જઈ આવેલા સાંભળવા મળ્યા છે. ખેર, પૂર્વજન્મમાં જરાય શ્રદ્ધા ન ધરાવતા એક લેખક વશીકરણવિદ્યાથી એ વિષયમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવતા થઈ જાય અને જગતની સમક્ષ એ વાતની જોરશોરથી રજૂઆત કરે એ ખૂબ જ આનંદનો વિષય છે.

બીજા પણ મોરી બર્નસ્ટેઈન નામના એક હીપ્નોટિસ્ટે એલેકઝાંડર કેનની વશીકરણવિદ્યાથી પૂર્વજન્મની સ્મૃતિ તાજી કરાવતો પ્રયોગ વાંચ્યો

અને તેણે પણ કોઈ એવી મજબૂત મનની વ્યક્તિ મળે તો તેની ઉપર પૂર્વજન્મની સ્મૃતિ કરાવાય તેવું ઊંડું વશીકરણ કરવાનું નક્કી કર્યું. આ જ ગાળામાં તેણે ભારતની શાન્તિદેવી નામની એક સ્ત્રીને થયેલ જાતિસ્મરણ જ્ઞાનની વાતો જાણી એટલે એણે પણ આ વિષયમાં કંઈક જાણવાનો નિર્ણય કર્યો. ટૂંકા જ સમયમાં રૂથ સાયમન્સ (Ruth Simmons) નામની એક સ્ત્રી ઉપર વશીકરણવિદ્યાનો પ્રયોગ કર્યો. ૨૯મી નવેમ્બર, ૧૯૫૨ના દિવસે આ પ્રયોગ શરૂ કર્યો. અને પાંચ વખત આવી બેઠકો મળી. પાંચેય બેઠકો (Sitting) દરમ્યાન થયેલી પ્રશ્નોત્તરીનું ટેઈપરેકોર્ડિંગ કરવામાં આવ્યું. અતિ અદ્‌ભુત વાતો જાણવા મળી. આ બાઈનો જન્મ ૧૯૨૩માં અમેરિકાના આયોવા રાજ્યમાં થયો હતો. પ્રયોગ વખતે તે વીમા એજન્ટની પત્ની હતી. એણે ૧૪૬ વર્ષ પૂર્વેનું આયર્લેન્ડનું જીવન ખૂબ વિસ્તારથી સમજાવ્યું. (જે સ્ત્રી વર્તમાન જીવનમાં 'રૂથ સાયમન્સ' તરીકે હતી તેને બ્રાઈડે મર્ફી તરીકે જોવી અને સાંભળવી.) સંમોહનાવસ્થામાં એ સ્ત્રીએ કહ્યું કે, "એનું નામ, બ્રાઈડે મર્ફી હતું. તેઓ બેરિસ્ટર હતા, એ સ્ત્રી મિસ સ્ટ્રેનની શાળામાં ભણતી હતી. એના પતિનું નામ બ્રિયન મેકાર્થી હતું. એ બેરિસ્ટરનો પુત્ર હતો તેમજ પોતે પણ બેરિસ્ટર હતો. એ સેંટ ટેરેસાન દેવળમાં જતી. ત્યાંના પાદરીનું નામ ફાધર જોન હતું, એ પોતે પ્રોટેસ્ટન્ટ હતી, પણ એનો પતિ કેથોલિક હતો. ૬૬ વર્ષની વયે દાદર પરથી પડી જતાં તેનું મૃત્યું થયું હતું. તે દિવસે રવિવાર હતો. એણે એમ પણ જણાવ્યું કે ફાધર જોનના કહેવા પ્રમાણે એનો આત્મા કોઈ વિશુધ્ધ સ્થળે જવાનો હતો, પણ હકીકતમાં તેમ બન્યું ન હતું.

છેવટે ઈ.સ. ૧૯૨૩માં આયોવામાં તેનો જન્મ થયો.

આ સ્ત્રી આયરિશ ભાષાનું લેશ પણ જ્ઞાન ધરાવતી ન હોવા છતાં તેણે સંમોહનાવસ્થામાં આયરિશ ભાષામાં જ સઘળી વાતચીત કરી હતી.

લોકોએ એ વખતે આશંકા પણ કરી હતી કે કદાચ 'બ્રાઈડે મર્ફી' નામનું એક પુસ્તક લખાયું હશે, જે આ રૂથ સાયમન્સે વાંચ્યું હોય અને તેથી તેવી બધી વાતો કરતી હોય પરંતુ તપાસ કરતા જણાયું કે એવું કોઈ પુસ્તક લખાયું જ ન હતું, વળી તે બાદ કદી આયર્લેન્ડ ગઈ ન હતી છતાં તેણે, કેટલા ઓરડા ? રસોડું ક્યાં ? ઘર સામે વૃક્ષો ક્યાં ? વગેરે

પુસ્તકમાં પણ ન સંભવે તેવી ઝીણવટભરી વાતો પણ કરી હતી. બ્રિટિશ ઈન્ફર્મેશન સમિતિએ પણ આ વાતોને પુષ્ટિ આપી.

સ્ત્રીના આ નામ ઉપરથી જ મોરી બર્નસ્ટેઈને પોતાના એ વિષયના પુસ્તકનું નામ 'ધ સર્ચ ફોર બ્રાઈડે મર્ફી' રાખ્યું છે. એ પુસ્તકમાં પાંચેય ટેઈપ-રેકોર્ડિંગનું અવતરણ કરવામાં આવ્યું છે. ત્યારપછી લેખકે એ પાંચેય રેકોર્ડો સારા સારા બુદ્ધિશાળી માણસોને, વૈજ્ઞાનિકો વગેરેને સંભળાવી હતી અને તેમનાં અંગત અભિપ્રાયો માંગ્યા હતા. એ બધી વાત લેખકે પોતાના તે પુસ્તકમાં જણાવી છે.

વશીકરણવિદ્યાથી પૂર્વજન્મની સિદ્ધિ થવી એ સાચેજ પશ્ચિમના વિદ્વાનો માટે આઘાતજનક બાબત છે, કેમકે બાઈબલમાં પૂર્વજન્મની માન્યતાનું સમર્થન કરવામાં આવ્યું નથી. આથી એ વાત તદ્દન સહજ છે કે આવી કોઈ સિદ્ધિ થાય તો તેની સામે બહુ મોટો ઊહાપોહ થાય, ભારે મોટો વિરોધ પણ જાગે. શ્રી મોરી બર્નસ્ટેઈનને બધી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. તેમની સામે ઘણાં પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. એક માણસે તો તેમને પૂછ્યું હતું કે 'જો આ રીતે વશીકરણવિદ્યાથી પૂર્વજન્મની સિદ્ધિ થઈ જતી હોય તો બીજા ઘણાં બધા એ વિદ્યાના નિષ્ણાતો છે, તેઓ કેમ આ વિષયમાં કશું જ કહેતાં નથી ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં તે પુસ્તકમાં મોરી બર્નસ્ટેઈન કહે છે કે, 'આ વિષયમાં હું કાંઈ એકલો અટૂલો નથી. મારી સાથે એલેકજાંડર કેનન છે, જેઓ એક વખત આ વાતોને સ્વપ્નની વાતો માનતા હતા. એટલું નહિ બીજા પણ કેટલાંક વૈજ્ઞાનિકોએ પણ પોતાનાં અન્વેષણોથી પૂર્વજન્મના અસ્તિત્ત્વની બાબતમાં વિધેયાત્મક નિર્ણય લીધો છે અને તેમણે પોતાની વાતોને પ્રકાશમાં મૂકી પણ છે, પરંતુ તેનો જોઈએ તેટલો બહોળો પ્રચાર થયો જ નથી.'•

• Nor dose this man stand alone, There are indede a number of scientists whose experiments have led them to same conelusion. The first part of the answer then, is that some specialists do know about this, their dimension and have been publicising their findings. For some reason however, their reports have never been circulated as extensively as they might have been. – P. 211

મોરી બર્નસ્ટેઈન આગળ વધતાં કહે છે કે, 'એક વ્યક્તિએ પૂર્વજન્મની માન્યતાની તરફેણમાં મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી, છતાં તેણે તે વિષયમાં કશી જાહેરાત ન કરતાં મૌન રહેવાનું જ પસંદ કર્યું તેને જ્યારે તેના મૌનનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે, ''આ બધા અનુભવોને હું મારા ખૂબજ અંગત અનુભવ તરીકે છુપાવી રાખું છું કેમકે મને ખ્યાલ છે કે આવી વાતો ઉપર વિશ્વના માનવો શું ટીકા-ટીપ્પણો કરશે ?''•

પશ્ચિમના દેશોમાં આત્માની અમરતાનાં ગીત ગાવાનું કેટલું બધું મુશ્કેલ છે ? આમ હોવા છતાં એના અંગેનો ઊહાપોહ કરીને જાહેરમાં માથું ઊંચકનારાઓ પણ છે કેવી હિંમત ધરવતા હશે તેઓ ?

કિપલિંગ નામના વૈજ્ઞાનિકે તો મોરી બર્નસ્ટેઈનને કહ્યું હતું કે, ''મને તો ખૂબ દિલગીરી થાય છે કે સમાજ તમારા આ વિચારોને જુદી રીતે રજૂ કરશે કે તેમાં કાપકૂપ કરી નાખશે ? જેઓ વિરોધી છે તેઓ તો આ બધી વાતને ઊધી ચીતરીને જ રજૂ કરશે. કેમકે છેવટે તો પશ્ચિમના લોકો આશાસ્પદ જીવન કરતાં ભયાનક મૃત્યુને જ વધુ વિચારે છે અને એને વળગી રહે છે. એટલે આ લોકો આવી વાતોને તો કદાચ વહેમ કહીને હસી પણ નાંખે.''★

અહીં એક એવો પણ પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે કે જો આ રીતે દરેક

• One young person explaining her silence after she discovered evidence of rebirth, summarized her Pasition with these word : All this experience I kept to myself as a profound secret, for young as was, I realised what judgement the world would pass upon the narrator of such a story. – P. 211

★ kipling too had given some thought to this same problem : I saw with sorrow that men would mutilate and garble the story, that rival creeds would turn it upside down till at last the western world. Which clings to the dread of death more closley then the hope of life, would set it aside as an interesting superstition.

– Finest story in the World.

જીવનો પૂર્વજન્મ હોય જ અને ત્યાં તેણે ઘણું ઘણું અનુભવ્યું પણ હોય તો દરેક જીવને શા માટે પોતાના ભૂતપૂર્વ અનુભવોની સ્મૃતિ નથી થઈ આવતી ? આ પ્રશ્નોના સમાધાનમાં જૈનદાર્શનિકો તો કહે છે કે એવી જાતનું મતિજ્ઞાનવરણીય નામનું કર્મ છે, જેની રજકણો આત્મા ઉપર વધુ પ્રમાણમાં ચોંટી ગયેલ હોય ત્યારે ભૂતપૂર્વ અનુભવોની સ્મૃતિ થઈ શકે નહિ. એવું કોઈ નિમિત્ત-દર્શન વગેરે થાય તો જ આ કાર્મિક અણુઓ ઊખડી જાય અને આત્માને ભૂતપૂર્વ અનુભવની સ્મૃતિ થાય. વળી પૂર્વજન્મસ્મૃતિની તો શી વાત કરવી ? આપણી વિસ્મરણશક્તિ એટલી બધી તીવ્ર છે કે, આ જન્મના પણ બાલ્યકાળના અનુભવો ઘણાંને થતાં નથી !

આમ સમાધાન તો મેળવ્યું પણ અર્વાચીન જગતનો એક વિદ્યાર્થી તો કહે છે કે કદાચ આપણે આપણો ભૂતકાળ જરૂર જાણી શકીએ, પરંતુ ખાસ કરીને પશ્ચિમના આપણા દેશોની અધ્યયનપદ્ધતિ અને ઘડતર જ એવાં છે કે એણે આપણાં મગજને ધોઈ જ નાખ્યાં છે. અને આપણી વિશિષ્ટ સ્મરણશક્તિનો વિનાશ કરી નાંખ્યો છે !''•

બેશક, કોઈને ભૂતપૂર્વ જન્મનું સ્મરણ થઈ શકતું નથી એમ તો ન જ કહી શકાય. હવે તો શાન્તિદેવી, નેકાટી વગેરેના જાતિસ્મરણની વાતો ચોમેરે ફેલાઈ ગઈ છે, અને જેમને આવા જાતિસ્મરણો વગેરે નથી થયાં અને તેથી ભૂતપૂર્વ જન્મોની સ્મૃતિ નથી થઈ તેઓ પણ પોતાના જીવનમાં જે કોઈ લાગણી ધરાવે છે, તેમનામાં ક્યારેક ક્યારેક કેટલાંક ભાવાવેશ આવી જાય છે, તેમનામાં જે શક્તિઓ કામ કરી રહી છે, જે સુરુચિ અને અરુચિ જુદા જુદા વિષયમાં તેઓ ધરાવે છે એ બધાયની પાછળ આંતરમનમાં પડેલા ભૂતપૂર્વ જન્મોના સંસ્કારો જ કામ કરે છે ને ? એટલે બીજી રીતે તો દરેક આત્મા પોતાના વર્તમાન જીવનની સાથે ભૂતપૂર્વ જીવનોની કડી લગાડીને જીવે છે એમ માનવું જોઈશે. અને તેથી જ સારા

• To the theorty of another student who contends that Perhaps we might remember something of our Past. But that our training and conditioning Particular in the western world, has 'washed' our brains, obliterating these memories.

માણસો ભૂતપૂર્વ ભૂલોની પુનરાવૃત્તિ કરતાં અટકે છે, જ્યારે દુર્જનો એવી ભૂલોને પુનઃ પુનઃ કરતા જોવા મળે છે. આ બધાની પાછળ પૂર્વજન્મનો સંબંધ કામ કરતો હોવાનું માન્યા વિના છૂટકો નથી. ★ પૂર્વજન્મની વાતો કહેતા માણસો પોતાની તરફેણમાં કહે છે કે માતાપિતાના સંસ્કારો જ બાળકના વારસામાં આવે છે એ વાત ક્યારેક વજૂદ વિનાની બની જાય છે. એવું જ લગભગ સર્વત્ર જોવા મળે છે કે જે મા-બાપમાં નથી હોતું તે બાળકમાં હોય છે. બાપ ક્રોધી હોય અને બાળક ક્ષમાશીલ હોય, બાપ ઉદાર હોય અને બાળક કૃપણ હોય. હવે જો બાળકના સંસ્કાર વારસામાંથી નથી મળ્યા તો આવ્યા ક્યાંથી ? આનો ઉત્તર પૂર્વજન્મની માન્યતાથી જ મળી શકે છે. જન્માંતરના સંસ્કારોને લઈને બાળકનો આત્મા અહીં આવેલ છે માટે જ આમ બને છે. પણ આ વિધાન સામે એક પ્રશ્ન થઈ શકે છે કે ભલે તેમ હોય પણ જ્યાં પિતા-પુત્રના સંસ્કાર તદ્દન સમાન છે ત્યાં તો પુનર્જન્મની વાતને સમર્થન નથી જ મળતું ને ? કેમકે ત્યાં સ્પષ્ટ રીતે કહી શકાય છે કે પિતાના જ લોહીના સંસ્કાર બાળકમાં ઊતરી ગયા છે ?

આ વાતનું સમાધાન આપતાં ડો. જહોન મેક ડેગાર્ટ પોતાના 'હ્યુમન ઈમમોર્ટાલિટી એન્ડ પ્રી-એક્ઝીસ્ટન્સ' નામના પુસ્તકમાં કહે છે કે ''આ વાત પણ બરોબર નથી. જે બાળકનો આત્મા પોતાના ભાવી પિતાના સંસ્કાર જેવા સંસ્કાર ધરાવતો હોય તે આત્મા જ તે પિતાને ત્યાં જન્મ પામે છે ત્યારે આવું બને છે. એટલે હવે તેમ તો ન કહી શકાય કે પિતાના સંસ્કાર બાળકમાં ઊતર્યા ! આગળ વધતાં લેખક એક સુંદર દૃષ્ટાંત આપીને સમજાવતાં કહે છે કે માથા ઉપર હેટ બરાબર ફીટ બેસી ગઈ, તેથી તેમ નથી કહેવાતું કે તે માથાની જે ગોળાઈ હતી તે હેટમાં

★ Although we do not remamber specific incidents of previous. life episodes, We still carry over impressious, tendencies, capaeities and dispositions-subconcious checks and balances - which restrain us from repeating past mistakes and guide us in the eternal process of evolution.
– The search for Briday Murphy. P. 213

ઊતરી ગઈ. માટે માથામાં હેટ ફીટ બેસી ગઈ. બલકે અહીં એમ જ કહેવાય છે કે જેવી ગોળાઈ માથાની હતી તેવી જ ગોળાઈ જે હેટની હતી તે બેય એક સ્થાને ભેગાં થઈ ગયાં.''•

આ જ વાતને ન્યૂ ટેસ્ટામેન્ટના શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે જે લોહીમાંસમાંથી બને છે તે લોહીમાંસ છે, જે આત્મામાંથી આવે છે, તે આત્મા જ છે.

બ્રાઈડે મર્ફીના પુનર્જન્મની પાંચ ટેઈપ-રેકોર્ડો સાંભળનારામાંથી ઘણાંઓએ પ્રશ્ન કર્યા છે કે શું એ રીતે અમારા પૂર્વજન્મોની સ્મૃતિ પણ તાજી કરાવી શકાય ખરો ? આનો ઉત્તર આપવા શ્રી મોરી બર્નસ્ટેઈન કહે છે કે ''ના, આજે તો નહિ. કેમકે જેની તેવી સ્મૃતિ તાજી કરાવવાની છે તેનું મનોબળ અસાધારણ રીતે મજબૂત હોવાનું જરૂરી છે. રૂથ સાયમન્સ જેવું દૃઢ મનોબળ બહુ જ વિરલ વ્યક્તિમાં મળી શકે.''

વશીકરણથી પૂર્વજન્મની સ્મૃતિ તાજી કરાવવાના પ્રસંગમાં જૈનદર્શનને માન્ય એવું એક સંશોધન કરવામાં આવ્યું છે કે ''એક જ આત્માની-સ્ત્રી કે પુરુષ વગેરે તરીકેની જાતિ સદા અવસ્થિત રહેતી નથી પરંતુ બદલાઈ પણ જાય છે આ પ્રયોગોના બધા જાણકારોએ સમર્થન આપ્યું છે. શ્રી એડગર કૈસીએ પણ આ જ વાત કહી છે.''★

વશીકરણવિદ્યાના પ્રયોગોથી આત્માનું અમરત્વ પૂર્વજન્મ અને

• The man whose nature has certain characteristic when he was about to bo rebron, would be reborn in a body descended from ancestors of a similar character. It would be the character of his ancestors and its similarity to his character which would determine the faet that he was reborn in that Particular body rather than in another. The shape of she head does not determine the shape of the hat, but it dose determine the selection of this particular hat for this Particular head. – Human immortality and Pre-existance
– Dr. John Mc Taggart.

★ These findings incidentally, are supported by the readings of Edger cayce, who maintained that race, nationality or se might alter from one life experience to the next.

પુનર્જન્મ, દેવલોક સંસ્કારોનું પ્રચંડ બળ, જાતિનું પરિવર્તન વગેરે અનેક બાબતો સિદ્ધ થઈ જાય છે. આ વિષયમાં ઊહાપોહ કરતા ઘણાં ગ્રંથો લખાયા છે. જેવા કે ડો. આર.સી. જહોન્સનનું 'ધ ઈમ્પ્રીઝન્ડ સ્પ્લેન્ડર' હાલ્ફ શીર્લેનું 'પ્રોબ્લેમ ઓફ રી બર્થ' જીના સરમીનારાનું 'મેની મેન્શન્સ', થોમસ સુગરનું, 'ધેર ઈઝ એ રીવર', ઈવા માર્ટીનનું 'રીંગ ઓફ રિટર્ન' વગેરે...

રૂથ સાયમન્સના આયર્લેન્ડના ભૂતપૂર્વ જીવનની વાતો સાંભળીને એક પત્રકારે મોરી બર્નસ્ટેઈનને સલાહ આપી કે તેમણે આયર્લેન્ડમાં તપાસ કરવી. એ વાત જાણીને સાનંદાશ્ચર્ય થશે કે જ્યારે એ તપાસ કરવામાં આવી ત્યારે ઘણાં પ્રયત્નો બાદ ઘણી ઘણી વાતોનો સંવાદ પ્રાપ્ત થયો. આ અંગે જેણે વિસ્તારથી જાણવું હોય તેણે તે લેખકનું 'ધ સર્ચ ફોર બ્રાઈ ડે મર્ફી' પુસ્તક જોઈ લેવું.

આપણે તો અહીં આટલું જ જણાવવું છે કે પાશ્ચાત્ય સંસ્કારોને ગળથૂંથીમાં જ પામેલા કેટલાંક માણસો આ રીતે આત્મા અને તેના પુર્નજન્મની માન્યતાની વાતોના પ્રચંડ ઊંડાણ સુધી પહોંચી જાય અને પછી જે પરિશ્રમ વેઠીને મોટાં વોલ્યુમ પ્રગટ કરે અને તેમાં જૈનદર્શનને ખૂબ જ અનુકૂળ વાતો જોવા મળે ત્યારે હૈયું આનંદથી છલકાઈ જાય અને આંખો હર્ષના આંસુથી ઊભરાઈ જાય ! કમાલ કરી છે વીતરાગ ભગવંતોએ ! સાચે જ તેઓ સર્વજ્ઞ હતા. નહિ તો કોઈપણ પ્રયોગશાળા કે નાનકડા પણ પ્રયોગ વિના અગમનિગમની વાતો એઓ શી રીતે કરી ગયા ?

વશીકરણવિદ્યાના પ્રયોગથી જો આત્માનું અમરત્વ સિદ્ધ થતું હોય તો હવે એ અમર આત્માની જ ભાવી ચિંતા કરવાનું ઉચિત નથી શું ? જો વર્તમાનજીવનના સુખદુઃખના મૂળમાં જન્માંતરના સંસ્કારો કર્મ દ્વારા કામ કરતાં સિદ્ધ થતાં હોય તો ભાવી જન્મોના સૌન્દર્ય માટે વર્તમાન-જીવનને સુંદર સંસ્કારોથી સભર બનાવવાનું અનિવાર્ય નથી શું ?

અને છેલ્લી વાત અગમનિગમની. આવી વાતો કહી જનારા સર્વજ્ઞભગવંતોની તમામ વાતોમાં અપ્રતિહત શ્રદ્ધા આંખ મીંચીને મૂકી

દેવામાં હવે આપણે પળભરનો ય વિલંબ કરીશું ખરા ? એ શ્રદ્ધાને અનુરૂપ જીવન બનાવવામાં લેશ પણ ઉદાસીનતા દાખવશું ખરા ?

તો ચાલો...આજથી જ...ના, આ પળથી જ સર્વજ્ઞોના શાસનની આણને શિર ઉપર ઝીલીએ અને મરતાં પહેલાં ભૂતપૂર્વ જીવનોમાં આત્મા ઉપર જામ થઈ ચૂકેલા અશુભ અનુબંધોના બંધમાં કડાકા બોલાવીએ. શુભાનુબંધને વજ્જતાનું પ્રદાન કરીએ.

પચી....મૃત્યુ આવવા છતાં મૃત્યુંજય બનશું

જન્મ પામીને અજન્મા બનશું.

કર્મ ધારણ કરીને અકર્મા બનશું.

●

૭. જાતિસ્મૃતિથી આત્મસિદ્ધિ : પુનર્જન્મવાદ

સારી સ્મરણશક્તિ એ તો માનવીની મહામૂલી મૂડી છે. પરંતુ જ્યારે આ સ્મરણશક્તિ પરભવની પુરાણી વાતોને પણ મગજમાં ભરી રાખતી જોવા મળતી હોય ત્યારે તો આત્માને ન માનનારાઓને માથું ખંજવાળવું પડે છે. એ વખતે એક પ્રશ્ન તેમના લમણે જોરથી વાગે છે કે શું આત્મા જેવી કોઈ વસ્તુ છે ખરી કે જે દેહથી ભિન્ન હોય અને દેહમાં રહેતી હોય? ક્યાંકથી આવતી હોય અને ક્યાંક જવાની હોય ! દેહનું મૃત્યું થવા છતાં એનું તો કદાપિ મૃત્યું ન થતું હોય ? આ પૂર્વજન્મ અને પુનર્જન્મ શું ? એની સ્મૃતિ શું ? કોને સ્મૃતિ થાય ? જે અનુભવે તેને જ ને ? તો ત્યાં કોણે અનુભવ્યું ? શું તે અનુભવ કરનાર જ અહીં આ દેહમાં આવ્યો છે ? હા, તેમ તો માનવું જ પડે. નહિ તો અનુભવ કરનાર ન હોય એવાને એ સમયના અનુભવની સ્મૃતિ થાય જ નહિ. જે અનુભવે તે જ સ્મરણ કરે એવો નિયમ તો વિશ્વવ્યાપી છે. રમેશ કેરીના રસનો અનુભવ કરે અને અશ્વિનને એ જ કેરીના રસની સ્મૃતિ થાય એવું બને જ નહિ...

તો શું પૂર્વજન્મની સ્મૃતિની જે વાતો સાંભળવા મળે છે તેનાથી પૂર્વજન્મના દેહમાં રહીને અનુભવ કરનાર કોઈ એવો આત્મા છે કે જે ત્યાંના દેહમાંથી નીકળીને આ નવો જન્મ ધારણ કરે છે ? અને તેને પોતાના ભૂતપૂર્વ અનુભવોની સ્મૃતિ થાય છે ?

પૌરત્સ્ય ધર્મોમાંના ચાર્વાક જેવા કોક દર્શનને બાદ કરતાં બાકીના બધા ધર્મો ઉપરોક્ત વાતમાં કોઈ આશ્ચર્ય દર્શાવતા નથી. એમણે તો આત્મા જેવો એક સ્વતંત્ર નિત્ય પદાર્થ માન્યો જ છે. એથી જ એમના મતે ભૂતપૂર્વ અનુભવોની સ્મૃતિ થવામાં કશું જ નવાઈભર્યું ગણાતું નથી. જૈનદર્શનના કથાનુયોગમાં હજારોની સંખ્યામાં જે ચરિત્રકથાઓ છે તેમાં આવી જાતિસ્મરણની વાતો તો જ્યાં ને ત્યાં વેરાયેલી જોવા મળે છે. કેટલાંકને કોઈ મુનિનાં દર્શન થયા અને એવાં દર્શને પૂર્વેનું કશાકનું સ્મરણ થઈ આવ્યું અને તરત જ ભૂતપૂર્વ પ્રસંગવાળો જન્મારો પોતાની

સ્મૃતિમાં ખડો થઈ ગયો, કેટલાંકને વળી ભૂતપૂર્વ જીવનમાં દાટેલા ધનનું કોઈ કારણસર સ્મરણ થઈ આવ્યું અને એ ધન મેળવવા એના વર્તમાન જન્મમાં લોહી રેડ્યાં ! આમ સારી અને ખરાબ બેય પ્રકારની સ્મૃતિઓ થવાના પ્રસંગો જૈનકથાનુયોગમાં વણાયેલા છે.

જૈનદર્શન ઈશ્વરને જગત્કર્તા તરીકે માનતું નથી, પણ અત્યંત ઉપાસ્ય તત્ત્વ તરીકે જરૂર માને છે એટલે આવી સઘળી બાબતોની પાછળ 'કર્મ'નું તત્ત્વજ્ઞાન રજૂ કરીને એવા ખુલાસા આપે છે. અહીં પણ કહેવું છે કે મતિજ્ઞાન નામનું (પાંચ પ્રકારના જ્ઞાન પૈકી) એક જ્ઞાન છે, જેની ઉપર કર્મના રજકણોનું પ્રગાઢ આવરણ આવી જતાં ભૂતપૂર્વ સ્મૃતિ વગેરે થઈ શકતાં નથી. પરંતુ જે આત્માને કોઈ નિમિત્ત વગેરેને પામીને એ કાર્મણ રજકણોનો અમુક જરૂરી પ્રમાણમાં હ્રાસ થઈ જાય છે ત્યારે આત્માને ભૂતપૂર્વ અનુભવોની સ્મૃતિ અવશ્ય થાય છે.

ટૂંકમાં, કહેવાનું એટલું જ છે કે પૌરસ્ત્ય દર્શનો અને તેમાં પણ જૈનદર્શન માટે ભૂતપૂર્વ જન્મ વગેરેની સ્મૃતિની વાત જરાય આશ્ચર્યજનક નથી.

પરંતુ આધુનિક વૈજ્ઞાનિક માનસ આ વાતોને સાંભળતાં જ ચમકી ઊઠે છે. 'અસંભવ' કહી દેવા ઉતાવળું થઈ જાય છે, કેમકે વિજ્ઞાન એ ઘણું કરીને જડનું વિજ્ઞાન વિજ્ઞાન છે. એણે જડ પરમાણુ વગેરે સંબંધમાં કેટલુંક સંશોધન કરીને એ વિષયમાં જ કેટલીક કહેવાતી પ્રગતિ સાધી છે. વિજ્ઞાન એ તત્ત્વજ્ઞાન નથી, વિજ્ઞાન તો માત્ર જડનું એક વિષયનું-વિસ્મૃત કહી શકાય તેવું જ્ઞાન છે. તત્ત્વજ્ઞાનનાં જડ અને ચેતનતત્ત્વનાં તમામ પાસાંઓને સાંભળતાં જ આજનો વૈજ્ઞાનિક મૂંઝાઈ જાય તે તદ્દન સહજ છે.

આવી મૂંઝવણમાંથી જ કેમ જાણે, આજના વૈજ્ઞાનિકોએ આ વિષયમાં પણ સંશોધન-કાર્ય આરંભ્યું છે.

કેવી નવાઈની વાત છે કે જે વસ્તુસ્થિતિને ભારતીય જૈન સંસ્કૃતિને પામેલું એક નાનકડું આઠ વર્ષનું બાળક તદ્દન સારી રીતે સમજી શક્યું છે, વાતવાતમાં એ હકીકતોને જણાવતું રહ્યું છે તે હકીકતને કબૂલતાં

વિજ્ઞાનને માથું ખંજવાળવું પડ્યું છે.

શું તે બાળકની વાતો ભ્રાન્તિપૂર્ણ હતી માટે ? ...ના ...ના હવે તો વિજ્ઞાન પણ એ સંશોધનોના ભરદરિયે આવતાં જ બોલી ઉઠ્યું છે કે, ''જરૂર જરૂર ભૂતપૂર્વ જન્મ વગેરેની સ્મૃતિની વાતોમાં તથ્ય છે, આત્મા અવિનાશી છે.''

ખેર, હજી તે અંતિમ નિર્ણય પામી શક્યું નથી પરંતુ હવે ઝાઝો સમય નથી. વિજ્ઞાન થોડા જ સમયમાં જૈનાગમના એ તત્ત્વજ્ઞાનને અંતરથી પ્રણામ કરશે જ કરશે.

આ વિષયમાં પદ્ધતિસરનું સંશોધન કરવા માટે ભારત સરકારે પણ આ પ્રયત્નો આદર્યા છે. એવા પ્રયત્નોના એક ફળરૂપે જયપુરમાં આવેલી રાજસ્થાન યુનિવર્સિટીમાં પેરા-સાયકોલોજી વિભાગ ખોલવામાં આવ્યો છે. તે વિભાગમાં પુનર્જન્મની માહિતીનું સંશોધન કરવા માટે ડો. એચ.એન.બેનરજીને રોકવામાં આવ્યા છે. ઘણાં વર્ષોથી ડો. બેનરજી પુનર્જન્મની માન્યતાની સત્યતા અંગે ભારે જહેરત ઉઠાવી રહ્યા છે.

તેમણે આજ સુધીમાં પુનર્જન્મની સ્મૃતિ થઈ હોય તેવી લગભગ ૫૦૦ જેટલી વ્યક્તિઓ તપાસી છે. જ્યાં ક્યાંય પણ કોઈને પુનર્જન્મની સ્મૃતિ થયાની વાત તેમને જાણવા મળી જાય કે તરત જ તેઓ ત્યાં દોડી જાય છે. વિશ્વના ખૂણેખૂણામાં ફરી વળીને આ માન્યતાનું સત્ય પામવા તેઓ સાબદા બન્યા છે.

જો કે હજી સુધી ડો. બેનરજીને કશોયે અંતિમ ઉત્તર પ્રાપ્ત થયો નથી. છેલ્લા બાર બાર વર્ષની સાધના પછી પણ તેઓ હજી આ પ્રશ્ન અંગે મથામણ જ અનુભવી રહ્યા છે. પરંતુ તેમ છતાં તેઓએ એવો નિર્ણય તો નથી લીધો કે હવે, ''માનવી એ કેવળ જડયંત્ર છે કે પછી આધ્યાત્મિક શક્તિઓ ધરાવતો ઉચ્ચ આત્મા છે,'' એવા જુગજૂના વિવાદ અંગેનું સત્યાન્વેષિત્વ ત્યાગી જ દેવું ! ના, હજી તેમનું મંથન અને મથામણ બેય ચાલુ જ છે. તેમની સામે ઘણાં તોફાનો પણ ઊભાં થાય છે, પરંતુ હજી સુધી તેઓ જાણે કે એક કર્મયોગીની અદાથી કામ કરી જ રહ્યા છે.

રાજસ્થાનના આ મનોવૈજ્ઞાનિક સમક્ષ જે સમસ્યા આવી ઊભી છે

તે એ છે કે કોઈ ઉચ્ચકક્ષાના સ્મૃતિકોષોની કાર્યવાહીની કે મસ્તિષ્કની કોઈ અચેતન પ્રક્રિયાની વૈજ્ઞાનિક સમજૂતી શી રીતે આપવી ? અને આ સમજૂતી પૂર્વાનુમાનોની ઉપેક્ષા કર્યા વગર કેમ રજૂ કરવી ?

જેમનામાં પરોક્ષદર્શન કરવાની શક્તિની કે વિચારસંક્રમણ (Telapathy) કરવાની શક્તિ સાંભળવા મળી કે તરત જ બેતાલીસ વર્ષના આ પ્રાધ્યાપક એ વ્યક્તિની રૂબરૂ મુલાકાત લેવા ઊપડી જ ગયા હોય.

કેટલાંક તો એવા પણ કિસ્સા તેમણે સાંભળ્યા હતા કે જે સાંભળવા માત્રથી માની જ ન શકાય, પરંતુ જ્યારે તેની જાતતપાસ કરી ત્યારે તેઓ ભારે વિમાસણમાં મુકાઈ ગયા હતા. કેમકે એવી જાતિસ્મૃતિ જેમને થઈ હતી તેમણે ભૂતપૂર્વ જીવનના પ્રસંગોને બહુ ચોક્સાઈથી રજૂ કર્યા હતા.

વિદ્યાભૂષણ શ્રીરશ્મિ પોતે આ વિષયમાં શું કહે છે તે જોઈએ. તેઓ કહે છે કે, ''મૃત્યુ આપણું શરણ શોધે છે. તમે કદાચ આ વાતને સાવ નકારી દઈને કહેશો કે એવું તે શી રીતે બને ? મૃત્યું ક્યાં આપણું શરણ શોધે ? પણ હું વિનમ્રભાવે કહીશ કે તમે અહીં જરાક ભૂલ્યા છો. કેમકે ખરી રીતે મૃત્યુ જ તમારી પાસે આશ્રય માંગે છે, અસંખ્ય વર્ષોથી સતત પ્રયત્નશીલ રહેવા છતાં એ તમને-તમારા આત્માને-હણી શક્યું નથી. સમયના આટલા લાંબા ગાળામાં પણ એ એક આત્માનો નાશ કરવામાં સફળ થઈ શક્યું નથી. તો પરાજય કોનો ? તમારો કે મૃત્યુનો ? પહેલાં પાશ્ચાત્ય જગત માનતું હતું કે મૃત્યુની સાથે જ જીવનનો અંત આવી જાય છે - જીવન ઉપર મૃત્યુનો વિજય થાય છે - પણ હવે એ કહેવા લાગ્યું છે કે, 'જીવન અપરાજેય છે. મૃત્યુ પછી પણ જીવન હયાત રહે છે.' - એ ક્યારેય મરતું નથી.''

એ વાત કદાચ તમારી જાણ બહાર પણ હોઈ શકે છે કે ખ્રિસ્તી લોકોને માન્ય બાઈબલમાં પુનર્જન્મની વાતોને નકારી નાંખવામાં આવી છે. આમ છતાં અદ્યતન ખ્રિસ્તી જગતના વિખ્યાત ધર્મપ્રચારક, નોર્મન વિન્સેન્ટ પીલનું કહેવું છે કે, ''પચાસ વર્ષ દરમિયાન જીવન-મરણની સમસ્યાઓને ઉકેલવાનો પ્રયત્ન કરતાં મને જે અનુભવો થયા છે તેના

આધારે હું કહી શકું છું કે, 'મૃત્યુ એ જીવનની સમાપ્તિ નથી પરંતુ વધુ મોટા વિસ્તારની ઉપલબ્ધિ છે, મૃત્યુ તો માત્ર બે જીવન વચ્ચેની સીમારેખા જ છે.''

જાણીતા માનસશાસ્ત્રી ડો. કેનેથ વોકર કહે છે કે, ''પ્રાણી ફરી ફરી જન્મે છે. પુનર્જન્મનો અસ્વીકાર નહિ કરી શકાય, પણ મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચે જે તૂટેલી કડી છે. તેનું રહસ્ય જયાં સુધી વૈજ્ઞાનિકો નહીં પામી શકે ત્યાં સુધી પુનર્જન્મના બધાં પાસાં સ્પષ્ટ નહિ થાય.''

એક પ્રશ્ન પૂર્વે કરવામાં આવ્યો હતો કે વશીકરણથી બધાના પુનર્જન્મોની સ્મૃતિ તાજી કરાવી શકાય કે નહિ ? એવા જ પ્રકારનો અહીં પણ પ્રશ્ન થઈ શકે કે જો માણસ ફરી ફરીને જન્મે છે તો એ દરેક માણસને પોતાનું પાછલું જીવન કેમ યાદ આવતું નથી ? આ પ્રશ્નનું તર્કશુદ્ધ સમાધાન તો જૈનગામોમાં આપેલું જ છે, પણ તેનો નિર્દેશ કરવા પૂર્વે અર્વાચીન સમયમાં સર્વોત્તમ ! માનસશાસ્ત્રી ગણાતા ફ્રોઈડ શું કહે છે તે જોઈએ. તેઓ કહે છે કે, ''જન્મ સમયની વ્યથા અને યંત્રણા એટલી બધી તીવ્ર હોય છે કે એને કારણે માનસપટ હંમેશને માટે શૂન્ય થઈ જાય છે. જન્મવેળાની આ વેદના માનસશાસ્ત્રીય વિશ્લેષણમાં ઘણીવાર ઉપર આવે છે. આ જ રીતે યુવાવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં થતો પ્રવેશ પણ અતિ કપરો હોય છે. કેટલાંક એવા આઘાત-પ્રત્યાઘાતો આવે છે, જેના કારણે પહેલાંની ઘણી વાતો સ્મૃતિમાંથી સરી પડે છે.''

ડો. ફ્રોઈડનું કહેવું છે કે જન્મવેળાએ બાળકનું મગજ કીડા-પતંગિયા જેવું હોય છે. એ વખતે બાળક માત્ર શારીરિક કાર્યો જ કરી શકે છે. દા.ત., શ્વાસ લેવો, ગળી જવું, ચૂસવું વગેરે. વિચારો અને સ્મૃતિઓ તો ત્યારે એની શક્તિની બહાર જ હોય છે.''

પરંતુ ડો. વોફર તો, ફ્રોઈડના આ વિધાનને સંમત થતાં નથી. તેમનું કહેવું છે કે, ''ચયન કરવું એ પ્રકૃતિનો સનાતન ગુણ છે. એટલે એ માત્ર આવશ્યક એટલી જ અનુભૂતિઓ અને સાધન-સામગ્રીને રહેવા દઈને બાકીનાનો નાશ (તિરોભાવ) કરે છે.''

આમ બે પરસ્પર વિરોધી વિધાનો આ માનસશાસ્ત્રીઓ કરે છે, ગમે

તેમ હોય, પણ આ વિધાનોમાંથી એટલું તો જરૂર નિશ્ચિત થાય છે કે શરીરની સાથે સાથે આત્મા નાશ પામતો નથી. એ અમર છે અને પોતાનું શરીર બદલતો રહે છે.

જૈન-દાર્શનિકો આ વિષયમાં મુખ્યત્વે પૂર્વે કહ્યા મુજબ ભૂતપૂર્વ સ્મૃતિસ્વરૂપ મતિજ્ઞાનને ઢાંકતું કર્મના રજકણોના પળને કારણ કહે છે. કોઈપણ કારણે જેનું એ આવરણ ખસે તેને ભૂતપૂર્વજન્મની સ્મૃતિ થઈ જાય છે, બીજાને થતી નથી. આ મુખ્ય કારણની સાતે ગૌણરૂપ ભૂતપૂર્વ સમયની અને વર્તમાન જન્મ સમયની વેદનાઓ, વગેરે પણ કારણરૂપ બનતાં હોય તો તે સંભવિત છે.

વળી પાતંજલ યોગદર્શનમાં તો કહ્યું છે કે જીવને જે લોભદશા છે એજ એને ભૂતપૂર્વ અનુભવોની સ્મૃતિ થવામાં બાધક બને છે, સાપેક્ષ રીતે વિચાર કરતાં આ વાત મગજમાં બરોબર બેસી જાય છે. સામાન્ય રીતે ખાવાની, ભયની કે ભોગની વાસના કરતાં પણ ઘણાં વધુ પ્રમાણમાં જીવને ભેગું કરવાની મૂર્ચ્છા હોય છે. આ મૂર્ચ્છાનું આત્મા ઉપર એવું પ્રગાઢ થર જામેલું હોય છે કે તેથી પણ તેને વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. વિશ્વમાં પણ એવું જોવા મળે છે કે જેઓ આત્માના સંબંધમાં વિશિષ્ટ ચિંતક બન્યા અને આધ્યાત્મિક-જ્ઞાનનો અણમોલ વારસો વિશ્વને આપ્યો તે આત્માઓની ખાવાની, ભયની, ભોગની કે ધનાદિની મૂર્ચ્છાની લાગણીઓ ખૂબજ મંદ પ્રમાણમાં નહિતવત્ હતી. આથી જ તેમની શક્તિઓ એ તુચ્છ લાગણીઓ પાછળ બરબાદ ન થઈ અને તેમણે આત્મસન્મુખ પ્રાપ્ત કરીને નવો વળાંક પામીને નિગૂઢજ્ઞાનની પ્રાપ્તિ કરી.

આ જ કારણ જૈનદાર્શનિકો રાગાદિની અલ્પતામાં જ્ઞાનની વાસ્તવિકતા કહે છે, રાગાદિની અધિકતામાં કહેવાતા પ્રાપ્તજ્ઞાનને મારક જણાવે છે.

ટૂંકમાં, ધનાદિની મૂર્ચ્છાનો ભાવ પણ આત્માને ભૂતપૂર્વસ્મૃતિ-જ્ઞાન થવા દેતું નથી, એ હકીકતમાં ઠાંસીને સાપેક્ષ સત્ય ભર્યું છે.★

આમ માત્ર જૈનાગામોમાં નહિ કિન્તુ લગભગ બધા જ દેશો અને

★ **अपरिग्रहप्रतिष्ठायां पूर्वजन्मकथन्तास्मरणम्** -પાતંજલ યોગદર્શન.

યુગોમાં ધાર્મિક પુસ્તકોમાં આત્માની અમરતાને સમર્થન આપવામાં આવ્યું છે. પુનર્જન્મ તો ઘણાં ધર્મોનો પાયાનો સિદ્ધાન્ત બન્યો છે. કેમકે પુનર્જન્મ છે માટે જ વર્તમાન ટૂંકા જીવનના ક્ષણિક ભૌતિક સુખોની ચિંતા પડતી મૂકીને જ્યાં જવાનું છે તેવી આત્માની અનંતયાત્રાના અગણિત જીવનોના સુખની કાળજી કરવાનું દરેક ધર્મના પાયામાં તત્ત્વ પડેલું છે. બેશક, વિજ્ઞાન હજી આ તત્ત્વનો તાગ પામી શક્યું નથી, છતાં એટલી તો જરૂર આનંદની બીના છે કે એ વિજ્ઞાન પણ હવે પુનર્જન્મની અને આત્માની અમરતાની સામે બંડ પુકારવાને બદલે એ વાતોનો વિચાર કરવામાં ગરકાવ તો બની ગયું છે.

અહીં એવી કેટલીક તદ્દન સાચી ઘટનાઓ રજૂ કરવામાં આવે છે કે જે આત્માની અમરતા તથા પુનર્જન્મના સિદ્ધાન્તને વૈજ્ઞાનિક કસોટી પર ચઢાવવામાં ઘણી સહાયક નીવડી શકે તેમ છે.

આબીદ કે ઈસ્માઈલ ?

(૧) આ પહેલી ઘટના ઈસ્તંબુલ (તુર્કી) માં બનેલી છે. ત્યાંના આત્મવિદ્યા તથા વૈજ્ઞાનિક સંશોધન પરિષદના અધ્યક્ષે પોતે આ ઘટનામાં ઊંડી તપાસ કરીને કહ્યું કે, "નિશ્ચિત આ આત્માના શરીરાંતરની (અન્ય શરીરની) ઘટના છે." આ ઘટનાનો અહેવાલ અધ્યાત્મકે વિજ્ઞાનવેત્તાઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં રજૂ કરવામાં આવનાર હતો.

ઈસ્તંબુલમાં એક છોકરો છે. એનું નામ ઈસ્માઈલ આતલિંકલિક. તુર્કીના મનોવૈજ્ઞાનિકોનો મત એ છે કે આ છોકરામાં છ વર્ષ પૂર્વે, દક્ષિણ-પૂર્વે તુર્કીના 'અદના' નામના ગામમાં માર્યા ગયેલા એક માણસનો આત્મા વસે છે. છેલ્લા ઘણાં મહિનાઓથી મનોવૈજ્ઞાનિકો તથા અધ્યાત્મ-વેત્તાઓ એની તપાસ કરી રહ્યા છે.

જે માણસની હત્યા કરવામાં આવી હતી તેનું નામ 'આબિદ સુજુલયસ.' તે પોતાની પાછળ ત્રણ બાળકોને મૂકી ગયો હતો. ગુલશરા, જેકી અને હિકમત. ચાર વર્ષનો ઈસ્માઈલ ક્યારેક ક્યારેક પોતાનાં એ બાળકોને જોવા વ્યાકુળ થઈ ઉઠે છે ત્યારે એમનાં નામ લઈ મોટેથી એમને બોલાવે છે. ઘણીખરી વાર તો એ સૂતો હોય ને સફાળો બેઠો થાય છે અને

બૂમ પાડે છે, 'ગુલશરા ! મારી દીકરી ! તું ક્યાં છે ?'

એક દિવસ ઈસ્માઈલના પિતા મહમૂદ આતલિંકલિકે એક વિચિત્ર દૃશ્ય જોયું. એમનાં ઘર આગળથી કોઈક રેકડીવાળો આઈસ્ક્રીમ વેચતો જઈ રહ્યો હતો. નાના ઈસ્માઈલે એને બૂમ પાડીને કહ્યું, "મહમૂદ, આ શું કરે છે ? પહેલાં તો તું શાકભાજી વેચતો હતો ને ?"

એ ઈસ્માઈલનો અવાજ અને એના શબ્દો સાંભળીને રેંકડીવાળો તો સજ્જડ થઈ ગયો. એનું નામ સાચે જ મહમૂદ હતું. તે બાળકને પૂછવા લાગ્યો. 'રે ! તને શી રીતે ખબર પડી કે હું પહેલાં શાકભાજી વેચતો હતો ?'

ઈસ્માઈલે કહ્યું, 'ભાઈ, હું આબિદ છું. મને ભૂલી ગયો કે ? તું મારી પાસેથી તો શાકભાજી ખરીદતો હતો ને !'

રેંકડીવાળો તો આ સાંભળીને હેબતાઈ ગયો. જેમ તેમ કરીને પોતાની ઉપર કાબૂ મેળવીને તેણે કહ્યું, "મને યાદ છે ત્યાં સુધી તો આબિદની હત્યા થયે છ વર્ષ થવા આવ્યાં !"પછી ઈસ્માઈલના પિતાએ પોતાના છોકરાની બધી વાત રેંકડીવાળાને કહી ત્યારે તેને જરા હોશ આવ્યા. હવે તે રોજ ઈસ્માઈલને આઈસ્ક્રીમની પ્લેટ મફત ખવડાવે છે.

આબિદ સુજુલયુસ અદના શહેરમાં રહેતો હતો. એક દિવસ તેને, તેની પત્નીને અને બે બાળકોને એક સાથે મારી નાખવામાં આવ્યાં હતાં. ઈસ્માઈલે એક દિવસ કહ્યું હતું, "મારાં ત્રણ બાળકો ગુલશરા, જેકી અને હિકમત હજી જીવતાં છે અને મારા ઘરમાં રહે છે. મારી પહેલી બેબી હાતિસ એમની સંભાળ લે છે."

આ વાતો સાંભળ્યા પછી એક દિવસ એક અખબારનો પ્રતિનિધિ ઈસ્માઈલને અદના લઈ ગયો. ત્યાં આબિદના ઘરમાં પહોંચતાં જ ઈસ્માઈલ અધીરો થઈ ગયો અને બૂમ પાડવા લાગ્યો. ગુલશરાએ બારણા પાસે તેને આવકાર્યો. એને જોતાં જ ઈસ્માઈલ અતિ સ્વાભાવિકતાથી બોલ્યો, "મારી બેટી ગુલશરા."

પછી રસોડામાં રાંધતી એક વૃદ્ધ સ્ત્રી પાસે તે દોડતો ગયો. અને એના ગાલને ચૂમીને પત્રકાર તરફ ફરીને તે બોલ્યો, "આ મારી પહેલી બીબી છે, હાતિસ !"

પત્રકારે પૂછ્યું કે, "તે હાતિસને તલ્લાક આપીને બીજી બીબી સાથે લગ્ન કેમ કર્યા ?' ત્યારે એણે જરાય અચકાયા વિના ઉત્તર આપ્યો, "શાહિરા વદારે ખૂબસૂરત હતી, ને વળી હાતિસને બાળક થતું ન હતું !"

આબિદના ઘરમાં ઈસ્માઈલ એવી રીતે ફરતો હતો કે જાણે એ એનું પોતાનું જ ઘર હોય. એને ખબર હતી કે કઈ વસ્તુ પોતે ક્યાં રાખી છે ! તે પ્રતિનિધિને તબેલામાં લઈ ગયો. ત્યાં પહોંચતાં જ એનો ચહેરો ઉદાસ થઈ ગયો. તેણે બતાવ્યું કે કેવી રીતે ૧૯૫૬ના જાન્યુઆરીની ૩૧મીએ આ તબેલામાં એને મારી નાંખવામાં આવ્યો હતો. એના પોતાના જ શબ્દોમાં સાંભળો : "અમારું કુટુંબ ઘણું સુખી હતું. અમે બધાને મદદ કરવા તૈયાર રહેતા. એક દિવસ રમજાન અને મુસ્તફા નામના બે ભાઈ બિલાલ નામના માણસને લઈને મારી પાસે આવ્યા અને કામની માગણી કરવા લાગ્યા. એમણે કહ્યું કે તેઓ કેસ્મિક ગજક નામના શહેરમાંથી આવતા હતા.

હું શાકભાજી ઉગાડવાનું કામ કરતો હતો એટલે મેં તેમને કામ ઉપર રાખી લીધા. ૩૧મી જાન્યુઆરીની સવારે રમજાને મને તબેલામાં બોલાવ્યો અને કહ્યું કે, "મારો ઘોડો લંગડાય છે." હું વાંકો વળીને ઘોડાનો પગ જોવા લાગ્યો. અચાનક મારા માથા ઉપર એક જોરદાર પ્રહાર થયો અને હું નીચે પડી ગયો. ત્યારપછી રમજાને કોઈ લોઢાની વસ્તુથી મારી ઉપર પ્રહાર કર્યો.

ઈસ્માઈલ આ હત્યાનું જેમ વર્ણન કરતો હતો, તેમ તેના માથા ઉપર પરસેવો વળવા લાગ્યો. એ વાતને યાદ કરતાં પણ એને મુશ્કેલી પડતી હતી. પછી તે પોતાના કુટુંબને લઈ આબિદની કબર પાસે જઈને બોલ્યો, "મને અહીં દાટવામાં આવ્યો હતો."

ઈસ્માઈલે આબિદની હત્યાનું જે વર્ણન કર્યું હતું તે હત્યા વિષે પોલીસે તપાસ કરીને જે અહેવાલ તૈયાર કર્યો હતો તેને તદ્દન મળતું આવતું હતું. પોલીસ-અહેવાલ પ્રમાણે રમજાન અને મુસ્તફા નામના બે ભાઈઓએ બિલાલ નામની વ્યક્તિની મદદથી આબિદ, એની પત્ની તથા જિલી અને ઈસ્મત (૩.વ.૬ અને૪)ની કુહાડીથી હત્યા કરી હતી. પણ

ખૂન કર્યા પછી ભાગી જવાનો તેમનો પ્રયત્ન નિષ્ફળ ગયો હતો. તેમને પકડી લેવામાં આવ્યા હતા અને અદાલતે તેમને પ્રાણદંડ કર્યો હતો. મુસ્તફા સજા ભોગવતાં પહેલાં જ જેલમાં મરી ગયો અને બાકીના બે ગુનેગારોને ફાંસી મળી.

ખૂનના આ બનાવે અદનામાં ભારે તોફાન મચાવ્યું હતું.

હવે ઈસ્માઈલને એના નામથી જ્યારે બોલાવવામાં આવે છે ત્યારે તે કહે છે, "મારું નામ આબિદ છે. એ એક પરચૂરણ દુકાનદારનું નવમું સંતાન છે."

ઈસ્માઈલ અઢાર મહિનાનો થયો ત્યારથી જ બોલવા લાગ્યો હતો, પણ આબિદના રૂપમાં વ્યવહાર કરવાનું એણે અઢી વર્ષની ઉંમરથી શરૂ કર્યું એના કાકાએ આવી ચિત્રવિચિત્ર ચેષ્ટાઓ જોઈ પહેલાં તો તેને ખૂબ ધમકાવ્યો, પછી તો માર્યો પણ ખરો. એને એમ હતું કે કાં તો છોકરો બદમાશી કરે છે, કાં તો એની અંદર કોઈ બીજાના આત્માએ પ્રવેશ કર્યો છે.

બાળક ઈસ્માઈલે પોતાના કાકાના આવા ક્રૂર વ્યવહારને પહેલાં તો શાંતિથી સહન કર્યો, પછી મોટેથી કહ્યું, "થોડા દિવસ પહેલાં તો તું મારા બાગમાં કામ કરતો હતો અને મારી સાથે 'રાકી' (તુર્કીનો એક શરાબ) પીતો હતો, હવે તું આવો કૃતઘ્ની બની ગયો."

કાકા તો સ્તબ્ધ જ થઈ ગયા. સાચે જ તેમણે તેમ કર્યું હતું.

ઈસ્માઈલને જ્યારે પડોશના છોકરાં રમવા માટે બોલાવે છે ત્યારે તે જવાબ દે છે, "છોકરાં સાથે રમવા જેવડો શું હું નાનો છું ? ભાગો અહીંથી."

તુર્કીનો નેકાટી :

(૨) પ્રો. બેનરજી સમક્ષ આવેલા કિસ્સાઓમાં તુર્કીનો એક કિસ્સો ખૂબ રસપ્રદ છે.

તુર્કીના 'ઓડાના' નામના ગામમાં નેકાટી નામનો સત્તર વર્ષનો એક છોકરો છે. એનું આખું નામ છે, 'નેકાટી ઉનલુકાસકીરન'. ગરીબ આરબ કુટુંબમાં જન્મેલો આ કિશોર પોતાની આગલા જન્મની વાત કહે

છે. આ છોકરો જન્મ્યો ત્યારે તેના માબાપે તેનું નામ મલીક રાખેલું. છોકરાના જન્મ પછી ત્રીજા દિવસે તેની માતાને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં આ નવજાત બાળક, માતાને પોતાનું નામ મલીક રાખવાને બદલે નેસીપ એવું નામ રાખવાની કાકલૂદી કરતું જણાયું. પણ આ માબાપે તો નામ બદલીને મલીકને બદલે નેકાટી રાખ્યું. કેમકે નેસીપ નામ તેમના નજીકના સગામાં બીજા છોકરાનું હતું. આરબ લોકોમાં એવો વહેમ છે કે સગામાં કોઈનું નામ હોય તે જ નામ નવજાત બાળકનું રાખીએ તો તે નામ અપશુકનિયાળ ગણાય.

નેકાટી જેવો બોલતાં શીખ્યો કે તરત જ એણે પોતાના આગલા જન્મની વાત કરવા માંડી. તેણે કહ્યું કે, "આગલા ભવમાં મારું નામ નેસીપ બુડાક હતું. હું મરસીનમાં રહેતો હતો. ત્યાં મારું ખૂન થઈ ગયું હતું."

નેકાટી ઉંમરમાં જરા વધારે થયો એટલે એ આગલા જન્મની વધુ વિગતો આપવા લાગ્યો. તેણે કહ્યું કે, "હું મારા આગલા જન્મમાં પરણેલો હતો અને મારાં બાળકો પણ હતાં. મારી પત્નીનું નામ ઝેહરા હતું. મારો દીકરો નાજાત મને બહુ વહાલો હતો. હું એને મારા ખભા ઉપર બેસાડીને બહાર ફરવા લઈ જતો. મારું ખૂન એહમદ રેન્કલીએ કર્યું હતું. તેણે મને તેના ઘરમાં ચા તૈયાર કરીને લઈ આવવાનું કહેલું, પણ હું ન લઈ આવ્યો એ કારણે અમારે ઝઘડો થયો, એમાં એણે મારું ખૂન કરી નાખ્યું. અહેમદે મને દાતરડું મારેલું. તેનાથી તેણે મારા માથાની પાછળ, મોં ઉપર, આંખ પાસે, છાતીમાં અને પેટ ઉપર ઘા કર્યા હતા.'

પોતે ખૂનનો ભોગ બનેલો નેસીપ બુડાક છે તેવું જાણ્યા પછી હવે નેકાટીને બધા નેસીપ કહીને જ બોલાવે છે. અને જ્યારે એને માર્યા ગયેલા નેસીપ બુડાકના ઘેર લઈ જવામાં આવ્યો ત્યારે તેણે તરત જ પોતાની પત્ની ઝેહરાને અને પોતાના બાળકોને ઓળખી કાઢ્યાં. તેમના સાચાં નામ પણ કહી આપ્યાં. સૌથી નાની છોકરીનું નામ તે ના કહી શક્યો કેમ કે તેનો જન્મ નેસીપના ખૂન પછી થયો હતો.

તેણે ઝેહરા સાથે એકવાર થયેલા ઝઘડાની વાત પણ કરી અને કહ્યું

કે, 'તે વખતે ગુસ્સામાં મારી પત્ની ઝેહરાના પગ ઉપર છરી મારી હતી.' તપાસ કરતાં જણાયું કે ઝેહરાના પગ ઉપર છરીના ઘાનું લાંબું નિશાન હતું. તેણે કહ્યું કે, "જે દહાડે મારું ખૂન થયું તે દિવસે ખૂબ વરસાદ વરસતો હતો, નેસીપ બુડાકની વિધવા પત્ની ઝેહરાએ કહ્યું કે, તે વાત તદ્દન સાચી છે."

જાતિસ્મૃતિના કિસ્સાઓ મુસ્લિમ કોમમાં બને એ વળી જાતિસ્મૃતિની વાતોની સત્યતાનો વધુ સબળ પુરાવો કહી શકાય, કેમકે મુસ્લિમો પુર્નજન્મના તત્ત્વજ્ઞાનમાં માનતા જ નથી. અને તેવા પ્રદેશમાં મુસ્લિમ બાળકો જાતિસ્મૃતિનો દાવો કરે તો એ સાચે જ જાતિસ્મૃતિ માટે ખૂબ મહત્ત્વનો પુરાવો કહી શકાય.

બાળક કરીમઉલ્લાહ :

(૩) પુનર્જન્મને આબાદ સિદ્ધ કરી આપતી બીજી પણ એક ઘટના મુસ્લિમ કુટુંબમાં બની છે.

ભારતનું વિભાજન થયા પછીની આ વાત છે. ઉત્તરભારતના 'બારેલા' શહેરની આ ઘટના છે. શ્રી હસમતઅલી અન્સારી નામના એક શિક્ષક ઈકરામઅલી નામના એક જમીનદારને ત્યાં એમના બાળકને ભણાવવા જતા હતા.

એકવાર અસમતઅલી પોતાના પાંચ વર્ષના બાળકને પણ સાથે લઈ ગયા. બાળકનું નામ હતું કરીમઉલ્લાહ. જમીનદારને ઘેર આવતાં જ છોકરો તો રાજી રાજી થઈ ગયો. એ સીધો જમીનદારના ઘરમાં પેસી ગયો, અને જાણે પોતાનું જ મકાન હોય તેવી રીતે ફરવા લાગ્યો. ત્યાં જ જમીનદારની વિધવા પુત્રી ફાતીમાને જોઈ. તરત જ તે દોડ્યો અને તેણીનો હાથ પકડી લઈને બોલ્યો, "અરે, ફાતીમા ! તું તો મારી બીબી છે. તું અહીં કેમ ચાલી આવી ?'

અજાણ્યા બાળકના મુખેથી પોતાનું નામ સાંભળીને જ ફાતીમા તો સજ્જડ થઈ ગઈ. થોડીવારે કરીમઉલ્લાહ પૂર્વજન્મની વાતો કરવા લાગ્યો. કોઈને પણ સાથે લીધા વગર બધા ઓરડામાં તે ફરી વળ્યો. પૂર્વજન્મની પત્ની ફાતીમાના ઓરડામાં જઈને પોતાની રોજની બેસવાની

ખુરશી ઉપર બેસી ગયો. ફાતીમાના પિતાને 'અબ્બાજાન અબ્બાજાન' કહી સંબોધવા લાગ્યો.

ફાતીમા પાન બનાવવા લાગી ત્યારે તેણે પણ કહ્યું, "મારે પાન ખાવું છે, મારું પાન બનાવતાં તો આવડે જ છે ને ?"

ફાતીમા આશ્ચર્ય વદને એ છોકરા સામે જોઈ રહી. એને એ વાતની યાદ હતી કે તેનો પતિ ફારુક પાંચ વર્ષ પૂર્વે જ મૃત્યુ પામ્યો હતો, અને આ બાળક પણ પાંચ વર્ષનું હતું.

આ વાતો જાણતાં જ પાડોશીઓ ભેગા થઈ ગયા. પછી તે છોકરાએ પૂર્વજન્મના સંબંધની અનેક વાતો કરી. એમાંની કેટલીક તો એવી પણ વાતો હતી, જે માત્ર ફાતીમા અને તેના પતિ ફારુક જ જાણતા હોય.

તે છોકરાએ બદાને કહ્યું કે, "મેં પાકિસ્તાનમાં વસતા મારા ભાઈને છ હજાર રૂપિયા મોકલ્યા હતા. ત્રણ હજાર રૂપિયા બેંકમાં જમા કરાવ્યા હતા. મારા ભાઈ લાહોરમાં વેપાર કરે છે. મારો વિચાર પણ ત્યાં જ જવાનો હતો. એ વિચાર મેં કોઈને જણાવ્યો ન હતો. આજે જ તમને જણાવું છું. મારા ભાઈનું નામ ઉમરઆદિલ છે. મારા સસરાને ત્યાં બંદૂકની ચોરી થઈ હતી."

આ બધું સાંભળીને બધા ચકિત થઈ ગયા કેમકે આ બધી વાત તદ્દન સાચી હતી. ફાતીમા કહે છે, "પુનર્જન્મમાં હું માનતી નથી પણ જ્યારે મારી આંખ સામે હું આ બધું જોઈ રહી છું ત્યારે હું હવે તેનો ઈન્કાર કરી શકતી નથી."

શેઠ કૃષ્ણગોપાલ

(૪) બરેલીના કાયસ્થ સજ્જન શ્રી છદામીલાલ સકસેનાને ત્યાં સુનીલ નામનો ચાર વર્ષનો એમનો પુત્ર હતો. ચાર વર્ષે પણ બોલતાં ન શીખ્યો એટલે માતાપિતા તેને બહેરો અને મૂંગો સમજવા લાગ્યા.

એકવાર પિતાએ સુનીલને કોઈ કામ સોંપ્યું. તેણે તરત કહ્યું, "મારા નોકરને બોલાવો, હું કામ નહિ કરું."

સુનીલને એકાએક આ રીતે બોલતો સાંભળીને સહુ આશ્ચર્ય સાથે આનંદ પામી ગયાં, પણ સાથે એ વિશેષ કુતૂહલ પણ થયું કે ઘરમાં

એકપણ નોકર ન હોવા છતાં સુનીલે નોકરની શી વાત કરી ?

જ્યારે તેણે પોતાની વાત કરી ત્યારે પણ તેણે જણાવ્યું કે "હું મારી પોતાની નિશાળમાં જ ભણીશ." પિતાએ ગુસ્સામાં કહ્યું "તારા બાપની નિશાળ ક્યાં છે ? હું તો ગરીબ છું અને સાધારણ નોકરી કરું છું."

સુનીલ તરત બોલ્યો, "તમારી નિશાળ ન હોય તો કાંઈ નહિ, પણ મારી પોતાની નિશાળ બદાયુમાં છે, હું સુનીલ નથી પણ બદાયુના જાણીતા ધનવાન શેઠ શ્રી કૃષ્ણગોપાલ છું. મારી બે નિશાળો અને શ્રીકૃષ્ણ ઈન્ટર કોલેજ છે, ત્યાં પ્રિન્સિપાલ ડો. પાઠક છે."

આ બધી વાત સાંભળીને તેના પિતા ખૂબ આશ્ચર્ય પામ્યા. તેમણે સ્વજન-સંબંધીઓને બોલાવ્યા. ગામનો કેટલોક અધિકારી વર્ગ પણ બોલાવ્યો. તેમની સમક્ષ સુનીલે ફરી બધી વાત કરી.

ત્યારબાદ બે-ત્રણ લબ્ધપ્રતિષ્ઠ ગૃહસ્થોની સાથે સુનીલને બદાયુ લઈ જવાબામાં આવ્યો.

કોલેજ પાસે આવતાં જ સુનીલ અંદર દોડી ગયો અને પ્રિન્સિપાલની ખુરશી ઉપર પાઠકને બદલે બીજા કોઈને જોતાં જ તે હેબતાઈ ગયો. તેણે કહ્યું, "આ પ્રિન્સિપાલ નથી."

સુનીલના પિતાએ તે ભાઈને પૂછ્યું કે, 'શ્રી પાઠક ક્યાં છે ?'

ત્યારે તે નવા પ્રિન્સિપાલે કહ્યું કે, હું તો બે વર્ષથી જ અહીં નિયુક્ત થયો છું. મારી પહેલાં પ્રિન્સિપાલ પાઠક હતા. તેમણે આ કોલેજમાં ૩૧ વર્ષ સુધી કામ કર્યું હતું. આ કોલેજના સ્થાપક શેઠ શ્રી કૃષ્ણગોપાલ યુવાનીમાં જ હાર્ટફેઈલ થયા હતા. તેઓ સંતાનહીન હોવાથી તેમના પત્નીએ એક છોકરો દત્તક લીધો છે, જે બધો વહીવટ સંભાળે છે.

ત્યારપછી બાળકને પહેલાંના પ્રિન્સિપાલના ઘેર લઈ જવામાં આવ્યો. પ્રિન્સિપાલને જોતાં જ સુનીલ તેમને વળગી પડ્યો. પછી કોલેજની વ્યવસ્થા અને ફેરબદલીની બાબતમાં કેટલીક મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી. બાળકના મોઢેથી આ બધી વાતો સાંભળીને લોકો દંગ થઈ ગયા.

પછી બાળકને તેની પૂર્વજન્મની પત્ની પાસે લઈ જવામાં આવ્યો. ત્યાં બાળકે પત્ની, સગાંઓ અને નોકરોને ઓળખી કાઢ્યા. બે વર્ષ

પહેલાં જ મૃત્યું પામેલા ડ્રાઈવર વફાતની બાબતમાં પણ ઝીણી પૂછપરછ કરી. **(-જનશક્તિ દૈનિક)**

આવા તો અનેકાનેક પ્રસંગો ભારતમાં અને ભારતની બહાર બની ચૂક્યા છે, કેટલાંકની નોંધ લેવામાં આવી છે, કેટલાંક વણનોંધ્યા વિસ્મૃતિના ગર્ભમાં ચાલ્યા ગયા છે.

શાન્તાદેવી :

(૫) વશીકરણથી પૂર્વજન્મની સિદ્ધિના પ્રકરણમાં શાન્તાદેવીના જાતિસ્મરણની વાતનો માત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એશિયાખંડમાં આ કિસ્સો સૌથી વધુ જાણીતો થયો છે. એમ કહેવામાં આવે તો તે અનુચિત નહિ ગણાય. આ કિસ્સાની સત્યાસત્યતા માટે અનેક ખ્યાતનામ વ્યક્તિઓએ ચકાસણી પણ કરી છે. દિલ્હીના નામાંકિત પંદર માણસોએ આ કિસ્સા પાછળ ભારે શ્રમ વેઠીને તેની પૂરી તપાસ કરી હતી. ત્યારબાદ તેમાંથી લાલા દેશબંધુ (મેનેજિંગ ડિરેક્ટર 'તેજ') પંડિત નેકીરામજી શર્મા તથા બાબુ તારાચંદજી વકીલ-એમ ત્રણ માણસોની કમિટી નીમવામાં આવી હતી. આ કમિટીએ એક અહેવાલ તૈયાર કરીને પ્રસિદ્ધ કર્યો હતો.

તેમાં જણાવ્યા મુજબ શાન્તાદેવી ચાર વર્ષ સુધી તો લગભગ મૂંગી જ હતી. ત્યારપછી તે જે કાંઈ બોલતી તેમાં પૂર્વજન્મની ઘટનાઓ જ કહેવા લાગી. જેમકે : "આવી મીઠાઈ હું મથુરામાં ખાતી, આવાં કપડાં હું ત્યાં પહેરતી. હું ચોબણ હતી. મારા પતિ એક બજાજ હતા. ઈત્યાદિ."

શાન્તાદેવીએ આવી ઘણી વાતો કરી. છેવટે તેણે મથુરા જવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી. તેણે કહ્યું, "મારા પિતાનું નામ કેદારનાથ ચોબે છે." તેણે તેમના મકાનનું ઠેકાણું બતાવ્યું. એ ઠેકાણે શાન્તાદેવીના કહેવા મુજબ તેના પતિ કેદારનાથને પત્ર લખવામાં આવ્યો. આશ્ચર્યની વાત છે કે થોડા જ દિવસમાં પં. કેદારનાથનો ઉત્તર આવ્યો. એમાં જણાવ્યું હતું કે, શાન્તાદેવીની વાતો સાચી છે. હાલ તો મારા ભાઈ કાંજીમલ દિલ્હીમાં છે. તેમને શાન્તાદેવીનો મેળાપ કરાવો."

ત્યારબાદ કાંજીમલની સાથે તેનો મેળાપ કરાવ્યો. એને જોતાં જ શાન્તાદેવીએ તેમને ઓળખી લીધા. અને કહ્યું કે, "તમે મારા દિયર છો." ત્યારપછી કાંજીમલે કેટલાંક પ્રશ્નો પૂછ્યા, જેના શાન્તાદેવીએ બરોબર જવાબ આપ્યા.

પછી તો તેના ભૂતપૂર્વ જન્મના પતિ કેદારનાથ પણ આવ્યા. સાથે તેમનો દસ વર્ષનો પુત્ર હતો. દીકરાને શાન્તાદેવી પ્રેમભરી આંખે જોઈ રહી. પછી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. કેદારનાથે પૂછેલા તમામ પ્રશ્નોના સાચા ઉત્તર મળ્યા. અશ્રુભરી આંખે તેમણે કહ્યું કે "મારી ખાતરી થઈ છે કે આ મારી પૂર્વજન્મની પત્ની જ છે." શાન્તાદેવીએ પુત્રને ઝડપથી રમકડાં લાવી આપ્યાં. શાન્તાદેવીએ મથુરા જવાની તીવ્ર ઈચ્છા દર્શાવી. "જો મને મથુરા લઈ જવામાં આવે તો, હું મારા પતિનું મકાન ઓળખી કાઢું." તેમ તેણે કહ્યું. પછી પોતાના મકાનનું, વિશ્રામઘાટનું, દ્વારકાધીશના મંદિરનું, રસ્તાઓ અને ગલીઓનું આબાદ વર્ણન કર્યું. જાણે કે તે ત્યાં વસેલી હોય. પોતાના મકાનમાં રૂપિયા દાટેલા છે એમ પણ કહ્યું.

શાન્તાદેવી તેના માતા-પિતા અને પ્રતિષ્ઠિત ગૃહસ્થો સાથે મથુરા જવા રવાના થયાં. ટ્રેનમાં બેઠા પછી શાંતાદેવી અસાધારણ પ્રસન્ન દેખાવા લાગી. મથુરા નજીક આવતાં તેના આનંદનો પાર ન રહ્યો. તે બોલ્યાં કે "જો ગાડી ૧૧ વાગે મથુરા પહોંચશે તો દ્વારકાધીશના મંદિરના પટ બંધ થઈ જશે." પટ બંધ થઈ જવા એ મથુરાની ખાસ ભાષા છે. સ્ટેશન આવતાં એના ચહેરા પર ગંભીરતા છવાઈ ગઈ. ટ્રેન પ્લેટફોર્મ પાસે આવી કે તે બોલી ઊઠી, "મથુરા આવ્યું."

"પૂર્વજન્મની જેને ખબર છે એવી શાન્તાદેવી મથુરા આવે છે." એ સાંભળી સ્ટેશન પર ઊતરી. અનેક માણસો આવ્યા હતા એ ભીડમાંથી એણે એક વૃદ્ધને ઓળખી કાઢ્યા અને શ્રદ્ધાપૂર્વક તેના ચરણને સ્પર્શ કર્યો. શાંતાદેવીએ કહ્યું કે, "આ મારા જેઠ છે." એ વૃદ્ધ પૂર્વજન્મનો જેઠ જ હતો. ભાડૂતી ટાંગામાં સૌથી આગળ શાંતાદેવી દેશબન્ધુની સાથે બેઠી. ટાંગાવાળાને કહી દેવામાં આવ્યું કે, "શાંતાદેવી કહે તે રસ્તે ટાંગો

ચલાવવો. રસ્તામાં જુદાં જુદાં મકાનો અને રસ્તાઓ અંગે શાંતાદેવીને પૂછવામાં આવતાં તેણે બરોબર જવાબ આપ્યા. કેટલાંક મકાન પહેલાં ન હતાં, હોલીગેટ પહોંચતાં પહેલાં જ તેણે હોલીગેટનો નિર્દેશ કરી દીધો. સ્ટેશનનો રસ્તો પહેલાં ડામરનો ન હતો એમ પણ જણાવ્યું. શાંતાદેવી ટાંગાવાળાને બરોબર રસ્તો બતાવતી રહી.

એક ગલ્લીમાં ટાંગો જતાં, ટાંગો ઊભો રખાવીને તે ઊતરી પડી અને ચાલવા માંડ્યું. સાથેના માણસો પાછળ પાછળ જવા લાગ્યા. અચાનક આશ્ચર્યજનક દૃશ્ય જોવામાં આવ્યું. તેણે એક વૃદ્ધને દૂરથી ઓળખી કાઢ્યા અને તે બોલી કે, "આ મારા શ્વસુર છે," શાંતાદેવીએ એ વૃદ્ધના ચરણોને સ્પર્શ કર્યો. એ બધું નૈસર્ગિક અને અકૃત્રિમ હતું. કાંઈ પણ મુશ્કેલી વિના પોતાના મકાનને શોધી કાઢવામાં તે સફળ થઈ. શાંતાદેવીએ મકાન બતાવ્યું. મથુરાના જવાબદાર માણસોએ પૂછ્યુંકે મકાનનું જાજરૂ બતાવી શકશો ? શાંતાદેવી તરત નીચે ઊતરી અને એક ક્ષણમાં જાજરૂ બતાવી દીધું ! કેમ જાણે ઘરની પરિચિત ન હોય ! સહુ આશ્ચર્ય પામ્યા. શાંતાદેવીએ એક ધર્મશાળામાં પૂર્વજન્મના ૨૫ વર્ષના ભાઈને, કાકાને અને સસરાને ઓળખી કાઢ્યા. તે વારંવાર કહેતી કે મથુરા અને તેના મકાનોથી તે પૂર્ણ પરિચિત છે. શાંતાદેવીએ વારંવાર બીજા એક મકાનમાં લઈ જવાને કહ્યું, જેમાં પૂર્વજન્મના કેટલાંક રૂપિયા દાટ્યા હતા. પછી રસ્તો બતાવતી આગળ ચાલી.

થોડીવારમાં તેણે જરા પણ મુશ્કેલી વિના મકાન ઓળખી કાઢ્યું. તેણે કહ્યું કે, "મારા પૂર્વજન્મનો મોટો ભાગ એ મકાનમાં વ્યતીત થયો હતો." તે વાત ખરી હતી. મકાને પહોંચતા તેણે એવી રીતે પ્રવેશ કર્યો કે જાણે આજે પણ તેની જ માલિકી હોય.

"તું દિલ્હીમાં કૂવા વિષે વાત કરતી હતી, તે ક્યાં છે ?' પં. નેકીરામે પૂછ્યું. તરત શાંતાદેવી આંગણામાં દોડી, પરંતુ જે જગ્યાએ કૂવા હતો, ત્યાં તે ન દેખાતાં જરા મૂંઝવણમાં પડી. તેણે કહ્યું, "આ જગ્યાએ કૂવો હતો. પરંતુ તેને પથ્થરની બંધ કરી દીધો લાગે છે." પં. કેદારનાથે પથ્થર દૂર કરી કૂવો બતાવ્યો. શાંતાદેવી રાજી થઈ. દાટેલું ગુપ્તધન

બતાવવા કહ્યું, તરત તે માળ ઉપર ગઈ. એક ઓરડામાં ગઈ, ત્યાં તે રહેતી હતી, એ ઓરડાને તાળુ હતું. ખોલીને અંદર જઈને એક ખૂણામાં ખોદવા કહ્યું. થોડું ખોદતાં તેમાંથી ગલ્લો તો નીકળ્યો, પરંતુ કોણ જાણે કેમ રૂપિયા ન હતા !

પછી યમુના નદી તરફ જતાં રસ્તામાં પૂર્વજન્મના માતાપિતાનું ઘર આવતાં તેણે એકદમ ઓળખી કાઢ્યું, એટલું જ નહિ પણ ૫૯-૬૦ માણસોમાંથી વૃદ્ધ માતા-પિતાને ઓળખી વળગી પડી. બધાં ખૂબ રડ્યાં. મથુરામાં એક સભા ભરાઈ. તેમાં દસ હજાર માણસો હશે. દિલ્હીમાં સભા મળી, જેમાં લાલા શ્રીરામજી, રાય બહાદુર રામકિશોરજી (વાઈસ ચાન્સેલર, દિલ્હી યુનિવર્સિટી) રાય બહાદુર એન. કે. સેન, શ્રીયુત્ અને શ્રીમતી અસફઅલી લાલા શંકરલાલ, લાલા દેશબન્ધુ આદિ અગ્રગણ્ય વ્યક્તિઓ હતી. શાન્તાદેવીની અદ્‌ભુત શક્તિનો અભ્યાસ કરવા તેણીને મનોવૈજ્ઞાનિકોની દેખરેખ નીચે રખાવી.

પાઈથાગોરાસ :

(૬) પાઈથાગોરાસના સંબંધમાં એમ કહેવાય છે કે તેમને પોતાનાં કેટલાંક પૂર્વજન્મોની વાત યાદ હતી ! તેમણે બતાવ્યું હતું કે ટ્રોયના યુદ્ધમાં તે યુફોર્બર્સ નામના યોદ્ધા હતા. તેની હત્યા મેનેલસને કરી હતી, તે પછી હાર્મોટિમસ નામના એક પ્રસિદ્ધ ભવિષ્યવેત્તાના રૂપમાં જન્મ્યા હતા અને તે પછીના બીજા જન્મમાં કૂકડાની યોનિમાં જન્મ્યા હતા !!!

આ વાતમાં પૂર્ણ સત્ય છે કે નહિ તેની જાણ નથી પરંતુ પાયથાગોરાસ જેવા ખ્યાતનામ વૈજ્ઞાનિક માટે આવી જ વાતો ગોઠવાઈ છે એથી જ અહીં તે જણાવવામાં આવેલ છે.

માત્ર ભારતીય દાર્શનિકો જ જન્મસ્મૃતિની વાતોમાં શ્રદ્ધા ધરાવે છે તેમ નથી કિન્તુ હવે તો ઘણાં અંગ્રેજો પણ આ વિષયમાં સ્પષ્ટ અનુભવ મેળવીને જાતિસ્મૃતિને માનતા થઈ ગયા છે. ઈંગ્લેન્ડનો નામાંકિત વિદ્વાન ઈમરસન કહે છે કે, "જીવન એક સીડી છે, ઉપર કોઈવાર આપણે ચઢીએ છીએ અને કોઈવાર નીચે ઊતરીએ છીએ."

એરિસ્ટોટલે લખ્યું છે કે, "જીવન પોતાના માટે હંમેશ નવાં નવાં

વસ્ત્ર બનાવતો રહે છે.''•

ઈસ્વીસનના આરંભમાં થયેલો અંગ્રેજ વિદ્વાન ઓરિજીન લખે છે કે, 'જે આત્માઓ શરીર લઈને આ દુનિયામાં આવ્યા પછી જે અપરાધો કરે છે તેનાથી તેમની હવે પછીની જન્મની અવસ્થા બગડે છે. એમની વર્તમાન અવસ્થા પણ તેમનાં પૂર્વકર્મોના કારણરૂપ છે.

રે ! રોમના પાદરીઓ નોમિસિઅસ, સાઈમેસિએસ અને હેલિરિ-અમ પણ ખુલ્લી રીતે પુનર્જન્મના સિદ્ધાંતને માનતા હતા. ફિલ્ડીંગ હોલે લખેલું 'ધ ઓલ ઓફ એ પીપલ' પુસ્તક ૧૮૯૮ની સાલથી ઈંગ્લેન્ડમાં ઘણું જાણીતું છે. એમાં લેખકે પોતે જોયેલા પૂર્વજન્મના અનેક કિસ્સાઓ ટાંક્યા છે.

એમાં એક કિસ્સો જોડિયાં બાળકોનો પણ છે. આ બાળકો કહેતાં કે, 'ગયા ભવમાં પોતે પતિ-પત્ની હતાં અને એકબીજા માટે બંનેને ઘણી મમતા હતી.'

બીજો કિસ્સો છે સાત વર્ષની એક બાળાનો, જેણે પોતાના પુનર્જન્મની વાત લેખકને જણાવી હતી. એ કહેતી હતી કે 'ગયા ભવમાં હું પુરુષ હતી અને મેરિયોનેટ થિયેટર ચલાવતી હતી. મેં ત્રણવાર લગ્ન કર્યું હતું. ત્રીજીવારની પત્નીએ મને ખભે ખંજર હુલાવી દઈને મારું ખૂન કર્યું હતું.'

સૌથી સૂચક વાત તો એ છે કે આ બાળા ત્રણ વર્ષની ઉંમરે કોઈપણ પ્રકારનાં શિક્ષણ વિના 'મેરિયોનેટ' પૂતળીને નચાવી શકતી અને એ વખતે વપરાતા કેટલાંક સંવાદો બોલી પણ જતી.

પ્રો. બેનરજીને સ્વીડનમાં એક સ્વીડીશ બાઈ મળી હતી. તેણે કહ્યું હતું કે તે આગલા જન્મમાં બનારસ રહેતી હતી અને એક વૈદ્યની સાથે લગ્ન કર્યું હતું. તેણે બીજી ઘણી વાતો પ્રો. બેનરજીને કહી હતી.

એવી જ રીતે તાજેતરમાં જ તેમણે ડેન્માર્કની મુલાકાત લીધી હતી. ત્યાં કોપનહેગનમાં સાત વર્ષની વયની એક ઈટાલિયન છોકરીનો તેમને ભેટો થયો. આ છોકરીના પિતા માર્કોની ડોક્ટર છે. તેઓ દવાની પેઢીમાં

• Reincarnation by Walker, P. 23, 27.

કામ કરે છે. તેમની દીકરી લીના ત્રણ વર્ષની થઈ ત્યારે તે પોતાના આગલાજન્મની વાત કરવા લાગી હતી. તેણે કહ્યું કે તેનું નામ મેરીયા હતું અને ફિલિપાઈન્સમાં રહેતી હતી. તેમને ઘરની રેસ્ટોરન્ટ હતી અને તે 'હાઈવે ફીફ્ટી ફોર' ઉપર આવેલા ચર્ચ ઓફ ક્રાઈસ્ટની નજીકમાં રહેતી હતી.

આ બધા પ્રસંગોમાં એજ જોવા મળે છે કે આત્મા અમર છે અને તેથી જ મૃત્યુ પછી પણ જીવન ચાલુ રહે છે, આ આત્મા એક દેહ મૂકી નવા દેહ માટે અન્યત્ર જન્મ ધારણ કરે છે અને તે નવા દેહમાં નવું જીવન જીવે છે.

આત્માની અમરતા વિષે બીજો પણ એક પ્રકાર વિચારી શકાય તેમ છે. સામાન્યતઃ તો આત્મા એક દેહ મૂકીને બીજો નવો જ દેહ ધારણ કરે છે, પરંતુ કવચિત્ તો એવું પણ બની જાય છે કે આત્મા એક દેહ મૂકીને બીજા કોઈના જૂના દેહમાં પણ પ્રવેશી જાય છે. ઈ.સ. ૧૮૭૪માં આનો એક અત્યંત સરળ પુરાવો મળી આવ્યો હતો. એ વર્ષે રશિયામાં એક અતિ ધનિક યહૂદી માંદો પડી ગયો. અને ૨૨મી સપ્ટેમ્બરે તો એની હાલત એટલી ગંભીર થઈ ગઈ કે છેલ્લી ઘડી આવી લાગી એમ માનીને લોકોએ પ્રાર્થના વગેરે કરવાનું શરૂ કરી દીધું. પણ પછી થોડી જ વારમાં એ સ્થિતિ સુધરવા લાગી. એણે એકવાર આંખ ખોલી ને પાછો થાક્યોપાક્યો હોય તેમ સૂઈ ગયો. બીજે દિવસે એ જ્યારે ઉંઘીને ઊઠ્યો ત્યારે એની સ્થિતિ તદ્ન જુદી જ હતી. ત્યારે એ પોતાનાં સગાંસંબંધીને ઓળખતો ન હતો અને એમની ભાષા પણ સમજી શકતો ન હતો. પોતાની માતૃભાષા ઈબ્રાની અને રશિયન ભાષા કરતાં કોઈક જુદી જ ભાષા એ બોલતો હતો. જ્યારે અરીસામાં પોતાનું મોં જોયું ત્યારે એણે જોરથી ચીસ પાડી અને ઘર મૂકીને ભાગવા લાગ્યો. ડોક્ટરોએ એને ગાંડો જાહેર કર્યો અને એક ઓરડામાં પૂરી દીધો. સ્વાભાવિક રીતે જ આ અદ્ભુત સમાચાર દાવાનળની જેમ ચારે બાજુ પ્રસરી ગયા. સરકારી ડોક્ટર એની તપાસ કરવા આવ્યા. હવે ખબર પડી કે એ અંગ્રેજી ભાષા તો બોલી શકતો હતો અને લેટિન લિપિમાં લખતો પણ હતો. આ ઉપરથી

એની ગાંડા હોવાની માન્યતા ખોટી પુરવાર થઈ. એટલે એને સેન્ટ પીટ્સબર્ગના ચિકિત્સાવિશ્વ-વિદ્યાલયમાં લઈ જવામાં આવ્યો. ત્યાં એણે કહ્યું કે, 'મારી સાથે આ એક વિચિત્ર રમત રમાઈ છે. હું ઉ. અમેરિકાના બ્રિટિશ કોલમ્બીઆના ન્યૂવેસ્ટ નગરનો રહેવાસી છું. મારું નામ ઈબ્રાહીમ ડરહમ છે. નહિ કે ઈબ્રાહીમ ચારકો. મારી એક પત્ની છે અને એક દીકરો છે. પહેલાં હું લંગડો હતો. આ શરીર મારું નથી, કોણ જાણે આ બધું શું થયું ?

એના આ કથનને આધારે ન્યૂવેસ્ટ નગરમાં તપાસ કરતાં માલૂમ પડ્યું કે ત્યાં પણ બરોબર આવો એકજ બનાવ બન્યો હતો. ઈબ્રાહીમ ડરહમ નામનો એક વેપારી ગંભીર માંદગીમાં પટકાયો હતો અને એ જ ૨૨મી સપ્ટેમ્બરે ગાંડો થયો હતો. એ પોતાને ઈબ્રાહીમ ચારકો તરીકે ઓળખાવતો હતો અને ઈબ્રાની તથા રશિયન ભાષા બોલતો હતો.

આ પ્રસંગની વિલક્ષણતાઓને વિચારવાનું બાજુ પર રાખીએ. અહીં તો એટલું જ જણાવવાનું કે આ પ્રસંગથી બે જુદા ખોળિયામાં પ્રવેશતો આત્મા દેહરૂપ નથી, પણ દેહથી ભિન્ન છે અને નિત્ય છે એ અવશ્ય સિદ્ધિ થાય છે.

પૂર્વે એ વાત કહેવાઈ ગઈ છે કે મુસ્લિમો પુનર્જન્મમાં માનતા નથી. પરંતુ આમ હોવા છતાંય શહેનશાહ ઔરંગઝેબ કે જે ખૂબ જ ધર્માંધ હતો તેણે આ 'શાહનામા'માં એવું વિધાન કર્યાનું ક્યાંક વાંચવા મળ્યું છે કે, "પુનર્જન્મના કેટલાંક અહેવાલોની સત્યતા વિષે તેમણે જાતે ચોકસાઈ કરી છે."

જોઆના અને જેકવેલીન :

લંડનના નાનકડા પરગણા હેક ગામના એક શાંત લત્તામાં બે બહેનો અગિયાર વર્ષની જોઆના અને છ વર્ષની જેકવેલીન, રવિવારની સવારે હાથમાં હાથ પરોવી દેવળ તરફ જઈ રહી હતી. અચાનક જ ઝડપથી ધસી જતી એક મોટરની હડફેટમાં એ બંને આવી ગઈ અને કરુણ અકસ્માતનો ભોગ બની.

ઈંગ્લેન્ડના રહેવાસી, આ છોકરીઓના પિતા પિસ્તાળીસ વર્ષના

જોન પુલોક માને છે કે, 'અમારી બે પુત્રીના મરણ પછી સત્તર મહિના બાદ, મારી પત્નીએ જ્યારે બે જોડિયા છોકરીઓને જન્મ આપ્યો ત્યારે મને ચોક્કસ લાગ્યું કે એ બંને બહેનો અમને પાછી મળી છે.'

અકસ્માત્ મૃત્યુ પામેલી લંડનની બે છોકરીઓ એ જ કુટુંબમાં પુનર્જન્મ પામી છે, અને પૂર્વજન્મની તેમની યાદદાસ્ત એવી જ જળવાઈ રહી છે, એટલું જ નહિ પણ આ બે જોડિયા બહેનોની ખાસિયતો પણ તેના જેવી જ ધરાવે છે. એવું જાણવા મળતાં એ વિષે ઊંડી તપાસ કરવા માટે રાજસ્થાન વિશ્વવિદ્યાલયના માનસશાસ્ત્ર વિભાગના વડા બેનરજીએ બે વર્ષનું સંશોધનકાર્ય હાથ ધર્યું છે.

જયપુરના આ તરવરિયા જુવાન અભ્યાસી પ્રાથમિક તપાસ માટે ઈંગ્લેન્ડ ખાતે આ બંને જોડિયા છોકરીઓ અને તેમના વાલીઓની ઊડતી મુલાકાત લઈ આવ્યા છે. ડો. બેનરજી બાર વર્ષથી આગલા જન્મની યાદદાસ્ત ભૂંસાઈ ન હોય એવા પુનર્જન્મના કેટલાંક વિરલ કિસ્સાઓનો અભ્યાસ કરી રહ્યા છે.

પૂર્વજન્મની આવી દીર્ઘ યાદદાસ્ત અવકાશયાત્રાના આયુગમાં ઘણી જ ઉપયોગી થઈ પડી છે.

ડૉ. બેનરજી કહે છે કે, "છેલ્લાં બાર વર્ષના સંશોધન દરમ્યાન જોવા-જાણવા મળેલા ૩૦૦ કિસ્સાઓમાંથી લંડનનો આ બે છોકરીઓનો કિસ્સો રસપ્રદ છે, જેમાં પૂર્વજન્મની સ્મૃતિ આટલી સતેજ હોય."

સાત વર્ષની આ જોડિયા બહેનોના પિતા માને છે કે આ બંને છોકરીઓ ૧૯૫૭ના મે માસમાં રસ્તા ઉપર અકસ્માત થતાં મરણ પામેલી તેમની બે પુત્રીઓ જ છે. જે મૃત્યુ પછી સત્તર મહિને જોડિયા બહેનોના સ્વરૂપે ફરી પાછી એમનાં કુટુંબમાં જન્મી છે.

ડો. બેનરજી આ બે છોકરીઓને ગઈ ઈસ્ટર વખતે, એપ્રિલની અગિયારમીએ ઈશાન ઈંગ્લેન્ડના તેમના નોર્થમ્બરલેન્ડ ખાતેના જેસ્મંડ ટેરેસમાં મળ્યા હતાં. છ કલાકની આ મુલાકાત વખતે બંને છોકરીઓ અને તેમનાં માતા-પિતાએ કરેલાં નિવેદનનું તેમણે ટેપરેકોર્ડિંગ કરી લીધું હતું.

આ પછી પણ ડો. બેનરજીએ આ છોકરીઓને મળીને તેમની

પાસેથી વધુ વાતો સાંભળી. હવે તેમના માનસિક વિકાસનો અભ્યાસ ચાલુ જ રાખીને આ વિષે સતત સંશોધન કરવા વિચારે છે.

સોનેરી વાળ અને વાદળી આંખોવાળી આ બંને જોડિયા બહેનોનાં નામ છે જેનીફર અને ગીલીઅન. તેમના પિતા જોન પુલોક સેલ્સમેન છે. અકસ્માતમાં મરી ગયેલી તેમની બે પુત્રી જોઓના અને જેકવેલીનના પુનર્જન્મ વિષે તેઓ કેવી રીતે માનતા થયા એ સમજાવતાં શ્રી પુલોક કહે છે કે, "હું રોમન કેથોલિક છું અને અમારો ધર્મ પુનર્જન્મ માનવાની મનાઈ કરે છે, પણ મેં અને મારી પત્નીએ આ જોડિયા બહેનો પાસેથી જે જોયું અને જાણ્યું એ પછી અમે અમારા ધર્મ સાથે સહમત થઈ શકીએ તેમ નથી.

જોડિયા પુત્રીઓને મારી પત્નીએ જન્મ આપ્યો તે પહેલાં જ મને થયા કરતું હતું કે મરણ પામેલી અમારી પુત્રીઓ અમને જરૂર પાછી મળવાની છે. જોકે મારી પત્ની એ વિષે માનતી ન હતી.

જેનીફર જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેની વર્તણૂંક જેકવેલીનને વધુને વધુ મળતી આવતી અમે જોઈ. તેણે પણ લેખનમાં રસ દર્શાવવા માંડ્યો અને પેન કે પેન્સિલ જમણાં હાથની વચ્ચેની બે આંગળીથી પકડી મુઠ્ઠીથી દબાવીને લખવાની તેની આદત પણ બિલકુલ જેકવેલીનને મળતી આવતી હતી.

ગીલીઅનની ટેવ જોઆનાને એવી રીતે મળતી આવતી ગઈ કે એમને એ જોઈને આશ્ચર્ય થવા માંડ્યું. જોઆનાની જેમ તેને પણ નાના બાળકો પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તે પણ નાની બહેનોને હાથમાં હાથ પરોવીને બધે લઈ જતી. ગલીઅનનો પાતળો લાંબો બાંધો, ચપળ રીતભાત અને બોલવા-ચાલવાની ઢબ જોઈને એમ જ થાય કે આ જોઆના જ છે !

ઘણી વખત ગીલીઅન અમને અચંબો પમાડી દેતી. જે વાતની કોઈને જ ખબર નહોતી તે અકસ્માતની વિગત કહેતી હોય એવી રીતે એ જેનીફરનું મોઢું તેના બે હાથ વચ્ચે રાખીને ઝીણવટથી બતાવતી કે મોટર સાથે અથડાયા પછી જેકવેલીનના મોઢા પર ક્યાં ક્યાં ઈજા થઈ હતી તેનું

બયાન એ અકસ્માત્ સાથે રજે રજ મળતું આવતું.

એક દિવસ અમે સ્ટોર-રૂમમાં હતાં ત્યારે જોઆના અને જેકવેલીનના મૃત્યુ પછી મેં ત્યાં મૂકી દીધેલી રમકડાંની એક પેટી ગીલીઅનની નજરે ચડી ગઈ. તેમાં ઢીંગલીનાં કપડાં સૂકવવાની દોરી જોઈને એ ખૂબ આનંદમાં આવીને બોલી ઊઠી, "જુઓ ડેડી, આ તો મારી દોરી છે." ખરી રીતે એ દોરી જોઆનાની હતી.

જેનીફર પણ ત્યાં હતી, પેટીમાંથી બે ઢીંગલી મળી હતી તેમાંથી એક જેકવેલીનની હતી. ઢીંગલી પર નજર પડતાં જ જેનીફરે બૂમ પાડવા માંડી, 'આ મારી મેરી મને આપો !' ખૂબીની વાત એ છે કે જેકવેલીને આ ઢીંગલીનું નામ મેરી પાડ્યું હતું અને જેનીફરે તો એને પહેલી વખત જ જોઈ છતાં તેણે બે ઢીંગલીમાંથી પોતાની ઢીંગલી ઓળખી લીધી અને તેનું નામ સુદ્ધાં તે બોલી ઊઠી."

ચકિત કરી દેતા આવા અનેક પ્રસંગોનું વર્ણન કરતાં શ્રી પુલોક કહે છે, "એકવાર ઘરનું રંગકામ કરતી વખતે મેં પત્નીનો જૂનો સફેદ લીનનનો કોટ પહેર્યો. અકસ્માત્ થયા પછી કોઈ વખત આ કોટ વાપરવામાં આવ્યો ન હોતો. જેનીફરે આ કોટ જોયો કે તરત પૂછ્યું, 'અરે ડેડી ! મમ્મી જે કોટ, શાળાએ પહેરીને આવતી એ તમે કેમ પહેર્યો ?' હું આ સાંભળીને વિચારમાં પડી ગયો, કારણ આ એ જ કોટ હતો કે જે મારી પત્ની જેકવેલીનને શાળાએ લેવા જતી ત્યારે પહેરી જતી !'

અકસ્માતમાં અમે બે પુત્રી ખોઈ છે એમ અમને કદી લાગ્યું જ નથી. કદાચ એ વાત તમને માનવામાં નહિ આવે, પણ મારે તો જે હોય તે પ્રામાણિકપણે કહેવું જોઈએ. હું એ હળવી રીતે નથી કહેતો. અમો એ છોકરીઓની કબર પર પણ નથી જતાં કારણ કે અમને નથી લાગતું કે અમારી પુત્રીઓ હવે ત્યાં પોઢેલી છે. અમને એમ લાગે છે કે તે બંને જોડિયા બહેનોના સ્વરૂપે અમારી પાસે જ છે. હું ઘણી વખત આ વિષે ઊંડો વિચાર કરવા ધારું છું પણ તમે જે તમારી આંખોની સામે જુઓ છો, કાનેથી સાંભળો છો તેને કેવી રીતે નકારી શકો ?"

આ જોડિયા બહેનોના પુનર્જન્મના અદ્‌ભુત કિસ્સા વિષે સંશોધન

કરનાર ડો. બેનરજી એકલા જ નથી. અમેરિકાની વરજીનિયા યુનિવર્સિટીના પ્રોફેસર ડો. ઈયાન સ્ટીવનસન, જેઓ માનસશાસ્ત્ર અને જ્ઞાનતંતુઓના અભ્યાસી છે, તેઓ પણ આ વિષે વધું સંશોધન કરવા આ કુટુંબના સતત સંપર્કમાં રહે છે. ત્રણ વર્ષ પહેલાં ડો. સ્ટીવનસન પુલોક કુટુંબ સાથે બે દિવસ રહ્યા હતા. અને આ જોડિયા બહેનોની મુલાકાત દ્વારા પુનર્જન્મ વિષે તેમણે ખૂબ જ ઊંડો રસ દાખવ્યો હતો.

બંને જોડિયા બહેનોની મુલાકાત માટે પૂરતી તક આપવા વિષે પુલોક કહે છે કે, "અત્યાર સુધી પુનર્જન્મ વિષે જરા પણ શંકા વિના પૂરેપૂરી માન્યતા કોઈ ધરાવતું નથી. આ વિષે મારા વાંચન અને અનુભવ દ્વારા આ બંને જોડિયા બહેનોનો સાથ લઈને પુનર્જન્મની માન્યતા વિષે હંમેશને માટે એક સર્વમાન્ય સમાધાન કરાવવા મારાથી બનતો બધો જ સહકાર આપવા મારી ઈચ્છા છે. પુનર્જન્મનો કોયડો બીજગણિતના અટપટા પ્રશ્ન જેવો છે. જેના ઉકેલ માટે તમે અનેક વખત જુદી જુદી રીતે કોશિશ કરો, છતાં સર્વમાન્ય કહી શકાય એવો નિકાલ ન લાવી શકો.

"આ જોડિયા બહેનો પણ મોટી થતાં પુનર્જન્મ વિષે આપણને પૂછશે અને ત્યારે સમજપૂર્વકના જવાબ આપવા આપણે તૈયાર રહેવું જોઈશે."

શ્રીમતી પુલોક કહે છે કે, "આ પુનર્જન્મ વિષે હું જોન જેટલી ઉંડે ઊતરી નથી. શરૂઆતમાં તો એ માટે મને સમય ન હતો, પણ મારી જોડિયા પુત્રીઓએ જે સરખામણું બતાવવા માંડ્યું તે જોઈને હું પણ વિમાસણમાં પડી ગઈ.

હવે જ્યારે આટલું બધું મળતાપણું જોઈએ છીએ ત્યારે હું એમ માનું કે પુનર્જન્મની માન્યતા વિષે નિષ્ણાતોએ સાથે મળીને એક અથવા બીજી તરફનો નિર્ણય કરી બતાવવો જોઈએ. મને એમ લાગે છે કે જોડિયા બહેનો જ ખરેખર આ દિશામાં સૂઝ પાડે તેવા વ્યાવહારિક માર્ગ પર પ્રકાશ ફેંકશે."

('ચિત્રલેખા' માંથી સાભાર)

મોટામાં મોટી બહુમતી ધરાવતા વિશ્વના બે ધર્મોના પ્રતિપાદક ગ્રંથો-કુરાન અને બાઈબલની શ્રદ્ધાને પણ પુનર્જન્મના કિસ્સાઓની પસાર થતી વણઝારે હલબલાવી મૂકી છે તે વખતે ભગવાન જિનેશ્વરોનાં

આગમવચનો પરિપૂર્ણ સત્યસ્વરૂપમાં બહાર આવે છે.

આર્યોની મહાસંસ્કૃતિને ઉથલાવી નાંખવા માટે જેમણે કમર કસી છે એ દંભી ધર્મપ્રચારકોને આર્યધર્મના રક્ષકોએ સાફ સાફ શબ્દોમાં સુણાવી દેવું જોઈએ કે, "તમે તમારું ઘર સંભાળીને બેસી રહો. બીજાઓનો વિનાશ કરવાના ક્રૂર મનસુબાઓને શાંત પાડો, તમે યોગ્ય રીતે જીવો અને સહુને જીવવા દો."

મોટામાં મોટી કમનસીબીની તો વાત એ છે કે, આપણે જ આપણી જાતને 'શકોરું લઈને ભીખ માગવા યોગ્ય' માની લીધી છે. જાજરમાન મહાસંસ્કૃતિની શ્રીમંતાઈ વારસામાં મળી હોવા છતાં, મહાસત્યનાં પ્રતિપાદક શાસ્ત્રો આપણી જ પાસે હોવા છતાં, જીવનના પાયાના પ્રશ્નો જેવા સુખદુઃખનું મૌલિક તત્ત્વજ્ઞાન આપણાં જીવનમાં વણાયેલું હોવા છતાં પશ્ચિમના દેશોની અંધભક્તિએ આપણને દીનહીન અને ક્ષીણ બનાવ્યા. અફસોસ ! આપણે દુનિયાને ઓળખી, પણ જાતને જ વીસરી ગયા.

ખેર, હજી જાગીએ. મોડું તો થયું જ છે છતાં 'ઘણું બધું મોડું નથી થયું' એમ સમજીને બેઠા થઈ જઈએ.

સિંહ સૂતો છે ત્યાંસુધી જ ઉંદરોનું જોર છે. એના સળવળાટમાં જ લાખો ઉંદરો ઊભી પૂંછડીએ નાસભાગ કરે.

મર્દ છીએ તો મર્દ કેમ ન બનીએ ? સત્યવાદી શાસ્ત્રો આપણી પાસે જ છે, તો એ સત્યને શિર કેમ ન ઝુકાવીએ ?

શા માટે આત્માના એકાન્ત ક્ષણિકત્વની વિચારણા પણ કરીએ ?

શા માટે પરાયા જ્ઞાનના રવાડે ચડીને મગજને કોહાવી નાંખીએ ?

ઉછીનું કશુંય લેવા જવું જ શા માટે ? બધુંય આપણી પાસે છે ત્યાં !

પરાયી પ્રીત કરવી જ શા માટે ? અભંગ પ્રીત કરનારાં મહાસત્યો આંગણે જ ઊગ્યાં છે ત્યાં !

વંદન કરો, આત્માની અમરતાને.

વંદન કરો, પૂર્વજન્મ અને પૂર્વજન્મની સત્યતાને રમતવાતમાં સમજાવી દેતાં ભગવાન મહાવીરના જિનાગમોને !

●

૮. વિશિષ્ટ શક્તિથી આત્મસિદ્ધિ : પુનર્જન્મવાદ

ઉર્ધ્વવિકાસને પંથે જતો માનવ, મહામાનવ અને પૂર્ણમાનવ બનવાનાં સ્વપ્નો સેવતો જ રહે છે.

પ્રાચીન સ્પાર્ટાથી માંડીને તે નાઝી જર્મની સુધી 'માસ્ટર રેઈસ'નાં સ્વપ્નો પણ સેવાયાં છે. નિત્સે જેવાં ચિંતકોએ માનવજાતનો મામલો સમાલવા માટે મક્કમ મનોબળવાળા પુરુષોની કલ્પના પણ કરી છે.

આ બધી કલ્પનાઓ અને આવા બધાં ખ્યાલોને આપણે ગમે તેટલા દૂર હડસેલી મૂકીએ કે હસી નાંખીએ છતાંય એ વાત તો નિશ્ચિત છે કે ઉર્ધ્વમુખી દિશાનો યાત્રી પોતાના વિકાસના તબક્કાઓમાંથી પસાર થતો પૂર્ણશક્તિની ટોચે અવશ્ય પહોંચે છે. પૂર્ણ તત્ત્વજ્ઞાનનું સ્વામિત્વ અવશ્ય પામે છે.

માંસલ મહાકાય અને મગરૂર માનસ આ દુનિયામાં કદાચ મળે કે ન મળે એની કોઈ મહત્તા નથી, પરંતુ સ્વસ્થ આત્મા તો આ વિશ્વની પ્રાથમિક જરૂરિયાત છે. તેના વિના સુખનો રાહ કોઈ બતાવી શકે તેમ નથી. આજે તો સ્વસ્થ આત્માના દર્શન અલભ્ય થયાં છે કે જે સુખનો અફાટ સાગર હોય, જ્ઞાનનો અનંત નિધિ હોય, ત્રિકાલદર્શી હોય.

પણ આવા અનંતજ્ઞાનના અસ્તિત્ત્વની આછીપાતળી કલ્પના કરાવી જાય તેવા વિશિષ્ટજ્ઞાનવાળા બાળમાનવો ક્યાંક ક્યાંક જોવા મળી જાય છે ખરાં. એ વખતે એમ થઈ આવે છે કે જો જ્ઞાનની કક્ષાઓમાં વિધવિધ તારતમ્યો હોય અને જ્ઞાનનાં જળ વધુ ને વધુ વિસ્તાર પામતાં હોય તો એવો જ્ઞાનનો અનંતસાગર પણ ક્યાંક કોઈ અંતરમાં જરૂર હોઈ શકે.

આની સાથે સાથે બીજી પણ એક વાત સ્મરણપટે ચડી જાય છે કે જે બાળમાનવોને એવા જ્ઞાનની કોઈ શિક્ષણશાળામાં કદાપિ મૂકવામાં આવ્યાં નથી, રે ! એવી શિક્ષણશાળાનાં જેમણે દર્શન પણ કર્યા નથી તે બાળકોમાં આટલી બધી બુદ્ધિમત્તા આવી ક્યાંથી ? શું ભણ્યા વિના આવું

પાણ્ડિત્ય કદાપિ આવી શકે ? જો આવી શકતું હોય તો બધાયને કેમ ન આવે ? પ્રયત્ન સિવાય બોધ થઈ શકતો નથી, એવું સર્વત્ર જોવા મળે છે. તો તે અપવાદરૂપ આ બાળમાનવોનું શું સમજવું ? કારણ વિના જ કાર્ય થઈ જાય ખરું ! ના, ના. તો પછી આ બાળમાનવો ૩-૪ વર્ષની ઉંમરમાં સમર્થ પાણ્ડિત્ય પામ્યા શી રીતે ?

સાચે જ આ પ્રશ્ન સામે પાશ્ચાત્યદાર્શનિકો મુંઝારો અનુભવશે, પરંતુ પૌરસ્ત્યદાર્શનિકો તો તરત ઉત્તર આપી દેશે કે વર્તમાનજન્મમાં એ પ્રયત્ન ભલે નથી, પરંતુ જન્માંતરમાં એવા પ્રયત્નો જરૂર હતાં. અહીં પણ પ્રશ્ન થાય કે શું લંડનની ભૂમિમાં બીજ વાવવાથી ભારતમાં એનું વૃક્ષ બને ? જન્માંતરનો પ્રયત્ન આ જન્મમાં એનું ફળ આપે ? આનો ઉત્તર બહુ સ્પષ્ટ છે કે બે જીવનના દેહ જુદા હોવા છતાં આત્મા તો બેયમાં એકજ છે. જે આત્મામાં જન્માન્તરના પ્રયત્નનું બીજ પડ્યું છે એજ આત્મા વર્તમાનજન્મ પ્રાપ્ત કરીને નવાદેહમાં રહીને એ પ્રયત્ન ફળ પામે છે.

આ બધી વાત ઉપરથી તો એજ વાત ફલિત થાય છે કે બાળમાનવોની વિશિષ્ટ બુદ્ધિમત્તા જ આત્માને દેહથી ભિન્ન માનવાનું કહે છે. એનો પૂર્વજન્મ સ્વીકારવાનું પણ જણાવે છે. ટૂંકમાં, આત્માનું દેહથી ભિન્ન(સ્વતંત્ર) આત્મા તરીકેનું અસ્તિત્ત્વ સિદ્ધ કરી આપે છે.

કેટલા હશે જગતના એવા વિશિષ્ટ શક્તિમાન બાળમાનવો ?

એક ગણતરી મુજબ તો દરેક દેશમાં ૨૦ બાળમાનવો વસે છે. આ બધા બાળમાનવો એવી ચોંકાવનારી વાતો રજૂ કરે છે કે વિજ્ઞાન તો હજી પણ આનો ઉકેલ મેળવવા માટે ચંચુપાત માત્ર કરી શકવા ભાગ્યશાળી નીવડ્યું લાગે છે.

બાળ બુદ્ધિમાનો તરીકે જેઓ પંકાયા છે તેમાંના લગભગ બધાયે સામાન્ય બાળકોની જેમજ જીવનની શરૂઆત કરી હોય છે. સંશોધનને પરિણામે એવું પણ જાણવા મળ્યું છે કે એમાંનાં કેટલાંકને તો ઘણાં લાંબા સમય પછી બોલતાં આવડ્યું છે.

'પેરિસ સ્કૂલ ઓફ એન્થોપોલીજી'ના પ્રો. રોબર્ટ તોકવેત જણાવે છે કે, "આ પ્રકારનું બાળક ત્રણવર્ષની વય સુધી તો સ્વપ્નમાં જ ખોવાયેલું

હોય છે. અને તેને પોતાની આસપાસ શું બની રહ્યું છે એનો ખ્યાલ સુદ્ધાં હોતો નથી.

પછી તદ્દન અચાનક રીતે માબાપના ભારે આશ્ચર્ય વચ્ચે આવું બાળક અજબ બુદ્ધિ બતાવવા માંડે છે.

અહીં એવા કેટલાંક બાળ-બુદ્ધિમાન માનવોના પ્રસંગો જોઈએ.

(૧) સરોજબાળા :

દાહોદમાં ૯॥ વર્ષની બાલિકા કુમારી સરોજબાળાએ ત્રણ દિવસમાં જાહેરમાં હજારો માનવોની મેદની સમક્ષ વેદ, પુરાણ, રામાયણ, ગીતા, મહાભારત, ઉપનિષદ્, પુરાણો, મનુસ્મૃતિ વગેરેનું કોઈપણ પુસ્તક સાથે રાખ્યા વિના પારાયણ કરી દેખાડીને લોકોને મન્ત્રમુગ્ધ કરી દીધાં હતા.

સરોજબાળા પણ અંતે તો બાલિકા જ છે ને ? એટલે જેવી એ વ્યાસપીઠ ઉપરથી ઊતરે કે તરત છોકરા સાથે રમવાનું શરૂ કરી દે છે.

તેના પિતા શ્રીશ્યામચરણજી રાજસ્થાનના વતની અને હાલમાં સુરત રહે છે. સરોજબાળાનો જન્મ ૧-૧૧-૧૯૫૬ના થયો છે. જ્યારે તે ૨॥ વર્ષની હતી ત્યારે તેણે કહ્યું કે, "પૂર્વજન્મમાં રાજસ્થાનમાં એક આશ્રમમાં બ્રાહ્મણને ત્યાં મારો જન્મ થયો હતો." તેના પિતાએ તેની વાત ઉપર ધ્યાન આપ્યું નહિ, પણ થોડા જ દિવસ બાદ તે ગાયત્રીના પંદર મંત્રો બોલી ! તેના પિતા કહે છે કે મેં તેને ફક્ત બારાખડી શીખવી છે. હજી શાળામાં પણ મોકલી નથી.

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદની સાથે કુ. સરોજબાળાનો પરિચય કરાવ્યો તે વખતે કેટલાંક પંડિતો હાજર હતા અને શ્લોક બોલી રહ્યા હતા, પણ તેમાં ઉચ્ચારશુદ્ધિ ન હતી એટલે તરત જ સરોજબાળાએ તે ભૂલો સુધારી હતી.

ત્યારપછી તો જુદા જુદા સ્થળે રામાયણ, ગીતા, મહાભારત, પુરાણો, ઉપનિષદ્ વગેરે ઉપર અસ્ખલિત પ્રવાહધારાની જેમ પ્રવચનો કરે છે.

(સંદેશ, તા. ૨૭-૭'૬૬)

આ કિસ્સામાં અદ્‌ભુત શક્તિથી તથા સરોજબાળાના પોતાના જ કહેવાથી પૂર્વજન્મની સ્પષ્ટ સાબિતી થઈ જાય છે.

(૨) કલ્પના :

બીજો પણ કલ્પના નામની ત્રણ વર્ષની એક બાળાનો કિસ્સો જાણવા જેવો છે.

મુરાદાબાદના સ્વામી ગોપાલતીર્થના આશ્રમમાં આ બાળાએ પછીથી અભ્યાસ કર્યો હતો. આ બાળાનો જન્મ તો ૧૯૫૩ના જાન્યુઆરી માસમાં થયો હતો. જ્યારે તે ત્રણ વર્ષની હતી તે વખતે તેના ગુરુ જે વેદમન્ત્રોના પાઠ કરતા હતા તેમની પણ તેણે ભૂલો સુધારી હતી. પછી થોડાક માસ બાદ બીજા બે પંડિતોની પણ તેણે ભૂલો સુધારી હતી.

આ બાળાએ થોડા વખત પહેલાં રાજસ્થાનના રાજ્યપાલની રૂબરૂમાં પોતાનું વેદજ્ઞાન પ્રગટ કર્યું હતું. આ બાળાને ચારેય વેદ કણ્ઠસ્થ છે. વેદમંત્રોના ઉચ્ચાર ઘણાં અઘરા છતાં વગર શીખ્યે જ આ બાળા એક પણ ભૂલ કર્યા વિના અસ્ખલિત રીતે વેદમંત્રો બોલી શકે છે.

જયપુરના પંડિતોએ આ બાળાની પરીક્ષા લેવા માટે એવા કેટલાંક મન્ત્રોનો ઉલ્લેખ કર્યો, જે સામાન્ય રીતે પ્રચલિત નથી.

આ બાળાએ તે મંત્રો પણ સંભળાવી દીધા. એટલું જ નહિ પણ એ મન્ત્રો પૂરેપૂરા કયા કયા વેદોમાં છે તે પણ સાથે જણાવી દીધું.

સ્વામી ગોપાલતીર્થ અને આશ્રમવાસીઓનું કહેવું છે કે, અમે આ બાળાને વેદ શીખવાડ્યા જ નથી. અરે ! ત્રણ વર્ષની બાળાને વેદ કેવી રીતે શીખવી શકાય !

(શ્રીરંગ)

(૩) ખેડૂતપુત્ર પરબત :

પરબત નામનો સાત વર્ષનો ખેડૂતપુત્ર કે જેને શાળામાં દાખલ કર્યાને ભાગ્યે જ છ માસ થયા હશે. જેને કક્કા બારાખડીનું પણ પૂરું જ્ઞાન નથી, તેવા તે મોટાઆંકડીયા ગામનો એક ખેડૂત સગીર છોકરો ગણિત અને લેખાંનો ભારે જાણકાર નીવડ્યો છે. આ સાત વર્ષના છોકરાના

ગણિતથી કેળવણીકારો તથા બીજા મોટા અધિકારીઓ ભારે પ્રભાવિત થયાના સમાચાર મળે છે.

આ છોકરાને ગણિતની પરીક્ષા માટે થોડા વખત પહેલાં અમરેલી જીમખાનાના મેમ્બરો સમક્ષ રજૂ કરવામાં આવેલો, અને મોઢેથી સંખ્યાબંધ પ્રશ્નો પૂછવામાં આવતાં, ડોક્ટરો અને કેળવણીકારો તથા જિલ્લાકક્ષાના અધિકારીઓ આશ્ચર્ય પામ્યા હતા.

સેંકડો, હજારો, લાખો, કરોડો અને અબજોના હિસાબો કરવામાં કેળવણીકારોને પાટીઓ, કાગળ ઉપર સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરવા માટે કલાકો જોઈએ તે હિસાબો આ છોકરો સેકન્ડોમાં કરી આપતો !

(ગુજરાત સમાચાર, ૨૪-૧૦-૧૯૬૨)

(૪) નારાયણ ઘોષ :

માલાગાઁવમાં નારાયણ ઘોષ નામનો છ વર્ષનો એક બાળક આવ્યો છે. બાળકની ભાષણ આપવાની છટા-શૈલી અને બુદ્ધિ જોઈને લોકો ચકિત થઈ જાય છે.

આ બાળક બંગાલી, સંસ્કૃત, અંગ્રેજી, ઉર્દુ, હિન્દી ઉપરાંત અરબી કુરાનેશરીફના પાઠ કરી શકે છે. તેણે ઉર્દુ, હિન્દી અને બીજી ભાષાઓમાં બે-ચાર કાર્યક્રમ રેડિયો પર આપ્યા છે. તેને તમે જે વિષય આપો તેના પર છોકરો સરળતાથી બોલી શકે છે.

આસામ સરકારના ભૂતપૂર્વ નાણાંપ્રધાન શ્રી ફકરૂદ્દીન બાળકના મુખેથી શુદ્ધ કુરાનનો પાઠ સાંભળી આશ્ચર્યચકિત થવા સાથે હર્ષવિભોર થઈ ગયા હતા. ઘણાં મોટા અધિકારીઓએ આ બાળકની મુલાકાત લીધી છે. તેઓ તેનાં અનેક વિષય પર ભાષણ સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા હતા. માત્ર છ વર્ષના છોકરાની આવી કુશાગ્રબુદ્ધિ અને તેનું તેજસ્વી શરીર જોઈને લોકો તેને અવતાર સમજી રહ્યા છે. બંગાલ, આસામ અને બીજા પ્રદેશોમાં પણ આ બાળકની ચર્ચા થઈ રહી છે.

(જનશક્તિ, ૨૩-૯-૧૯૬૨)

આ તો બધા ભારતના બુદ્ધિમાન બાળમાનવોના પ્રસંગો જોયા. આવા ઘણાં બુદ્ધિમાન બાળમાનવો પશ્ચિમના દેશેમાં પણ જન્મ પામ્યા છે. પશ્ચિમના બાળમાનવોના પણ કેટલાંક અદ્‌ભુત બુદ્ધિબળને અહીં જોઈએ.

(૫) કીમ ઉગયોગ :

સેઉલ (કોરિયા)માં ત્રણ વર્ષનું એક બાળક અદ્‌ભુત શક્તિ ધરાવે છે. આ બાળકનું નામ 'કીમ ઉગયોગ' છે. એનો જન્મ ૧૯૬૩ના માર્ચની સાતમી તારીખે થયો હતો. ત્રણ વર્ષની ઉંમરે એની ઉંચાઈ ૩૪ ઈંચની હતી. અને ૩૨ પૌંડ વજન હતું. એના પિતા હેયાંગ યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર છે અને માતા સેઉલ નેશનલ યુનિવર્સિટીમાં શરીરશાસ્ત્રની શિક્ષિકા છે.

આ છોકરો અંગ્રેજી અને જર્મની સારી રીતે બોલી શકે છે. જોકે એની માતૃભાષા કોરીઅન છે. ગણિતના ગમે તેવા અઘરા સવાલના જવાબો બહુ જ સહેલાઈથી આપી શકે છે. એ કવિતા પણ સુંદર લખી શકે છે. ૧૩ માસની ઉંમરે આ બાળકે અંગ્રેજીના ઘણાં શબ્દો કણ્ઠસ્થ કરી લીધા હતા. એક માસ પછી તો એણે જર્મનભાષામાં બોલવાનું શરૂ કરી દીધું. ૧૮ માસની ઉંમરે એ ક્રેયોનથી ચિત્રો ચીતરતાં શીખી ગયો. બે વર્ષ અને ચાર માસની વયે એણે ડાયરી લખવાની શરૂ કરી, જેનાં હજારો પાના બહુ નાની વયમાં જ એણે લખી નાંખ્યાં. એણે સેંકડો ચિત્રો દોર્યા છે અને કાવ્યો પણ રચ્યાં છે.

માનવશાસ્ત્રીઓના જણાવ્યા મુજબ એની મેધા ૨૦૦ આંક ઉપરની છે.

પણ આ બાળકને પણ કેટલાંક પ્રશ્નો મૂંઝવી રહ્યા છે. એની ખ્યાતિ વધતી જાય છે. ગયા માસમાં એકજ દિવસમાં ૭૦૦ મુલાકાતીઓને એણે મુલાકાત આપી હતી, મુલાકાતીઓનો આ ધસારો ખૂબજ કંટાળાજનક બની ગયો હતો.

(૬) કુમારી ઓસાકા :

બાળબુદ્ધિમાન કુમારી ઓસાકા શાળામાં માત્ર સરવાળા જ શીખેલી અને ૨૬ વર્ષની વય સુધી વાંચતાં પણ નહોતું આવડતું. આમ છતાં

ગણિતના અઘરામાં અઘરા પ્રશ્નના તે ઉત્તરો આપી દેતી. એકવાર જુદા જુદા સો આંકડા એની સમક્ષ લખવામાં આવ્યા અને સેકંડના એકના હિસાબે એ સંભળાવવામાં આવ્યાં. ઓસાકાં તરત જ ક્રમસર એ બધાં આંકડા બોલી ગઈ !

એક કાળે જે મનોવિજ્ઞાન-શાસ્ત્રીઓ આવી બુદ્ધિશક્તિને અસાધારણ બુદ્ધિશક્તિના માત્ર પુરાવા તરીકે લેખતા હતા તેઓ પણ હવે એમ માનતા થયા છે કે અહીં સ્મરણશક્તિ કરતાં પણ કંક વધુ ગૂઢ રહસ્ય રહેલું છે.

(૭) જેકવિસ ઈ. નોડી :

ઈટાલીનો જેકવિસ ઈ.નોડી પણ મોટા મોટા હિસાબો સેકંડોમાં કરી દે છે. આવા બાળબુદ્ધિમાન માટે કેલેન્ડર તો સાવ રમતની વાત બની જાય છે.

(૮) વ્હોટ લી :

વ્હોટ લી નામનો એક બાળબુદ્ધિમાન કહે છે કે, "બીજા લોકો જે દાખલો કાગળ લઈને કરતાં પણ કલાકો કાઢી નાંખે તેવા દાખલાને હું માત્ર થોડી મિનિટોમાં પલાખાની જેમ ગણી શકું છું. હું શાળામાં દાખલ થઈ ભણવા માંડ્યો કે તરત જ મારી આ કુદરતી બક્ષિસ અદૃશ્ય થઈ ગઈ અને હું ગણિતના વિષયમાં પણ ઠોઠ નિશાળિયો બની ગયો.'

(૯) કોલ્બર્ન :

આવું જ બાળબુદ્ધિમાન કોલ્બર્નના સંબંધમાં બન્યું હતું તે પણ અત્યંત બુદ્ધિશાળી બાળક હતો. મોટામોટા વૈજ્ઞાનિકોએ તેનું કારણ પૂછ્યું ત્યારે એણે એટલું જ જણાવ્યું કે, "ભગવાને આપેલી આ બક્ષિસ છે. મારી શક્તિ બીજાને આપી શકાય તેવી નથી."

પણ ૨૦ વર્ષની વયે કોલેજમાં ભણતો હતો ત્યારે એની ગણિત અંગેની વિશિષ્ટ શક્તિ સાવ અદૃશ્ય થઈ ગઈ હતી.

(૧૦) જેડિટીઆટ બોક્સટન :

સૌથી વિચિત્ર વાત તો ઈંગ્લેન્ડનાં બાળબુદ્ધિમાન જેડિટીઆટ

બોક્સટનની છે. જ્યારે એની સમક્ષ આંકડા લખવામાં આવ્યા ત્યારે એ આંકડા પણ ઓળખી શકતો ન હતો. છતાં ગણિતના અઘરા દાખલાના સાવ સાચા જવાબો આપતો હતો.

(૧૧) પોલ લિડોરા :

ઈંગ્લેંડના ચામડાના માલસામાનના એક વેપારી પોલ લિડોરા પણ આવી જ શક્તિ ધરાવે છે. ૨૦-૨૦ આંકડાના ગુણાકારો કરવા એ તો એને મન રમત જેવું છે. તે કહે છે કે જ્યારે તે ત્રણ વર્ષનો હતો અને તેને લખતાં-વાંચતાં આવડતું ન હતું ત્યારે તેને આ બક્ષિસનું ભાન થયું હતું. વર્ષો સુધી ગણતરી કરતાં ન આવડવા છતાં ગણિતના મોટા મોટા દાખલાઓના તદ્દન સાચા ઉત્તર આપી શકતો.

આ બધા પ્રસંગોમાંથી એક જ વાતનો અણસાર નીકળ્યો છે કે દેહથી ભિન્ન વિશિષ્ટ શક્તિમાન કોઈ સ્વતંત્રતત્ત્વ માનવું જ જોઈએ. વિજ્ઞાન ભલે આજે એ વાતનો સ્વીકાર ન કરે, પરંતુ એની પાસે આજ સુધી આ હકીકતનો અસ્વીકાર કરવાની હિંમત હતી તે તો અવશ્ય તૂટી પડી છે.

આવતીકાલ જરૂર એવી ઊગશે, જ્યારે વિજ્ઞાન આત્માના તત્ત્વજ્ઞાનની સઘળી વાતોને અક્ષરશઃ સ્વીકારી લેશે, જો એની સત્યાન્વેષિતા જીવતી જાગતી રહે તો.

ખેર, વિજ્ઞાનનું મંતવ્ય આજે ગમે તે હોય અને આવતીકાલે ગમે તેટલા ફેરફારો તેમાં થયા કરવાના હોય પરંતુ તત્ત્વજ્ઞાનનું મંતવ્ય હંમેશ સ્પષ્ટ રહ્યું છે, સદા વિવાદમુક્ત રહ્યું છે, અને સદા સ્થિર રહ્યું છે.

વિજ્ઞાન સદા ફરતું રહે છે અને તત્ત્વજ્ઞાન સદા સ્થિર રહ્યું છે એ હકીકત જ તત્ત્વજ્ઞાનની શુદ્ધ સત્યતાને જાહેર કરી દે છે.

●



ખંડ-૨

આત્મવિજ્ઞાન



વિભાગ બીજો

પરલોક સિદ્ધિ

૯. પ્રેતલોકમાંથી આવેલા આત્માઓની વાતો

અત્યારસુધીમાં વશીકરણથી, જાતિસ્મૃતિથી અને વિશિષ્ટ શક્તિમત્તાથી આપણે જોયું કે દેહથી ભિન્ન આત્મા જેવું કોઈ સ્વતંત્રતત્ત્વ છે. તેથી જ પૂર્વજન્મ અને પુનર્જન્મની માન્યતાઓ તદ્દન સાચી છે.

હવે અહીં પ્રશ્ન થાય કે જો આત્મા બીજે ક્યાંકથી અહીં આવીને જન્મ લે છે અને અહીંથી મૃત્યુ પામીને ક્યાંક જાય છે તો એ ક્યાંથી આવે છે ? ક્યાં જાય છે ? શું વર્તમાન મનુષ્યજીવનની જેમ તે મનુષ્ય-યોનિમાંથી જ આવે છે અને તે જ યોનિમાં જાય છે ? કે બીજી પણ કોઈ યોનિ છે ?

આ પ્રશ્નના સમાધાનમાં જૈનદાર્શનિકો કહે છે કે બધું મળીને પાંચ ગતિ છે.

તેમનાં નામો છે : **દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ** અને **સિદ્ધિગતિ.**

મનુષ્ય એટલે તો મુખ્યત્વે આપણા જેવા માનવો કહેવાય. દેવ એટલે આપણી પૃથ્વીની નીચે અને પૃથ્વીની ઉપરના સ્થાનોમાં જેઓ આપણા કરતાં ઘણાં ખરા સુખી ગણાય છે, અતિસુંદર સુખ-સામગ્રીથી યુક્ત છે, જેમનાં આયુષ્ય ઘણાં મોટાં છે, જેમની કાયા અત્યંત દેદીપ્યમાન છે તેવો એક વર્ગ. મનુષ્ય વગેરે ગતિમાં જાણતાં કે અજાણતાં જે આત્મા સત્કર્મો કરે છે કે કેટલુંક કષ્ટ વેઠે છે તે આત્મા મનુષ્ય વગેરે ગતિમાંથી વિદાય લઈને દેવગતિમાં જાય છે. સારા આત્માઓ માટે તો નારકગતિ પણ ખરાબ નથી, જ્યારે મલિન આત્માઓ માટે દેવગતિ પણ ખરાબ બને છે. કેમકે ત્યાં ય ઈર્ષ્યા અને અતૃપ્તિની અગનજવાળાઓ તેમના સુખને બાળીને ખાખ કરી નાંખતી હોય છે. જ્યારે નારકગતિનું એનાથી ઊલટું જ છે. આપણી પૃથ્વીથી નીચેના થરમાં તેનાં સાત સ્થાન આવેલાં છે. એક કરતાં હોય છે. ભયંકર યાતનાઓ, પરસ્પરની પણ મારામારીઓ અને કાપાકાપી. આશ્ચર્યની વાત તો એ છે કે એ ગતિમાં જીવો ગમે તેટલી

કાપાકાપી કે મારામારી કરે તો ય તરત મૃત્યુપામી શકતા નથી. બીજામાં દુઃખ વધતું જાય છે. સુખનું તો જાણે સ્વપ્ન પણ હોતું નથી. જ્યારે મૃત્યુનો સમય આવે છે ત્યારે તેઓ મૃત્યુ પામે, એ સિવાય તો મરણતોલ ફટકા પણ તેમના મૃત્યુને તાણી લાવવા અસમર્થ છે.

દેવગતિ ભૌતિક સુખોથી ભરપૂર જણાય છે તો નારકગતિ કારમાં દુઃખોથી જ ખદબદતી હોય છે. તિર્યંચગતિ નરી પરાધીનતાથી ભરપૂર છે. કૂતરા, બિલાડા, ગધેડા, સિંહ, સાપ, પક્ષીઓ, વનસ્પતિઓ વગેરે તિર્યંચગતિના જીવો કહેવાય. મનુષ્યજીવન પામીને ભયંકર હિંસા, જૂઠ, ચોરી વગેરે કરનારા નારકગતિમાં જાય છે, જ્યારે સત્કર્મ નહિ કરીને, માયા-પ્રપંચ વગેરે કરનારા તિર્યંચગતિમાં જઈને પરવશતાનાં કરુણ દુઃખો વેઠે છે.

મનુષ્ય, દેવ નારક અને તિર્યંચ એમ ચારગતિ આપણે અહીં વિચારી.

હવે સિદ્ધિગતિનો વિચાર કરીએ.

માનવગતિમાં જ વિશિષ્ટ સત્કર્મ થઈ શકે છે. માનવગતિ મેળવીને જેઓ સંત બનીને સ્વ અને પરનું અનુપમ હિત કરે છે તે આત્માઓ પોતાની ઉપર ચોંટેલ કાર્મિક પરમાણુઓના તમામ જથ્થાને ઊખેડી નાંખે છે. આમ થતાં તદ્દન શુદ્ધ બનેલો આત્મા સિદ્ધિગતિમાં ચાલ્યો જાય છે. આપણને જે ઊંચે આકાશ દેખાય છે. તે તો અનંત છે, છતાં તેના અમુક ટોચસ્થાને એ શુદ્ધાત્માઓ જાય છે અને ત્યાં પોતાના આત્માના સ્વરૂપના અનંતઆનંદમાં અનંતકાળ માટે મસ્તાન રહે છે. ત્યાં એમને આપણી જેમ શરીર ધારણ કરીને ખાઈ-પીને, હરીફરીને સુખ ભોગવવાનું હોતું નથી. તેઓ તે શરીર વિના જ પોતાના સ્વરૂપના નિજાનંદનું સ્વચ્છ અવિનાશી અને અપરિમેય સુખ ભોગવે છે.

આ થઈ જૈનદર્શનની વાત. એની ઉપરથી એ વાત નક્કી થઈ જાય છે કે મનુષ્ય અને તિર્યંચ એ બે દેખાતી ગતિ છે પણ તે સિવાય નહિ દેખાતી દેવ, નારક અને સિદ્ધિગતિ પણ છેજ.

જિનાગમોની અંદર તો ન દેખાતી એવી ત્રણેય ગતિનાં વર્ણન ઠેર ઠેર આવે છે. એવું કોઈ ચરિત્ર નહિ હોય જયાં આ ગતિમાંની એકનું નામ

સુદ્ધાં નિર્દેશ્યું ન હોય. જગતમાં જે જીવો સત્કૃત્ય કરે છે તે દેવગતિમાં ગયેલા આત્માને ત્યાંનાં ભૌતિક સુખો એકવાર છોડવાં પડે છે અને તેને મનુષ્ય કે તિર્યંચગતિમાં જન્મ પામવો પડે છે. જ્યારે સિદ્ધિગતિમાં ગયેલો માનવાત્મા કદી પણ ત્યાંના આત્મસુખથી વિખૂટો પડતો નથી. એથી એને દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકગતિ સ્વરૂપ સંસારમાં આવીને જન્મ-મરણ લેવા પડતા નથી.

વૈજ્ઞાનિકનું વિશ્વ મનુષ્યગતિને અને તિર્યંચગતિને હજી માનશે, કેમકે તે પ્રત્યક્ષ છે. પરંતુ દેવ, નારક કે સિદ્ધિગતિ દેખાતી ન હોવાથી તેને માનવા તૈયાર નહિ થાય. જે ગતિની વાતો જિનદર્શનને પામેલું બાળક સહજમાં અને સહજભાવે કરી શકે છે તે વાતોને સાંભળતાં આજનાં ભેજાબાજ વૈજ્ઞાનિકોને પણ તમ્મર આવે છે.

'પણ શું આ બધી ગતિઓ સિદ્ધ થાય ખરી ?' આનો ઉત્તર એ છે કે 'હા જરૂર.' પણ આ બધું પ્રત્યક્ષથી જ સિદ્ધ થવું જોઈએ અને તે પણ બધાયને જ થવું જોઈએ એવો આગ્રહ રાખવો તે ખોટું છે. જગતમાં પણ બધાને બધું જ પ્રત્યક્ષથી સિદ્ધ થતું નથી. છતાં જો કોઈ વિશ્વાસપાત્ર પુરુષને એક વસ્તુ પ્રત્યક્ષથી દેખાય છે તો તેવા પુરુષના વચન ઉપરના વિશ્વાસને લીધે બીજાઓ પણ તે વસ્તુ ન જોવા છતાં અવશ્ય માની લે છે, આ જ તર્ક અહીં પણ લગાવવામાં આવે તો દેવગતિની સિદ્ધિ ખૂબજ સુલભ છે. દેવલોક (પ્રેતલોકમાંથી આવેલા દેવાત્માઓને ઘણાંઓએ જોયા છે, સાંભળ્યા છે. હવે જો એમની વાત ઉપર આપણને વિશ્વાસ બેસી જાય તો આપણે પણ દેવલોકના એ દેવાત્માઓનું અસ્તિત્ત્વ સ્વીકારી જ લેવું જોઈએ.

હવે બાકી રહી બે ગતિ. નારકગતિ અને સિદ્ધિગતિ. આ બેય ગતિને અહીંના કોઈપણ માનવે બેશક જોઈ નથી, પરંતુ તે બેય માટે સચોટ અનુમાનો તો છે જ. અનુમાન પણ પ્રત્યક્ષપ્રમાણ જેવું જ પ્રમાણ છે. પહાડમાંથી ધુમાડો નીકળતો જોઈને ન દેખાતા અગ્નિનું અનુમાન આપણે નથી કરતા શું ? શું તે ખોટું કહેવાય છે ? નહિ જ. દાદાના દાદા આંખેથી ન દેખાવા છતાં અનુમાનથી જ તેમને સ્વીકારીએ છીએ ને ? કલાકના હજાર માઈલની ગતિએ ધરતીને ફરતી માનનારાઓએ અનુમાન

જ કરેલું ને ?

પ્રસ્તુત પ્રકરણ તો પ્રેતલોકની સિદ્ધિ માટે જ છે, એટલે બીજી વાતોમાં નહિ ઊતરતાં મૂળ વાત કરીએ.

પ્રેતલોક કહો કે દેવલોક કહો - હકીકતમાં બંનેય એક જ છે. જૈનદૃષ્ટિએ જે દેવલોકની દુનિયાથી ઊતરતી કક્ષાની દુનિયા છે. તેને આધુનિક લોકો પ્રેતલોક કહે છે.

પ્રેતલોક જેવી કોઈ દુનિયા છે કે નહિ એ વાત ઘણાંના મગજમાં બેસતી નથી, પરંતુ જિનાગમોમાં કહેલી આ અંગેની વાતો હવે તો ખૂબ સારી રીતે સિદ્ધ થઈ રહી છે. જે લોકો પ્રેતોની એક સ્વતંત્ર દુનિયાને માનવાનો સ્પષ્ટ ઈન્કાર કરતા હતા તે લોકો પણ પ્રેતોની દુનિયાને માનવા લાગ્યા છે કેમકે તેમને તેવા પ્રત્યક્ષ અનુભવો થયા છે.

જિનાગમોમાં દેવ એટલે આપણાં જેવો જ, છતાં વિશિષ્ટ સુખસામગ્રીવાળો આત્મા જે આપણાં જેવી જ પણ દેવોની દુનિયામાં વસે છે. અહીં 'દેવ' શબ્દથી ભગવાન કે એના જેવું કોઈ ઉપાસ્યતત્ત્વ સમજવું નહિ, ભગવાન એ દેવ નથી, એ તો દેવાધિદેવ છે, પરમાત્મા છે.

આ દેવો બે પ્રકારના હોય છે. હલકી જાતના દેવોને પ્રેત કહેવામાં આવે છે અને ઊંચી જાતના દેવોને દેવ કહેવામાં આવે છે. જે હલકી જાતના દેવો હોય છે તેઓ આપણી દુનિયામાં પણ અવારનવાર આવતા જ રહે છે. એમને આ જગતના વસવાટ દરમિયાન કોઈ ચીજવસ્તુમાં વાસના રહી ગઈ હોય કે કોઈ વ્યક્તિ ઉપર રાગ-રોષભાવ હોય તો તે કારણે તેઓનું મન પોતાની દુનિયાના સુંદર સુખ-ભોગો છોડીને પણ આ દુનિયામાં આવવા તરફ ખેંચાયા કરે છે. આવાં હલકી જાતનાં પ્રેતો પ્રાયઃ આપણી પૃથ્વીની નીચે આવેલી ભૂમિમાં તથા આપણી પૃથ્વીનાં કેટલાંક વૃક્ષો, ગટરો, પહાડો, કોતરો વગેરે સ્થાનોમાં પણ વાસ કરતાં હોય છે.

જિનાગમની આ વાતો કેટલી સચોટ છે તે હવે અનેકાનેક પ્રસંગો રજૂ કરીને સાબિત કરવામાં આવશે. એ વાતો સાંભળતા આપણું અંતર એ જિનાગમને અને ભગવાન જિનેશ્વરોને ઝૂકી ઝૂકીને નમશે, જેમણે આ સત્ય પહેલેથી જ પ્રકાશ્યું છે. જૈનકથાનુયોગમાં અષાઢાભૂતિ નામના

આચાર્યનો એક એવો પ્રસંગ આવે છે કે તેમને શાસ્ત્રની એ વાતમાં સંદેહ હતો કે, 'દેવલોક' જેવું કાંક છે કે નહિ ?

આ સંદેહને ટાળવા તેઓ મૃત્યુ પામતાં પોતાના શિષ્ય પાસે નક્કી કરાવતાં કે તે જો દેવલોકમાં જાય તો તેણે અવશ્ય નીચે આવવું અને જણાવવું કે દેવલોક એ દેવોની સાચી દુનિયા છે. અનેક શિષ્યો મૃત્યુ પામ્યા. દરેકને આ વાત કરી પરંતુ જ્યારે દેવલોકના અસ્તિત્ત્વને કહેવા કોઈ ન આવ્યું ત્યારે અષાઢાભૂતિની દેવલોકને કહેતા શાસ્ત્ર ઉપરથી અને સાધુજીવન ઉપરથી શ્રદ્ધા ઊઠી ગઈ, પણ સદ્‌ભાગ્યે છેલ્લો મૃત્યુ પામેલો શિષ્ય દેવલોકમાંથી આવી ગયો અને એમને દેવલોકના અસ્તિત્ત્વની સત્યતાની ખાતરી કરાવીને સાધુધર્મમાં સ્થિર કરી દીધા. અને શાસ્ત્રશ્રદ્ધાને વધુ મજબૂત કરી.

આ જ રીતે આ વિશ્વમાં પણ ઘણાં લોકો એવી મજબૂત માન્યતા ધરાવતા હોય છે કે મૃત્યુ એ જ સંપૂર્ણ વિષય છે. એની પછી કશું જ નથી. પણ આવા લોકોના કેટલાંક નિકટના સાથીઓ પણ એવા હોય છે જેઓ મૃત્યુ પછી પણ પ્રેત વગેરે યોનિનું અસ્તિત્ત્વ છે એમ માને છે. આવી માન્યતાઓ ધરાવનારા ઘણીવાર પોતાના મિત્રો અગર તો નિકટના સગાસંબંધીઓ સાથે પોતાની હયાતી દરમિયાન એવો કરાર કરતાં હોય છે કે બેમાંથી જેનું પ્રથમ અવસાન થાય એ વ્યક્તિ પરલોકમાંથી એકવાર આલોકમાં આવીને પરલોકની માહિતી આપે. તવારીખના પાનાં ઉપર કેટલીક રુંવાટાં ખડાં કરી દે તેવી વાતો નોંધાયેલી છે.

(૧) માર્ગારિન અને માદામ દ બોકલેર :

બ્રિટનના રાજા બીજા ચાર્લ્સની અનેક પ્રેમિકાઓ પૈકીની સૌથીવધુ સૌંદર્યવાન ડચેસ ઓફ માર્ગારિન અને ચાર્લ્સના ભાઈ (પાછળથી બીજા જમ્સ)ની પ્રેમિકા માદામ દ' બોકલેર વચ્ચે અગાધ પ્રેમ હતો. બંને સુંદરીઓ ઘણોખરો સમય સાથે જ રહેતી, અને બંને વચ્ચે વાતચીતનો મુખ્ય વિષય મોટે ભાગે તો મૃત્યુ પછી આત્માની સ્થિતિ અંગેનો જ રહેતો. આ વિષય અંગેની બંનેની ચિંતા એટલી તીવ્ર બનવા પામેલી કે બંનેએ ગંભીરપણે એક એવી સમજૂતી કરેલી કે બંનેમાંથી જે પ્રથમ મરણ

પામે એણે પરલોકમાંથી એકવાર પાછા ફરીને પરલોક કેવા પ્રકારનો છે તેનું વર્ણન કરવું.

આ બંનેમાંથી ડચેસ ઓફ માર્ગારિનનું પ્રથમ અવસાન થયેલું હતું. મૃત્યુ પછી જ્યારે લાંબા સમય સુધી ડચેસે દેખા ન દીધા ત્યારે માદામ બોકલેરે માની લીધેલું કે આત્મા અમર નથી અને ફરવાની એનામાં શક્તિ નથી, પણ કેટલાંક વર્ષો બાદ માદામ દ બોકલેરના અવસાન અગાઉ થોડા જ સમય પહેલાં તેણે પોતાના નિકટના માણસોને ખાતરીપૂર્વક કહ્યું હતું કે પોતે ડચેસનું ભૂત (પ્રેત) પોતાના શયનખંડમાં આવેલું જોયું છે. મદામ બોકલેરે વધુમાં એમ પણ કહ્યું કે આ દેખાવ ઓચિંતો અને અણચિંતવ્યો હતો. ડચેસ જમીન ઉપર ચાલવાને બદલે હવામાં તરતી હોય એમ લાગતું હતું. (જિનાગમમાં દેવો અદ્ધર ચાલે છે એવું સ્પષ્ટ વિધાન કર્યું છે.) ડચેસે જતાં જતાં એમ પણ કહેલું કે આજે રાત્રે બાર અને એકની વચ્ચે આપણે પરલોકમાં મળીશું. અને સાચે જ ડચેસના ભૂતે આગાહી કરી હતી એ મુજબ માદામ બોકલેરનું એજ રાત્રે સાડાબાર વાગે અવસાન નીપજ્યું હતું.

આ આખી વાતનો કલેરડનના પુસ્તક 'હિસ્ટ્રી ઓફ રિબેલિયન' અને લીબીના પુસ્તક 'ઓબ્ઝર્વેશન ઓન ધ લાઈફ એન્ડ ડેથ ઓફ કિંગ ચાર્લ્સ'માં ઉલ્લેખ છે.

(૨) વિલિયમ સ્મીલી અને વિલિયમ ગ્રીનલો :

એડિનબર્ગ યુનિ.ના સત્તાવાર અને ફિલોસોફી ઓફ નેચરલ હિસ્ટ્રીના કર્તા વિલિયમ સ્મીલી, કે જેનું ૧૭૮૫માં અવસાન નીપજેલું, એને વિલિયમ ગ્રીનલો નામના એક યુવાન પાદરી સાથે નિકટની મૈત્રી હતી. આ યુવાન પાદરીને આત્માની અમરતા અંગે શંકા હોવાને કારણે એણે ચર્ચમાંથી રાજીનામું આપી દીધું હતું. એ બંને મિત્રો આત્માના અસ્તિત્ત્વ અંગે ગરમાગરમ ચર્ચા કરતાં. ગ્રીનલો હંમેશાં આત્માના અસ્તિત્ત્વનો ઈન્કાર કરતો. આખરે બંનેએ એક લેખિત કરાર કર્યો અને બંનેએ પોતાના લોહીથી એની ઉપર દસ્તખત કરી. કરારમાં લખ્યું કે "બેમાંથી જેનું પ્રથમ અવસાન નીપજે એણે શક્ય હોય તો પાછા ફરવું અને ભૂતલોક અંગેનું બયાન કરવું."

પ્રથમ ગ્રીનલોનું ૧૭૭૪ના જૂનની ૨૬મીએ અવસાન થયું. એણે એક વર્ષ બાદ પોતાની પ્રથમ મૃત્યુતિથિએ દેખાવ કરવાનું વચન આપ્યું હતું. સ્મીલીએ એ વાત બરોબર યાદ રાખીને એ દિવસે રાત્રે અને પછીની કેટલીક રાતો સુધી અખંડ જાગરણ કર્યું. આખરે કેટલાંક સમય બાદ જ્યારે એણે મરનારનો બિલકુલ વિચાર નહિ કર્યો ત્યારે અચાનક ગ્રીનલોનું શ્વેત ભૂત દેખાયું અને એણે પોતાના મિત્રને ગંભીરપણે કહ્યું કે, 'પૃથ્વી ઉપર પાછા આવતાં ભારે મુશ્કેલી સહવી પડી છે. (જિનાગમમાં પૃથ્વીના માનવોની વિષ્ટા વગેરેની દુર્ગંધ ૪૦૦ યોજન ઊંચે સુધી વ્યાપે છે અને તેથી દેવો જલ્દી નીચે આવી શકતા નથી એમ કહ્યું છે.) આ લોક કરતાં પરલોક અનેક ગુણ ભવ્ય છે અને પરલોકના ઘણાં વાસીઓ હજી એથી પણ વધુ દિવ્યલોકમાં જવાની આશા સેવી રહ્યા છે.' (જિનાગમોમાં ઉપર ઉપરના દેવલોકની સમૃદ્ધિ વગેરે વધુ ને વધુ અદ્‌ભુત હોવાની જણાવી છે અને એથી જ ભોગભૂખ્યા નીચેના દેવો, ઉપર ઉપરના દેવોની સમૃદ્ધિની કારમી વાસનામાં સતત સબડતા હોવાનું પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે.)

આટલું કહ્યું પછી ગ્રીનલો જેવો અચાનક આવ્યો હતો એવો જ અચાનક અદૃશ્ય થઈ ગયો.

(૩) જ્યોર્જ સિડનહામ અને વિલિયમ ડાઈક :

આવા પ્રકારના કરારનો સૌથી વધુ જાણીતો દાખલો ૧૬૫૪થી ૧૬૯૬ સુધી ગ્લાસ્ગો યુનિ.માં તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે રહેલા જ્યોર્જ સિકલેરે પોતાના 'સેતાન્સ ઈનવીઝિબલ વર્લ્ડ ડિસ્કવર્ડ' નામના પુસ્તકમાં તેણે બે મિત્રોને એક પ્રસંગ વર્ણવ્યો છે. પ્રો.સિકલેર એક બાહોશ શોધક હતા. કોલસાની ખાણમાં વપરાતું યંત્ર પણ તેણે શોધી કાઢ્યું હતું. પ્રો. સિકલેરના જણાવ્યા મુજબ મેજર જ્યોર્જ સિડનહામ અને કેપ્ટન વિલિયમ ડાઈક નામના બે પિતરાઈ ભાઈઓએ એવો કરાર કરેલો કે બેમાંથી જેનું પ્રથમ મરણ નીપજે એણે મરણ પછી ત્રીજા દિવસે અમુક એક મિત્રના બગીચામાં દેખાવ દેવો.

મેજરનું પ્રથમ મરણ નીપજ્યું અને કેપ્ટન ડાઈક ત્રીજા દિવસે નક્કી કરેલા સ્થળે જઈ પહોંચ્યો. બગીચાના સમર-હાઉસમાં એ બેઠો પણ એણે

ન કાંઈ જોયું કે ન કાંઈ સાંભળ્યું. છ અઠવાડિયા બાદ કેપ્ટન ડાઈક જ્યારે પોતાના પુત્રને ઈટન ખાતે કોલેજમાં દાખલ કરાવવા ગયેલો ત્યારે ત્યાં એક હોટલમાં એણે મેજરનું ભૂત જોયું અને એની સાથે વાતચીત પણ કરી. મરનાર અફસરનું આ ભૂત કેપ્ટન ડાઈને વહેલી સવારે દેખાયું હતું. વાયદા પ્રમાણે સમયસર દેખા નહિ દેખાડી શકવા બદલ અફસરે માફી માંગી અને ખાતરીપૂર્વક જણાવ્યું કે, 'પરમાત્માનું અસ્તિત્ત્વ છે. એ ન્યાયી છે અને ભયાનક (!) પણ છે.' આ પછી કેપ્ટનને સન્માર્ગે જીવન વાળવાની સલાહ આપીને એ ભૂત અદૃશ્ય થઈ ગયું.

ત્યારપછીના જીવનના શેષ બે વર્ષ દરમ્યાન કેપ્ટન ડાઈકના જીવનમાં ભારે પરિવર્તન આવી ગયું હતું.

જિનાગમોની અંદર તો જીવનને સન્માર્ગે વાળવાનું ખૂબ ભારપૂર્વક વિધાન કર્યું છે, એનું પણ કારણ એજ છે કે માનવ વગેરેનું જીવન એટલે જન્મથી મૃત્યુ પર્યન્તનું જ જીવન છે એમ નથી કિન્તુ એ ગાળામાં જે કર્મો કરવામાં આવે છે એનાં ફળ ભોગવવા માટે મૃત્યુ પછી ફરી જીવનોની પરંપરા અવશ્ય છે. એથી જ એ જીવનો હલકી કોટિનાં ન મળી જાય. રોગો, ઉપાધિઓ, ચિંતાઓથી ભરપૂર ન મળી જાય તે માટે પ્રાપ્ત થયેલા જીવનમાં સત્કર્મો અવશ્ય કરવાં જોઈએ. વર્તમાનજીવનની સુખ-દુઃખોની પ્રાપ્તિ મુખ્યત્વે તે ભૂતકાલીન જીવનોનાં સત્ કે અસત્ કર્મોને કારણે જ હોય છે. એટલે હવે એ અફર થઈ ચૂકેલા જીવનના બંધારણ માટે વિશેષ પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી. પ્રયત્ન તો તે ભાવી જીવનો માટે જ કરવાની જરૂર છે કે જે જીવનોનાં સુખ-દુઃખોને સર્જવાની તાકાત વર્તમાન જીવનમાં છે.

જેને સુખ જ પ્રિય છે, દુઃખ અપ્રિય જ છે તેણે વર્તમાનજીવનનાં નિર્મિત થઈ ચૂકેલાં સુખ-દુઃખની ઝાઝી કાળજી લેવાનું છોડી દઈને ભાવીનાં દીર્ઘકાલીન સુખો કે દીર્ઘકાલીન દુઃખોને જ નજર સામે રાખીને દુઃખો ન જાગે અને સુખો પ્રાપ્ત થાય તે માટે સતત સત્કર્મશીલ બની રહેવાનું અતિ આવશ્યક કર્તવ્ય બની જાય છે.

આથી પણ વધુ મહત્ત્વની વાત તો તે છે કે ભાવીજીવનોનાં સુખો

પણ દુઃખનાં ભેળવાળાં અને અંતે તો વિનાશી જ છે, કેમકે એ સુખી જીવન પણ અંતે તો મૃત્યુનો કોળિયો બને જ છે. એથી જ જિનાગમોમાં અવિનાશી સુખ માટે-સિદ્ધિગતિના સ્થળની પ્રાપ્તિ માટે જ-પ્રયત્ન કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. અસ્તુ.

હજી બીજા કેટલાંક પરલોકવાસી દેવ-ભૂત-પ્રેતનાં આગમનોની વાતો વિચારીએ.

(૪) લેડી એલિઝાબેથ અને રોબર્ટ નેલસન :

લેડી એલિઝાબેથ હેસ્ટિંગ્સ નામની એક પવિત્ર આચારવાળી મહિલાએ અઢારમી સદીના એક વિખ્યાત ધર્મશાસ્ત્રી રોબર્ટ નેલસન સાથે કરાર કર્યા હતા કે બેમાંથી જે પ્રેતલોકમાં જાય તેણે ત્યાંથી અહીં આવીને પ્રેતલોકનાં અસ્તિત્ત્વની વાત કરવી.

નેલસનનું પ્રતમ અવસાન થયેલું અને થોડા સમય બાદ લેડી એલિઝાબેથ 'કેન્સર'ના રોગથી પિડાવા લાગી. એની યાતના એટલી ઉગ્ર હતી કે એ હરપળે મરણ ઝંખતી હતી. નેલસન સાથે થયેલો લેખિત કરાર પોતાના ભાઈ અર્લ ઓફ હન્ટિગડનને એ બતાવ્યા કરતી.

લેડી એલિઝાબેથ અવસાન પામી એ અગાઉ છ દિવસ પહેલાં સવારે ચાર વાગે નેલસનની છાયા દેખાવા લાગી. એલિઝાબેથની સારવાર કરનાર ચાકરડીએ તો જોયું. નેલસનની છાયાને નજીકની ખુરશી ઉપર બેઠેલી ચાકરડીએ જોઈ એટલે તરત ગભરાઈને ભાગી છૂટી. લાંબા સમયે હિંમત કરીને જ્યારે એણે ઓરડામાં જોયું ત્યારે ખુરશીમાં કોઈ હતું નહીં. આ પછી લેડી એલિઝાબેથ હેસ્ટિંગ્સે સૌને કહેલું કે, 'છ દિવસમાં મારું મરણ થશે એવું નેલસને કહ્યું છે.' બરાબર છઠ્ઠા દિવસે એલિઝાબેથનું મરણ થયું. આ વાત વિખ્યાત સાહિત્યકાર એડિસનના સામયિક **ટેટલર**માં પ્રસિદ્ધ થઈ હતી.

(૫) લોર્ડ ટાયરોન અને લેડી બ્રેસ. ફોર્ડ :

અઢારમી સદીની શરૂઆતમાં આયરલેંડમાં સાથે ઉછેરનાર લોર્ડ ટાયરોન અને લેડી બ્રેસ. ફોર્ડ વચ્ચે પણ આવા કરાર થયેલા. અર્લ ઓફ બ્રેસફોર્ડ સાથે લગ્ન થયા પછી થોડાં વર્ષો બાદ એક સવારે એ પોતાના

કાંડા ઉપર કાળી રેશમી રીબિન બાંધીને મેડા ઉપરથી નીચે ઊતરી, પણ પોતાના પતિને આ માટેનું કારણ આપવાની સાફ ના પાડી. એક કલાક બાદ લોર્ડ ટાયરોનના અવસાનની ખબર આપતો પત્ર આવ્યો. વર્ષો બાદ જ્યારે લેડી બ્રેસ. ફોર્ડ મરણપથારીએ હતી ત્યારે એણે પોતાના પુત્રને કહેલું -

"વાયદા પ્રમાણે લોર્ડ ટાયરોનના ભૂતે મને દેખાવ દીધો છે અને પરલોકના અસ્તિત્ત્વ અંગે ખાતરી આપી છે."

(૬) લોર્ડ બ્રોગહામ :

ઈંગ્લાન્ડના લોર્ડ બ્રોગહામે પોતાની ડાયરીમાં યુવાનીમાં પોતાને થયેલો એક વિચિત્ર અનુભવ નોંધ્યો છે. પોતે જ્યારે એડિનબર્ગ યુનિ.માં અભ્યાસ કરતાં હતા ત્યારે એક યુવાન સાથે મિત્રાચારી થયેલી અને બંનેએ પોતાના લોહીથી લેખિત કરાર કરેલા. અભ્યાસબાદ મિત્ર ભારતમાં નોકરી કરતો અને કોઈ કોઈવાર એના તરફથી ખબર અંતર આવતા. ૧૭૯૯ના ડિસેમ્બરની ૧૦મી તારીખે સ્વીડનના પ્રવાસ દરમિયાન પોતે જ્યારે લાંબી મુસાફરી બાદ સ્નાન કરી રહ્યા હતા ત્યારે અચાનક એમણે 'બાથ'ના કાંઠે એક ખુરશીમાં પોતાના મિત્રને બેઠેલો જોઈને ભારે આશ્ચર્ય થયું.

આ પછી થોડા સમયબાદ મિત્રના અવસાનનો પત્ર આવ્યો જે દિવસે લોર્ડ બ્રોગહામને મિત્ર દેખાયેલો એ જ દિવસે એનું અવસાન થયેલું.

(૭) રોયલ અકાદમીના વિદ્યાર્થીઓ :

૧૮૫૬માં પણ 'કરાર' મુજબ મરનારે દેખા દીધાનો બનાવ બન્યો છે. લંડનમાં રોયલ અકાદમીના કેટલાંક કલાકાર વિદ્યાર્થીઓ સાંજના સમયે હંમેશા **'મૃત્યુ પછીના જીવન'**એ વિષય પર રસમય ચર્ચાઓ કરતા. મોટાભાગના યુવાન કલાકારો મુક્ત ચિંતકો હતા અને મૃત્યુ પછી આત્માની અમરતા અંગેની માન્યતાના ખૂબ વિરોધીઓ હતા.

પણ કલાકારો પૈકીનો એક તો આત્માની અજર-અમરતાનો પ્રખર હિમાયતી હતો, અને પોતાના સાથીદારોના ભૌતિક વિચારોથી એને એટલો બધો આઘાત લાગેલો કે એણે સાથીદારોમાંથી જેનું પ્રથમ મરણ

નીપજે એણે પરલોકમાંથી પાછા ફરીને પોતાના મંતવ્યની સચ્ચાઈ પુરવાર કરવી એવી સૂચના કરી. ટૂંક સમયમાં સાથીદારો પૈકી એક માંદગીના કારણે ઘેર ગયેલો. થોડા દિવસમાં રાત્રે બારેક વિદ્યાર્થીઓ સગડી આગળ બેસીને ગપ્પાં મારતા હતા. એવામાં એક વિદ્યાર્થી ચોંકીને બૂમ પાડી ઊઠ્યો. જ્યાં આગળ આ વિદ્યાર્થીની નજર ચોંટી રહી હતી ત્યાં જોતાં બધાંને એક ધૂંધળી છાયા દેખાવા લાગી. આ છાયા માંદગીના કારણે પોતાને ઘેર ગયેલા પેલા વિદ્યાર્થીની હતી. છાયા થોડા સમયમાં વિલીન થઈ ગઈ અને બીજા દિવસે વિદ્યાર્થીના અવસાનના ખબર આવ્યા.

(૮) બેઝૂલ અને તેનો મિત્ર :

પણ આવા 'કરાર'ની સૌથી વધુ રોમાંચક વાત ૧૭૨૬માં 'જર્નલ ઇ ટ્રે નાઉસ'માં બેઝૂલ નામના એક ગૃહસ્થે વર્ણવેલી છે. ૧૫ વર્ષની વયે પોતે જ્યારે કીન ખાતે અભ્યાસ કરતો હતો ત્યારે એણે ડેસફોન ટેનિસ નામના એક વિદ્યાર્થી સાથે આવો કરાર થયેલો. ૧૭૯૭ના જુલાઈમાં એક દિવસ બેઝૂલ પોતાના એક મિત્રના વાડામાં ઘાસની ગંજી ગોઠવવામાં મદદ કરી રહ્યો હતો ત્યારે પોતાના મિત્રનું ભૂત અચાનક એને દેખાયું. ભૂતે એનો હાથ પકડ્યો અને બધાથી દૂર એકબાજુ પર એને લઈ ગયો. બંનેએ લગભગ પોણા કલાક સુધી વાત કરી. બીજા મિત્રોએ બેઝૂલને એકલો એકલો વિચિત્ર વાતચીત કરતો જોઈને જરા વધુ પડતો કેફ થઈ ગયો છે એમ માની લીધું.

મિત્રના ભૂતે બેઝૂલને ખુલાસો કરતાં કહ્યું કે પોતે કીન નદીમાં ડૂબીને મરણ પામ્યો છે. ભૂતે પોતાના માતા-પિતા પર સંદેશા પાઠવેલા પણ 'મૃત્યુ પછીના જીવન' અંગે કોઈ ખુલાસો નહિ કરેલો. આ મુલાકાત દરમિયાન બેઝૂલના અન્ય મિત્રોએ એને આવી વાહિયાત વાતો નહિ કરવા ઘણું સમજાવેલો, પણ એની ઉપર કસી અસર થઈ નહિ. પાછળથી બેઝૂલને મિત્રના અવસાનના સમાચાર મળ્યા હતા. અને એને ખાતરી થઈ હતી કે પોતે પરલોકવાસી સાથે વાતચીત કરી છે.

આ આઠેય પ્રસંગો પ્રેતલોકના અસ્તિત્ત્વની નક્કર સાક્ષી પૂરે છે.

●

૧૦. પ્રેતાત્મા સાથે વાતચીત

કેટલીકવાર પ્રેતાત્માઓ સાથે લાંબા સમય સુધી વાતચીતો થયાના પ્રસંગો પણ નોંધાયા છે.

થોડા વખત પહેલાં ચિદંબર કુલકર્ણીના પ્રેતાત્મા સાથે ભારતીય સ્વામી કૃષ્ણાનંદજીને ઘણાં લાંબા સમય સુધી વાતો થઈ હતી. એ આખો વાર્તાલાપ ગુજરાત સમાચાર (૪-૯-'૬૬)માં પ્રગટ પણ થયો છે. આ કલ્પના નથી, આ સત્ય છે. જિનાગમના અધ્યેતાઓને આવી વાતોમાં કશું જ આશ્ચર્ય લાગતું નથી. કેમકે તેઓ તો આપણાં માનવો જેવી જ ભૂતપ્રેત (કે દેવો)ની સ્વતંત્ર દુનિયા માને જ છે. ત્યાં પણ કેવા વ્યવહારો હોય છે? કેવું ઐશ્વર્ય કોને કોને કેટલું હોય છે? તેઓની શક્તિ કેટલી હોય છે? વગેરે વાતો પણ બહુ અસંદિગ્ધ રીતે જિનાગમોમાં રજૂ કરવામાં આવી છે.

સ્વામી કૃષ્ણાનંદજી એ લેખના અંતે લખે છે કે, "પ્રેતાત્મા સાથે થયેલ વાતચીતનું વર્ણન મેં તદ્દન વફાદારીપૂર્વક કર્યું છે. તેમાં જરાપણ મીઠું-મરચું ભભરાવ્યું નથી. મેં તેની બરોબર ચકાસણી કર્યા પછી જ શબ્દદેહ આપ્યો છે, તેમાં મારી કોઈપણ પ્રકારની ભ્રમણા રહી ન જાય તેની મેં કાળજી રાખી છે."

પ્રેતાત્મા સાથેના મિલનપ્રસંગમાં સ્વામી કૃષ્ણાનંદે પ્રેતાત્માને ૨૬ પ્રશ્ન પૂછ્યા હતા. એ બધાય પ્રશ્નોના પ્રેતાત્માએ જે ઉત્તરો આપ્યા તેની તેમણે નોંધ કરી લીધી હતી.

આ એવી પ્રશ્નોત્તરી છે, જેનાથી પ્રેતલોક અંગેના જિનાગમના ઘણાં બધા વિધાનોની પરિપૂર્ણ સત્યતા સિદ્ધ થઈ જાય છે. પ્રેતાત્માએ પ્રેતલોક અંગે જે જે વાતો કરી છે તે બધી જ જિનાગમોમાં કહેવાઈ ચૂકેલી છે.

ચાલો ત્યારે ! આપણે પણ એ પ્રશ્નોતરીને ભૂમિકા સાથે એકચિત્તે જોઈએ.

સ્વામી કૃષ્ણાનંદ જ્યારે મહારાષ્ટ્રમાં પર્યટન કરતાં હતાં ત્યારે એક

વખત શોલાપુર પાસેના એક ગામડામાં એમને રહેવાનું બન્યું. એક રાતે એમને એક ખેડૂત તેના ખેતરમાં લઈ ગયો. ત્યાં એમનો ઉચિત સત્કાર કરવામાં આવ્યો, પણ તે ખેતરમાં મોટરથી ચાલતું શેરડી પીલવાનું યંત્ર ખૂબ અવાજ કરતું હતું એટલે સ્વામી કૃષ્ણાનંદ યજમાન ખેડૂતની મંજૂરી લઈને અડધો માઈલ દૂર આવેલા બીજા એક ખેતરમાં સૂવા ગયાં. ત્યાં અનુકૂળ સ્થાને પથારી કરીને સૂઈ ગયા.

તેમની ટેવ પ્રમાણે સવારે વહેલા ત્રણ વાગે તેઓ ઊઠી ગયા અને રોજના નિયમ પ્રમાણે ધ્યાનમાં બેસવાની તૈયારી કરતા હતા એટલામાં કોઈ એક વિચિત્ર વસ્તુની હાજરી તેમની આસપાસ વીંટળાઈ રહી હોય તેમ લાગ્યું, તેમને તે હકીકતનું ભાન થતાં ઉંચે જોયું, કાંઈક સ્પષ્ટરૂપે જોયું. આ આકૃતિ તેમનાથી દસ ફૂટ દૂર હતી અને જમીનથી આશરે ત્રણ ફૂટ અદ્ધર હતી, તેને કોઈ આધાર કે ટેકો ન હતાં.

સ્વામી કૃષ્ણાનંદજી કહે છે કે, 'મારા વિશાળ પર્યટનમાં હું ઘણીવાર આવા સત્ત્વોને મળ્યો હતો, પણ નજરોનજર મળવાનો તો આ પહેલો જ પ્રસંગ હતો. સાચું પૂછો તો મને આવો અનુભવ થાય તે માટે હું ઝંખતો હતો.

આનંદ અને કુતૂહલભરી મુખમુદ્રા સાથે મેં ત્રાંસી નજરે તે આકૃતિ ઉપર દૃષ્ટિ ઠેરવી. તે શું કરે છે તેની રાહ જોતો હું બેઠો.

(અહીં એક વાતનું સ્પષ્ટીકરણ ફરી એકવાર કરી દેવાનું ઉચિત લાગે છે કે દેવો (પ્રેત-ભૂતો વગેરે) જમીનથી અદ્ધર ચાલે છે તેટલું વિધાન જિનાગમોમાં સ્પષ્ટ રીતે કરવામાં આવ્યું છે. ઓછામાં ઓછું ચાર આંગળ જેટલું તો તેઓ અદ્ધર ચાલે જ છે. આ જ વાત અહીં પણ કહેવામાં આવી છે. પૂર્વે પણ પરલોકથી આવેલાઓની વાતમાં આ હકીકત જોવા મળી હતી.)•

પ્રેતાત્મા સાથે વાતચીત :

પ્રેતાત્માએ કહ્યું, "મિત્ર, 'સુપ્રભાતમ્.' તમને હું સુંદર સવાર ઈચ્છું છું."

મેં પણ જવાબમાં તેની સુંદર સવાર ઈચ્છી. પછી હું તેની સાથે વાતે

• **चउरंगुलेण भूमिं न छिवंति जिणा सुरा बिंति ।** — બૃહત્સંગ્રહણી

વળગ્યો. તે અસ્ખલિત અંગ્રેજીમાં બોલતો હતો.

(જિનાગમોમાં કહ્યું છે કે જન્માંતરનું ભાષા વગેરેનું જ્ઞાન કેટલાંક પ્રેતને થાય પણ ખરું. આ પ્રેત પણ પોતાના મનુષ્ય તરીકેના જીવનમાં અંગ્રેજી ભાષા જાણતો હોય તો તેના જ સંસ્કાર પ્રેતયોનિમાં પણ તેને હોઈ શકે છે. પ્રેતલોકમાં અંગ્રેજી વગેરે ભાષાઓનું નવેસરથી અધ્યયન નિયત હોતું નથી.)

અમારો વાર્તાલાપ દોઢેક કલાક ચાલ્યો. મારા વાચકોને આ બાબતનાં તેમના જ્ઞાનમાં વૃદ્ધિ થાય એ હેતુથી ચૂંટી કાઢેલા કેટલાંક સવાલો અને પ્રેતાત્માના ઉત્તરો હું રજૂ કરું છું.

(૧) પ્ર. તમે શા હેતુથી પ્રેરાઈને મારી સન્મુખ પ્રગટ થવાની કૃપા કરી?

ઉ. માનવીની સોબતનો પ્રેમ.

(૨) પ્ર. તમે મને કહેશો કે તમે પૂર્વજન્મમાં કોણ હતા? અને આ સ્થિતિમાં ક્યાંથી આવી ગયા?

ઉ. મારું ભૂતપૂર્વ નામ ચિદંબર કુલકર્ણી. હું અહીં પાસેના શહેરમાં એક સુંદર હોટલ ચલાવતો હતો. જેમને પોતાના ભૂતકાળનું જ્ઞાન હોય છે તેવા નસીબદાર પ્રેતાત્માઓમાંનો હું એક છું. કુદરતની યોજના અનુસાર મારું માનવશરીર આઠ વર્ષ પૂર્વે નાશ પામ્યું હતું. (જિનાગમોમાં કહ્યું છે કે દેવયોનિમાં ઉત્પન્ન થતાં દરેક આત્માને પોતાના કેટલાંક ભૂતકાળની જાતિસ્મૃતિ હોય જ છે. આ પ્રેત પણ પોતાની જાતિસ્મૃતિ જણાવે છે. વળી અહીં તે કહે છે કે તેનું માનવીય શરીર આઠ વર્ષ પૂર્વે નાશ પામ્યું હતું. આ વિધાન ઉપરથી આત્મા શરીરથી ભિન્ન છે, અને નિત્ય છે એ વાત સિદ્ધ થાય છે, માનવીય શરીરમાંથી નીકળીને આત્મા આ પ્રસંગમાં પ્રેતશરીરમાં ગયો છે એમ નક્કી છે.)

(૩) પ્ર. તમે ચિદંબર કુલકર્ણી તરીકે હતા ત્યારે આ ભૂતકાળનું જ્ઞાન મેળવવાની તમારી શક્તિ હતી?

ઉ.-ના, મારા એ સ્થૂલ માનવીય શરીરના નાશ પછી જ મારામાં એ શક્તિ પ્રગટ થઈ છે. (આ વાત પણ જિનાગમમાં સ્પષ્ટ શબ્દોમાં

જણાવી છે. દેવ અને નારકયોનિના આત્માઓ ભૂતપૂર્વ માનવનું કે તિર્યંચનું શરીર છોડે કે તરત જ તેમનામાં વિશિષ્ટ જ્ઞાનશક્તિ અવશ્ય ઉત્પન્ન થાય તેમ કહ્યું છે. જ્ઞાનબળથી તેમને જાતિસ્મૃતિ થાય તેમ અમુક ક્ષેત્રોમાં આવેલા રૂપી પદાર્થોનો સાક્ષાત્કાર પણ થાય. આવું માનવદેહને પ્રાપ્ત કરનારા માટે નિશ્ચિત હોતું નથી. કેટલાંક માનવોને આવું જ્ઞાન હોય તેવો નિયમ નથી.)

(૪) પ્ર. તમે કેટલું દૂર સુધીના ભૂતકાળમાં ડૂબકી મારી શકો છો?

ઉ. મારા પાંચ પૂર્વજન્મોનું મને વિગતવાર જ્ઞાન છે. (જિનાગમમાં દેવયોનિના મુખ્યત્વે ચાર પ્રકાર રહ્યા છે. ભવનપતિ-વ્યન્તર-જ્યોતિષ્ક અને વૈમાનિક. આ ચારેયમાં અમુક ક્ષેત્રમાં આવેલા રૂપી પદાર્થોનો સાક્ષાત્કાર પણ થાય. આવું માનવદેહને પ્રાપ્ત કરનારા માટે નિશ્ચિત હોતું નથી. કેટલાંક માનવોને આવું જ્ઞાન થઈ શકે ખરું. અહીં તો આ દેવાત્માને પોતાના ફક્ત પાંચ જ પૂર્વજન્મના જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે.)

(૫) પ્ર. શું તમે બીજાનો પણ ભૂતકાળ જાણવાની શક્તિ ધરાવો છો?

ઉ. કેટલીકવાર બીજાનાં ભૂતકાળની વિગતો પણ મારામાં ઝબકી જાય છે. (આ વાત પણ તદ્દન સાચી છે કેમકે 'ઝબકી જવું'નો અર્થ જ એ છે કે સહજ રીતે સદા માટે બીજાના ભૂતકાળને જાણવાની શક્તિ એ આત્મામાં નથી, પરન્તુ ક્યારેક કોઈના ભૂતકાળને જાણવા માટે એ પ્રયત્ન કરે ત્યારે જરૂર એ શક્તિ ઝબકી જાય છે. જિનાગમમાં પણ કહ્યું છે કે દેવયોનિમાં જે જ્ઞાન હોય છે તેનો ઉપયોગ મૂકે-અર્થાત્ તે જ્ઞાનથી જાણવાનો પ્રયત્ન કરે ત્યારે જ તે વ્યક્તિ પોતાના ભૂતકાળને જાણી શકે છે.)

(૬) પ્ર. તમે મારી ચોક્કસ જન્મતારીખ અને સમય કહી શકશો?

ઉ. હું પ્રયત્ન કરી જોઉં. હા, તમે એક બૌદ્ધદેશમાં ઈ.સ. ૧૯૨૦ના ઓગસ્ટની છવ્વીસમી તારીખે ૧૨-ક. ૧૮ મિનિટે જન્મ્યા હતાં. (અહીં પણ પ્રયત્ન એટલે કે 'ઉપયોગ'ની **જૈનાગમિક** પરિભાષાની વાત આવે જ છે.)

(૭) પ્ર.તમે તમારું કે બીજાનું ભાવિ જાણવાની શક્તિ ધરાવો છો?

ઉ. ના, મહારાજ. (આ પ્રેત હલકી વ્યન્તરયોનિનો છે માટે તેને આટલું જ્ઞાન ન હોય તે સુસંભવિત છે.)

(૮) પ્ર. છેલ્લા મૃત્યુ પછી તમે કયું પરિવર્તન અનુભવ્યું ?

ઉ. સ્થૂલશરીરના સંબંધનો નાશ અને એના પરિણામે પાર્થિવ વસ્તુઓનો ઉપયોગ કરવાની કે ઉપભોગ કરવાની અશક્તિ.

(આ વાત પણ શ્રી **જિનાગમ**માં જણાવવામાં આવી છે, પણ માત્ર શબ્દાન્તરથી. આપણે વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તે સાત પ્રકારના પરમાણુઓમાંથી પહેલા નંબરના 'ઔદારિક' નામના પરમાણુમાંથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કે ઉપભોગ કરીએ છીએ. જ્યારે પ્રેતયોનિના કે નારકયોનિના જે આત્મો છે તેઓ તે સાત પ્રકારના પરમાણુમાંથી બીજા નંબરના 'વૈક્રિય' નામના પરમાણુમાંથી બનેલી વસ્તુઓનો ઉપયોગ અને ઉપભોગ કરતાં હોય છે. આમ તેઓ આપણી ઔદારિક વસ્તુઓનો ઉપયોગ વગેરે કરતાં નથી એટલે આ પ્રેતાત્માએ તદ્દન સાચી વાત કહી છે.)

(૯) પ્ર. શું તમે એમ કહેવા માંગો કે મૃત્યુથી તમારી માનસિક શક્યતાઓ ઉપર વિપરીત અસર નથી થઈ ?

ઉ. ના, એટલું જ નહિ, પણ તેથી ઉલ્ટું, મૃત્યુ પછી મારી માનસિક શક્યતાઓમાં ચોક્કસ વધારો થયો છે.

(શ્રી **જિનાગમો**માં પણ આ વાત જણાવવામાં આવી છે. માનવ કરતાં દેવની શક્તિ અવશ્ય વિશેષ હોવાનું અનેક સ્થાને જણાવ્યું છે. સજ્જનમાણસ પણ સત્કર્મ કરી દેવયોનિમાં જઈ શકે છે તેમ તિર્યંચયોનિના બળદ, કૂતરા વગેરે પણ ટાઢ-તડકા વગેરેનાં કષ્ટો વેઠીને દેવયોનિમાં જઈ શકે છે. ફેર માત્ર દેવયોનિની ઊંચી-નીચી કક્ષાનો જ હોય છે, બાકી શક્તિ વગેરે તો બંનેમાં પણ અહીંના માનવ કરતાં તો વિશેષ જ હોય તેમ જણાવ્યું છે.)

(૧૦) પ્ર. તમે બધાં ક્યાં રહો છો ?

ઉ. અમારા શરીર તમારા શરીર કરતા સૂક્ષ્મ (જાણે કે) હવામય હોય છે, તેથી અમારે કોઈ અમુક જગ્યાએ રહેવાની જરૂર હોતી નથી, પણ અમારા દરેકના પૂર્વ-વલણ પ્રમાણે અમે વૃક્ષો, મંદિરો, તળાવો, કબરો, સ્મશાનો, દેવળો, કિલ્લાઓ, ગુફાઓ, ટેકરીઓ, કોલસાની ખાણો વગેરેની આસપાસ ભમીએ છીએ. કેટલીકવાર અમે માનવીના કે

પશુના શરીરમાં પણ પ્રવેશીને રહીએ છીએ. કેટલાંક ઊંચી કોટિના પ્રેતાત્માઓ સ્વર્ગના અને ઉચ્ચગ્રહોના પ્રદેશોમાં રહે છે, (આ હકીકતો પણ બહુ સ્પષ્ટ શબ્દોમાં **જિનાગમ**માં જણાવવામાં આવી છે. દેવયોનિમાં પહેલા બીજા નંબરની જે યોનિઓ છે ત્યાં ઉત્પન્ન થયેલાં દેવોમાંના ઘણાં દેવો ઉપરોક્ત કબરો, તળાવો, દેવળો વગેરેમાં કોઈને કોઈ પૂર્વજન્મની મૂર્ચ્છા વગેરેને કારણે રહે છે અથવા તો એમનો આત્મા ત્યાં જ ભમતો રહે છે. આ આત્માઓ પૂર્વજન્મના સ્નેહવાળી કે દુશ્મનાવટવાળી વ્યક્તિના શરીરમાં પ્રવેશ કરીને સુખ કે દુઃખ પણ આપતા હોય છે.)

પણ દેવયોનિમાં ત્રીજા અને ચોથા નંબરની જે દેવયોનિઓ છે તે ઊંચા પ્રકારની છે અને તે યોનિમાં જન્મ પામતા આત્માઓ આ રીતે કબરો વગેરેમાં રહેતા નથી કે ભમતા પણ નથી. એમાં પણ જે ત્રીજા નંબરની દેવયોનિ છે, જેને જ્યોતિષ્ક દેવયોનિ કહેવાય છે. તેઓ આપણે જે સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાને જોઈએ છીએ, તેમાં રહે છે. વસ્તુતઃ આપણને દેખાતા સૂર્યચન્દ્રાદિ એ તો તેમાં રહેતાં દેવોનાં વિમાનો છે, જે સતત આકાશમાં પરિભ્રમણ કરતાં રહે છે. જ્યારે ચોથાપ્રકારના દેવો જેમને વૈમાનિકદેવો કહેવાય છે તેઓ તો તે સૂર્યાદિના વિમાનથી પણ ઉપર આવેલા આકાશમાં આવેલા વિમાનોમાં રહે છે. એ વિમાનો આ પૃથ્વી ઉપરથી આપણને દેખાઈ શકે તેમ નથી.

જિનાગમની આ સઘળી હકીકતને પ્રેતાત્માએ કહેલી વાતો સાથે સંપૂર્ણ મેળ બેસી જાય છે.★

(૧૧) પ્ર. તમે માનવીના કે પશુના શરીરમાં કેમ અને ક્યારે

- **रयणाए हिट्ठुवरि जोयणसहस्सं विमुत्तुं ते भवणा ।** — બૃ.સંગ્ર.ગા. ૨૫
- **रयणाए पढमजोयणसहस्से हिट्ठुवरिं सयसयविहूणे ।**
  वंतरियाणं रम्मा भोमा नयरा असंखिज्जा ॥ — બૃ.સંગ્ર.ગા. ૩૦
- **समभूतलाओ अट्ठहिं दसूण जोयणसएहिं आरब्भ ।**
  उवरि दसुत्तरजोयणसयंमि चिट्ठंति जोइसिया ॥ — બૃ.સંગ્ર.ગા. ૪૮
- **चुलसीइलक्खसत्ताणवइसहस्सा विमाण तेवीसं ।**
  सव्वग्गमुड्ढलोगंमि इन्द्रिया बिसट्ठी पयरेसु ॥ — બૃ.સંગ્ર.ગા. ૮૯

રહેવાનું પસંદ કરો છો ?

ઉ. જેમને પૃથ્વી તરફ ખેંચાણ હોય છે. જેમની દુન્યવી વાસનાઓ ખૂબ પ્રબળ હોય છે અને જે આત્મા તે સુષુપ્ત વાસનાઓને શાંત કરવાની ઈચ્છા રાખે છે તેવા પ્રેતાત્માઓ જીવતા માનવીના શરીરમાં કે પશુના શરીરોમાં ઘૂસી જાય છે. મોટે ભાગે જેમને તે ભૂતકાળમાં ચાહતા હતાં તેમનામાં પ્રવેશ કરવાનું તે પસંદ કરે છે. અથવા કોઈ શરીર આઘાતથી મૂર્ચ્છાવશ થઈ ગયું હોય અથવા વિષની અસરથી બેભાન બની ગયું હોય છે, તેમાં તે પેસી જાય છે. જ્યારે મૂર્ચ્છાવશ કે બેભાન બનેલો માનવી ભાનમાં આવતાં જ પહેલાં કરતાં તદ્દન જુદી જ રીતે વર્તતો હોય છે તો તમારે નક્કી માનવું કે કોઈ પ્રેતાત્માએ તેના શરીરનો કબજો લીધો છે અને તેમાં રહેતા તેના જીવને તેણે હાંકી કાઢ્યો છે.

(આ વાત પણ ભગવાન જિનેશ્વરદેવે સ્પષ્ટ રીતે જણાવેલ છે. સામાન્ય રીતે આ મનુષ્યલોકની ભયંકર દુર્ગંધના ૪૦૦-૫૦૦ યોજન સુધીના ઉછાળા વગેરે કારણે દેવો આ પૃથ્વી ઉપર આવતા નથી, પરંતુ જન્માન્તરના કોઈ વ્યક્તિ સાથેના સ્નેહાદિના કારણે આ પૃથ્વી ઉપર આવે છે અને કોઈ વ્યક્તિના શરીરમાં પ્રવેશાદિ પણ કરે છે.)★

(૧૨) પ્ર. તમે પ્રેતાત્માઓ માનવીને મદદ કરવાની, સજા કરવાની અથવા તેમને હેરાન કરવાની શક્તિ ધરાવો છો ?

ઉ. હા, માનવજાતિની શક્યતાઓ પર શાસન ચલાવતા કર્મના કાયદાઓ અમારા પ્રેતજગતને લાગુ પડે છે. ફરક માત્ર એટલો છે કે અમારાં શરીર સૂક્ષ્મ હવામય હોય છે એટલે અમે શરીરધારી પ્રાણીઓનું ભલું કે બૂરું કરવામાં વધારે સ્વતંત્રતા અનુભવીએ છીએ. વળી અમે તે

● **पंचसु जिणकल्लाणेसु चेव महरिसीतवाणुभावाओ ।**
जम्मंतरनेहेण य आगच्छंति सुरा इहयं ॥ — બૃ.સંગ્ર.ગા. ૧૯૦

● **संकंतिदिव्वपेमा विसयपसत्ताऽसमत्तकत्तव्वा ।**
अणहीणमणुयकज्जा नरभवमसुहं न इंति सुरा ॥ — બૃ.સંગ્ર.ગા. ૧૯૧
चत्तारिपंचजोयणसयाइं गंधो अ मणुयलोगस्स ।
उड्ढं वच्चइ जेण न उ देवा तेण आवंति ॥ — બૃ.સંગ્ર.ગા. ૧૯૨

કામ બહુ ઝડપથી અને સુગમતાથી કરી શકીએ છીએ.

(આ વાત પણ **જિનાગમ**ને અનુસરે છે. જિનાગમમાં જેને દેવ કહેવામાં આવે છે. તે પણ અંતે તો દેવદુનિયાનો એક સંસારી આત્મા જ છે. એને પણ મૃત્યુ છે, કર્મની પરાધીનતા છે, તે ક્રોધાદિથી ગ્રસ્ત છે. વિષયવાસનાનો એ પણ ગુલામ છે. બેશક માનવ કરતાં આ દેવ વધુ શક્તિશાળી આત્મા ખરો પરંતુ એનો આત્મા એ પરમાત્મા તો નથી જ. અને તેથી જ એ સદૈવ સ્મરણીય કે ઉપાસ્ય નથી જ. એનામાં વિશિષ્ટ શક્તિ હોવાને કારણે એ દેવ ધારે તો હજારો માનવીઓને એક સાથે ચપટીમાં ચોળી નાંખે, એ ધારે તો એક ભિખારીને એક ક્ષણમાં અબજોપતિ બનાવી શકે, એ ધારે તો આંખના એકજ પલકારામાં ૨૦૦ માળની તોતિંગ ઈમારત ઊભી કરી શકે, પણ ગમે તેમ તો ય આ શક્તિને આત્માના વિકાસ સાથે વિશિષ્ટ સંબંધ નથી, માટે જ માનવોના અધિપતિ બનવાની શક્તિવાળો એ આત્મા હોવાથી દેવ ભલે કહેવાય પરંતુ જિનાગમમાં જેને પરમાત્મા કહેવાય છે તે દેવાધિદેવ તો ન જ કહેવાય. તો કરોડો દેવો એ પરમાત્મા દેવાધિદેવના દાસનાં પણ ચરણો ચૂમતાં રહે છે. આ તમામ હકીકત જિનાગમમાં છે, આ જ વાતના અણસારો અહીં પ્રેતાત્મા પોતે કરે છે.)

(૧૩) પ્ર. તમે પૃથ્વી પરના માનવીઓને ભૌતિક પદાર્થો વડે મદદ કરી શકો ખરા ?

ઉ. અમે પ્રેતાત્માઓ ભૌતિક પદાર્થોનું સર્જન કરી શકતા નથી, તેમજ તેવા પદાર્થો અમારી માલિકીના હોતા પણ નથી. તેથી જ્યારે પૃથ્વીના માનવીઓને ભૌતિક પદાર્થો વડે મદદ કરવાની વાત આવે છે ત્યારે નીચલી કોટિના પ્રેતાત્માઓ તે પદાર્થો કોઈની દુકાનમાંથી કે મકાનમાંથી ઉપાડી લાવતા હોય છે. હું એવા કેટલાંક તોફાની પ્રેતાત્માઓને ઓળખું છું કે જેઓ કેટલાંક સમૃદ્ધિશાળી, કપટી શ્રીમંતોની તિજોરીમાંથી દ્રવ્ય ઉપાડી લાવી દક્ષિણના એક જાણીતા હરિજનને પૈસાના ઢગલે ઢગલા આપ્યા કરે છે. એ વ્યક્તિ ચમત્કારપ્રિય માનવસમુદાયને ઈશ્વર અને અવતારોના નામે આકર્ષીને ભરમાવે છે. જોકે એટલું તો કહેવું જ પડશે કે ધર્મ અને ભગવાનમાં નહિ માનનારા એવા કેટલાંક આ પ્રેતાત્મક્રિયાને યોગશક્તિ માનીને ધર્મ તરફ આકર્ષાયેલા છે.

(શ્રી જિનાગમોની જ આ વાતો છે. પ્રેતાત્માએ આપેલા આ ઉત્તરમાંથી બે વાત નિષ્પન્ન થાય છે. પહેલી વાત તો એ કે જિનાગમમાં જણાવ્યું છે કે દેવલોકમાં જે વૈક્રિય પરમાણુમાંથી સ્વાભાવિક કોઈ વસ્તુનું નિર્માણ થાય છે. એમ જો કોઈ દેવ એ વૈક્રિય પરમાણુમાંથી કોઈવસ્તુ બનાવે તો તે વધુમાં વધુ ૧૫ દિવસ ટકી શકે પછી તે વસ્તુનું વિઘટન થઈ જાય અને ફરી તે પરમાણુના રૂપમાં વેરાઈ જાય. એટલે એ વાત તદ્દન સાચી છે કે જ્યારે મર્ત્યલોકના કોઈ માનવીને ભૌતિક પદાર્થથી મદદ કરવાની વાત આવે ત્યારે વૈક્યિ પરમાણુમાંથી તે વસ્તુ બનાવીને તેને મદદ કરી શકાય નહિ, એટલે એવી વસ્તુ મર્ત્યલોકમાં જ્યાં બીજે ક્યાંય પડી હોય ત્યાંથી ઉપાડી લાવીને તે માનવને આપવી જ રહી.)

વળી આ વાતનો સજ્જડ પુરાવો પણ **જિનાગમ**માં મળે છે. જ્યારે જ્યારે ભગવાન જિનનો આત્મા ગૃહસ્થધર્મ છોડીને સાધુધર્મનો સ્વીકાર કરે છે ત્યારે તે સાધુધર્મનો સ્વીકાર કરવા પૂર્વે એક વર્ષ સુધી હંમેશ અઢળક સંપત્તિનું દાન કરે છે. બધું મળીને એ દાન ૩૮૮ કરોડ અને ૮૦ લાખનું થાય છે. આ બધું દ્રવ્ય દેવો જ લઈ આવતા હોય છે. જેનો કોઈ માલિક ન હોય તેવું જમીન વગેરેમાં જ્યાં જ્યાં ય પણ દટાયેલું દ્રવ્ય હોય તે જ લાવી લાવીને ભગવાન જિનના આત્માના ઘરમાં નાંખે છે આ વાતને બિલકુલ મળતી આવે છે. પ્રેતાત્માની વાત.★

● जप्पभिइं च णं समणे भगवं महावीरे तंसि नायकुलंसि साहरिए, तप्पभिइं च णं बहवे वेसमणकुंडधारिणो तिरियजंभगा देवा सक्कवयणेणं से जाइं इमाइं, पुरापोराणाइं महानिहाणाइं भवंति, तंजहा-पहीणसामियाइं, पहीणसेउआइं, पहीणगुत्तागाराइं, उच्छिन्नसामियाइं, उच्छिन्नसेउयाइं, उच्छिन्नगुत्तागाराइं, गामागरनगरखेडकब्बडमडंबदोणमुहपट्टणासमसंबाहसन्निवेसेसु सिंधाडएसु वा, तिएसु वा, चउक्केसु वा, चच्चरेसु वा, चउम्मुहेसु वा, महापहेसु वा, गामट्ठाणेसु वा, नगरट्ठाणेसु वा, गामणिद्धमणेसु वा, नगरनिद्धमणेसु वा, आवणेसु वा देवकुलेसु वा, सभासु वा, पवासु वा, आरामेसु वा, उज्जाणेसु वा, वणेसु वा, वणसंडेसु वा, सुसाणसुन्नागारगिरिकंदरसंतिसेलोवट्ठाण-भवणगिहेसु वा, सन्निक्खित्ताइं चिट्ठंति ताइं सिद्धत्थरायभवणंसि साहरंति ॥ -બારસાસૂત્ર-૮૮

બીજી વાત એ છે કે આજે દુનિયામાં ચમત્કારોને નમી જનારા અને ત્યાં ઈશ્વરીય સાક્ષાત્કાર માનનારાઓનો તોટો નથી. આ પ્રેતાત્મા અહીં તદ્દન સાચું કહે છે કે, 'આવા ચમત્કારો અમારા દેવોની જાતિ જ કરે છે અને તેથી જ લોકો અંજાઈ જાય છે.

શ્રી જિનાગમમાં તો પૂર્વે કહ્યા મુજબ દેવ પણ અંતે તો સામાન્યતઃ વિષય-વાસનાદિનો ગુલામ આત્મા છે, સાવ સંસારી જીવ છે. એના પ્રત્યક્ષ થવાથી એને જ પરમાત્માનો સાક્ષાત્કાર માની લેવાની જીવલેણ ભૂલ જૈનેતર લોકો જ કરી શકે.

જિનાગમોમાં તો પૂર્વે કહ્યા મુજબ દેવ પણ અંતે તો તમામ વાસનાથી સર્વથા મુક્ત હોઈને જેઓ નિરંજન છે, જેઓ શરીર વિનાના હોવાથી નિરાકાર છે અને જેઓ સચ્ચિદાનંદમય છે તે જ પરમાત્મા છે. તેઓ કદાપિ આ લોકના કોઈપણ આત્માને પ્રત્યક્ષ દર્શન આપવા માટે સિદ્ધિગતિમાંથી અહીં આવતા જ નથી. તેઓ ત્યાં રહીને પણ કોઈને કશો ચમત્કાર બતાવતા નથી. પરમાત્મા તો રાગી નથી, રોષ કરનારા પણ નથી. માટે તેઓ ભક્તને કે શત્રુને કાંઈ જ કરતા નથી. કરવાનું તો તેમને કશું નથી. માત્ર આપણે જ એ વિશુદ્ધાત્માનું ધ્યાન ધરીને એ ધ્યાનાગ્નિમાં કર્મો અને વાસનાઓનાં ઈંધનોને ભસ્મસાત્ કરવાનાં છે. આવું કરવામાં નિમિત્તભૂત તે પરમાત્મા બન્યા, તેમણે જ આમ કરવાનું તેમની આ લોકસ્થ સદેહાવસ્થામાં આપણને બતાડ્યું માટે તેઓ આપણા નિઃસીમ ઉપકારી બન્યા. સદૈવ સ્મરણીય અને સદૈવ ઉપાસ્ય બન્યા.

આ પ્રેતાત્માએ ચમત્કારોના નામે ફેલાતાં ધતિંગોની સામે બહુ જ સચોટ રદિયો આપીને જિનધર્મની વાતોના પરિપૂર્ણ સત્યને નમસ્કાર જ આપ્યો છે એમ કહીએ તો જરા પણ ખોટું નહિ ગણાય.

(૧૪) પ્ર. સ્થૂલ ઈન્દ્રિયોના અભાવે પ્રેતાત્માઓ ભૌતિક પદાર્થોની હેરફેક કેવી રીતે કરી શકે છે ?

ઉ. અમારી પ્રેતાત્માઓની પાસે માનવીએ બનાવેલી ભૌતિક વસ્તુઓના પરમાણુઓનું વિઘટન કરવાની શક્તિ હોય છે. આવી રીતે તે વસ્તુઓને ચોરી લાવતા પ્રેતાત્માઓ તે પ્રક્રિયા અખત્યાર કરતા હોય છે.

અને જયાં તે વસ્તુઓ લઈ જવાની હોય છે, ત્યાં તેઓ તે વસ્તુઓના પરમાણુઓનું ફરી સંગઠન કરે છે. અર્થાત્ એ અણુ-પરમાણુઓને એકઠા કરીને ફરી તે વસ્તુઓનું નિર્માણ કરે છે.

(૧૫) પ્ર. તમે તે વસ્તુના પરમાણુઓનું વિઘટન કેવી રીતે કરો છો ? એ પદ્ધતિનો ચોક્કસ ખ્યાલ આપશો ?

ઉ. મિત્ર, ના, ગૂઢવસ્તુઓ જાણવાની તમારી ઈચ્છાને હું વખાણું છું પણ ચૈતન્યશક્તિઓની કાર્યપદ્ધતિની વિગતો જાણવા માટે હજી તમે પરિપક્વ થયાં નથી, અને મહેરબાની કરીને તે પદ્ધતિનો દાર્શનિક પ્રયોગ કરવાનું દબાણ ન કરશો. કારણ કે તેથી મારી આધ્યાત્મિક શક્તિનો વિના કારણ દુર્વ્યય થશે.

(૧૬) પ્ર. અનિષ્ટકારી પ્રેતાત્માઓ ગમે તેને નુકસાન પહોંચાડી શકે ખરા ?

ઉ. ના. અમારી પ્રેતાત્મા-સૃષ્ટિમાં તમે જેને સંરક્ષણસમિતિ કહો છો એવી સંસ્થા હોય છે. બળવાન સત્ત્વો એનાં સભ્ય હોય છે. એમની એક ફરજ હોય છે કે કોઈપણ માણસને અયોગ્ય ઈજા ન થાય તે તેમણે જોવું (!!!) એમાં એક અપવાદ પણ હોય છે. અને તે એ કે ભૂતકાળની કોઈ દ્વેષીલી સંબંધગ્રન્થિઓ હોય અને તેને લઈને વ્યક્તિ તરફ તે પ્રેતાત્મા દ્વેષયુક્ત વર્તાવ કરે. તમારી માનવસૃષ્ટિમાં હોય છે તેવું જ અમારી બાબતમાં પણ છે. આવો દ્વેષયુક્ત વર્તાવ તેઓ માનવીઓ કે બીજા પ્રાણીઓ સાથે પણ કરે છે.•

(૧૭) પ્ર. તમે પ્રેતાત્માઓ અલૌકિક ઘટનાઓનું નિર્માણ કરી શકો ખરા ?

ઉ. હા. જરૂર. એવા તો ઘણાં પ્રસંગો બન્યા છે. હું કેટલાંક પ્રસંગ અહીં રજૂ કરીશ.

• આ બાબતની સાક્ષીરૂપ તો **જિનાગમો**ની ચરિત્રકથાઓમાં અઢળક પ્રસંગો આવે છે. ભગવાન પાર્શ્વનાથ ઉપર કમઠ નામના દેવનો રંજાડ તો તેમાં અતિપ્રસિદ્ધ છે. ભગવાન મહાવીરદેવ ઉપર સંગમકદેવનો નિષ્ફળ મુકાબલો વર્ષોવર્ષ દેશનામાં સાંભળવા મળે છે.

(૧) એક માણસ ખૂબ ગરીબ હતો. તે બે દિવસથી અન્ન વગર ભૂખ્યો ટળવળતો હતો. એમને તેની જાણ થઈ. મારા સાથીદારે દેવીના ચરણકમલમાં પડેલી કેટલીક રૂપિયાની નોટો ઉડાડીને પેલા ભૂખે મરતા ભૂખ્યા ભક્તના હાથમાં પડે તેમ કર્યું, આ જોઈને બધાનાં નેત્ર આશ્ચર્યથી વિસ્ફારિત થઈ ગયાં, પણ અમારા માટે તો આ એક સામાન્ય ઘટના જ હતી.

(૨) બીજા એક પ્રસંગે સુપ્રસિદ્ધ શ્રીનાથજીના વૈષ્ણવમંદિરમાં બીજા એક પ્રેતાત્માએ અમુક સમય સુધી અદશ્ય રહીને ઘંટ વગાડ્યા કર્યો. થોડીવાર પછી શંખોનો નિનાદ સંભળાવા લાગ્યો. કોઈ માનવીની મદદ સિવાય નગારાં પણ વાગવા લાગ્યા. બધાં લોકો તેને દિવ્ય ચમત્કાર માનવા લાગ્યા.

(૩) એકવખત એક સ્ત્રી પ્રેતાત્માએ એક મંદિરના ગર્ભાગારમાં અદશ્ય રહીને ત્યાં ઉપસ્થિત થયેલા લોકો આગળ ઘોષણા કરી કે, "જો તમે બધા સાંજથી સવાર સુધી મંદિરની પ્રદક્ષિણા નહિ કરો તો પ્રભુનો કોપ તમારી ઉપર ઊતરશે." બધાએ તેને દેવવાણી માનીને સાંજથી સવાર સુધી મંદિરની પરિકમ્મા કરી.

(આ અને ઉપર વર્ણવેલી ઘટનાઓ ઉપર તમે જોઈ શકશો કે તમારી માનવીની માન્યતાઓ કેટલી ખોટી છે અને તમારું અજ્ઞાન કેટલું ગજબનાક છે. તમે બધા તે ઘટનાઓમાં ઈશ્વરી શક્તિના ચમત્કારો જુઓ છો તે તદ્દન ભૂલ ભરેલું છે,) ભારતીયદર્શનોમાં જૈનદર્શન સિવાય બીજા બધા પ્રચલિત ધર્મોનો અનુયાયીવર્ગ આ પ્રેતાત્માએ કહ્યું તેવી ભ્રાન્તિમાં આબાદ અટવાઈ ચૂકેલો જોવા મળે છે. જયાં ક્યાંય કોઈ ચમત્કાર જોવા મળે છે ત્યાં તેને ઈશ્વરદત્ત ચમત્કાર તરીકે જ સ્વીકાર લઈને સ્થાનનો કે એ વ્યક્તિનો ખૂબજ વધુ પડતો મહિમા વધારી મૂકતા હોય છે.

પ્રેતાત્માઓની કુતૂહલભરી તોફાની વૃત્તિમાંથી જ આવી પ્રવૃત્તિઓનું સર્જન થાય છે એ વાતની ગંભીરપણે જો કોઈએ નોંધ લીધી હોય તો માત્ર જૈનદર્શને જ લીધી છે.

જૈન જગતના કોઈ અનુયાયીને આવો ચમત્કાર થાય કે જોવા મળે

તો પણ તે તેને ઈશ્વરદત્ત કહેવા તો કદી તૈયાર ન થાય પરંતુ દૈવી ચમત્કાર જ કહે. કેમકે એના અંતરમાં ઈશ્વર (પરમાત્મા) અને દેવ (પ્રેત વગેરે) વચ્ચેની મોટી ભેદરેખા બરોબર ઉપસી આવેલી હોય છે.)

(૧૮) પ્ર. તમે તમારી અત્યારની અવસ્થાને માનવજીવન કરતાં ચડિયાતી માનો છો ?

ઉ. તમને-પૃથ્વી પરના માનવોને - પ્રેતાત્મા સૃષ્ટિનું સાચું જ્ઞાન નથી માટે તમે બધા અમને હીન ગણો છો અને અમારાથી ડરો છો... પણ તમને ખબર નથી કે કુદરતી ઉત્ક્રાંતિના વિકાસનાં ક્રમમાં દરેક જીવને પ્રેતાત્માની સૃષ્ટિની અનુભૂતિમાંથી પસાર થવું પડે છે. આ વિષયમાં મારું એમ માનવું છે કે જેમ સોનાને અલંકારસ્વરૂપ આપવા પહેલાં વિવિધ ક્રિયાઓથી પસાર થવું પડે છે, તે જ રીતે આધ્યાત્મિક પરમપદને પામતાં પહેલાં દરેક જીવને વિવિધ અનુભૂતિઓમાંથી પસાર થવું પડે છે.

(આ વિધાન પણ **જિનાગમો**નું જ વિધાન છે. **જિનાગમો**માં બહુ સાફ શબ્દોમાં એ વાત કરવામાં આવી છે કે દરેક આત્માને દેવ વગેરે તમામ યોનિમાં અગણિત વખત ઉત્પન્ન થવું પડે છે, કૂતરાં-બિલાડા વગેરેના જીવનમાં પણ જે કાંઈ મારપીટ દ્વારા, ટાઢ-તડકા વેઠવા વગેરે દ્વારા સહન કરાય છે તેનાથી અમુક પ્રકારનું શુભકર્મ તે બાંધે છે. એ શુભકર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે એ આત્મા કૂતરા વગેરેનું ખોળિયું છોડી દઈને દેવયોનિમાં ચાલ્યો જાય છે, આમ અનિચ્છાએ પણ જ્યાં ને ત્યાં ખૂબ સહવા દ્વારા દેવયોનિ પ્રાપ્ત થઈ જાય છે.

પરંતુ આવું અગણિત વાર બન્યા પછી ક્યારેક ક્યારેક ખૂબ દુર્લભ માનવજીવન પણ પ્રાપ્ત થતું રહે છે ખરું. એમાં એને ક્યારેક સત્સંગ થાય છે અને પછી તેને સાચી સૂઝ પ્રાપ્ત થાય છે. એથી તે સ્વેચ્છાએ ત્યાગ, તપ વગેરે કરીને સહન કરે છે. દાન, શીલ વગેરે ધર્મોને પાળે છે. એટલું જ નહિ પણ સ્વેચ્છાએ જ વિનાશી જગતની વિનાશી મહોબ્બતનો ત્યાગ કરીને સંન્યાસ લે છે. સર્વજીવોને પોતાના તરફથી અભય આપે છે. આવી બધી ઉત્તમ સ્વૈચ્છિક પ્રવૃત્તિથી અશુભકર્મનો નાશ થાય છે, પણ શુભકર્મનો ઢેરનો ઢેર એ આત્મા ઉપર ખડકાઈ જાય છે. જ્યાં સુધી આવાં

શુભકર્મનો પણ નાશ ન થાય ત્યાં સુધી એ આત્મા સંસારમાંથી છૂટીને મોક્ષપદ પામી શકે નહિ. એટલે જ આવાં શુભકર્મોને ભોગવવાં તો પડે જ. તે માટે ઊંચામાં ઊંચા પ્રકારનું ઐશ્વર્ય હોવું જોઈએ. એવું ઐશ્વર્ય દેવેયોનિનાં ત્રીજા અને ચોથા પ્રકારનાં જ્યોતિષ્ક-વૈમાનિક નામના લોકમાં જ સાંપડે છે. એટલે મોક્ષપદ પામવા આગળ વધેલા, દૈવી સુખોના ઐશ્વર્યની ઈચ્છા વિનાના આત્માઓને પણ એ દૈવી સુખોનો ભોગવટો કરવા ત્યાં ફરજિયાત જવું પડે છે. ત્યાં અનાસક્ત ભાવે એ ઐશ્વર્ય ભોગવીને શુભકર્મનો પણ નાશ કરે છે અને પછી માનવયોનિમાં જન્મ લઈને મોક્ષમાં ચાલ્યા જાય છે. એટલે આ પ્રેતાત્માએ કહ્યું કે, ઉત્ક્રાંતિના વિકાસના ક્રમમાં દરેક જીવને પ્રેતાત્મા સૃષ્ટિની અનુભૂતિમાંથી પસાર થવું જ પડે એ વાત તદ્દન સાચી છે.

વળી તેણે એમ કહ્યું કે, તમે માનવો અમને પ્રેતાત્માને હીન કક્ષાના ગણો છો તે બરાબર નથી. આ વાત પણ એક અપેક્ષાએ સાચી છે, કેમકે માનવ કરતાં પ્રેતની શક્તિ વગેરે વિશેષ હોય છતાં એ વાત પણ એટલી જ સાચી છે કે માનવના સંકલ્પબળ આગળ, માનવ જે આધ્યાત્મિક વિકાસ સાધી શકે એની તુલનામાં દેવાત્મા બેશક હીન જ છે, અને તેથી જ દેવાત્મા આધ્યાત્મિક વિકાસની ટોચે પહોંચેલાં સંતોના તો ચરણો જ ચૂમે છે.)

(૧૯) પ્ર. તમે મારા વિચારો વાંચી શકો ખરા ?

ઉ. જરૂર જરૂર હું અત્યાર સુધી એજ કરતો રહ્યો છું. જેને તમે મારી પાસેથી ગવડાવવા માગો છો એવા એક કાવ્યનો વિચાર અત્યારે તમારા મનમાં છે. તમે તમારા મનમાં ને મનમાં ગાઓ પછી હું ગાઈ બતાવીશ.

(આ વાત પણ **જિનાગમ**માં જણાવવામાં આવી છે. દરેક દેવને ઓછા કે વધતા પ્રમાણમાં પોતપોતાની શક્તિ મુજબ રૂપી દ્રવ્યનું ત્યાં બેઠાં બેઠાં જ પ્રત્યક્ષ થતું હોય છે. કોઈને ૨૫ માઈલની અંદરની તમામ વસ્તુનું તો કોઈને વધી વધીને હજારો, લાખો અને અગણિત માઈલોમાં આવેલી તમામ વસ્તુ આત્માના ચક્ષુથી દેખાય છે. આવું વિરાટ દર્શન, દેહને મળેલી આંખોથી થઈ શકતું નથી. આમાં કેટલાંક દેવોને એવી વિશિષ્ટ

શક્તિ મળે તો તેઓ માનવના મનના ભાવોને પણ સ્થૂલ રીતે જોઈ શકે અને તે ઉપરથી અનુમાન કરે છે કે આ માણસે આવો વિચાર કર્યો હોવો જોઈએ. જૈનાગમોની પરિભાષામાં મનના વિચારોને વિશિષ્ટ રીતે જાણવાના જે જ્ઞાનને મનઃપર્યવજ્ઞાન કહેવામાં આવે છે તે દેવોને હોતું નથી. આજની 'ટેલિપથી'ની પદ્ધતિથી થતું જ્ઞાન એ મનઃપર્યવજ્ઞાન કહી શકાય નહિ.

(૨૦) પ્ર. તમારી ઈચ્છા મુજબ ગમે તે વ્યક્તિની સમક્ષ તમે પ્રગટ થઈ શકો ખરા ?

ઉ. હા, અમારામાંના જે પ્રેતાત્માઓને માનવપ્રાણીઓ માટે સાહજિક પ્રેમ છે, તે સારા સંસ્કારો અને સારા સ્વભાવવાળી વ્યક્તિઓની સોબત પસંદ કરે છે. જે અમારાથી ભય પામે છે અને જેમના જીવનમાં ઉચ્ચમૂલ્યો માટે અભિરુચિ નથી તેમના ઉપર મોટે ભાગે અમે અમારી જાતને લાદતા નથી. અમારામાં કેટલાંક પ્રેતાત્માઓ એવા પણ છે કે જેમને બીજા પ્રાણીઓ માટે કુદરતી અણગમો હોય છે. કેટલાંક પ્રેતાત્મા માત્ર વનસ્પતિ અથવા પશુઓની પેઠે અસ્તિત્ત્વ જ ધારણ કરે છે, તેમને કશામાં રસ હોતો નથી. તુચ્છકોટિના પ્રેતાત્માઓને જ તોફાન કરવું બહુ ગમે છે. તે પ્રેતાત્માઓ મનુષ્યોને તથા બીજા પ્રાણીઓને સતાવવામાં જ આનંદ સમજે છે. આ ઉપરથી તમને સમજાશે કે પાર્થિવ ભૂમિકા ઉપર મનુષ્ય જેમ ભિન્ન ભિન્ન પ્રકારના અને સ્વભાવના હોય છે. તેવું જ અદૃશ્ય જગતમાં પણ હોય છે. (આપણે પૂર્વે જ જોયું છે કે દેવયોનિમાં પણ ચાર પ્રકાર છે. આમાંના જે પહેલા બે પ્રકાર છે કે જેમનાં નામ ભવનપતિ અને વ્યન્તર છે. તે બે પ્રકારના દેવોને અનુલક્ષીને જ આ પ્રેતાત્માએ અહીં બધી વાત કરી છે. **જિનાગમ**ની દૃષ્ટિએ આ બે સ્થાનના દેવો ઘણું કરીને કૂતુહલપ્રિય હોય છે. પાંચ ગતિમાં જે નારકનામની ગતિ છે કે જ્યાં અસત્કર્મો કરવાથી આત્માને જવું પડે છે અને ખૂબ વેઠવું પડે છે, એ નારકગતિમાં પણ ભવનપતિ દેવયોનિના કેટલાંક દેવો જાય છે અને ત્યાં જઈને ત્યાં આવેલા પાપી આત્માઓને ભયંકર ત્રાસ આપે છે. એ વખતે એ આત્માો જે ચીસાચીસ કરે છે તે જોઈને પેલા કુતૂહલપ્રિય દેવોને ખૂબ

આનંદ આનંદ થઈ જાય છે ! કેવી વાત ! પથ્થરમારું છોકરાને આનંદ ! અને પથ્થરનો માર ખાતાં દેડકાને તો મરણતોલ ત્રાસ ! જિનાગમની આ વાતોને અનુલક્ષીને જ પ્રેતાત્માએ આ હલકીકક્ષાના દેવોની રંજાડપ્રિયતાનું સૂચન કર્યું હશે. માત્ર નારકયોનિમાં જ નહિ, માનવ અને પશુયોનિના જીવોને રંજાડવાનું પણ એવા કેટલાંક હલકા પ્રેતાત્માઓને ખૂબ ગમતું હોય છે.

વળી આ પ્રેતાત્માએ જે કહ્યું કે, કેટલાંક પ્રેતાત્મા વનસ્પતિ અથવા પશુઓની પેઠે અસ્તિત્ત્વ જ ધારણ કરતાં હોય છે. એ વાત પણ તદ્દન સાચી છે. **જિનાગમો**માં તો આ વિધાન પણ સ્પષ્ટ શબ્દોમાં કર્યું છે. એટલું જ નહિ પણ એવી કેટલીક ચરિત્રકથાઓમાં પણ પ્રેતાત્માની હલકી અવસ્થાનું સ્પષ્ટ બયાન કરેલું જોવા મળે છે. પ્રેતાત્માઓ ઐશ્વર્યસમૃદ્ધ દશામાં જવા છતાં કેટલાંક વિષમ પાપકર્મોના કારણે ત્યાં ગયા પછી પણ કેટલાંકને સુખ અને શાન્તિ મળતાં નથી. તેમનો આત્મા આપણી દુનિયાના કોઈ સ્થાનનાં કે કોઈ ગટરોનાં સ્વામી તરીકેનું જીવન જીવે એવું પણ સાંભળવા મળે છે. આવા દેવો માત્ર પોતાનું દેવ તરીકેનું અસ્તિત્ત્વ ટકાવવા સિવાય બીજું શું વધું કરે છે ?

જેવું આ મર્ત્યલોકમાં છે : નાના-મોટાપણું, તેવું જ એ દેવોની દુનિયામાં છે. ત્યાં પણ તે દેવોના ય નાયકો હોય છે, જેમની આજ્ઞામાં તે સેવક-દેવોને રહેવું પડે છે. અરે ! આ લોકની જેમ ત્યાં પણ ઝાડું મારનારા દેવો પણ હોય છે. અને ઢોલ ખભામાં નાંખીને ફરતાં દેવો પણ હોય છે !

માટે જ જિનાગમોમાં એવા દેવોની દુનિયામાં વસવાટ કરવાની કામના રાખવાનો નિષેધ કર્યો છે. જીવન તો માત્ર માનવનું શ્રેષ્ઠ છે, જ્યાં અધ્યાત્મની ટોચ-સીમાને પામી શકાય છે.)

(૨૧) પ્ર. પ્રેતાત્માઓનાં આહ્વાન, મિજલસો, પ્રેતાત્માઓના ટકોરાના અવાજો, પ્રેતાત્માઓના સંદેશા, પ્લેન્ચેટ પૂંઠા ઉપર માણસની આંગળીઓ અમુક શબ્દો પર પ્રેતાત્માઓ ખસેડે છે તે ક્રિયા, પ્રેતાત્માઓની દોડધામ, હેરફેર, પ્રેતાત્માઓનાં બૂમરાણો અને ગતિસૂચક

બરાડા-આ બધા વિષે તમારો શો અભિપ્રાય છે ?

ઉ. એ બધું તો રદ્દી વર્ગના ભૂવાના ખેલની કરામત માત્ર છે. સમાજના અમુક વર્ગને મનોરંજન આપવાનો તેમને શોખ હોય છે. તેમાંના મોટા ભાગના લોકો તો આવી કરામતો અને યુક્તિઓ ઉપર પ્રભુત્વ મેળવી પોતાનામાં મહાન આધ્યાત્મિકશક્તિ છે એમ લોકોને મનાવવાની ઈચ્છા હોય છે. તેમનો ઈરાદો માત્ર ભોળા અને છેતરી શકાય તેવા લોકોને બનાવવાનો જ હોય છે.

(આ વિચાર ખૂબ ગંભીર છે. અવસરે આપણે 'પ્લેન્ચેટ' વગેરેથી પ્રેતોની પાસેથી ઉત્તરો મેળવવા સંબંધમાં વિસ્તારથી વિચારણાં કરવી છે. આ આધુનિક તરકીબો છે એટલે એનો નામ સાથે જિનાગમમાં નિર્દેશ ન મળે એ સ્વાભાવિક છે.

પરંતુ જિનાગમના-સિદ્ધાન્તો આ વિષેની સત્યાસત્યતા માટે શું કહી શકે તે આપણે જરૂર વિચારી શકીએ.

અહીં એ વાતનો ખ્યાલ રાખવો કે આ પ્રેતાત્માઓએ પ્લેન્ચેટ વગેરે બધી બાબતોમાં ભૂવા વગેરેની યુક્તિઓ અને છળપ્રપંચની વાતો કરી, તથા એ રીતે દુનિયા ઉપર પોતાનું પ્રભુત્વ જમાવવાનું કહ્યું તે બધું ઘણાં અંશે તો બરોબર જ છે, કેમકે આજે આવા ઘણાં પ્રપંચો દુનિયામાં ચાલી રહ્યા છે, પરંતુ પ્રેતાત્માઓનું આ સંપૂર્ણ સત્ય છે એમ નહિ કહેવાય. કેમકે જેમ ભમતા ભૂવાઓને કુતૂહલ કરવાની અને પ્રભુત્વ જમાવવાની વૃત્તિ હોય છે, તેમ કેટલાંક હલકી કોટિના પ્રેતાત્માઓને પણ આવી વૃત્તિ હોય જ છે. એ સિવાય જેમને આ જગતનાં કેટલાંક સંબંધોમાં હજી આસક્તિ રહી ગઈ હોય તેવા પ્રેતાત્માઓ પણ આ દુનિયામાં આકર્ષાય છે. આમ કેટલીકવાર એવું પણ બની જાય છે કે જે ઘણાં અસત્યોની વચ્ચે સત્ય સ્વરૂપે દેખા દઈ દે છે.

હવે અહીં સહજ રીતે એક પ્રશ્ન ઊઠશે કે તો શું પ્લેન્ચેટ વગેરેમાં પ્રેતાત્માઓ પ્રવેશ કરે છે ? આનું સમાધાન એ છે કે હા, જરૂર. કેટલીક વાર પ્રેતાત્માઓ પ્રવેશ કરીને જ મનુષ્ય દ્વારા જવાબો આપે છે. આ વિષયમાં જૈનદાર્શનિકોનું એક મંતવ્ય છે કે કેટલાંક કુતૂહલપ્રિય

પ્રેતાત્માઓ, કે જેમનો આત્મા આ પૃથ્વી ઉપર જ્યાં ત્યાં ભમતો જ રહે છે, તેઓ જ્યારે આવી કોઈ પ્લેન્ચેટ વગેરેની ક્રિયા થતી હોય ત્યારે ત્યાં આવી જાય છે. જો તેને તોફાન જ કરવું હોય તો ગમે તેવા ઊંધા-ચત્તા જવાબો આપે છે, અને કદાચ તેમ ન કરવું હોય તો પણ પોતાના પરિમિત જ્ઞાન મુજબ તે જવાબો આપે છે, અથા ત્યાં ન આવતાં બારોબાર ચાલી પણ જાય છે. આવી વસ્તુસ્થિતિ હોવાથી પ્લેન્ચેટ વગેરેથી મળતાં પ્રેતાત્માના પણ જવાબો સો ટકા સાચા જ હોય તેવું કદાપિ માની લેવું જોઈએ નહીં, અને એથી જ એવી પ્રક્રિયાઓમાં ડાહ્યા માણસે વિશ્વાસ મૂકવો જોઈએ નહિ. કેટલીકવાર એવું પણ બને છે કે એ સ્થાને ભમતા એક પ્રેતાત્મા એવા કોઈ પ્રેતવાહક યંત્ર નજદીક કૂતુહલથી આવી જાય અને પછી તેને જો ખબર પડે કે આ લોકોને અમુક પ્રેત વ્યક્તિની જરૂર છે તો, જો તેની શક્તિ પહોંચતી હોય તો તે પ્રેત-વ્યક્તિને ક્ષણમાં જઈને સઘળી હકીકત જણાવીને ત્યાં લાવે અને પછી તેના દ્વારા બધા જવાબો અપાય. જ્યારે આ રીતે કોઈ ભૂત-પૂર્વસ્વજનનો પ્રેતાત્મા જ ત્યાં આવે ત્યારે તેના તરફથી સાચા ઉત્તરો મળવાની શક્યતા ખરી.

ટૂંકમાં એટલું જ કહેવાનું કે પ્લેન્ચેટ વગેરે ક્રિયાઓ સર્વથા સત્ય નથી તેમ સર્વથા અસત્ય પણ નથી. કિન્તુ બહુધા એક પ્રકારનું મનોરંજન છે અને બહુ થોડા અંશમાં પ્રેતોના આગમનથી મળતાં વિધાનોમાં સત્ય પણ છે. આગળ એ ઉપર આંશિક સત્યને સિદ્ધ કરતી વાતો આપણે વિચારશું ત્યારે આ વાત વધુ સ્પષ્ટ થઈ જશે.)

(૨૨) પ્ર. તમે કોઈ દિવસ તમારાં ભૂતકાળના સગાંવહાલાંને મળો છો ?

ઉ. મને તેમને મળવાની ઈચ્છા થતી નથી. જેઓ પૈસા કમાવા ખાતર ગમે તેટલાં હીન કૃત્યો કરવા જેટલા હલકટ બની શકે તેવાઓની સોબત કરવાનું યોગ્ય નથી. વલી મારા જીવતાં છોકરાં હવે સુધરી જાય તેવી શક્યતા નથી. છતાં હું મારા ત્રીજા પૂર્વજન્મના ફ્રેન્ચ છોકરા સાથે માનસિક સંપર્ક સાધું છું. તે અત્યારે ફ્રાન્સમાં પેરોસ ગિરેકમાં રહે છે. હવે તે વૃદ્ધ થયો છે, તેને અરવિંદના તત્ત્વજ્ઞાનમાં ઊંડો રસ છે. (આ વાત

તદ્દન સાચી છે. દેવાત્મામાં ગરીબ માનવને શ્રીમંત કરી દેવાની તાકાત હોવા છતાં તેવો કોઈ માનવ કોઈ દેવાત્માનો જન્માંતરનો સ્વજન હોવા છતાં જયાંસુધી તે માનવનું તેવું શુભકર્મ જાગૃત નથી થતું ત્યાંસુધી તે દેવાત્માને તેને મદદ કરવાની ઈચ્છા જ ન થાય. દરેક વસ્તુ અંતે તો પોતપોતાના કર્મ ઉપર જ અવલંબે છે. આ પ્રેતાત્મા પણ પોતાના સ્વજનો પ્રત્યે બેદરકાર રહે છે તેનું આ જ કારણ છે એમ **શ્રી જિનાગમો** કહે છે.)

(૨૩) પ્ર. તમે તમારા ફ્રેન્ચ દીકરાને મળવા કેમ જતાં નથી ?

ઉ. મારા શરીરનું બંધારણ જ એવું છે કે તેની તેવી લાંબી અવકાશયાત્રા શક્ય નથી.

(વ્યન્તર વગેરે હલકીયોનિના દેવો વધુ દૂર સુધી જઈ શકવાને સામાન્યતઃ અસમર્થ હોય છે. વલી તે તે ક્ષેત્રોના રક્ષક બીજા દેવો જો વધુ બળવાન હોય છે તો નિર્બળ દેવોને તેમના ચોકી પહેરામાંથી જવા દેતાં નથી. એટલે પ્રેતાત્માનું આ વિધાન પણ ઠીક જ છે.)

(૨૪) પ્ર. તમે કોઈ મહાન સંતોના સંપર્કમાં હો તો મને તેમનાં નામ કૃપા કરીને જણાવશો ?

ઉ. હમણાં તો હું કોઈના સંપર્કમાં નથી. રમણમહર્ષિના ઉપદેશમાંથી હું શીખ્યો છું કે જેના પ્રત્યે સ્વયંભૂ પૂજ્યબુદ્ધિ પ્રગટે તેને મહાન સંત સમજવો. જેની હાજરીમાં માણસને સઘન અને ઉચ્ચ પ્રકારની શાન્તિનો અનુભવ થાય તેને મહાન સમજવો.

(૨૫) પ્ર.- પ્રેતાત્માની સૃષ્ટિમાં તમારો નિકટનો મિત્ર કોણ છે ? તે પૂર્વજન્મમાં કોણ હતો ?

ઉ.-મારે એક બહુ આગળ વદેલા પ્રેતાત્મા સાથે ગાઢ સંબંધ છે. તે પૂર્વજન્મમાં એક વિખ્યાત વિદેશી ડોક્ટર હતા. તેમને હિંદી જીવન સાથે સારો પરિચય છે. તેમનો દૃઢ અભિપ્રાય છે કે અત્યારે ભારતમાં વગર વિચાર્યે મનુષ્યો ઉપર જે સંતતિ-નિયમન લાદવામાં આવે છે, તેથી ભારતને ખૂબ ખૂબ નુકસાન થશે.

(૨૬) પ્ર.-આપણે ફરી મળી શકીશું ખરા ?

ઉ.-એ વાતને આપણે સુખદ અકસ્માત ઉપર છોડી દેવી જોઈએ.

હવે મારે જવું જોઈએ. તમે મને આટલો સમય તમારી સોબતનો લાભ આપ્યો તે માટે હું તમારો આભારી છું.''

ત્યારબાદ ચિદંબર કુલકર્ણીનો પ્રેતાત્મા અદૃશ્ય થઈ ગયો.

પ્રેતાત્મા સાથે થયેલા ભાદરણના સ્વામી કૃષ્ણાનંદના સમગ્ર વાર્તાલાપમાંથી **જિનાગમ**ની અનેકાનેક વાતો સિદ્ધ થઈ જાય છે. પ્રેતલોક જેવી અતીન્દ્રિય વસ્તુના વિષયમાં જિનાગમોમાં જે સચોટ સત્ય રજૂ કરવામાં આવ્યું છે એ જ તેના કથક ભગવાન જિનના સર્વજ્ઞત્વની અકાટ્ય સાબિતી છે.

એ વાતની પણ અહીં નોંધ લેવી જોઈએ કે સ્વામી કૃષ્ણાનંદ એ જિનાગમોના મર્મજ્ઞ નથી કે જેથી તેમના અંતરમાં જિનાગમોને ઘણાં જ બેસતા આવે તેવા ઉત્તરોના સંસ્કાર રમતા હોઈને તે જ રીતે બધું લખાણ તેમણે કર્યું હોય.

જેઓ જિનાગમોના અભ્યાસી નથી એ સ્વામી કૃષ્ણાનંદ જાણે કે **જિનાગમ**ની જ ભાષામાં સઘળું જણાવી રહ્યા હોય એ વિશેષ આનંદની બીના છે.

ખેર, નિખાલસતાથી પુછાયેલા પ્રશ્નોના એક પ્રેતાત્માએ જે ઉત્તરો આપ્યા તે બધાય લગભગ જિનેશ્વરોએ એકમતે કહેલાં જ વિધાનોના સ્વરૂપે જોવા મળ્યા એથી ભલભલા નાસ્તિકનું પણ અંતર વિચારમાં ચડી જાય તેમ છે. લાગણીશીલ માનવ તો શ્વાસમાં સો સો વાર ભગવાન જિનને વંદના અર્પે.

અફસોસની વાત છે કે આજનો વિજ્ઞાનયુગ એ વધુ પડતી નાસ્તિકતાનો યુગ ગણી શકાય એટલે પ્રેતલોકની વાતોના નક્કર સંવાદી વિધાનો મળવા છતાં એ ઝટ માની જાય તેમ તો નથી જ.

બીજા ન માને તેટલા માત્રથી વિધાનની અસત્યતા સાબિત થઈ જતી નથી. અહીં તો દેવગતિ જેવી દેવોની એક દુનિયા અસ્તિત્ત્વ ધરાવે છે એ વાતને સાબિત કરવાનો નિખાલસ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

●

૧૧. મિડિયમથી પ્રેતાત્મા સંપર્ક

હજી પણ આ વિષયમાં વિશ્વાસ બેસે તે માટે બીજી પણ થોડી વિચારણા કરીશું.

માત્ર ભારતના લોકો નહિ પરન્તુ આધુનિકતાનો જેમની ઉપર ઓપ ચડ્યો છે તેવા પશ્ચિમના લોકોમાં પણ પ્રેતોની દુનિયામાં અખૂટ વિશ્વાસ છે. બીજાની તો શી વાત કરવી ? બ્રિટનનું શાહી કુટુંબ પોતે જ આ વિષયમાં ખૂબજ રસ ધરાવે છે. આ કુટુંબ ગૂઢવાદ, રહસ્યવાદ, પ્રેત-વાહનવાદ વગેરેમાં અપૂર્વ શ્રદ્ધા ધરાવે છે. એમ કહીએ તો તે જરાય ખોટું નહિ ગણાય. રાણી વિક્ટોરિયાથી માંડીને રાજા છઠ્ઠા જ્યોર્જ સુધીના બ્રિટનના શાસકોએ એવી ગૂઢ વાતોમાં શ્રદ્ધા સેવી છે.

૧૯૪૨ના વિમાની અકસ્માતમાં ડ્યુક ઓફ કેન્ટનું કરુણ અવસાન થયા બાદ તરત જ 'સાઈકીક ન્યુઝ' ના તન્ત્રી આર્થરની હાજરીવાળી એક સભામાં શાહી વિમાનીના નામે પ્રેતસંદેશો મળ્યો હતો. મરનાર ડ્યુકને પ્રેત-વાહનવાદમાં ભારે રસ હતો, અને મરણ પહેલાં થોડા સમય અગાઉ જ એમણે એક પ્રેતવાહન સભામાં હાજરી પણ આપી હતી. ડ્યુકનો આ સભામાં જે સંદેશ મળ્યો હતો એ રાજા પાંચમા જ્યોર્જની મોટીબહેન પ્રિન્સેસ લુઈસને પહોંચાડવામાં આવ્યો હતો. પ્રિન્સેસ લુઈસે પરલોકમાંથી આવેલો આ સંદેશો સો ટકા સાચો માન્યો હતો. શાહી કુટુંબના અન્ય સભ્યોએ પણ સંદેશો સાચો જ ગણ્યો હતો. આથી ડ્યુકની વિધવાને ભારે આશ્વાસન મળ્યું હતું. પ્રિન્સેસ મેરીના પ્રેત-વાહનવાદની એ અભ્યાસિની હતી. અને પ્રેતના સીધા સંદેશા મેળવી ઘણી સભાઓમાં હાજરી આપતી. બ્રિટનનાં ઘણાં ઓછા લોકોને જાણ છે કે શાહી કુટુંબો એક સૈકાથી 'મિડિયમો' દ્વારા પ્રેતવાહનવાદ સાથે સંપર્કમાં છે અને હજી આજે પણ આ સંપર્ક ચાલુ છે.

રાજા છઠ્ઠા જ્યોર્જની એક ખુરશી લંડનની વિખ્યાત મિડિયમ

'લિલિયન બેઈલી'ના નિવાસસ્થાનમાં માનવંતુ સ્થાન પામી છે. જ્યારે પણ પ્રેતવાહન સભા મળે છે ત્યારે એ આ ખુરશીમાં બેસે છે. આ શાહી ખુરશી ત્યાં કેવી રીતે પહોંચી એની પાછળ પણ એક રસમય વાત છે.

તોતડાપણાના રોગની સારવારના નિષ્ણાત 'લાયોનલ લાંગ' કે જેમણે સારવાર કરીને રાજા છઠ્ઠા જ્યોર્જનું તોતડાપણું મટાડ્યું હતું. તેઓ પણ એક પ્રખર પ્રેત-વાહનવાદી હતા. રાજા છઠ્ઠા જ્યોર્જે મિ.લાંગને કહેલું કે પોતે પણ પ્રેત-વાહનવાદથી સારી રીતે જાણકાર છે. બંને વચ્ચેના સંબંધો દરમિયાન મિ. લાંગે પોતાના શાહી દર્દીને ઘણીવાર પ્રેતનાં સંદેશા પહોંચાડ્યા હતા. રાજાએ બકિંગહામ પેલેસમાંથી પોતાની એ ખુરશી મિ. લાંગના કન્સલ્ટિંગ રૂમમાં પહોંચાડી હતી, કારણ કે આ ખુરશી વગર રાજા નિરાંતથી મોકળા થઈને બેસી શકતા ન હતા. જ્યારે રાજાનું અવસાન થયું ત્યારે ખુરશી ત્યાં જ રહેલી અને રાજાના એ ખુરશી સાથેના સંબંધને કારણે મિડિયમ શ્રીમતી 'બેઈલી'ને આપવાનું ઉચિત માન્યું હતું.

બ્રિટનમાં હાલનાં રાણી એલિઝાબેથની માતાને લગ્ન પહેલાં પણ પ્રેત-વાહનવિદ્યા અંગેનું જ્ઞાન હતું. કેમકે એમના નાના ભાઈ 'ઓન ડેવિડ કાઉસ લિયો'ને અતીન્દ્રિય દર્શન થતું. અર્લ ઓફ સ્ટ્રેથમોરના ઐતિહાસિક નિવાસસ્થાન 'ગ્લેમિસ કેસલ' કે જ્યાં રાણીના ભાઈ મોટા થયા હતાં એ ભૂતિયું ભવન હોવાની વાત જાણીતી છે. ડેવિડે નાનપણમાં ત્યાં ઘણાં ભૂત જોયાં હતાં. આ ભૂતોને એ 'ધ ગ્રે પિપલ' કહેતો અને દરેક ભૂતના પોષાકનું વિગતવાર વર્ણન કરતો.

'ગ્લેમિસ કેસલ'ના વાસીઓ રાણીના આ મામાની અતીન્દ્રિય દર્શનશક્તિની પહેલા વિશ્વયુદ્ધ વખતની એક વાત હજુ આજે પણ રસપૂર્વક કહે છે.

ડેવિડનાં મોટા ભાઈ 'માયકલ' યુદ્ધમાં માર્યા ગયાના સમાચાર આવેલા પણ ડેવિડે મક્કમપણે આ સમાચાર ખોટા હોવાનું કહ્યું હતું અને શોકનાં કપડાં પહેરવાની સાફ ના પાડી હતી. એણે સ્પષ્ટપણે કહ્યું હતું કે, 'બે વાર મને માયકલનાં દર્શન થયેલાં. એ બીમાર છે. એના માથે પાટા બાંધેલા છે, ચોમેર વૃક્ષો વચ્ચેનાં એક મકાનમાં એને રાખવામાં

આવ્યો છે.'

થોડા માસ બાદ સમાચાર મળ્યા કે માયકલ માથામાં ઘાયલ થયો છે અને જર્મનીમાં યુદ્ધકેદી તરીકે રાખવામાં આવેલ છે. રાણી એલિઝાબેથના દાદા રાજા પાંચમા જ્યોર્જ મક્કમપણે માનતા હતાં કે પોતાની માતા પ્રેતાત્મા સાથે સંપૂર્ણપણે સંપર્કમાં છે. બંને વચ્ચે અસાધારણ નિકટના પ્રેમનું અસ્તિત્ત્વ હતું.

આ સ્થિતિમાં જ્યારે સાઈકીક ન્યૂઝના એક વાચકને રાણી એલેકઝાંડ્રાને પ્રેતાત્મા તરફનો પુત્ર પરનો સંદેશ મળ્યો, ત્યારે એ સંદેશો રાજાને પહોંચાડવામાં આવ્યો હતો.

૧૯૫૩ના ફેબ્રુ.ની ૧૬મી તારીખે આ સંદેશો બકિંગહામ રાજમહેલમાંથી રાજા પાંચમા જ્યોર્જે પોતાના હસ્તાક્ષરમાં જે જવાબ વાળ્યો હતો તેમાં જણાવેલું છે કે, 'મારી વહાલી માતા તરફ આવો પ્રેરણાદાથી સંદેશો મને મોકલી આપવા બદલ હું તમારો આભારી છું. તમારી મારફત મને જે સલાહ આપવાનું યોગ્ય લાગ્યું છે તેનું હાર્દ હું સંપૂર્ણપણે સમજી શકું છું. આ સાથે સાઈકીક ન્યૂઝ મોકલવા માટે પણ હું આભારી છું. હું નિરાંતથી જરૂર એ જોઈ જઈશ. મારી માતા સતત મારી સાથે જ છે. મારી અંગત બાબતો ઉપર નજર રાખીને મને એ દોરવણી આપી રહી છે. મહેલ ઉપર પડતી શ્યામવાદળની છાયા અને શાશ્વત સૂર્યપ્રકાશના પ્રદેશમાં પુનર્મિલન અંગેના એમના સંદેશાની હું પ્રેમપૂર્વક કદર કરું છું.'

રાજા પાંચમા જ્યોર્જનો આ પત્ર સ્પષ્ટપણે બતાવી આપે છે કે જીવાત્મા અને ભૂતાત્મા વચ્ચે કડી તરીકે પ્રેત-વાહનવાદમાં તેઓ મક્કમપણે માનતા હતાં. શ્યામવાદળ અને સુખદ પુનઃ મિલન એ બંને બાબતો પંચમ જ્યોર્જના એક વર્ષમાં થયેલા અવસાનથી પુરવાર થઈ હતી.

રાણી વિક્ટોરિયા 'આઈલ ઓફ વેઈટ' ખાતેના નિવાસસ્થાન ઓસ્બોર્ન હાઉસ ખાતે પ્રેતવાહન સભાઓ ભરતાં એ જાણીતી વાત છે. આ અંગેની સાબિતી સોનાના એક ઘડિયાળના રૂપમાં અસ્તિત્ત્વમાં છે. આ

ઘડિયાળ ઉપર કોતરવામાં આવ્યું છે, '૧૮૪૬ની ૧૫મી જુલાઈએ ઓસ્બોર્ન હાઉસ ખાતે અતીન્દ્રિય દર્શનના અસાધારણ પ્રયોગો રજૂ કરવા માટે મિસ જ્યોર્જિયાના ઈગલને રાણી તરફથી ભેટ.'

આ ઘડિયાળ જ્યોર્જિયાને ભેટ આપવામાં આવે તે પૂર્વે તેનું મૃત્યુ થયું હતું. પાછળથી આ ઘડિયાળ અમેરિકન 'વે ઈસ મિડિયમ' ઈટા રીડને આપવામાં આવ્યું હતું. આ સંબંધમાં ડચેસ ઓફ હેમિલટને સાઈકીક ન્યૂઝના તંત્રી ફ્રેડ આર્ચરને કહ્યું હતું કે ઈટા રીડે પોતાના અવસાન પૂર્વે એવો નિર્ણય કર્યો હતો કે રાણીની આ ભેટ પાછી બ્રિટન મોકલી દેવી.

કેનેડાના એ વખતના વડાપ્રધાન મિ. મેકેન્ઝી કિંગ કે જેઓ ઈટા સાથે ઘણીવાર પ્રેતવાહનસભામાં બેસતા, એમણે ઘડિયાળ ડચેસ ઓફ હેમિલટનને પહોંચાડેલ. ડચેસે એ ઘડિયાળ લંડન સ્પિરીચ્યુઆલિસ્ટ એલાયન્સ (હવે કોલેજ ઓફ સાઈકીક સાયન્સ) ને ભેટ આપેલું. જે આજે પણ ત્યાં મોજૂદ છે.

મરણ પામેલા આત્મો પાસેથી સંદેશાઓ પ્રાપ્ત કરવાની અનેક રીતો હોય છે. જેમાં ત્રણ પાયાની મેજ ઢાળવાની રીત, પ્લેન્ચેટ પદ્ધતિ અને ઉંજાબોર્ડની રીત મુખ્ય છે. આ વિષયમાં શંકા કરનારને આ પદ્ધતિઓના જાણકારો પૂછે છે કે, '(જો આ બધું ખોટું જ હોય તો) પ્રયોગ કરવા બેઠેલામાંનો એક પણ માણસ જે ભાષા બિલકુલ ન જાણતો હોય તેવી ફ્રેન્ચ વગેરે ભાષામાં પણ સંદેશાઓ પ્રાપ્ત કરે છે તેનું શું રહસ્ય છે તે કહો ?' અસ્તુ.

આપણે આ વિષયના વધુ ઊંડાણમાં જવું નથી. માત્ર પૂર્વે કહ્યા મુજબ એટલું જ સમજી રાખવું કે આવા પ્રયોગો ચાલતા હોય તેવા સ્થાને-આકાશ વગેરેમાં-ભમતા પ્રેતાત્માઓ ક્યારેક કુતૂહલથી આવી જાય અને પોતાના જ્ઞાન મુજબ સાચા-ખોટાં જવાબો આપે તો તેમાં કશું નવાઈભર્યું નથી.

આપણે તો અહીં એટલી જ વાત સ્થિર કરવી છે કે આવા કેટલાંક બાહ્ય અનુભવો ઉપરથી દેવલોક જેવી એક દેવોની દુનિયા સિદ્ધ થાય છે.

●

૧૨. નારકલોક-વિચાર

જેમ સત્કર્માદિ દ્વારા આત્મા દેવલોકમાં જાય છે તેમ અસત્કર્મો કરનાર આત્મા નારકલોકમાં જાય છે. એને ત્યાં જવું જ પડે છે. બેશક, જૈનાગમો ઈશ્વરને માને છે પણ એને જગતના કર્તા તરીકે માનતા નથી એટલે કોઈ ઈશ્વર આત્માને તેના કર્મ મુજબ દેવની કે નારકની દુનિયામાં મોકલે છે તેવું નથી. કર્મ પોતે જ જડ છતાં ઘણું બળવાન છે કે જેનો સ્ફોટ (વિપાક) થતાં જ જીવાત્મા ઉપર તે તે જાતની સારી-માઠી અસરો થાય જ છે. અસ્તુ. એ વિષય ઉપર વિસ્તારથી આગળ વિચારશું.

અહીં કોઈ પૂછી શકે છે કે દેવોની દુનિયાના દેવની જેમ નારકની દુનિયાના પણ કોઈ આત્માનું કોઈને પ્રત્યક્ષ ખરું કે નહિ ? હા, ત્રિકાળદર્શી પરમાત્માઓને જરૂર તે આત્માઓનું પ્રત્યક્ષ થાય. પરન્તુ આપણાં જેવા સંસારી આત્મામાંથી કોઈને પણ એ દુનિયાના નારકાત્માનું પ્રત્યક્ષ થઈ શકે નહિ. તેનું કારણ એ છે કે જેમ દેવાત્મા આ દુનિયામાં આવી શકે તેમ નારકાત્મા આવી શકતો નથી. દેવાત્મા ગમે તેમ તો ય સુખદજીવનના સ્વામિત્વનું પ્રતીક છે, જ્યારે નારકાત્મા ભયાનક દુઃખોના સ્વામિત્વનું પ્રતિક છે. જેઓ માનવ કે પશુ થઈને ઘોર હિંસા વગેરે પાપકર્મો કરે છે તે પાપાત્માઓ જ આ નારકલોકમાં જાય છે. એવાં ક્રૂર હિંસાદિના પાપો કરતાં એવા કાર્મિક પરમાણુઓ આત્માને ચોંટી જાય છે કે જ્યારે એનો સ્ફોટ (ઉદય) થાય ત્યારે એ માનવાત્મા કે પશુનો આત્મા પોતાનું ખોળિયું છોડી દઈને સીધો નારકલોકમાં ચાલ્યો જાય છે - એને ચાલ્યા જવું જ પડે છે. ત્યાં હજારો વર્ષ સુધી એને અવશ્ય રહેવું પડે છે. એ બધો જ સમય એને અપાર વેદનાઓ-પેલા ભવનપતિ દેવલોકના કુતૂહલપ્રિય દેવાત્માઓ ત્યાં આવીને-એમનામાં ઉત્પન્ન કરે છે. ત્યાંની ભૂમિ, ત્યાંનું વાતાવરણ, ત્યાંની સઘળી પરિસ્થિતિ જ એવી હોય છે, જે બધામાંથી યાતના સિવાય કશું જ ટપકતું હોતું નથી. કેટલીક નારકોમાં

પરસ્પરની મારપીટ જ હોય છે. આવી ઘોર મારપીટ વગેરેની યાતના ભોગવતા નારકાત્માઓ ત્યાંથી આયુષ્ય પૂર્ણ કર્યા પૂર્વે બહાર નીકળી શકતા જ નથી, એટલે આ દુનિયાના કોઈપણ માનવાત્માને તેમનાં દર્શન થતાં જ નથી. હજારો, અબજો કે અગણિત વર્ષોના તે આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે તે આત્મા તે ખોળિયું છોડીને પોતાના કર્માનુસાર માનવ, પશુ કે વનસ્પતિ વગેરેના જીવનમાં જાય છે.

વર્તમાન જગત વધુ પડતું બુદ્ધિજીવી બનતું ચાલ્યું છે. જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં શ્રદ્ધા વિના જરાપણ ચાલતું નહિ હોવા છતાં ધર્મના વિષયમાં શ્રદ્ધા મૂકવાનું બુદ્ધિજીવી માનવ માટે લગભગ અશક્ય બનતું ચાલ્યું છે. તેનું કારણ એ છે કે ધર્મની શ્રદ્ધા તેને ભોગોથી છોડાવે છે, જે તેને માટે ભારે મુશ્કેલીની બાબત છે. ધર્મશ્રદ્ધા તેને અનીતિથી, મોજશોખથી મુકાવીને દીન પ્રત્યે દયાલુ, હીન પ્રત્યે કૃપાલુ બનાવવા પ્રેરે છે. આ બાબત પણ ભોગરસિક બુદ્ધિજીવી માનવને પરવડતી નથી એટલે જ એણે તો ધર્મના વિષયમાં બધું જ 'હંબગ' કહીને નિરાંતનો શ્વાસ ખેંચી કાઢ્યો છે, પરંતુ ધર્મના વિષયમાં વસ્તુતઃ 'હંબગ' જેવું કશું જ નથી. નારકલોકની દુનિયાને પણ બિલકુલ તર્કથી સિદ્ધ કરી શકાય છે છતાંય કોઈ તર્કવાદીને એ તર્ક ન કબૂલવો હોય તો લાચારી સિવાય શું અનુભવવું ?

આઈકમેન નામનો એક માણસ પોતાના અધ્યક્ષપણા નીચે લાખો યહૂદીની કતલ કરી નાંખે અને પછી પકડાયેલા તે માણસોને સજા તરીકે આજની કોર્ટ વધુમાં વધુ શું ફટકારી શકે ? ફાંસી જ ને ? લાખોને રિબાવી રિબાવીને મારનારને એકજ વાર ફાંસીની ક્ષણિક સજા ફટકારનાર ન્યાયાલય શું સાચો ન્યાય તોલે છે ? નહિ જ. આવા ઘોર પાપાત્માઓને (૧) એ એવી એક દુનિયામાં મોકલે છે, જ્યાં તેમને મરણતોલ ફટકા પડે તો ય તેઓનું જલદી મૃત્યુ ન જ થાય, બલકે હજારો, લાખ્ખો વર્ષો સુધી એ મારપીટ સહવી પડે. (૨) વળી આટલું બધું સહન કરે તે વખતે મારથી બેભાન બની જાય તો તે આત્માને મારની વેદના અનુભવવા ન મળે આવું ન થાય એ માટે તે પાપાત્માને સભાન અવસ્થામાં રાખે છે.

એટલું જ નહિ પરંતુ પોતાના જન્માંતરોની પણ સ્મૃતિ કરાવીને પાપોની યાદ આપે છે. (૩) વલી જીવલેણ માર ખાનારનું શરીર માર ખાવા સમર્થ હોવું જોઈએ, નહિ તો લાંબા સમય સુધી મારપીટ કરી ન શકાય એ દૃષ્ટિથી જ જાણે કે ત્યાંના આત્માઓને શરીર પણ તેવું જ મળે છે. (૪) અને મારનાર પણ મજબૂત જોઈએ નહિ તો થાકી જાય, એટલે દેવાત્માઓ જ ત્યાં આવીને વારાફરતી ફટકા મારે છે, અથવા તો તે અપરાધી જીવો જ આપસ-આપસમાં જ ખૂનખાર જંગ ખેલતા રહીને મહાયાતનાનું જીવન જીવતા રહે છે.

આ ચારેય બાબતો જ્યાં છે તે દુનિયાને જ નારકની દુનિયા કહેવાય છે. વર્તમાનજગતમાં અધમાત્માઓને યોગ્ય શિક્ષા કરનારું કોઈ ન્યાયાલય નથી, એવું કોઈ સ્થાન નથી, એવી કોઈ આપત્તિ નથી કે જે તમામ પાપોનો યોગ્ય બદલો વાળી શકે. એ બધું ય છે આપણી પૃથ્વીની નીચેના નારકલોકમાં.

ત્યાં અહીંના કોઈપણ જાતના ઉત્કટ દુઃખ કરતાંય અનંતગુણ દુઃખ છે. અહીંના ઉત્કટમાં ઉત્કટ ટાઢ, તૃષા, ગરમી, ખૂજલી વગેરે રોગો કરતાં અનંતગુણ ટાઢ વાગેરે છે.

ભયંકર હિંસાઓ કરનારા, જૂઠાણાં ચલાવનારા, ચોરીઓ અને લૂંટફાટ કરનારા, ભયાનક દુરાચાર સેવનારા, અત્યંત લોભી આત્માઓ એવી નારકની દુનિયામાં જન્મ લે ચે.

આ કોઈ ધર્મે ઊભા કરેલો ભયો નથી. આ છે માત્ર સત્ય. સત્યનું વિધાન, કોઈપણ વાઘાવસ્ત્ર વિનાનું. ખીચોખીચ સત્યથી ઊભરાયેલું, અસત્યથી સર્વથા વેગળું એવું શાસ્ત્રીય વિધાન. જગતને નારકની રોચક વાતો કરીને કે દેવલોકની દુનિયાની રોચક વાતો કરીને જ અધર્મનિવૃત્તિ અને ધાર્મિકપ્રવૃત્તિ કરવાનો જિનદર્શનનો માર્ગ નથી.

કોઈ એને ન માને એટલા માત્રથી એ નહિ માનવા યોગ્ય બની જતું નથી. કોઈ એને માને એટલા માત્રથી એ માનવા યોગ્ય પણ બની જતું નથી. એ સત્ય છે માટે જ બહુમાન્ય છે. આથી વધુ એને માટે કાંઈ જ કહી

શકાય નહિ.

આમ મનુષ્ય-તિર્યંચલોકની આપણાં પ્રત્યક્ષથી, દેવલોકની બીજાના પ્રત્યક્ષથી અને નારકલોકની અનુમાનથી સિદ્ધિ થઈ જાય છે. આ ચારેય લોકથી પર મોક્ષગતિ છે. તેના અંગે આગળ ઉપર વિચાર કરીશું.

ટૂંકમાં ઉક્ત ચાર ગતિમાં ભમતો આત્મા દેહથી ભિન્ન એવું સ્વતંત્ર તત્ત્વ છે. એ વાત હવે એકદમ સ્થિર થઈ જાય છે.

●

ખંડ-૨

આત્મવિજ્ઞાન

વિભાગ ત્રીજો

ઈશ્વર

૧૩. ઈશ્વર અને જગત્કર્તૃત્વ

વિશ્વમાં જે માન્યતા ઘણાં ખરાં દર્શનોમાં દૃઢતાપૂર્વક વ્યાપી ગઈ છે એ ઈશ્વરકર્તૃત્વવાદને હવે આપણે બે રીતે વિચારીશું : (૧) જૈનાગમ દૃષ્ટિકોણથી અને (૨) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી.

જેઓ ઈશ્વરને જગત્કર્તા માને છે તે બધા દાર્શનિકોનું લગભગ એવા પ્રકારનું મંતવ્ય છે કે જગતમાં જે કાંઈ બની રહ્યું છે તેની પાછળ ઈશ્વરનું જ મુખ્ય કર્તૃત્વ હોય છે. ઘડો બનાવતો કુંભાર લોકદૃષ્ટિએ ભલે ઘડાનો કર્તા કહેવાતો હોય પણ એ ઘડો બનાવવાની કુંભારને પ્રેરણા કરનાર તો ઈશ્વર જ છે, માટે વસ્તુતઃ તો ઈશ્વર જ ઘડાનો કર્તા કહેવાય. ટૂંકમાં મનુષ્યની કોઈપણ નાની કે મોટી પ્રવૃત્તિ, રોગ, શોક, ઘડપણ કે મૃત્યુ... એ બધાયમાં ઈશ્વરીપ્રેરણા જ કામ કરે છે. બાળક માતાના ગર્ભમાં જન્મ પામે અને ત્યાં જ મૃત્યુ પામે તો તે બેયમાં ઈશ્વરનું જ કર્તૃત્વ કામ કરે છે. ઈશ્વર જ બાળકને જન્મ આપે છે, અને ઈશ્વર જ એ બાળકને મૃત્યુ બક્ષે છે. નવોઢા સ્ત્રીના પતિને ભરયુવાનીમાં અકસ્માત્ કરાવનાર ઈશ્વર, હોસ્પિટલમાં જવાની પ્રેરણા કરનાર પણ ઈશ્વર, વેદના ઉત્પન્ન કરનાર પણ ઈશ્વર, અને મૃત્યુ આપનાર પણ ઈશ્વર. એ રીતે નવોઢાના જીવનને પતિના સુખથી વંચિત કરનાર ઈશ્વર, એ સ્ત્રી પરપુરુષના સંગે ખેંચાય તો તેમાં પણ પ્રેરક ઈશ્વર અને પરપુરુષના સંગદોષથી એની આબરૂને જે આઘાત લાગે અને પરલોકમાં હીન સ્થાનોમાં જન્મ મળે તો તેમાં પણ ઈશ્વરનું જ પ્રેરકકર્તૃત્વ હોય છે.

સૂર્ય-ચન્દ્રને આકાશમાં પકડી રાખનાર, એમને ગતિ આપનાર પણ ઈશ્વર છે. સમુદ્રને મર્યાદામાં રાખનાર પણ એજ છે. જગતની કોઈપણ હિલચાલમાં, જગતના કોઈપણ કાર્યમાં ઈશ્વર જ પ્રેરક બને છે. ભલે પછી સાક્ષાત્ રીતે તેનો કર્તા માનવ કે કોઈ પશુ વગેરે કહેવાતો હોય.

કેટલાંક દર્શનોનું આ મંતવ્ય છે.

પરન્તુ જૈનદાર્શનિકો આ મંતવ્યને સચોટયુક્તિઓ સાથે નકારી નાંખે છે. આ વિષયમાં ઢગલાબંધ સાહિત્ય લખાયું છે. જડની અચિન્ત્યશક્તિનું નિરુપણ કરીને એમણે ઈશ્વરકર્તૃત્વવાદ અંગે અપૂર્વ ચિંતન રજૂ કર્યું છે.

હવે તો વૈજ્ઞાનિકો પણ જગતની કોઈપણ પ્રવૃત્તિની પાછળ વૈજ્ઞાનિક કારણ આપે છે. એમની દૃષ્ટિમાં જડની બાબતમાં કશું જ અગમ્ય-અશક્ય જેવું રહ્યું નથી કે જેને કરવા માટે ઈશ્વરના કર્તૃત્વને માનવાની જરૂર પડે. વળી જગતના ઘડા વગેરેના કર્તા કુંભાર વગેરે છે જ. તેમનું પ્રત્યક્ષ કર્તૃત્વ ન માનીને એની પાછળ અપ્રત્યક્ષ-ઈશ્વરનું કર્તૃત્વ માનવાની વાત તો બિલકુલ યુક્તિબાહ્ય લાગે છે, એટલે ત્યાં પણ ઈશ્વરકર્તૃત્વવાદ ઊભો રહી શકતો નથી.

હવે આપણે પ્રથમ તો જૈનદૃષ્ટિએ કર્તૃત્વવાદનું ખંડન વિચારીએ.

શ્રી વીતરાગસ્તોત્રમાં પૂ. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ઈશ્વર કર્તૃત્વવાદ અંગે જે તર્કબદ્ધ ચિંતન મૂક્યું છે તે અહીં સંક્ષેપમાં જોઈએ.

એ વાત ચોક્કસ છે કે ઈશ્વર જો જગતનું નિર્માણ કરતા હોય તો તેવું નિર્માણ કરવા માટે તેમને શરીર તો હોવું જ જોઈએ. અને શરીર પુણ્યકર્મ વિના તો સંભવે જ નહિ એટલે શરીરવાળા ઈશ્વરમાં કર્મ પણ સ્વીકારવાં જોઈએ. વસ્તુતઃ ઈશ્વરકર્તૃત્વવાદીઓ ઈશ્વરને કર્મમુક્ત અને શરીરમુક્ત માને છે. જો એમજ હોય તો શરીર વિનાના ઈશ્વર આ સૃષ્ટિનું નિર્માણ કરી શકે નહિ.• કદાચ ઈશ્વરકર્તૃત્વવાદી કહે કે, 'જગત્કર્તાને જગતનું નિર્માણ કરવા માટે શરીરની જરૂર જ નથી. જગત બનાવવાની એમની ઈચ્છા જ જગતનું નિર્માણ કરી દેવા સમર્થ છે', તો આની સામે કહી શકાય કે ઈચ્છા તો અભિલાષારૂપ છે. અને એવો અભિલાષ તો શરીરવાળા આત્માને જ ઘટી શકે. જ્યારે સકળ અભિલાષાઓનો નાશ થાય છે. ત્યારે જ તો અશરીરપણું પ્રાપ્ત થાય છે એટલે અશરીરને ઈચ્છા સંભવી શકતી નથી. માટે ઈચ્છામાત્રથી જગતનિર્માણની વાત પણ ઉચિત નથી. અને જો જગન્નિર્માર્ણ કરવામાં કોઈ પ્રયોજન હોય તો એવો પ્રશ્ન થઈ

• **अदेहस्य जगत्सर्गे प्रवृत्तिरपि नोचिता ।** વી.સ્તોત્ર

શકે છે કે બુદ્ધિમાન માનવોની જે કોઈ પ્રવૃત્તિ હોય તે ઈષ્ટને પ્રાપ્ત કરવા માટે હોય, કાં અનિષ્ટને દૂર કરવા માટે હોય.

આ બેમાંથી ગમે તે એક કારણે પ્રવૃત્તિ હોય. જેમને હવે કોઈ ઈચ્છા જ નથી એવા ઈશ્વરને ઈષ્ટ મેળવવાની ઈચ્છા કે અનિષ્ટ દૂર કરવાની ઈચ્છા પણ શી રીતે ઘટે ? એટલે કે જગતનું નિર્માણ કરવાની પ્રવૃત્તિમાં કોઈ પ્રયોજન પણ સંભવતું નથી.

પ્ર.- ના, જગત્કર્તાને સૃષ્ટિનિર્માણ કરવાનું કોઈ પ્રયોજન જ નથી. એ તો માત્ર પોતાની સ્વતંત્રતાથી જ જગતનું નિર્માણ અને જગતનો સંહાર કરવામાં પ્રવૃત થાય છે.★ બસ, એ તો એમને એવી ઈચ્છા થઈ, 'લાવ, જગતનું નિર્માણ કરવાની રમત કરું અથવા તો જગતનો વિનાશ કરવાની રમત કરું' કે તરત તેવી ક્રીડાથી તેઓ જગતનો ઉત્પાદ કે નાશ કરવામાં પ્રવૃત્ત થઈ જાય છે.+

ઉ.-રે ! ક્રીડા એ તો રાગજનિત પ્રવૃત્તિ છે. જેઓ રાગમુક્ત છે તેનામાં ક્રીડા હોઈ શકે જ કેમ ?

પ્ર. -સારું. તો એમ કહી શકાય ને કે સૃષ્ટિનિર્માણ કરવામાં ઈશ્વરની કૃપા (કરુણા) જ કારણ છે.

ઉ.-એ પણ બરોબર નથી. કેમકે જો જગતના જીવોની કરુણતાથી જ જગતનું નિર્માણ કરવામાં ઈશ્વર પ્રવૃત્ત થતાં હોય તો પછી એ કરુણા તો બધાને સુખી જ બનાવે ને ? એક પણ દીન, ગરીબ, રોગી વગેરે બનાવે જ શા માટે ? ઈશ્વર સર્વશક્તિમાન હોય અને વળી જીવો પ્રત્યેના દયાલુભાવથી જ જગતનું નિર્માણ કરતાં હોય તો એક પણ જીવને દુઃખી બનાવવાનું કોઈ કારણ જ રહેતું નથી.•

પ્ર.-ઈશ્વર દયાલુભાવથી જગતનું નિર્માણ કરે છે, છતાં એ

★ **न च प्रयोजनं किञ्चित्स्वातन्त्र्यान्न पराजया ।**
क्रीडया चेत्प्रवर्त्तेत रागवान्स्यात्कुमारवत् ।

\+ **कृपयाऽथ सृजेत्तर्हि सुख्येव सकलं सृजेत् ।**

• **दुःखदौर्गत्यदुर्योनिजन्मादिक्लेशविह्वलम् ।**
जनं तु सृजतस्तस्य कृपालोः का कृपालुता ॥४॥

જગતમાં અનેક દુઃખી આત્માઓ હોય છે તેનું કારણ ઈશ્વર નથી પરંતુ તે આત્માઓનાં અશુભકર્મો છે.

ઈશ્વર પણ અંતે તો જીવોના કર્મને પરાધીન છે. જેવું જીવનું કર્મ એને દેખાય એ રીતે જ એને સુખી કે દુઃખી બનાવે. એટલે એમાં કૃપાલુ ઈશ્વરનો કોઈ દોષ નથી.★

ઉ.–રે ! આ રીતે જો દયાળુ ઈશ્વર પણ જીવોનાં કર્મને પરાધીન છે, કર્મના અનુસારે જ તે જીવોને સુખ દુઃખની સામગ્રી આપી શકે છે, પોતે પૂર્ણ દયાળુ હોવા છતાં જો પરાધીનતા તેનામાં હોય તો આપણામાં અને તેનામાં ફેર શો ? આપણે પણ કર્મપરાધીન ! એ પણ કર્મપરાધીન ! પરાધીનમાં ઈશ્વરપણું કેમ સંભવે ?

અને જો આ રીતે આખુંય ચિત્રવિચિત્ર જગત કર્મજનિત જ હોય તો પછી એ ઈશ્વરને જગત્કર્તા માનવાની શી જરૂર છે ? જીવોના કર્મ જ જીવોને સુખદુઃખ આપી દેશે. એ માટે ઈશ્વરને વચ્ચે લાવવાની કશી જરૂર નથી.

પ્ર.–કર્મ તો જડ છે એ શી રીતે જીવને સુખદુઃખ આપી શકે ? કર્માનુસાર સુખ-દુઃખ આપનાર તો કોઈ ચૈતન્યવ્યક્તિ માનવી જ પડે ને ? તે જ ઈશ્વર છે.

ઉ.–નહિ. કર્મ જડ છતાં એનામાં અખૂટ શક્તિ છે. જડમાં કેવી ગજબનાક શક્તિઓ સંભવી શકે છે તે આગળ જણાવવામાં આવશે. એટલે જડ કર્મ પોતે જ જીવને સુખાદિ આપી શકે છે તે માટે ઈશ્વરને માનવાની કશી જરૂર નથી.

પ્ર.–સારું. બધી વાત જવા દો. જગત્કર્તા ઈશ્વર સામે કોઈ પ્રશ્ન થઈ શકે જ નહિ. કેમકે અમારું મંતવ્ય છે કે ઈશ્વરનો એવો સ્વભાવ જ છે કે તે જગતનું નિર્માણ વગેરે કરે છે. સ્વભાવની સામે કોઈ પ્રશ્ન થઈ શકે નહિ.

ઉ.–વાહ રે વાહ ! આ તો કેવી વાત. સ્વભાવની વાત કરીને તો તમે તમારી અપકીર્તિ જ વહોરી. કેમકે એનો અર્થ જ એ થયો કે હવે કોઈ

★ **कर्मापेक्षः स चेत्तर्हि न स्वतन्त्रोऽस्मदादिवत् ।**

ઈશ્વરના જગત્કર્તૃત્વ વિધાનની પરીક્ષા કરી શકે નહિ. આ તો 'વીટો પાવર' વાપરવા જેવું કર્યું. સારું. જગતમાં સુવર્ણ જેવી વસ્તુની પણ પરીક્ષા કષ-છેદ અને તાપાદિથી કરવામાં આવે છે અને ઈશ્વરના જગકર્તૃત્વ અંગે તમે સ્વભાવપદ સ્વીકારી લઈને પરીક્ષાનો માર્ગ જ બંધ કરી દીધો. તમને જ મુબારક હો આવી વાતો. અમે તો આવી દૃષ્ટાંત અને યુક્તિરહિત વાતોને આ વિષયમાં માન્ય કરતાં નથી.+

આમ જ્યારે ઈશ્વરમાં જગકર્તૃત્વ ઘટી શકતું નથી ત્યારે જ અમે ઈશ્વરને જગતનો બનાવનાર ન કહેતાં જગતનો બતાવનાર કહીએ છીએ. ઈશ્વર સર્વજ્ઞ જ હોય અને તેથી જ સમગ્ર જગતનું સ્વરૂપ કેવું છે તે આપણને બતાવે છે. ઈશ્વરના બે સ્વરૂપની વિચારણા આગળ કરીશું.

હવે આ રીતે જૈન દૃષ્ટિએ ઈશ્વર જગત્કર્તા સિદ્ધ થતાં નથી. જૈનાગમો તો પરમાણુથી માંડીને તમામ વસ્તુને દ્રવ્યમય અને પર્યાયમય માને છે. દ્રવ્યમાં ઉત્પાદ, વિનાશ અને ધ્રુવતા એમ ત્રણ પર્યાયો છે. માટીમાંથી ઘડાનો ઉત્પાદ થાય, ઢેફાનો વિનાશ થાય બધી અવસ્થામાં માટીની ધ્રુવતા રહે તેમાં કશુંય ઈશ્વરના પ્રયત્નથી થાય છે તેમ જૈનદાર્શનિકો માનતા નથી. જો બધો જ વિનાશ ઈશ્વરાધીન હોત તો બધાં જ ઉત્પાદ અને બધા જ વિનાશ ઈશ્વરપ્રયત્નજનિત જ હોત પરંતુ હકીકતમાં તેમ નથી. કુદરતમાં કેટલાંક વાદળ, મેઘધનુષ્ય વગેરે એવા તત્ત્વો પણ પડેલાં છે. જેના ઉત્પાદ-વિનાશ મનુષ્ય વગેરે કોઈ પણ વ્યક્તિના પ્રયત્ન વિના જ થતા હોય છે. જો એવા ઉત્પાદ-વિનાશમાં પણ ઈશ્વરકર્તૃત્વ સિદ્ધ થતું નથી, તો કુંભાર વગેરેના પ્રયત્નથી થયેલા માટીમાંથી ઘટ વગેરેના ઉત્પાદનમાં અને ઢેફાં વગેરેના વિનાશમાં કુંભારનો જ પ્રયત્ન કેમ ન માનવો ? શા માટે ત્યાં દૂરસ્થ ઈશ્વરનો પ્રયત્ન માનવો જોઈએ ? આમ સ્વાભાવિક અને પ્રયત્નજનિત બેય પ્રકારના ઉત્પાદ-વિનાશમાં ઈશ્વરકર્તૃતા સિદ્ધ થતી નથી.

કાચની બનાવટ રેતીમાંથી થાય છે, પરંતુ રેતી એ પણ એ વખતે એ

+ **अथ स्वभावतो वृत्तिरवितर्क्या महेशितुः ।**
परीक्षकाणां तर्ह्येष परीक्षाक्षेपडिण्डिमः ॥३॥

રેતીના કણોમાં રહેલા જીવોના શરીર જ છે. એ રેતી સ્વરૂપ શરીરની ઉત્પત્તિ પણ એમાં એક વખત રહેલા જીવોના પ્રયત્નથી જ બની છે. રેતી કાંઈ એમ ને એમ બની ગઈ નથી. પછી જ્યારે શરીરમાંથી એ જીવો ચાલ્યા જાય છે ત્યારે એ શરીરોને રેતીનું નામ અપાય છે. પછી મનુષ્યનો પ્રયત્ન આગળ આવે છે. મનુષ્ય એ રેતીના પર્યાયનો નાશ કરીને એમાંથી કાચ બનાવે છે. પછી એ કાચને બાળકો તોડી નાંખે છે ત્યારે કાચમાંથી કાચના કટકાઓ બને છે. આમ જીવોએ પોતાના પ્રયત્નથી શરીર બનાવ્યું, મનુષ્યે પોતાના પ્રયત્નથી રેતીમાંથી કાચ બનાવ્યો, અને બાળકે પોતાના પ્રયત્નથી એના કટકા બનાવ્યા, અહીં ઈશ્વરની બનાવટ કયાં માનવી ?

ઈશ્વરકર્તૃત્વવાદને માનનારાં કેટલાંક દર્શનોની માન્યતા એટલી તો જરૂર છે કે સંસારી જીવોની બાહ્ય અને આંતરિક ભિન્ન ભિન્ન અવસ્થારૂપ પર્યાયોની ઉત્પત્તિ અને એમનો વિનાશ કર્મજન્ય જ છે અને કર્મની ઉત્પત્તિ પ્રાણીજન્ય હોવાથી કર્મજન્ય સુખાદિના સંયોગવાળી વિવિધ અવસ્થાઓની પ્રાપ્તિ જીવના પોતાના પ્રયત્નને આભારી છે. પરન્તુ સાથે સાથે તેઓ એવી માન્યતા પણ ધરાવે છે કે કર્મ તો જડ છે એટલે એ કર્મોથી જે સુખાદિ મળવાં જોઈએ તે એમ ને એમ મળી ન જાય. ત્યાં કોઈ ચેતન-તત્ત્વની પ્રેરણા માનવી જ જોઈએ અને તે ચેતન-તત્ત્વ એ જ ઈશ્વર.

અહીં જૈનદાર્શનિકોનું કહેવું છે કે કર્મ એ પુદ્‌ગલ છે. જ્યાં સુધી ચેતનની સાથેના સંબંધમાં આવતાં નથી ત્યાં સુધી જીવને સુખ કે દુઃખ આપવાની તેનામાં તાકાત હોતી નથી. જેમ બ્રાંડી કે દારૂ બાટલીમાં જ પડ્યાં રહે છે ત્યાં સુધી તેનાથી બુદ્ધિબળની કે નશાની વૃદ્ધિ થતી નથી, પરન્તુ શરીરમાં ગયા પછી જ તેમ થાય છે. વળી તે પણ તરત ન થતાં જેમ કાલાન્તરે થાય છે તેમ કર્મપદ્‌ગલ પણ આત્મા સાથે સંબંધમાં આવ્યા પછી તરત જ પોતાની સુખ-દુઃખ આપવાની શક્તિ બતાડી શકતાં નથી, પરંતુ અમુક સમય ગયા પછી જ તેમ કરી શકે છે. ટૂંકમાં, દરેક કર્માણુ એ 'ટાઈમ-બોમ્બ' છે, જે પોતાનો સમય થતાં જ ફાટે છે અને આત્માને સુખ-દુઃખ બતાવી દે છે.

એટલે કર્મના સંબંધથી જીવના કોઈપણ ઉત્પાદ યા વિનાશ પામતાં પર્યાયમાં કૃતકૃત્ય ઈશ્વરને હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા હોઈ શકતી જ નથી.

વળી અમુક એક જ વ્યક્તિ અનાદિકાળથી ઈશ્વર બની રહે અને બીજા કોઈ ઈશ્વર બની જ ન શકે તેવું જૈનદૃષ્ટિમાં માન્ય નથી.

જૈનદૃષ્ટિએ તો જગતનાં તમામ જીવો ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે. જેઓ વધુ પડતાં જગતના રંગરાગમાં આસક્ત છે એવા જગતનાં જીવો **બહિરાત્મા** કહેવાય છે. બીજા નંબરના જીવો તે છે કે જેઓ જગતમાં રહેવા છતાં જગતના એ રંગરાગોમાં વધુ પડતી આસક્તિ ધરાવતા નથી એમને **અન્તરાત્મા** કહેવાય છે, જ્યારે ત્રીજા પ્રકારના જીવો જગતના તમામ રંગરાગથી સર્વથા મુક્ત થઈ ગયેલા હોય છે. આ ત્રીજા પ્રકારના જીવો એજ **પરમાત્મા** કહેવાય છે અને એ પરમાત્મા તે જ ઈશ્વર છે.

આજ સુધીમાં અગણિત સંખ્યાના આત્માઓ સદાને માટે બહિરાત્મદશામાં જ રહ્યા છે અને કદાચ અગણિત કાળ સુધી એ દશામાં જ રહેશે, કેટલાંક વળી એવા બહિરાત્મભાવથી મુક્ત થઈને અન્તરાત્મા પણ બન્યા છે, જ્યારે કેટલાંક એવા અન્તરાત્મભાવમાંથી પરમાત્મભાવ પણ પામ્યા છે અને બીજા ઘણાંય એ પરમાત્મભાવ પામશે.

આમ ઈશ્વર એક નથી. જે કોઈ આપણાં જેવા બહિરાત્મા કે અન્તરાત્મા, પરમાત્માભાવને પ્રગટાવે તે બધાય ઈશ્વરસ્વરૂપ છે એવું જૈનદાર્શનિકોનું સ્પષ્ટ મંતવ્ય છે.

પરમાત્મભાવ પામ્યા પછી જ્યાં સુધી આયુષ્ય પૂર્ણ થતું નથી ત્યાં સુધી સદેહમુક્ત અવસ્થાનું ઈશ્વરત્વ કહેવાય છે, અને આયુષ્ય પૂર્ણ થયા બાદ વિદેહમુક્ત અવસ્થાનું ઈશ્વરત્વ કહેવાય છે. આવા વિદેહમુક્ત ઈશ્વરો મોક્ષપદ પામેલા કહેવાય છે.

આમ એકજ જીવદ્રવ્ય બહિરાત્મદશાનો, અન્તરાત્મદશાનો અને છેવટે પરમાત્મદશાનો પર્યાય પ્રાપ્ત કરી શકે છે. આમાં મુખ્યત્વે જીવનો પોતાનો જ પુરુષાર્થ કારણ બને છે. ઈશ્વર જેવું કોઈ સ્વતંત્રતત્ત્વ અસ્તિત્ત્વ

ધરાવતું નથી, જે પોતાની ઈચ્છાથી જીવના આ રૂપાંતરો કરતું હોય.

જીવની જે પરમાત્મદશા છે તે કર્મમુક્તદશા છે. ઘાતીકર્મથી કે સર્વકર્મથી મુક્ત સર્વજ્ઞ બને છે, રાગદ્વેષ વિનાના વિતરાગ બને છે. આ અવસ્થાથી ઊંચુ બીજું એવું કોઈ ઈશ્વરી સ્વરૂપ સંભવી શકતું નથી. જો તેવું કોઈ સ્વરૂપ સંભવતું હોય તો તેની વિશેષતાઓ પણ ગણાવવી જોઈએ.

બહિરાત્મદશા કે અન્તરાત્મદશાના જીવાત્માની વર્તમાનઅવસ્થા અને એની ભાવીમાં સંભવિત બનનારી પરમાત્મા અવસ્થા-એ બેમાં જો કોઈ ભેદ પાડનાર વસ્તુ હોય તો તે માત્ર કર્મ છે. કર્મપુદ્ગલના જીવ ઉપરના અસ્તિત્ત્વને કારણે જ જીવાત્મા પોતે બહિરાત્મ કે અંતરાત્મ અવસ્થામાં રહે છે. જયારે એવી સ્થિતિને જાળવી રાખનાર કર્મપુદગલ હટી જાય છે ત્યારે જ એ જીવાત્મા સદેહમુક્ત પરમાત્મા બને છે અને જયારે આયુષ્ય ટકાવનારાં કર્મ વગેરે પણ આત્મા ઉપરતી ખસી જાય છે. ત્યારે એ સહેદમુક્ત પરમાત્મા જ વિદેહમુક્ત પરમાત્મા બની શકે છે.

પરમાત્મપદ પામવાની લાયકાતવાળા તમામ જીવો પરમાત્મા બની શકે છે. કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ આ પાંચેય કારણો મળતાં જેમ કોઈ કાર્ય નિષ્પન્ન થાય છે તેમ પરમાત્મભાવને પામવાનું કાર્ય પણ આ પાંચેય કારણો ભેગાં મળતાં અવશ્ય નિષ્પન્ન થાય છે.

ટૂંકમાં, અહીં એજ કહેવાનું છે કે જીવાત્માની તમામ અવસ્થાઓ, એનાં વિવિધ સ્વરૂપો, એની વિધિવિધ ક્રિયાઓ-બધું જ- એના પોતાના પ્રયત્નથી જન્ય છે, કર્મ વગેરેથી જન્ય છે. એમાં કયાંય પણ કોઈ ઈશ્વરીય પ્રેરણા માનવાની જરૂર નથી.

એટલે જીવનો મનુષ્ય તરીકે પર્યાય થવો, ગર્ભમાંથી જન્મ પામવાનો પર્યાય થવો, મોટા થવાનો પર્યાય થવો, વકીલ, બેરિસ્ટર કે ડોક્ટર થવાનો પર્યાય થવો, કોઈ સ્ત્રીના પતિ થવાનો કે ચાર બાળકોના પિતા થવાનો પર્યાય થવો એ બધાયમાં જીવદ્રવ્ય કાયમ જ રહે છે અને જે પર્યાયો થતાં જાય છે તે બદલાતા રહે છે. આમાં ક્યાંય ઈશ્વરીય કર્તૃત્વ માનવાની લેશ પણ જરૂર નથી કે જેના વિના આમાંનું કોઈપણ કાર્ય

અટકી પડતું હોય.

આ તો જીવદ્રવ્યની વાત કરી. હવે જડદ્રવ્ય સંબંધમાં પણ જોઈએ.

પુદ્ગલદ્રવ્યના પરમાણુઓ અનંતાનંત છે. તેઓ એકબીજાથી છૂટા પણ રહી શકે છે અને બે કે તેથી વધીને અગણિત સંખ્યામાં ભેગા થઈને નાના-મોટા સ્કંધ બનીને પણ રહી શકે છે. એક સ્કંધમાંથી કોઈ પરમાણુ જુદો પડીને બીજા સ્કંધમાં ભળી જાય કે બીજા કોઈ સ્કંધનો પરમાણુ તે સ્કંધમાં ભળી જાય તેવું પણ બને છે. આમ પુદ્ગલના વિવિધ સ્કંધોમાં પરમાણુઓની ન્યૂનાધિકતા થતી જ રહે છે. આ રીતે એક સ્થળેથી અન્ય સ્થળે મળતાં અને વિખરાતા પુદ્ગલપરમાણુઓ સદા આ જગતમાં રહે છે. પરમાણુનો કદાપિ નાશ થતો નથી. આમ પરમાણુમાંથી સ્કંધ બને છે ત્યારે તે સ્કંધ પર્યાયનો ઉત્પાદ થયો એમ કહેવાય છે. જયારે એ સ્કંધનો થોડા અંશે કે પૂર્ણ અંશે નાશ થઈ જાય છે ત્યારે પરમાણુના સ્કંધ પર્યાયનો વિનાશ થયો એમ કહેવાય છે, પણ આ બેય સ્થિતિમાં નિત્યશાશ્વત પરમાણુદ્રવ્યની ધ્રુવતા તો કાયમ જ રહે છે. આ રીતે પરમાણુ પુદ્ગલો પાણીના, અગ્નિના, માટીના વગેરે વગેરે અનંતપર્યાયોને પામ્યા પણ છે અને એ પર્યાયોના વિનાશવાળા પણ બન્યા છે.

આવા બધા ઉત્પાદ-વિનાશ પર્યાયોમાં કેટલાંક ઘટ-પટ-મકાન વગેરે પર્યાયો મનુષ્ય વગેરેના પર્યત્નથી ઉત્પન્ન થાય છે જયારે મેઘધનુષ, ગંધર્વનગરો વગેરે સ્વરૂપ પર્યાયો મનુષ્ય વગેરેના પ્રયત્ન વિના જ ઉત્પન્ન થાય છે. પથ્થર વગેરે વસ્તુઓથી પર્વતનું બની જવું, પાણીના પ્રવાહો ભેગા થવાથી નદીનું વહેવા લાગવું, વરાળનું પાણીરૂપે થઈ જવું, પાણીનું વરસાદરૂપે વરસવું ઈત્યાદિ જે પરિવર્તનો આ વિશ્વમાં થાય છે તે બધાં મનુષ્ય વગેરેના પ્રયત્ન વિના જ થાય છે. આવાં પરિવર્તનો ઈશ્વરના પ્રયત્નથી થાય છે એમ કહેવું તે તો પ્રત્યક્ષથી વિરુદ્ધ છે. વરાળનું પાણીરૂપે થવું વગેરેની પાછળ વૈજ્ઞાનિક કારણો જ રહેલાં છે. બે અંશનો હાઈડ્રોજન વાયુ અને એક અંશનો ઓક્સિજન વાયુ ભેગા મળે તો તેનું અવશ્ય પાણી થઈ જ જાય એવા સંયોજનનું એજ સ્વાભાવિક પરિણામ છે

તેમાં ઈશ્વરના પ્રયત્નને વચ્ચે લાગવાની કશી જરૂર નથી. ધરતીકંપો થવા-લાવારસોના પર્વતો ફાટવા-વરસાદ પડવો વગેરે ઘણી પ્રવૃત્તિની પાછળ વૈજ્ઞાનિક કારણ મળી જ રહે છે.

એક સંસારી આત્મા શરીર વગેરે સામગ્રીનું નિર્માણ કરે છે તે કેવા પર્યાયવાળા પુદ્ગલદ્રવ્યમાંથી, કેવા કર્મસ્વરૂપને પામીને કેવી રીતે કરે છે તેની બહુ સ્પષ્ટ સમજણ જૈનદર્શનમાં આપવામાં આવી છે. એટલે કોઈપણ બાબતમાં ઈશ્વરીય કર્તૃત્વને વિચારવાની પણ જરૂર પડતી નથી. આવી સમજણનો જ્યાં અભાવ છે ત્યાં જ ઈશ્વરકર્તૃત્વની કલ્પના આકાર પામી શકે.

ઈશ્વરકર્તૃત્વ ઈન્કારતા જૈન-તત્ત્વજ્ઞાનના વિચારમાં મૂળ વાત તો વસ્તુમાત્ર દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ છે. તેમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય અવશ્ય હોય છે તે જ છે. સોનું એ દ્રવ્ય છે તો સોનાની વીંટી એ પર્યાય છે. સોનું અને વીંટી બેય એકબીજાથી જુદાં નથી. આમાં સોનું એ નિત્યદ્રવ્ય છે, જ્યારે વીંટી તે અનિત્યપર્યાય છે.

વસ્તુમાત્ર દ્રવ્યમય અને પર્યાયમય છે, તથા વસ્તુમાત્રમાં ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય ભાવ હોય છે. એ વાત પણ વસ્તુતઃ તો એક જ છે. કેમકે ઉત્પાદ અને વ્યય એ વસ્તુનો પર્યાય છે, જ્યારે ધ્રૌવ્ય એ વસ્તુનું દ્રવ્યત્વ છે.

આ વાત આજ સુધી તો જૈન-દાર્શનિકોએ જ કહી હતી. ભગવાન જિનેશ્વરોએ **જિનાગમ**માં કહી હતી પરંતુ હવે તો વિજ્ઞાનજગતમાં મૂર્ધન્ય ગણાતાં આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવા પણ દ્રવ્ય અને તેની શક્તિ (પર્યાય)ને માનવા લાગ્યા છે અને તે બેયને પણ આજ સુધી સાવ ભિન્ન માનતા હતા તે હવે અભિન્ન પણ માનવા લાગ્યા છે.

અંતે તો ધર્મ જ અંતિમ સત્ય છે. વૈજ્ઞાનિકોનું મંતવ્ય એ કાંઈ અંતિમ સત્ય નથી. તેઓ પણ તેમ જ કહે છે એટલે વૈજ્ઞાનિકોને માટે પણ જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન જ સત્યનો ધ્રુવતારો બની રહે છે. પોતાના મંતવ્યોમાં ઘણાં પરિવર્તનો થતાં રહ્યાં અને અંતે તેઓને એ ધ્રુવસત્યોને જ અનેક વખત સ્પર્શવું પડ્યું છે.

દ્રવ્ય અને શક્તિના વિષયમાં પણ આમ જ બન્યું છે. ખેર, હવે પણ વૈજ્ઞાનિકો સત્યના ધ્રુવતારાની તરફ પોતાની બુદ્ધિનું નાવડું લાવી ચૂક્યા છે અને એ દિશામાં એ નાવડું હંકારી રહ્યા છે એજ આનંદની બાબત છે.

આજ સુધી દ્રવ્યની જેમ શક્તિને પણ વિજ્ઞાનના ક્ષેત્રમાં સ્વતંત્ર તત્ત્વ તરીકે જ માનવામાં આવતી હતી. પરંતુ આઈન્સ્ટાઈને એ વાત હવે તદ્દન સ્પષ્ટ કરી દીધી છે કે દ્રવ્ય (Metter) અને શક્તિ (Energy) એકબીજાથી અત્યંત ભિન્ન નથી. દ્રવ્ય શક્તિમાં અને શક્તિ દ્રવ્યમાં પરાવર્તિત થઈ શકે છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં આઈન્સ્ટાઈનનો આ નિર્ણય ક્રાન્તિકારી ગણવામાં આવ્યો છે.

ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવતાનો પદાર્થસ્વભાવ-સિદ્ધાંત પૂર્વે કહેવાઈ ચૂક્યો છે. એ વાતનો સાર એટલો જ છે કે પદાર્થમાં પ્રતિક્ષણ નવા આકારની ઉત્પત્તિ થાય છે. પ્રાચીન આકારનો વિનાશ થાય છે અને પદાર્થની ધ્રુવતા રહે છે. આધુનિકવિજ્ઞાન પણ આ વાતમાં સમ્મત થઈ જાય છે. શક્તિના રૂપમાં પદાર્થ બદલાતો રહે છે પણ પદાર્થનો આત્યન્તિક વિનાશ થતો નથી.

હવે જ્યારે આ જ વસ્તુસ્થિતિ છે અને પદાર્થનાં જે રૂપાન્તરો થયા કરે છે તેમાં માનવ વગેરેનો પ્રયત્ન અથવા કુદરતી પરિણામ જ કારણરૂપ બને છે ત્યારે એ પરિવર્તનો કરનાર તરીકે ઈશ્વરને માનવાની જરૂર જ રહેતી નથી.

આજનું વિજ્ઞાન તો એવી કોઈપણ આશ્ચર્યજનક જણાતી બાબતની પાછળ પણ કારણો આપીને ઈશ્વરના કર્તૃત્વને ઉડાડી દે છે. કૃત્રિમ રીતે વરસાદ વરસાવવાની, જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ કરવાની, સમુદ્રોના પાણીને નાથવાની, સહરા જેવા અફાટ રણમાં વનસ્પતિ ઉગાડવાની, આસ્ફાલ્ટની સડકો બનાવવાની, પાણીનું રક્ષણ કરીને વધુ અનાજ ઉગાડવાની, હિમાચ્છાદિત પ્રદેશોમાં સ્થાયી નિવાસ કરવાની, બટન દબાવતાં પ્રકાશ કરી દેવાની, હજારો માઈલ દૂરનાં દશ્યો પડદા ઉપર જોવાની, ત્યાં રહેલા માણસ સાથે વાતો કરવાની વગેરે વગેરે એવી અઢળક શોધો વિજ્ઞાન કરી ચૂક્યું છે, જેને યોગસાધનાથી જ શક્ય

માનવામાં આવતી, જેને આશ્ચર્ય ગણવામાં આવતું. વિજ્ઞાને શું કર્યું તેની સાથે આપણે નિસ્બત નથી પરંતુ એની હેતભરી શોધોએ વસ્તુમાત્રની પાછળ કામ કરતાં કારણોની તપાસ કરીને ઈશ્વરીય-કર્તૃત્વની ઉપર ફેરવિચાર કરવાનું જણાવી દીધું છે એ તો સુનિશ્ચિત હકીકત છે.

અહીં એક પ્રશ્ન થાય કે જો જૈનદાર્શનિકો ઈશ્વરકર્તૃત્વવાદને માનતા નથી તો શું તેઓ અનીશ્વરવાદી છે ?

આ પ્રશ્ન જ્યાંને ત્યાં પૂછવામાં આવે છે એટલું જ નહિ પણ જૈનદર્શનને અનીશ્વરવાદી દર્શન તરીકે ગ્રંથોમાં લખી લેવા સુધીનું દુઃસાહસ પણ વ્યાપકરૂપમાં કરવામાં આવ્યું છે. આ જ કારણે જૈનોને નાસ્તિક કહેવા સુધીનું સાહસ પણ કેટલાંક લોકોએ કર્યું છે.

જ્યારે વસ્તુસ્થિતિ સાવ જ જુદી છે. જૈનદાર્શનિકો ઈશ્વરને જ નથી માનતા એમ નથી. તેઓ ઈશ્વરને જરૂર માને છે પણ તેને જગતના કર્તા તરીકે માનતા નથી. કિન્તુ જગતના દર્શક તરીકે માને છે. ઈશ્વર કોણ થાય છે અને કેવી રીતે થાય છે તે વાત પૂર્વે જણાવી છે. એટલે ઈશ્વર તો છેજ. આપણામાંનો કોઈપણ આત્મા રાગ-રોષ અને અજ્ઞાનથી સર્વથા મુક્ત થવાની સાધના કરે અને અંતે વીતરાગ સર્વજ્ઞ બને તો તે ઈશ્વર જ બને છે.

ઈશ્વર એટલે કોઈપણ પ્રકારના રાગદ્વેષના સંપૂર્ણ અભાવવાળા પરમાત્મા. એમનામાં સ્ત્રી આદિ પ્રત્યેના રાગની ચેષ્ઠા પણ ન હોય, અસુર વગેરેનાં સંહારનું તાંડવ પણ ન હોય, એવાં કારણોસર એમને અવતારો પણ લેવાના ન હોય.

ઈશ્વર એટલે આત્માનું સુવિશુદ્ધ પ્રગટ સ્વરૂપ, ઈશ્વર એટલે લોકના અંત ભાગમાં સદાના માટે સ્થિર થઈ ચૂકેલા અગણિત વિશુદ્ધ આત્મા.

ઈશ્વર એક નથી. ઈશ્વર અગણિત છે. આવા ઈશ્વર જ્યારે સદેહમુક્ત અવસ્થામાં હોય છે ત્યારે ભોગરસિક આત્માઓને સુખનો સાચો રસ્તો ઉપદેશ આપવા દ્વારા બતાડે છે. અનેક જીવાત્માઓ એ સુખના રસ્તે પ્રયાણ કરે છે અને સાધના કરીને કર્મથી, રાગ-રોષથી, અજ્ઞાનથી મુક્ત થાય છે. આવા વિશુદ્ધ આત્માઓ સદેહમુક્ત પરમાત્મા

કહેવાય છે. જ્યારે તેઓ પોતાનું આયુષ્ય પૂર્ણ કરે છે ત્યારે તેઓ વિદેહમુક્ત પરમાત્મા બને છે. ત્યાં તેઓ સદા સચ્ચિદાનંદ સ્વરૂપમાં રમમાણ રહે છે. એ ત્યાંથી કદી ઉપદેશ વગેરે આપતા નથી કેમકે તેમને મુખ-શરીર વગેરે હોતાં નથી, કદી તેઓ અવતાર લેતાં નથી કેમકે તે માટે જરૂરી કર્મ વગેરેથી તેઓ સદા માટે મુક્ત થઈ ગયા છે. તેઓ ત્યાં જ રહે છે, ત્યાં જ સ્વરૂપમાં રમે છે, એ આત્મા આત્માથી આત્માના જ મસ્ત સુખમાં મસ્તાન રહે છે, સદા માટે.

પ્ર.-તો એવા ઈશ્વર આપણા શા ઉપયોગમાં આવે ? એ આપણું શું ભલું કરે ? આપણી ભક્તિથી જો તેઓ આપણી ઉપર પ્રસન્નતા દર્શાવવા દ્વારા રાગ ન દાખવતા હોય તો પછી એમની ભક્તિનો પણ શો અર્થ ? મહેતો મારે પણ નહિ ભણાવે પણ નહિ !

ઉ.-ના, તેમ નથી. ઈશ્વરના પોતાના સ્વરૂપમાં બે વિભાગ પડે છે. સદેહમુક્તતા અને વિદેહમુક્તતા. એમાં જે સદેહમુક્ત અવસ્થાનું ઈશ્વરત્વ છે તે તો આપણા માટે બહુ સીધી રીતે ઉપયોગી બને છે. એ વિશુદ્ધ આત્મા શરીરસહિત હોય છે કેમકે હજી તેમનું આયુષ્ય પૂર્ણ થયું નથી. એટલે તેઓ સુખનો સાચો રસ્તો આપણને સહજ રીતે બતાડે છે. એઓને એવી ઈચ્છા પણ કરવી પડતી નથી કે મારે જગતના અજ્ઞાનજીવોને જ્ઞાન આપવું છે. ખૂબજ સહજ રીતે તેઓ સન્માર્ગદર્શન કરાવતા હોય છે, એટલે આ રીતે સદેહમુક્ત ઈશ્વરો તો આપણાં ઉપર ભારે ઉપકાર કરે જ છે.

જો તેઓ પોતાને પ્રાપ્ત થયેલો જ્ઞાનપ્રકાશ આપણાં હિતમાં ન લઈ જાત તો આપણાં અજ્ઞાનના અનંતઅંધિયારાને કોણ દૂર કરત ?

'સુખનો સાચો રસ્તો ત્યાગમાં છે ભોગમા નથી !' એ ખૂબ જ મહત્ત્વની વાત કોણ સમજાવત ?

એ સમજણ વિના ભોગમાં જ સાચું સુખ માની લઈને એની પાછળ શક્તિ, સમય, જીવનનો વ્યય કરી નાંખીને અશુભકર્મોના રજકણોને આત્મા ઉપર ચોંટાડીને મરણ બાદ કેવા ભયંકર દુઃખોમાં પટકાઈ પડત ? આ બધી દુઃખદ સ્થિતિમાંથી ઉગારી લેનારા એ સદેહમુક્ત ઈશ્વરો છે.

હવે રહી વિદેહમુક્ત ઈશ્વરની વાત. એઓ પણ ત્યાં રહ્યા રહ્યા અસીમ ઉપકાર કરી રહ્યા છે. ભીમભયંકર સંસારમાં રખડતા આપણામાં એમના જેવી અપૂર્વ સાધનાનું બળ તો નથી જ પરન્તુ એવી થોડી પળો, થોડી શક્તિ, થોડો પ્રયત્ન તો આપણે આ સ્થિતિમાં પણ જરૂર કરી શકીએ છીએ કે જેમાં એ વિદેહમુક્ત ઈશ્વરોને પણ હાથ જોડીને મસ્તકથી ઝૂકી પડીએ, મનથી બોલી દઈએ કે, "આપ પરમકૃપાલુ પરમાત્માને હું લાખ લાખ નમસ્કાર કરું છું. આપના દર્શાવેલા માર્ગને જ સત્ય માનું છું. મારા સ્વીકારેલા ઉન્માર્ગથી મારી જ હત્યા કરનારો હું મારી જાતને અસત્ય ભરપૂર માનું છું."

આ રીતે એક પણ નમસ્કાર જે અર્પે છે એની એકજ ક્ષણમાં અશુભ કર્મોના અગણિત રજકણો એકજ ધડાકે આત્માથી જુદા પડીને આકાશમાં વેરાઈ જાય છે, એ રીતે આત્મા વધુ ને વધુ નમસ્કારો અર્પતો વધુ ને વધુ વિશુદ્ધ બનતો એકવાર પરમાત્મા બની જાય છે.

શું આ સિદ્ધિ પામવામાં એ વિદેહમુક્ત પરમાત્માનો જ ઉપકાર નથી ? એમણે એવી ઉગ્ર સાધના જ ન કરી હોત તો પરમાત્મા કોણ હોત ? પરમાત્મા જ ન હોત તો એવો નમસ્કાર કોને હોત ? નમસ્કાર ન હોત તો અહંકાર શી રીતે તૂટત ? કર્મોના જાળાં શી રીતે ફેંકાત ? વિશુદ્ધિ શેં મળત ?

બુઝાયેલા દીપમાં ભલે તેલ છે, કોડિયું છે, પરન્તુ તેથી થોડો જ તે પ્રગટી જાય છે ? એ માટે એણે પ્રગટી ગયેલા દીપની નજદીક જવું જ રહ્યું. પ્રગટેલા દીપનો સ્પર્શ ન થાય ત્યાં સુધી બધું જ નકામું ને ? પ્રગટેલો એક દીપ મળી જાય તો એના સ્પર્શમાત્રથી લાખો બુઝાયેલા દીપો પ્રગટી જાય, અને એ દરેક દીપ બીજા લાખોને પ્રગટાવતા જાય.

કેવી અપૂર્વ પરાર્થ-યાત્રા ? કેવું સુંદર વિશુદ્ધિકરણ ? કેવું અદ્‌ભુત આત્મવિજ્ઞાન !

સૂર્ય ઈચ્છતો નથી તોય સહજ રીતે અંધકારને દૂર કરે છે. સતત પ્રકાશતો રહે છે !

અગ્નિ ઈચ્છતો નથી તોય સહજ રીતે કેટલાંયની ઠંડી ઉડાડી મૂકે છે !

આવી જ સાહજિકતા ઈશ્વરમાં છે. એનું સાન્નિધ્ય જે પામે ત્યાં પ્રકાશ પથરાય. ત્યાંથી રાગની ઠંડી ઊભી ને ઊભી ભાગી જાય !

આ દૃષ્ટિએ વિચાર કરીએ તો સુખદુઃખમય જગતનો કર્તા ખરેખર ઈશ્વર જ બની રહે છે. એના બતાવેલા રાહે જે ચાલે, એને અંતરથી જે નમે તે સુખી થાય, બીજા બધા દુઃખી થાય. તો શું જગતનો જીવોના સુખદુઃખના સર્જક એ ઈશ્વર જ આ સાપેક્ષવિચારથી ન બન્યો ? શું આવી જાતનું ઈશ્વરકર્તૃત્વ જ ખૂબ યુક્તિયુક્ત અને સ્વીકાર્ય નથી ?★

આજ તો ઈશ્વરનો અનુગ્રહ છે કે તેમણે સદેહમુક્ત અવસ્થામાં વિધિ-નિષેધની આજ્ઞા બતાવી અને ભાવુકજીવો એનું પાલન કરવા લાગ્યા, આ જ એમનો અનુગ્રહ છે. રાગ વિનાના ઈશ્વરને પોતાની રાગદશારૂપ અનુગ્રહ તો સંભવે જ શી રીતે ?•

અથવા તો ઈશ્વર એટલે પરમઐશ્વર્યવાળો આત્મા. દરેક સંસારી આત્મા પરમઐશ્વર્યથી યુક્ત જ છે. માટે દરેક આત્મા સ્વરૂપથી તો ઈશ્વર જ છે અને તે કર્મથી આચ્છાદિત છે એટલું જ. આવો ઈશ્વર-આત્મા સંસારનું નિર્માણ કરે છે માટે સૃષ્ટિકર્તા બન્યો અને એવું સંસાર-નિર્માણ કરવામાં એને પોતાના કર્મની સામે જોવું જ પડે છે, એટલે કર્મની અપેક્ષા રાખીને સુખદુઃખાદિ આપતો જગન્નિર્માતા ઈશ્વર આપણો પોતાનો આત્મા જ સિદ્ધ થાય છે.+ આ રીતે ઈશ્વરનું જગત્કર્તૃત્વ જરૂર સિદ્ધ થઈ શકે.

પરન્તુ અનાદિ શુદ્ધ જગત્કર્તા ઈશ્વરની સ્વચ્છ કલ્પના કરવાનું તો શક્ય જ નથી, કેમકે જગતની તમામ ઘટમાળા તેની કલ્પના વિના પણ ઘટી શકે છે.

★ **ईश्वरः परमात्मैव तदुक्तव्रतसेवनात् ।**
यतो मुक्तिस्ततस्तस्याः कर्ता स्याद्‌गुणभावतः ॥ —शास्त्रवार्तासमुच्चय

• **आर्थं व्यापारमाश्रित्त्य तदाज्ञापालनात्मकम् ।**
पूज्यते परमीशस्यानुग्रहस्तन्त्रनीतितः ॥ — द्वात्रिंशद्द्वात्रिंशिका

\+ **परमैश्वर्य युक्तत्वान्मत आत्मैव वेश्वरः,**
स च कर्तेति निर्दोषः कर्तुवादो व्यवस्थितः ॥ - शा.वा.समु.

હવે એક જ પ્રશ્ન અહીં કદાચ થઈ શકે કે જો જીવોને સુખાદિ પ્રાપ્ત થવામાં કોઈ સ્વતંત્ર ચેતન-તત્ત્વની પ્રેરણા ન હોય અને એ સુખાદિ જીવોને કર્મો જ આપી દેતા હોય તો તે કર્મો તો જડ છે તે શી રીતે જીવને સુખ કે દુઃખ અથવા તેની સામગ્રી આપી શકે ?

આ પ્રશ્ન બહુ સુંદર છે, અને આનું સમાધાન પણ બહુ સરળ છે, કેમકે આજનું વિજ્ઞાન આ સમાધાન આપવા વહારે ધાયું છે.

શું જડમાં કોઈ શક્તિ જ નથી ? એમ માનીને જ આ પ્રશ્ન ઉદ્‌ભવ્યો હશે ને ? પણ વસ્તુસ્થિતિ તો એ છે કે જડમાં તો અચિન્ત્ય શક્તિઓ ભરપૂર પડેલી છે.

મરચું જડ છે છતાં જીભ ઉપર મૂકતાં જ આંખમાંથી પાણી નીકળી જાય છે અને આત્મા અકળાઈ જાય છે, ચપ્પુ જડ છે છતાં એનો સ્પર્શ થતાં જ આત્મા અરેકારો બોલાવી દે છે.

હરડે જડ છે છતાં એનો રેચ લાગતાં જ આત્મા ઢીલો થઈ જાય છે.

બ્રાહ્મીની ગોળી જડ છે, છતાં તેના સેવનથી આત્મામાં જ્ઞાન વધે છે.

દારૂ જડ છે, છતાં તે આત્મામાં માદકતા ઉત્પન્ન કરે છે. અરે ! ચશ્મા જડ છે છતાં તે પહેરાવાય ત્યારે જ નબળી આંખવાળો આત્મા સારી રીતે વાંચી શકે છે.

એટમબોમ્બ જડ છે, છતાં અનેક આત્માઓને દેહથી ભિન્ન બનાવીને મૃત્યુ અર્પે છે !

કોમ્પ્યૂટર જડ છે છતાં ચેતન આત્મા ન કરી શકે તેવા ગુણાકારો કરી શકે છે. ફક્ત ૧૫ સેકંડમાં મોટી રકમના બે બે લાખ ગુણાકારો કરી નાંખવાની રાક્ષસી તાકાત એ ધરાવે છે !

એક કોમ્પ્યૂટરને બે ઘડિયાળો અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો કે બે ઘડિયાળમાંની એક બગડીને સાવ બંધ પડી ગયેલી છે, જ્યારે બીજી રોજ દસ સેકંડ પાછળ જાય છે તો કયી પાસે રાખવી ? આનો જે ઉત્તર એ જડ કોમ્પ્યૂટરે આપ્યો એ સાંભળતાં ચેતન જેવો ચેતન હેરત પામી જાય તેવું છે. એણે કહ્યું કે, 'સાવ બગડી ગયેલી ઘડિયાળ પાસે રાખવી કેમ કે તે તો દર બાર કલાકે એકવાર પાછળ જતી જતી ૧૨ વર્ષે એકજ વાર સાચો

સમય બતાવશે !!!'

આ છે જડ-શક્તિનું વિજ્ઞાન ! લાખો હિસાબો કરી નાંખે, વર કે કન્યા શોધી આપે, આગાહીઓ કરી આપે, જન્મદિવસો કહી આપે એ કોમ્પ્યૂટર સાવ જડ છે. એનામાં ચૈતન્યનો કોઈ અંશ નથી. આવી પણ અચિન્ત્ય છે જડની શક્તિ.

રસિયનોએ એવાં પણ જડ યંત્રો શોધી કાઢ્યાં છે જે ગ્રંથોના ગ્રંથનાં ભાષાંતરો કરી નાંખે છે, અને અમેરિકાની ગેલ્બ્રેથ કમ્પનીએ તૈયાર કરેલું, બોલવાનું ધ્વનિક્ષેપક યંત્ર શબ્દો ઝડપીને ટાઈપ પણ કરી દે છે અને સાથે જ ફીટ કરેલા અનુવાદક યંત્રથી માંગો તે ભાષામાં અનુવાદ પણ કરી આપે છે. જડની શક્તિની વાતો કરતાં વિજ્ઞાન થાકે નહિ એટલી બધી એણે શોધો કરી નાંખી છે. હજી એ દિશામાં સ્પુટનિકગતિથી પ્રતિક્ષણ દોડ્યું જાય છે.

આવા વિજ્ઞાનના જગતમાં ઈશ્વરકર્તૃત્વવાદી જો એવો પ્રશ્ન કરે કે કર્મ તો જડ છે, એ જ બધું શી રીતે કરી દે ? તો એ પ્રશ્ન જ હાસ્યાસ્પદ બની રહે છે.

વિજ્ઞાને શોધેલાં જડ યંત્રો તો ખૂબ સ્થૂલ છે. અરે ! અણુ-પરમાણુ પણ ઘણો સ્થૂલ છે, છતાં તેનામાં દોડતાં ઈલેક્ટ્રોન, પ્રોટ્રોન, ન્યુટ્રોન અને પ્રોજીટ્રોન પણ રાક્ષસી તાકાતો ધરાવે છે. તો એ બધાંયથી અતિસૂક્ષ્મ છે કર્મના અણુો, વસ્તુ જેમ વધુ સૂક્ષ્મ તેમ તે વધુ બળવાન, તો પછી કર્મના રજકણો ખૂબ જ બળવાન હોય તેમાં નવાઈ પામવા જેવું શું છે ? દરેક રજકણને આપણે ટાઈમબોમ્બની ઉપમા આપીએ. જ્યારે ફાટે છે ત્યારે જે રજકણમાં જે કાર્ય કરવાની તાકાત હોય છે તે કાર્ય તે જ વખતે તે કરી નાખે છે.

રાગરોષના ભાવોથી, મન, વચન, કાયાની પ્રવૃત્તિથી આકાશમાં સર્વત્ર ભરી પડેલા કર્મના રજકણો આત્મા ઉપર ચોંટી જાય છે. અને અમુક સમય જતાં તે એકદમ પોતાનું કાર્ય બતાવી દે છે. જો હિંસા, જૂઠ વગેરેની વૃત્તિ કે પ્રવૃત્તિ કરતાં તે કર્માણુ ચોંટ્યા હોય તો તેનું કાર્ય નારક કે પશુજીવન, તથા રોગનાં, ગરીબીનાં, મૃત્યુનાં વગેરે દુઃખો દેવાનું છે.

અને દયા, દાન, પ્રેમ વગેરેની વૃત્તિ પ્રવૃત્તિ કરતાં જે કર્માણુ ચોંટ્યાં તે કર્માણુનું કાર્ય શ્રીમંતાઈ, સુંદર રૂપ, સુંદર આરોગ્ય, દેવ કે માનવનું જીવન વગેરે દેવાનું છે.

કોઈપણ કર્માણુ જ્યારે આત્માની ઉપર ચોંટે છે ત્યારે તે જ વખતે એ કર્માણુની ચાર વાતો નક્કી થઈ જાય છે. (૧) એનો સ્વભાવ (સુખ-દુઃખ વગેરે દેવાનો) (૨) એનો આત્મા ઉપર રહેવાનો સમય (વર્ષ, પાંચ વર્ષ, હજારો વર્ષ,) (૩) એની તાકાત (૧ પાવર, ૨ પાવર, ૩ કે ૪ પાવરની) અને (૪) તેનું પ્રમાણ (કર્માણુની સંખ્યા) આ ૪ (Nature, Time, Power, Bulk) નક્કી થાય પછી તે કર્માણુ કેટલોક સમય શાન્ત પડ્યા રહે છે અને પછી પોતાનું કાર્ય બજાવી નાંખે છે.

જ્યાંસુધી એ કર્માણુ શાન્ત અવસ્થામાં પડી રહે છે ત્યાંસુધીના કાળમાં તેમનાં સ્વભાવમાં, સ્થિતિમાં અને રસ વગેરેમાં ફેરફાર કરી નાંખવાનું શક્ય છે, અને તેથી જ અનેક આત્માઓ સંત બનીને સુંદર આચાર, વિચાર અને ઉચ્ચારનું જીવન જીવે છે, એથી જન્માંતરોમાં ચોંટેલા કર્માણુઓ કે જેમનું કાર્ય સ્ત્રી, પશુ, નારક વગેરેનું જીવન આપવાનું હોય છે, અથવા તો જેમનું કાર્ય રોગ, દરિદ્રતા, દુર્ભાગ્ય વગેરે આપવાનું હોય છે. બધું પલટાઈ જાય છે અને સુંદર કાર્યો નિપજાવવાની સ્થિતિમાં તે કર્માણુઓ ફેરવાઈ જાય છે. આ હકીકતના કારણે જ જૈનદર્શન પ્રારબ્ધવાદી નથી કિન્તુ પુરુષાર્થવાદી છે.

જ્યારે સારાં કાર્ય અને માઠાં કાર્ય-બેય કાર્ય બતાવનારાં કર્મોને વિશુદ્ધતપની ઉગ્ર સાધનાના અગ્નિમાં બાળી નાંખવામાં આવે છે ત્યારે કર્મમુક્ત બનેલો તે આત્મા પરમાત્મા બને છે.

આવી છે જડ એવા કર્મની અચિન્ત્યશક્તિ.

વૈજ્ઞાનિકોની દુનિયામાં તો હવે સૂક્ષ્મ થતાં જડની અગાધશક્તિની વાત કરવી એમાં કશું જ આશ્ચર્યજનક રહ્યું નથી. અને તેથી જ સમગ્ર સંસારનું સંચાલન આ કર્મો જ કરી લે છે એમ માનીને તમામ વૈજ્ઞાનિકો એ વાતને જરાય આશ્ચર્ય વિના વધાવી લે.

જ્યારે આ એક વસ્તુસ્થિતિ છે ત્યારે ઈશ્વર જેવા એક જગત્કર્તા

તરીકેના સ્વતંત્ર તત્ત્વને માનવાની લેશ પણ જરૂર રહેતી નથી.

જે રાગરોષમુક્ત હોય તે વળી કોઈના ઉપર રાગ કરીને રિઝાવે, કોઈના ઉપર રોષ કરી મારપીટ કરે એ બધું શું સંભવિત છે ? અને જો એ બધું તે તે જીવના કર્મના અનુસાર તેને કરવું પડતું હોય તો તે કર્મ જ અચિન્ત્ય શક્તિસંપન્ન છે : તે જ એ બધું કરી લે છે એમ જ શા માટે ન માનવું ?

આ ઈશ્વરકર્તૃત્વવાદ આજની વિજ્ઞાની દુનિયામાં તો નિતરાં અસંગત ઠરે છે અને એ રીતે આધુનિકવિજ્ઞાન જૈનદાર્શનિકોના એક અદ્વિતીય સત્યને શિર ઝુકાવે છે.

●



ખંડ-૨

આત્મવિજ્ઞાન



વિભાગ ચોથો

અન્ય જીવસૃષ્ટિ

૧૪. વનસ્પતિના જીવો અને સંજ્ઞાઓ

ભગવાન જિનેશ્વરદેવે મુખ્યત્વે બે પ્રકારના જીવો કહ્યા છે. (૧) પોતાના સાહજિક ગતિથી હાલી-ચાલી ન શકે તેવા અને (૨) તેવી ગતિથી હાલી-ચાલી શકે તેવા.

જેમનામાં હલનચલનની શક્તિ હોય તે જીવોને જૈનપરિભાષામાં ત્રસ કહેવાય છે, જ્યારે બાકીના જીવોને સ્થાવર કહેવામાં આવે છે.

ત્રસ જીવોના વળી ચાર પ્રકાર છે, જેનાં નામ આપણે પૂર્વે જાણ્યાં - દેવ, મનુષ્ય, નારક અને તિર્યંચ.

આમાં જે તિર્યંચ જીવો છે તેમાં કેટલાંક ત્રસ છે અને કેટલાંક સ્થાવર પણ છે.

એ સ્થાવર જીવોના પાંચ પ્રકાર છે. પૃથ્વી, જલ,અગ્નિ, વાયુ અને વનસ્પતિ. હાલ અહીં તો આપણે 'વનસ્પતિ' જીવોની વિચારણા કરીશું.

વનસ્પતિમાં પણ જીવ છે એ વાત તો હવે સર જગદીશચંદ્ર બોઝે સાબિત કરી આપી છે. પણ ભગવાન જિનેશ્વરદેવે તો પહેલેથી જ વનસ્પતિમાં જીવત્વની વાત કરી દીધી છે. જૈનદર્શનને પામેલું નાનું બાળક પણ જીવવિચાર નામનું પ્રકરણ ભણીને આ વાત કહી શકે છે.

અહીં એ અંગેની શાસ્ત્રીય યુક્તિઓ આપવાને બદલે આજે જે રીતે વનસ્પતિમાં જીવત્વની સિદ્ધિ થઈ છે એજ વિચાર રજૂ કરવો છે. લોકમાનસ આજે વિજ્ઞાન તરફ વધુ આકર્ષિત થયેલું છે તો તેનો જ લાભ ઉઠાવીને સહુને તત્ત્વજ્ઞાનના પ્રેમી કેમ ન બનાવી દેવા ? વનસ્પતિ-વિજ્ઞાનના વિચારમાં આપણે બે વાત વિચારશું.

(૧) વનસ્પતિ જીવોના ભેદ.

(૨) વનસ્પતિ જીવોમાં સંજ્ઞાઓ.

(૧) વનસ્પતિ જીવોના ભેદ :

વનસ્પતિના તમામ પ્રકારના જીવો એક ઈન્દ્રિયવાળા જ હોય છે.

કયા જીવને કેટલી ઈન્દ્રિય હોય છે તેનું ભગવાન જિનેશ્વરોએ હેરત પમાડે તેવું અદ્‌ભુત વર્ગીકરણ જણાવ્યું છે એ વાત આપણે આગળ વિચારીશું. અહીં તો એટલો જ વિચાર કરવો છે કે જે વનસ્પતિના જીવો છે તે બધાયને તેમણે એક ઈન્દ્રિયવાળા કહ્યા છે.

સામાન્યતઃ ઈન્દ્રિયો પાંચ છે :

૧.	સ્પર્શનેન્દ્રિય	ચામડી	કોમળ, ખરબચડો વગેરે સ્પર્શ જાણવાની શક્તિવાળી ઈન્દ્રિય.
૨.	રસેન્દ્રિય	જીભ	તીખો, મીઠો વગેરે સ્વાદ જાણવાની શક્તિવાળી ઈન્દ્રિય.
૩.	ઘ્રાણેન્દ્રિય	નાક	સુગંધ, દુર્ગંધને જાણવાની શક્તિવાળી ઈન્દ્રિય.
૪.	ચક્ષુરિન્દ્રિય	આંખ	જોવાની શક્તિ ધરાવતી ઈન્દ્રિય.
૫.	શ્રોત્રેન્દ્રિય	કાન	સાંભળવાની શક્તિ ધરાવતી ઈન્દ્રિય.

આ પાંચમાં જે જીવો 'એક ઈન્દ્રિય'ના વિભાગમાં છે તે બધાને પહેલી માત્ર સ્પર્શનેન્દ્રિય હોય છે. બીજી કોઈ હોતી નથી. એ રીતે જેઓ 'બે ઈન્દ્રિયવાળા' હોય તેમને પ્રથમની બે જ ઈન્દ્રિયો હોય છે. એ રીતે આપણા જેવા પાંચ ઈન્દ્રિયવાળા જીવોને તમામ પાંચેય ઈન્દ્રિય હોય છે. બધાં વનસ્પતિજીવો એક ઈન્દ્રિયવાળા હોય છે.

આ વનસ્પતિજીવોને વનસ્પતિકાય કહેવામાં આવે છે. વનસ્પતિ એજ જેમની કાયા (શરીર) છે એવા જીવોને વનસ્પતિકાય કહેવાય છે.

આ વનસ્પતિકાય જીવોના બે પ્રકાર છે.

કેટલાંક એવા છે, જેઓ અનંતની સંખ્યામાં હોવા છતાં તેમને બધાં વચ્ચે એકજ શરીર હોય છે. લીલ, ફૂગ, સેવાળ, બટાટા વગેરે આવી જાતની વનસ્પતિમાં સમાવેશ પામે છે. કદાચ આ વાત ન પણ બેસે કે એક નાનકડા શરીરમાં આટલા બધા જીવ શી રીતે રહે ? પણ હવે એનો જવાબ વૈજ્ઞાનિકો આપે છે. તેમણે એવી શોધ કરીને કહ્યું છે કે સોયના

અગ્ર ભાગ ઉપર નવ કરોડ જંતુ રહી શકે છે. એક વાળમાં ૪ હજાર જંતુ રહી શકે છે. ટિકિટ ઉપર ફોટાલ્યાકટેરિયા નામનાં ૨૫ કરોડ જંતુ રહી શકે છે ! એક રતલ લીલી દ્રાક્ષ ઉપર બાવન કરોડ એંસી હજાર જંતુ રહી શકે છે.

જ્યારે બીજા પ્રકારના જીવો એવા છે, જેમને આપણી જેમ એક જીવને એક સ્વતંત્રશરીર પ્રાપ્ત થયું હોય છે. કેરી, મોસંબી, તુરિયાં, દૂધી, ઘાસ વગેરે વનસ્પતિ આ પ્રકારમાં સમાવેશ પામે છે.

જૈનપરિભાષામાં અનંતજીવ વચ્ચે એક જ શરીરવાળી વનસ્પતિને નિગોદ-સાધારણ વગેરે નામથી ઓળખાવાય છે, જ્યારે એ સિવાયની એક વગેરે જીવવાળી વનસ્પતિને પ્રત્યેક વનસ્પતિ તરીકે ઓળખવામાં આવે છે.

આ બધી વનસ્પતિમાં માત્ર સ્પર્શનશક્તિ એટલે તેને ટાઢ, તડકાની અસરો જરૂર છે. આગ લાગે તો તેની ઝાળ લાગતાં જ તે જીવો અત્યન્ત ત્રાસી ઊઠે છે, કોઈ કુહાડી કે છરો મારે ત્યારે પણ તેઓ કારમી વેદના અનુભવે છે.

આથી જ ભગવાન જિનેશ્વરોએ જીવોને લેશ પણ ત્રાસ ન થાય તે માટે તેનો કોઈપણ પ્રકારનો ભૌતિક દૃષ્ટિનો ઉપયોગ કરવાનો નિષેધ કર્યો છે.

આપણી સામે જે ફળ, ફૂલ, વૃક્ષ, ઘાસ, લીલાં ફૂલ, લતા, વેલડી દેખાય છે તે બધાંય વનસ્પતિ કહેવાય. આ સિવાય પણ આપણે જેને આંખેથી જોઈ ન શકીએ એવી વનસ્પતિનો તો કોઈ સુમાર નથી.

અહીં તો આપણે એટલું જ કહેવું છે કે વનસ્પતિના આ બધા ભેદો જીવવાળા છે એ વાત હવે સિદ્ધ થવા લાગી છે. સર જગદીશચન્દ્રે એ સિદ્ધિ પાછળ જીવન પસાર કર્યું અને સહુના આશ્ચર્ય વચ્ચે એમણે વનસ્પતિમાં જીવત્વની જાહેરાત કરી. બેશક, એથી જગતને ખૂબ આશ્ચર્ય થયું, પરંતુ ભગવાન જિનના અનુયાયીને તેમાં આશ્ચર્ય થાય તેવું કશું હતું જ નહિ, કેમકે એ તો પ્રથમથી જ જાણે છે કે વનસ્પતિમાં જીવ છે અને છેજ. અહીં વિચાર કરવો આવશ્યક છે કે જે સિદ્ધિ માટે મોટા મોટા

વૈજ્ઞાનિકોને પોતાના સમગ્ર જીવનનું બલિદાન કરવું પડે એ સિદ્ધિ કોઈપણ પ્રયોગ વિના ભગવાન જિનેશ્વરે પ્રાપ્ત કરી એની પાછળ કેવું વિરાટ બળ કલ્પી શકાય ?

માટે જ ભગવાન જિન નિઃશંક સર્વજ્ઞ હતા.

(૨) વનસ્પતિ જીવોમાં સંજ્ઞાઓ :

ભગવાન જિનેશ્વરે કહ્યું છે કે, નાનામાં નાના કે મોટામાં મોટા દેહધારી જીવમાં પણ ખાવાની-પીવાની-વૈષયિક વાસનાઓનું પોષણ કરવાની અને વસ્તુ ઉપરની મૂર્છાની વાસનાઓ રહેલી છે.

કીડીમાં પણ આ વાસનાઓ છે. હાથીમાં પણ આ વાસનાઓ છે. દેવમાં અને માનવમાં પણ આ વાસનાઓ છે. ફળફૂલના જીવમાં અને લીલ, ફુગ કે સેવાળમાં પણ આ વાસનાઓ છે. આજ સુધી જિનેશ્વર ભગવંતોએ કહેલી વાતમાં કોઈ શ્રદ્ધા કરે તેમ ન હતું કે પારામાં ભયંકર વિષયવાસના હોય છે કે લજામણીમાં ભયની સંજ્ઞા હોય છે, કે બકુલને રૂપવતી નવોઢા લાત મારે અને તે ખીલી ઊઠે છે.

હવે આવી વાતોને સહુ માનવા લાગ્યા છે. કેમકે વૈજ્ઞાનિકોએ આ સત્યને શિર ઝુકાવ્યું છે. અગાધ પરિશ્રમના અંતે અગણિત પ્રયોગો કરીને પણ એમણે આ સત્ય સ્વીકાર્યું એ જ આપણે મન આનંદની બીના છે.

(૧) ફ્રેંચ વૈજ્ઞાનિક કવિ પોતાના ૧૮૨૮ના પ્રાણીરાજ્યમાં લખે છે કે વનસ્પતિ પણ આપણી પેઠે સચેતન છે એવું અમુક સલ્તનતની વનસ્પતિસૃષ્ટિમાં જોવા મળે છે. તેઓ મોટી, હવા કે પાણીમાંથી હાઈડ્રોજન, ઓક્સિજન, નાઈટ્રોજન વગેરે પોતપોતાનાં તત્ત્વો લે છે અને રક્તાશય વગરની વનસ્પતિઓ, જેને બીજા જંતુની પેઠે મોં કે હોજરી ન હોવા છતાં નીચલી પંક્તિનાં જંતુની પેઠે વિવર દ્વારા આહાર લઈને પોતાના દેહમાં પચાવે છે.

(૨) વિખ્યાત સૂક્ષ્મદ્રષ્ટા **શોમાન** તો ત્યાં સુધી કહે છે કે વનસ્પતિ અને જંતુરચનાની ગોઠવણનો પાયો એકજ છે.

આહારસંજ્ઞા :

(૩) **ક્યારેબાચે** સિદ્ધ કરી આપ્યું છે કે વનસ્પતિ પણ પોતાના

ચૈતન્ય વડે ખનિજપદાર્થ લઈને તેને પોતાને લાયક ખનિજપદાર્થ રૂપે પરિણમાવે છે.

(૪) ઈથ્થાલીમ નામની વનસ્પતિ કીડાના શરીરને ખાઈને ઉદરપોષણ કરે છે.

(૫) આપણો ખોરાક હોજરીમાં જઈને શુદ્ધ થઈ પુષ્ટિપ્રદ લોહી બને છે, તે જ વનસ્પતિનો ખોરાક પત્રમાં શુદ્ધ થઈને પુષ્ટિકારક રસ બને છે. વનસ્પતિના મૂળ એવાં શક્તિવાળાં હોય છે કે તે ગમે ત્યાં પાણીના સ્થાને પહોંચી જાય છે. એક બાવળનાં મૂળ પાણી માટે ૬૬ ફૂટ દૂર રહેલા કૂવામાં જઈ પડ્યાં હતાં.

(૬) અત્યારે માંસ ખાનારી વનસ્પતિઓનાં સેંકડો નામ નોંધાયાં છે. આ બીનાની શોધમાં વનસ્પતિનાં સ્વભાવનું વર્ણન અમેરિકન ઉદ્ભિજ્જવેત્તા **કર્ટીસે** ઈ.સ. ૧૮૩૪માં કર્યું હતું. ત્યારબાદ કાનબીયે આ કાર્ય કર્યું હતું. ત્યાર પછી -૪૦ વર્ષ બાદ-**હુકરે** તે વાતની પૂર્તિ કરતું ભાષણ કર્યું હતું, આખરે **ડાર્વિને** ૧૫ વર્ષના પ્રયાસ બાદ માંસ ખાનારી વનસ્પતિની નામવાર ઓળખ આપી હતી.

એમાંની કેટલીક વનસ્પતિનાં નામો અહીં આપવામાં આવે છે.

(૭) ડ્રસેરા : ઈંગ્લેડ, આસામ, બર્મા, છોટાનાગપુર વગેરે દેશોમાં આ વનસ્પતિ થાય છે. એનાં પાંદડાં ભૂમિમાં સંલગ્ન રહે છે. આ પાંદડાં ઉપર ચીકાશવાળા સેંકડો નાના ભાગો હોય છે. તે ઉપર મચ્છર, માખી બેસતાં જ ચોંટી જાય છે. પછી તે વનસ્પતિનો જીવ મચ્છર વગેરેને પાંદડામાંના મધ્યભાગ તરફ ઘસડી જાય છે. પછી પોતે જંતુ ઉપર ઊંધા થઈ પોતાનો રસ તેની ઉપર નાંખે છે. પંદર-વીશ મિનિટમાં જ તે જંતુ મરી જાય છે. અંતે ચારથી દસ કલાકે પાંદડાં સંકોચાઈ જાય છે. વળી પંદર વીસ દિવસે એ પાંદડા ઊઘડે છે, અને ફરી કાંટામાં નવો રસ જમા થાય છે. એક પાંદડામાં આવી હિંસક ક્રિયા બે વાર થયા બાદ તે પાંદડુ ખરી પડે છે.

(૮) સૂર્યશિશિર : આ વનસ્પતિ કુબી, પનીર, પુષ્પરજ, નખ અને માંસ સુદ્ધાંને પચાવી શકે છે. આશ્ચર્યની વાત તો એ છે કે તે ચરબી, તેલ વગેરે પદાર્થોને મૂત્રની પેઠે બહાર પણ કાઢી નાંખે છે.

(૯) ડાઈવાનિયાનિયા : આ વનસ્પતિ પણ ઉપર પ્રમાણે જ હિંસક છે. તેના વાળને જંતુ અડે કે તરત જ પાંદડા બિડાઈ જાય છે અને જંતુને જોરથી દાબી દઈને મારી નાંખે છે. તે પછી ૩૮ કલાકથી માંડીને ૮-૧૦ દિવસમાં ગમે ત્યારે ઊઘડે છે. અમેરિકન પ્રકૃતિતત્ત્વવિત્ **ટ્રિટ** કહે છે કે આવી ક્રિયા ત્રણવાર થયા બાદ આ પાંદડાં થાકી જાય છે.

(૧૦) પીંગીફુલા : આ વનસ્પતિનાં પાંદડાં ઉપર કોરા ગ્રંથિવાળા કાંટા હોય છે. તેમાં જીવ ચોંટી જતાં પાંદડાં બંધ થઈ જાય છે અને જંતુને પચાવીને પોતાની જાતિને પોષણ આપે છે.

(૧૧) ભેરી : આ વનસ્પતિ ઉત્તર અમેરિકામાં થાય છે, તેનાં ઘણાં પાંદડાં ભેગા થઈ જવાથી તેનો ઢાંકણવાળો દેખાવ બને છે. તેનું ઢાંકણ નિયત કાળે ઊઘડે છે અને બંધ થાય છે. તે ઊઘડતાં કીડી, પતંગિયા વગેરે તેમાં રહેલાં પાણીના લોભે ત્યાં આવે છે અને તેમાં ફસાતા મરી જાય છે.

(૧૨) માલકાઝાઝિ : બંગાળના તળાવોમાં આ વનસ્પતિ નજર પડે છે. કીડીઓ સહેલાઈથી પ્રવેશી શકે તેવી તેના પાંદડામાં નળીઓ હોય છે. પેઠેલી કીડીઓ પાછી નીકળી ન શકવાથી ત્યાં જ મરી જાય છે.

(૧૩) એક અમેરિકન ઝાડ પોતાની વડવાઈઓથી પોતાની પાસે અમુક હદમાં આવેલા મનુષ્ય કે ઢોરને ખેંચીને મારી નાખે છે. વનસ્પતિમાં પણ કેવી ક્રૂરતા !

(૧૪) અમેરિકન પ્રખ્યાત ડોક્ટર **'હોલી'** કે જેણે 'ધી ઓરીજન ઓફ લાઈફ નામે ગ્રંથ લખ્યો છે. તેમાં તે **ડોસીરા** વનસ્પતિના છોડ વિષે લખે છે કે તેનાં પાંદડાં ઉપર કોઈપણ જંતુ બેસતાં જ તેના છોડના કાંટા જંતુને ભીંસમાં લઈ ચૂસી નાંખીને ફેંકી દે છે. આ છોડથી ૦।। ઈંચ ઊંચે પણ જો કોઈ માણસ માખીને ટાંગે તો પણ તે વનસ્પતિજીવ પોતાના પાંદડાના કાંટા ઊંચા કરીને તે માખીને પકડીને ચૂસી નાંખે છે. (સમાલોચક પુ.૧૯, અંક.૭, ૧૯૧૪)

(૧૫) ભયસંજ્ઞા : લજામણીના છોડને અડતાં જ તે સંકોચાઈ જાય છે એ વાત તેનામાં રહેલી ભયસંજ્ઞાના પુરાવા માટે સચોટ

દૃષ્ટાન્તરૂપ છે લજામણી કાંઈ લાજ પામીને શરમાતી નથી કિન્તુ એ ભય પામીને સંકોચાઈ જાય છે.

મૈથુનસંજ્ઞા (વેષયિક વાસના) :

(૧૬) વનસ્પતિમાં બીજા જંતુની પેઠે જ મૈથુનસંજ્ઞા છે પરંતુ તે અવ્યક્તપ્રાયઃ હોય છે. કેટલાંક ઝાડ જાણે કે પુરુષરૂપે, કેટલાંક સ્ત્રીરૂપે તથા બંને રૂપે છે. સ્ત્રીજાતિના ઝાડને જે ગર્ભકેસર (ગાંઠવાળો તંતુ) હોય છે, જેની નીચે નીજકોશ હોય છે, તે બીજોને ઉત્પન્ન કરે છે. પુરુષજાતિને પરાગકેસર (ભૂકીવાળો તંતુ) થાય છે. ગર્ભકેસર સાથેના સંયોગમાં તેની જનનશક્તિ પ્રગટ થાય છે.

ફ્રાન્સ અને ઈટાલીના **વેલિન્સેરિયા** તથા **સ્પાઈરેલિરા** રોપાઓનો સમાગમ આશ્ચર્ય કરે તેવો હોય છે. તે રોપાઓ પાણીમાં ઊગે છે, તેના નરફૂલના રોપાઓ અમુક જાતના ઝાડ પર અને જાડી ડાળ પર થાય છે. સ્ત્રીફૂલના રોપાઓ તેથી જુદા પ્રકારનાં ઝાડ ઉપર સ્ક્રૂની પેઠે ગોળ વીંટાયેલ આંટીવાળા પાતળી અને લાંબી ડાળ ઉપર થાય છે. ફૂલો ખૂબ થતાં નારીફૂલની ડાળનો વળ ઊતરી જાય છે. જેથી ફૂલ પાણીની સપાટીએ આવે છે. આ વખતે નરફૂલ પોતાની ડાળીમાંથી તૂટીને પાણીની સપાટી ઉપર આવી નારીફૂલની પાસે જાય છે. નારીફૂલને અડતાં જ તે ફાટે છે અને તેનો પોલન નારીફૂલમાં પડે છે ! વનસ્પતિમાં પણ કેવી કારમી વિષયવાસના ! અને તે શાન્ત કરવા માટેનો જોરદાર પ્રયત્ન !

(૧૭) વાવીસનેરીયા, સ્પાઈવાલીસ નામની જલવનસ્પતિ કુંવારી હાલતમાં જ પાણી ઉપર આવે છે એટલે તરત પુંજાતના છોડનો પરાગ છૂટી કુંવારા સ્ત્રીપુષ્પમાં મળે છે અને પાંદડું બંધ થઈ પાણીમાં ડૂબી જાય છે.

(૧૮) તળાવમાં થતી **ગાજવનસ્પતિ**ને ફૂલની ઉત્પત્તિ વખતે પુષ્પનો મૃણાલ તૂટીને પાણી ઉપર તરે છે, તે વખતે સ્ત્રીપુષ્પ તરત ઉપર આવે છે. પુષ્પનો પરાગ મેળવવા તે ચારે બાજુ ફરે છે. નિષેક ક્રિયા થતાં જ તે પાણીમાં પેસી જાય છે અને ત્યાં ફળ પાકે છે. વનસ્પતિના મૈથુનનો આથી વધુ પુરાવો શો હોઈ શકે ?

જિનાગમોમાં તો પહેલેથી જ વનસ્પતિના મૈથુન-વિકારની વાતો કહેવાઈ ચૂકી છે. અશોક, બકુલ, ફણસ વગેરે વૃક્ષો અલંકારવાળી નવયૌવના સ્ત્રીના પગના પ્રહારથી, તેના મુખે ચવાયેલા પાનનો કોગળો નાખવાથી, તેના સસ્નેહ આલિંગનથી સ્પર્શસુખને ભોગવીને તત્કાળ ફળ આપે છે એમ કહેવામાં આવ્યું છે. આજે તો ઉપરના દૃષ્ટાન્તોથી વનસ્પતિની વિષયવાસના સારી રીતે સિદ્ધ થઈ જાય છે.

પરિગ્રહ સંજ્ઞા :

(૧૯) શ્વેતાર્ક કે **આંકડો** લોભવશ થઈને પોતાના મૂળથી ધનને ઢાંકી રાખે છે.

જિનાગમોમાં આવા પ્રકારની મૂર્ચ્છાના વનસ્પતિજીવોના અનેક પ્રસંગો આવે છે.

આમ જિનાગમોમાં કહેલું વનસ્પતિનું જીવત્વનું અને વનસ્પતિમાં આહાર વગેરે સંજ્ઞાઓનું વિધાન સર્વથા સત્ય ઠરે છે, એમ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી પણ હવે તો સિદ્ધ થાય છે અને તેથી જ કોઈપણ જાતની પ્રયોગશાળા વિના કોઈપણ જાતની સંશોધનવૃત્તિ વિનાના હોવા છતાં જો ભગવાન જિન આવાં પૂર્ણ સત્યને કહી ગયા તો અવશ્ય તેઓ સર્વજ્ઞ હતા એમ માનવું જ પડશે.

એમનાં સર્વજ્ઞત્વની તો શી વાત કરવી ? ૧૨॥ વર્ષ સુધી જેમણે ઘોર સાધના જ કરી છે, કોઈપણ જીવને કદી પણ તપાસ્યો નથી છતાં ૧૨॥ વર્ષની સાધના પૂર્ણ થયા બાદ તેમણે ક્યા જીવને કેટલી ઈન્દ્રિય હોય તેનું આખું વર્ગીકરણ રજૂ કરી દીધું છે.

●

૧૫. પૃથ્વી : પાણી : અગ્નિ : વાયુમાં ચૈતન્ય

પૃથ્વી : એક ઈંદ્રિયવાળા જીવમાં જેમ તેઓએ વનસ્પતિને ગણાવી છે તેમ બીજી ચાર વસ્તુઓ પણ ગણાવી છે. તેમનાં નામ છે : પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ. આ ચારેયમાં તેઓ જીવત્વ માને છે. જ્યારે તેમને શસ્ત્ર વગેરેનો આઘાત લાગે, અગ્નિ વગેરેનો વિશિષ્ટ સંયોગ થાય, ત્યારે જ તેમનામાંથી જીવત્વનો નાશ થાય છે. હવે તો એક બંગાળી શોધકે પૃથ્વીમાં એને પૂર્વોક્ત વનસ્પતિમાં પણ જીવત્વની માન્યતા વ્યક્ત કરી છે.

ફોરનેટ નામના મેગેઝીનમાં એક લેખ આવ્યો છે, જેનું મથાળું 'Mountain that grows' છે. તેમાં પણ પૃથ્વી વધે છે એવું સિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં જીવત્વ હોય તે જ વધી શકે એવી **જિનાગમો**માં નિઃશંક માન્યતા છે.

પાણી : પાણીના પ્રત્યેક બિંદુમાં અસંખ્ય જીવો છે એ માન્યતા પણ જિનાગમોમાં બહુ સ્પષ્ટ શબ્દોમાં રજૂ કરવામાં આવી છે. પાણીને 'અપકાય' કહેવામાં આવેલ છે. આ શબ્દથી જ પાણીમાં જીવત્વ સિદ્ધ થઈ જાય છે. અપ્કાય એટલે પાણી (અપ્=પાણી) જ કાયા છે તેવા જીવોને અપ્કાય કહેવામાં આવે છે. બિરલા ટેકનોલોજિકલ એન્ડ ઈન્ડ્રસ્ટ્રિઅલ એકઝીબિસન, કલકત્તામાં કિસ્કો ગ્રાફ યંત્રની મદદથી પાણીનાં એક ટીંપામાં જે ૩૬,૪૫૦ હાલતા જીવો દેખાડાય છે તે પાણીનાં જીવો નથી પરંતુ પાણીમાં રહી શકતા બે ઈન્દ્રિયવાળા જીવો છે. આથી એ જીવોને પાણીરૂપી શરીરના જીવો ન કહેવાય.

અગ્નિ : એજ રીતે અગ્નિમાં પણ જીવ છે. કેમકે જે જીવ હોય તેને જ ભક્ષ જોઈએ. અગ્નિનો ખોરાક લાકડાં વગેરે છે અને પોતાના તે ભક્ષની પ્રાપ્તિથી અગ્નિ વધુ મોટો થાય છે, પુષ્ટ થાય છે.

વાયુ : વાયુમાં પણ **જિનાગમો** જીવ માને છે. જીવ હોવાથી જ તે કોઈની પ્રેરણા વિના તીરછા પણ જઈ શકે છે. નિર્જીવમાં આ રીતે સ્વયં તીરછા જવાની તાકાત હોતી નથી.

●

૧૬. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળા જીવો

પાંચ પ્રકારનાં એક ઈન્દ્રિયવાળા જીવોની વાત કરી. હવે બે, ત્રણ, ચાર અને પાંચ ઈન્દ્રિયવાળા જીવોનું જે અદ્‌ભુત વિભાગીકરણ કર્યું છે તેને સંક્ષેપમાં જોઈએ.

બે ઈન્દ્રિય (સ્પર્શ-રસન)વાળા જીવો :

શંખ, કોડા, પેટમાં થતા કૃમિ, જળો (ખરાબ લોહી પીતી), અળસિયાં, લાળિયા જીવ (વાસી અન્નમાં ઉત્પન્ન થતાં), મેહરિ (લાકડામાં થતાં કીડા), પોરા (પાણીમાં થતાં), ચૂડેલ, છીપ વગેરે.

ત્રણ ઈન્દ્રિય (સ્પર્શ-રસન-ઘ્રાણ)વાળા જીવો :

કાનખજૂરા, માંકડ, જૂ, કીડી, ઊધઈ, મંકોડા, ઈયળ, ઘીમેલ (ખરાબ ઘીમાં થતા કીડા), સવા (વાળના મૂળમાં થતા જીવો), વિષ્ઠા અને છાણના કીડા, ધનેરા, કુંથુઆ, ચાંચડ વગેરે.

ચાર ઈન્દ્રિય (સ્પર્શ-રસન-ઘ્રાણ-ચક્ષુ)વાળા જીવો :

વીંછી, બગાઈ, ભમરા, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, કરોળિયો, પતંગિયા વગેરે.

પાંચ ઈન્દ્રિય (સ્પર્શ-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર)વાળા જીવો :

દૈવ, મનુષ્ય, તિર્યંચ (કૂતરા, બિલાડાં, સાપ વગેરે) અને નારક.

'માંકડને કેટલી ઈન્દ્રિય છે ? લાવ જરા માંકડને પકડી સૂક્ષ્મદર્શક યંત્રમાં મૂકીને જોઈ લઉં,' આવો જેમને વિચાર ન હતો, આવી જેમની કોઈ પ્રક્રિયા ન હતી, કશું જ ન હતું, છતાં માંકડને ત્રણ ઈન્દ્રિય, ભમરાને ચાર ઈન્દ્રિય વગેરે વાતો જેમણે કરી તે શી રીતે કરી ? અંતર પુકારી ઊઠે છે કે, જરૂર એ સર્વજ્ઞ જ હોવા જોઈએ, આવું સર્વાંગીણ સત્ય પુકારનાર ભગવાન જિનને વૈજ્ઞાનિકોનું માથું ફરી એકવાર કેમ ઝૂકી ન જાય !

●

ખંડ-3

જડ વિજ્ઞાન

વિભાગ પહેલો

ત્રણ અસ્તિકાય અને કાળ

૧૭. ધર્માસ્તિકાય

આત્માનું વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન, એનાં અનેક પાસાંઓથી આપણે વિચાર્યું.

જગતમાં મુખ્ય દ્રવ્ય બે જ છે : જડ અને ચેતન.

જિનાગમોમાં જડતત્ત્વના પાંચ પેટાભેદ કરીને તેમાં એક ચેતનતત્ત્વ ઉમેરીને જગત્‌ને ષડ્ દ્રવ્યાત્મક કહ્યું છે.

જગત્ છ દ્રવ્યમય છે.

જગત્‌માં આ છ દ્રવ્ય સિવાયનું કોઈ સાતમું દ્રવ્ય અસ્તિત્ત્વ ધરાવતું જ નથી.

આ છ દ્રવ્યનાં નામ છે : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, કાળ અને જીવાસ્તિકાય.

આ છ દ્રવ્યમાં જીવાસ્તિકાય એ ચેતન દ્રવ્ય છે, જ્યારે બાકીનાં પાંચ એ જડ દ્રવ્ય છે.

કાળદ્રવ્ય સિવાયના પાંચેય અસ્તિકાયસ્વરૂપ છે, અસ્તિ એટલે વસ્તુથી જુદો ન પડતો એવો અવિભાજ્ય (જેના હવે બે કટકા થઈ શકે તેમ નથી તેવો) અંશ. જૈનપરિભાષામાં આવા અવિભક્ત નિર્વિભાજ્ય અંશને પ્રદેશ કહેવામાં આવે છે. એટલે અસ્તિનો અર્થ પ્રદેશ થાય છે, અને કાય એટલે સમૂહ.

આમ અસ્તિકાયનો અર્થ 'પ્રદેશોનો સમૂહ' થાય. દા.ત., જીવને અસ્તિકાય કહેવાય છે કેમકે જીવદ્રવ્ય અસંખ્ય પ્રદેશોના સમૂહરૂપ છે એજ રીતે ધર્મદ્રવ્યને અસ્તિકાય કહેવામાં આવેલ છે. માટે એનો અર્થ પણ એ થયો કે ધર્મદ્રવ્ય એ અસંખ્ય પ્રદેશના સમૂહ સ્વરૂપ છે. એજ રીતે અધર્મ-દ્રવ્ય એ પણ અસંખ્ય પ્રદેશના સમૂહ સ્વરૂપ છે, આકાશ અને પુદ્‌ગલ પણ એજ રીતે પ્રદેશોના સમૂહરૂપ દ્રવ્ય છે, પરંતુ આકાશ એ અનંત પ્રદેશોના સમૂહરૂપ દ્રવ્ય છે, જ્યારે પુદ્‌ગલ તો સંખ્યાત, અસંખ્યાત અને

અનંતપ્રદેશના સમૂહ રૂપ પણ હોય. ધર્મ, અધર્મ, આકાશ એ પ્રત્યેક જગતમાં એકજ છે અને જીવદ્રવ્ય જગતમાં અનંત છે એમાં ધર્મ, અધર્મ અને જીવદ્રવ્યના અસંખ્ય જ પ્રદેશો હોય છે, જ્યારે આકાશદ્રવ્ય એક જ છે અને તે અનંતપ્રદેશાત્મક જ છે, પરંતુ પુદ્‌ગલદ્રવ્ય તો પરમાણુથી માંડીને અનંતાનંત સંખ્યામાં છે અને તેમાંના કેટલાંક સંખ્યાત પ્રદેશાત્મક, કેટલાંક અસંખ્યાત પ્રદેશાત્મક પણ હોય છે. ટૂંકમાં, પ્રદેશોની સંખ્યા ગમે તેટલી હોય પરંતુ ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્‌ગલ એ પાંચ દ્રવ્યો પ્રદેશોના સમૂહ સ્વરૂપ હોવાથી એમને અસ્તિકાય કહેવામાં આવે છે.

જ્યારે કાળદ્રવ્યને અસ્તિકાય કહેવામાં આવતું નથી કેમકે કાળદ્રવ્ય માત્ર વર્તમાન એક સમય સ્વરૂપ જ છે. એક સમયના પ્રદેશો હોઈ શકે નહિ માટે કાળદ્રવ્ય પ્રદેશોના સમૂહરૂપ ન હોવાથી તેને અસ્તિકાય કહી શકાય નહિ. જગતમાં મૂળભૂત તત્ત્વો છ જ છે.

કોઈપણ એક તત્ત્વ બીજા તત્ત્વમાં રૂપાંતર પામી શકતું નથી. ચેતન કદી પણ ધર્માસ્તિકાયસ્વરૂપ કે અધર્માસ્તિકાય કે આકાશ કે પુદ્‌ગલાસ્તિકાયાદિસ્વરૂપ ન જ બને, તેમ ધર્માદિ પણ કદી કોઈપણ અન્ય સ્વરૂપમાં રૂપાન્તર પામી ન શકે. પુદ્‌ગલદ્રવ્ય પોતાના સજાતીય સ્વરૂપમાં રૂપાન્તર પામી શકે. જલપુદ્‌ગલ એ પૃથ્વીપુદ્‌ગલ બની શકે, પરંતુ એ કદી પણ ધર્માસ્તિકાયાદિ સ્વરૂપ તો ન જ બની શકે, આથી આ છ તત્ત્વોને જગત્‌નાં મૂળતત્ત્વો કહી શકાય. આ છ તત્ત્વોનું જ સમગ્ર સચરાચર જગત્ બનેલું છે.

જિનાગમોમાં આ છ દ્રવ્ય ઉપર ઘણું ચિંતન જોવા મળે છે. એ દ્રવ્યોના ભેદો અને પ્રભેદોનો વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો છે. અહીં તો આપણે વિજ્ઞાન સાથે તુલના કરવા માટે જરૂરી વિચારણા જ કરીશું. છ દ્રવ્યોમાંથી જીવદ્રવ્યનો તો આપણે વિસ્તારથી વિચાર કર્યો છે એટલે હવે બાકીનાં પાંચ દ્રવ્યોને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે ક્રમશઃ વિચારીએ.

ધર્માસ્તિકાય :

ધર્મ એટલે અહીં વિધિનિષેધરૂપ સદાચારાદિ ધર્મ કોઈએ સમજવો

નહિ. અહીં **'ધર્મ'** એ જિનાગમમાં જ જોવા મળતો પારિભાષિક શબ્દ છે. જિનદર્શન સિવાય કોઈપણ બીજા પૂર્વ કે પશ્ચિમનાં કહેવાતાં દર્શનોમાં આ 'ધર્મ' તત્ત્વ અંગેનો નિર્દેશ પણ જોવા મળતો નથી. ધર્મતત્ત્વનું નિરૂપણ માત્ર ભગવાન જિનની જ સ્વતંત્ર સર્વોત્કૃષ્ટ પ્રતિભાનું ફળ છે.

જિનાગમોમાં ધર્મદ્રવ્ય એટલે ગતિસહાયકદ્રવ્ય કહ્યું છે. જીવ અને પરમાણુ વગેરે જે ગતિ કરે છે તેમાં સહાયકદ્રવ્ય આ ધર્મ છે. બેશક, ગતિ કરવાની શક્તિ તો જીવ-અજીવમાં જ છે. પરંતુ જ્યારે પણ જીવ-અજીવ ગતિ કરે ત્યારે તેઓ ધર્મદ્રવ્યની સહાય વિના ગતિ કરી શકતા જ નથી. એનો અર્થ એ નથી કે ધર્મદ્રવ્ય જીવ-અજીવમાં ગતિ પૂરે છે. ના, નહિ જ. ગતિ તો જીવ-અજીવ પોતે જ કરે છે, પણ ધર્મદ્રવ્યની સહાયથી જ. આ વાત સમજવા માટે અહીં બે દાખલા ટાંકીએ, જેમ માછલીમાં જ તરવા માટેની ગતિ કરવાની તાકાત છે. પાણીમાં તો નહિ જ, છતાં પણ પાણીની સહાય વિના માછલી તરવાની પોતાની તાકાત અજમાવી શકતી જ નથી. પાણીની સહાય ન મળે તો માછલી તરી શકતી જ નથી. જ્યારે પણ માછલીને તરવાની ગતિ કરવાની ઈચ્છા થાય છે ત્યારે તે ઈચ્છાને સફળ બનાવવા માટે પાણી તેને સહાય કરે છે.

બીજો એક દાખલો જોઈએ. એન્જિનમાં દોડવાની ગતિ કરવાની શક્તિ છે, છતાં પણ તે પાટાની સહાય વિના તો દોડી શકતું જ નથી, જ્યારે પણ એન્જિન ગતિ કરવા લાગે ત્યારે તેને પાટાની સહાય તો જોઈએ જ.

આ જ રીતે ગતિ કરે છે તો જીવ કે પરમાણુ વગેરે અજીવ જ, પરંતુ તેમની ગતિમાં સહાય કરે છે ધર્મદ્રવ્ય.

જેમ માછલીની તરવાની શક્તિ છતાં પાણી વિના તે તરી ન શકે, પાટા વિના જેમ એન્જિન ગતિ કરી ન શકે તેમ જો જગત્માં ધર્મદ્રવ્ય ન હોય તો જીવ કે અજીવમાં ગતિ કરવાની શક્તિ હોવા છતાં તે ગતિ ન જ કરી શકે.

એટલે જીવાજીવની ગતિમાં, જીવના બોલવામાં, આંખો પટપટાવવામાં, મનની પણ ગતિમાં સર્વત્ર આ ધર્મદ્રવ્ય સહાયક બને છે.

રે ! શરીરના રુધિરાભિસરણની ગતિમાં અને શ્વાસોચ્છવાસ લેવામાં પણ આ ધર્મદ્રવ્યની જ સહાય છે.+ જો ધર્મદ્રવ્ય ન હોત તો આમાંની કોઈપણ ગતિ જગતમાં ન હોત. સર્વત્ર સઘળું સર્વદા સ્થિર જ હોત.

આ ધર્મદ્રવ્ય લોકાકાશમાં (લોકાકાશ એટલે શું ? તે આગળ આવતાં આકાશાસ્તિકાય દ્રવ્યના વિવેચનમાં જણાવ્યું છે.) સર્વત્ર વ્યાપ્ત છે. એવું કોઈ સૂક્ષ્માતિસૂક્ષ્મ પણ સ્થાન નથી જ્યાં આ ધર્મદ્રવ્યનું અસ્તિત્ત્વ ન હોય, દીવાલોની અંદર હિમાલયના પહાડમાં પણ સર્વત્ર આ દ્રવ્ય વ્યાપીને રહેલું છે. તે એકજ, અખંડ દ્રવ્ય છે. એના બે કટકા કદાપિ થતાં નથી. ભૂતકાળમાં સર્વદા આ દ્રવ્ય હતં અને ભવિષ્યકાળમાં સર્વદા આ દ્રવ્ય એજ રીતે રહેશે, એને વર્ણ, ગંધ, રસ કે સ્પર્શ કશું જ નથી. માટે એ અરૂપી કહેવાય છે. એનો એકજ ગુણ છે. જીવ-અજીવને ગતિ કરવામાં સહાયક બનવાનો.•

+ **धम्मत्थिकाएण जीवाणं आगमण-गमण-भासुम्मेस-मणजोगा-वयजोगा-कायजोगा । जे यावन्ने तहप्पगास चला भाला सव्वे ते धम्मत्थिकाए पवत्तति ॥** – ભગ.શ.૧૩. ઉ.૪

• **(१) दव्वओ णं धम्मत्थिकाए एगे दव्वे खेत्तओ लोगप्पमाणमेत्ते, कालओ न कयावि न आसी, न कयावि नत्थि, जाव णिच्चे भावओ अवण्णे, अगंधे, अरसे, अफासे, गुणओ गमणगुणे ।**

– ભગ.શ.૨. ઉ.૧૦

(२) धम्मत्थिकाए णं भन्ते कति वण्णे, कति रसे, कति गंधे, कति फासे ? गोयमा ? अवण्णे, अगन्धे, अरसे, अफासे, अरुवी, अजीवे, सासए, अवट्ठिए लोकदव्वे

– ભગ.શ.૨. ઉ.૧૦

(३) असंखेज्जा धम्मत्थिकाए पएसा, ते सव्वे कसिणा पडिपुण्ण, निरवसेसा एगागहणेगहिआ ! एस णं धम्मत्थिकाएत्ति वत्तव्वं सिया ।

– ભગ.શ.૨. ઉ.૧૦

અહીં એક પ્રશ્ન થવા સંભવ છે કે માછલીને પાણીની સહાયકતા પ્રત્યક્ષથી સિદ્ધ છે એન્જિનને પાટાની સહાયકતા પણ પ્રત્યક્ષથી સિદ્ધ છે. તે રીતે જીવ-અજીવની ગતિમાં ધર્મદ્રવ્યની સહાયકતા પ્રત્યક્ષથી સિદ્ધ નથી તો તેવા ધર્મદ્રવ્યની નાહક કલ્પના શા માટે કરવી ? આનું સમાધાન એ છે કે પ્રથમ તો જેટલું, પ્રત્યક્ષ હોય તેટલું જ માનવું એ સિદ્ધાન્ત જ ભ્રાન્ત છે છતાં તે સિદ્ધાન્ત જડતાપૂર્વક પકડી રાખવામાં આવે તો જીવેલા છતાં આંખ સામે ન દેખાતા વિધમાન મિત્રોને મૃત્યુ પામેલ માનવા પડશે, મરી ગયા હોવાથી ન દેખાતા પિતામહ કે પ્રપિતામહને અસત્ માનવા પડશે. તત્કાળ ન દેખાતાં આંતરડાં વગેરેનું અસ્તિત્ત્વ હસી નાંખવું પડશે પરંતુ જગતમાં 'ન દેખાતું' પણ માનવું પડે છે. કેમકે પ્રત્યક્ષની જેમ અનુમાન અને આગમ પણ પ્રમાણભૂત ગણાય છે. એટલે 'ધર્મ' નામનું દ્રવ્ય પણ આગમ પ્રમાણથી મુખ્યત્વે તો માનવું પડશે. પરંતુ તે સાથે તેને માનવામાં યુક્તિ પણ છે જ. સર્વ જીવોમાં અને પરમાણુ વગેરે જડતત્ત્વોમાં જયારે ક્યારે પણ જે ગતિ જોવા મળે છે તે ગતિઓ પ્રતિ એક સાધારણ બાહ્યનિમિત્ત તો માનવું જ પડશે. કેમકે બધાં ય યુગપત્ પણ ગતિમાન દેખાય છે. જેમ અનેક માછલીઓની યુગપત્ ગતિના બાહ્ય સાધારણનિમિત્ત તરીકે તળાવનું પાણી માનવામાં આવે છે તેમ અહીં પણ તેવું કોઈ ગતિસહાયક દ્રવ્ય માનવું જ પડશે એનું જ નામ 'ધર્મ' છે.+

વળી જો 'ધર્મ' જેવું મર્યાદાવાળું ગતિસૂચક દ્રવ્ય ન હોત તો વિશ્વનું જે સંગઠન જોવા મળે છે તે ન મળત કેમકે પરમાણુઓ સતત ગતિ કરતાં કરતાં ય અનંત આકાશમાં ચાલ્યા જ કરત, સ્કન્ધો પણ એ જ રીતે ગતિ કર્યા જ કરત, આમ થતાં પરમાણુ આદિનું જે સંગઠન થાય છે અને તેમાંથી જે વિશ્વ બને છે તે બધું ય ન બનત. એટલે પરિમિત અને સંગઠિત વિશ્વને ઘટમાન બનાવવા માટે જ અમુક મર્યાદામાં રહેનારું એવું 'ધર્મ' દ્રવ્ય માનવું જ રહ્યું. જેથી તે મર્યાદાની બહાર આકાશમાં ધર્મદ્રવ્યની

+ **विवादपदापन्नसकलजीवपुद्गलाश्रया असकृद्गतयः,**
साधारण बाह्यनिमित्तापेक्षा, युगपद्भाविगतिमत्त्वात् ।
एकसरः सलिलाश्रयानेकमत्स्यगतिवत् ॥ – પ્રમેય કમલ માર્તણ્ડ

સહાયકતા ન મળવાને કારણે પરમાણુ કે જીવ ગતિ કરી શકે જ નહિ.

આમ જીવ-પુદ્ગલની ગતિના નિયમન માટે પણ આ 'ધર્મ' દ્રવ્યની કલ્પના અનિવાર્ય બની રહે છે.

આમ યુક્તિથી પણ ધર્માસ્તિકાયદ્રવ્યને સિદ્ધ કરવાને પ્રયત્ન થઈ શકે છે ખરો.

પરંતુ હવે તો વૈજ્ઞાનિકો પણ આ દ્રવ્યના જેવા જ-લગભગ આ જ દ્રવ્યને-માનવા લાગ્યા છે. એમણે આ દ્રવ્યને 'ઈથર' એવું નામ આપ્યું છે. આ ઈથર દ્રવ્ય અંગેની તેમની જૂની માન્યતા અને આજની માન્યતામાં ઘણું બધું અંતર જોવા મળે છે. તેમનું પૂર્વ કલ્પિત ઈથર એ જિનાગમમાં જણાવેલા ધર્મ-દ્રવ્યને જરાય મળતું ન હતું. પરંતુ તે માન્યતામાં પરિવર્તન આવતાં આવતાં હવે જે વિધાન તેઓ કરે છે તે ધર્મદ્રવ્યને ખૂબજ મળતું આવે છે. એટલે જ એમ કહીએ તો કદાચ તે ખોટું નહિ કહેવાય કે આધુનિક વૈજ્ઞાનિકોનું **ઈથરદ્રવ્ય** અને જિનાગમનું **ધર્મદ્રવ્ય** એ બે પ્રાયઃ એકજ હશે. હવે આપણે તેમની માન્યતાઓનાં પરિવર્તનો જોઈએ.

ઈથર : ૧૯મી સદી પૂર્વે તો વૈજ્ઞાનિકોની દુનિયામાં 'ઈથર' જેવા તત્ત્વની કોઈ કલ્પના પણ ન હતી. પરંતુ એકવાર વૈજ્ઞાનિકોના મગજમાં એક પ્રશ્ન જાગ્યો કે સૂર્ય, ગ્રહ, તારા વગેરેની વચ્ચે વિરાટ શૂન્યપ્રદેશ પડ્યો છે ત્યાંથી પસાર થતાં પ્રકાશકિરણો એક સ્થાનેથી બીજે સ્થાને જવા માટે શી રીતે ગતિ કરે ? અર્થાત્ એમની ગતિનું માધ્યમ શું ? આ પ્રશ્નના ઉત્તરરૂપે જ માધ્યમ તરીકે ઈથરની કલ્પના કરવામાં આવી. એ ઈથરને એ વખતે અભૌતિક નહિ પરંતુ ભૌતિકતત્ત્વ માનવામાં આવ્યું એટલે કે એમાં ખાસ પ્રકારની ઘનતા પણ માનવામાં આવી અને છતાં એમ કલ્પવામાં આવ્યું કે ઈથરની એ ઘનતા પ્રકાશકિરણોની ગતિમાં બાધા પહોંચાડી શકતી નથી. આ હકીકત યુક્તિસંગત ન હોવા છતાં એ વૈજ્ઞાનિકો ઈથરને માનવાની લાલચથી મુક્ત તો ન જ રહી શક્યા. એટલું જ નહિ પણ શરીરના એક ભાગની સૂચના મસ્તક વગેરે અન્ય ભાગ સુધી પહોંચી જવામાં પણ તેમણે ઈથરને જ કારણ માન્યું. પણ આ બધાં ઈથરો જુદાં જુદાં માન્યાં. પ્રકાશકિરણોનું ગતિ-સહાયક ઈથર જુદું, અને

શરીરમાં સૂચના પહોંચાડવામાં સહાયક ઈથર જુદું. આમ સેંકડો ઈથરોની કલ્પના કરવામાં આવી.

ગમે તેમ હોય પણ ઈથર એ ૧૯મી સદીના વૈજ્ઞાનિકોની જગતને મોટામાં મોટી ભેટ હતી.

આવી કલ્પનાઓવાળા ઈથર સાથે **જિનાગમ**માં કહેલા ધર્મ-દ્રવ્યને જો કોઈ સામ્ય હતું તો તે માત્ર ગતિસહાયકતા દૃષ્ટિએ જ સામ્ય હતું. તે સિવાય ધર્મદ્રવ્ય **એક** અને **અભૌતિક** કલ્પવામાં આવ્યું હતું. જ્યારે ઈથર **અનેક** અને **ભૌતિક** કલ્પવામાં આવ્યું હતું. જે અભૌતિક હોય તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ઘનતા વગેરે ન હોય તેવું બધું ભૌતિકમાં જ હોય એટલે આમ એ બે વચ્ચે વૈષમ્ય પણ ઘણું હતું.

પરંતુ વીસમી સદીમાં 'ઈથર' વિષે જે વૈજ્ઞાનિક અન્વેષણો થયાં એણે ઈથરનું આખું સ્વરૂપ બદલી નાખ્યું છે. આઈન્સ્ટાઈને અપેક્ષાવાદની દૃષ્ટિથી ઈથરની અન્તિમ વ્યાખ્યા કરી છે. એના અનુસાર ઈથર અભૌતિક, લોકવ્યાપ્ત, ન દેખી શકાય તેવું અને એક અખંડ દ્રવ્ય છે.

ઈથર અંગેની વૈજ્ઞાનિક માન્યતાઓ અંગે 'ધ શોર્ટ હીસ્ટરી ઓફ સાયન્સ'માં વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. એ બધી માન્યતાઓવાળું ઈથર અને જિનાગમોમાં કહેલું ધર્મદ્રવ્ય એ બે તદ્દન જુદાં પડી જતાં હતાં.

ઈથર-તત્ત્વને સમજવા માટે વૈજ્ઞાનિકોએ અનેક પ્રયોગ કર્યા છે. જેમાં માઈકલસન મોર્લેનો પ્રયોગ સુપ્રસિદ્ધ છે. આ પ્રયોગ તેણે એક સદી પૂર્વે ઓહીઓ (Ohio) યુનિ.માં કર્યો હતો.

ત્યારપછી તો અનેકાનેક પ્રયોગો થયા પરંતુ એમાં તો વૈજ્ઞાનિકોની ગતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ. ન તો તેઓ તેને અભૌતિક સ્વરૂપમાં માની શકતા હતા. ન તો તેના અસ્તિત્ત્વની કલ્પના છોડી શકતા હતા. ગમે તેમ હોય પણ વૈજ્ઞાનિકોનું ઈથર ધીમે ધીમે જિનાગમોક્ત ધર્મદ્રવ્યની વધુ ને વધુ નજદીક આવતું હતું.

ભૌતિક વિજ્ઞાનના પ્રમાણભૂત પુસ્તક **'ભૌતિક જગતની પ્રકૃતિ'**માં એ. એસ. એડિંગ્ટન કહે છે કે, "આનું તાત્પર્ય એ ન સમજવું

કે ઈથર જેવું કોઈ તત્ત્વ જ નથી. અમારે ઈથરની તો જરૂર છે જ. છેલ્લી શતાબ્દીમાં એ વ્યાપકરૂપમાં માનવામાં આવતું હતું કે ઈથર એક દ્રવ્ય છે જે પિણ્ડરૂપ, અને સાધારણદ્રવ્યની જેમ ગતિમાન છે. એ કહેવું મુશ્કેલ થશે કે આ વિચારધારા ક્યારની બંધ પડી ગઈ ? આજકાલ તો હવે એમ મનાય છે કે ઈથર ભૌતિકદ્રવ્ય નથી. અભૌતિક હોવાથી એની પ્રવૃત્તિ તદ્દન જુદી જાતની છે. પિણ્ડત્વ અને ઘનત્વના જે ગુણો ભૌતિક દ્રવ્યમાં મળે છે તેમનો સ્વાભાવિક રીતે જ ઈથરમાં અભાવ મળશે પરંતુ તેને પોતાના આગવા નિશ્ચયાત્મક નવા જ ગુણો હશે...ઈથરનો અભૌતિક સમુદ્ર !"•

ધર્મદ્રવ્ય અને ઈથર અંગે તુલનાત્મક વિવેચન કરતાં પ્રો.જી. આર. જૈન (એમ.એસ.સી.) નૂતન અને પ્રાચીન સૃષ્ટિવિજ્ઞાન નામના પુસ્તકના ૩૧માં પૃષ્ઠ ઉપર કહે છે કે, "એ વાત હવે પ્રમાણિત થઈ ગઈ છે, જૈનદર્શનકાર અને આધુનિક વિજ્ઞાનવાદી ત્યાંસુધી તો એ વાતમાં એકમત છે કે ધર્મદ્રવ્ય અથવા તો ઈથર અભૌતિક, અપારમાણવિક, અવિભાજ્ય, અખંડ આકાશ જેવું, વ્યાપ્ત, સરૂપ અને ગતિનું અનિવાર્ય માધ્યમ તથા પોતાનામાં સ્થિર છે."★

• This does not mean that the ether is abolished. We need an ether in the last century, it was widely believed that ether was a kind of matter having properties, such as mass, rigidity. motion like ordinary matter. It would be difficult to say, when this view died out. Nowadays it is agreed that ether is not a kind of matter, being non-material, its properties are vigaries (quite unique) charactors such as mass and rigidity which we meet with in matter will naturally be absent in ether, but the ether will eye new and definite character of its own...non-material ocean of ether.

– The Nature of the physical World. P. 31

★ Thus it is proved that science and Jain physies agree absolutly so far as they call Dharma (ether) non-material, not-atomic, non-discrete, continuous, co-extensive with space indivisible and as a necessary medium for motion and which does hot itself move.

ધર્મદ્રવ્ય અને ઈથર એ બેયનો છેવટે પણ કેટલો સુંદર મેળ બેસી ગયો ! જૈન સર્વજ્ઞોએ અગણિત વર્ષો પહેલાં જે વાત કહી હતી તે જ વાત ભગવાન મહાવીરસ્વામીએ ૨૫૦૦ વર્ષ પૂર્વે કહી હતી અને તે જ વાતને સર્વજ્ઞભાષિત સત્ય તરીકે આજ સુધી એજ વિધાન સાથે અબાધિત રીતે સ્વીકારવામાં આવી. જ્યારે બીજી બાજુ એ વાતને કોઈપણ વૈજ્ઞાનિકે કલ્પી પણ ન હતી, ત્યારપછી ૧૯મી સદીમાં કલ્પના કરી અને તે કલ્પનાનું સ્વરૂપ સતત બદલાતું રહ્યું, અને અંતે બદલાતું બદલાતું એ સ્વરૂપ ધર્મદ્રવ્યના સ્વરૂપમાં વિલીન થઈ ગયું !

એક બાજુ પૂર્ણ તત્ત્વજ્ઞાન છે, બીજી બાજુ અપૂર્ણ વિજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન કદી પણ પરિવર્તન પામતું નથી. વિજ્ઞાન સતત પરિવર્તનશીલ બનતું અંતે તત્ત્વજ્ઞાનમાં મળી જાય છે.

આજ સુધી એક વિચારધારા ચાલતી આવી છે કે વિજ્ઞાન જ સંપૂર્ણ છે, સર્વ કાંઈ છે. જ્યારે તત્ત્વજ્ઞાન અંધશ્રદ્ધાળુઓનું અવલંબનમાત્ર છે. એમાં બધું જ ગપ્પું હોય છે. એમાં પણ વિજ્ઞાનના મંતવ્યથી વિરુદ્ધ જતું તત્ત્વજ્ઞાનનું મન્તવ્ય તો અવશ્ય તિરસ્કાર્ય છે.

આવું વિધાન કરતાં વિજ્ઞાનપ્રેમીઓને આ વાત વિચારવી છે. ખરી ? જે હજારો વર્ષ પૂર્વે વિજ્ઞાનનો કોઈ અંકુરો પણ ફૂટ્યો ન હતો તે વખતે જૈનતત્ત્વજ્ઞાન એની પૂરબહારમાં હતું. એ વખતે એ ધર્મદ્રવ્યનાં વિધાન જેવાં અનેક વિધાનો થઈ ચૂક્યાં હતાં, વિજ્ઞાન તો ફરતું ફરતું આજે એ વિધાનને પોતાનું શિર ઝુકાવે છે.

આ વસ્તુસ્થિતિ હોવા છતાં અપૂર્ણવિજ્ઞાનને પૂર્ણ સમજી લેનારો કોઈ અપૂર્ણમાનવ, પૂર્ણને અપૂર્ણ કહે તો તેને હજી વધુ સમજાવવા કોણ કોશિશ કરે ?

બેશક, વિજ્ઞાનની એક વિશિષ્ટતાને જરૂર સન્માનિત કરી શકાય છે અને તે છે તેની સત્યાન્વેષિતા. (પૂર્વે હતી, વર્તમાનમાં તો હવે એમાં ય સંદેહ પડે છે.)

અસત્યના રાહે કદમ માંડી દીધા પછી પણ અસત્ય સમજાતાં, અને

સત્ય પામતાં જ તે માર્ગેથી પીછેહઠ કરી દેવાની, અસત્યને અસત્ય તરીકે જણાવી દેવાની મોટા મોટા વૈજ્ઞાનિકોની પણ હિંમત સાચે જ પ્રશંસા માંગી લે તેવી છે.

અરે...જીવનાં જીવનોનો પ્રયોગોની પાછળ ભોગ આપી દેનારા જે છેવટે શોધે તેને યોગસાધનાથી ભગવાન જિન સહજમાં કહી દે એ વાત પણ વીસરી શકાય તેમ નથી. અસત્યવિજ્ઞાન સત્યાન્વેષી હોઈને પણ જો પ્રસંસાપાત્ર બનતું હોય તો **સત્યમય ભગવાન જિન** કેટલી આદરણાને પાત્ર બને એની ત્રિરાશી માંડવી જ રહી.

●

૧૮. અધર્માસ્તિકાય : આકાશ : પાતાળ

અધર્માસ્તિકાય :

ધર્માસ્તિકાય પછી બીજું દ્રવ્ય છે અધર્માસ્તિકાય. જે દ્રવ્ય ધર્મસ્વરૂપ નથી એટલે કે જીવ-અજીવને ગતિસહાયક બનતું નથી. એટલું જ નહિ પણ એનાથી વિપરીત જે જીવ-અજીવને સ્થિરતામાં સહાયક બને છે તે દ્રવ્યને 'અધર્મ' કહેવામાં આવે છે. આ દ્રવ્ય પણ અસંખ્યપ્રદેશના સમૂહસ્વરૂપ હોવાથી તેને અસ્તિકાય કહેવામાં આવે છે. આ દ્રવ્યના બધાં લક્ષણો ધર્માસ્તિકાયનાં લક્ષણો જેવાં જ છે, માત્ર ફેર એટલો જ કે આ દ્રવ્ય જીવ-અજીવને સ્થિર રહેવામાં સહાયક બને છે.

ધોમધખતા તાપમાં ચાલ્યા જતાં મુસાફરમાં ઊભા રહેવાની શક્તિ હોવા છતાં તે ઊભો રહી શકતો નથી, જ્યારે કોઈ વડલાની છાયા તેને મળે છે ત્યારે જ તે ઊભો રહી જાય છે. એટલે ઊભા રહેવાની તેની ઈચ્છામાં જેમ વડલાની છાયા માત્ર સહાયક બને છે. તેમ જીવ-અજીવની સ્થિતિમાં આ અધર્માસ્તિકાય દ્રવ્ય સહાયક બને છે.

હજી વૈજ્ઞાનિકો ધર્માસ્તિકાયની જેમ અધર્માસ્તિકાય દ્રવ્ય અંગે કશું વિચારી શક્યા નથી. સંભવ છે કે આવતીકાલે તેના અંગે પણ તેઓ કશુંક વિચારશે.

આકાશાસ્તિકાય : લોક : અલોક

જિનાગમોની દૃષ્ટિએ આકાશ એક છે અને અનંત છે. અર્થાત્ આકાશનો કોઈ અંત જ નથી. છતાં આ આકાશના બે વિભાગ કલ્પવામાં આવ્યા છે : (૧) લોક-આકાશ. (૨) અલોક-આકાશ.

જેટલા આકાશમાં ધર્મ-અધર્માદિ છે તેટલા આકાશને લોકાકાશ

કહેવામાં આવે છે. જૈનપરિભાષામાં ધર્મ અને અધર્મ-દ્રવ્ય ચૌદ-રાજલોકમાં વ્યાપ્ત છે.

એક રાજલોકના અસંખ્ય માઈલ ગણવામાં આવે છે. આપણી પૃથ્વીની નીચે સાત રાજલોક છે તેમ ઉપર પણ સાત રાજલોક છે. આ ચૌદ રાજલોકમાં સર્વત્ર ધર્મ અને અધર્મ-દ્રવ્ય વ્યાપ્ત છે, માટે જ આ ચૌદ રાજલોકને લોકાકાશ કહેવાય છે. ટૂંકમાં, અસંખ્ય માઈલોની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈવાળો લોક છે. આ લોકની ચારેબાજુ વિરાટ અલોક પથરાયેલો છે. ત્યાં ધર્મ-અધર્મદ્રવ્ય નથી અને એ અનંતાનંત માઈલોનો ગણવામાં આવે છે.

જેમ ધર્મ અને અધર્મ લોકાકાશમાં છે તેમ જીવ, પુદ્ગલ અને કાળદ્રવ્ય પણ આ લોકાકાશમાં જ છે. અલોક-આકાશમાં આમાંનું કાંઈ જ નથી. ત્યાં એક પણ જીવ નથી, એકપણ પરમાણુ નથી. કશું જ નથી.

લોકને એક બંગડીના ચકરડા જેવો કલ્પવામાં આવે તો તે તેની ચોમેર આ સમગ્ર પૃથ્વીના વર્તુળ જેવડો અલોક કલ્પી શકાય છતાંય અલોકની કલ્પના વામણી લાગે.

આ તો જિનાગમનની વાતો કરી. પણ આ વાતને પ્રસિદ્ધ ગણિતજ્ઞ પ્રો. આલ્બર્ટ આઈન્સ્ટાઈન પણ અક્ષરશઃ સ્વીકારે છે. તે કહે છે કે લોક પરિમિત છે, અલોક અપરિમિત છે. લોકપરિમિત હોવાને લીધે દ્રવ્ય અને શક્તિ (પર્યાય) લોકની બહાર જઈ શકતા નથી, લોકની બહાર તેમનો અભાવ છે. ધર્મદ્રવ્ય પણ તે લોકની બહાર નથી માટે જ જડ કે જીવ કોઈ- પણ દ્રવ્ય ત્યાં ગતિ કરી શકતું નથી.

કેટલુબધું સત્યને સ્પર્શેલું આ આવેદન છે. ભગવાન જિનની સર્વજ્ઞતાની સિદ્ધિ માટે બીજા પુરાવાની જરૂર રહે છે ખરી ?

કાળદ્રવ્ય : આ દ્રવ્યને અસ્તિકાય કહેવામાં આવતું નથી કેમકે આ દ્રવ્ય માત્ર વર્તમાન એકજ સમય સ્વરૂપ છે તેથી તે પ્રદેશોના

સમૂહરૂપ બની શકતું નથી. સમયથી માંડીને ક્ષણ, મિનિટ, કલાક, દિવસ, માસ વગેરે તેના અનેક વ્યાવહારિક ભેદો પડે છે.

કાળનાં વસ્તુતઃ પાંચ સ્વરૂપો છે. વર્તનાપર્યાય, (વસ્તુનું વર્તવું તે), પરિણામપર્યાય (વસ્તુનું નવું જૂનું થવું), ક્રિયાપર્યાય, (૩ કાળમાં વસ્તુમાં થતી ક્રિયા) અને પરત્વ તથા અપરત્વપર્યાય. (એકની અપેક્ષાએ બીજાનું દૂર-મોટા વગેરે હોવું, બીજાની અપેક્ષાએ પહેલાનું નજીક-નાના વગેરે હોવું.'

કાળ અંગે વૈજ્ઞાનિકોનું કોઈ વિશિષ્ટ સંશોધન ન હોવાથી આપણે તેની વિગતમાં નહિ ઊતરીએ.

•

ખંડ-3

જડ વિજ્ઞાન

વિભાગ બીજો

પુદ્ગલાસ્તિકાય

૧૯. પરમાણુવાદ

છદ્રવ્યમાં અંતિમ પુદ્‌ગલદ્રવ્ય છે. આ પુદ્‌ગલદ્રવ્ય પરમાણુથી માંડીને અનંતપ્રદેશવાળા સ્કંધસ્વરૂપ હોઈ શકે છે. તેમાં પરમાણુ સ્વરૂપ પુદ્‌ગલ એ અસ્તિકાય ન કહેવાય, કેમકે તે પોતે એકજ પ્રદેશસ્વરૂપ છે. જ્યારે અગણિત પ્રદેશોના સ્કન્ધરૂપ પુદ્‌ગલને અસ્તિકાય કહી શકાય.

આ વિષય ઉપર આપણે વિસ્તારથી ચિંતન કરીશું. વિજ્ઞાનનું સમગ્ર સંશોધન ક્ષેત્ર આ પુદ્‌ગલ ઉપર જ આધારિત છે. પુદ્‌ગલને આધુનિક પરિભાષામાં મેટર અને એનરજી (matter and energy) કહેવાય.

પાશ્ચાત્ય દેશોના બુદ્ધિમાન્ વૈજ્ઞાનિકોની એવી માન્યતા છે કે પુદ્‌ગલ-પરમાણુ સંબંધી પહેલી વાત તો ડેમોક્રેટસ (ઈ.પૂ. ૪૬૦-૩૭૦) નામના વૈજ્ઞાનિકે જ કરી હતી, પરંતુ આ વાત સાચી નથી. ભારતવર્ષમાં તો પરમાણુ-પુદ્‌ગલનો વિચાર તો સેંકડો નહિ, હજારો નહિ, કિન્તુ અગણિત વર્ષોથી મળે છે. આ વિચાર પણ જૈનદર્શનમાં જ પદ્ધતિસર નિરૂપાયેલો જોવા મળે છે.

જૈન આગમોના કથન પ્રમાણે તો જૈન તત્ત્વજ્ઞાન અનાદિકાલીન છે : શાશ્વત છે. દરેક ઉત્સર્પ્પિણી અથવા અવસર્પ્પિણીના કાળમાં ચોવીસ તીર્થકર ભગવાન થાય છે. તેઓ દરેક સત્યનું પ્રતિપાદન કરે છે. એમના પ્રતિપાદનમાં પરસ્પર કદાપિ વિરોધ સંભવી શકતો જ નથી. જે કાંઈ ભગવાન આદિનાથે કહ્યું તેજ ભગવાન્ પાર્સ્વનાથે કહ્યું અને તેજ ભગવાન મહાવીરે કહ્યું.

ઐતિહાસિક દૃષ્ટિથી પણ હવે તો એવું અન્વેષણ કરવામાં આવ્યું છે કે ધર્મ એ વૈદિક અને બૌદ્ધધર્મથી પણ પ્રાચીન છે.+ આજ સુધી ઐતિહાસિક ક્ષેત્રમાં આ કાળના છેલ્લા-૨૪માં જિન મહાવીરસ્વામીનું જ

● It is older than Hinduism or Buddhism.

– A History of philosophical system. P. 6

અસ્તિત્ત્વ કબૂલવામાં આવતું હતું, પરન્તુ હવે તો એમની પૂર્વે-૨૫૦ વર્ષે થયેલા ભગવાન્ પાર્શ્વનાથને પણ કબૂલવામાં આવ્યા છે અને વૈદિક ગ્રંથોમાં તો ભગવાન્ ઋષભદેવ-કે જેઓ ભગવાન્ મહાવીરથી પણ અગણિત વર્ષો પૂર્વે થયા હતા-તેમને પણ અવતાર તરીકે કબૂલવામાં આવ્યા છે. આમ એથી પણ પ્રાચીન સમયમાં થયેલા તીર્થકરોની વાત હમણા બાજુ ઉપર રાખીએ તો પણ ભગવાન્ મહાવીરે પરમાણુ અંગે જે વાતો કરી છે તે જ વાત ભગવાન્ પાર્શ્વનાથ અને ભગવાન્ આદિનાથે કહી છે.

પરમાણુનું પ્રતિપાદન કરનાર કોણ ? એ પ્રશ્નનું સમાધાન હવે તરત થઈ જાય છે. ડેમોક્રેટસ તો ઈ.પૂ. ૪૬૦માં થયો, જ્યારે ભગવાન્ પાર્શ્વનાથ ડેમોક્રેટસ તો ઈ.પૂ. ૪૬૦માં થયો, જ્યારે ભગવાન્ પાર્શ્વનાથ ઈ.પૂ. ૮૪૨માં થયા. આમ એ બેની વચ્ચે ૪૨૨ વર્ષનું અંતર પડી જાય છે. આમ જ્યારે ડેમોક્રેટસની પૂર્વે ભગવાન્ પાર્શ્વનાથ થયા ત્યારે પરમાણુની સત્યકથાઓ પ્રથમ કરનાર ભગવાન્ પાર્શ્વનાથ છે એ વાત નિર્વિવાદ રીતે સિદ્ધ થઈ જાય છે અને જો ભગવાન્ આદિનાથનો પણ વિચાર કરીએ તો તો ડેમોક્રેટસથી પણ અગણિત વર્ષ પૂર્વે પરમાણુની વાતો ભગવાન્ આદિનાથ કહી ચૂક્યા હતા એમ બેધડક કહી શકાય તેમ છે.

અહીં તો એટલી જ વાત કરવી છે કે પરમાણુ અંગેનો સત્ય વિચાર જૈનાગમોમાં જન્થમ રજૂ કરાયો છે.

ઈતિહાસવિજ્ઞોએ ડેમોક્રેટસને પરમાણુના સ્વરૂપનો આવિષ્કર્તા કહ્યો છે એ વાત નિતાન્ત અસત્ય છે એ હવે સમજાઈ જશે.

આપણે હમણાં જ જોઈ ગયા કે પુદ્‌ગલ એટલે આજના વૈજ્ઞાનિકોનું matter and evergy, બૌદ્ધોનાં ત્રિપિટકોમાં પુદ્‌ગલ શબ્દ આવે છે ખરો, તે 'મેટર' અર્થમાં નહિ.

જે વસ્તુ બીજી વસ્તુ (દ્રવ્ય કે પર્યાય)થી પુરાય (ભરાતી રહે, અને ગળે (ઘટતી રહે) તે વસ્તુને પુદ્‌ગલ કહેવાય છે. મોટા સ્કન્ધોમાંથી કેટલાંક/પરમાણુ વગેરે દૂર થાય છે અને કેટલાંક નવા જોડાય છે જ્યારે પરમાણુમાં કેટલાંક વર્ણાદિ પર્યાયો જાય છે અને કેટલાંક આવે છે માટે તમામ સ્કન્ધો અને તમામ પરમાણુને પુદ્‌ગલ કહેવાય છે.•

● **पुरणाद् गलनाच्च पुद्‌गलाः ।**

જિનાગમોમાં છ દ્રવ્યમાં માત્ર પુદ્‌ગલદ્રવ્યને રૂપી જણાવવામાં આવ્યું છે. રૂપી એટલે જે દેખાય તે નહિ, કિન્તુ જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય તે રૂપી.

પુદ્‌ગલમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગન્ધ અને આઠ સ્પર્શ હોય છે.

(૧) પુદ્‌ગલની સંખ્યા અનંત છે, (૨) તે લોકાકાશમાં વ્યાપ્ત છે, (૩) સર્વ કાળમાં તેનું અસ્તિત્ત્વ હોય જ છે, (૪) તે વર્ણાદિવાળું હોય છે અને તેનો ગ્રહણ-ગુણ છે.

પુદ્‌ગલ-દ્રવ્યના ચાર ભેદ છે. : (૧) સ્કન્ધ, (૨) દેશ, (૩) પ્રદેશ અને (૪) પરમાણુ

પુદ્‌ગલ દ્રવ્યનો, બે વગેરે પરમાણુનો મળેલો કોઈપણ એક કટકો તે સ્કન્ધ, એવા કોઈપણ કટકાનો બુદ્ધિથી કલ્પેલો એક ભાગ તે દેશ, અને તે સ્કન્ધનો કે દેશનો એવો એક અંશ જેના હવે બે અંશ ન જ થઈ શકે તેવો તે સ્કન્ધમાં જ રહેલો ભાગ તે પ્રદેશ કહેવાય. અને એજ પ્રદેશ તે સ્કન્ધથી છૂટો પડી જાય એટલે તેને પરમાણુ કહેવાય.

પરમાણુ-પુદ્‌ગલ અવિભાજ્ય, અચ્છેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને તીક્ષ્ણાતિતીક્ષ્ણ શસ્ત્રોથી પણ તેના બે કટકા થઈ શકતા નથી. અગ્નિથી તે બળી શકતો નથી. ભયંકર વર્ષાથી પણ તે પલળતો નથી. તેને લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ કે ઊંચાઈ હોતી નથી, તે પોતે જ આદિ, મધ્ય અને અન્તસ્વરૂપ છે. ઈન્દ્રિયોથી તે જોઈ-જાણી શકતો નથી. તેમાં પાંચ વર્ણમાંથી એક વર્ણ, પાંચ રસમાંથી કોઈપણ એક રસ, બે ગંધમાંથી કોઈપણ એક ગંધ અને આઠ સ્પર્શમાંથી કોઈપણ બે સ્પર્શ હોય છે. તે પણ સ્નિગ્ધ-રુક્ષમાંથી એક અને શીત-ઉષ્ણમાંથી એક એમ બે સ્પર્શ હોય છે.•

પરમાણુમાં શબ્દ-ગુણ હોતો નથી.

• પાંચ વર્ણ : કાળો, લીલો, લાલ, પીળો અને સફેદ
પાંચ રસ : કડવો, તીખો, તૂરો, ખાટો, મધુર
બે ગંધ : સુગંધ, દુર્ગંધ.
આઠ સ્પર્શ : સ્નિગ્ધ-રુક્ષ, શીત-ઉષ્ણ, ગુરુ-લઘુ, મૃદુ-કર્કશ.

પરમાણુ એ અન્તિમ દ્રવ્ય છે, એનાથી નીચે બીજું કોઈ દ્રવ્ય નથી, એટલે તે સ્કંધોનું છેલ્લું કારણ બને છે. વળી તે સૂક્ષ્મ છે અને નિત્ય છે. જિનાગમોમાં પરમાણુ અંગે કહેલી વાતોમાં આ ઘણી મહત્ત્વની વાતો કહી શકાય.

આપણે પૂર્વે જોઈ ગયા તેમ ભૌતિક વિજ્ઞાને મૌલિક પરમાણુના ૧૦૩ પ્રકાર માન્યા છે. તેમનામાં એક બીજાથી ભેદ રહે છે, જ્યારે જિનાગમમાં એકબીજા પરમાણુ વચ્ચે એવી કોઈ ભેદરેખા આંકવામાં આવી નથી. કોઈ પરમાણુ કાલાન્તરે બીજા કોઈપણ પરમાણુ જેવો બની શકે છે. જલ-પરમાણુ એ અગ્નિ-પરમાણુ બની શકે છે.અને અગ્નિ-પરમાણુ કાલાંતરે પરમાણુ બની શકે છે.+

વળી પરમાણુમાં વિવક્ષિત કાળે જે વર્ણ, જે ગંધ, જે રસ અને જે સ્પર્શ હોય તે જ સદા માટે રહેતા નથી, તેમાં પણ ઘણાં ફેરફારો થઈ જાય છે. આજનો કાળો પરમાણુ કાલાન્તરે લાલ પણ હોઈ શકે, વળી આજનો એક અંશ (ગુણ) કાળો પરમાણુ કાલાન્તરે એક લાખ અંશ (ગુણ) કાળો પરમાણુ પણ બની જઈ શકે. એજ રીતે ગંધ વગેરેમાં પણ રૂપાન્તર કે ગુણાન્તર થઈ જાય છે. આથી એકજ પરમાણુ પણ અનેક પ્રકારનો બની જાય છે. એકજ કાળો વર્ણ પણ અનેક પ્રકારનો બને છે. પાણીમાં કાળા રંગનો એક કણ નાખતાં પાણી કાળુ બને, પણ તે કાળાશ સાવ ઓછી હોય છે, પછી બીજો કણ પડતાં તે કાળાશ જરા વધુ ઘેરી બને, ત્રીજા કણે એથી વધુ કાળાશ જોવા મળે તે તદ્દન સ્વાભાવિક છે. આવું જ ગંધ વગેરેના સંબંધમાં સમજવું. આમ પરમાણુમાં અનંત પ્રકારો પડી શકે છે.

સ્કન્ધનિર્માણાની પ્રક્રિયા :

કુંભાર ઘડો બનાવવા માટે જે માટી હાથમાં લે છે એ માટી તો અનંત પરમાણુની કણ-કણ છે, લાકડાના જે માવામાંથી કાગળ બનાવવામાં આવે છે તે માવો તો અગણિત સ્કંધોનો જથ્થો છે. એમ માનવ જ કોઈ દ્રવ્ય બનાવે છે તે દ્રવ્યનું જે ઉપાદાન કારણું છે તે પણ

+ **कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः ।**
एकरसगन्धवर्णो द्विस्पर्शः कार्यलिङ्गश्च ॥

અનંત પરમાણુના સંમિલનથી બનેલું હોય છે. અહીં પ્રશ્ન થાય કે પછી એ મોટી કે માવાના પરમાણુઓનું સંયોજન કોણે કર્યું ? ભલે ઘટ કે કાગળ માનવે બનાવ્યો પરંતુ માટી કે માવો બનાવનાર કોણ ? આપણે એ વાત તો પૂર્વે જ જોઈ ગયા છીએ કે કોઈપણ કાર્યમાં ઈશ્વરનું કર્તૃત્વ હોતું નથી, એટલે પરમાણુઓના સંયોજનમાં કે સ્કંધોના વિઘટનમાં પણ ઈશ્વરકતૃત્વને કોઈ સ્થાન નથી. તો પ્રશ્ન થાય કે કોમ કરે છે એ સંયોજન અને વિઘટન ?

જૈનાગમોમાં આ પ્રશ્ન ઉપર સુંદર વિચાર કરવામાં આવ્યો છે. વિજ્ઞાન પણ જેને માન્ય કરે તેને જો વૈજ્ઞાનિક કહેવામાં આવે તો આ વિચારને આપણે વૈજ્ઞાનિક કહીશું.

આપણે હમણાં જ જોયું કે દરેક પરમાણુ એક વર્ણ, એક ગંધ, એક રસ, અને સ્નિગ્ધ-રુક્ષમાંથી એક તથા શીત-ઉષ્ણમાંથી એક, એમ કુલ બે સ્પર્શ હોય છે.

એક પરમાણુ બીજા પરમાણુ સાથે સ્કંધજનક સંયોગ કરે છે. તેમાં પરમાણુમાં રહેલા વર્ણ, ગંધ કે રસનો કોઈ ઉપયોગ નથી, તેમજ જ શીત કે ઉષ્ણ સ્પર્શનો પણ ઉપયોગ નથી, કિન્તુ તેમાં જે સ્નિગ્ધ-કે રુક્ષ સ્પર્શ છે તેનો જ ઉપયોગ છે.

તદ્દન સ્વચ્છ આકાશમાં એકાએક વાદળોના સ્કંધોનું છાઈ જવામાં, તદ્દન શાંત વાતાવરણમાં એકાએક વાવંટોળરૂપે વાયુના સ્કંધોના વ્યાપી જવામાં અને પછી થોડીજ વારમાં એ બધું વિખરાઈ જવામાં કોઈ મનુષ્ય, કોઈ દેવ કે કોઈ ઈશ્વર કારણ નથી, કિન્તુ પરમાણુના સ્નિગ્ધ-રુક્ષ સ્પર્શોના સ્વાભાવિક સંયોગો અને વિયોગો જ કારણ છે.

જૈન દર્શનકારોએ સ્કંધનિર્માણની ખૂબ જ સમુચિત રાસાયણિક વ્યવસ્થા દેખાડી છે.

આપણે કાળા વર્ણના અનંત પ્રકારો જેમ જોયા તેમ સ્નિગ્ધતા અને રુક્ષતા પણ એક ગુણથી લગાવીને અનંત ગણવાળી હોઈ શકે.

હવે કયો પરમાણુ કયા પરમાણુ સાથે સંયોગ કરી શકે તેની શરતો જોઈએ.

(૧) એવા બે પરમાણુ લો, જે બંનેમાં સ્નિગ્ધતા-ગુણ છે. આ બે પરમાણુઓ સજાયતી સ્પર્શવાળા છે એટલે તેમની સ્નિગ્ધતા વચ્ચે ઓછામાં ઓચું બે ગુણનું અંતર હોય તો જ તે બે પરમાણુનો સંયોગ થઈને એક સ્કંધ બની શકે. દા.ત., એક પરમાણુમાં બે ગુણ સ્નિગ્ધતા છે તો બીજા પરમાણુમાં ઓછામાં ઓછી ચાર ગુણ સ્નિગ્ધતા હોવી જોઈએ.

(૨) બીજા એવા બે પરમાણુ લઈએ, જેમાં બંનેયમાં રુક્ષતા છે. આ બે પરમાણુઓ પણ સજાતીય સ્પર્શવાળા છે માટે તેમની રુક્ષતાના ગુણ વચ્ચે ઓછામાં ઓછું બેનું અંતર પૂર્વવત્ રહેવું જોઈએ. એક પરમાણુમાં બે રુક્ષતા હોય તો તેની સાથે સંયોગ થવા માટે બીજાં પરમાણુમાં ઓછામાં ઓછી ચાર ગુણ રુક્ષતા હોવી જોઈએ.

ટૂંકમાં, સજાતીય ગુણવાળા પરમાણુનો સંયોગ ત્યારે જ થાય, જ્યારે તેમના ગુણમાં ઓછામાં ઓછું બેનું અંતર હોય.

(૩) હવે વિજાતીય સ્પર્શવાળા બે પરમાણુના સંયોગમાં શરત જોઈએ. એક પરમાણુમાં સ્નિગ્ધતા છે અને બીજા એક પરમાણુમાં રુક્ષતા છે. આવા બે પરમાણુનો સંયોગ અવશ્ય થાય. ચાહે બેયના સમાન ગુણો હોય કે વિષમ સંક્યાના ગુણો હોય. બે ગુણ સ્નિગ્ધતા અને બે ગુણ રુક્ષતાવાળા બે પરમાણુનો પણ સ્કંધ બને. એક ગુણ સ્નિગ્ધતા અને બે-ત્રણ કે તેથી વધુ ગુણ રુક્ષતાવાળા બે પરમાણુનો પણ સ્કંધ બને.

(૪) આ શરતોમાં એક અપવાદ છે કે એક ગુણ-સ્નિગ્ધતા અને એક ગુણ રુક્ષતાવાળા-જઘન્ય ગુણવાળા પરમાણુનો કદી સંયોગ થાય નહિ !

જ્યાં શરત લાગુ પડતી હોય ત્યાં તે પરમાણુઓનો સ્કંધ બને છે. આમ બે પરમાણુનો, ત્રણ પરમાણુનો, ચાર પરમાણુનો યાવત્ અસંખ્ય અને અનંત-પરમાણુઓનો પણ એક સ્કંધ બની શકે છે.

જ્યાં સુધી પરમાણુના બનેલા સંક્ધોમાં રહેલી સ્નિગ્ધતા અને રુક્ષતાના અંશોમાં ફેરફાર ન થાય ત્યાં સુધી તે સ્કંધમાં સંયોજિત થયેલો પરમાણુ તે સ્કંધમાંથી છૂટો ન જ પડે એવો નિયમ નથી. કેમકે સ્કંધમાંથી

પરમાણુના છૂટા પડવામાં એ જ માત્ર કારણ નથી, બીજાં પણ કેટલાંક કારણો છે. તેમાંનું જો કોઈ કારણ ઉપસ્થિત થાય તો પણ તે પરમાણુ તે સ્કંધમાંથી છૂટો પડી શકે છે. તે કારણો આ રહ્યાં :

(૧) કોઈપણ સ્કંધ વધુમાં વધુ અસંખ્યકાળ સુધી જ રહી શકે છે એટલે તેટલો કાળ પૂર્ણ થઈ જાય તો પરમાણુ છૂટા પડી શકે છે.

(૨) અન્ય દ્રવ્યનો ભેદ થવાથી પણ સ્કંધનું વિઘટન થાય.

(૩) બંધ યોગ્ય સ્નિગ્ધતા-રુક્ષતાના ગુણોમાં ફેરફાર થઈ જવાથી પણ સ્કંધનું વિઘટન થાય.

(૪) સ્કંધોમાં સ્વાભાવિક રીતે ઉત્પન્ન થતી ગતિથી પણ એ વિઘટન થાય.

સર્વથી વિલક્ષણ-અચિન્ત્ય કહી શકાય તેવી પરમાણુની એક શક્તિ એ છે કે જે આકાશ-પ્રદેશમાં એક પરમાણુ રહી જાય છે એજ આકાશ-પ્રદેશમાં બીજા પરમાણુ રહી શકે છે અને એજ આકાશ-પ્રદેશમાં અનંતપ્રદેશવાળો એક સ્કંધ પણ રહી શકે છે.

પુદ્‌ગલના ભેદ પ્રભેદ : દરેક સ્કંધમાં પરમાણુ-સમૂહ વિવિધ સંખ્યામાં અને વિવિધ સ્વરૂપે હોવાથી સ્થૂલતા અને સૂક્ષ્મતાની દૃષ્ટિએ જૈન-દર્શનમાં પુદ્‌ગલસ્કંધના છ પ્રકાર જણાવવામા આવ્યા છે.

(૧) અતિસ્થૂલ, (૨) સ્થૂલ, (૩) સ્થૂલસૂક્ષ્મ, (૪) સૂક્ષ્મ સ્થૂલ, (૫) સૂક્ષ્મ, (૬) અતિસૂક્ષ્મ.★

+ **निद्धस्स निद्धेण दुआहियेण, लुक्खस्स दुआहियेण ।**
निदघस्स लुक्खेण उवेइ बन्धो, जइन्नषज्जो विसमो समो बा ॥
— ગોમ્મટસાર, જીવકાણ્ડ, શ્લોક ૬૧૫.

★ અતિસ્થૂલ : Soild
સ્થૂલ : Liquid
સ્થૂલસૂક્ષ્મ : Visible Energy
સૂક્ષ્મસ્થૂલ : Ultra visible but intra Sensual matter
સૂક્ષ્મ : Ultra Sensual matter
અતિસૂક્ષ્મ : Altimate atomlike

૧. અતિસ્થૂલ : જેમનું છેદન-ભેદન થઈ શકે, જે ઉપાડી પણ શકાય તેવા પથ્થર વગેરે અતિસ્થૂલ સ્કંધ કહેવાય છે.

૨. સ્થૂલ : જેમનું છેદન-ભેદન ન થઈ શકે પણ અન્યત્ર વહન થઈ શકે તેવાં ઘી, પાણી, તેલ વગેરે સ્થૂલ કહેવાય.

૩. સ્થૂલસૂક્ષ્મ : જેનું છેદન, બેદન કે વહન પણ ન થઈ શકે, જે ચક્ષુથી દૃશ્યમાન જ હોય તેવા છાયા-તડકો વગેરે સ્વરૂપ પુદ્‌ગલસ્કંધ સ્થૂલ-સૂક્ષ્મ કહેવાય.

૪. સૂક્ષ્મસ્થૂલ : નેત્ર સિવાયની ચાર ઈંદ્રિયોથી જ જે ગ્રાહ્ય બને છે તેવા વાયુ વગેરે સૂક્ષ્મ-સ્થૂલ પુદ્‌ગલસ્કંધ કહેવાય.

૫. સૂક્ષ્મ : આગળ કહેવામાં આવનારી મનોવર્ગણા, બાષાવર્ગણા, કે કાર્યવર્ગણાના પુદ્‌ગલસ્કંધોને સૂક્ષ્મ કહેવાય છે.

૬. અતિસૂક્ષ્મ : બે પરમાણુ વગેરેના બનેલા પુદ્‌ગલસ્કંધને અતિસૂક્ષ્મ કહેવાય છે.

વૈજ્ઞાનિકોએ ઠોસ, તરલ અને બાષ્પ એમ ત્રણ પ્રકારના પુદ્‌ગલભેદ કર્યા છે. તેઓ ઉપરોક્ત પ્રકારમાંથી અનુક્રમે પહેલા, બીજા અને ચોથા પ્રકારમાં સમાવેશ પામી શકે. ત્રીજા, પાંચમાં અને છઠ્ઠા પ્રકારના પુદ્‌ગલસ્કંધનો તો હજી વિજ્ઞાનને ખ્યાલ જ નથી આવ્યો એમ કહી શકાય. આથી જ વૈજ્ઞાનિકો જેને સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્કંધ કહે તે પણ જૈન દાર્શનિકોએ જણાવેલા સૂક્ષ્મ સ્કન્ધ કરતાં અનંતગુણ મોટો જ છે.

સ્થૂલ સ્કંધોની પણ સૂક્ષ્મતા કેટલી બધી હોય છે. તે દર્શાવવા પ્રો. અન્ડેડ એવું અનુમાન કરે છે કે એક ઔંસ પાણીમાં એટલા સ્કંધો (પરમાણુઓની વાત તો હજી ઘણી દૂર છે) છે કે સંસારના ત્રણેય અબજ માણસો ચોવીસે ય કલાક સુધી ગણતા જ રહે અને દર સેકંડે દરેક માણસ ૩૦૦-૩૦૦ સ્કંધ બહાર કાઢે (દર સેકંડે અબજ ૩૦૦ x ૩=૯૦૦ અબજ) તો ચાલીસ લાખ વર્ષે એ એક ઔંસ પાણીના બધા સ્કંધ બહાર નીકળે !!! છે આ બુદ્ધિગમ્ય વાત ? ના. છતાં એક વૈજ્ઞાનિકે કહી છે માટે સહુ તેને તરત માની લેવાના ! સારું, જૈનદર્શનમાં તો વિજ્ઞાનના કલ્પેલા સૂક્ષ્મ સ્કંધો કરતાં ય અનંતગુણ વધુ સૂક્ષ્મ સ્કંધો છે. હવે જો એક ઔંસ

પાણીના સ્કંધની ઉપરોક્ત વિરાટ ગણતરી પણ મંજૂર હોય તો જૈનદાર્શનિકોની અસંખ્ય કે અનંતનું ગણિત હવે નામંજૂર થઈ શકશે ખરું ?

સ્કંધ અને વૈજ્ઞાનિક મંતવ્ય :

સ્કંધના વિષયમાં વૈજ્ઞાનિકો પણ ઘણી ગંભીર ચર્ચા કરી ચૂક્યા છે. તેમના મંતવ્ય સાથે જિનાગમ કેટલા અંશમાં મળે છે, તેમ કેટલાંક અંશમાં નથી પણ મળતું.

વૈજ્ઞાનિકો કહે છે કે સ્કંધ તેને જ કહેવાય, જે કટકાના હવે જો બે કટકા કરવામાં આવે તો તે પોતાનું સ્વરૂપ ખોઈ નાખે અને બીજા કોઈ સ્વરૂપમાં પરિણત થઈ જાય. દા.ત., પથ્થરના એક મોટા કટકાના બે કટકા કર્યા, પછી તે બેના ચાર કર્યા, ચારના આઠ કટકા કર્યા. એમ કરતાં કરતાં કણ-કણમાં એ કટકા રૂપાંતર પામ્યા. હવે તે છેલ્લા કણના બે કટકા કરવા જતાં જો તે પોતાનું સ્વરૂપ જ ખોઈ બેસે તેવી પરિસ્થિતિ હોય તો તે છેલ્લા કણને સ્કંધ કહેવાય. આવા સ્કંધોમાંથી જ આપણા ઉપયોગમાં આવે તેવા પદાર્થો બની શકે.

આ વિષયમાં જિનાગમો એમ કહે છે કે અલબત્ત, તે છેલ્લા દરેક કણ સ્કંધ છે જ એટલે એ અંશમાં તો તમે અમારી સાથે એકમત છો. પરંતુ પથ્થરનો મોટો કટકો એ પણ સ્કંધ છે, એના બે કટકા થયા તો તે બે કટકા પણ સ્કંધ છે. એમ એક હજાર કટકા થાય તો તે બધા પણ સ્કંધ જ છે.

જ્યાં સુધી એક બહુ નાના કટકામાં બે જ પરમાણુ રહે ત્યાં સુધીના તમામ કટકા સ્કંધ જ છે. એ બે પરમાણુનો કટકો પણ જો તૂટે અને એક એક પરમાણુમાં વેરાઈ જાય ત્યારે જ તે સ્કંધ મટી જાય છે.

વૈજ્ઞાનિકોએ રેતીનો જે નાનામાં નાનો કણ સ્કંધ કહ્યો તે પણ વસ્તુતઃ તો અનન્ત પરમાણુનો જ એક સ્કંધ જ છે. એવા સ્કંધના તો બીજા અગણિત કટકા થઈ શકે અને છતાં તે બધા સ્કંધ જ કહેવાય, ટૂંકમાં, સ્કંધ એટલે કે કોઈ પણ એક કટકો જે ઓછામાં ઓછા બે પરમાણુથી માંડીને વધુમાં વધુ અનંત પરમાણુનો બનેલો હોય.

સ્નિગ્ધ-રુક્ષત્વ અંગે વૈજ્ઞાનિક મંતવ્ય :

કોઈપણ બે પરમાણુનો સંયોગ થવામાં તેમનામાં રહેલી પૂર્વોક્ત શરતોવાળી સ્નિગ્ધતા અને રુક્ષતા જ કારણ છે એ વાતને તો આજના વૈજ્ઞાનિકો સર્વથા સંમત થઈ ગયા છે એમ કહીશું તો જરાય ખોટું નહિ ગણાય. ભગવાન જિન જે વાત કહી ગયા એ જ વાતને આજના વૈજ્ઞાનિકો પેઢી-દર-પેઢી પ્રયોગ કરતાં કરતાં છેવટે કબૂલવા લાગ્યા. આ હકીકત જ શું ભગવાન જિનની સર્વજ્ઞતાનો નક્કર પુરાવો નથી ?

પરમાણુમાં સ્નિગ્ધ અને રુક્ષ ગુણ કહ્યો તેમાં સજાતીય (સ્નિગ્ધ-સ્નિગ્ધ અથવા રુક્ષ-રુક્ષ) અને વિજાતીય સ્નિગ્ધ-રુક્ષ અથવા રુક્ષ-સ્નિગ્ધ)નો બંધ થયો તેમ કહ્યું.

વૈજ્ઞાનિકો પણ આજ વાત બીજા શબ્દોમાં કહે છે. તેઓ પણ કહે છે વસ્તુ માત્રમાં આ ચીજ હોય છે. તેમણે બે વસ્તુના બંધનમાં ઘનવિદ્યુત્ (Positive Charge) અને ઋણવિદ્યુત્ (Negative Charge)ને કારણ માન્યાં છે. આ વાતને જરા વિસ્તારથી જોઈએ.

વૈજ્ઞાનિકોનું માનવું એવું છે કે પરમાણુની અંદરનો ભાગ પોલો હોવાથી તે તોડી શકાય છે. પરમાણુ તોડવાથી તે બે ભાગમાં વહેંચાઈ જાય છે. (૧) નાભિ (૨) ઋણાણુ.

નાભિ એ અતિ ભારે પરમાણુવિભાગ છે. ઘનવિદ્યુત્ આમાં રહે છે. આ નાભિ એ પરમાણુનો એકજ કણ નથી પરંતુ તે ય ઘનાણું અને શૂન્યાણુ (Proton of Nuteron)ના બનેલા છે. (હા, હાઈડ્રોજન પરમાણુની નાભિ છે તે માત્ર એકજ કણની બનેલી છે અને તે કણ ઘનાણુ માત્ર પ્રોટોન છે.

આમ પરમાણુના કુલ ૩ વિભાગ થયા. નાભિના બે ઘનાણું અને શૂન્યાણું, તથા બીજો એક ઋણાણુ કરતાં ઘનાણું ૧૮ ૪૦ ગુણ ભારે હોય છે. આવો વજનદાર ઘનાણું એ ઋણાણુને પોતાના તરફ ખેંચી લે છે. એનું કારણ એ છે કે નાભિમાં જે ઘનાણુ છે. તેનામાં ઘનવિદ્યુત્ (Positive) હોય છે જ્યારે ઋણાણુમાં ઋણવિદ્યુત્ (Negative) હોય છે. આ વિદ્યુત્ આકર્ષણોને કારણે જ ઘનાણું અને ઋણાણુ એક બીજાને સતત ખેંચતા રહે છે.

(૧) પરમાણુમાં ઘનાણુની સંખ્યા તે તે પદાર્થને અનુસારે હોય છે. પ્રાણવાયુમાં આઠ ઘનાણુ હોય છે. આ બધા ઘનાણુ ઘનવિદ્યુત્‌વાળા (Positive) જ હોય છે. અને તેઓ એકબીજાને ખેંચે છે. જૈનાગમ અનુસાર આ ઘનાણુ (Proton)માં જે ઘનવિદ્યુત્‌નો છે તે બધી સ્નિગ્ધતા છે. આમ સ્નિગ્ધ-સ્નિગ્ધના સજાતીય ખેંચાણનું આ દૃષ્ટાંત બની ગયું.

(૨) હવે જે શૂન્યાણુ (Neutron) છે તેને વૈજ્ઞાનિકો ઘનાણુ અને ઋણાણુ-એમ બે વિદ્યુત્‌કણોનો બનેલો માને છે. શૂન્યાણુના આ ઘનાણુમાં ઘનવિદ્યુત્ છે જ્યારે તેના ઋણાણુમાં ઋણવિદ્યુત્ છે. ઘનવિદ્યુત્ એટલે સ્નિગ્ધતા અને ઋણવિદ્યુત્ એટલે રુક્ષના વિજાતીય ખેંચાણનું આબેહૂબ દૃષ્ટાન્ત બની જાય છે.

(૩) હવે જે ઋણાણુ છે તે માત્ર ઋણાણુઓનો જ સમુદાય છે એવું વૈજ્ઞાનિકોનું મંતવ્ય છે. ઋણાણુઓના પરસ્પર આકર્ષણથી જોડાયેલો આ ઋણાણુ છે. ઋણવિદ્યુત્ (negative) જૈન પરિભાષામાં તેને રુક્ષતા કહેવાય. આમ આ રુક્ષ-રુક્ષના સજાતીય ખેંચાણનું દૃષ્ટાન્ત બની જાય છે.

ટૂંકમાં પરમાણુની નાભિના બે અંશ ઘનાણુ અને શૂન્યાણુ તથા પરમાણુનો બીજો ઋણાણુ અંશ-એ ત્રણેય અનુક્રમે સ્નિગ્ધ-સ્નિગ્ધ, સ્નિગ્ધ-રુક્ષ અને રુક્ષ-રુક્ષના બંધપરિણામના સાધક દૃષ્ટાન્તો બની જાય છે.

○ ○ ○

વિદ્યુત્ : વૈજ્ઞાનિકોનું એવું મંતવ્ય છે કે દરેક વસ્તુ જુદી જુદી જાતના પરમાણુના પરસ્પર મિલનથી બનેલી હોય છે. પરંતુ પ્રકાશ, ગરમી, વિદ્યુત્ વગેરેને પદાર્થ તરીકે તેઓ ગણતા નથી પરંતુ એને શક્તિ કહે છે કે જે પરમાણુઓના સંઘર્ષથી ઉત્પન્ન થયેલી છે.

જૈનાગમોમાં આ હકીકત તો અનાદિકાળથી માન્ય થઈ ચૂકેલી છે. વીજળી શું છે ? એ વિષયમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે સ્નિગ્ધતા અને રુક્ષતાના ગુણોના નિમિત્તે જ વીજળી ઉત્પન્ન થાય છે.★ કેટલી આશ્ચર્યજનક બાબત છે ? વૈજ્ઞાનિકો જે વાત પ્રયોગો કરીને શોધે છે તેને

★ स्निग्ध-रुक्षत्व-गुणनिमित्तो-विद्युत् ।

યોગીઓ યોગબળથી જ વાતવાતમાં કહી દે છે. ન તેમને કોઈ પ્રયોગ, ન કોઈ તેમના માટે પ્રયોગશાળા !

ડો. બી. એલ. શેલેએ લંડનથી પ્રકાશિત થયેલા 'પોઝિટિવ સાયન્સ ઓફ એન્શ્યન્ટ હિન્દુઝ' નામના પુસ્તકમાં સ્પષ્ટ લખ્યું છે કે જૈનદાર્શનિકો તો આ વાતને બહુ સારી રીતે જાણતા હતા કે પોઝિટિવ (સ્નિગ્ધ) અને નેગેટિવ (રુક્ષ) વિદ્યુત્ કણોના મળવાથી વિદ્યુત્‌ની ઉત્પત્તિ થાય છે !

પદાર્થના ગુણધર્મો જેવી સૂક્ષ્મ વાતોને ભગવાન્-જિન શી રીતે કહી શકયા હશે ! એનો એકજ ઉત્તર રહે છે કે તેઓ સર્વજ્ઞ હતા. સર્વજ્ઞ જ હતા. નિઃશંક રીતે સર્વજ્ઞ હતા.

○ ○ ○

પરમાણુની ગતિ અને વૈજ્ઞાનિકો :

પરમાણુની ગતિ અંગે જિનાગમોમાં નિરુપણ કરવામાં આવ્યું છે તેને વૈજ્ઞાનિકો આબાદ મળી જાય છે. જિનાગમમાં પરમાણુની ગતિ સંબંધમાં જણાવવામાં આવ્યું છે કે પરમાણુ એક સમયમાં ઓછામાં ઓછો એક આકાશ-પ્રદેશમાં રહે છે અને વધુમાં વધુ અસંખ્ય આકાશ-પ્રદેશના બનેલા ચૌદ રાજલોકનું પરિભ્રમમ કરી નાખે છે. એટલે કે ઠેઠ નીચે રહેલો પરમાણુ એકજ સમયમાં ઠેઠ ઉપર પહોંચી શકે છે. આ બે ગતિની વચ્ચેની બધી ગતિઓ તેનામાં અવશ્ય સંભવી શકે છે.

આ વાતને વૈજ્ઞાનિકોએ પણ મંજૂર કરી છે. એમણે એવી વાતો કરી છે, જેને કબૂલતાં તો ઘણો વિચાર કરવો પડે, છતાં જિનાગમના તત્ત્વજ્ઞાનને સમજેલા આત્માને એ વાતોમાં જરાય નવાઈ ઊપજતી નથી. વૈજ્ઞાનિકો કહે છે કે :

(૧) દરેક ઈલેક્ટ્રોન પોતાની કક્ષા ઉપર દર સેંકડે ૧૩૦૦ માઈલની ગતિ કરી નાંખે છે.

(૨) ગેસ જેવા પદાર્થોમાં રહેલા પરમાણુઓનું કમ્પન એટલું બધું તીવ્ર હોય છે કે તેઓ દર સેકંડમાં છ અબજ વખત પરસ્પર ટકરાઈ જાય છે !!! ટકરાતા બે અણુઓની વચ્ચે જગા કેટલી છે તેની પણ શોધ કરીને તેઓએ કહ્યું છે, એક ઈંચનો ત્રીસ લાખનો ભાગ !!

(૩) પ્રકાશનું એક કિરણ છૂટતાં એકજ સેકંડમાં એક લાખ અને છયાસી હજાર માઈલની મુસાફરી કરી નાંખે છે !

(૪) હીરા જેવા ઠોસ પદાર્થોના અણુઓની પણ ગતિ દર કલાકે ૯૫૦ માઈલની છે !!!

વિજ્ઞાન જો સત્યાન્વેષી જ રહેશે તો જરૂર એમ લાગે છે કે તે ભગવાન્ જિનના તત્ત્વજ્ઞાનમાં એકવાર સર્વાંગે ભળી જશે.

વાયુ : જૈનદર્શનાનુસાર વાયુને પણ એકરૂપી પદાર્થ માનવામાં આવ્યો છે. એમ રોમ-કૂપમાં સમાઈ જતી હવામાં પણ તેણે અસંખ્ય સ્કન્ધો કહ્યા છે. હવે આ જ વાતને વૈજ્ઞાનિકોએ પણ માન્ય કરી છે. તેઓ કહે છે કે એક ઈંચ લાંબી, પહોળી અને ઉંચી ડબ્બીમાં જેટલી હવા સમાઈ જાય તેટલી હવામાં ૪૪૨૪૦૦૦૦, ૦૦૦૦, ૦૦૦૦, ૦૦૦૦૦, (૧૭ મીંડાં) સ્કંધ રહે. જૈનદર્શનના ગણિત અનુસાર તો આ સ્કન્ધ-ગણતરી તો ઘણી જ ઓછી કહેવાય.

પરમાણુનાં પ્રાચીન-અર્વાચીન મંતવ્યો :

હવે પરમાણુ અંગે જૈનદર્શનની તથા વૈજ્ઞાનિકોની વિચારણાનું સામ્ય જોઈએ.

જૈનદર્શનમાં પરમાણુના બે પ્રકાર જણાવવામાં આવ્યા છે. પરમાણુ અને વ્યવહાર પરમાણુ. પરમાણુ તેને કહેવાય જે અવિભાજ્ય અંતિમ અંશ છે. જ્યારે વ્યવહાર પરમાણુ તો વસ્તુતઃ અનંત પરમાણુનો છે. છતાં વ્યવહારની દૃષ્ટિ માટે અતિસૂક્ષ્મ અંશ હોવાથી તેને પરમાણુ કહેવાય છે.

વૈજ્ઞાનિકો આજ સુધી પોતે શોધેલા પરમાણુને જ પરમાણુ કહેતા હતા. તેમની દૃષ્ટિમાં ઉપરોક્ત બે પ્રકારો ન હતા, પણ હવે તો તેમને ય બે પ્રકારો માનવા પડ્યા છે, કેમકે તેમણે શોધેલો પરમાણુ અતિસૂક્ષ્મ છતાં તેના ય ટુકડા થઈ ગયા છે. એટલે હવે તેને તેઓ અતિસૂક્ષ્મ હોવાથી વ્યવહાર પરમાણુ જ કહી શકે. જેના બે ટુકડા ન જ થાય તેવો પરમ અણુ તે પરમાણુ, એ તો હવે તેમને પણ બીજો જ કોઈ માનવો પડ્યો છે. વૈજ્ઞાનિકોએ શોધેલા કહેવાતા પરમાણુમાં પણ જ ઈલેક્ટ્રોન વગેરે છે તે પણ વસ્તુતઃ તો વ્યવહાર પરમાણુના જ પ્રકાર છે.

વિજ્ઞાનના ક્ષેત્રમાં એ વાત નિર્વિવાદતયા માન્ય થઈ છે કે પરમાણુવાદ એ યૂનાનની ભેટ છે. ડેમોક્રેટસ (Democritas) એ જ સંસારની પ્રથમ વ્યક્તિ હતી, જેણે એમ કહ્યું કે "આ સંસાર શૂન્ય આકાશ અને અદૃશ્ય, અવિભાજ્ય અને અનંતપરમાણુઓનું જ સ્વરૂપ છે. દૃશ્ય અને અદૃશ્ય તમામ સંગઠનો પરમાણુઓના સંયોગ અને વિયોગનાં જ પરિણામો છે."★ ડેમોક્રેટસ ઈ.પૂ. ૪૬૦માં જન્મ્યો અને ઈ.પૂ. ૩૭૦ સુધી જીવ્યો.

પરમાણુની પરિભાષા કરતાં ભગવાન્ મહાવીર કહે છે કે પરમાણુ પુદ્ગલ અવિભાજ્ય, અચ્છેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્યછે. કોઈ પણ તીક્ષ્ણાતિતીક્ષ્ણ શસ્ત્રોથી પણ તેના બે કટકા થઈ શકતા જ નથી.

આમ ડેમોક્રેટસ પરમાણુનું જે સ્વરૂપ બતાવે છે તે જ ભગવાન્ મહાવીર બતાવી ચૂક્યા છે. ભગવાન્ મહાવીરે પણ તેજ વાતો કહી છે જે ભગવાન્ પાર્શ્વનાથ કે ભગવાન્ આદિનાથે કહી છે, અને એ બંને ય ડેમોક્રેટસની પૂર્વે થઈ ગયા છે એ વાત પૂર્વે જણાવી દીધી છે.

પણ ડેમોક્રેટસે બતાવેલો પરમાણુ તો આજે તૂટી ગયો છે. જૈનદર્શનનો પરમાણુ અખણ્ડ હતો, આજે પણ તેમજ છે. વૈજ્ઞાનિકોનો પરમાણુ દૃષ્ટિગોચર થતો હતો, તેની ઉપર પ્રયોગ પણ કરી શકાતો હતો. જૈન દાર્શનિકો તો એ વાત જોરશોરથી કહી રહ્યા છે કે જે દૃષ્ટિગોચર થાય, જેની ઉપર પ્રયોગ થાય એ પરમાણુ જ નથી. એ તો અનંતપરમાણુનો એક સ્કન્ધમાત્ર છે. જે પરમાણુ હોય તેમાં મનુષ્ય કોઈ ક્રિયા કે ગતિ ઉત્પન્ન કરી શકતો જ નથી. હવે તો જેને પરમાણુ માનીને વૈજ્ઞાનિકો પાછળ પડ્યા હતા તે પરમાણુ જૈનદાર્શનિકોના કહેવા મુજબ એક સ્કન્ધ જ સાબિત થયો છે. કેમકે તે પરમાણુ હવે અચ્છેદ્ય, અભેદ્ય રહ્યો નથી. પહેલાં તો તેમાં ઈલેક્ટ્રોન, પ્રોટોન જણાયા. તેમણે તેને પરમ અણુ

★ The world consists of empty space and an infinite number of indivisible invisibly small atoms and that the appearance and disappearance of bodies was due to the union and separation of atoms.

– Cosmology, old and new. P. 6

માન્યા, પણ તેમાંય ખોટા પડ્યા. કેમકે પ્રોટોનમાં પણ એમને ન્યૂટ્રોન અને પ્રોજીટોન જણાયા. બેશક આજે તેમની દૃષ્ટિમાં અંતિમ ઈલેક્ટ્રોન જણાયો છે, પરંતુ હવે તેઓ તેને પરમ અણુ કહેવાનું સાહસ તો નહિ જ કરે. જૈન દર્શનાનુસાર તો એ ઈલેક્ટ્રોન પણ પરમાણુ નથી પરંતુ એક સ્કન્ધ જ છે કેમકે તેની ઉપર પણ મનુષ્યકૃત ક્રિયા થઈ શકે છે.

કદાચ આજે કોઈ વૈજ્ઞાનિક ઈલેકટ્રોનને પણ પરમાણુ કહી દે તો તેની વાત ઉપર લેશ પણ વિશ્વાસ મૂકી શકાય નહિ. કેમકે ગઈ કાલે જેને પરમાણુ કહ્યો હતો તે આજે તૂટી ગયો છે અને સ્કન્ધ સાબિત થયો છે તો ઈલેક્ટ્રોનમાં પણ તેમ જ કેમ ન બને ? ભલે, આજે તે અંતિમ અણુ જેવો દેખાતો હોય પરંતુ આવતી કાલ જરૂર એવી આવશે, જ્યારે ઈલેક્ટ્રોન પણ તૂટી ગયો હશે.

વૈજ્ઞાનિકો પોતાના પ્રયોગો ઉપર કેટલો અંધવિશ્વાસ ધરાવે છે કે તેઓ તરત જ પોતાની સિદ્ધિને પરમશુદ્ધ સત્ય તરીકે નવાજી દે છે. છતાં આવા વૈજ્ઞાનિકો ઉપર અંધવિશ્વાસ રાખનારાઓની પણ એક દુનિયા આજે પણ છે, જેઓ વૈજ્ઞાનિકોના ભૂલભરેલા ભૂતકાળને કદાચ જાણે તો પણ જૈનદર્શનનાં સ્થિર પ્રતિપાદનો તરફ શિર ઝુકાવી ન દેતાં એ વૈજ્ઞાનિકોને જ વધાવતા રહેવાના.

શાસ્ત્ર ઉપરની શ્રદ્ધા અંધવિશ્વાસ કહેવાય છે અને સદાના અજ્ઞાની એવા વૈજ્ઞાનિકો ઉપર પૂર્ણ વિશ્વાસ મૂકી દેનારા નવા ભણતરના બુદ્ધિજીવીને અન્ધવિશ્વાસુ કહીએ તો ?

હાય ! ખોટું લાગી જાય છે !

●

૨૦. સોળ મહાવર્ગણા

જૈન દર્શનકારોએ પરમાણુ અને સ્કંધ અંગે એટલી બધી સૂક્ષ્મતા સુધી ખેડાણ કરી નાંખ્યું છે કે એ જાણીને આજના સમર્થ વૈજ્ઞાનિકો પણ હેરત પામી જાય.

જગતમાં જે કાંઈ દૃષ્ટિમાં, ઉપયોગમાં, વ્યવહારમાં આવે છે તે બધા સ્કંધ જ છે. પરંતુ સ્કંધો પણ એકજ પ્રકારના હોતા નથી. પરમાણુના બનેલા સ્કન્ધોના સમૂહોના બધુ મળીને ૨૬ પ્રકાર થાય છે. અહીં તો આપણે તેમાંના ૧૬ પ્રકારોનો જ વિચાર કરીશું.

પરમાણુનો ક્યા પરમાણુ સાથે સંબંધ થાય ? તે આપણે સ્નિગ્ધતા-રુક્ષતાના સ્પર્શવિચારમાં જોયું.

ઔદારિક અગ્રહણ પહેલી મહાવર્ગણા :

જગતમાં કોઈપણ પરમાણુ સાથે જેનો સંબંધ થયો નથી તેવા અકેકા-છૂટા-અનંત પરમાણુની પ્રથમ વર્ગણા થાય. આ છૂટા પરમાણુ આપણને અદૃશ્ય તથા અગ્રાહ્ય હોય છે.

જગતમાં બે બે પરમાણુના બનેલા અનંત સ્કન્ધોની બીજી વર્ગણા થાય. એમ ૩-૩ પરમાણુની ત્રીજી, ૪-૪ પરમાણુના અનંત સ્કંધની ચોથી, યાવત્ અનંત પરમાણુનો એક સ્કંધ, એવા અનંત સ્કંધની અનન્તમી વર્ગણા થાય. આ અનંત વર્ગણાને એક મહાવર્ગણા કહેવાય. આ મહાવર્ગણાની એક પણ વર્ગણાનો એકપણ સ્કંધ કોઈપણ જીવના ઉપયોગમાં આવી શકતો નથી કેમકે જીવને ઉપયોગમાં લેવા માટે જેટલી સ્કંધ-સૂક્ષ્મતા જરૂરી છે તેના કરતાં આ મહાવર્ગણાની કોઈપણ વર્ગણાનો કોઈપણ સ્કંધ વધૂ સ્થૂલ પડે છે. એટલે જ આ પહેલી મહાવર્ગણા અગ્રહણ મહાવર્ગણા કહેવાય છે. મનુષ્ય અને તિર્યંચોને ખાસ કરીને જે ઉપયોગમાં આવે છે તે પુદ્ગલોને ઔદારિક કહેવામાં આવે છે માટે આ મહાવર્ગણાને ઔદારિક અગ્રહણ મહાવર્ગણા કહેવામાં આવે છે.

બીજી ઔદારિક ગ્રહણ મહાવર્ગણા :

ઔદારિક અગ્રહણ મહાવર્ગણાની છેલ્લી વર્ગણા જેટલા અનંત પરમાણુના સ્કંધોની બની હતી તેમાં એક પરમાણુ ઉમેરીને જેટલા અનંત પરમાણુ થાય તેટલા અનંત પરમાણુનો એક સ્કંધ એવા અનંત સ્કંધોની જે વર્ગણા બને તેને મનુષ્ય-તિર્યંચના જીવો ગ્રહણ કરી શકે છે. અનંત પરમાણુ પણ એક પરમાણુ વધતાં બનેલા અનંત સ્કંધોની જે બીજી વર્ગણા બને છે તેને પણ તે જીવો ગ્રહણ કરી શકે છે. એમ એકેકો પરમાણુ વધતાં અનંત સ્કંધોની બનેલી ત્રીજી, ચોથી યાવત્ અનંત વર્ગણા થાય એ બધી વર્ગણાના સમૂહને ઔદારિક ગ્રહણ મહાવર્ગણા કહેવાય.

ત્રીજી વૈક્રિય અગ્રહણ મહાવર્ગણા :

ત્યાર પછીની વર્ગણામાં અનંત સ્કંધોમાંના પ્રત્યેક સ્કંધમાં એક પરમાણુ વધી જાય છે એ પછી એકેક પરમાણુ વધતાં વધતાં અનંત વર્ગણાઓ થાય. આ બધી વર્ગણાઓના સ્કંધો નથી તો ઔદારિક શરીરવાળા મનુષ્ય-તિર્યંચો ગ્રહણ કરી શકતા કેમકે તેમને તે સૂક્ષ્મ પડે છે, અને નથી તો વૈક્રિય શરીરવાળા દેવ-નારકો કે લબ્ધિધર માનવો વગેરે ગ્રહણ કરી શકતા કેમકે તેમને તે વધુ સ્થૂલ પડી જાય છે. જેમ જેમ સ્કંધમાં પરમાણુ-સંખ્યા વધે તેમ તેમ તે વધુ સક્ષ્મ બને. આથી જ અનંત વર્ગણાની બનેલી આ મહાવર્ગણાને વૈક્રિય અગ્રહણ મહાવર્ગણા કહેવાય છે.

ચોથી વૈક્રિય ગ્રહણ મહાવર્ગણા :

વૈક્રિય અગ્રહણ મહાવર્ગણાની છેલ્લી વર્ગણાના સ્કન્ધમાં જેટલા (અનંત) પરમાણુ હોય તેમાં એક વધતાં તે વૈક્રિય ગ્રહણની પહેલી વર્ગણા બને પછી એક એક પરમાણુ વધતાં જતાં અનંતી વૈક્રિય ગ્રહણ વર્ગણા બને. એ બધી વર્ગણાની એક વૈક્રિય ગ્રહણ મહાવર્ગણા બને. આ મહાવર્ગણાના સ્કંધો વૈક્રિય શરીરધારી દેવ-નારક તથા લબ્ધિધર માનવોના ઉપયોગમાં આવે છે.

પાંચમી આહારક અગ્રહણ મહાવર્ગણા :

વૈક્રિય ગ્રહણ મહાવર્ગણાની છેલ્લી વર્ગણાના સ્કંધોમાં જેટલા

પરમાણુ હોય તેનાથી પછીની વર્ગણામાંના પ્રત્યેક સ્કંધમાં એક પરમાણુના વૃદ્ધિવાળી બનેલી આહારક અગ્રહણ પહેલી વર્ગણા થાય. ત્યારબાદ એકેક પરમાણુ વધતાં અનુક્રમે બીજી, ત્રીજી વગેરે વર્ગણા થાય. એવી અનંતી વર્ગણાની આ એક મહાવર્ગણા બને. આ મહાવર્ગણના સ્કંધો વૈક્રિય પુદ્ગલની રચના માટે વધુ સૂક્ષ્મ પડવાથી વૈક્રિય અને આહારક બંનેય ગ્રહણ કરતા નથી.

હવે આ જ રીતે આગળની મહાવર્ગણામાં સમજી લેવું.

છઠ્ઠી આહારક ગ્રહણ મહાવર્ગણા :

ચતુર્દશ પૂર્વોનો જેમણે અભ્યાસ કર્યો છે એવો મુનિઓ, મનમાં કોઈ સંશય પડે ત્યારે તેના નિરાકરણ માટે પોતાની વિશિષ્ટ શક્તિથી આહારક શરીરની રચના કરે છે. આ શરીર એકજ હાથનું હોય છે. આંખના પલકારા જેટલા સમયમાં તે શરીર અગણિત માઈલો કાપી નાખીને જ આ પૃથ્વી ઉપર આવેલ મહાવિદેહ નામના ક્ષેત્રમાં રહેલા ભગવાન્ સીમંધર સ્વામીજી પાસે પહોંચી જાય છે. ત્યાં સંશય પ્રગટ કરે છે. ભગવાન્ તેનો ઉત્તર આપે છે તે લઈને એ શરીર ફરી તે મુનિ પાસે આવી જાય છે. એ શરીરમાં મુનિનો જ આત્મા પ્રવેશ પામતો હોય છે. આત્માનો એક છેડો મુનિના પોતાના શરીરમાં અને બીજો છેડો તેણે બનાવેલા આહારક શરીરમાં રહે છે. જેમ જેમ એ શરીર દૂર જતું જાય છે તેમ તેમ આત્મા લંબાતો જાય છે.

આવું આહારક શરીર ભગવાનની સમૃદ્ધ જોવાના કુતૂહલથી પણ એ મુનિઓ બનાવે છે. આ શરીરના માટે જરૂરી સ્કંધો પ્રસ્તુત આહારક ગ્રહણ મહાવર્ગણામાંથી લેવામાં આવે છે.

સાતમી તૈજસ અગ્રહણ મહાવર્ગણા :

આઠમી તૈજસ ગ્રહણ મહાવર્ગણા :

ખાધેલા આહાર વગેરેને પકવવામાં, તેજોલેશ્યા વગેરે મૂકવામાં કારણભૂત શરીરને તૈજસ શરીર કહેવાય છે. જેને આપણે શરીરમાં રહેલો જઠરાગ્નિ કહીએ છીએ તે વસ્તુતઃ આ તૈજસ શરીર છે.

આ તૈજસ શરીર એટલે આત્માની સાથે વળગેલી એક ભઠ્ઠી. આ ભઠ્ઠી જીવે લીધેલા ખોરાકને ખેંચે છે અને ખોરાકથી એ ટકે છે. તમામ સંસારી (કર્મયુક્ત) જીવને આ ભઠ્ઠી સર્વદા સાથે જ હોય છે.

મૃત્યુ પામેલા પ્રાણીના બાહ્ય શરીરમાં તૈજસ શરીર હોતું નથી. કેમકે તે તો દેહને છોડીને ચાલ્યા ગયેલા આત્માની સાથે જ સંબંધ ધરાવતું હોવાથી ચાલી ગયું હોય છે. આથી અમુક ભાઈ મૃત્યુ પામ્યા છે કે નહિ તે જાણવા માટે મસ્તક ઉપર થીજેલું ઘી મૂકીને શરીરમાં ગરમી છે કે નહિં એ તપાસાય છે. જો ઘી પીગળે જ નહિં તો કલ્પી લેવામાં આવે છે કે જીવાત્મા એ દેહ છોડીને ચાલ્યો ગયો છે.

જૈનદર્શનમાં તૈજસ શરીરની જે વાતો કહી છે તે આધુનિક વૈજ્ઞાનિકો પણ હવે તો માન્ય કરવા લાગ્યા છે. શરીર વિજ્ઞાનના જાણકારો કહે છે કે શરીરમાં 'હાઈપોથૈલ્મસ' નામનું એક એવું યંત્ર રહે છે, જે ગરમીના પ્રમાણને નિયંત્રિત કરે છે. એ યંત્ર દ્વારા શરીર ભારે દક્ષતાપૂર્વક કામ કરતું રહે છે. શરીરના તાપમાનનું સંતુલન પણ એ રાખે છે. પરંતુ જ્યારે શરીરમાં વિકારો પૂરતા પ્રમાણમાં વધી જાય છે ત્યારે 'હાઈપોથૈલ્મસ'ના હાથ બહારની એ વાત બની જાય છે.

આવા તૈજસ શરીર માટે જરૂરી પુદ્ગલસ્કન્ધો જે વર્ગણામાંથી લેવામાં આવે છે તે તૈજસગ્રહણ મહાવર્ગણા કહેવાય છે. અમુક પ્રકારના વિશિષ્ટ તપથી એવી એક શક્તિ જન્મે છે, જેને તેજોલેશ્યા વગેરે કહેવાય છે. એ શક્તિથી તે માણસ બીજાને બાળીને ભસ્મ કરી શકે છે. આવી તેજોલેશ્યા વગેરેમાં પણ આ તૈજસ શરીર જ નિમિત્ત કારણ બને છે.

નવમી ભાષા માટે અગ્રહણ મહાવર્ગણા :
દસમી ભાષા માટે ગ્રહણ મહાવર્ગણા :

જૈન દર્શનકારો શબ્દને (ભાષાને) પુદ્ગલ (matter)માને છે, એ વાત આપણે આગળ ચર્ચીશું. શબ્દ-પુદ્ગલ માટે જરૂરી સ્કન્ધો કરતાં વધુ સ્થૂલ પડી જતા સ્કંધોની મહાવર્ગણાને ભાષા અગ્રહણ મહાવર્ગણા કહેવાય છે અને શબ્દપુદ્ગલમાં રૂપાંતર કરવા માટે બરોબર અનુકૂળ આવતા (જોઈએ તેવાજ) પુદ્ગલસ્કન્ધોવાળી ભાષાગ્રહણ મહાવર્ગણા કહેવાય છે.

અગિયારમી શ્વાસોચ્છવાસ અગ્રહણ મહાવર્ગણા :
બારમી શ્વાસોચ્છવાસ ગ્રહણ મહાવર્ગણા :

જીવ માત્ર જે શ્વાસોચ્છવાસ લે છે તે પણ એક પ્રકારના ખૂબજ સુક્ષ્મ પુદ્ગલસ્કન્ધો છે. શ્વાસોચ્છવાસરૂપે બનાવવા માટે જરૂરી પુદ્ગલસ્કન્ધ કરતાં જે વધુ સ્થૂલ છે અને તેથી જ જેમાંથી શ્વાસોચ્છવાસ પુદ્ગલો બની શકતા નથી તે પુદ્ગલસ્કન્ધોની મહાવર્ગણાને શ્વાસોચ્છવાસ અગ્રહણ મહાવર્ગણા કહેવાય. જેમ એ મહાવર્ગણાના પુદ્ગલસ્કન્ધ વધુ સ્થૂલ પડી જવાથી શ્વાસોચ્છવાસમાં રૂપાંતર કરવા માટે નકામા થઈ જાય છે તેમ તે મહાવર્ગણાના તમામ પુદ્ગલસ્કંધો પૂર્વોક્ત ભાષા પુદ્ગલસ્કંધ બનાવવા માટે જરૂરી સૂક્ષ્મતા કરતાં વધુ સૂક્ષ્મ હોવાથી ભાષામાં રૂપાંતર કરવા માટે પણ નકામા થઈ જાય છે. એટલે આ મહાવર્ગણા પૂર્વના ભાષાપુદ્ગલ માટે પણ (શ્વાસોચ્છવાસની જેમ) અગ્રહણ મહાવર્ગણા જ કહેવાય, આ રીતે દરેક અગ્રહણ મહાવર્ગણામાં સમજી લેવું. હવે જેમાંથી શ્વાસોચ્છવાસ પુદ્ગલસ્કંધમાં રૂપાંતર થઈ શકે તે શ્વાસોચ્છવાસ ગ્રહણ મહાવર્ગણા કહેવાય છે. આ મહાવર્ગણાના પુદ્ગલસ્કંધો એવા છે કે તેમાંથી શ્વાસોચ્છવાસ બનવા માટે જેટલી જરૂરી સ્થૂલતા કે સૂક્ષ્મતા છે તેટલી જ તેમનામાં છે.

તેરમી મન અગ્રહણ મહાવર્ગણા :
ચૌદમી મન ગ્રહણ મહાવર્ગણા :

મનના બે પ્રકાર છે : દ્રવ્યમન અને ભાવમન. જૈન દાર્શનિકો એમ માને છે કે મનવાળો આત્મા કોઈપણ વસ્તુનું જ્યારે ચિંતન કરે છે ત્યારે તે વસ્તુના આકારવાળી જ આકૃતિ તે આત્મા ઉપર બની જાય છે. આ આકૃતિ બનાવવા માટે જરૂરી પુદ્ગલસ્કન્ધોને એ આત્મા જેમાંથી લે છે તે મનગ્રહણ મહાવર્ગણા છે. દરેક આત્મા આ રીતે જે વસ્તુનો વિચાર કરે ત્યારે તે વસ્તુની આકૃતિવાળું આવું દ્રવ્યમન, મનગ્રહણ-મહાવર્ગણાના પુદ્ગલસ્કન્ધો લઈને બનાવે છે. આવું દ્રવ્યમન બનાવવા માટે જરૂરી સ્થૂલતા કરતાં પણ વધુ સ્થૂલતા જે પુદ્ગલસ્કન્ધોમાં છે તે પુદ્ગલસ્કન્ધોને મનરૂપે બનાવવા માટે આત્મા ગ્રહણ કરતો ન હોવાથી તેને મન-અગ્રહણ

મહાવર્ગણા કહેવામાં આવે છે. આ રીતે દ્રવ્યમન બનાવ્યા પછી તેનું અવલંબન લઈને આત્મા જે ચિંતન કરે છે તે જ ભાવમન છે. આત્મા અને ભાવમન એકજ છે.

પંદરમી કર્મ અગ્રહણ મહાવર્ગણા :

સોળમી કર્મ ગ્રહણ મહાવર્ગણા :

જેના કારણે જીવાત્માનું પોતાનું અનુપમ સ્વરૂપ ઢંકાઈ ગયું છે તે કર્મ કહેવાય છે. કર્મ બે પ્રકારનાં છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. કર્મ મહાવર્ગણાના પુદ્ગલસ્કન્ધોને દ્રવ્યકર્મ કહેવાય છે, જ્યારે આત્મા એ કર્મને પોતાની ઉપર ચોંટાડવા પૂર્વે જે રાગ-દ્વેષ વગેરે કરે છે તેને ભાવકર્મ કહેવાય છે. જ્યારે જ્યારે આત્મા જીવ કે જડ ઉપર રાગદ્વેષ કરે છે ત્યારે તેની ઉપર કર્મ ગ્રહણ મહાવર્ગણાના પુદ્ગલસ્કંધો ચોંટી ગયેલા આ પુદ્ગલસ્કંધને જ (દ્રવ્ય) કર્મ કહેવાય છે. કર્મરૂપે બનવામાં જરૂરી સ્થૂલતાથી કાંઈક અધિક સ્થૂલતા જેમનામાં છે તે પુદ્ગલસ્કંધોની મહાવર્ગણાને કર્મ-અગ્રહણ મહાવર્ગણા કહેવાય છે. અથવા તો તેને મન-અગ્રહણ મહાવર્ગણા પણ કહેવાય છે. કેમકે તે મહાવર્ગણાના પુદ્ગલસ્કંધોમાં મન જેવા પુદ્ગલસ્કંધ માટે જરૂરી સૂક્ષ્મતા કરતાં કાંઈક વધુ સૂક્ષ્મતા છે.

જૈન દાર્શનિકોએ આ સોળ મહાવર્ગણા ઉપરાંત હજી વધુ સૂક્ષ્મ સૂક્ષ્મતર થતી જતી બીજી દસ મહાવર્ગણાઓ કહી છે, પરંતુ અત્રે તે અપ્રસ્તુત હોવાથી આપણે લેતા નથી.

આ વિચારણા ઉપરથી સમજી શકાશે કે મનુષ્ય તિર્યંચને ઉપયોગમાં આવતી નાનામાં નાની રજકણ પણ જે પહેલી ઔદારિક મહાવર્ગણાના પુદ્ગલોમાંથી રૂપાન્તર પામી છે તે પણ અનન્ત પરમાણુના પુદ્ગલસ્કંધની જ બનેલી છે. એટલે જેની ઉપર ક્રિયા થઈ શકે, જેને માનવ છેદી શકે, જેને યંત્રથી પણ જોઈ શકે તે ઈલેક્ટ્રોન પણ કાં ન હોય છતાં જૈન દાર્શનિકો તેને પણ અનંત પરમાણુનો ઔદારિક મહાવર્ગણાનો એક સ્કંધ જ માને છે. આ ઔદારિક પુદ્ગલસ્કંધ કરતાં ઉત્તરોત્તરના ભાષા, શ્વાસોચ્છવાસ અને મન વગેરે પુદ્ગલસ્કંધો તો ઘણાં ઘણાં સૂક્ષ્મ છે એ વાત હવે સ્પષ્ટ થઈ જશે.

●

૨૧. શબ્દ-અન્ધકાર-છાયા

શબ્દ :

સોળ મહાવર્ગણા વિચારતાં આપણે જોઈ ગયા કે ભાષા (શબ્દ) પણ ભાષામહાવર્ગણાના પુદ્ગલ-સ્કંધોનો જ પરિણામ છે. જૈનદર્શનકારો શબ્દને પૌદ્ગલિક (matter) કહે છે.• પરંતુ ભારતના બીજા બધા દાર્શનિકોએ આ વાત માન્ય કરી નથી. કેટલાકો આકાશમાંથી શબ્દની ઉત્પત્તિ માને છે તો સાંખ્ય જેવા દાર્શનિકો શબ્દમાંથી આકાશની ઉત્પત્તિ માને છે. આકાશ અમૂર્ત હોવાથી એનો ગુણ શબ્દ પણ અમૂર્ત જ હોય તેવું વેદાન્તીઓનું મંતવ્ય છે. આ બધાની સાથે જૈન દાર્શનિકોએ વિચારણા કરી છે. તેના અંગે મોટા વાદો પણ ગ્રંથસ્થ થયેલા છે. જૈન દાર્શનિકોનું એ સ્પષ્ટ મંતવ્ય છે કે વિદ્યમાન અણુઓના ધ્વનિરૂપ પરિણામ એ શબ્દ છે. તે અરૂપી (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો) નથી તેમજ અભૌતિક નથી કેમકે તે શ્રોત્રેન્દ્રિયનો વિષય છે જે કોઈ વસ્તુ ઈન્દ્રિયગ્રાહ્ય હોય તે અવશ્ય મૂર્ત હોય અને પૌદ્ગલિક હોય. પરમાણુ સ્વયં અશબ્દ છે. શબ્દ તો અનેક સ્કંધોના સંઘર્ષથી ઉત્પન્ન થાય છે એથી જ શબ્દ એ સ્કન્ધપ્રભવ કહેવાય છે.

ભલે અન્ય દાર્શનિકોએ શબ્દને પૌદ્ગલિક ન માન્યો પરંતુ હવે તો વૈજ્ઞાનિકોએ શબ્દને પૌદ્ગલિક-માટે જ પકડી શકાય તેવો સિદ્ધ કરી દીધો છે. રેડિયોમાં, રેકોર્ડમાં, માઈકમાં શબ્દ પકડાય છે એ વાત તો હવે નાનું બાળક પણ જાણે છે. વૈજ્ઞાનિકોની આ સિદ્ધિ જૈન દાર્શનિકોની માન્યતાને સચોટ સમર્થન આપે છે. એટલું જ નહિ પણ શબ્દ અંગેની બીજી પણ બે માન્યતાને આધુનિક વૈજ્ઞાનિકોએ સંપૂર્ણ સમર્થન આપી દીધું છે.

જૈનાગમોમાં કહ્યું છે કે તીવ્ર પ્રયત્નથી નીકળેલો શબ્દ ૩-૪ સેકંડમાં જ વિશ્વમાં વ્યાપતો વ્યાપતો વિશ્વના અંતભાગમાં (લોકના અંતે) પહોંચી

• **अकारादिः पौद्गलिको वर्णः ।** —પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર

જાય છે. આ વાત પણ આજે સિદ્ધ થઈ ચૂકી છે. અમેરિકાથી પ્રસારિત થતા શબ્દો તે જ સેકંડે મુંબઈમાં સંભળાય છે એ વાત આના પુરાવા રૂપે જ છે.

વળી હવે તો વૈજ્ઞાનિકો એમ પણ કહે છે કે "અમે કૃષ્ણના કે જિસસ ક્રાઈસ્ટના પોતાના મુખેથી બોલાયેલા શબ્દોને પણ પકડશું." આવતી કાલે ગમે તે બને, પણ જો સાચે જ કોઈ યન્ત્રની મદદથી એ શબ્દો પકડાય તો પણ તેમાં જૈનદર્શનના મર્મોનો જાણકાર જરાય નવાઈ પામે તેવું નથી. કેમકે જિનાગમોમાં જણાવવામાં આવ્યું છે કે મુખ વગેરેમાંથી નીકળેલા શબ્દના પુદ્ગલ સ્કન્ધો આગળ વધતા વધતા આજુબાજુના અનેક સ્કન્ધોને એજ શબ્દરૂપે વાસિત કરતા જાય છે. એવા પુદ્ગલસ્કંધો અસંખ્યકાળ સુધી આકાશમાં પડ્યા રહી શકે છે. એટલે જો એ રીતે રહેલા કૃષ્ણ કે ક્રાઈસ્ટના બોલાયેલા શબ્દપુદ્ગલ સ્કંધોને વૈજ્ઞાનિકો પકડી શકે તો તેમાં જરાય નવાઈ પામવા જેવું તો ન જ કહી શકાય.

એક વાત અહીં ખ્યાલમાં રાખવી કે વૈજ્ઞાનિકો શબ્દને શક્તિરૂપ માને છે. પરંતુ શક્તિ અને પુદ્ગલ (matter)ને હવે તેઓ એક સ્વરૂપનાં બે પાસાં માનતા હોવાથી શબ્દને પણ શક્તિ કહેવા છતાં વસ્તુતઃ તો તે પુદ્ગલસ્વરૂપ જ બની રહે છે.

અન્ધકાર :

હજી સુધી નૈયાયિકો વગેરે અંધકારને તેજના અભાવસ્વરૂપ જ માને છે. માત્ર જૈનદાર્શનિકો અંધકારને શબ્દની જેમ પૌદ્ગલિક માનતા આવ્યા છે. તેમના જણાવવા મુજબ અંધકાર એ વસ્તુને જોવામાં બાધાં કરનારા અને પ્રકાશના વિરોધી એવા પુદ્ગલના સમૂહોની જ એક અવસ્થા વિશેષ છે.• અન્યત્ર પણ કહ્યું છે કે કૃષ્ણ વર્ણબહુલ પુદ્ગલનો પરિણામ તે જ અંધકાર છે, અંધકાર એ પ્રકાશનું પ્રતિપક્ષી છે અને વસ્તુની અદૃશ્યતાનું કારણ છે. અંધકારમાં વસ્તુઓ દેખી શકાતી નથી તેનું કારણ એ છે કે વસ્તુનું રૂપ તે અંધકારના પરમાણુ સમૂહથી ઢંકાઈ જાય છે. આંખની ઉપર કાળું કપડું આવી જતાં જેમ આંખ દેખાતી નથી તેમ વસ્તુ ઉપર અંધકારના

• दृष्टिप्रतिबन्धकारणं च प्रकाशविरोधि ।

કાળા પુદ્ગલો છાઈ જતાં તે વસ્તુ દેખાતી નથી. જ્યારે અંધકારના એ કાળા પુદ્ગલસ્કંધો ઉપર સૂર્ય, દીપક વગેરેનાં પ્રકાશ કિરણો ફેલાઈ જાય છે ત્યારે અંધકારના તે પુદ્ગલસ્કંધોનું વસ્તુને આચ્છાદિત કરવાનું (ન દેખાવા દેવાનું) સામર્થ્ય હણાઈ જાય છે એટલે તે પુદ્ગલસ્કંધો વિદ્યમાન હોવા છતાં વસ્તુઓ દેખાવા લાગે છે. વળી પાછા જ્યારે પ્રકાશકના જવાથી પ્રકાશ કિરણો દૂર થઈ જાય છે ત્યારે પેલા અંધકારના પુદ્ગલસ્કંધો ફરી વસ્તુઓને આચ્છાદિત કરી દે છે. આમ જે પુદ્ગલસ્કંધો પ્રકાશસ્વરૂપ પર્યાયને પામ્યા હતા તે પાછા અંધાકરસ્વરૂપ પર્યાયને પામી જાય છે. અને તેથી જ પ્રાણીઓને વસ્તુઓ દેખાડવામાં સહાયક બનતા નથી.

છાયા :

શબ્દ અને અંધકારની જેમ છાયા-પ્રતિબિંબને પણ જૈન દાર્શનિકોએ પુદ્ગલ પર્યાય કહ્યો છે. પ્રકાશના આવરણને છાયા અથવા પ્રતિબિંબ કહેવાય છે, જેને સ્પર્શ વગેરે હોય તે અવશ્ય પુદ્ગલ સ્વરૂપ હોય એ નિયમાનુસાર શીત સ્પર્શવાળી છાયા પણ પુદ્ગલસ્વરૂપ સિદ્ધ થાય છે.

લીમડા વગેરે વૃક્ષોની છાયા શીત હોય છે તે વાત સહું કોઈ જાણે છે.

છાયાના વિષયના જૈન દાર્શનિકો કહે છે કે, સર્વ પ્રકારની ઈન્દ્રિયગમ્ય સ્થૂળ વસ્તુ ચય-અપચય સ્વભાવવાળી હોય છે અને કિરણોવાળી હોય છે. દરેક વસ્તુમાંથી આવાં જે કિરણો છૂટે છે તે જ તે તે સ્થાને પ્રતિબિંબિત થાય છે, જેને છાયા કહેવામાં આવે છે.

છાયા-પુદ્ગલના કિરણો જો અભાસ્વર (અન્યને પ્રકાશિત નહિ કરનાર) વસ્તુમાં પડેલાં હોય તો તે પોતાના સંબંધના દ્રવ્યની આકૃતિને ધારણ કરતાં કાંઈક શ્યામરૂપે પરિણામ થાય છે. (દા.ત. દિવસે કે રાત્રે પૃથ્વી ઉપર મનુષ્યાદિની છાયા) અને જો તે છાયા-પુદ્ગલો ભાસ્વર દ્રવ્યમાં પ્રતિબિંબિત થયેલા હોય તો તેઓ સ્વસંબંધિત દ્રવ્યના આકારને ધારણ કરે છે તથા સ્વસંબંધી દ્રવ્યના કૃષ્ણ-નીલ-શ્વેત વગેરે વર્ણને પણ ધારણ કરે છે. ટૂંકમાં, ભાસ્વર પદાર્થમાં છાયા પુદ્ગલો સ્વસંબંધિત દ્રવ્યની આકૃતિ અને વર્ણ બેય રૂપે પરિણમે છે. (દા.ત., અરીસામાં મનુષ્યનું છાયા પ્રતિબિંબ.) આ ઉપરથી સમજાય છે કે અભાસ્વર પદાર્થમાં

પડેલી છાયા તે દિવસે કાંઈક કૃષ્ણરૂપે અને રાત્રે કૃષ્ણરૂપે હોય છે. અને ભાસ્વર પદાર્થમાં પડેલી છાયા તે વસ્તુના પોતાના જ વર્ણ જેવી હોય છે.

આજે હવે આ વાતો વૈજ્ઞાનિકો સિદ્ધ કરી ચૂક્યા છે. અતિ દૂર અને અન્ય પદાર્થોના અંતરે રહેલ પદાર્થોને પણ તદાકારે અને તે જ વર્ણસ્વરૂપે પિંડિત બનાવીને તેની પ્રતિચ્છાયા જોઈ શકાય એવી શોધો થઈ ચૂકી છે, જેને 'ટેલિવિઝન' કહેવાય છે. જેમ રેડિયો યંત્ર દ્વારા શબ્દને ગ્રહણ કરીને વિદ્યુત્પ્રવાહથી તેને આગળ વધારીને હજારો માઈલ દૂર સુધી તે શબ્દ પહોંચાડી શકાય છે તે જ રીતે ટેલિવિઝન યંત્ર દ્વારા પણ પ્રસરણશીલ પ્રતિચ્છાયાને ગ્રહણ કરીને એને વિશેષ પ્રયત્નો દ્વારા પ્રવાહિત કરીને હજારો માઈલ દૂર મોકલે છે.

દૂરવીક્ષણનું આ ખૂબ જટિલ કાર્ય છે. એમાં અભિનેતાના પ્રતિબિંબના લાખો રૂપકો બને છે, તેઓ આકાશમાં ફેલાય છે, સંગ્રાહક યંત્ર વડે પુનઃ જોડાય પણ છે અને છેવટે અસલી પ્રતિબિંબરૂપે રજૂ થાય છે. એની વચ્ચે તે અનેક સંસ્કારોમાંથી પસાર થાય છે. આ રીતે પ્રતિબિંબ એ પુદ્ગલ પરમાણુઓની જ એક અવસ્થા હોવાનું સિદ્ધ થાય છે.

કેમેરાની પ્લેટ ઉપર ફોટો ખેંચાવનારનું છાયા-પ્રતિબિંબ જ સંગૃહીત બને છે ને ?

એક જગાએ બેઠેલો માણસ તે જગાએથી ખસી જાય ત્યાર પછી પણ અડધા કલાક સુધીમાં તે જગાને કેમેરાનું લક્ષ બનાવીને તે માણસ વિના તેની બેઠેલી મુદ્રાનો ફોટો લેવાતો હોવાનું સાંભળ્યું છે. આ વસ્તું પણ એજ વાત સાબિત કરે છે કે માણસના ઊઠી ગયા પછી પણ તેના શરીરમાંથી છૂટેલા છાયા-પુદ્ગલો ત્યાં જ સંગૃહીત થઈને રહ્યા હતા તે જ છાયા-પુદ્ગલો કેમેરાની ઉપર પ્રતિબિંબિત થયા.

જૈનદાર્શનિકો કહે છે કે બાદરપરિણામી પુદ્ગલસ્કંધોમાં પ્રતિસમય જળના ફુવારાની માફક આઠસ્પર્શી પુદ્ગલસ્કંધોનું વહન ચાલુ જ રહે છે. તે એટલા બધા સૂક્ષ્મ હોય છે કે આપણે તેને જોઈ શકતા નથી. તો પણ તે પુદ્ગલસ્કંધનો સમુદાય, પ્રકાશ વગેરેના નિમિત્ત દ્વારા, અગર કોઈ વૈજ્ઞાનિક પ્રયોગ દ્વારા તદાકાર પિંડિત થઈ જાય છે ત્યારે જ આપણે તેને

જોઈ શકીએ છીએ, અને તેને છાયા-પ્રતિબિંબના નામે ઓળખીએ છીએ.

આ પુદ્ગલસ્કંધોને અંગ્રેજીમાં 'મેગ્નેટિક ફલ્યુર્ડ' કહેવાય છે. વિશ્વના સ્થૂલ પરિણામી પદાર્થોમાંથી નજરે ન દેખાય તેવું પ્રવાહી જેવું એ સૂક્ષ્મ દ્રવ્ય છે.

આયુર્વેદમાં અમુક ચેપી રોગથી દૂર રહેવાનું જે કહેવામાં આવ્યું છે તેનું પણ આજ રહસ્ય છે કે રોગીના શરીરમાંથી નીકળતી છાયાના અણુઓ, પાસે બેસેલાની ઉપર અસર કરે છે.

મહાપુરુષના ચરણાદિના સ્પર્શ કરવા કે તેની પાસે બેસવા પાછળ પણ તેમના છાયા-પુદ્ગલોની પવિત્રતાની સ્પર્શના જ કારણ હશે ને ?

જે સ્ત્રીને અટકાવ (M.C.) આવે છે તેને ભારતની આર્ય સંસ્કૃતિ મુજબ ત્રણ દિવસ સુધી બધી પ્રવૃત્તિથી દૂર થઈને કોઈને પણ સ્પર્શ સુદ્ધાં કર્યા વગર એક ખૂણે બેસી રહેવાનું હોય છે એનું પણ આ જ કારણ છે કે તેવી સ્ત્રીમાંથી નીકળતા દ્રવ્યનો ગુણ તામસ ભાવ ઉત્પન્ન કરે છે. જો તે લોટ બાંધે તો તેના અંગોમાંથી વહેતું દ્રવ્ય તે લોટને તામસગુણી બનાવે. તેવો લોટ ખાનાર વ્યક્તિ પણ તામસભાવવાળી બને. એવી સ્ત્રીના પડછાયાથી વડી, પાપડ વગેરેમાં વિકૃતિ આવી ગયાના દાખલાઓ તો ઘણાંને પ્રત્યક્ષ થયા છે.

પ્રાચીન લેખક 'પ્લીની' કહે છે કે માસિક ધર્મવાળી સ્ત્રીની હાજરીથી દારૂ પણ બગડી જતો હતો, ઝાડ ઉપરના ફળ ખરી પડતાં હતા. કાચાં ફળ સુકાઈ જતાં હતાં, ઝાડ વાંઝિયાં થઈ જતાં બુઢ્ઢા થતા પિત્તળ ઉપર કાટ ચડી જતો.

વીએના યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડો. સીકીએ મેડિકલ રિવ્યૂમાં એક નોંધ આપતાં કહ્યું છે કે "રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ જીવંત સૃષ્ટિ ઉપર ખૂબ જ માઠી અસર કરે છે. આર્ત્તવદર્શનનું ઝેર રજસ્વાલાના શ્વાસોચ્છવાસમાં નથી પરંતુ એના પરસેવામાં છે, જે લોહીના લાલ રજકણોમાં જોવા મળે છે. પસીનો અને રક્તકણો દ્વારા આ ઝેર બહાર આવે છે. એની વિશિષ્ટ સ્થિતિ તો એ છે કે એ ઝેર શરીરમાં ૧૦૦ ડીગ્રીએ ઊકળતા પાણીમાં પણ નાશ પામતું નથી. ગરમીમાં રાખ્યા પછી કે પાણીમાં ઉકાળ્યા પછી પણ

એની વનસ્પતિ સૃષ્ટિ ઉપર ઉગ્ર અસર કરવાની તાકાત જેમની તેમજ જોવા મળે છે. શરીર-સ્વાસ્થ્ય માટે આ ઝેર હાનિકારક છે. તેના સ્પર્શથી જીવનશક્તિનો ક્ષય થાય છે.'' આ વિધાન પ્રાચીન આર્યસંસ્કારને ભારે બળ આપી જાય છે.

સપ્ટેમ્બર ૧૯૬૨ના નવનીત અંકમાં 'મક્કા અને કાબા' શીર્ષક હેઠળ એક લેખ આવ્યો હતો. તેમાં લેખકે જણાવ્યું છે કે મક્કામાં સંગે-અસવદ નામે પત્થર, જે મુસલમાનોને પૂજનિક છે તે પૂર્વે સફેદ હતો, પરંતુ એક રજસ્વલા સ્ત્રીના સ્પર્શથી કાળો પડી ગયો હતો.

ગમે તેમ હોય પણ આટલી તો હકીકત છે કે દરેક સ્થૂળ વસ્તુમાંથી સૂક્ષ્માતિસૂક્ષ્મ કિરણ-સમૂહ વહ્યા કરે છે. એની અનુકૂળ-પ્રતિકૂળ અસરો પણ હોય છે.

ભારતમાં એવાં અનેક પવિત્ર તીર્થસ્થાનો છે, જ્યાં ગયા પછી મલિન આત્મા પણ અપૂર્વ નિર્મળતા અનુભવતો હોય, પવિત્ર વિચારોને સ્પર્શવા લાગતો હોય તેવું તેને લાગે છે. વાતાવરણની પવિત્રતા, પવિત્ર સ્તોત્રો વગેરે બોલતાં પવિત્ર શરીરમાંથી નીકળતા પવિત્ર કિરણસમૂહને જ આભારી હશે ને ? એ પવિત્ર કિરણસમૂહોમાં અપવિત્ર કિરણો ન પ્રવેશી જાય તે હેતુથી જ એ મંદિર વગેરેનું ઊંચા પહાડ વગેરે સ્થાને નિર્માણ કરવામાં આવ્યું હશે ને ?

જૈનાગમોમાં બ્રહ્મચર્યના રક્ષણ માટે નવ જાતની કાળજી કરવાનું જણાવ્યું છે તેમાં એક એવી પણ વાત આવે છે કે જ્યાં સ્ત્રી બેઠી હોય ત્યાંથી એ સ્ત્રી ઊઠી જાય ત્યારબાદ અડતાલીસ મિનિટ સુધી પુરુષે બેસવું નહિ. એ જ રીતે જ્યાં પુરુષ બેઠો હોય ત્યાં સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી બેસવું નહિ.

સહું જાણે છે કે પુરુષ કરતાં સ્ત્રીમાં કામવિકાર સામાન્યતઃ વધુ હોય છે, એથી જ પુરુષોના સ્થાને વધુ સમય સુધી સ્ત્રીને બેસવાનો નિષેધ કર્યો. પુરુષના કે સ્ત્રીના દેહમાંથી નીકળતાં કિરણસમૂહો પણ બીજાને સ્પર્શી જાય તો વિકૃતિને ઉત્પન્ન કરે એ સિદ્ધાન્ત ઉપર જ આ વિધાન કરવામાં આવ્યું છે. આધુનિક વિજ્ઞાન પણ હવે તો ''પુરુષ વિનાના સ્થાને

એ પુરુષનો 'પોઝ' કેમેરામાં ઝડપી શકે છે.'' એ હકીકતથી આ વાતને તંદુરસ્ત સમર્થન આપી જાય છે.

હજી એક વધુ દાખલો લઈએ. પ્રસિદ્ધ ચિકિત્સક સ્વ. ડો. ગણનાથસેન એક જગ્યાએ કહે છે કે સાત વર્ષ સુધી પંદર પંદર દિવસ લાગલગાટ કેરીના ઋતુમાં આંબાના ફૂલો પોતાના હાથની હથેળીમાં ઘસતાં રાખે તો તે હાથોમાં સર્પ-વિષ ઉતારવાની શક્તિ પેદા થઈ જાય છે.

આ બાબત પણ શરીરમાંથી કિરણ-સમૂહો સતત નીકળે છે, એ વાતનું સમર્થન કરે છે. હથેળીમાં કિરણ-સમૂહો સતત નીકળતા હોય તો જ તે આંબાના ફૂલોના પુદ્ગલોથી ભાવિત થઈ શકે અને પછી સર્પ-વિષને ઉતારવાનું સામર્થ્ય પામી શકે.

જેમ શબ્દ, અન્ધકાર, છાયા વગેરે પુદ્ગલસ્કંધ છે તેમ ઉદ્યોત, આતપ, સૂર્યપ્રકાશ વગેરે પણ પુદ્ગલના જ સ્કંધો છે.

●

૨૨. પરમાણુવાદનો ઉપસંહાર

આ વિષયનો ઉપસંહાર કરતાં હવે એટલું જ કહેવાનું કે જૈનદર્શન ખૂબ જ વ્યવસ્થિત વૈજ્ઞાનિક દર્શન છે. એણે માત્ર આત્માની, કર્મની કે ધર્મની વાતો નથી કરી પરંતુ પદાર્થ માત્રનું સ્વરૂપ ખુલ્લું કરી આપ્યું છે. વસ્તુ માત્રમાં ઉત્પાદ, વિનાશ અને ધ્રૌવ્ય છે એ વાત તો એ તત્ત્વજ્ઞાનના પાયાના વિચારસ્વરૂપ બની છે. આ ત્રણ પદમાંથી જ સમગ્ર તત્ત્વજ્ઞાન જન્મ પામ્યું છે. ભગવાન્ જિન પણ પોતાના સાધનાકાળ દરમિયાન પરમાણુ વગેરે પદાર્થ ઉપર દિવસો સુધી ચિંતન કરતા હતા. બેશક, એ સાધનાથી જે જ્ઞાનપ્રકાશની પ્રાપ્તિ થઈ એણે જ પરમાણુ વગેરે તમામ પદાર્થોનું સ્વરૂપ આંખ સામે ખડું કરી દીધું હતું.

આજના વૈજ્ઞાનિકો આ વાત જાણતા નથી એટલે જ તેઓ એમ કહેવાનું મિથ્યા સાહસ કરે છે કે, 'પરમાણુ એ તો ડેમોક્રેટસની જ આદ્ય શોધ છે.' રે ! ડેમોક્રેટસના એ પરમાણુમાં તો સતત ફેરફારો થતા રહ્યા છે, જ્યારે ભગવાન જિનેશ્વરોએ પરમાણુનું જે સ્વરૂપ જણાવ્યું છે તે આજે પણ અવિચલિત રહ્યું છે.

આધુનિક વિજ્ઞાન કેટલું બધું પરિવર્તનશીલ છે એ વાત પૂર્વે જણાવી છે છતાં અહીં ફરી એ વાતનો નિર્દેશ કરવાનું સમુચિત લાગે છે. પરમાણુ અને વિશ્વ (Atom and Universe) નામના એક પુસ્તકમાં ૪૯ પેઈજ ઉપર જણાવવામાં આવ્યું છે કે ઘણાં દિવસ સુધી ત્રણ જ તત્ત્વ (ઈલેક્ટ્રોન ન્યુટ્રોન અને પ્રોટોન) વિશ્વસંગઠનના મૂળભૂત આધાર મનાયા. પણ આજે તેની સંખ્યા ઓછામાં ઓછા સો સુધી પહોંચી ગઈ છે. મૌલિક અણુઓનો આટલો બધો વધારો ખૂબ જ અસંતોષનો વિષય બન્યો છે. વળી એ પ્રશ્ન સહજ રીતે ઊઠે છે કે મૌલિક તત્ત્વનો અમે સાચો અર્થ શું કરી શકીએ ? પહેલાં પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એમ ચારને મૌલિક તત્ત્વો કહ્યાં. પછી એમ વિચારવામાં આવ્યું કે રાસાયણિક પદાર્થોનું

મૂળતત્ત્વ અણુ જ પરમાણુ છે. ત્યારબાદ પ્રોટોન, ન્યૂટ્રોન, ઈલેક્ટ્રોન આવ્યા. આમ મૂળતત્ત્વની માન્યતા ૨૦ સુધી ગઈ, આ સંખ્યા હજી આગળ વધી શકે છે. શું વાસ્તવમાં જ પદાર્થના આટલા ટુકડા માનવાનું આવશ્યક છે કે પછી મૂળતત્ત્વોની સંખ્યાની આ વૃદ્ધિ એ અમારા અજ્ઞાનનું જ સૂચક છે ? ખરી વાત એ જ છે કે મૌલિક અણુ શું છે એ સમજ જ પ્રથમ તો પ્રાપ્ત થઈ નથી.''★

કેવી આશ્ચર્યની આ બીના છે કે આજના સ્પુટનિક યુગના વિજ્ઞાન-કાળમાં જે સિદ્ધિ હાંસલ કરવા માટે અઢળક વૈજ્ઞાનિકોએ પોતાનાં જીવનોની કુરબાની કરી, અનેક વિસંવાદોને ટાળવા પોતાની પેઢીઓ શહાદત પામી અને છેવટે જે સત્યપ્રાયઃ લાગતાં વિધાનો જાહેર કર્યા, તે વિધાનોને કોઈપણ પ્રયોગ કે પ્રયોગશાળા વિના કોઈપણ પ્રયાસ વિના ત્યાગ-તપની ઘોર સાધનાના ફળરૂપે પ્રાપ્ત થયેલ વીતરાગતા અને તેના ફળરૂપે પ્રાપ્ત થયેલી સર્વજ્ઞતાના પ્રકાશમાં એક ઘડાકે, એકી સાથે તમામ સત્યોને જોઈ લીધાં, જાણી લીધાં, જગત્‌ની સમક્ષ અનેક સત્યો પ્રકાશિત કર્યા.

★ We have gone a long way from the simple picture of a universe which required only three elementary particles are known and the existence of as many again is possible...The great multiplicity at these particles is highly unsatisfactory and raises the question of what we really mean by an elementary particle. Originaly the name was applied to the four elements : fire, earth, air and water. Later it was thought that the Atom of each chemical element was an elementary particle. Then the term was limited to three only; proton, neutron and electron. It has now been extended to over twenty particles, and still more may yet be discovered. Is there really a need for many units of matter, or is this multiplicity of particles an expression of our total ignorance of the true nature of ultimate structure of matter...? At the moment, despite the remarkable progress made in nuclear physics, the riddle of elementary particles still remains unsolved.

પરમાણુની સૂક્ષ્મતા, એના બંધ પાછળ રહેલું સ્નિગ્ધ-રુક્ષ સ્પર્શનું ગણિત, શબ્દ, અંધકાર વગેરે પુદ્‌ગલસ્કંધોનું નિરૂપણ વગેરે કેટલું સ્પષ્ટ રીતે તેઓએ આપણી સમક્ષ મૂકી દીધું છે !

અનંતશઃ વંદન કરીએ ભગવાન્ જિનેશ્વરોને ! એમની વીતરાગતાને ! સર્વજ્ઞતાને ! સત્યવાદિતાને !

●

ખંડ-3

(ત્રણ વિભાગમાં)

જડ વિજ્ઞાન

વિભાગ ત્રીજો

“બે પ્રશ્નો”

૨૩. સર્વજ્ઞોએ અણુ આદિના સિદ્ધાંતો જ કેમ બતાવ્યા ?

કદાચ કોઈને પ્રશ્ન થાય કે જો ભગવાન્ જિન પુદ્ગલપરમાણુની સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાતોને પણ કહી ગયા છે તો તેમણે આજના વૈજ્ઞાનિકોએ એ પરમાણુ વગેરેમાંથી જે શોધો કરી તે વાતો પણ કેમ ન કરી ? શા માટે રેડિયો, વિમાન, ઈલેક્ટ્રિસિટી, કોમ્પ્યૂટર વગેરેની શોધો પણ ન જણાવી ? શું આ વિષયમાં ભગવાન્ જિન અસર્વજ્ઞ હતા ? આ પ્રશ્ન બહુ સુંદર છે.

એનું સમાધાન એ છે કે ભગવાન્ જિન સર્વજ્ઞ હતા માટે જ તેમણે અણુપરમાણુની શક્તિના રહસ્યોને પ્રગટ કર્યા ન હતાં. તેઓ પોતાના સર્વજ્ઞત્વના પ્રકાશમાં એ રહસ્યોના પ્રગટીકરણમાં અઘોર સંહાર, કારમી સ્વાર્થાન્ધતાથી નિષ્પન્ન થનારો આત્માનો અનંત દુઃખમય સંસાર, પાંચ ઈન્દ્રિયોના વૈષયિક આનંદમાં ચૂર બનતા જીવોની સત્વહીનતાનું સર્જન વગેરે ઘણી બાબતો જોતા-જાણતા હતા. એથી જ એમણે એ વિષયની વિશિષ્ટ વાતો કરી ન હતી.

અહીં આપણે એકજ અણુનું દૃષ્ટાંત લઈશું. અણુની રાક્ષસી શક્તિઓને કાઢીને, વૈજ્ઞાનિકોએ એનો શો ઉપયોગ કર્યો ? અણુમાંથી બનેલો અણુબોમ્બ કેવી ભયાનક રીતે સંહારક બન્યો ? માનવજાત ઉપર પણ એણે કેવો અઘોર સિતમ ગુજાર્યો ? એ બધી વાત અહીં વિચારશું.

સહુ પ્રથમ તો અણુબોમ્બની સુરક્ષા ખાતર કેટકેટલી વ્યવસ્થા કરવામાં આવી છે તે જોઈએ.

સોનાનો ટેલીફોન :

હિરોશીમા ઉપર જ્યારે પહેલો જ અણુબોમ્બ અમેરિકનોએ ફેંક્યો ત્યારે તેના પહેલા જ ધડાકે બે લાખ અને ચાલીસ હજાર માનવોના દેહની રાખ થઈ ગઈ હતી. બીજો બોમ્બ નાગાસાકી ઉપર ફેંકવામાં આવ્યો

હતો. ધાર્યા કરતાં દૂરની જગાએ આ બોમ્બના પડવાથી ઈકોતેર હજાર માનવોની હત્યા થઈ ચૂકી હતી. વિશ્વ આજે કેવા ભારેલા અગ્નિ ઉપર જીવી રહ્યું છે તે વાત હવે આપણે જોઈએ.

મોસ્કોમાં કોઈ રશિયનને પ્રશ્ન કરવામાં આવે કે, "આ યુદ્ધ થાય તો તમે શું કરો ?" રશિયનો તેનો જવાબ ખૂબ જ શાન્તિપૂર્વક આપતાં કહે છે કે "કોફીન પહેરીને હું ધીરે ધીરે ચિરશાંતિમાં પોઢી જવાની તૈયારી કરીને સ્મશાનભૂમિ તરફ ડગ માંડું."

રશિયાના ભૂતપૂર્વ વડાપ્રધાન ક્રુશ્ચેવે એકવાર કહ્યું હતું કે, "જો અણુયુદ્ધ થાય તો તે યુદ્ધ દરમિયાન મૃત્યુ પામી ગયેલા માનવો કરતાં જીવતાં રહી જનારા માનવો વધુ દુઃખી હશે. મોતના વાંકે જ જીવતા હશે. એટલે જીવનાર કરતાં મરનાર જ વધુ ભાગ્યશાળી ગણાશે."

કોઈને જાણે વિશ્વયુદ્ધ જોઈતું નથી, કોઈએ જાણે કે એવું યુદ્ધ કરવાની યોજના કરી નથી, છતાં વિશ્વસંહારની વ્યવસ્થિત યોજના તો બેય મહાસત્તાઓ પાસે તૈયાર થઈ જ ચૂકી છે. વિશ્વસંહારક શસ્ત્રોનો ઢગલો ખડકાઈ ઊભો થઈ ગયો છે. હવે તો બેય મહાસત્તાને એ ભય જાગ્યો છે (!) કે આ ખડકલામાંથી કોઈ, એકાદ અણુબોમ્બ કે હાઈડ્રોજન બોમ્બ અકસ્માત્-કોઈના ગાંડપણથી ફાટી નીકળે તો શું થાય એની કલ્પના પણ થઈ શકે તેમ નથી.

અમેરિકન સેનેટર હમ્ફ્રીએ એકવાર કહ્યું છે કે તંગ બનેલા મામલામાં કોઈ કંટાળેલો રશિયન કે અમેરિકન જો બટન દબાવી દે તો પણ વિશ્વયુદ્ધ ફાટી નીકળે અને ક્ષણોમાં જ વિશ્વનો નાશ થઈ જાય.

આવી કોઈ ભૂલ થઈ ન જાય તે માટે અમેરિકનોએ ભારે તકેદારી રાખી છે.

વિશ્વના આ આખરી અસ્તિત્ત્વ જેવા જમાનામાં આખરી પ્રલયશસ્ત્રને આખરી પરિસ્થિતિમાં કાબૂમાં રાખવાની અમેરિકન વ્યવસ્થા ગૂંચવણ ભરેલી હોવા છતાં બુદ્ધિપૂર્વકની છે.

સૈદ્ધાન્તિક રીતે તો અમેરિકન અણુશસ્ત્રના પ્રમુખ જ ઉપયોગનો હુકમ કરી શકે છે, પણ કોઈ પ્રકારની એક તંગી માનસિક અવસ્થામાં

પ્રમુખ આવો હુકમ કરી બેસે તો શું થાય ?

આ ભય નિવારવા માટે પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. ખરેખર તો અમેરિકન-પ્રમુખ પણ અણુશસ્ત્ર વાપરવાના હુકમમાં સમાયેલો સંકેત જાણતા નથી. એટલે જ તે પણ સીધેસીધો હુકમ છોડી શકે તેમ નથી. જ્યારે તેમને અણુબોમ્બ ફોડવાનો હુકમ કરવાનો હોય છે ત્યારે તેમણે સોનાના ટેલિફોનનો ઉપયોગ કરવાનો હોય છે. જેવું 'રિસીવર' ઉપાડે કે તરત જ સંરક્ષણસચિવ અને બીજા નિર્ધારિત ઉચ્ચ સંરક્ષણ અધિકારીઓને ત્યાં ઘંટડીઓ વાગી જાય. પછી એ બધાની સલાહ મળે તો જ પ્રમુખ અણુબોમ્બ ફોડવાનો આખરી નિર્ણય લઈ શકે.

નિર્ણય લીધા પછી તરત જ નોરફોકમાં આવેલા અમેરિકન અણુયુદ્ધમથક મારફત સોવિયેત રશિયાની નજદીકમાં સતત ભમતી રહેતી પોલારિશ સબમરીનને એ સંદેશો પહોંચાડી દેવામાં આવે છે.

ત્યાં ભગવાન શંકરના ત્રીજા નેત્ર જેવો, ભૂખરી આંખવાળો, પ્રૌઢ ઉંમરનો, 'કર્નલ વીઝમાન' નામનો એક માણસ છે. આ યમદૂત ઓમાહાના ૧૪૦ ફૂટ લાંબા ઓરડામાં નિરંતર રહે છે. તેના બંનેય પડખામાં ઝગમગાટ કરતી બત્તીઓ અને અનેક બટનો હોય છે.

કર્નલ વીઝમાન કદી એકલો હોતો નથી. એક ડઝન સશસ્ત્ર સૈનિકો સદા એને ઘેરી વળેલા હોય છે. યમસ્તસમો વીઝમાન ગાંડો થાય તો તેને ગોળીઓથી વીંધી નાંખવાનો તેમને હુકમ મળેલો હોય છે.

પરંતુ વીઝમાન પણ એકાએક ચાંપ દબાવી દઈને સર્વસંહાર કરવા સમર્થ નથી. સામેની દીવાલ તરફ આવેલા લાલ દરવાજાની કળ મેળવવાનો ગુપ્ત સંકેત તેને પણ મેળવવો પડે છે. આ બધું કેમ થઈ શકે એ એક અત્યન્ત ખાનગી બાબત હોય છે. આ બધું છતાં સંકેતસ્થાનમાંથી એની પૂરી વિગત તો મળી શકતી જ નથી. ત્યાંથી તો માત્ર આરંભસંકેત જ મેળવી શકાય છે. બાકીનો સંકેત શી રીતે મેલવવો એ અત્યન્ત ગુપ્ત બાબત છે.

આ ઉપરાંત B 52 સંહારક વિમાનોનું કામ પણ અણુબોમ્બ કે હાઈડ્રોજન ફેંકતા પહેલાં ઘણું જ ગૂંચવણભર્યું બનાવ્યું છે. ભલેને વિમાન

શત્રુક્ષેત્રમાં હોય તો પણ બોમ્બ ફેંકતાં પહેલાં પણ વિમાનીઓની સંમતિ તો લેવી જ જોઈએ. એક સાથે ત્રણેય વિમાનીઓ નક્કી કરે પછી જ પ્રલયકારી બોમ્બ ફેંકી શકાય.

અગ્ન્યાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર વગેરે શસ્ત્રોની વાતો રામાયણ, મહાભારતની કલ્પનાઓ હતી જે આજે વૈજ્ઞાનિકોની ધીકતી ધારા ઉપર ચોમેર દેખા દઈ રહી છે. હાલમાં જ અમેરિકાએ એક અવકાશયાન મારફત એક કરોડ સોયો પૃથ્વીની આસપાસ ફરતી મૂક્યાના સમાચાર પ્રાપ્ત થયા છે. આમ કરવાથી રશિયન પ્રતિબળો તૂટશે તેમ તેઓ માને છે. પરંતુ રશિયનો ક્યાં કમ છે ? તેઓ એવાં લોહચુંબકો નહિ છોડે કે જે પેલી સોયોને જ ખેંચી લે ? અને એ સોયોજડિત લોહચુંબક બોમ્બ સીધો શત્રુ પ્રદેશો ઉપર જ ત્રાટકે ? (વસ્તુતઃ આ બેય પાકા મિત્રો છે.)

અણુબોમ્બનો ઉપયોગ કરનાર ત્રણેય વિમાનીઓ કદાચ ગાંડા બની જાય અને એકાદ બોમ્બ ફેંકી દે તો અમેરિકા માફી માગવા પણ તૈયાર છે. કેમકે આ રીતે 'દિલગીરી' વ્યક્ત કરવી એ સભ્યતાની નિશાની ગણાય છે !

રશિયાનું પણ આ વખતે એજ સૌજન્ય ગણાય કે આવી સ્થિતિમાં પડી ગયેલા અણુબોમ્બની તેણે માફી આપવી. ભલે પછી દસ વીસ લાખ રશિયનો મૃત્યુ પામ્યા હોય.

રશિયનો અને અમેરિકનોએ શસ્ત્રોની સ્પર્ધા માંડી છે. નિત્ય નવાં ભયાનક શસ્ત્રો શોધાતાં જ જાય છે. જેની બુદ્ધિમાં જે પ્રલયકારી વિસ્ફોટ થયો તેણે તે શસ્ત્ર બનાવ્યું જ સમજો.

પ્રલયકારી શસ્ત્રોની સ્પર્ધાના અને શસ્ત્રોના થઈ રહેલા ગંજાવર ઉત્પાદનના કારણે લશ્કરી માનસશાસ્ત્રીઓ હવે વિચારમાં પડ્યા છે. મૂઠીભર માનવોના હાથમાં રહેલાં આ શસ્ત્રો જગતની સલામતીને જોખમી તો નહિ બનાવે ને એ વિચાર તેમને ભય પમાડી રહ્યો છે.

મહિનાઓ સુધી એ અણુશસ્ત્રોની સારસંભાળ અને મરામત કરતો માણસ કોઈ દી કંટાળો ન અનુભવે ? અને જો મગજની સમતુલા ગુમાવી દે તો તે વખતે શું થાય ?

અણુવિજ્ઞાનના પિતા કહેવાતા આલ્બર્ટ આઈન્સ્ટાઈન પણ હવે દુઃખી થયા છે. હિરોશિમા, નાગાસાકી ઉપર અણુબોમ્બ પડ્યા અને એમને જે સંહારલીલા સાંભળવા મળી એથી એમનું અંતર રડી ઉઠ્યું હતું ! જગતના વિકાસમાં મદદગાર બનવાની શક્યતાવાળી અણુશક્તિ જગતનો વિનાશ કરવા લાગી ! આ વિચારે એમને જીવનભર ખૂબ બેચેન બનાવી દીધા હતા ! પોતે જે કર્યું તે ખૂબ જ ખોટું કર્યું એમ તેમને લાગ્યું હતું.

ભગવાન જિન તો સર્વજ્ઞ હતા. અણુવિજ્ઞાનના રહસ્યનાં આવિષ્કરણનો નતીજો જીવોના વિકાસમાં નહિ પરિણમતા વિનાશમાં જ પરિણમશે એ વાત એમના જ્ઞાન બહાર હતી જ નહિ. એથી જ એમણે વસ્તુમાત્રનું વિજ્ઞાન બતાવ્યું પણ એનું વ્યાવહારિક સ્વરૂપ ન જણાવ્યું.

બેશક, વસ્તુમાત્રના બેય પ્રકારના ઉપયોગ હોય છે : સારો અને માઠો. એ બધુંય ઉપયોગ કરનાર વ્યક્તિ ઉપર અવલંબે છે. પરંતુ જ્યારે સામાન્ય રીતે પ્રાણીમાત્રની સ્વાર્થ-વૃત્તિ જ ખૂબ જોર કરતી જોવા મળે છે ત્યારે તે જીવોના હાથમાં આવતી વસ્તુનો સહુના હિતમાં સુંદર ઉપયોગ થાય એ આશા નહિવત્ જ રહે છે. એટલે જ માઠા ઉપયોગની પણ વધુ શક્યતાવાળી વસ્તુનો ત્યાગ જ વધુ શ્રેયસ્કર માર્ગ છે એમ માનવું જ રહ્યું.

હિરોશિમાનો ગુનેગાર :

હિરોશિમાં ઉપર અણુબોમ્બ ફેંકનાર વ્યક્તિ તરીકે જે માણસ જાહેર થયો અને ખબર પડી કે એ ભયંકર સંહારક બોમ્બ તો માત્ર અમેરિકન સામ્રાજયની સમગ્ર જગત ઉપર ધાક બેસાડવા માટે જ નાંખવામાં આવ્યો હતો. પછી તો એ માણસને જેલના લોખંડી દરવાજાઓને પેલે પાર ધકેલી મૂકવામાં આવ્યો હતો. આ રહી એ અભાગી માનવની વીતક કથા.

અમેરિકન હવાઈદળના એક ભૂતપૂર્વ વિમાનચાલક કલોડ એથર્લીએ ૧૯૪૫ના ઓગસ્ટની છઠ્ઠી તારીખે હિરોશિમા ઉપર બોમ્બ ફેંક્યાની પ્રસિદ્ધિ મેળવી. અણુબોમ્બના એ વિસ્ફોટથી હજારો માનવો મૃત્યુ પામ્યા, જે જીવ્યા તેમનાં અંગો વિકૃત થઈ ગયાં. આજે પણ જાપાનીઝ લોકોના વંશની ત્રીજી-ચોથી પેઢીમાં પણ એ વિકૃતિ ઉતરી

આવેલી જોવા મળે છે. એ અણુ-વિસ્ફોટમાંથી ઉદ્ભવેલા કિરણોત્સર્ગી રજોના ફેલાવાનાં દુષ્પરિણામ આજે પણ જાપાન ભોગવી રહ્યું છે.

જ્યારે કલોડ એથર્લીને એ વાતની ખબર પડી કે અમેરિકન સરકારે એ અણુ-વિસ્ફોટ દુનિયા ઉપર પોતાની ધાક બેસાડવાના બદઈરાદાથી જ કર્યો હતો ત્યારે એનો અંતરાત્મા અતિશય દ્રવી ઊઠ્યો. 'આ ભયાનક વિનાશ માટે હું જ જવાબદાર છું.' એવી ભાવના એના મનમાં દિવસે દિવસે દૃઢ થતી ગઈ.

૧૮૪૭માં કલોડ એથર્લીને લશ્કરમાંથી બરતરફ કરવામાં આવ્યો, પણ હિરોશિમા ઉપર બોમ્બ નાંખવામાં સફળ (!) સાહસ બદલ એને જે ચન્દ્રક મળ્યો હતો તે એના હૃદયમાં કારી ઘા કરી ગયો હતો, જે દૂઝતો જ રહ્યો, પ્રતિપળ એને પેલા નિરપરાધી હજારો લોકોની યાદ આવતી. જેમને એણે ખતમ કરી નાંખ્યા હતાં. અનાથોની હૃદયવિદારક ચીસો અને જીવતાં રહેલાં માબાપોના નિસાસાના હાયભર્યા અભિશાપો હરપળ તેના કાનમાં ગુંજતાં અને ભયંકર ચીસો પાડતો.

એક સવારે એથર્લીની પત્નીએ જોયું કે તેનો પતિ લોહીથી ખરડાઈને પથારીમાં પડ્યો હતો. એણે પોતાની રક્તવાહિની કાપી નાંખી હતી. ડોક્ટરોએ એનો જીવ બચાવી લીધો, પણ પોતાના હીન પાપોના ડંખથી તો તે છૂટકારો ન જ મેળવી શક્યો. એથર્લી પાગલ થઈ ગયો. પછીનાં વર્ષોમાં એણે કોઈનું ઘર ફાડીને ચોરી કરી. એ ઈચ્છતો હતો કે એ રીતે તેને ભયંકર સજા થાય અને તેના દ્વારા તે પોતાના ક્રૂર પાપોનું પ્રાયશ્ચિત કરે.

ત્યાર પછી છ વર્ષ સુધી તે લગાતાર માગણી કરતો રહ્યો કે તેને ટેકસાસના પાગલખાનામાં પૂરી દેવામાં આવે. સરકારે તેને પાગલ માનીને તેમ કર્યું પણ ખરું. પરંતુ બે વર્ષ ત્યાં રહ્યા બાદ તે ભાગી છૂટ્યો, અને નાની-મોટી ચોરીઓ કરવા લાગ્યો. ન્યાયાધીશોએ ફરી એને પાગલખાનામાં ધકેલી દીધો. લાંબા સમયનાં ઈલાજો કર્યા પછી તેને ઘેર મોકલવામાં આવ્યો. ફરી તેણે પાપોનાં પ્રાયશ્ચિત કરવા ખાતર મોટી ચોરી કરી. ફરી તે પાગલખાનામાં પુરાયો.

માનસ-ચિકિત્સકો કહે છે કે હિરોશિમાની દુર્ઘટના માટે 'હું જ ગુનેગાર છું' એવો અનુભવ થતાં કલોડ એથર્લીને જબરદસ્ત આંચકો લાગ્યો અને તેમાંથી તે કદી સ્વસ્થ થઈ શક્યો નહિ.

અણુપરમાણુની શોધોએ જગત ઉપર સુખશાન્તિના સર્જન કર્યા કે વિસર્જન ! હજી પણ એ મહાસત્તાઓ પોતાના બુદ્ધિબળનો કેટલો ભયંકર દુરુપયોગ કરે છે ? કેવાં નિત્ય નવાં સંહારક શસ્ત્રો શોધે છે. તે જોઈએ.

બદલાતી યુદ્ધરીતિઓ :

સમયાનુસાર દરેક વસ્તુ બદલાતી રહે છે. જૂની પરંપરાઓ તૂટે છે અને નવી પરંપરાઓ સ્થપાય છે. યુદ્ધ પણ કાળના પ્રભાવથી મુક્ત રહ્યું નથી. એની નીતિ-રીતિઓમાં પણ સદા પરિવર્તન થતું જ રહ્યું છે. મલ્લયુદ્ધથી આરંભાયેલી યુદ્ધ-પરંપરા મિસાઈલ્સ અને હાઈડ્રોજન બોમ્બ સુધી પહોંચી છે. માનવનું યુદ્ધવિજ્ઞાન ઉત્તરોત્તર વધુને વધુ સંહારક બનતું આવ્યું છે.

મલ્લયુદ્ધમાં સંપૂર્ણ રીતે શારીરિક બળ અજમાવવામાં આવતું હતું. ત્યારબાદ લાઠી, તરવાર વગેરેનો ઉપયોગ થવા લાગ્યો. પછી બુદ્ધિ વધી અને ઢાલ, ભાલા વગેરે આવ્યાં. પછી આવ્યાં ઈન્દ્રાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર વગેરે.

ગજદળ, અશ્વદળ વગેરે પણ આવ્યાં. સેના ચતુરંગિણી કહેવાઈ. પછી ઊંટો પણ આવ્યાં.

અને હવે હાથીના સ્થાને પેટર્ન-શર્મન વગેરે ટેન્કો આવી હેલિકોપ્ટરો અને જેટ, સુપર-સોનિક વિમાનો આવ્યાં. ભાલા, તીર, તલવાર વગેરેને સ્થાને બંદૂક, રોકેટ, મિસાઈલ્સ અને ન્યુક્લિઅર શસ્ત્રો આવ્યાં.

પ્રાચીન કાળમાં બે પક્ષો સામસામા આવીને લડતા, પછી દગા-ફટકા અને છળકપટનો આશ્રય લેવાવા લાગ્યો, જેમાં આજે ગેરિલાયુદ્ધ મોખરે ગણાય છે.

વિજ્ઞાનના વિકાસ સાથે યુદ્ધની નીતિ-રીતિઓમાં મોટું પરિવર્તન આવ્યું છે. હવે લશ્કરનું સંખ્યાબળ એક ગૌણ વસ્તુ બની ગઈ છે. સામા પક્ષનાં વૈજ્ઞાનિકો રણભૂમિથી સેંકડો માઈલ દૂરથી જ ગણિત કરીને

આંતરખંડીય મિસાઈલ્સો છોડીને નિર્ધારિત સ્થળને વિધ્વંસ કરી નાંખવા સમર્થ છે. બધું જ જ્યાં સ્વયંસંચાલિત હોય ત્યાં પેલો જૂના જમાનાનો સિપાઈ અને એની બંદૂકડી બિચારી શું કરી શકે ? ટૂંકમાં, પૂર્વે શારીરિક શક્તિ અજમાવવામાં આવતી, જ્યારે હવે વૈજ્ઞાનિક યુગમાં બુદ્ધિશક્તિ અજમાવાય છે. માનવકેન્દ્રિત યુદ્ધો હવે શસ્ત્રકેન્દ્રિત કે ન્યુક્લિઅર-કેન્દ્રિત બન્યાં છે.

અણુબોમ્બ, હાઈડ્રોજનબોમ્બ, પક્ષેપાસ્ત્ર વગેરે ન્યુક્લિઅર શસ્ત્રોને કારણે સૈનિકો તથા યુદ્ધસામગ્રી ઉપરાન્ત નાગરિક વસતિનો પણ વિનાશ થાય છે, પણ હવે એક નવા જ પ્રકારના યુદ્ધની સંભાવના ઊભી થઈ છે જે કેવળ લશ્કર અને રણક્ષેત્ર સુધી મર્યાદિત રહેશે. શહેરો અને ગ્રામવિસ્તારોને કશું નુકશાન નહિ થાય. હવે મકાનો નહિ તૂટી પડે, બંધો કે મોટાં મોટાં કારખાનાંઓ નહિ ભાંગી જાય. એ બધું તો અકબંધ રહીને શત્રુનાં હાથમાં જશે. મરી જશે માત્ર માનવો, રિબાઈ રિબાઈને, કદાચ એ ય જીવતા રહેશે બુદ્ધિભ્રમિત થઈને.

કેટલાંક પદાર્થો એવા છે, જેમને મનોરસાયણ કહેવામાં આવે છે, એ લેતાં જ મનુષ્યની માનસી-સ્થિતિ બદલાઈ જાય છે. એવા એક પદાર્થનું નામ છે એલ.એસ.ડી. (લાઈસજક એસિડ). આની અસરથી માણસ અત્યન્ત ભયની સ્થિતિથી માંડીને જાતજાતની વિલક્ષણ સ્થિતિઓમાં ફસડાઈ પડે છે. બિલાડી ઉપર તેનો પ્રયોગ કરતાં જ તે ઉંદરને જોઈને નાસવા લાગી હતી.

નાગફણીમાંથી કાઢવામાં આવેલું 'મેસ્કેલીન' અને બિલાડીના ટોપમાંથી તૈયાર કરવામાં આવેલું 'સિલોસિન' નામનું રસાયણ પણ માણસના મન ઉપર ઊંડી અસરો પાથરી જાય છે. કેટલાંક રસાયણો શત્રુસૈન્યને બેહોશી, ઊંઘ, લકવો, કામચલાઉ અંધતાં, માનસિક અસમતુલા, પેટની બીમારી વગેરે રોગોમાં પટકે છે.

આવા રાસાયણિક યુદ્ધનો મુખ્ય આધાર જ્ઞાનતંતુ ગેસ (નર્વગેસ) છે. જર્મનીની રાસાયણિક કંપનીના રાસાયણશાસ્ત્રી ડો. જેમ્હાર્ડ શ્રેડરે આ ગેસ શોધી કાઢ્યો હતો. એના પ્રભાવથી માણસ મૃત્યુ પામે છે.

રશિયા અને અમેરિકા-બંને ય રાસાયણિક ગેસોના વિકાસમાં પોતપોતાની રીતે સતત પ્રયત્ન કરે છે. રશિયાને 'ટેબૂન' ઉપર અને અમેરિકાને 'સેબીન' રસાયણ ઉપર વધુ વિશ્વાસ છે. જેનું સાંકેતિક નામ જી.બી. છે. આના સૂંઘવાથી માસ્ટર્ડગેસ કરતાં પણ વધું ઝેરી અસરો થાય છે. જી.બી. કરતાં ય એરાઈલ કાર્બમેટ દસગણું ઘાતક હોય છે.

જ્ઞાનતંતુ ગેસના ઘણાં નવા પ્રવાહીરૂપના સંસ્કરણો નીકળ્યાં છે, જેમને વી. એજન્ટ કહેવામાં આવે છે. તેમની ધીમે ધીમે વરાળ થાય છે. આથી તે લાંબા સમય સુધી ઘાતક અસર ઉપજાવી શકે છે વી. એજન્ટ અને જી.બી. બંને રંગહીન છે. ચામડી દ્વારા તે શરીરમાં પ્રવેશીને ફક્ત ત્રીસ મિનિટમાં જ માણસનો પ્રાણ હરે છે, જી.બી.ને સૂંઘવામાં આવે તો તે સૂંઘનાર વ્યક્તિ થોડી જ મિનિટમાં મરી જાય છે.

જ્યારે માસ્ટર્ડગેસનો પ્રભાવ જુદો જ હોય છે. એનાથી લોકો ઓછા મરે છે, પણ અપંગ ઘણાં થઈ જાય છે. શરીર ઉપર લાંબા કાળે રુઝાય તેવાં છાલાં પડે છે. માણસને અધમૂઓ કરવા માટે સાધારણ રીતે એક ગ્રામના હજારમાં ભાગ જેટલો જ્ઞાનતંતુ-ગેસ પૂરતો થઈ પડે. આમ થોડા જ રસાયણથી મોટા વિસ્તારોને સાફ કરી નાંખી શકાય છે.

જીવ વૈજ્ઞાનિક (બાયોલોજિકલ) શસ્ત્રોનો પ્રભાવ પડતાં ઘણીવાર દિવસો કે અઠવાડિયા નીકળી જાય છે. કેમકે પરજીવી જંતુઓ શરીરમાં પ્રવેશ કરે પછી શરીરમાં નવાં પરજીવીઓની ઉત્પત્તિ શરૂ થવામાં અલગ અલગ રોગોમાં અલગ સમય લાગે છે. રાસાયણિક શસ્ત્રો વધુમાં વધુ દસ ચો.માઈલમાં અસર કરે છે, પણ જીવવૈજ્ઞાનિકો-શસ્ત્રો હજારો ચો. માઈલમાં અસર નિપજાવે છે, અમુક થોડા જ બેક્ટેરીઆ, વિષાણુ વગેરે જીવવૈજ્ઞાનિક-યુદ્ધ માટે ઉપયોગી મનાય છે. નિશ્ચિત વસતિ કે જગા ઉપર તે ખૂબ અસર કરી શકે છે. તે માટેની પહેલી શરત એ છે કે ઘણાં વધારે, ચેપી, દીર્ઘજીવી, મોટી સંખ્યામાં તેમજ અલગ અલગ રહેવાને શક્તિમાન તથા કેટલેક અંશે રસાયણો વગેરે તરફ સહિષ્ણુ તે હોવાં જોઈએ. એટલે કે તેઓ રસાયણ, વાતાવરણ, ઋતુ આદિ તત્ત્વોને કારણે જલદી નાશ ન પામતાં શક્તિશાળી રહેવા જોઈએ, જેથી તેઓ નિર્ધારિત સ્થળે રોગો ફેલાવી શકે.

ન્યૂક્લિઅર બોમ્બના આક્રમણની સાથે જીવ-વૈજ્ઞાનિક આક્રમણ વધારે મોટા પાયા ઉપર ખાનાખરાબી સર્જે છે. ન્યૂક્લિઅર બોમ્બ નાંખ્યા પછી સફાઈ અને આરોગ્યવિષયક પરિસ્થિતિઓમાં ઘણી ગરબડ પેદા થાય છે. વિકિરણને કારણે ચેપ ફેલાવાની શક્યતા વધતાં રોગ વધુ વણસે છે. કેટલાંક એવા પ્રાણીરોગો છે જે વિષાણુઓ (વાઈરસ)-માંથી ઉત્પન્ન થાય છે. જેવા કે રિંડરપેસ્ટ, પગ અને મોંની બીમારી, કોલેરા ઈત્યાદિ.

યંત્રો, ઓજારો તથા અન્ય વિધિઓથી આ રોગચારાનો કોઈ પણ સ્થાન ઉપર છંટકાવ કરીને ત્યાંના નિવાસીઓને રોગગ્રસ્ત કરી શકાય છે.

શસ્ત્રયુદ્ધ અને રસાયણયુદ્ધની આ કેટલી ક્રૂર રીતો છે ? માનવને બુદ્ધિ મળી એટલે તે પોતાનો સ્વાર્થ જોવાનો એવો સામાન્ય નિયમ છે. પોતાના વર્તુળની બહાર જે કોઈ આવે તે કીટથી માંડીને માનવમાત્રનો વિનાશ કરી દેવામાં પણ તે પોતાનો અને પોતાના માનેલા રાષ્ટ્ર વગેરેનો વિકાસ સમજવાનો. ગોરી પ્રજાની આ ઘાતકી રીતરસમો સામે શું કહેવું ?

ભગવાન્ જિનને તો સર્વ પોતાના હતા. સર્વના એ સરખા અધિકારો માનતા. સર્વને જિવાડવાનો એમનો સંદેશ છે. એટલે જ અનેકોનો ઘાત કરી નાંખનારા વિજ્ઞાનને જાણવા છતાં એમણે કદી કહ્યું નહિ એ જ તો એમની સર્વજ્ઞતા હતી ને કે જેથી વિજ્ઞાનની પાછળ સર્જનારી વિઘાતકતાને પણ તેઓએ જોઈ લીધી હતી અને તેથી જ તેવાં તત્ત્વોનું પ્રતિપદન ન કર્યું.

●

૨૪. અનન્તાદિનું ગણિત અને વૈજ્ઞાનિકો

અનન્ત-અસંખ્યનું ગણિત અને વૈજ્ઞાનિકો :

જૈનદાર્શનિકો જણાવે છે કે બટાટામાં અનંત સંખ્યાના જીવો હોય છે, લીલ-ફૂગમાં અનંતજીવો હોય છે. ટાંચણીના અગ્રભાગ ઉપર અનંત જીવો સમાઈ શકે છે કોઈપણ દેખાતી જડ વસ્તુમાં અનંત પરમાણુ હોય છે, આજ સુધીમાં જીવાત્માએ અનંત જન્મ-મરણ કર્યા. કાળ અનંત પસાર થઈ ગયો અને હજી અનંતકાળ પસાર થશે. આકાશ અનંત છે, એના પ્રદેશો અનંત છે.

આત્મા અનંત છે. દરેક આત્માના પ્રદેશ અસંખ્ય છે. ધર્માસ્તિકાયાદિના દરેકના પ્રદેશ અસંખ્ય છે. દેવોનું વધુમાં વધુ આયુષ્ય અસંખ્ય વર્ષોનું હોય છે. કોઈપણ એક પુદ્ગલસ્કંધ વધુમાં વધુ અસંખ્ય વર્ષ સુધી રહી શકે. દેવો કે નારકો અસંખ્યની સંખ્યામાં હોય છે. એક રાજલોકના અસંખ્ય પ્રદેશ થાય. પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો હોય છે.

અનંત અને અસંખ્યના આ ગણિતને જ્યાં ને ત્યાં સાંભળીને કેટલાંક લોકો હેબતાઈ જાય છે. રે ! ઉપહાસ પણ કરે છે કે જ્યાં કાંઈ ન સૂઝે ત્યાં અનંત કે અસંખ્ય કહી દેતાં લાગે છે ! ભગવાન્ જિનની સર્વજ્ઞતા અને સત્યવાદિતા સામે આ વચન કુઠારાઘાતસમું છે.

પણ હવે વૈજ્ઞાનિકો દોડી આવ્યા છે. એઓ પણ કલ્પનામાં ન આવી શકે, માણસના મગજમાં ન સમાઈ શકે એવા ગણિતની ભાષામાં વાતો કરવા લાગ્યા છે. આ રહ્યા તેમની તેવી વાતોના કેટલાંક નમૂના.

(૧) વિજ્ઞાનનો પરમાણુ કેટલો સૂક્ષ્મ છે એ વાત બતાવતાં વૈજ્ઞાનિકો કહે છે કે પચાસ શંખ (અબજ-ખર્વ-નિખર્વ-મહાખર્વ-શંખ) પરમાણુનો જો ભાર કરવામાં આવે તો ૨॥ તોલા થાય. એનો વ્યાસ એક ઈંચના દસ કરોડમાં ભાગ જેટલો થાય !

કોણ માનશે આ વાતને ! છતાં જો યન્ત્રસંહાયથી થયેલા

આ સંશોધનને પણ માન્ય કરવું હોય તો સર્વજ્ઞત્વના પ્રકાશથી જે વાતો કહેવામાં આવી છે તે કેમ માન્ય કરી શકાય નહિ ?

(૨) સિગારેટ લપેટવાના એક પાતળા કાગળની અથવા પતંગના કાગળની ધાર ઉપર લાઈનબંધ જો વૈજ્ઞાનિક પરમાણુ ગોઠવાય તો એક લાખ પરમાણુ ત્યાં રહી જાય.

(૩) ધૂળના એક જ નાનકડા કણિયામાં દસ પદ્મથી પણ વધુ પરમાણુ હોય છે.

(૪) સોડાવોટરને ગ્લાસમાં નાખતાં જ જે નાના નાના બૂંદ ઉત્પન્ન થાય છે તેમાંના કોઈપણ એકબૂંદમાં રહેલા પરમાણુને ગણવામાં આવે તો સંસારના ત્રણ અબજ માણસો દરેક મિનિટે ૩૦૦-૩૦૦ ગણતા રહે તો ચાર મહિને તમામ પરમાણુ ગણાઈ જાય.

(૫) આકાશીય પદાર્થમાં એવી સઘનતા હોય છે કે એના ફક્ત એક ક્યૂબિક ઈંચના ટુકડાનું ૨૭ મણ વજન થાય છે.

(૬) હમણાં જ શોધાયેલા સૌથી નાના તારાના એક ક્યૂબિક ઈંચ ટુકડાનું ૧૬,૭૪૦ મણ વજન થાય છે.•

(૭) એક ઔંસ પાણીના સ્કંધો (પરમાણુ નહિ) ખાલી કરવા હોય તો પ્રો. એન્ડ્રેડના અનુમાન મુજબ ૩ અબજ માણસો રાત ને દિવસ-પ્રતિ મિનિટે ૩૦૦ સ્કંધ કાઢતાં જ રહે તો ૪૦ લાખ વર્ષો બધા સ્કંધ ખાલી કરતાં લાગે.★

(૮) પૂર્વે જ આપણે જોઈ ગયા કે એક ઈંચ લાંબી, પહોળી, ઊંચી

• In some of these boelies (small stars) the matter has become so densely packed that a cubic inch weighs a ton, The smallest known star discovered recently is so dense that a cubic inch of its material weighs 620 tons, - Writer Ruby Fa Bois. F.R.A.–Arm chair Science – London, July, 1937.

★ If every man woman and child in the world were turned to counting them and counted fast, say five a second, day and night. It would take about 4 milion (4,000000) years to complete the Job, – The Mechanism of Nature by E.N. Dsc. Ancrade. D.Sc. Ph.D., P. 37.

ડબ્બીમાં સમાઈ જતી હવામાં ૪૪૨૪,૦૦૦૦,૦૦૦૦,૦૦૦૦, ૦૦૦૦૦ (૧૭ મીંડા) સ્કન્ધો છે-એમ વૈજ્ઞાનિકો કહે છે.

(૯) એક આંખે દેખી શકાય તેવા નાનામાં નાના જડ પુદ્ગલમાં પણ અનંત પરમાણુ છે એમ જૈન દાર્શનિકોએ કહ્યું છે. પરમાણુની આટલી બધી સૂક્ષ્મતાના સ્વીકારની કાંઈક નજદીકમાં આવેલા વૈજ્ઞાનિકો કહે છે કે સ્કંધના એક ઈંચના દસ કરોડમાં ભાગમાં ૫૦ શંખ પરમાણુ સમાઈ શકે છે !

(૧૦) હવે પ્રકાશવર્ષનું ગણિત જુઓ.+ એક સેકંડમાં પ્રકાશનું કિરણ ૧ લાખ અને ૮૬ હજાર મોઈલ દૂર ચાલી જાય છે. આ રીતે ગતિ કરતું એ પ્રકાશકિરણ એક વર્ષમાં જેટલા માઈલ કાપી નાંખે તેટલા માઈલનું એક વર્ષ પ્રકાશવર્ષ ગણાય. (૫૮૬૫૬૯૬૦૦૦૦૦= ૧ પ્રકાશવર્ષ) આવાં લાખો પ્રકાશવર્ષોનું આંતરું એક તારાથી બીજા તારા વચ્ચે છે. નિહારીકાના એક તારાના પ્રકાશના કિરણને પૃથ્વી ઉપર આવતાં એક લાખ પ્રકાશવર્ષ થાય.

આ લાખો પ્રકાશવર્ષોના આંતરાનું વૈજ્ઞાનિકોનું ગણિત અસંખ્ય અને અનંતના જિનાગમોના ગણિત તરફ અકાટય શ્રદ્ધા ઉત્પન્ન કરાવી જતું નથી શું ?

(૧૧) ગેસના બે અણુ વચ્ચે ૧ ઈંચના ૩૦ લાખમાં ભાગ જેટલી જગા છે. એ બે અણુ સેકંડમાં ૬ અબજ વાર ટકરાય છે !

(૧૨) એક ક્યૂબિક સેન્ટીમિટરમાં ન્યૂયોર્ક શહેરની વસતિ જેટલા જીવો સમાઈ જાય છે !

(૧૩) દૂધના એક ટીપામાં પાંચ મહાપદ્મની સંખ્યા જેટલા જીવો સમાય છે. વૈજ્ઞાનિકોનાં આ બધાં વિધાનો કાનમાં કહી જાય છે કે જિનાગમોમાં આવતું અનંત-અસંખ્યનું ગણિત ખૂબ જ વિશ્વાસ કરવા લાયક છે.

●

+ સહુ પ્રથમ આ ગણિત ઈ.સ. ૧૯૭૫માં સેમરે શોધી કાઢેલું. ત્યાર બાદ ૧૯૨૫માં માઈકેલસને પ્રકાશનિ ગતિ ૧૮૬૮૬૪ માઈલની હોવાનું કહેલું.

ખંડ-૪

પ્રકીર્ણક

૨૫. (૧) પાણીનું મૂળ કારણ વાયુ (૨) છઠ્ઠો આરો

પાણીનું મૂળ કારણ વાયુ :

નૈયાયિક વગેરે અન્ય દાર્શનિકો તથા જ્યાં સુધી હેન્ડ્રીકવેડિન્સ નામનો વૈજ્ઞાનિક થયો ન હતો ત્યાં સુધીના બધા વૈજ્ઞાનિકો પણ પાણીને મૂળ દ્રવ્ય તરીકે જ માનતા હતા. નૈયાયિકો વગેરેએ નિત્ય જલ પરમાણુની પોતાની માન્યતાને ખૂબ પુષ્ટિ આપી છે. આ બધાની સામે જૈનદાર્શનિકોએ સૂયગડાંગ સૂત્રમાં કહ્યું હતું કે પાણી એ સ્વતન્ત્ર દ્રવ્ય નથી. એ તો વાયુમાંથી બનનારું એક દ્રવ્ય છે. પણ આ વાતને કોઈએ પણ ગણકારી ન હતી.

હેન્ડ્રીકવેડિન્સે પાણી ઉપર અન્વેષણ કર્યું અને તેણે જાહેર કર્યું કે હાઈડ્રોજન અને ઓક્સિજન નામના બે વાયુના સંમિશ્રણમાંથી જ પાણી બને છે. હવે તે જ વાતને પહેલેથી જ કહી ચૂકેલા ભગવાન્ જિનને કોનું શિર નહિ ઝૂકી જાય ? H_2Oની ફોર્મ્યુલાને હજારો લાખો વર્ષ પૂર્વે કહી ચૂકેલા એ ભગવાન્ જિનની વીતરાગ-સર્વજ્ઞતાને અમારાં અનંતશઃ અભિવાદન હો !

છઠ્ઠા આરાની માન્યતાને વૈજ્ઞાનિક સમર્થન :

જૈનદાર્શનિકો એમ માને છે કે કાળ બે પ્રકારના છે. અસંખ્ય વર્ષનો (૧૦ કોટ : કોટિ સાગરોપમનો) એક કાળ એવો પસાર થાય છે જેમાં પ્રાણીમાત્રના આયુ, ઉંચાઈ વગેરે વધતાં રહે છે. આવા કાળને ઉત્સર્પિણી કાળ કહેવાય છે. આ કાળ પસાર થાય પછી એટલાં જ વર્ષોનો બીજો કાળ આવે છે, જેમાં પ્રાણીમાત્રનાં આયુષ્ય, ઊંચાઈ વગેરે ઘટતાં જાય છે. આવા કાળને અવસર્પિણી કાળ કહેવામાં આવે છે. આ બેય કાળ

વારાફરતી આવ્યા જ કરે છે. બેય કાળનું એક કાળચક્ર કહેવાય છે.

દરેક અવસર્પિણીના અને દરેક ઉત્સર્પિણીના છ વિભાગ પડે છે. અવસર્પિણી કાળના ૬ વિભાગમાં ૧લો વિભાગ ૪ સાગરોપમનો, ૨જો ૩ સાગરોપમનો, ૩ જો ૨ સાગરોપમનો, ૪થો ૪૨ હજાર વર્ષ ન્યૂન એવા ૧ સાગરોપમનો, અને ૫મો તથા છઠ્ઠો દરેક ૨૧-૨૧ હજાર વર્ષનો હોય છે. આનાથી તદ્દન ઊલટો ક્રમ ઉત્સર્પિણી કાળના ૬ વિભાગોનાં સમજી લેવો.

હાલ અવસર્પિણી કાળનો પાંચમો ૨૧ હજાર વર્ષનો આરો (વિભાગ) ચાલે છે. તેમાંથી અઢી હજાર વર્ષ પસાર થઈ ગયાં છે અને સાડા અઢાર હજાર વર્ષ બાકી છે. એ સાડા અઢાર હજાર વર્ષ પૂર્ણ થયા બાદ છઠ્ઠો આરો (૨૧ હજાર વર્ષનો) આવશે. આ અવસર્પિણી કાળ છે એટલે પૂર્વે જણાવ્યા મુજબ મનુષ્ય વગેરેનાં આયુષ્ય, દેહમાન વગેરે અવશ્ય ઘટતાં ઘટતાં છઠ્ઠા આરાના માનવનું આયુષ્ય માત્ર ૨૦ વર્ષનું રહેશે એવું જૈનદાર્શનિકોનું મંતવ્ય છે.

દરેક આરામાં ખોરાકના પ્રમાણ વગેરેની પોતાની ખાસિયતો હોય છે, તે નવા આવતા આરામાં બદલાઈ જાય છે. આ રીતે છઠ્ઠા આરામાં પણ ઘણાં ફેરફારો થઈ જશે. તે આરાની સ્થિતિનું જૈનાગમોમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

એ છઠ્ઠા આરામાં પડનારા દુઃખથી લોકોમાં હાહાકાર થશે. અત્યન્ત કઠોર સ્પર્શવાળા, મલિન તથા ધૂળવાળો પવન વાશે. તે અત્યન્ત દુઃસહ અને ભય ઉત્પન્ન કરવાવાળો હશે. વાયુ પણ વર્તુલાકારે વાશે જેથી ધૂળ વગેરે એકત્રિત થશે. ફરી ફરી ધૂળના ગોટા ઊડવાથી બધી દિશા રજવાળી થશે. ધૂળથી મલિન અન્ધકાર સમૂહ થઈ જવાથી પ્રકાશનો આવિર્ભાવ ખૂબ જ કઠિનતાથી થશે. સમયની રુક્ષતાને કારણે ચન્દ્ર વધુ ઠંડો હશે અને સૂર્ય પણ વધુ તપશે. એ ક્ષેત્રમાં વારંવાર અરસ-વિરસ વગેરે પ્રકારના વરસાદ વરસશે. એ મુશળધાર વરસાદને લીધે ભરતક્ષેત્રનાં ગામો, નગરો વગેરેનો વિધ્વંસ થઈ જશે. વૈતાઢય પર્વત

સિવાયના તમામ પર્વતોનો નાશ થશે. ગંગા અને સિન્ધુ બે જ નદી રહેશે. એ વખતે ભરતક્ષેત્રની ભૂમિ અગ્નિ વગેરે જેવી થશે. પૃથ્વી ઉપર રહેનારાં લોકોને ખૂબ કષ્ટ પડશે. એઓ શરીરથી તદ્દન કુરૂપ હશે, વાણીથી અસભ્ય બનશે, માંસાહારી હશે. એમનાં શરીરની વધુમાં વધુ ઊંચાઈ ફક્ત એક હાથની હશે.

આયુષ્ય વધુમાં વધુ વીસ વર્ષનું હશે. એ મનુષ્યો સૂર્યના ભયંકર તાપને નહીં સહી શકવાને કારણે ગંગા, સિન્ધુ નદીનાં કોતરોમાં જ ઘર કરીને રહેશે. સૂર્યોદયથી એક મુહૂર્ત પૂર્વે અને સૂર્યાસ્ત થયા બાદ એક મુહૂર્ત પછી જ તેઓ બિલોમાંથી બહાર નીકળશે અને માછલાં વગેરેને ગરમ રેતીમાં પકવીને ખાશે.• આવી સ્થિતિ અવસર્પિણી તથા ઉત્સર્પિણી બંન્નેયના છઠ્ઠા આરાનો કુલકાળ મળીને ૪૨ હજાર વર્ષ સુધી રહેશે. ત્યાર પછી ફરી વાતાવરણ ઉત્તરોત્તર સુધરતું જશે.

હવે આપણે આ વિષયમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુનો વિચાર કરીએ. બેશક, જિનાગમોના સમયના ગણિત જેટલું ચોક્કસ ગણિત વૈજ્ઞાનિકોનાં સંશોધનમાંથી ન જ મળે, કેમકે એ ભગવાન્ જિનના બનાવેલા આગમ છે, જ્યારે વૈજ્ઞાનિકો તો હજી ઘણાં અપૂર્ણ છે. છતાં એમના વિધાનો બીજા કોઈપણ વિધાનો કરતાં જિનાગમનાં વિધાનોની ખૂબ જ નજદીકમાં ક્યારેક આવી રહે છે એ હકીકત છે.

હમણાં જ આપણે કાળનાં જુદાં જુદાં થતાં પરિવર્તનોની જે વિચારણા કરી અને તેની સાથે ભવિષ્યમાં ૧૮॥ હજાર વર્ષ પછી આવનારા દુઃખદ કાળની પણ જે વિચારણા કરી તેને આજનું વૈજ્ઞાનિક સંશોધન ખૂબ જ મળતું આવે છે.

'ટાઈમ' નામના અમેરિકન સાપ્તાહિક (૧૯૬૩)માં 'ભૂસ્તર ભૌતિક પદાર્થશાસ્ત્ર' (Geophysics)ના મથાળા નીચે એક લેખ આવ્યો છે. તેનું અવાંતર બીજું મથાળું છે, 'પૃથ્વીના પેટાળમાં ચુંબકીય ક્ષેત્રની હિલચાલ' (Flipping the Magnetic Field) છે. એ લેખમાં જે કાંઈ જણાવ્યું છે તેનો જરૂરી સાર ભાગ આપણે અહિં જોઈશું.

• ભગવતીસૂત્ર શતક ૭, ઉદ્દેશ-૬

દરેક પાંચ લાખ વર્ષે અથવા લગભગ તેટલા કાળમાં અજ્ઞાત કારણોથી ચુંબકીય ક્ષેત્રમાં આકસ્મિક હિલચાલ થાય છે. દસ હજાર વર્ષના કાળમાં (જે પૃથ્વી સંબંધી વિજ્ઞાનના કાળના માપમાં કેવળ એક સામાન્ય કાળ મનાય છે.) ઉત્તરના અને દક્ષિણના ચુંબકીય ધ્રુવ પોતાનું સ્થાન પરસ્પર બદલે છે. વૈજ્ઞાનિકોને ઘણાં કાળ પહેલાથી આ સંદેહ હતો કે આ રહસ્યપૂર્ણ અલટપલટ પૃથ્વી ઉપરના બાહ્ય દૃશ્યમાન રૂપમાં ઘણું મોટું પરિવર્તન કરી શકે છે. હવે એવું જણાયું છે કે આ અલટપલટનો હવે તો વધુ ગહન પ્રભાવ થઈ શકે છે. કોલમ્બિયા વિશ્વવિદ્યાલયના વૈજ્ઞાનિકોના એક પક્ષે આ વિષયમાં પ્રમાણો એકત્ર કર્યા છે અને એવી સલાહ આપી છે કે આ ક્રિયાશીલ ક્ષેત્ર પૃથ્વી ઉપર વનસ્પતિ અને પ્રાણીઓના વિકાસમાં ઘણો મોટો હિસ્સો આપી શકે છે.

મોસ્કો વિશ્વવિદ્યાલયના વૈજ્ઞાનિક હેઝને સમુદ્રવિજ્ઞાન સંબંધિત એક સભામાં એવું પ્રગટ કર્યું કે આ ભૂગર્ભના અવશેષોના વિશ્લેષણથી એ સ્પષ્ટ થયું છે કે ચુંબકીય ક્ષેત્રમાં હાલની હિલચાલ ૭ લાખ વર્ષ પૂર્વે થઈ હતી. એ અંગેના મળી આવેલા જીવોના અવશેષોએ એમ પણ પ્રગટ કર્યું કે પાણીમાં ઉત્પન્ન થનારા છોડવા કે પાણીની કેટલીક જાત ૨૪ લાખ વર્ષ પહેલા અકસ્માત્ ઉત્પન્ન (!) થઈ અને ૭ લાખ વર્ષ સુધી કોઈ વિશેષ પરિવર્તન વિના અસ્તિત્ત્વમાં રહી. પછી થોડા જ સમયમાં તેમાંથી કેટલીક જાત પૂર્ણપણે અદૃશ્ય થઈ ગઈ. બીજામાં વિશેષ પરિવર્તન થયું અને એક નવા પ્રકારની પ્રાણીની જાત થઈ.

હેઝનને વિશ્વાસ છે કે આ પ્રત્યેક અલટપલટના ચક્રની મધ્યમાં પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રનું થોડા સમય માટે અદૃશ્ય થવા છતાં પણ આ પ્રગતિશીલ પરિવર્તન થઈ શકે છે. આ ચુંબકીય ક્ષેત્રના અભાવમાં બ્રહ્માંડ-કિરણોવાળાં તત્ત્વો બાહ્ય અંતરિક્ષનાં કેટલાંક ઉચ્ચ શક્તિવાળાં તત્ત્વોનો નાશ કરી શકે છે, તે વિનાવિઘ્ને પૃથ્વી ઉપર વરસ્યાં હતાં. તેમાંથી ઘણાં બ્રહ્માંડ-કિરણયુક્ત તત્ત્વોએ જીવંત પ્રાણીઓનાં પ્રાણતત્ત્વમાં પરિવર્તન અને હાનિ કરવા માટે વાયુમંડળમાં પ્રવેશ કર્યો, જેથી કેટલાંક પ્રાણીઓની જાતિ નાશ પામી ગઈ. બીજી કેટલીક જાતોમાં પરિવર્તન

થયું.★

મનુષ્ય જાતિની ઉત્પત્તિ પૃથ્વી ઉપર અંતિમ હિલચાલ પછી થઈ (i) અને તે મનુષ્ય જાત ક્યારે પણ બ્રહ્માંડ કિરણો વિકીર્ણતા

● Every half million years or so, for unknown reasons, the earth's magnetic field suddenly flips. Within a period of 10,000 years a mere instant, on the geolo gical time scale- the north and south magnetic poles exchange places. Scientists have long suspected that the mysterious reversals may produce major changes in the earth's topography. Now it seems that there may be even more for reaching effects. A group of Columble University scientists has collected evidence suggesting that the fliping field may also play a major role in the evolution of terrestrial life.[xx]

Analysis of the slices, Heezen reported to an oceanographic Conference at Moscow University showed that the most recent magnetic field reversal occured about 7,00,000 years ago following earlier flips 2,500,000 and 3,500,000 years ago, Fossil remnats in the slices also indicated that several new species of alge and protozoa suddenly appeared about 2,500,000 years ago and existed without significant change until 7,00,000 years ago Then, within a short time span some of those species completely disappeared, others under went marked change, and new species emerged.

The evolutionary changes. Heezen believes may well have been caused by the temporary disappearance of the earth's magnetic field at the mid-point of each reversal cycle. In the absense of the field which normally deflects many of the high energy particles from outer space-cosmic ray particles rained down unhindered. Enough of them Penetrated the atmosphere to alter and damage the cells of existing organisms destroying some species and causing mutations in others.

Man appeared on the earth after the last reversal, and he has never been exposed to a significant increase in cosmic radiation But he soon may be put the test Current data, Heezen. feels, points to a gradual weakening of the

(Radiation)ની અધિકતાના પ્રભાવમાં આવી નથી, પરંતુ માનવજાતને થોડા કાળમાં જ પરીક્ષામાં મૂકવાનું શક્ય છે. હેઝનને વિશ્વાસ છે કે વર્તમાન હકીકતો (Facts) થી આ સ્પષ્ટ થયું છે કે ચુંબકીય ક્ષેત્ર ધીમે ધીમે નિર્બળ થતું જાય છે. આ ક્રિયાને આપણે કેટલાંક સેકંડો અથવા હજારો વર્ષોમાં થનાર અલટપલટની ભૂમિકા અથવા પ્રારંભિક તૈયારીઓ માની શકીએ છીએ. એનો અર્થ એ છે કે, ''બ્રહ્માંડકિરણોનો પૃથ્વીની સપાટી ઉપર આકસ્મિક પ્રચંડ આપાત થશે. તે કહે છે કે હું એક ગંભીર ચેતવણી આપવાવાળો બનવા ઈચ્છતો નથી પણ તેની પછીનાં સ્થાનવાળા તો આપણે બનવું જ પડશે.

બેશક ઉપરોક્ત હકીકતમાં જીવોત્પત્તિ વગેરેની વાતો જિનાગમોને મંજૂર નથી, પરંતુ અહીં તો ભાવિમાં આવનારા છઠ્ઠા આરાના કાળની આગાહીનો વિચાર જ પ્રસ્તુત છે. પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રનાં નબલા પડવાથી કાળ વગેરેના પરિવર્તનની વાતો વૈજ્ઞાનિકોએ આજે કહી. ભગવાન્ જિન તો પૂર્વથી જ તેના પરિણામો કહી ચૂક્યા છે.

●

magnetic field, a possible prelude to a reversal in a few hundered to a few thousand year. This would mean a sudden increase in cosmic bombardment of the earth's surface. "I don't want to be an alarmist." he says "but we may be the next."

૨૬. સ્યાદ્વાદ : સાપેક્ષવાદ

હવે આપણે જૈનદર્શનનો સ્યાદ્વાદ આજના વૈજ્ઞાનિકોએ કેવી રીતે પ્રમાણિત કરી દીધો છે તે જોઈએ. અર્વાચીન વિજ્ઞાનના પિતા ગણાતા આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાપેક્ષવાદનું જ્યારે પ્રતિપાદન કર્યું. ત્યારે સમગ્ર વૈજ્ઞાનિક વિશ્વ હલબલી ગયું હતું. આને અર્વાચીન શોધોની મૂર્ધન્ય શોધ ગણીને વધાવી લેવામાં આવી હતી.

એટલા જ કારણકે એ વૈજ્ઞાનિકોને એ સત્યની ગંધ જ ન હતી કે સ્યાદ્વાદને તો ભગવાન્ જિને અગણિત વર્ષો પહેલાં કહી દીધો છે.

રે ! અદ્યતન જગત્ને જૈનદર્શનની જો કોઈ શ્રેષ્ઠ દેન હોય તો એનો સ્યાદ્વાદ જ છે. જૈનદર્શનની ઈમારતના પ્રત્યેક સિદ્ધાન્તની ઈંટ સ્યાદ્વાદની જ બનેલી છે. ઈંટનો પ્રત્યેક પરમાણુ સ્યાદ્વાદ સ્વરૂપ છે.

સ્યાદ્વાદમય જિનદર્શન છે.

અહિંસા વગેરે તમામ ધર્મો સ્યાદ્વાદના જ પાયા ઉપર ઊભા છે. જૈનાગમનું કોઈપણ વાક્ય સ્યાદ્વાદની મંગળમાળાથી સુશોભિત છે. સ્યાદ્વાદની સાચી સૂઝ વિના જગત્ સ્વરૂપનું સાચું દર્શન થતું નથી. એ સમ્યગ્દર્શન વિના જગતના સ્વરૂપનું સાચું જ્ઞાન થઈ શકતું નથી. એવા સમ્યગ્જ્ઞાન વિના ત્યાજ્ય તત્ત્વોના ત્યાગરૂપ અને સ્વીકાર્ય તત્ત્વોના સ્વીકારરૂપ સાચું ચારિત્ર પ્રાપ્ત થઈ શકતું નથી. એવા સમ્યકચારિત્ર વિના આત્મા આ વિનશ્વર સુખોથી મુક્ત થઈ શકતો નથી, જન્મ, જરા, આધિવ્યાધિના દુઃખોથી સદાએ પિડાતો - રિબાતો જ રહે છે. એટલે જ મુક્તિમાર્ગનો ભોમિયો પણ આ સ્યાદ્વાદ છે.

ચિત્તની શાન્તિ વિના આત્માને સુખ નથી. સુખના અઢળક સાધનોના ખડકલા ઉપર બેઠેલા અબજોપતિ પણ ચિત્ત-શાન્તિના અભાવમાં મસ્ત ફકીરની પણ ઈર્ષ્યા કરે છે, મજૂરથી પણ વધુ દુઃખી રહે છે.

શાન્તિ વિના સુખ શેનું ?

તો સ્યાદ્વાદ વિના શાન્તિ કેવી ?

જીવનમાં સ્યાદ્વાદ પચાવો. પછી કોઈપણ સારા-માઠા સંયોગમાં શાન્તિ તો હથેળીમાં જ રમતી રહેશે.

જૈનદર્શનનો આ સ્યાદ્વાદ એ કેવો વાદ છે એ આપણે વિચારીએ.

જૈનદર્શનિકો માને છે કે કોઈપણ વસ્તુમાં એક બે નહિ, લાખ-દસ કે પરાર્ધ નહિ, પરંતુ અનંત ધર્મો છે. એકજ માણસ ન્યાયાધીશ છે, ઘરાક છે, દરદી છે, શિક્ષક છે, વકતા છે, પિતા છે, પતિ છે, કાકા અને શેઠ વગેરે પણ છે. જ્યારે એ ન્યાયાલયમાં બેસીને અપરાધીનો ન્યાય કરે છે ત્યારે તે ન્યાયાધીશ છે, જયારે તે બજારમાં જઈને વેપારી પાસેથી કોઈ વસ્તુ ખરીદે છે ત્યારે તે ઘરાક છે, ડોક્ટરને પોતાનું શરીર બતાવે છે ત્યારે દરદી છે, વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન આપે છે ત્યારે વક્તા છે, પોતાના પુત્રોનો તે પિતા છે, પત્નીનો પતિ છે, ભત્રીજાનો કાકો છે, નોકરનો શેઠ પણ છે.

બીજું એક દૃષ્ટાંત લઈએ. એક મકાનમાં પાંચ માણસો બેઠા છે. થોડીવારમાં હાથમાં કમણ્ડલુવાળો, મોટી જટાવાળો એક માણસ બારણે આવીને ઊભો રહ્યો. તેને જોઈને એક માણસ બોલી ઉઠ્યો, "અહો ! ભિક્ષુક આવ્યાં." બીજો બોલ્યો, "અહો મારા શિક્ષક આવ્યા." ત્રીજો બોલ્યો, "ઓ ! મિત્ર તું અહીં ક્યાંથી ?" ચોથો બોલ્યો, "અરે ! મારા ભાઈ !" ત્યારે પાંચમો માણસ બોલ્યો, "કથાકાર આવી ગયા છે."

અહીં એકજ માણસને જુદાં જુદાં સ્વરૂપે સંબોધવામાં આવ્યો છે. આમાં બધા સાચા છે.

તે માણસનો વેષ જોઈને પ્રથમ માણસે તેને ભિક્ષુક કહ્યો, વિદ્યાર્થીએ તેને શિક્ષક કહ્યો, મૈત્રીના દાવે ત્રીજાએ તેને મિત્ર કહ્યો, તેના ભાઈએ તેને ભાઈ કહ્યો અને કથક તરીકે જાણીતા તેને છેલ્લાએ કથાકાર કહ્યો.

એક જ વસ્તુમાં ન્યાયાધીશપણું, ઘરાકપણું, દરદીપણું, શિક્ષકપણું, વક્તાપણું, પિતાપણું વગેરે વગેરે ધર્મો હોઈ શકે છે, એક જ વસ્તુમાં

ભિક્ષુકપણું, શિક્ષકપણું, મિત્રપણું, કથાકારપણું વગેરે અગણિત ધર્મો પણ હોઈ શકે છે.

વસ્તુનું સ્વરૂપ જ આવું છે માટે જ વસ્તુસ્વરૂપના દ્રષ્ટા ભગવાન્ જિન કહે છે કે વસ્તુમાં અનંત ધર્મો છે.

હવે એક રમૂજી દૃષ્ટાંત લઈએ.

એક નિઃસ્પૃહી બાવાજી હતા. તેમની પાસે એકજ ગોદડી હતી. એકવાર તે કોઈ મુસાફરખાનામાં સૂતા હશે. ગોદડી બાજુમાં જ મૂકી રાખી હતી. આંખો મીંચાઈ ગઈ અને ગોદડી એક પોલીસ જ ચોરી ગયો !

સવાર પડ્યું. બાવાજીએ ફરિયાદ નોંધાવતાં જણાવ્યું કે એમની ગોદડી ચોરાઈ ગઈ છે. ફોજદારે પૂછ્યું. 'બીજું કાંઈ ચોરાયું છે ?' બાવાજીએ કહ્યું, 'હા, જરૂર. રજાઈ પણ ચોરાઈ છે,' એની પણ નોંદ કરતાં ફરી પ્રશ્ન કર્યો કે, 'હવે કાંઈ ?' બાવાજી કહે, 'હા, જરૂર. છત્રી પણ ચોરાઈ છે.' 'વળી કાંઈ ?' ફોજદારે પૂછ્યું. 'કેમ નહિ ? ઓશીકું અને પોતડી પણ ચોરાયાં છે.' આટલું કહીને બાવાજી ચાલી ગયા.

આ બધી વાત પેલા પોલીસ-ચોરે સાંભળી. એ તો સમસમી ગયો. તે મનમાં બબડ્યો, 'મેં માત્ર ગોદડી ચોરી છે, તો શા માટે બાવાએ આવી જુઠ્ઠી નોંધ કરાવી ?' ધૂંઆપૂંઆ થઈને એ તો ફોજદાર પાસે હાજર થઈ ગયો.

તેણે બધી સાચી વાત કરી દીધી અને જૂઠું બોલવા બદલ બાવાને સખત શિક્ષા કરવાની અરજ કરી. બાવાને બોલાવવામાં આવ્યો. ગોદડી બતાડતાં ફોજદારે પૂછ્યું કે, 'આ જ તેમની ગોદડી હતી ને ?' બાવાએ હા પાડતાં જ ગોદડી બગલમાં નાખીને ચાલવા માંડ્યું, એટલે સત્તાવાહી સૂરે ફોજદારે તેને અટકાવ્યો. 'રે ! જૂઠાબોલા બાવા, કેમ ચાલવા લાગ્યો ? તારી બીજી બધી ચીજો તને મળી ગઈ !' બાવો સ્મિત કરતાં કહે છે, 'જરૂર મેં કશી ખોટી નોંધ કરાવી જ નથી. મારો બધો માલ મને મળી ગયો છે માટે જ મેં અહીંથી ચાલવા માંડ્યું. જુઓ, આ વસ્તુ પાથરીને તેની ઉપર હું સુઈ જઉં છું ત્યારે તે મારી ગોદડી બને છે. ઠંડીમાં ઓઢી લઉં છું ત્યારે તે રજાઈ બની જાય છે, ક્યારેક વાળીને માથા નીચે મૂકી દઉં છું

ત્યારે તે ઓશીકું બની જાય છે, વરસાદમાં માથે ધરું ત્યારે છત્રી બની જાય છે, અને લંગોટી ધોવા કાઢું ત્યારે આને જ અંગ ઉપર વીંટાળી દેવાથી પોતડી બની જાય છે. હવે જ્યારે મને આ વસ્તુ મળી એટલે આ બધું મળી જ ગયું ને ? માટે જ ચાલતી પકડી.'

બાવાજીની વાત સાંભળીને ફોજદાર સજ્જડ થઈ ગયો !

જોયું ને ? એકજ વસ્તુમાં ગોદડીપણું, રજાઈપણું, ઓશીકાપણું વગેરે કેટલા બધા ધર્મો રહી ગયા ?

એકવાર મહારાણી વિક્ટોરિયા પોતાના કાર્યોથી પરવારીને ખૂબ મોડી રાતે પોતાના મહેલમાં આવ્યાં. બારણું બંધ હતું. જોરથી ખખડાવતા અંદર રહેલા તેમના પતિએ પૂછ્યું, 'કોણ છે ?' ઉત્તર મળ્યો કે 'મહારાણી વિક્ટોરિયા,' ફરી એકજ પ્રશ્ન, ફરી એજ ઉત્તર. વિક્ટોરિયાના પતિ બારણું ખોલતા જ નથી. મૂંઝાયેલાં મહારાણીને સમજાતું નથી કે એમના પતિ એકજ પ્રશ્ન પૂછે પણ બારણું કેમ ખોલતા નથી ? ત્યાં તો એકાએક કશુંક યાદ આવ્યું અને પતિએ પ્રશ્ન પૂછ્યો, 'કોણ છો ? ખૂબ જ પ્રેમાળ સ્વરે વિક્ટોરિયા બોલ્યાં, 'તમારી પ્રિયતમાં વિક્ટોરિયા.' અને તરત બારણું ખૂલી ગયું.

એકજ સ્ત્રી પાર્લામેન્ટમાં બેસીને કામ કરે ત્યારે તેનામાં મહારાણીપણું ભલે છે પરંતુ એના પતિની સામે તો તેમનામાં પ્રિયતમાપણું જ છે.

આ બધા દૃષ્ટાંતો આપણને એજ વાત કહી જાય છે કે કોઈપણ વસ્તુમાં અનંત ધર્મો છે. જુદી જુદી અપેક્ષાએ તે વસ્તુનો અમુક ધર્મ આગળ થાય છે અને બાકીના ગૌણ બની જાય છે. એટલે જ જૈનદર્શન કહે છે કે સામે રહેલા ઘોડાને જોઈને તમે એમ કહી શકો છો કે તે ઘોડો છે. પરંતુ જો કોઈ એમ કહે કે તે ઘોડો જ છે તો એ ખોટું છે. કેમકે તે ઘોડો છે તેમ તે પશુ પણ છે. 'ઘોડો જ છે.' એમ કહીને શું તેનાં બીજાં સ્વરૂપોનો ઈન્કાર કરી દેવાય ? નહિ જ.

'તે ઘોડો છે' એ વાક્યથી આ વાત અભિપ્રેત છે કે તે ઘોડો છે. બીજું પણ કાંઈક છે કે નહિ તે વાતની તરફ હાલ આંખમીંચામણાં છે. તે વાતનો

તિરસ્કાર તો નથી જ જ્યારે તે 'ઘોડો જ છે' એવું કહેનાર તેનાં બીજાં સ્વરૂપોને તિરસ્કારી દે છે માટે તેનું વાક્ય સાચું ન કહેવાય.

વસ્તુના એક સ્વરૂપને મુખ્ય કરીને બીજાને ગૌણ રાખવાની વિચારપદ્ધતિને જૈનદાર્શનિકો નય કહે છે, જ્યારે બીજા સ્વરૂપોને તિરસ્કારતી વિચારપદ્ધતિને દુર્નય કહે છે.

ટૂંકમાં, જૈનદર્શનની વિચારપદ્ધતિ સમન્વયને આવકારે છે. સામાન્ય રીતે એનામાં કોઈના પણ કોઈપણ સિદ્ધાંતને તિરસ્કારી નાખવાની પ્રક્રિયા જ હોતી નથી. એ તિરસ્કારે છે માત્ર કદાગ્રહને.

બૌદ્ધદર્શન આત્માને ક્ષણિક માને છે અને વેદાન્તદર્શન આત્માને નિત્ય માને છે. જૈનદર્શન આ બેય સિદ્ધાંતને જુદી જુદી અપેક્ષાએ મંજૂર કરે છે. આત્માના ભાવો ક્ષણે ક્ષણે બદલાતા રહે છે. પૂર્વ પૂર્વના ભાવવાળો આત્મા નાશ પામે છે, નવા નવા ભાવવાળો આત્મા જન્મ પામે છે. એટલે આ અપેક્ષાએ આત્મા બેશક ક્ષણિક છે. પરંતુ આ બધા ભાવોના પલટાઓમાં આત્મા નામનું દ્રવ્ય તો કાયમ રહે જ છે માટે અપેક્ષાએ આત્મા નિત્ય પણ છે. બેશક ક્ષણિકતા અને નિત્યતા એ બે વિરોધી વસ્તુઓ છે, પરંતુ એકજ અપેક્ષાએ તે બેય સ્થાને ન રહી શકે. ભત્રીજાની અપેક્ષાએ જે માણસ કાકો છે એ માણસ એ ભત્રીજાની જ અપેક્ષાએ તો એ કાકો મામો પણ બની જ શકે છે. આજ રીતે બે વિરોધી પણ જુદી જુદી અપેક્ષાએ એક સ્થાને રહી જાય તેમાં જરાય વાંધો ન હોઈ શકે.

બૌદ્ધદર્શન આત્માને અનિત્ય જ માને છે. એનામાં નિત્યતા માનવાની વાતને તિરસ્કારી નાખે છે, એજ રીતે વેદાંતદર્શન આત્મામાં માત્ર નિત્યતા માને છે, અનિત્યતા માનવાની વાતને એ ધિક્કારી નાખે છે. જ્યારે જૈનદર્શન આ બેયની વાતને ભિન્નભિન્ન અપેક્ષાથી મંજૂર કરતાં કહે છે કે આત્મા અપેક્ષાએ અનિત્ય પણ છે અને અપેક્ષાએ નિત્ય પણ છે.

આ અપેક્ષાવાદ એ જ સ્યાદ્વાદ છે, એજ સમન્વય છે, એજ સર્વોદયવાદ છે. વસ્તુમાં અનંત ધર્મો છે, તો તે બધાયનો તે તે અપેક્ષાએ સ્વીકાર કરી જ લેવો રહ્યો. ત્યાં પછી એકજ ધર્મને પકડી રાખવો અને

બીજા ધર્મોના અસ્તિત્ત્વની વાત કરનારને તિરસ્કારવો એ બિલકુલ યોગ્ય નથી.

આ વાત સમજવા માટે જૈનદાર્શનિકો સાત આંધળા માણસો અને હાથીનું દૃષ્ટાંત આપે છે. સાત અંધોએ એક વિરાટકાય પ્રાણી જોયું. તેમણે હાથીની કલ્પના તો કરી પરંતુ તે હાથીનું સ્વરૂપદર્શન કરવામાં તેઓ બધા ભૂલા પડ્યા. કેમકે દરેક હાથીના જુદાં જુદાં અંગને સ્પર્શ કર્યો હતો. જેણે પગ પકડ્યો તેણે પગની આકૃતિ ઉપરથી જ કહ્યું કે હાથી થાંભલા જેવો છે, બીજાએ સૂંઢ પકડીને જાહેર કર્યું કે હાથી જાડા દોરડા જેવો છે, ત્રીજાએ કાન પકડીને સૂપડા જેવો કહ્યો. આમ દરેકે પોતાની વાત પકડી રાખી અને બીજાની વાત તિરસ્કારીને લડવા લાગ્યા. એટલામાં એક દેખતો ડાહ્યો માણસ આવ્યો. તેણે બધી વાત સાંભળીને બધાને શાંત પાડતાં કહ્યું કે તેમનામાંનો દરેક સાચો છે. પગની આકૃતિની અપેક્ષાએ હાથી બેશક થાંભલા જેવો છે પરંતુ સૂંઢની અપેક્ષાએ તે દોરડા જેવો પણ જરૂર છે. કાનની અપેક્ષાએ તે સૂપડા જેવો પણ જરૂર છે. એટલે બધાં તે તે અપેક્ષાએ સાચા છે માટે તેઓ પોતાની વાતને પકડી રાખે તે બરાબર છે પરંતુ બીજાની વાતને તિરસ્કારી તો ન જ શકે.

આમ જુદાં જુદાં અનેક દૃષ્ટાંતોથી જૈનદાર્શનિકોએ સ્યાદ્વાદ સમજાવ્યો છે.

આ તો આપણે સ્યાદ્વાદનું સૈદ્ધાંતિક સ્વરૂપ જોયું. પરંતુ તેનું વ્યાવહારિક સ્વરૂપ શું ? વ્યવહારમાં સ્યાદ્વાદની વિચારપદ્ધતિની ઉપયોગિતા શી ? એ પણ વિચારવું જોઈએ.

ભોગી માણસોને એ વાત સારી રીતે સમજાઈ છે કે જીવનમાં 'પ્રેમ'નું મૂલ્ય ઘણું છે. પ્રમ વિના જીવી શકાતું નથી. પરંતુ એ વાત પણ સમજી લેવી જોઈએ કે પ્રેમના મૂલ્ય જેટલું જ મૂલ્ય સ્યાદ્વાદનું છે. આજ વાતને સરળ રીતે આમ રજૂ કરી શકાય કે "હું તમને ચાહું છું" એ વાક્યનું જેટલું મૂલ્ય ગણાતું હશે તેટલું મૂલ્ય, 'તમે પણ સાચા હોઈ શકો છો' એ વાક્યનું છે.

સ્યાદ્વાદનું આજ વ્યાવહારિક સ્વરૂપ છે કે માનવમાત્રે દરેક વાતમાં

બીજાના દૃષ્ટિકોણથી વિચાર કરી લઈને તે માનવ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન ન કરતાં મૈત્રી રાખવી અથવા છેવટે ઉદાસીન રહેવું. પર્વતના ટેકરા ઉપર રહેલા માણસને તળેટીના રસ્તે ચાલતા માણસો વહેંતિયા જેવડા જ લાગે. એની વાતને નીચે ઊભેલો માણસ તિરસ્કારે તે નહિ ચાલે. એક વખત એ પણ જો પર્વત ઉપર ચડી જાય તો એને પણ નીચે રહેલા માનવો વહેંતિયા જેવડા જ લાગવાના. કેમકે હવે તેનું દર્શન પેલા માણસના દૃષ્ટિકોણથી થયું. આમ દરેકના દૃષ્ટિકોણથી વિચાર કરવાથી જીવનવ્યવહાર ઘણાં સંઘર્ષોમાંથી મુક્ત બની જાય છે.

ટૂંકમાં એટલું જ જણાવવાનું કે સ્યાદ્વાદ દરેક વસ્તુની દરેક બાજુના જુદા જુદા દૃષ્ટિકોણથી (જુદા જુદા એંગલથી) વિચાર કરવાનું કહે છે, દરેક પરિસ્થિતિને જુદી જુદી દૃષ્ટિથી મૂલવવાનું સમજાવે છે. કોઈપણ વસ્તુ ઉપર વધુ પડતી આસક્તિ થાય અને તેની પ્રગતિમાં કે તેના રક્ષણમાં તે ચિત્તને અશાન્ત કરી મૂકે તો સ્યાદ્વાદ કહે છે કે 'મિત્ર, એ વસ્તુની બીજી અનેક બાજુઓ છે એનો પણ તું વિચાર કરી લે. એ વિનાશી છે, એ બીજાને દાનમાં આપી શકાય તેવી છે. એનું બાહ્ય સ્વરૂપ જ આકર્ષક છે. આંતરસ્વરૂપમાં તો એકલી અશુચિ ભરેલી છે.....' વગેરે વગેરે જે જે દૃષ્ટિકોણથી વિચાર થઈ શકે તેને અજમાવ... પળ બે પળમાં જ તારું ચિત્ત આસક્તિ મુક્ત થઈ જશે.

ક્યાંક કોઈ ઉપર રોષ થઈ જતો હોય ત્યારે પણ સ્યાદ્વાદ આગળ આવીને કહે છે કે શા માટે આ તોફાન ? શુદ્ધ આત્માનું કોઈ કાંઈ જ બગાડી શકતું નથી, કેટલું જીવવું છે ? વૈરથી વૈર કોનાં શમ્યાં છે ? ક્ષણિક જીવનમાં આ કલેશ શા ? શાને જાતે જ અંતરને ક્રોધથી સળગાવવું ? વગેરે વગેરે દૃષ્ટિકોણથી વિચારણાઓ કર. ચિત્ત શાંત થઈ જશે.

ટૂંકમાં, રાગ અને રોષના તમામ પ્રસંગોને સ્યાદ્વાદ નિવારે છે. ચિત્તની અશાંતિને ટાળીને તેને સ્વસ્થ બનાવે છે.

દુનિયામાં બે પ્રકારના માનવો હોય છે. કેટલાંક લઘુતાગ્રંથિથી પીડાય છે, બીજા કેટલાંક અહંતાગ્રન્થિથી પીડાય છે. સ્યાદ્વાદ બેયને શાંતિ આપવા આગળ આવે છે. પોતાનામાં ઘણું છતાં કાંઈ જ નથી એવું જે

માને છે તેને કહે છે, 'શા માટે તારી ઉપરની દુનિયા સામે જુએ છે ? તારાથી ઉપર ઘણાં શ્રીમંતો, બંગલાવાળાઓ, સ્વજનાદિના સુખવાળાઓ, નીરોગીઓની દુનિયા જરૂરી છે, પરંતુ દુનિયા એટલી જ નથી, તારા પગ નીચે પણ જો. ત્યાં પણ બીજી એક વિરાટ દુનિયા છે. ત્યાં ઘણાં ગરીબો છે, બાગબંગલા વિનાના તો શું પણ એક ટંક પૂરું ખાવાનું પણ ન મળે તેવાઓ પણ ત્યાં છે, બાલબચ્ચાંના ભયંકર કલેશથી પીડાતાઓ પણ છે અને રોગિષ્ઠો પણ છે. જરાક ત્યાં નજર નાંખ, તારાં દુઃખ કાંઈ જ વિસાતમાં નથી એમ તને લાગશે. ચિત્તને અપૂર્વ શાંતિ મળશે. તું તારી જાતને ઘણી દુઃખિયારી માનવાને બદલે મહાસુખી માનીશ.' લઘુતાગ્રંથિની કારમી પીડાવાળા માણસોને સ્યાદ્વાદ નીચું જોતાં શિખવાડીને શાન્તિ બક્ષે છે.

જ્યારે અહંતાગ્રન્થિથી પીડાતા લોકોને સ્યાદ્વાદ કહે છે. "શાને નીચે જોઈને ફુલાય છે ? ગર્વ કરે છે ? જરા ઉપર જો...તારાથી પણ વધુ શ્રીમંતાઈમાં મહાલતા લોકો આ દુનિયામાં વસે છે. એમની સમૃદ્ધિ પાસે તો તું ચપટી ધૂળ છે ધૂળ. તારા આરોગ્ય કરતાં ઘણું સુંદર આરોગ્ય ધરાવનારા અખાડાબાજોને જો, તારો ગર્વ ગળી જશે. આમ અહંતાગ્રન્થિવાળાને સ્યાદ્વાદ એક તમાચો મારીને ઠેકાણે લાવે છે.

ઉપર-નીચેની દુનિયાની જુદી જુદી અપેક્ષાના વિચાર કરવાથી દુઃખની દીનતા અને સુખની લીનતા બેય દૂર થાય છે.

માથું તૂટી પડે છે ? તો સ્યાદ્વાદ કહે છે કે ટ્યુમરના દર્દીના માથાની ભયંકર પીડા યાદ કરો ! એની પાસે તમારું દુઃખ કશી વિસાતમાં નથી.

સખત બફારો થાય છે ? પોલાદની આગ ઝરતી ભઠ્ઠી પાસે કામ કરતા એક ગરીબ મજદૂર સામે જુઓ.

કોઈએ અપમાન કર્યું છે ? સંતોને નજર સામે લાવો. એમને થયેલા અપમાનો પાસે તમારું અપમાન બિચારું છે !

સ્યાદ્વાદ એટલે જુદી જુદી અપેક્ષાનો વિચાર કરતો ચિત્તશાન્તિપ્રદ વાદ. એકની એક સ્થિતિમાં માણસ સુખી પણ હોઈ શકે અને દુઃખી પણ હોઈ શકે છે. સુખ-દુઃખ છે. મનની કલ્પનાઓ જેવી અપેક્ષાનો વિચાર

તેવું સુખ કે તેવું દુઃખ.

પુત્રને એક ડીગ્રીનો તાવ માતા-પિતાને દુઃખદ બને છે, પણ છ ડીગ્રીથી ઊતરતો ઊતરતો એક ડીગ્રી થાય ત્યારે તેજ એક ડીગ્રીનો તાવ સુખદ બને છે.

કૂતરો ઊંઘ બગાડતો ભસ્યા કરે ત્યારે પથારીમાંથી ઊઠીને આંખ ચોળતા ઊભા થતા સાહેબ બે-ચાર ગાળો સંભળાવી દે છે. પણ જ્યારે એમને ખબર પડે છે કે એ ભસવાના કારણે જ ચોરો નાસી ગયા, ત્યારે એજ પરિસ્થિતિ સાહેબને પ્રસન્ન કરી મૂકે છે.

એક જ નાની લીટી કોઈ મોટી લીટીની અપેક્ષાએ નાની છે. પરંતુ એથી પણ વધુ નાની લીટીની અપેક્ષાએ તો એ મોટી છે.

ગામઠી સ્કૂલનો માસ્તર ગામડામાં ભલે મહાન કહેવાતો હોય પરંતુ શહેરની કોલેજના પ્રોફેસરની અપેક્ષાએ તો તે મૂર્ખ જેવો કહેવાય, અને પ્રોફેસર જ મહાન કહેવાય. પરંતુ લંડનની વિશિષ્ટ પદવીવાળા ત્યાંના કોઈ ચાન્સેલરની અપેક્ષાએ તો પ્રોફેસર મહાન ન ગણાય અને મહાન એવો પણ ચાન્સેલર આઈન્સ્ટાઈનની અપેક્ષાએ તો કાંઈ જ ન ગણાય.

જુદી જુદી અપેક્ષાએ વસ્તુનાં જુદાં જુદાં સ્વરૂપો જોવા-સમજવા મળે છે. સ્યાદ્વાદ આપણને એ સ્વરૂપદર્શન કરવાનું કહે છે અને જે અપેક્ષાના વિચારથી ચિત્તશાન્તિ મળે તે અપેક્ષાને પકડી લેવાનું જણાવે છે.

એકજ કેરી અડધી સારી છે અને અડધી બગડેલી છે. બગડેલીનો વિચાર કરીને અશાન્ત થવું તે કરતાં શા માટે અડધી સારીનો વિચાર ન કરવો ?

"શ્રી બુદ્ધ અને આનંદ"ના સંવાદમાં સ્યાદ્વાદ પદ્ધતિ જ જોવા મળે છે. બુદ્ધ પોતાના શિષ્ય આનંદને પૂછે કે, "જે ગામમાં તું જાય છે એ ગામના લોકો તને ગાળો દેશે તો ?" આનંદ કહે છે, "ભલે ગાળો દે, પણ તે મારતા તો નથી ને ?" "રે ! મારશે તો ?" ભલે, તોય મારી તો નાંખતા નથી ને ?" "અને મારી પણ નાંખશે તો ?" "તોય શું ? આત્માનું તો કાંઈ જ બગાડતા નથી ને ? માટે તેઓ મારા તો મિત્રો જ છે."

જીવનમાં સ્યાદ્વાદ ઊતરે તો સઘળી જાતની અશાંતિઓ નિર્મૂળ થાય. જીવન અને વ્યવહાર પવિત્ર બને. નાહકની હૈયાહોળીઓ શાંત થઈ જાય. ભગવાન જિને સમગ્ર વિશ્વને કેવા અપૂર્વ સ્યાદ્વાદની ભેટ કરી છે !

જૈનદર્શનમાં અનેક દૃષ્ટાંતો આપીને સ્યાદ્વાદ સમજાવવામાં આવ્યો છે. વસ્તુમાત્રમાં ઉત્પત્તિ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેય ધર્મો રહે છે. આ ધર્મો પરસ્પર વિરોધી હોવા છતાં શી રીતે એકત્ર રહે છે તે બાબત એક દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. એક સોની સોનાનો કલશ તોડીને સોનાનો મુકુટ બનાવી રહ્યો છે. એ વખતે ત્રણ વ્યક્તિ ત્યાં આવે છે. સોનાની આ ક્રિયા જોતાં એકને હર્ષ થાય છે, બીજાને દુઃખ થાય છે, ત્રીજો મધ્યસ્થ રહે છે. જેને મુકુટ જ જોઈએ છે તે આનંદ પામે છે, જેને કલશ જોઈતો હતો તે, તેને નાશ પામતો જોઈને દુઃખિત થાય છે, જ્યારે ત્રીજાને માત્ર સોનાથી કામ છે એટલે પૂર્વોક્ત ઉત્પાદ-વિનાશમાં ય સોનું તો કાયમ છે એટલે તેને સુખ-દુઃખ કશું થતું નથી, તે મધ્યસ્થ રહે છે. એકજ વસ્તુમાં કોઈનો ઉત્પાદ, કોઈનો વિનાશ અને કોઈની ધ્રુવતા એમ ત્રણે વસ્તુ રહી છે માટે ત્રણ વ્યક્તિને જુદી જુદી અનુભૂતિ થઈને ? માટે જે વસ્તુ માત્રને ત્રિગુણાત્મક કહે છે.•

બીજું પણ એક દૃષ્ટાંત આપવામાં આવે છે કે દૂધમાંથી દહી બનતું જોઈને દૂધની અપેક્ષાવાળાને તેનો વિનાશ જોતા દુઃખ થાય, દહીંની અપેક્ષાવાળાને તેનો ઉત્પાદ જોતાં આનંદ થાય, જ્યારે ગોરસની અપેક્ષાવાળો બેય સ્થિતિમાં ગોરસ તો છે જ માટે મધ્યસ્થ રહે છે.

આમ જુદી જુદી રીતે સ્યાદ્વાદ સમજાવવામાં આવ્યો છે. સાપેક્ષવાદની જટિલતા સમજાવવા પ્રો. મેકસવોર્ન એક સુંદર દૃષ્ટાંત આપે છે. તેઓ કહે છે, "મારો એક મિત્ર એકવાર પાર્ટીમાં ગયો. એને કોઈ મહિલાએ થોડા શબ્દમાં સાપેક્ષવાદ સમજાવવાનું કહ્યું. તરત મારા મિત્રએ એક વાત શરૂ કરી :

• **उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ।**
घटमौलिसुवर्णार्थी नाशोत्पादस्थितिष्वयम् ।
शोकप्रमोदमाध्यस्थ्यं जनो याति सहेतुकम् ॥ – शा.वा.समु.

"એકવાર અમે બે મિત્રો રસ્તે ચાલતા ચાલતા થાકી ગયા, ખૂબ તરસ લાગી. મેં મારા મિત્રને કહ્યું, "આપણે અહીં થોડું દૂધ ખરીદી લઈએ." મારા મિત્રએ મને પૂછ્યું, "દૂધ શું વસ્તું છે ?" મેં કહ્યું, "અરે ! તમે દૂધ નથી જાણતાં ? જે પાતળું અને ધોળું હોય છે તે દૂધ !" મિત્રએ ફરી પૂછ્યું, ધોળું કેવું ?"

ઉ. - બતક જેવું.

પ્ર. - બતક કેવું હોય !

ઉ. - મોડદાર ગરદનવાળું.

પ્ર. - મોડ એટલે ?

મેં આ પ્રશ્નનો ઉત્તર દેતાં મારો હાથ વાંકો કરીને જણાવ્યું કે મોડ આવો વળાંક હોય છે. હવે તમે સમજી ગયા ને કે દૂધ શું વસ્તુ છે ?

જેને મોડદાર ડોક છે તે બતક છે, ધોળું છે તે બતક છે, બતક જેવું જે ધોળું તે દૂધ છે.

અહીં મોડની અપેક્ષા લઈને બતક ઓળખાવ્યું. અને એની ધોળાશની અપેક્ષાએ દૂધ ઓળખાવ્યું. આવી રીતે અપેક્ષા લઈને વસ્તુનો વિચાર કરવો એ જ સાપેક્ષવાદ છે.★

આલ્બર્ટ આઈન્સટાઈન પોતાની પત્નીને સરળ ભાષામાં સાપેક્ષવાદ સમજાવતાં કહે છે, "જ્યારે એક મનુષ્ય એક કન્યા સાથે વાત કરે છે ત્યારે એક કલાક એક મિનિટ જેટલો લાગે છે અને જ્યારે એજ મનુષ્યને અગ્નિના ચૂલા પાસે બેસાડવામાં આવે છે ત્યારે એક મિનિટ એક કલાક જેટલી જાય છે."

પ્રો. એડિંગ્ટન સાપેક્ષવાદને સમજાવતાં દિશાનું દૃષ્ટાંત આપે છે. તેઓ કહે છે એડિનબર્ગની અપેક્ષાએ કેમ્બ્રિજની અમુક દિશા છે, જ્યારે લંડનની અપેક્ષાએ એ જ કેમ્બ્રિજની બીજી દિશા થઈ જાય છે.•

★ Cosmology old & new P. 197

• A more familiar example of a relative quantity is 'direction' of an object. There is a direction of Cambridge relative to Edinburgh and another direction relative to London and so on.
– The Nature of Physical World. P. 26

એક વાત સમજી રાખવી કે સ્યાદ્વાદ એ અપેક્ષવાદ છે. વસ્તુના અનંત ધર્મોમાંથી કોઈ એકાદ ધર્મને અગ્રેસર કરીને વાત કરતો વાદ તે સ્યાદ્વાદ. વસ્તુની એક અપેક્ષાએ વિચાર કરવો તેને જૈનદાર્શનિક 'નય' કહે છે. જ્યારે વસ્તુની તમામ બાજુનો સ્વીકાર કરવાપૂર્વક વિચાર કરવો તેને 'પ્રમાણ' કહેવામાં આવે છે. નય એ આંશિક સત્ય છે જ્યારે પ્રમાણ એ સંપૂર્ણ સત્ય છે. સામે રહેલા ઘોડાને જોઈને 'આ ઘોડો છે' એમ કહેવું તે આંશિક સત્યસ્વરૂપ નયવાક્ય છે, જ્યારે 'આ ઘોડો પણ છે' એમ કહેવું તે પૂર્ણ સત્યસ્વરૂપ પ્રમાણવાક્ય બને કેમકે 'પણ' શબ્દથી ઘોડામાં રહેલા અશ્વત્વ સિવાયના પણ તમામ ધર્મોનો સ્વીકાર સૂચિત થઈ જાય છે.

આપણો જે જીવનવ્યવહાર છે તે બધો 'નય'ની ભાષામાં ચાલે છે, પ્રમાણની ભાષામાં નહિ. ટૂંકમાં આ બે સત્યો વચ્ચે અંતર રહેલું છે. સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક એડિંગ્ટન પણ આ જ વાત પોતાના શબ્દોમાં કહેતાં લખે છે કે, 'પ્રાયિક સત્ય અને વાસ્તવિક સત્યની વચ્ચે આપણે એક રેખા ખેંચીએ છીએ. પદાર્થના કેવળ બાહ્ય, સ્વરૂપ સાથે સંબંધ રાખતું એક વક્તવ્ય સત્ય કહી શકાય, પરંતુ જે વક્તવ્ય તેથી પણ આગળ જઈને વસ્તુના તમામ અંશોને વ્યક્ત કરે છે. વાસ્તવિક સત્ય છે.•

નય પ્રમાણની વાતો સાથે વૈજ્ઞાનિકો કેટલા હળીમળી ગયા છે એ વિધાન ઉપરથી સમજી શકાય છે. આથી જ આપણે માનવું પડશે કે સ્યાદ્વાદ એ કોઈ અધૂરો વાદ નથી પરંતુ વસ્તુના પૂર્ણસ્વરૂપને પામવાનો યથાર્થ વાદ છે. આથી જ એક આચાર્યે કહ્યું છે કે, 'જેના વિના જગતનો કોઈ વ્યવહાર જરાય ચાલી શકે તેમ નથી તે ત્રિભુવનગુરુ સ્યાદ્વાદને અમે નમસ્કાર કરીએ છીએ.★

• I think we often draw a distinction between what is true and what is really true. A statement which does not profess to deal with anything except appearances may be true a statement which is not only true but deals with the realities beneath the appearances is really true.

★ **जेण विणा लोगस्स ववहारो सव्वहा न निव्वडई ।**
तस्स भुवणेक्कगुरुणो णमोऽणेगन्तवायस्स ॥

છેલ્લે સ્યાદ્વાદની અમસમજથી થતા અન્યાયનું સ્પષ્ટીકરણ કરી લેવાનું જરૂરી લાગે છે. 'સ્યાદ્વાદથી એકજ વ્યક્તિ કાકો, મામો, પતિ, પિતા, વગેરે બની શકે છે.' એ વાત જાણીને અલ્પજ્ઞ માણસો આક્ષેપ કરે છે કે, 'સ્યાદ્વાદ તો ખીચડાવાદ છે કોઈપણ વસ્તું કાંઈપણ બનાવી દે તેનું નામ સ્યાદ્વાદ.'

સ્યાદ્વાદની અધૂરી સમજણનું કેવું દુઃખદ વિધાન ! સહુએ એ વાત સારી રીતે સમજી લેવી કે સ્યાદ્વાદના બે સ્વરૂપ છે : અનેકાન્ત અને એકાન્ત. ભત્રીજાની અપેક્ષાએ જે કાકો છે તે ભાણાની અપેક્ષાએ મામો પણ છે. આ થયો સ્યાદ્વાદનો અનેકાન્ત. પરંતુ ભત્રીજાની અપેક્ષાએ જે કાકો છે તે ભત્રીજાની અપેક્ષાએ એકાન્તે કાકો છે એને ભત્રીજાની અપેક્ષાએ તમે કદી મામો બનાવી શકો તેમ નથી. આ થયો સ્યાદ્વાદનો એકાન્ત. વજ્રસ્વામીજીની અપેક્ષાનું વિમાનગમન જ શાસ્ત્રીય છે. બીજા કોઈની અપેક્ષાએ તે વિમાનગમનને શાસ્ત્રીય ઠરાવવું એટલે પત્નીના પતિને, બહેનનો પતિ બનાવવા જેવું બેવકૂફીભર્યું કાર્ય છે.

●

૨૭. પૃથ્વી અને તેનું પરિભ્રમણ

પૃથ્વી ચર કે સ્થિર છે ? થાળી જેવી ગોળ છે કે દડા જેવી ગોળ છે ? એ વિચાર આજે ખૂબ વ્યાપક રૂપમાં ચર્ચાનો વિષય બનેલ છે, લગભગ તમામ ધર્મો-પૂર્વના કે પશ્ચિમના-પૃત્વીને સ્થિર માને છે. જ્યારે તમામ વૈજ્ઞાનિકો પૃત્વીને ચર માનતા નથી. એમનામાં બે મત પ્રવર્તે છે. કેટલાંક પૃથ્વીને સ્થિર માને છે, તો કેટલાંક ચર માને છે.

પ્રથમ તો આપણે ધર્મોના મન્તવ્યો જોઈએ. સૂર્યપ્રજ્ઞપ્તિમાં ભગવાન મહાવીરસ્વામીજીએ ગૌતમગણધરના પ્રશ્નોના ઉત્તરમાં સૂર્યને જ ચર બતાવ્યો છે. સૌથી બહારના મંડલમાંથી અંદરના મંડલમાં આવતાં અને અંદરમાંથી બહાર મંડલમાં જતાં વધુ મળીને સૂર્ય કેટલો સમય લે ? એના પ્રશ્નના ઉત્તરમાં ૩૬૬ રાત્રિ-દિવસ જણાવવામાં આવ્યા છે. તેમાં સામાન્ય રીતે '૮૪ મંડલમાં સૂર્યની ગતિનું અને તેમાંય ૧૮૨ મંડલમાં તેની બે વારની ગતિનું અને પ્રથમના તથા છેલ્લા મંડલમાં એકવારની ગતિનું વિધાન કર્યું છે.★

ભગવતી સૂત્રની વૃત્તિમાં જણાવ્યું છે કે જેમ જેમ સૂર્ય આગળ વધે છે તેમ પાછળના દેશોમાં રાત્રિ થતી જાય છે અને આગળના દેશોમાં દિવસ થતો જાય છે. આમ દેશભેદના કારણે ઉદયાસ્તનો કાળભેદ થાય છે.•

★ ता जया णं ते सूरिए सव्वब्भंतरातो मंडलातो सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरति, सव्वब्बाहिरातो मंड़लातो सव्वब्भंतर मंडलं उपसंकमित्ता चारं चरति, एस णं अद्ध केवतियं रातिदियग्गेणं आहित्तेत्ति वदेज्जा ? ता तिण्णि छायट्टे रात्तिदियसए रातिं दियग्गेणं आहितेति वदेज्जा । — સૂર્ય પ્રજ્ઞપ્તિ, પ્રથમ પ્રાભૃત સૂ. ૯

• ता एताए अद्धाए सूरिए कति मंडलाइं चरंति ? कति मंडलाइं दुक्खुत्तो चरति ? कति मंडलाइं एगक्खुत्तो चरति ? ता चुलसीयं मंडलसतं चरति, बासीति तं मंडलसतं दुक्खुत्तो चरति त जहाणिवखामाणे चेव पवेसमाणे चेव, दुवे य खलु मंडलाइं सइ चरति । तं जहा-सव्वब्भंतरं चेव मंडलं

શ્રીમણ્ડલ પ્રકરણમાં સૂર્યના પરિભ્રમણથી થતાં તે તે દેશના તે તે પ્રહરાદિકાળને વધુ સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ છે.

વેદ :

અથર્વવેદમાં કહ્યું છે કે સૂર્ય આકાશ અને પૃથ્વીની ચારેય બાજુ ઘૂમે છે,[૧] અન્યત્ર પણ સૂર્યને જ રાત્રિ-દિવસનો વિભાજક કહ્યો છે,[૨] ત્યાં પૃથ્વી ધ્રુવ છે,[૩] આકાશ અને પૃથ્વી સ્થિર છે,[૪] એમ પણ કહ્યું છે, ઋગ્વેદમાં પૃથ્વીને સ્થિર[૫] કહીને સૂર્યને ગમન કરતો પણ કહ્યો છે.[૬] યજુર્વેદમાં પણ તેમજ કહ્યું છે.[૭] વેદોના આધારે જ રચાયેલ પાતંજલ મહાભાષ્ય[૮], શતપથબ્રાહ્મણ[૯], યોગદર્શન[૧૦] આદિ ગ્રંથોમાં પણ એજ વાત કહી છે.

બાઈબલ, કુરાન આદિમાં પણ પૃથ્વીને સ્થિર કહી છે.

सव्वबाहिरं मंडलं । — સૂર્ય પ્રજ્ઞપ્તિ, પ્રથમ પ્રાભૃત સૂ. ૧૦

जह जह समए पुरओ संचरइ भक्खरओ गगणे ।
तह तह इयोवि नियमा जायइ रयणीइ भावत्थो ॥१॥
एवं य सइ नराणं उदयत्थमाणाईं होंति नियमाई ।
सई देशकालभेए कस्सई किंचिवि हीस्सए नियमा ॥२॥

— ભગવતી વૃત્તિ, શ.૫.ઉ.૧

૧. यत्र मे द्यावापृथ्वी सद्यः पर्येति सूर्यः — અથર્વવેદ.

૨. दिवं च सूर्यः पृथ्वी च देवीमहोरात्रें विभजमानो यदेषि ।
— અથર્વ ૧૩-૨-૫

૩. पृथ्वी ध्रुवा । — અથર્વ ૬-૮૯-૯

૪. स्कम्भेनेमे विष्टम्भिते द्यौश्च भूमिश्च तिष्ठतः — અથર્વ ૧૦-૮-૨

૫. पृथ्वी वितस्थे । — ઋગ્વેદ ૧-૭૨-૯

૬. ताभिर्याति स्वयुक्तिभिः — ઋગ્વેદ ૧-૫૦-૯

૭. (१) ध्रुवा स्थिरा धरित्री । — યજુર્વેદ ૧૪-૨૨

૮. ૨-૧૨૩

૯. ૬,૫,૨-૪

૧૦. ૩-૧૧ સૂત્ર.

ભારતના પ્રાચીન જ્યોતિષાચાર્યો તથા ગણિતાચાર્યોએ પૃથ્વીના સ્થિરત્વ અંગેનો વિચાર કરેલો. તેમાં વરાહમિહિર, બ્રહ્મગુપ્ત, શ્રીધર, લલ્લ, ભાસ્કરાચાર્ય વગેરે પ્રસિદ્ધ ગણિતજ્ઞોએ પૃથ્વીને સ્થિર કહી હતી. એમની વચમાં આર્યભટ્ટ (વિ. સં.૫૩૩) વગેરે થયા તેમણે પૃથ્વીને ચર કહી. અને બેય પક્ષે પોતપોતાના મતોનું નિરૂપણ કરીને પ્રતિમતની કડક ટીકા પણ કરી. તત્ત્વાર્થશ્લોકવાર્તિક ચોથા અધ્યાયમાં પૃથ્વીના પરિભ્રમણ મતની કડક ટીકા કરવામાં આવી છે.

હવે પાશ્ચાત્ય જગતનાં મંતવ્યો જોઈએ. પૂર્વે કહ્યા મુજબ બાઈબલ પૃથ્વીને સ્થિર માને છે. ઈ.સ. પૂર્વે ૨૦૦ વર્ષે થયેલો હીપારકસ પૃથ્વીને સ્થિર કહેતો, 'અરસ્તૂ' અને 'ટાલમી' જેવા પ્રસિદ્ધ ગણિતજ્ઞોનું પણ તેજ મન્તવ્ય હતું, ૧૬મી સદીમાં સર્વ પ્રથમ કોપરનિક્સે (Copernicus) પૃથ્વીને ચર કહી અને સૂર્યને સ્થિર કહ્યો. ગેલિલિઓએ પણ પૃથ્વીને ચર કહી. જેના કારણે તેને ઘણી યાતનાઓ ભોગવવી પડી હતી. પૂર્વે જણાવ્યું હતું તેમ પૃથ્વીને ચર માનવામાં જેટલી સમસ્યા ઊભી થઈ એ બધી ન્યૂટને શોધેલા ગુરુત્વાકર્ષણના સિદ્ધાન્તે દૂર કરી.

પરંતુ હવે જ્યારે આઈન્સ્ટાઈને એ સિદ્ધાન્તને જ ઠુકરાવી દીધો છે ત્યારે ફરી તે સમસ્યાઓ જેમની તેમ ઊભી રહીને પૃથ્વીને ચર માનવાનાં પક્ષને નબળો બનાવી દે છે.

'વૈજ્ઞાનિકોનાં વિરોધી મન્તવ્યો' વિચારતાં જ આપણે ત્યાં જોયું હતું કે ૫૦ વર્ષ સુધી લગાતાર પ્રયોગો કરીને એડગલે પૃથ્વી. ને સ્થિર જાહેર કરી હતી.

એસ્ટ્રોલોજિકલ મેગેઝિનના જુલાઈ ઓગસ્ટના અંકમાં આવેલા, 'શુ પૃથ્વી ચપટી છે ?' લેખમાં પણ પૃથ્વીના સ્થિરત્વની માન્યતાનું જોરદાર નિરૂપણ પણ આપણે જોયું હતું.

પરંતુ પૃથ્વીના સ્થિરત્વની માન્યતામાં હવે તો અર્વાચીન વિજ્ઞાનના પિતા ગણતા આલ્બર્ટ આઈન્સ્ટાઈન પણ સાથ પુરાવે છે. તેમનું કહેવું એ છે કે પૃથ્વીની ગતિ માત્ર સાપેક્ષ છે એટલે કોપરનિકસે પૃથ્વીને ચર કહી અને સૂર્યને ચર માનનારો પક્ષ પણ બરોબર છે. છતાં પૃથ્વીને સ્થિર

માનીને તેની ચારે બાજુ સૂર્ય-ચન્દ્રને ફરતા માનવામાં આવે તો ગણિત કરવાની ખૂબ જ કઠિનાઈ પડી જાય છે માટે જ ગણિતની અનુકૂળતાની દૃષ્ટિએ કોપરનિક્સનો પૃથ્વીને ફરતી માનવાનો મત વધુ અનૂકુળ પડે છે.''★

આ વિધાનનું તો એ જ તાત્પર્ય દેખાય છે કે વસ્તુતઃ તો પૃથ્વી સ્થિર જ છે પરંતુ ગ્રહો વગેરેના ભ્રમણના ગણિતની વધુ અનુકૂળતા પૃથ્વીને ફરતી માનવામાં રહે છે માટે જ પૃથ્વીને ચર માનવી એ ઉચિત છે.

ટૂંકમાં, કોપરનિક્સનો મત, પૃથ્વી ફરે છે અને સૂર્ય સ્થિર છે-એ ગણિત કરવાની દૃષ્ટિએ વધુ અનુકૂળ છે. જ્યારે વસ્તુતઃ પૃથ્વી ફરતી નથી, કેમકે ગતિમાત્ર એકબીજાને સાપેક્ષ છે.•

ગમે તેમ હોય, આપણે તો અહીં એટલું જ જણાવવું છે કે પૃથ્વીના ચરત્વની માન્યતા વૈજ્ઞાનિક જગતમાં પણ એકમતી ધરાવતી નથી. એ સતત બદલાતી રહી છે માટે જૈનાગમોની પૃથ્વીના સ્થિરત્વની માન્યતાને ભ્રમપૂર્ણ કહીને ફગાવી દેવાનો બાલિશ પ્રયત્ન કરવા કરતાં એ માન્યતાને પૂર્વગ્રહથી મુક્ત બની ખુલ્લા દિલે વિચારવી જોઈએ.

હજી એક વિચાર કરીએ. આ એક વાત નથી પણ એક કિસ્સો છે.

★ The relative motion of the members of the solar system may be explained as the older geocentric mode and on the other introduced by Copernicus Both are legitimate and give correct description of the motion but the Copernicus is far the simpler Around a fixed earth the sun and moon describe valmost circular paths but paths of Sun's planets and of their Satelites are complexed curly lines difficult for the mind to grasp and onward to deal with in calculation while around a fixe sun the more important paths are almost circular.

– Relativity and Commonsense be Denton.

• Nevertheless, many complications are avoided by imaging that the sun and not the earth is at rest Neither the sun nor the earth is at rest in any absolute sense, and yet it is, in a sense nearer to the truth to say that the earth moves round a fixed sun than to say that the sun moves round a fixed earth.

બ્રિટનની પાર્લામેન્ટમાં ઉપસ્થિત થયેલો એક પ્રશ્ન છે. એમાં શું સત્ય છે, શું અસત્ય છે એની ચર્ચા કરવા કરતાં 'ગુજરાત સમાચાર' નામના દૈનિક પત્રમાં આવેલો આ આખો બનાવ અહીં અક્ષરશઃ રજૂ કરીશ.

ખોટી વાત, પૃથ્વી ગોળ નથી. સપાટ છે :

''સંસાર-સબરસ વિભાગ''

સંપાદક : જયંત પાઠક

૯-૧૧-૧૯૪૯.

તાજેતરમાં લંડનના એક વર્તમમાનપત્રમાં જાહેરાત પ્રગટ થઈ હતી કે ''પૃથ્વી સપાટ છે એમ જેઓ માનતા હોય તેઓ અમુક ઠેકાણે લખે.'' તમને જાણીને આશ્ચર્ય થશે કે, હજુ એવા હજારો બુદ્ધિશાળી માણસો છે કે, જેઓ પૃથ્વીને ગોળ નહિ પરંતુ સપાટ છે એમ મક્કમપણે માન છે.

પેરેગ્રાફ (૫) : પરંતુ સને ૧૮૫૫માં એક દિવસ બ્રિટનના વડાપ્રધાન લોર્ડ પામસ્ટર્ને સિવિલ એન્જિનિયરોની સંસ્થાના પ્રમુખને ઉદ્દેશીને, નીચે મુજબના કડક શબ્દો ઉચ્ચારેલા, ''મિ. પ્રેસિડેન્ટ ફર્નિનાન્ડ દ. લેસેપ્સ નામના એક ફ્રેન્ચ એન્જિનિયર ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્ર વચ્ચે ફક્ત ૧૦૦ માઈલનો દરિયાઈ માર્ગ તૈયાર કરવા માટે શા માટે જહેમત ઉઠાવી રહ્યા છે ? એ મને સમજાવશો ?''

''સુએઝથી ઉત્તર બાજુએ નહેર બાંધવાની આ વાત છે. તમે આ યોજના સંબંધમાં સાંભળ્યું હશે !''

''જરૂર સાહેબ, મેં, અને મારા સાથીદારોએ સાંભળ્યું છે.''

''તો પછી બ્રિટિશ ઈજનેરોએ શા માટે આ કાર્ય ઉપાડી નથી લીધું ! ટૂંકમાં, મારે તમને એટલું જ કહેવાનું છે કે, આ તો બ્રિટનની આબરૂને ઝાંખપ લાગી રહી છે.''

તમે માનો, કે ન માનો પણ બ્રિટનના ઈજનેરોની સંસ્થાના પ્રમુખે વડાપ્રધાન સમક્ષ એવો ખુલાસો કર્યો કે, ''હું અને મારા સાથીદારો એવો અભિપ્રાય ધરાવીએ છીએ કે ફ્રાન્સના એ ઈજનેરોની યોજના જરૂર નિષ્ફળ જવાની છે. ૧૦૦ માઈલ જેવા અંતરમાં પૃથ્વીના વાંકથી નહેરના કાંઠાઓ તરડાઈ જવાના. આવા પ્રકારની અવ્યવહારુ યોજના સાથે

પોતાનું નામ જોડવાની બ્રિટિશ ઈજનેરોની ઈચ્છા નથી.

હવે આપણે જાણીએ છીએ કે, સુએઝ નહેર એક ખૂબ જ વ્યવહારુ યોજના સાબિત થઈ ચૂકી છે.

પણ સુએઝ નહેરનું સર્જન પૃથ્વી સપાટ છે એ સિદ્ધાન્ત લક્ષમાં રાખીને થવા પામ્યું છે.

સુએઝ નહેરની યોજના હાથ ધરતાં પહેલાં તેના સર્જક ફ્રેન્ચ ઈજનેર દ. લેસોસે પોતાના બે સાથી ઈજનેરો લીનીત બે અને સુગલ બે ને સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે, "સદ્‌ગૃહસ્થો પૃથ્વી સપાટ છે એમ માનીને આપણે આ નહેર તૈયાર કરવાની છે."

સને ૧૮૭૭માં બ્રિટનની પાર્લામેન્ટે અગાઉના એક કાયદામાં એક સુધારો પસાર કર્યો. આ સુધારામાં એવું નક્કી કરવામાં આવ્યું કે ભવિષ્યમાં રેલવે અને નહેરોના બાંધકામ માટેનાં એવા ઈજનેરોના ટેન્ડરો વિચારવામાં આવશે કે, "જેઓ પૃથ્વીના કહેવાતા વળાંક માટે કોઈપણ પ્રકારનો વાંધો લેતા ન હોય."

આ કાયદો હજુ આજે પણ બ્રિટનની ધારપોથી પર છે.

ભૂગોળ અંગેની માન્યતા અહીં રજૂ કરવામાં આવી છે એનું કારણ એટલું જ છે કે, આજે જે માણસો વિજ્ઞાનની વાતોની ઘેરી અસર નીચે આવી ગયા છે તેમને એટલું જ બતાવવું છે કે, વિજ્ઞાન પણ ઘણાં મતભેદોથી ભરપૂર છે. એ માત્ર સંશોધનવૃત્તિવાળું જ્ઞાન જ છે. એમાં ઘણું અધૂરું હોઈ શકે. એને પૂર્ણ માની લેવાની ભૂલ કરી લઈને ધર્મના તત્ત્વજ્ઞાનની વાતોને એકજ ધડાકે ફગાવી દેવાની ધૃષ્ટતા કરવી જોઈએ નહિ. એ કરતાં એને વિચારવાની તક આપવી જોઈએ.

જૂનાને તિરસ્કારવાની આજે એક ફેશન પડી છે. એનું જ આ પરિણામ છે.

માટે હજી પણ એક વાત કહેવાની જરૂરી લાગે છે કે પૃથ્વીના સ્થિરત્વની વાતને એકદમ અવગણી નાંખવી ન જોઈએ.

કેસ્ટાઈલ એલંકાજો નામના ગણિતજ્ઞે પણ પૃથ્વીના ભ્રમણની વાતને માન્ય નથી રાખી. અલિગઢની ભૂજ્યોતિષચક્ર વિવેચનસભાએ પૃથ્વીને

ફરતી ન માનવાની તરફેણમાં ઘણું સાહિત્ય જગતને પીરસ્યું છે.

ધી ફોર્ટિયન લો સોસાયટી નામની એક સંસ્થા ન્યૂયોર્કમાં છે, જેના અનેક સભ્યો પૃથ્વીને ફરતી માનતા જ નથી.

'અર્થ ઈઝ નોટ એ ગ્લોબ' પુસ્તકના અમેરિકન લેખક પોતાના એ પુસ્તકમાં પૃથ્વીને સ્થિર માનવાની તરફેણમાં ઘણી દલીલો રજૂ કરે છે.

ખૂબ જ ચર્ચાસ્પદ બનેલા આ વિષયને આપણે તટસ્થદૃષ્ટિથી વિચારશું તો એમ ચોક્કસ લાગે છે કે, એક વખત તત્ત્વજ્ઞાનમાં વિજ્ઞાન જરૂર મળી જશે.

●

૨૮. વિભંગજ્ઞાન અને પિટર હરકોસ

હમણાં જ જેની વાતો કરવી છે તે પિટર હરકોસ નામના માણસે સમગ્ર વિશ્વમાં હલબલ મચાવી દીધી છે. એક વખતનો રંગારો આજે અમેરિકન સરકારના અંગત નિધિ સમો બની ગયો છે.

કહેવાય છે કે એને વિશિષ્ટ કોટિનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. એના બળથી એ આંખને અપ્રત્યક્ષ એવી ઘણી માહિતીઓ આપે છે. આ વાતનો મેળ જૈનદર્શનના સિદ્ધાંતો સાથે મળી જાય છે.

જૈનદર્શનમાં જ્ઞાનના પાંચ પ્રકાર પાડવામાં આવ્યા છે, જેમનાં નામો આ પ્રમાણે છે : મતિવિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.

જગતનું સ્વરૂપ જેવું છે તેવું જ માનનારા, યથાશક્ય છોડવા જેવાને છોડનારા અને સ્વીકારવા જેવાને સ્વીકારનારા, વળી કદાચ છોડવા જેવું પણ ન છૂટી શકે, અને સ્વીકારવા જેવું ન સ્વીકારી શકે તેવા આત્માઓ પણ માન્યતામાં તો છોડવા જેવાને છોડવા જેવું જ સમજે અને સ્વીકારવા જેવાને સ્વીકારવા જેવું જ જાણે, તથા એવું કહેનાર વ્યક્તિ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખે એવા સત્યના કટ્ટર પક્ષપાતી આત્માઓને આ પાંચ જ્ઞાનો પૈકી એક, બે યાવત્ ચાર જ્ઞાન પણ હોઈ શકે છે. જે વીતરાગ બને છે તેમને જ પાંચમું જ્ઞાન હોય છે.

પણ જગતમાં એવા પણ માનવો છે, જેઓ હિંસા, જૂઠ વગેરે છોડવા જેવાને પ્રેમથી ચાહે છે, સત્ય-દયા વગેરેને સ્વીકારવા જેવા છે, તેમને તિરસ્કારે છે. આવા માણસો સ્કૂલના શિક્ષક હોય, કોલેજના પ્રોફેસર હોય, રે ! સમર્થ ચિંતકો હોય તો પણ તેમને ઉપરના પાંચ પૈકી એકપણ જ્ઞાન સંભવતું નથી. ઊલટું, તેઓ પાસે જે જ્ઞાન છે તે તેમના રાગ-રોષને વધારનારું હોવાથી તેમને મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન હોય છે. જે ચિંતન-મનનથી રાગ વગેરે દોષો ટળે નહીં તે મનન (મતિ)

વસ્તુતઃ અજ્ઞાન છે, જે સાંભળેલું (શ્રુત) રાગાદિ દોષોની સામે લાલ આંખ કરવા ન દે તે શ્રુત પણ વસ્તુતઃ અજ્ઞાન છે.

એજ રીતે આવા આત્માઓને પણ વિશિષ્ટ મર્યાદાનું જે જ્ઞાન થઈ જાય છે તેને વિભંગજ્ઞાન કહેવાય છે.

જગતનું સત્યદર્શન કરનારા આત્માના જે જ્ઞાનને અવધિજ્ઞાન કહેવાય છે, તે જ જ્ઞાન અપાત્રે જાય તો વિભંગજ્ઞાન કહેવાય છે. ફરક માત્ર એટલો કે વિભંગજ્ઞાનવાળો આત્મા સત્યનો કટ્ટર પક્ષપાતી ન હોય. ટૂંકમાં, અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાન આમ તો બેય એકજ છે પરંતુ તેના સ્વામીના ભેદથી તેનામાં કેટલોક ભેદ પડી જાય છે.

આ જ્ઞાનને અવધિજ્ઞાન કહેવામાં આવે છે તે તદ્દન યથાર્થ છે. કેમકે અહીં જ્ઞાન હોય છે તે અવધિ (limited) વાળું હોય છે. જે આત્માને આ જ્ઞાન થાય છે તેને પાંચ માઈલ, પચ્ચીસ માઈલ કે હજારો-લાખો માઈલની અવધિ સુધીમાં જેટલા રૂપી પદાર્થો હોય તે બધાનું જ્ઞાન થાય છે. આપણે તો આંખેથી દેખાય તેટલું જ જાણી શકીએ, જ્યારે આ આત્માઓ પોતાના જ્ઞાનની અવધિમાં આવતાં તમામ રૂપી પદાર્થોને-આંખેથી દેખ્યા વિના-આત્માથી જ જાણી લે છે.

આ અવધિ જ્ઞાનના છ પ્રકારો જણાવવામાં આવ્યા છે.

૧. અનુગામી, ૨. અનનુગામી, ૩. વર્ધમાન, ૪. હીયમાન, ૫. પ્રતિપાતિ, ૬. અપ્રતિપાતિ.

(૧) અનુગામી અવધિજ્ઞાન હાથમાં રાખેલી ટોર્ચલાઈટ જેવું છે. ટોર્ચલાઈટવાળો માણસ જ્યાં જાય ત્યાં તેની આસપાસની અમુક મર્યાદામાં બધે પ્રકાશ પડ્યા કરે અને તે પ્રકાશમાં દેખાતી તમામ વસ્તુને તે જોઈ શકે. પાછળ તો અંધારું થતું જાય એટલે હવે પાછળની વસ્તુને તે જાણી ન શકે.

જેને આ પ્રકારના અવધિજ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય તેને આવું જ બને છે. એ જે પ્રદેશમાં ઊભો રહ્યો હોય તે પ્રદેશની ચોમેરથી ૫, ૨૫ કે હજારો માઈલની અવધિનું તેને જ્ઞાન થઈ જાય.

(૨) જ્યારે અનનુગામી અવધિજ્ઞાન તો થાંભલાને બાંધેલા

(ટીંગાડેલા) ફાનસ જેવું છે. માણસ ગમે ત્યાં જાય તો પણ ફાનસનો પ્રકાશ તો તે થાંભલાની પાસે જ પડ્યા કરે. માણસ આગળ ચાલ્યો જાય તો ત્યાં તેની ચોમેર અંધારું જ રહે. અનનુગામી અવધિજ્ઞાન પણ આવું જ છે. જે પ્રદેશમાં આ જ્ઞાન પ્રાપ્ત થયું ત્યાંની જ ચોમેરની મર્યાદાનું જ્ઞાન તે વ્યક્તિને થાય.

વર્ધમાન અને હીયમાન નામના ત્રીજા ચોથા નંબરનું અવધિજ્ઞાન અનુક્રમે તેને કહેવાય છે કે જેઓ વધતા જાય કે ધીરે ધીરે ઘટતા જાય.

જ્યારે પાંચમું પ્રતિપાતિ અવધિજ્ઞાન એકાએક-એકદમ ચાલ્યું જાય છે, અને છઠ્ઠું અપ્રતિપાતિ અવધિજ્ઞાન ક્યારેય ચાલ્યું જતું નથી.

આ છ પ્રકારના જ્ઞાનમાં આપણને અહીં પહેલા પ્રકારનું અનુગામીજ્ઞાન જરૂરી છે. કેમકે પિટર હરકોસનું જ્ઞાન આ પહેલા પ્રકારનું જણાય છે.

ફરી એક વાત ખ્યાલમાં રાખવી કે સત્યના કટ્ટર પક્ષપાતિનું આવું જ્ઞાન તે અવધિજ્ઞાન કહેવાય છે, જ્યારે બીજાનું આવું જ્ઞાન તે વિભંગજ્ઞાન કહેવાય છે.

જૈન શાસ્ત્રકારો કહે છે કે વર્તમાનમાં ઉપરોક્ત પાંચેય પ્રકારનાં જ્ઞાન હોઈ શકતાં નથી. ચોથાં નંબરનું મનના ભાવોને જાણી શકતું મનઃપર્યવજ્ઞાન અને પાંચમાં નંબરનું સમગ્ર જગતનાં સર્વ ભાવોને એક સાથે જાણતું કેવળજ્ઞાન આજના કાળમાં આ ક્ષેત્રમાં કોઈપણ આત્માને સંભવી શકતું નથી. માત્ર પહેલા ત્રણની જ સંભાવના છે.

આજ સુધી તો ત્રણ જ્ઞાન પૈકી બે જ જ્ઞાન જોવા મળતાં હતાં, પરંતુ ત્રીજા નંબરનું જ્ઞાન (અવધિ અથવા વિભંગ) ક્યાંય જોવા મળતું ન હતું.

પણ જૈન દાર્શનિકોએ એના અસ્તિત્ત્વનો નિષેધ કર્યો ન હતો એટલે કયાંય પણ એ જ્ઞાનનું અસ્તિત્ત્વ મળી જાય તો તેમાં હેરત પામવા જેવું કશું જ ન હતું.

અને હવે આપણી સામે એ વિભંગજ્ઞાનનો સ્વામી પિટર હરકોસ ઉપસ્થિત થાય છે. આ માણસને સેંકડો માઈલો સુધીના પદાર્થોનું જ્ઞાન થાય છે, પણ તેમાં શરત એ છે કે તેને જેના અંગે બાતમી મેળવવી હોય

તેની કોઈ વસ્તુ સામાન્યતઃ તેને આપવી જોઈએ. એ વસ્તુનો સ્પર્શ કરતાંની સાથે જ પિટરને બધું દેખાવા લાગે છે, અને જે દેખાય તે જ તે બોલવા લાગે છે. કેટલીકવાર પીટરને તેવા કોઈ સ્થાનની નજદીક પણ લઈ જવા પડે છે. એટલે એના જ્ઞાનને પહેલા પ્રકારનું 'અનુગામી' કહી શકાય. આ અનુગામી વગેરે જ્ઞાનના પણ અસંખ્ય પ્રકારો પડે છે. એટલે તેમાં એક પ્રકાર એવો પણ હોઈ શકે, જેમાં જેનું જ્ઞાન કરવું હોય તે વ્યક્તિની વસ્તુની હાજરીની પણ જરૂર પડે.

પિટર હરકોસ કોણ છે ? એને કયા સંયોગોમાં જ્ઞાન થયું ? એ શું કહે છે ? વગેરે બાબતો જાણવા માટે 'નવનીત' નામના ગુજરાતી માસિકના ૧૯૬૪ના નવેમ્બર માસના અંકમાં આવેલા લેખનો કેટલોક જરૂરી ભાગ અહીં મૂકવામાં આવ્યો છે.

હું સર્વદર્શી બન્યો.

અચાનક મારી આંખો ઊઘડી ગઈ. જોયું તો હું હોસ્પિટલમાં હતો. એવું શાથી બન્યું હશે ? મેં નર્સને હાંક મારી.

નર્સ આવી ત્યાં મને એકદમ સાંભરી આવ્યું કે હું પડી ગયો હતો ને માથામાં સખ્ત વાગ્યું હતું. હા, એટલે જ હું હોસ્પિટલમાં હોઈશ. ત્રીસ ફૂટની ઊંચાઈ પરથી હું નીચે પછડાયો હતો ને હોસ્પિટલમાં ત્રણ દિવસ બેભાન રહ્યો હતો. એ જૂન મહિનો હતો. સાલ ૧૯૪૩ની હતી. એક રીતે એ દિવસે મારો પુનર્જન્મ થયો હતો એમ કહી શકાય. અચાનક જ ઈશ્વર તરફથી મને એવું વરદાન મળ્યું કે હું આખો બદલાયો.

કેટલું વિચિત્ર વરદાન હતું એ ! પહેલાં તો મને કશી સૂઝ ન પડી. પણ પાછળથી ખબર પડી કે મારામાં કોઈક અજબ શક્તિએ જન્મ લીધો હતો, જેના વડે હું લોકોના ભૂત-ભવિષ્યના જીવનને જોઈ શકતો હતો.

મારી પડખેના ખાટલા ઉપર એક માણસ સૂતો હતો. મેં એને જોયો કે એનું જીવન મારી સામે સાકાર થઈ ઊઠ્યું. મેં કહ્યું, 'તું ખરાબ માણસ છે.' 'કેમ ?' એણે આશ્ચર્યથી પૂછ્યું.

'એટલા માટે કે તારા પિતાએ મરતી વેળા તને એક સોનાની કડી આપી હતી. પણ તે એ વેચી મારી.' મારી વાત સાંભળીને તે વિસ્મયથી

સ્તબ્ધ થઈ ગયો. મારી વાત સાચી હતી. મને પોતાને પણ નવાઈ ઊપજી કે એની આ વાતની મને શી રીતે ખબર પડી ગઈ હશે ? મારી અંદર કોઈ અંતર્જ્ઞાને જન્મ લીધો હતો કે શું ?

એ વખતે એક નર્સ મારી નાડી જોવા માટે આવી. એનું જીવન પણ મારી સામે ખુલ્લું થઈ ઊભું. મેં કહ્યું, 'હું તને ગાડીમાં સફર કરી રહેલી જોઉં છું. તારી પાસે તારા એક મિત્રની સૂટકેશ છે. તને એ ખોવાઈ જવાનો ડર છે.'

'તમે કેમ કરીને જાણ્યું ?' એણે મૂંઝાઈને કહ્યું, 'હું હમણાં જ એમ્સ્ટર્ડામથી આવી છું, અને ગાડીમાં મારા મિત્રની સૂટકેશ ભૂલી આવી છું. પણ તમને આ વાતની કેમ કરતાં ખબર પડી ?'

હું કોઈ જવાબ ન દઈ શક્યો. નર્સ ત્યાંથી ચાલી ગઈ. થોડીવાર પછી તે પાછી આવી ત્યારે તેની સાથે એક માનસરોગ તબીબ હતા. તે મારી પરીક્ષા કરવા લાગ્યા.

ત્યારપછીના દિવસે એક દર્દી મારા ઓરડામાં આવ્યો. ક્યારેક ક્યારેક તે પોતાના ઓરડામાંથી મારા ઓરડામાં ડોકિયું કરતો. એણે મને કહ્યું કે તે હોસ્પિટલમાંથી છૂટો થઈ હવે ઘેર જવાનો છે. મેં એની સાથે હાથ મિલાવ્યા. અને તરત મને લાગ્યું કે તે બ્રિટિશ એજન્ટ છે અને થોડા દિવસ પચી કાલ્વર સડક ઉપર જર્મનો એને મારી નાંખશે.

એ મારા ખંડમાંથી બહાર ગયો કે તરત મેં નર્સને પૂછ્યું, કોણ હતો એ માણસ ?'

'એનું નામ તો...'

'એને રોકો. એ મરાઈ જશે, એ બ્રિટિશ એજન્ટ છે, અને જર્મનોને એ વાતની ખબર છે. કાલ્વર સડક પર એનું ખૂન કરી નાખશે એને અટકાવો.' મેં કહ્યું.

એ વખતે ડોક્ટર ત્યાં આવ્યા અને મને શાંત રહેવાનું કહ્યું. એમને એમ કે હું માંદગીમાં નકામો બડબડાટ કરી રહ્યો છું.

બે દિવસ પછી ખરેખર એ માણસને જર્મનોએ કાલ્વર સડક પર મારી નાંખ્યો.

આ ઘટના પરથી લોકોને એમ શક આવ્યો કે હું જર્મનો સાથે મળેલો હોઈશ. એટલે સ્તો મને પેલા માણસની હત્યા કરવાની છે એવી ખબર પડી હશે ને ? પણ એ કાંઈ સાચું નહોતું. ઘાયલ થઈને હોસ્પિટલમાં આવતાં પહેલાં હું પોતે પણ જર્મનો વિરુદ્ધના ભૂગર્ભ આંદોલનમાં મારા દેશબાંધવો સાથે ત્રણ વર્ષથી ભાગ લેતો હતો. આમ ભારે વિચિત્ર સ્થિતિમાં હું ફસાઈ પડ્યો હતો.

થોડા જ દિવસોમાં મારી આ અલૌકિક શક્તિ વિષે ચર્ચા થવા લાગી. ડોક્ટરો મારી પરીક્ષા કરવા લાગ્યા. લગભગ ચારેક મહિના હું હોસ્પિટલમાં રહ્યો. હોસ્પિટલના છેલ્લા દિવસ સુધી એ લોકોએ મારી તપાસ કર્યા કરી, જેથી મારા રહસ્યનું કોઈક સૂત્ર હાથ લાગી શકે.

છેવટે હું હોસ્પિટલમાંથી છૂટ્યો. એક નવું જીવન પામ્યો. હું જે માણસને જોઉં, એનું જીવન મારી સામે ઉઘાડું થઈ જતું. એના જીવનમાં આવેલાં એવાં સ્થાનો અને માણસો મને દેખાવા માંડતાં, જેમને મારા પોતાના જીવનમાં તો મેં કદી નહોતાં જોયાં. લોકોના અંગત જીવનમાં આમ નજર નાખવામાં મને ભય લાગતો હતો, પણ એ મારા હાથની વાત ન હતી. મને હૃદયમાં બહુ બેચેની થવા માંડી. જાણે હું કોઈ નવી જ દુનિયામાં વસતો હોઉં ? ઘડીભર તો એમ લાગ્યું કે આ અદ્‌ભુત વરદાન મારે માટે અભિશાપ બની રહ્યું છે.

હોસ્પિટલમાંથી હું ઘરે આવ્યો. મારા ઘરનાં લોકોનો મારી તરફનો વ્યવહાર બદલાઈ ગયો હતો. તેઓ મારા પર છાનાંમાનાં વિચિત્ર દૃષ્ટિ નાંખી લેતાં. આમ તો તેઓ કશું બોલતાં નહિ પણ તેમના મનમાં શું છે તેની મને ખબર હતી. હું કલાકો સુધી એક જગ્યાએ બેસી રહેતો, અને મારી સામે આવતા લોકોની જિંદગી પરથી પડદાને ઊંચકીને નિહાળી રહેતો. હું શું ખાઉં છું ? ક્યારે સૂઈ જાઉં છું ? કશાનું ભાન મને રહેતું નહીં. ઘણીવાર આખી રાત હું મારા ખંડમાં આંટા માર્યા કરતો.

એક દિવસ મારી માએ ગુસ્સે થઈને કહ્યું કે, મારા ઘરમાં રહેવું હોય તો સારી રીતે રહેવું જોઈએ, નહિ તો પછી ઘર છોડી જતાં રહેવું જોઈએ.'' એટલે એક દિવસ હું-પિટર હરકોસ-વહેલી પરોઢે ઘર છોડી

ચાલી નીકળ્યો.

પિટર હરકોસ મારું અસલ નામ નથી. ભૂગર્ભ આંદોલનમાં ભાગ લેતી વખતે મેં મારા કુટુંબની સલામતી માટે એ નામ રાખ્યું હતું. મારું મૂળ નામ તો છે પિટર ડરહર્ક. મારો જન્મ ૧૯૧૨માં હોલેન્ડના એક કસબામાં થયો હતો.

મોટો થતાં હું રેડિયો એન્જિનિયરિંગનું ભણવા લાગ્યો. પણ આર્થિક મુશ્કેલીઓને કારણે મારે ભણવાનું છોડી દેવું પડ્યું. ત્યાર પછી મારા પિતા સાથે મેં મકાન રંગવાનું શરૂ કર્યું.

૧૯૪૦માં જર્મનીએ અમારા દેશ પર આક્રમણ કર્યું. અને થોડા દિવસમાં એના ઉપર પૂરેપૂરો કબજો જમાવી દીધો. દેશની એક એક વસ્તુ તેમણે લૂંટી લીધી. અમે ભૂખે મરવા લાગ્યા.

પરિસ્થિતિ કાંઈક સુધરી ત્યારે હું ફરી મારા પિતા સાથે રંગારા તરીકે જવા લાગ્યો. દરમિયાન ભૂગર્ભ આંદોલનમાં પણ ભાગ લેતો રહ્યો.

એ જૂન મહિનો હતો. હું એક નિસરણી પર ચઢીને એક બેરેકની બારીઓને રંગ લગાડી રહ્યો હતો. અચાનક મારા પગ ડગમગી ગયા અને ત્રીસ ફૂટની ઊંચાઈથી ધમ કરતો હું નીચે આવી પડ્યો. મને યાદ છે કે નીચે પડતી વખતે મારા દિમાગમાં એકજ વિચાર હતો, 'મારે મરવું નથી.'

મરવામાંથી હું બચી ગયો અને એક તદ્દન નવો જ માણસ બનીને હું બહાર આવ્યો.

હોસ્પિટલમાંથી છૂટ્યા પછી ધીમે ધીમે ભૂગર્ભ-આંદોલનમાં મારા સાથીઓમાં મારી દેશભક્તિ વિષે હું વિશ્વાસ જગાડી શક્યો. તો પણ કેટલાંક લોકો અને ડોક્ટરો સુદ્ધા એમ કહેતા હતા કે મને પાગલખાનામાં મોકલી આપવો જોઈએ અને એ કારણે તો મને ખરેખર એક માનસ-રોગના ડોક્ટર પાસે મોકલી દીધો. એને મારી કોઈ વાતનો ભરોસો પડતો નહિ, પણ જ્યારે મેં ખૂદ એના જીવનની કેટલીયે અંગત વાતો એને કહી તો એ દિંગ થઈ ગયો. ત્યાર પછી એ મારી અલૌકિક શક્તિ પર વિશ્વાસ

કરવા લાગ્યો.

એ દિવસોમાં જર્મનોએ અમારા એક સાથીને કેદ પકડી લીધો હતો. તેઓ એને જર્મની મોકલી દેવાના હતા. પણ મેં એને છોડાવ્યો ત્યાર પછી મારા રાજકારણના સાથીઓ મારા પર વિશ્વાસ કરવા લાગ્યા.

મારી અદ્‌ભુત શક્તિ વિષે એક વાત હું તમને કહી દઉં. હું બીજાના જીવનમાં દૃષ્ટિ નાખી શકું છું, પણ મારા પોતાના જીવનમાં, મારા ભવિષ્યમાં હું નથી જોઈ શકતો. મારું ભવિષ્ય મારી સામે અંધકારપૂર્ણ છે.

ઘરેથી નીકળ્યા પછી હું મારી આજીવિકા માટે લોકોને એમના જીવનની ઘટનાઓ કહેવા લાગ્યો. એના બદલામાં હું ફી લેતો અને આમ મારું ગાડું ગબડવા માંડ્યું. આ દરમિયાન મારા સ્વજનો, મિત્રો, પરિચિતોથી હું વધુને વધુ દૂર થતો ગયો.

અથવા એમ કહું કે એમની ગુપ્ત વાતો મારાથી છાની નહિ રહી શકી.

એકવાર મારા સાથીદારો સાથે હું જંગલમાં લાકડાં કાપવા ગયો. એ ગેરકાયદેસર કામ હતું. અમને લાકડાંની સખત જરૂર હતી, ત્યાં જર્મનોએ અમને પકડી લીધા. દિવસ-રાત તેઓ મારા પર પ્રશ્નોની ઝડી વરસાવતા. મારી ઊંઘ હરામ કરી દીધી. સૂતાં હજું માંડ કલાક થયો હોય, કે તેઓ મને જગાડી દેતા ને પછી અગણિત પ્રશ્નો પૂછતા, પણ મેં મારો કોઈ ભેદ ખોલ્યો નહિ. છેવટે મને એક વેઠ છાવણી (કોન્સન્ટ્રેશન કેમ્પ)માં મોકલી દેવામાં આવ્યો. આ છાવણીમાં રહેવું એટલે ધીરે ધીરે રિબાતાં મોતને ભેટવું. જર્મનોની આ છાવણીઓ દુનિયાભરમાં પ્રસિદ્ધ હતી. ત્યાંથી કોઈ કેદી જીવતો પાછો ફરતો નહિ. કોઈ આવે તો હાડકાનું માત્ર માળખું શેષ હોય. કેદીઓ પર અમાપ સિતમ ગુજારવામાં આવતો. હું ત્યાં તેર મહિના રહ્યો. જ્યારે પાછો આવ્યો ત્યારે મારું વજન અડધું થઈ ગયું હતું. કોને ખબર હું શી રીતે જીવતો રહ્યો !

ફરી હું મારા સાથીઓ સાથે જોડાઈ ગયો. તેઓ એથી રાજી હતા, કારણ કે ક્યારે બોમ્બમારો થશે, એ હું પહેલેથી જ કહી શકતો હતો,

એટલે અમે પહેલેથી જ અમારો બચાવ કરી લેતા. સાથી સેનાઓ ફ્રાન્સ પર ક્યારે હુમલો કરશે તે પણ મને ખબર પડતી. મેં ઘણાં દિવસ આગળથી એ માટે ચોથી જૂનની તારીખ બતાડી હતી, પણ હુમલો છઠ્ઠી જૂને (૧૯૪૪) થયો.

જર્મનીથી હોલેન્ડ પાછા ફરીને મારું પહેલું કામ તો તબિયત સુધારવાનું હતું. બીજો સવાલ કૉમનો હતો, પણ એમાં એક નવી મુસીબત ઊભી થઈ. હવે હું કોઈપણ કામ ૧૦-૧૫ મિનિટથી વધારે વખત એકચિત્તે કરી શકતો નહિ. હું કોઈપણ કામ પર ધ્યાન એકાગ્ર કરું કે કામ સાથે સંકળાયેલા લોકો મારી સામે આવતાં અને એમનાં જીવન અનાવૃત થવા લાગતાં. હંમેશાં આવું બનતું રહેતું એમ નહિ, પણ એ જ્યારે પણ બનતું ત્યારે હું એક નવી દુનિયામાં પહોંચી જતો. હું કોઈપણ વસ્તુ ઊંચકતો અથવા એને જોતો કે તરત જ મારી સામે એ વસ્તુ સાથે સંબંધિત લોકોના ચહેરા તરવરતા લાગતા.

એટલે હવે તો આ શક્તિનો ઉપયોગ કરીને આજીવિકા રળવાનો એકજ માર્ગ મારી સામે રહ્યો હતો.

• • •

એણે પૂછ્યું : 'બીજાની વાતોની તમને કેમ કરતાં ખબર પડે છે ?'

'કોઈ વસ્તુને અડીને.' મારા મોંમાંથી જવાબ નીકળી ગયો. 'તો મારી કંઈ વસ્તુને અડવા ઈચ્છો છો ? છેવટે મારી પત્નીને તો નહિ જ અડો એમ હું ધારું છું.' બધા લોકો હસી પડ્યા. 'લો મારી આ ઘડિયાળને અડીને મારા જીવન વિષે બતાવો,'' તેણે કહ્યું, અને ઘડિયાળ આગળ ધરી.

ઘડિયાળને અડકતાં જ મારી સામે એનું જીવન ખુલ્લું થઈ ગયું. મેં કહ્યું, 'આની અંદર વાળનો એક નાનો ગુચ્છો છે. પણ તે તમારી પત્નીના નહિ, બીજી કોઈ છોકરીના વાળ છે. આ છોકરીનું નામ ગ્રેટા છે અને અત્યારે આ પ્રેક્ષકોની વચ્ચે બેઠી છે.' મેં જોયું તો જાદુગરના ચહેરાનો રંગ ઊડી ગયો હતો. એની પત્ની એની સામે વિસ્મયથી તાકી રહી હતી. જાદુગરે વાત ટાળવા ઈચ્છયું, પણ હું તો ઘડિયાળ હાથમાં પકડી પ્રેક્ષકો

વચ્ચે ચાલી ગયો હતો ને પેલી છોકરીને શોધતો હતો. છેવટે એની પાસે આવતાં હું અટક્યો ને બોલ્યો, 'આ ગ્રેટા છે !'

મેં જે કંઈ કહ્યું તે સાચું નીકળ્યું. લોકો મારી ચારે તરફ એકઠા થઈ ગયા.

ત્યારથી મેં પ્રેક્ષકો સામે મારી અદ્‌ભુત શક્તિનાં પ્રદર્શનો યોજવાનું શરૂ કર્યું. મારે માટે આ સાવ નવો ધંધો હતો. મારી વાત સોએ સો ટકા સાચી નહોતી પડતી, પણ એંશી ટકા તો જરૂર સાચી નીકળતી હતી.

મારી ખ્યાતિ ધીમે ધીમે આખા દેશમાં ફેલાઈ ગઈ. એક વખત લિમ્બર્ગના પોલીસ ખાતાએ મને એક કેસ વિષે કેટલીક માહિતી મેળવવા માટે બોલાવ્યો. કેસમાં એમ હતું, કે વાન ટોસિંગ નામના એક માણસનું કોઈએ ખૂન કર્યું હતું, પણ ખૂનીનો પત્તો મળતો ન હતો.

મેં કહ્યું કે વાન ટોસિંગનું કોઈ વસ્ત્ર મને લાવી આપવામાં આવે, પણ એવું વસ્ત્ર કે જે ધોયેલું ન હોય. કોઈ માણસનું કપડું એકવાર ધોવાઈ જાય પછી હું તેને અડું તો તેથી મને કશી ખબર પડતી નહિ. પોલીસે મને વાન ટોર્સિંગનો કોટ આપ્યો. કોટ હાથમાં પકડતાં જ મેં બતાવ્યું કે વાન ટોર્સિંગની હત્યા અધિક ઉંમરના એક માણસે કરી છે. એને મૂછ છે અને એનો એક પગ કૃત્રિમ છે. આંખો પર ચશ્મા પણ પહેરે છે.

પોલીસે કહ્યું કે હા, આવા એક માણસ પર અમને શક છે.

પછી મેં એ પણ કહ્યું કે જે પિસ્તોલ વડે એણે વાન ટોસિંગનું ખૂન કર્યું છે, તે એના મકાનની છત પર પડી છે.

સાચેસાચ પિસ્તોલ ત્યાંથી મળી આવી. એના ઉપર ખૂનની આંગળીઓનાં નિશાન પણ હતાં. પુરાવો મળી ગયો. એને યોગ્ય સજા થઈ.

આવી જાતનાં બીજા ગૂંચવણભર્યાને પોલીસને મૂંઝવતા કેસોમાં પણ મેં મદદ કરી.

આજે હું સાત ભાષાઓ બોલી શકું છું. પહેલાં મને માત્ર ત્રણ ભાષાઓ જ આવડતી હતી, આથી બીજા દેશોના લોકો મારી પાસે આવતા ત્યારે મારી પત્ની દુભાષિયણ તરીકે કામ કરતી હતી. તે એ ત્રણે

ભાષાઓ ઉપરાંત બીજી પણ ચાર-પાંચ ભાષા જાણે છે. સાત ભાષાઓ શીખ્યા પછી હું યુરોપના પ્રવાસે નીકળ્યો. ત્યાં મેં પ્રદર્શનો કર્યા. વ્યક્તિગત રીતે લોકોનાં જીવન એમની સામે પ્રગટ કર્યાં અને એ દેશોની પોલીસને સહાય કરી.

એકવાર મેં પેરિસ કલબમાં પ્રદર્શન કર્યું. પ્રેક્ષકોમાંથી એક માણસે મને ચિઠ્ઠી મોકલાવી કે તે મને મળવા માગે છે. બીજા દિવસે મળવાનું નક્કી થયું. ઠરાવેલા સમયે તે આવ્યો. મને લાગ્યું કે તે અતિશય શ્રીમંત માણસ છે, પણ એટલો સંસ્કારી નથી.

આવતાં વેંત તેણે ફ્રેન્ચ ભાષામાં કહ્યું, 'મને લાગે છે કે તમે એક મૂરખ માણસ છો.'

હું ફ્રેન્ચ નહોતો જાણતો. મારી પત્નીએ એના વાક્યનો અનુવાદ કર્યો.

હું આ સાંભળીને હેરાન થઈ ગયો. એ માણસે ફરી કહ્યું, 'તમારા જેટલી શક્તિ મારામાં હોત તો કમાવે માટે હું આટલી મહેનત ન કરત, કોઈક સહેલો માર્ગ શોદી કાઢત.'

'કેવો માર્ગ ?' મેં પૂછ્યું.

'એક પ્રદર્શનમાં તમને કેટલા પૈસા મળે છે ? તેણે મને પૂછ્યું.

'પહેલાં તમે જે કામ માટે આવ્યા હો, તેની વાત કરો. તમે તમારા જીવન વિષે કંઈક જાણવા ઈચ્છો છો ને ? હા. 'તો તમારી ઘડિયાળ આપો.' મેં સાફ વાત કરી.

એની ઘડિયાળ હાથમાં લઈને મેં બતાવ્યું કે તે વહાણોનો વેપારી છે- ઈત્યાદિ. ઉપરાંત એ પણ કહ્યું કે એક મહિના પહેલાં એનું એક વહાણ એક ખડક સાથે અથડાઈ ભાંગી ગયું હતું. આ વખતે ફરી વહાણ અથડાશે, પણ તે તૂટશે નહિ, બચી જશે.

'બસ હું આ જ જાણવા માગતો હતો.' તેણે કહ્યું. અને પાંચ હજાર ફ્રાન્કની નોટો મારા ટેબલ ઉપર મૂકીને તે ચાલ્યો ગયો.

એના ગયા પછી મેં મારી પત્નીને કહ્યું કે, મને આ માણસ કાંઈ બહુ સારો લાગતો નથી. એ ખોટા ધંધા કરે છે, આમ છતાં ક્યાં પ્રકારના ધંધા

તે કરે છે એ હું જાણી શક્યો નહિ.

થોડા દિવસ પછી તે ફરીથી આવ્યો. તેણે કહ્યું કે, 'તમે જેવું કહ્યું હતું, બરોબર તેવું જ થયું.' ઘણી ખુશીની વાત છે, મેં કહ્યું.

બીજે દિવસે ભારતીય રાજદૂતાવાસના કાર્યાલયમાંથી મને આ પ્રમાણે માહિતી મળી. ચૌદ વર્ષનો એક છોકરો એક દિવસ સાંજે ગંગા નદીમાં નાહવા ગયો હતો. ત્યાંથી પછી તે પાછો આવ્યો જ નહિ. એનું ખમીસ અને એના જોડા નદીને કાંઠે મળી આવેલા. લોકોની ધારણા એમ હતી કે તે નદીમાં તણાઈ ગયો હશે. આ બનાવને ચાર મહિના વીતી ગયા હતા. લોકોએ છોકરા માટે આશા છોડી દીધી હતી, પણ મા-બાપના મનમાં હજુ એવી ઝાંખી આશા હતી કે વખત છે ને છોકરો જીવતો હોય. એ દિવસોમાં તેમણે મારા વિષે કોઈ છાપામાં વાંચ્યું હશે, એટલે તેમણે મને પત્ર લખીને તેમને મદદ કરવા વિનંતી કરી.

મેં છોકરાના વાળ હાથમાં લીધા તો જણાયું કે છોકરો ડૂબી નહોતો ગયો. મેં એને જીવંત સ્થિતિમાં, કોઈક સરકસમાં કામ કરતો જોયો. તેણે મા-બાપને ઘણાં પત્રો લખ્યા હતા, પણ એકેય પત્ર ટપાલપેટીમાં નાખ્યો નહોતો. એ દિવસોમાં તે મુંબઈ હતો.

આ માહિતી ભારતીય રાજદૂતને આપીને હું પાછો પેરિસ ચાલ્યો ગયો. ત્યાર પછી ત્રણ મહિને મને છોકરાના બાપનો પત્ર મળ્યો કે દીકરો સાચેસાચ જીવતો હતો ને મુંબઈમાંથી મળી આવ્યો હતો. એ વખતે તે સરકસમાં જ હતો. મને જુદા જુદા ઘણાં સ્થળેથી આમંત્રણ મળતાં. કારખાનાના માલિકો મને બોલાવતા અને તેમની મુશ્કેલીઓ મારી સામે રજૂ કરતાં. હું તેમને જે કહેતો તેનાથી તેમને ઘણો ફાયદો થતો.

એક કારખાનાના માલિકને ઘણું મોટું નુકસાન વેઠવું પડતું હતું. કોઈક કામદારે કારખાનાની લગભગ સાત લાખ રૂપિયાના ખર્ચે નાખેલી ભઠ્ઠી તોડી પાડી હતી. ભવિષ્યમાં તે બીજી કોઈ ભઠ્ઠીનો નાશ કરે એવો પણ ડર હતો. એ માણસની ભાળ મળતી ન હતી. માલિકે મારી મદદ માંગી.

હું ફેક્ટરીમાં ગયો અને મારા મનની આંખો સામે મેં તે કામદારને

જોયો કે, જેણે ભઠ્ઠી તોડી પાડી હતી. મેં એના વિષે કારખાનાના માલિકને જાણ કરી એને કહ્યું કે બે મહિના પછી તે બીજી એક ભઠ્ઠીનો નાશ કરશે. અત્યારે એની સામે દેખીતો પુરાવો ન હતો, એટલે એને પોલીસમાં સોંપી શકાય એમ ન હતું, પણ તેના ઉપર ચાંપતી નજર રાખવામાં આવી, અને તેની પાછળ પોલીસે જાસૂસ પણ મૂક્યા. બરોબર બે મહિના પછી તે એક બીજી ભઠ્ઠીને તોડી પાડવાની તૈયારી કરી રહ્યો હતો તે જ વખતે તેને પકડી લેવામાં આવ્યો. તે એક અસંતુષ્ટ કામદાર હતો, અને આ રીતે કારખાનાના માલિક પર વેર વાળવા ઈચ્છતો હતો.

આ બનાવ પછી બધી મોટી મોટી વેપારી પેઢીઓમાં મારે વિષે ચર્ચા થવા લાગી.

પુષ્કળ લોકો મારી મદદ માગવા લાગ્યા. એમની વિવિધ પ્રકારની મૂંઝવણોને ઉકેલવામાં મેં મારાથી બનતી બધી સહાય કરી. આને કારણે તેમનો વેપાર વિસ્તર્યો, ઊપજ વધી, માલિકો અને કર્મચારીઓના સંબંધ સુધર્યા, કામ કરવામાં નવો ઉત્સાહ પેદા થયો, નફો વધ્યો, અને બીજી ઘણી મુશ્કેલીઓ દૂર થઈ.

પહેલાં ક્યારેક મને હંમેશાં એમ થયા કરતું કે ક્યાંક મારી આ શક્તિ મારી પાસેથી ચાલી ન જાય. કોઈપણ પળે તે મારી પાસેથી છિનવાઈ જવાનો મને ડર રહેતો હતો. પણ અત્યારે ચૌદ વર્ષ વીત્યા પછી પણ એ જેમની તેમ છે, એટલે હવે મને એવી ચિંતા નથી થતી.

દુનિયાભરના દેશોમાંથી દર મહિને મને લગભગ બારસો જેટલા પત્રો મળે છે, જેમાં લોકો મારી પાસેથી કોઈ ને કોઈ પ્રકારની મદદ ઈચ્છતા હોય છે. એ પત્રોમાં એકવાર મને ડોક્ટર એન્ટ્રજા પુહારિચનો પત્ર મળ્યો. તેમણે લખેલું કે તેઓ પોતાની પ્રયોગશાળામાં મારી પર પ્રયોગ કરીને મારી આ શક્તિનું રહસ્ય જાણવા ઈચ્છે છે.

એમનો પત્ર વાંચીને મેં એ લખાણ પર આંગળીઓ ફેરવી. તરત જ મારા મનમાં એમનું ચિત્ર ઊપસી આવ્યું. એકવડું શરીર અને ચમકતી આંખો. એ મને મિલનસાર માયાળુ માણસ લાગ્યા. મને એમ પણ લાગ્યું કે અમેરિકામાં એમની સાથે હું જો છ મહિના ગાળીશ તો એ ઘણાં મઝાના

વીતશે. આ પછી એમના લખાણ પર આંગળીઓ ફેરવીને મેં એમનું ઘર જોવાની ઈચ્છા કરી તો ઘર પણ સાકાર બની ગયું. મેં કાગળ પર એનો નકશો દોર્યો.

આ પછી ત્રણ અઠવાડિયે હું મારી પત્ની સાથે અમેરિકા જવા રવાના થયો. બંદર પર ડોક્ટર પુહારિચ મને લેવા આવ્યા હતા. જોતાંવેંત હું એમને ઓળખી ગયો.

બીજે દિવસે હું એમની સાથે પ્રયોગશાળામાં પહોંચ્યો તો ત્યાંનું દૃશ્ય જોઈ મને જરા ગભરામણ થઈ આવી. ત્યાં વિચિત્ર પ્રકારનો કેટલો ય સામાન પડ્યો હતો, જેનો મારા પર તેઓ પ્રયોગ કરવાના હતા.

ઘણાં દિવસો સુધી આ પ્રયોગો ચાલ્યા. પ્રયોગશાળામાં એક કાચની કેબિન હતી, જેમાં જાતજાતના વીજળીના તાર લગાવેલા હતા. મારે એમાં લાંબા સમય સુધી બેસવું પડતું. જોકે એમાં અડધો કલાક બેસતાં જ મને મૂંઝવણ થવા લાગી, ક્યારેક તો એમ થતું કે આ કેબિનમાં હું હંમેશ માટે કેદ થઈ જઈશ અને એમાં જ મારો જીવ નીકળી જશે. ખેર, ડોક્ટર મને હિંમત આપતા રહ્યાં.

જેમ તેમ કરીને છેવટે છ મહિના પૂરા થયા. ડોક્ટરે કેટલાંક તારણ કાઢ્યાં, પણ મારી શક્તિનું રહસ્ય ન જાણી શક્યા. મારુ અમેરિકા જવાનું બીજી રીતે ખૂબ સફળ થયું.

૧૯૫૬માં અમે હોલેન્ડ પાછા ફર્યા. હવે ફરી અમેરિકા જવાનું ક્યારે થશે એની મને ખબર ન હતી. મેં કહ્યું કે હું મારું ભવિષ્ય નથી જોઈ શકતો. જો જોઈ શકતો હોત તો કદાચ મારું જીવન વધારે સરળ બનત.

અમે હોલેન્ડ પાછા ફરતા હતા તે દરમિયાન જહાજનો એક કર્મચારી મારી પાસે આવ્યો. એણે ઉતારુઓ સામે મારી આ અજબ શક્તિનું પ્રદર્શન કરવા માટે વિનંતી કરી. હું સંમત થયો. તે પાછો જતો હતો ત્યાં મને થયું કે એના મનમાં કોઈક વાત છે જે તે મને કહેવા ઈચ્છે છે.

'શું વાત છે ? ભાઈ ! તમે મને કાંઈ કહેવા ઈચ્છો છો ?' મેં પૂછ્યું.

મિસ્ટર હરકોસ, અમે એક મૂંઝવણમાં ફસાઈ પડ્યા છીએ. તમે

અમારા કપ્તાન સાથે એ વિષે વાત કરશો ?'

હું કપ્તાનને મળ્યો. કપ્તાને કહ્યું, 'આ જહાજ પર એક વિચિત્ર ઘટના બની રહી છે. કાં તો બહું ચાલાક ચોર જહાજ ઉપર છે, અથવા પછી કંઈ ન સમજાવી શકાય તેવું કાંઈક છે. જહાજમાં ખાવા-પીવા માટે ચાંદીના વાસણ છે, એમાંથી લગભગ સોળહજાર ડોલરનાં વાસણો અત્યાર સુધીમાં ગુમ થયા છે.'

વાત સાંભળીને મને આશ્ચર્ય થયું અને રસ પણ પડ્યો, પણ આ વાતનું રહસ્ય શોધવા માટે તો મારે જહાજ પરના એકેએક માણસને જોવો જોઈએ. જહાજ ઉપર લગભગ પાંચસો ઉતારુ હતા. એ બધાને મળવું તો અઘરું હતું. પછી મને વિચાર આવ્યો કે પહેલાં હું મારું પ્રદર્શન યોજું. સંભવ છે કે પ્રદર્શન જોવા લગભગ બધા લોકો હાજર રહે ને એમાંથી વાસણ ચોરનારનો પત્તો મળે. પ્રેક્ષકોમાં એ નહિ હોય તો પછી જોવા નહિ આવેલા લોકોમાં એ જરૂર હોવો જ જોઈએ. એવા લોકોને પછી હું જોઈ લઈશ.

'પણ મેં પ્રેક્ષકોમાંથી જ ચોરને પકડી પાડ્યો.'

-નવનીત-ગુજરાતી ડાયજેસ્ટ

આ ઘટના મુંબઈ સમાચાર દૈનિકમાં આ પ્રમાણે આવેલી છે :

ઈ.સ. ૧૯૪૩માં હોલેન્ડમાં એક સત્ય ઘટના બની.

એક ધુમ્મસભર્યા પ્રભાતમાં પિટર હરકોસ નામનો એક રંગારો ૪૦ ફૂટ ઊંચી નિસરણી પર ચઢીને રંગકામ કરી રહ્યો હતો. કામ કરતાં કરતાં એકાએક તેનો પગ લપસ્યો અને એક તીણી ચીસ સાથે લાગલો જ એ જમીન પર પટકાયો ! માથામાં ઊંડો જખમ પડી જવાથી એ તદ્દન બેભાન બની ગયો હતો. છેક જ બેભાન બનેલા રંગારાને તરત જ હોસ્પિટલ ભેગો કરવામાં આવ્યો. લોકોએ તો માન્યું કે હવે એ ફરી આંખો ખોલવાનો કે બોલવાનો નહિ. આમ લોકોએ તો એના જીવનની આશા છોડી દીધેલી.

પરંતુ એના બેભાન બનેલા દેહમાંથી પ્રાણ સદંતર ઊડી નહોતા ગયા. હા, એ જીવતો હતો ખરો પણ મૂએલા જેવો જ ! આમ કેટલાંય

અઠવાડિયાં સુધી એ જીવન-મરણ વચ્ચે ઝૂલતો રહ્યો પણ એક દહાડો એની મરણમૂર્છા તૂટી ત્યારે –

ભાગ્યનો ઉદય

તેણે પોતાને એક અદ્‌ભુત અને અજ્ઞાત માનસિક શક્તિ ધરાવતો હોવાનું અનુભવ્યું. અર્થાત્ એને ચોક્કસ પ્રતીતિ થઈ કે પોતે એક અદ્‌ભુત, અસામાન્ય ને અજ્ઞાત માનસિક શક્તિ ધરાવે છે. જીવનની આ અદ્‌ભુત, અસામાન્ય ક્ષણ એના જીવનમાં જાણે નવા ભાગ્યોદયનો સંદેશ લઈને આવી હતી. પોતાનું આ પ્રકારે થયેલું વિલક્ષણ પરિવર્તન નિહાળી એ પળે જ દંગ થઈ ગયો ! આવી અસામાન્ય અદ્‌ભુત માનસિક શક્તિ પોતાને કઈ રીતે પ્રાપ્ત થઈ એ તો એ ખુદ પણ નહોતો સમજી શકતો !

હા, એટલું તો એ અચૂકપણે અનુભવી રહ્યો હતો કે પ્રત્યક્ષ દેખાતી તેમજ સંભળાતી વસ્તુઓથી પણ પર એવી દૂર સુદૂરની, ઉપરની, ઊંડાણની-હરકોઈ વસ્તુ પોતે નિહાળી શકે છે, તેમજ સાંભળી શકે છે. પોતાનું મગજ 'એક્સ-રે' યંત્રની માફક જ કાર્ય કરી રહ્યું છે તેમજ પોતાની કાયાના તમામ અવયવો 'રડાર' બની ગયા છે !

હવે તો એના દ્વારા કરવામાં આવેલાં રોગનાં નિદાનો નિહાળી ભલભલા ડોક્ટરો પણ મોંમાં આંગળા ઘાલે છે. તદુપરાંત, એની મારફત ઉકેલાતા વિવિધ અપરાધોના કોયડાઓ યુરોપભરની પોલીસ માટે અતિ કીમતી સાબિત થઈ રહ્યા છે. વળી યંત્રોનું તો એને નામનું ય જ્ઞાન ન હોવા છતાં જટિલમાં જટિલ યંત્રોવાળા કારખાનામાં જઈ યંત્ર તેમજ યંત્ર-નિષ્ણાતોના દોષ એવા તો જાણી તથા દર્શાવી શકે છે કે જાણે એ કામનો તે સર્વોપરિ નિષ્ણાત કેમ ન હોય ? એની આ દક્ષતાના ગુણગ્રાહકોમાંના એક છે, દુનિયાના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ મિ. ફિલિપ્સ, કે જેઓ રેડિયો, ટેલિવિઝન, ઈલેક્ટ્રોનિક્સ તેમજ વીજળીવિષયક વસ્તુઓના ભારે મોટા ઉત્પાદક છે. પોતાની ધંધાદારી અને યાંત્રિક આંટીઓ અને મુશ્કેલીઓના ઉકેલ માટે તેઓ હરકોસને દર વરસે મોટી ફી આપે છે !

હરકોસની અદ્‌ભુત શક્તિની એક રોચક ઘટના આ રહી :- બ્રિટનના રાજા-રાણીઓ સદીઓથી જેના પર બેસીને તાજ ધારણ કરતાં

આવ્યાં છે, તે 'સ્કોન'નો પ્રસિદ્ધ પથ્થર (સ્ટોન ઓફ સ્કોન) ૧૯૫૧માં ચોરાયો હતો. દુનિયાભરમાં પ્રસિદ્ધ પામેલ બ્રિટનના જાસૂસીખાતા-સ્કોટલેંડ યાર્ડે આ પથ્થર શોધી કાઢવા માટે આકાશ-પાતાળ એક કરેલાં, તે છતાં એને પોતાના પ્રયાસમાં સફળતા નહોતી મળી. અનેક પ્રયત્નો કરવા છતાં ન મળ્યો પથ્થર કે હાથ ન લાગ્યો ચોર ! છેવટે સ્કોટલેન્ડ યાર્ડના અધિકારીઓને હરકોસનું શરણું શોધવું પડ્યું. ખાસ વિમાન મોકલી હરકોસને લંડન તેડાવ્યો અને વિમાનમાંથી ઉતારીને સીધો જ તેને વેસ્ટમિનસ્ટર એબી ખાતે લઈ જવામાં આવ્યો.

વેસ્ટમિનસ્ટર એબીમાંની રાજ્યાભિષેકની ખુરશી આગળ જઈ હરકોસ ઘૂંટણીયાભેર બેઠો પછી એ સ્થળનો સ્પર્શ કર્યો. અને ત્યાર બાદ તરત જ બોલવા લાગ્યો : 'ચોરીમાં પાંચ માણસોનો હાથ છે. કેટલાંક અંદર દાખલ થયેલા, કેટલાંક બહાર રહેલા. મોટર લઈને આવેલા આ લોકો છે. એની મોટરનો નંબર...' આમ કહી નંબર દર્શાવ્યો. પછી આગળ ચલાવ્યું : 'લોઅર થેમ્સ સ્ટ્રીટમાં ચોરનું રહેઠાણ છે, ને એનો નકશો આમ છે...' આમ કહી નકશો દોરી બતાવ્યો.

આ પહેલાં કદી તે ઈંગ્લેંડ આવ્યો ન હતો. પરંતુ તેણે પોતાની અદ્‌ભુત માનસિક શક્તિને આધારે ખરેખર નકશો દોરીને અફસરોના હાથમાં મૂક્યો !

ચોરોએ જે ચાવી વડે એબીનો દરવાજો ખોલેલો એ ચાવી પોલીસે હરકોસના હાથમાં મૂકી. ચાવીનો સ્પર્શ કર્યા બાદ તરત તે પોલીસ અફસર સાથે મોટરમાં બેસીને ઊપડ્યો અને બ્રીક લેઈનમાંના જે લુહારની દુકાને ચોરોએ જરૂરી હથિયાર, ઓજારો ખરીદેલાં તે દુકાનની સામે જ મોટર ખડી રખાવી !

મોટરમાં બેઠાં બેઠાં જ તેણે અમલદારને જણાવ્યું, 'આ છે, તે દુકાન. અહીંથી સ્ટોન ઓફ સ્કોન ચોરવાનાં સાધનો ખરીદ્યાં હતાં. સાધનો ખરીદવા બે જણ આવેલ હતા.'

પછી પેલા ચોરોનાં રૂપરંગનું, તેના પોશાકનું વર્ણન કર્યું તથા એને લગતી કેટલીક સાચી અને રહસ્યભરી હકીકતો રજૂ કરી. છેવટે, એ પણ

દર્શાવ્યું કે, 'પથ્થર લંડનમાં સંતાડવામાં આવેલો પરંતુ હાલ લંડનમાં નથી. ગ્લાસગોમાં છે.'

આમ તેણે ચોરીનું કોકડું ઉકેલી નાંખ્યું.

પછી તો પૂછવું જ શું ? સ્કોટલેન્ડ યાર્ડનું જાસૂસીખાતું દુનિયાભરમાં નામચીન હતું. પળના પણ વિલંબ વગર પોલીસ કામે લાગી ગઈ અને જોતજોતામાં જ ચાર ચોરને પકડી પાડ્યા. આ ચાર ચોર સ્કોટલેંડના જ હતા.

હરકોસે પાંચમો માણસ બતાવેલો તેને પણ પકડ્યો પરંતુ એ બાપડો તો એક નિર્દોષ રાહદારી હતો. વળી પરદેશી હતો. એબી આગળથી પસાર થતો હતો ત્યારે એના દરવાજા પાસે ઊભેલા ચોર સાથે એણે ફક્ત અજાણતાં થોડી વાતચીત કરેલી એટલું જ. અને તે વાતચીતને પણ આ ચોરી સાથે કશું લાગતું વળગતું ન હતું, આથી છેવટે એને છોડી મૂકવામાં આવ્યો અને તે પણ હરકોસની આગ્રહભરી સૂચનાથી જ.

●

૨૯. જેની ડિક્સન

પિટર હરકોસના જેવો જ જેની ડિક્સન નામની એક બાઈનો જીવંત કિસ્સો અહીં રજૂ કરું છું. આ બાઈને પણ જિનેશ્વર દેવોએ જણાવેલા પાંચ જ્ઞાન પૈકીનું ત્રીજા નંબરનું વિભંગજ્ઞાન હોવાની શક્યતા છે. આ જ્ઞાનના અસંખ્ય પ્રકારો કહ્યા છે, એટલે જેની ડિકસનને હાથમાં ગોળો રાખવાથી જ આ જ્ઞાન પ્રગટ થતું હોય તો આવા પ્રકારની સંભાવનાને પણ નકારી ન શકાય.

આપણે એની જીવન-ઘટનાઓને જાણીએ.

ભવિષ્યમાં બનનારા બનાવોની વર્ષો અગાઉ આગાહી કરવાની 'ચમત્કારિક શક્તિ' ધરાવતી જેની ડિક્સન નામની એક અમેરિકન મહિલાએ છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન સમગ્ર દુનિયાને ધ્રુજાવી મૂકે એવા બનાવોની જે આગાહીઓ કરી હતી એમાંની મોટા ભાગની આગાહીઓ સંપૂર્ણપણે સાચી ઠરી છે.

મહાત્મા ગાંધી અને પ્રમુખ કેનેડીના ખૂનની તેમજ ૧૯૪૫માં વિન્સ્ટન ચર્ચિલ ચૂંટણીમાં પરાજય પામશે અને રશિયા પહેલો સ્પુટનિક અવકાશમાં મૂકશે એવી જેની ડિક્સને અગાઉથી કરેલી આગાહી સો ટકા સાચી ઠરી છે.

કેનેડીના ખૂનની આગાહી :

૧૯૬૩ના નવેમ્બરના એક દિવસે ન્યુયોર્કની એક હોટલમાં જેની ડિક્સન બે આગેવાન મહિલાઓ સાથે ખાણું લઈ રહી હતી. દરમિયાન વાતચીત કરતાં અચાનક એ શાંત થઈ ગઈ. સાથે ખાણું લઈ રહેલી મહિલાએ ચિંતાપૂર્વક પૂછતાં ધ્યાન ધરતી હોય એ રીતે જેનીએ આંખો બંધ કરીને કહ્યું, હું ખૂબ ઉશ્કેરાટ અનુભવી રહી છું... મારા ગળે ખાવાનું નહિ ઊતરે. આજે પ્રમુખ (કેનેડી) પર કોઈક ભયાનક બાબત ગુજરનાર છે.'

આ પહેલાં ત્રણ દિવસ અગાઉ પ્રમુખ કેનેડીનું કાંઈક અનિષ્ટ થનાર છે એવી આગાહી જેનીએ કરેલી.

જેની અને સાથેની બે મહિલાઓ હજુ હોટલમાં જ હતાં અને ખબર આવી કે 'પ્રમુખ પર કોઈકે ગોળી છોડી છે.'

જેનીએ આ ખબર સાંભળી તરત જ કહ્યું- 'ગોળી છોડી છે એટલું જ નહિ પણ પ્રમુખનું અવસાન થઈ ચૂક્યું છે.' મેં પ્રમુખને ચેતવણી મોકલવાનો પ્રયાસ કર્યો હતો, પણ મારું કોણ સાંભળે ?

જેની ડિક્સને ત્રણ મહિના અગાઉ પ્રે. કેનેડીનું ખૂન થશે એવી આગાહી કરેલી અને પ્રમુખને દક્ષિણનો પ્રવાસ નહિ કરવાની ચેતવણી આપવા માટે પણ પ્રયાસ કરેલો. જેનીના જણાવ્યા મુજબ 'ઘણાં લાંબા સમયથી હું વ્હાઈટ હાઉસ (પ્રમુખના નિવાસસ્થાન) પર એક શ્યામ વાદળ જોઈ રહી હતી. આ વાદળ મોટું થતું જતું હતું અને પછી નીચે ઊતરતું જતું હતું. આનો અર્થ એટલો જ થતો હતો કે પ્રમુખનું ખૂન થશે.'

છેક ૧૯૫૨માં જેની ડિક્સને સૌ પ્રથમ 'વ્હાઈટ હાઉસ' પર શ્યામ વાદળનું દર્શન કર્યું હતું.

'એક ઊંચા, આસમાની આંખો અને જાડા ભૂખરા વાળ ધરાવતાં યુવાન આદમી પર આફત ઊતરશે.' જેનીના અંતરમાંથી આ વખતે અવાજ નીકળ્યો કે એ યુવાન 'ડેમોક્રેટ' હશે. ૧૯૬૦માં પ્રમુખ તરીકે ચૂંટાશે અને હોદ્દા પર હશે એ દરમિયાન જ એનું ખૂન થશે. ચાર વર્ષ બાદ ૧૯૫૬માં જેનીએ પોતાની આ આગાહીની જાહેરાત છાપાની કટારમાં કરેલી. પત્રકારોની મુલાકાત દરમિયાન જેનીએ સ્પષ્ટ કહેલું, '૧૯૬૦માં ચૂંટાનાર આસમાની આંખો ધરાવતા પ્રમુખનું ખૂન થશે.'

૧૯૫૬ના મેની ૧૩ તારીખના 'પરેડ' સામયિકમાં જેની ડિક્સનની આ આગાહી પ્રગટ થયેલી. ૧૯૬૩ના ઉનાળામાં જ્યારે પ્રે. કેનેડીના પુત્ર પેટ્રિક કેનેડીનું જન્મ બાદ થોડા સમયમાં અવસાન થયું ત્યારે જેનીને પૂછવામાં આવેલું કે 'વ્હાઈટ હાઉસ' પર પેલા શ્યામ વાદળ અંગેના અમંગળનો ખુલાસો આ બાળકના અવસાનમાંથી તો મળી રહેતો નથીને ?'

જેનીએ આ પ્રશ્નનો ઉત્તર આપતા ભારપૂર્વક જણાવ્યું કે, 'ના બિલકુલ નહિ. હું આજે પણ એક મોટી કફનપેટી વ્હાઈટ હાઉસમાં લઈ જવાતી જોઈ રહી છું. પ્રમુખનું બીજા કોઈ સ્થળે અવસાન થશે અને એમનું શબ રાષ્ટ્ર-શોક માટે વ્હાઈટ હાઉસમાં લાવવામાં આવશે.'

૧૯૬૩ના ઓક્ટોબરમાં પણ જેનીએ જાહેરાત કરેલી, "મને 'દર્શન' થયું છે. ઉપપ્રમુખની કચેરીના દ્વાર પરનું લિન્ડન જહોનસનના નામનું પાટિયું બે કાળા હાથો દૂર કરી રહ્યા હોય એમ હું જોઈ રહી છું."

આ પછીનાં થોડા અઠવાડિયા દરમ્યાન જેનીએ ખૂબ જ બેચેની અનુભવીને આ વાત ઘણાં નામાંકિત માણસોને કહેલી કે પ્રમુખનું થોડા જ સમયમાં ખૂન થનાર છે. પ્રે. કેનેડીનાં બહેનને પણ જેનીએ આ વાત કરેલી.

અને તા. ૨૨મી નવેમ્બરે તો અમેરિકન નૌકા બેન્ડના નિવૃત્ત આગેવાન ચાર્લ્સ બેન્ટરને તો જેનીએ તદ્દન સ્પષ્ટ શબ્દોમાં કહેલું, 'આજે આ બનાવ બનશે !' અને ખરેખર જેનીની આગાહી મુજબ પ્રે. કેનેડીનો બનાવ એ જ દિવસે બન્યો.

અદ્‌ભૂત ભવિષ્યવેત્તા :

જેનીનો જન્મ સાન્ટારોસા, કેલિફોર્નિયામાં થયેલો અને માતા-પિતા જર્મનીમાંથી આવીને અમેરિકામાં વસ્યાં છે. જેની નાનપણમાં કાલી કાલી વાણીમાં બોલતી થઈ ત્યારથી જ એની આ ચમત્કારિક શક્તિના લક્ષણો દેખાવા લાગ્યાં હતાં. કુટુંબમાં બનેલા કેટલાંક શુભ-અશુભ બનાવોની પહેલેથી આગાહી કરેલી. એના પિતા ઘેરથી લગભગ ૧ હજાર માઈલ દૂર હતા ત્યારે તેઓ શું કરી રહ્યા છે એનું હૂબહૂ વર્ણન નાની જેનીએ ઘેર બેઠાં કરેલું અને પાછળથી એ તદ્દન સાચું ઠરેલું.

ભવિષ્ય ભાખવાની અનોખી ને વિવિધ પદ્ધતિઓ :

જેનીની ભવિષ્ય ભાખવાની રીત જુદા જુદા પ્રસંગોએ જુદી જુદી રીતની હોય છે. કેટલીકવાર તો સામા માણસની આંગળીઓના ટેરવાનો સ્પર્શ કરીને તરત જ ભવિષ્ય ભાખે છે, કેટલીક વાર તો પોતે નહિ જોયેલા એવા માણસની ફક્ત જન્મ તારીખ જાણીને એનો ભૂતકાળ તથા

ભવિષ્ય કહી આપે છે... મોટા ભાગે તો એક કાચનો ગોળો જોઈને ભવિષ્ય ભાખતી હોય છે, પણ મહત્ત્વના બનાવોની અગાઉથી અચાનક એને 'ઝાંખી' થાય છે. પોતાની આ ચમત્કારિક શક્તિ સંબંધમાં જેની કહે છે -'જ્યારે મને ભવિષ્યમાં બનનાર બનાવનું દર્શન થવા માંડે છે ત્યારે મારી ચોમેરની હવા સહિત આખાય વાતાવરણમાં પરિવર્તન થઈ જાય છે. હું ખૂબ ઉચ્ચ સ્થાને એકલી ઊભી રહીને નીચે જોઈ રહી હોઉં છું અને એ સમયે મને દુનિયાની કોઈપણ બાબત સ્પર્શ કરતી હોતી નથી.'

બીજા વિશ્વયુદ્ધ પ્રસંગે ભવિષ્ય ભાખનાર તરીકે જેનીની ખ્યાતિ પાટનગર વોશિંગ્ટનમાં ખૂબ ફેલાવા પામેલી... એક દિવસ એક ભોજન સમારંભમાં અમેરિકાના એ વખતના ઉપપ્રમુખ હેરી ટુમાનની આંગળીઓનો સ્પર્શ કરતાં જેનીએ તરત જ ભવિષ્ય ભાખેલું, "તમે પ્રમુખ બનશો."

પ્રે. રૂઝવેલ્ટ અંગેની આગાહીઓ :

૧૯૪૪ના અંતમાં પ્રે. રૂઝવેલ્ટ ચોથી વાર પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા બાદ થોડા સમયે જેનીને વ્હાઈટ હાઉસ તરફથી આમંત્રણ મળેલું. પ્રે. રૂઝવેલ્ટ જેનીને મળવા ઈચ્છતા હતા.

મુલાકાતના નક્કી થયેલા સમયે જેનીને પ્રે. રૂઝવેલ્ટના ઓરડામાં લઈ જવામાં આવી. રૂઝવેલ્ટે જેનીને જોતાં પોતાની બાજુમાં ખુરશીમાં બેસવાનું કહ્યું અને થોડો સમય બંને વચ્ચે હવામાન અંગેની તેમજ બીજી પરચૂરણ વાતો થઈ.

દુનિયાના મહાન જવાબદારીઓના બોજા તળે દબાયેલા પ્રે. રૂઝવેલ્ટને જોઈ જેનીએ કહ્યું, "મિ. પ્રેસિડન્ટ ! જ્યારે કોઈક પ્રશ્ન સમજમાં ઘોળાતો હોય ત્યારે કેટલીકવાર સલાહ લેવામાં ડહાપણ રહેલું છે."

રૂઝવેલ્ટે આહ ભરતાં કહ્યું - 'માણસની જિંદગી ટૂંકી છે. લાંબુ જીવીએ તો પણ મારે જે કામો પતાવવાનાં છે એ માટે હવે સમય કેટલો રહ્યો ?'

હું આપની આંગળીઓને સ્પર્શ કરું ? જેનીએ પૂછ્યું અને પ્રે.

રૂઝવેલ્ટે પોતાનો ધિંગો હાથ આગળ ધર્યો, જેનીએ આંગળીઓનો સ્પર્શ કરતાં કંપ અનુભવ્યો. જવાબ ટાળવા માટે જેનીએ વાતચીતનો વિષય બદલવા ઘણી મથામણ કરી, પણ રૂઝવેલ્ટે જ્યારે આગ્રહ જારી રાખ્યો ત્યારે જેનીએ અચકાતી જીભે કહ્યું, 'છ મહિના, કદાચ એથી પણ ઓછો.'

આખા ઓરડામાં ઘેરી શાંતિ છવાઈ ગઈ. જેની કહે છે, 'પ્રમુખને પોતાને મૃત્યું આવી રહ્યાનું અગાઉથી ભાન થઈ ચૂક્યું હોય એમ મને લાગ્યું... તેઓ માત્ર આ હકીકતનું સમર્થન મેળવવા જ માગતા હતા.'

આ પછી પ્રે. રૂઝવેલ્ટે ખોંખારો ખાઈ પૂછ્યું, 'રશિયા સાથે આપણા સંબંધો સારા રહેશે ?'

જેનીએ માથું ધૂણાવી કહ્યું, મને ઝાંખી થાય છે એ મુજબ આપણે ફરીથી રશિયાના મિત્ર બનીશું અને પાછળથી રશિયા અને અમેરિકા બંને સામ્યવાદી ચીન સામે ખડાં થશે.

પ્રે. રૂઝવેલ્ટે એકદમ આશ્ચર્ય પામી પૂછ્યું, 'સામ્યવાદી ચીન ? ચીન સામ્યવાદી નથી. ચીન સાથે તો આપણને ક્યારેય મુશ્કેલી ઊભી થાય એમ નથી. પણ મને એમ લાગે છે કે આપણે દુનિયામાંની આપણી પરિસ્થિતિ ટકાવી રાખવા માટે કદાચ રશિયાના મિત્ર બની રહીએ.'

પછી જેનીએ પોતાના કાચના ગોળામાં દેખાતાં દશ્યો ધ્યાનથી જોઈ કહ્યું, 'હું ચીનને સામ્યવાદી દેશમાં ફેરવાતાં અને આપણા માટે મહાન્ મુશ્કેલીઓ ઊભી કરતો જોઈ રહી છું. આપણા માટે ભવિષ્યમાં આફ્રિકા પણ ચિંતાનું એક મોટું કારણ બનશે.

પ્રે. રૂઝવેલ્ટે આ આગાહી સાથે સંમત ન થતાં કહ્યું. આફ્રિકા સાથે કોઈ મુશ્કેલી ઊભી થાય એમ મને લાગતું નથી. કદાચ રશિયા સાથે ઊભી થાય. રશિયા સાથેની મૈત્રી આપણે ચાલુ રાખીએ એ મહત્ત્વનું છે.'

પ્રે. રૂઝવેલ્ટની બીજી મુલાકાત :

૧૯૪૫ના જાન્યુઆરીની અધવધમાં જેનીને વ્હાઈટ હાઉસ તરફથી ફરીથી આમંત્રણ મળ્યું. પ્રે. રૂઝવેલ્ટે જેનીને જોતાં પૂછ્યું, 'કેમ કાચનો

ગોળો લાવ્યાં છો ને ?' આ વખતે પ્રે. રૂઝવેલ્ટનું શરીર ખૂબ જ નંખાઈ ગયું હતું. પ્રે. રૂઝવેલ્ટે જેનીને આતુરતાથી પૂછ્યું, 'બોલો હવે મારા માટે કેટલો સમય છે ?'

જેનીએ કહ્યું, 'બે મહિના.'

'ઘણો થોડો સમય છે !' રૂઝવેલ્ટે માથું ધૂણાવી કહ્યું.

'હા, જેનીએ અચકાતાં સંમતિ આપી.

આ પછી રૂઝવેલ્ટે પોતાનો જમણો હાથ આગળ ધર્યો ને પૂછ્યું, 'મારે થોડા જ સમયમાં કેટલાંક મહત્ત્વના નિર્ણયો લેવાના છે. એ સંબંધમાં તમારો શો અભિપ્રાય છે ?'

જેનીએ કહ્યું, 'મારા અભિપ્રાયનો આમાં સવાલ નથી. મને જે દેખાય છે, એ જ મારે કહેવાનું છે.'

જેનીએ રૂઝવેલ્ટની આંગળીઓનાં ટેરવાને સ્પર્શ કર્યો અને પછી આંખો બંધ કરી ધ્યાન ધર્યું.

રૂઝવેલ્ટેની આંગળીઓનાં ટેરવાંને સ્પર્શ કર્યો અને પછી આંખો બંધ કરી ધ્યાન ધર્યું.

રૂઝવેલ્ટે પૂછ્યું, 'ભવિષ્યમાં રશિયા આપણો મિત્ર-દેશ બની રહે એવી તમને ચોક્કસ ખાતરી છે ?'

જેનીએ પોતાની અગાઉની આગાહી ફરીથી ભારપૂર્વક જણાવતાં કહ્યું, 'આખરમાં સામ્યવાદી ચીનની સામે થવા આપણે રશિયા સાથે જોડાણ કરીશું જ, પણ એ વાત એકાદ પેઢી પછી જ સિદ્ધ થશે.'

'તો પછી રશિયા અંગેની મારી ધારણા ખોટી નથી ? અત્યારે જે કાંઈ બની રહ્યું છે અને કહેવાઈ રહ્યું છે એમ છતાં પણ રશિયા આપણી સાથે ને આપણે રશિયા સાથે રહીશું ?' રૂઝવેલ્ટે પૂછ્યું.

'હા, અંતે તો આપણે અને રશિયા મિત્ર બની રહીશું. પણ એ સમયે આપણી સરકારમાં ખૂબ જ પરિવર્તન આવી ગયું હશે અને આજની જેમ બે પક્ષોની શાસનપદ્ધતિ કાયમને માટે ન પણ હોય.'

જેનીએ આ પ્રસંગે ભવિષ્યમાં રંગભેદનો પ્રશ્ન ખૂબ ઉગ્ર બનવાની

અને એ અંગે ખૂનરેજી થવાની આગાહી પણ કરેલી.

આ પછી એપ્રિલમાં જેનીની આગાહી મુજબ પ્રે. રૂઝવેલ્ટનું અવસાન થયું.

આ પછી ૧૯૪૬ના ઓક્ટોબરમાં વોશિંગ્ટન ખાતેના ચાઈનીઝ એલચીખાતામાં ચીની એલચી વોશિંગ્ટન કક્ષે આપેલા ખાણાના મેળાવડામાં પણ 'સામ્યવાદી ચીન' અંગે જેનીએ કેટલીક આગાહીઓ કરેલી. આ પ્રસંગે બધા સોવિયેટ રશિયાના ઊભા થયેલાં નવા ભય અંગે ચર્ચા કરી રહ્યા હતા, પણ જેનીએ વચ્ચે બોલતા કહ્યું, 'મને તો એવું દેખાઈ રહ્યું છે કે અમેરિકા ભવિષ્યમાં લાલ રશિયા સામે નહિ પણ લાલ ચીન સામે લડશે.' આ પ્રસંગે અમેરિકાના એ મત્સદ્દીની પત્નીએ આશ્ચર્ય પામી પ્રશ્ન પૂછ્યો, 'આમ કેમ બને ? હજી તો ચીન તો સામ્યવાદી પણ નથી. અને ચીન જેવો પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ સામ્યવાદી જેવી એક પરદેશી વિચારણાને કેમ જ અપનાવે ?'

પણ જેનીએ ભારપૂર્વક કહ્યું, 'ચીન સામ્યવાદી બનશે જ.'

૧૯૪૯ના સપ્ટેમ્બરમાં સામ્યવાદી પેકિંગમાં ચીનને પ્રજાસત્તાક રાજ્ય જાહેર કરવામાં આવ્યું. અને ડિસેમ્બરમાં ચાંગ-કાઈશેકે પોતાના લશ્કર સાથે ફોર્મોસામાં આશ્રય લીધો.

હિંદ-પાકિસ્તાનના ભાગલા :

૧૯૪૫માં જેનીએ એક વિચિત્ર આગાહી કરેલી. જેનીએ ઘણાં દેશના રાજદૂતો સાથે સંબંધ બાંધેલા અને એ ઘણાં ભોજન સમારંભોમાં હાજરી પણ આપતી. એકવાર હિંદના એજન્ટ જનરલ સર ગિરજાશંકર બાજપાયીએ ભોજન સમારંભ યોજેલો. આ સમારંભમાં લશ્કરી એટેચી કર્નલ નવાબજાદા શેરઅલીએ જેનીને પોતાનું ભવિષ્ય ભાખવા કહ્યું. એણે આ પ્રસંગે બે વર્ષમાં હિન્દના ભાગલા પડશે એમ જાહેર કર્યું.

કર્નલે આઘાત અનુભવતાં કહ્યું, 'ના, ના. હિંદના ભાગલા કદી ન પડે.' આ પ્રસંગે જ ફરીથી એણે કહ્યું, ૧૯૪૭ના જૂનની બીજીએ આ અંગેની જાહેરાત થશે. તમે બીજા પક્ષમાં જોડાવા ભારત છોડશો અને એ

પછી ઝડપથી તમારો ઉત્કર્ષ થશે.

અને ખરેખર જેનીની આ આગાહી સાચી પડી. ભાગલા પણ પડ્યા અને કર્નલ પાકિસ્તાનનો સેનાપતિ બન્યો. અને પાછળથી યુગોસ્લાવિયા ખાતેનો પાકિસ્તાની એલચી પણ બન્યો.

ગાંધીજીની હત્યા થશે !

૧૯૪૭ના ઉનાળાની સાંજે જેનીનો પતિ એક મિત્ર સાથે વાતચીત કરી રહ્યો હતો. એવામાં ચર્ચા દરમિયાન ન્યુ દિલ્હી એવો શબ્દ જેનીએ સાંભળ્યો અને એણે કહ્યું, 'મહાત્મા ગાંધીજીનું ખૂન થશે.' બંને જણા એની સામે તાકીને જોઈ રહ્યા. જેનીએ ભારપૂર્વક કહ્યું, હા, હું સાચું કહું છું. તમે બંને વાત કરતા હતા એ દરમિયાન જ મને ગાંધીના દર્શન થયાં. મેં એમને બંને હાથ ઊંચા કરીને લોકોને સહિષ્ણુ બનાવવાનો ઉપદેશ આપતા જોયા. છ મહિનામાં એમનું ખૂન થશે.

અને ખરેખર છ મહિનાની અંદર જ તા. ૩૦મી જાન્યુઆરી '૪૮ના રોજ મહાત્માં ગાંધીજીનું ખૂન થયું.

પ્રે. ટ્રુમેન ફરીથી પ્રેસિડેન્ટ પદે ચૂંટાશે એવી આગાહી જેનીએ ઘણાં મહિના પહેલાં કરેલી અને તે સાચી પડેલી.

ત્રણ વર્ષ અગાઉથી જેનીએ વિન્સ્ટન ચર્ચિલને પણ ચૂંટણીમાં પરાજય પામી વડાપ્રધાનનો હોદ્દો છોડવો પડશે એવી આગાહી કરી હતી. ૧૯૪૯ની શરૂઆતમાં ચર્ચિલે વોશિંગ્ટનની મુલાકાત લીધેલી. ચર્ચિલના મનમાં લોર્ડ હેલિપેક્સે યોજેલા ભોજન સમારંભમાં જેનીને પણ આમંત્રણ અપાયેલું. જોકે જેની બ્રિટનની રાજકીય પરિસ્થિતિ સંબંધમાં કંઈ જાણતી ન હતી છતાં જ્યારે એણે ચર્ચિલને મોઢામોઢ જ કહ્યું કે, 'મિ. પ્રાઈમ મિનિસ્ટર ! ચૂંટણી વહેલી ન કરશો, નહિતર તમે હારી જશો.'

રાજકારણનો અઠંગ અભ્યાસી ચર્ચિલ આ યુવાન બાઈ સામે જોઈ રહ્યો અને એક પળ રહી ઘૂરક્યો, ઈંગ્લેડ મને કદી પરાજય આપે નહિ. જેનીએ વધુમાં કહ્યું, 'ગમે તેમ, એક વખત તમે હારશો અને ફરી એકવાર સત્તા પર આવશો.'

વર્તમાનકાળની આગાહીઓ :

રશિયા સૌ પ્રથમ અવકાશમાં સ્પુટનિક વહેતો મૂકશે એની પણ જેની ચાર વર્ષ પહેલાં આગાહી કરેલી અને તે તદ્દન સાચી પડી એ સર્વવિદિત છે.

૧૯૬૪ના ઓક્ટોબરમાં રશિયામાં થયેલા અચાનક ફેરફારોથી દુનિયાભરની સરકારો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયેલી, પરંતુ કૃશ્ચોવ વિદાય થશે એ વાતની આગાહી જેનીએ ઘણાં લાંબા સમય પહેલાંથી કરેલી.

૧૯૬૪ના નવા વર્ષના વર્તારામાં જેનીએ લખ્યું છે કે ૧૯૬૪-૬૭ના સમય દરમ્યાન અમેરિકામાં ઘરઆંગણાની તેમજ વિદેશી બાબતોમાં મહાન ભય ઊભો થશે. આગામી ૧૮ મહિનાઓ દરમિયાન કૃશ્ચોવના સ્થાને આવનાર નવા આગેવાનથી આ ભય વધી જશે. માણસનું નામ 'એસ'થી શરૂ થાય છે. આ માણસ સાથે કામ પાર પાડવું કૃશ્ચોવ કરતાં પણ વધુ મુશ્કેલ બનશે.

અત્રે એ યાદ રાખવું જોઈએ કે કૃશ્ચોવ રશિયન આગેવાનોમાં સૌથી વધુ બુદ્ધિશાળી દેખાય છે, જ્યારે રશિયન નેતાગીરીમાં ફેરફારો થયા ત્યારે કૃશ્ચોવે જ મુખ્ય ફેરફારો અંગેનું ભાષણ સેન્ટ્રલ કમિટિ સમક્ષ કરેલું. હવે 'એસ' અક્ષરથી શરૂ થતા નામવાળો બીજો કોઈ વધુ શક્તિશાળી પુરુષ બહાર આવે છે કે કેમ તે જોવાનું રહે છે.

જેનીએ હવે પછી લાંબા સમય બાદ બનનારા બનાવો અંગેની નીચે મુજબની કેટલીક આગાહીઓ કરેલી છે :

(૧) અમેરિકા માટે રંગભેદની નીતિ અને ચીન એ બંને ભારે મુશ્કેલ પ્રશ્ન બની રહેશે. ૧૯૬૦ અને ૧૯૭૦માં અમેરિકાને રંગભેદના પ્રશ્નમાં ગળાબૂડ રહેવું પડશે. ચીનની ખટપટો અને ઘૂસણખોરીના પરિણામે સંખ્યાબંધ આફ્રિકન-એશિયન દેશો ૧૯૮૦માં વિશ્વયુદ્ધ ભભૂકાવી મૂકશે. વિયેટનામ અને કોરિયામાંની મુશ્કેલીઓના પરિણામે ચીન સાથે આ અનિવાર્ય યુદ્ધ ખેલવું પડશે.

(૨) ઈતિહાસ બતાવી આપશે કે અણુબોમ્બના પ્રયોગો પર

પ્રતિબંધ મૂકતી સંધિ અમેરિકા માટેની હિતકર્તા પુરવાર થશે અને એજ સંધિ એની સામે વપરાશે.

(૩) ચીન રશિયન વિસ્તાર પર હુમલો કરશે, પણ એ અથડામણ સરહદ પૂરતી મર્યાદિત રહેશે અને ભવિષ્યમાં થનારું યુદ્ધ કે જેમાં રશિયા અને અમેરિકા બંને એકબીજા સાથે ચીન સામે જોડાયેલાં હશે, એ યુદ્ધની આ સરહદી અથડામણથી શરૂઆત થશે નહિ. આ સમયમાં સદીના અંતમાં ડેવીસ સ્ટ્રીટ (કેનેડા અને ગ્રીનલેન્ડ વચ્ચે) અમેરિકા માટે જીવાદોરી બની રહેશે.

(૪) ૧૯૬૪ થી ૬૭ વચ્ચેનાં વર્ષો અમેરિકા માટે વિદેશી તેમ જ ઘરઆંગણાની બાબતો માટે ખૂબ જ આફતજનક બનશે. આ ગાળામાં અમેરિકા જે ભૂલો કરશે એનો એક દાયકા સુધી અમેરિકાને ખ્યાલ નહિ આવે. ૧૯૬૧ થી ૧૯૬૯ વચ્ચે અમેરિકામાં ત્રણ પ્રમુખો થશે.

(૫) ચાલુ સૈકામાં કોઈ એક પોપને ઈજા થશે.

(૬) ૧૯૬૮ની ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષ વિજયી નીવડશે.

(૭) ૧૯૮૦માં વિશ્વ પર જે આફત ઊતરશે એના પરિણામે માનવજાતને કારમો આઘાત લાગશે અને એ અધ્યાત્મ તરફ વળશે.

૧૯૬૨ની પાંચમી ફેબ્રુઆરીએ પશ્ચિમ એશિયામાં જન્મેલું એક બાળક વિશ્વમાં ક્રાંતિ આણશે અને અંતે પરસ્પર વિરોધી સંપ્રદાયો અને ધર્મોને એક કરીને સર્વધર્મસમન્વય સાધશે. આ બાળક અંગેનું જેનીનું દર્શન ખૂબ સ્પષ્ટ અને ચોક્કસ છે. આ બાળકનો જન્મ એક ગરીબ ખેડૂતને ત્યાં થયો છે. જેની કહે છે કે ૧૯૮૦ના વર્ષથી આ પુરુષની મહાન શક્તિ માનવજાતને અનુભવવા મળશે અને એની શક્તિ ૧૯૯૯માં ખૂબ જ પ્રચંડ બની રહેશે ત્યાં સુધીમાં જગતમાં શાંતિ અને સદાચાર સ્થપાઈ ચૂક્યાં હશે.

આ બધી વાતો પરથી સમજી શકાશે કે આવા વિભંગજ્ઞાનની ઊંડી સમજણ આપતું જિનાગમ એજ પૂર્ણ તત્ત્વજ્ઞાન છે, વિજ્ઞાન તો હજી ઘણું અપૂર્ણ ચે.

પૂર્ણ તત્ત્વજ્ઞાનસ્વરૂપ જિનાગમને કહેનારા પરમાત્મા આજના જેવા

કોઈ વૈજ્ઞાનિક ન હતા કે જેમણે પ્રયોગશાળાઓ ઊભી કરીને વર્ષો સુધી સંશોધનો કરીને બધી શોધોને અહેવાલ તૈયાર કરીને આગમગ્રંથોમાં રજૂ કર્યો હોય.

ના, એ પ્રયોગી ન હતા, એ તો યોગી હતા. વિશુદ્ધ આત્મા હતા. એ વિશુદ્ધના પ્રકાશમાં જ એમને પ્રત્યેક પરમાણુ પણ સ્પષ્ટરૂપે દેખાયો હતો.

સાંભળવા મુજબ ભગવાન મહાવીરના સમકાલીન ગૌતમ બુદ્ધે પણ કહ્યું હતું કે નિર્ગ્રન્થ, આયુષ્યમાન એ જ્ઞાનપુત્ર (ભગવાન મહાવીર) સાચે જ સર્વજ્ઞ અને સર્વદર્શી છે. કેમકે એ તમામ વાતોને સંપૂર્ણ પણે જાણે છે. મારી પણ બેસવાની, ઊઠવાની, ચાલવાની તમામ ક્રિયા વગેરેને એ ત્યાં બેઠા બેઠા જાણે છે !

ભગવાન જિન સર્વજ્ઞ હતા એ વાતની સિદ્ધિ માટે આ ગ્રન્થ લખવાનો પ્રયત્ન કર્યો છે. જે સર્વજ્ઞ હોય તે અવશ્ય વીતરાગ હોય અને વીતરાગ સર્વજ્ઞ અવશ્ય સત્યવાદી હોય એ વાત આપણે આરંભમાં જ જોઈ ગયા છીએ.

'આપણે સહુ એ વીતરાગ-સર્વજ્ઞ, સત્યવાદી ભગવાન જિનને આજે અંતરથી નમીએ. એમણે જણાવેલી તમામ વાતોને હૃદયથી સ્વીકારીએ.

એમણે બતાવેલા સુખના રાહે કદમ માંડીએ.

●

પરિશિષ્ટ-૧

જાણીતા ભવિષ્યવેત્તાઓની

ભવિષ્યવાણી

(સાભાર-ઉદ્‌ધૃત)

(૧) ડૉ. જુલેવર્ન

ક્યૂબામાં રશિયાના ક્ષેપકશસ્ત્રોનાં મથકો બની ગયાં હતાં. અમેરિકા અને રશિયાના સંબંધો ક્યૂબામાં અત્યંત ખરાબ થઈ ગયા હતા. યુદ્ધ આજકાલમાં શરૂ થઈ જ જશે, એ જ વાત બધાના મોંએ ચર્ચાતી હતી. બંને પક્ષની સેનાઓ એકબીજાની સામે ખડી થઈ ગઈ. એક તરફ રશિયાના સૈનિકોથી ભરેલાં જહાજો ક્યુબા તરફ દોરી રહ્યાં હતાં અને બીજી તરફ અમેરિકાના વિનાશકારી બોમ્બરો અને અણુ-બોમ્બોથી સજ્જ મિસાઈલો ઝઘડવા લાગ્યાં. યુદ્ધને માટે બસ "સ્વિચ" દબાવવાનું જ બાકી રહ્યું હતું.

ક્યૂબામાં-રશિયન મિસાઈલ્સને કારણે કેનેડીએ રશિયાને અલ્ટીમેટમ આપ્યું તે સમયે ફ્રાંસના નેતાઓએ જાણીતા ફ્રેન્ચ ભવિષ્યવક્તા જુલેવર્નને પૂછ્યું, "આ યુદ્ધમાં વિજય કોનો થશે ?" જુલેવર્ને તરત જ જવાબ આપ્યો 'કોઈનો નહીં, કારણ કે યુદ્ધ થશે જ નહીં, રશિયા પીછેહઠ કરશે.'

એ સમયે તો આ વાત કોઈએ માની નહીં પરંતુ થોડાજ કલાક પછી જ્યારે આકાશવાણીએ જાહેરાત કરી, "રશિયા પાછુ હઠી ગયું, યુદ્ધની શક્યતાઓ ખલાસ થઈ ગઈ." ત્યારે લોકો જુલેવર્નની ભવિષ્યવાણી પર આશ્ચર્યચકિત થઈ ગયા.

ડો. જુલેવર્ન જાણીતા ફ્રેન્ચ લેખક છે, પરંતુ તેમની સૌથી વધારે ખ્યાતિ એક ભવિષ્યવક્તા રૂપે થઈ, આંતરરાષ્ટ્રીય જગતમાં તેમને ભવિષ્યવેત્તા રૂપે જેની ડિક્સન, પ્રો. હરાર, સીરો એન્ડરસન અને ચાર્લ્સ

ક્લાર્ક કરતાં ઓછું મહત્ત્વ આપવામાં નથી આવતું. તેમના કેટલાંક પૂર્વાભાસો એટલા સાચા નીવડ્યા કે જાણે કે એ ઘટનાઓ તેમણે જ રચી ન હોય ! જાપાન, મંચુરિયા અને ઈટાલી આલ્બેનિયા અને ઈથિયોપિયા પર કબજો જમાવશે એવી તેમની આગાહીને કોઈએ માની ન હતી. પરંતુ સન ૧૯૩૯ થી ૧૯૪૨ સુધીમાં આ બધી ઘટનાઓ સાચી નીવડી ચૂકી. હિટલરની સેનાઓ ડેનમાર્ક, બેલ્જિયમ, લક્સેમ્બર્ગ જીતી ચૂકી હતી ત્યારે કોઈએ તેમને પૂછ્યું "શું હિટલરની વિરુદ્ધ ફ્રાંસનો પણ પરાજય થશે ?" ત્યારે શ્રી. વર્ને જણાવ્યું કે સન ૧૯૪૦ના જૂનની ૨૦મી તારીખે ફ્રાંસ હાર કબૂલ કરી લેશે. ૨૦મીએ તો નહીં પરંતુ તારીખ ૨૨ મીએ ફ્રેન્ચોએ આત્મસમર્પણ કરી દીધું હતું.

ચીન અણુબોમ્બ બનાવી લેશે, મધ્યપૂર્વમાં આગ ભભૂકશે અને આરબોનો ઘણો પ્રદેશ ઈઝરાયલ પાસે જતો રહેશે એ કથનો પણ અક્ષરશઃ સત્ય નીવડતાં લોકોએ જોયાં. ભવિષ્યવાણીઓના પ્રભાવને લીધે જ એક સમયે ફ્રાંસ અને યુરોપના મોટા ભાગના નેતાઓ ગ્રહ-નક્ષત્રોનું પૂરું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ કોઈ જોખમવાળું કામ કરતા હતા. ભારતના વાઈસરોય લોર્ડ માઉન્ટબેટન સુદ્ધાંએ માન્યું હતું કે "કોઈ અદૃશ્ય સત્તા સંસારમાં વિચારપૂર્વક કામ કરી રહી છે. તેની યોજનાઓને મનુષ્યો સમજી શકતા નથી પરંતુ જેમની પાસે સૂક્ષ્મ બુદ્ધિ છે એ લોકો તેનાં ભાવિ વિધાનો પણ જાણી લે છે. આ પ્રસંગો મનુષ્યના અહંકારને ઓછો કરે છે અને જીવનનાં સત્યો પ્રત્યે આગ્રહશીલ થવાની પ્રેરણા પણ આપે છે."

નવ યુગના અવતરણના સંદર્ભમાં જુલેવર્ન કહે છે -

"મને આભાસ થાય છે કે આ અધ્યાત્મિક ક્રાંતિ ભારતવર્ષમાંથી ઊઠશે. એના સંચાલનના સંબંધમાં મારા વિચારો જેની ડિક્સનથી એ રીતે ભિન્ન છે કે, એ વ્યક્તિ (સંચાલક) જન્મ લઈ ચૂકી છે. આ સમયે તે ભારતવર્ષમાં કોઈ મહત્ત્વપૂર્ણ કાર્યોમાં પરોવાયેલી હોવી જોઈએ. આ વ્યક્તિએ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ભાગ લીધેલો હોવો જોઈએ અને તેના અનુયાયીઓની મોટી સંખ્યા પણ છે. તેના અનુયાયીઓ એક સમર્થ સંસ્થા રૂપે પ્રગટ થશે અને જોતજોતામાં આખા વિશ્વમાં પોતાનો

પ્રભાવ જમાવી લેશે તથા અસંભવિત જણાતાં પરિવર્તનોને આત્મશક્તિના માધ્યમથી સરળતા અને સફળતાપૂર્વક સંપન્ન કરશે."

(૨) પ્રો. હરાર

ઈઝરાયલના એક ધર્મનિષ્ઠ યહૂદી કુટુંબમાં જન્મેલા પ્રો. હારાર મધ્યપૂર્વ, આફ્રિકા તથા યુરોપના બહુ મોટા ક્ષેત્રમાં એક વિખ્યાત દિવ્યદર્શી રૂપે પ્રખ્યાત છે, નાના માણસોથી માંડીને રાજકર્તાઓ સુદ્ધાંએ તેમને સાચા પુરવાર થતા જોયા છે અને તેમની પ્રશંસા કરી છે.

અરબસ્તાનના શાહ મુહમ્મદ કોઈ મુસાફરીએ જવાના હતા. તૈયારી થઈ રહી હતી. હરારે કહ્યું કે આ દોડધામ નકામી છે. કારણ કે શાહ જઈ શકશે નહિ. આશ્ચર્યની બાબત એ બની કે મુસાફરીના એક દિવસ પહેલાં શાહ ઘોડા પરથી પડી ગયા અને જવાનું અટકી ગયું. થોડા સમય પછી ફરીથી મુસાફરીનો કાર્યક્રમ બન્યો. હરારે ફરીથી કહ્યું હજી તેમની મુસાફરીએ જવાની કોઈ આશા નથી. તૈયારીઓ ચાલતી રહી પરંતુ ચોક્કસ કરેલી તિથિથી થોડા જ સમય પહેલા એક ભારે ધરતીકંપ થયો. એ નુકસાનને પહોંચી વળવાના અતિશય કામને લીધે ફરીથી તેમને રોકાઈ જવું પડ્યું. એક વર્ષ પછી ફરીથી મુસાફરીનો સરંજામ તૈયાર કરવામાં આવ્યો. ફરીથી પણ હરારે કહ્યું કે આ વખતે પણ શાહ જઈ શકશે નહીં. મુસાફરી શરૂ થઈને થોડા જ માઈલ પહોંચી હતી એટલામાં જ કોઈ પડોશી દેશના આક્રમણની સૂચના ગુપ્તચરોએ આપી અને તેમને તરત પાછા ફરવું પડ્યું. શાહ પ્રો. હરારની અદ્‌ભુત શક્તિથી ઘણાં પ્રભાવિત થયા. અને તેમને પોતાના મુખ્ય સલાહકાર બનાવ્યા.

ઈજિપ્ત-ઈઝરાયેલ યુદ્ધથી માંડીને તેમણે અનેક ભવિષ્યવાણીઓ કરી એ બધી સાચી નીવડી. આગામી દિવસો માટે પણ તેમણે ઘણી મહત્ત્વપૂર્ણ આગાહીઓ કરી છે. યુગપરિવર્તનના સંબંધમાં તેમના વિચારો આ પ્રમાણે છે :

"એવા કોઈ દિવ્ય પુરુષનો જન્મ ભારતવર્ષમા થયો છે કે જે સન ૧૯૭૦ સુધી આધ્યાત્મિક ક્રાંતિનાં મૂળ કોઈપણ જાતની લોકકીર્તિની આશા વિના, અંદર ને અંદર જમાવતો રહેશે પરંતુ ત્યાર બાદ તેનું

પ્રભુત્વ આખા એશિયા અને વિશ્વમાં છવાઈ જશે. તેના વિચારો એટલા બધા માનવતાવાદી અને દીર્ઘદૃષ્ટિપૂર્ણ હશે કે સમસ્ત વિશ્વ તેનાં કથનો અને વિચારોને સાંભળવા લાચાર થશે. જ્યારે વિજ્ઞાન આખા વિશ્વમાંથી ધર્મ અને સંસ્કૃતિને નષ્ટ કરીને ખતમ કરી દેશે, ત્યારે તે ધાર્મિક ક્રાંતિની શરૂઆત કરશે અને ભારતવર્ષ એ બધાંનું આગેવાન થશે. યુ.એન.ઓ. (સંયુક્ત રાષ્ટ્ર સંઘ) અમેરિકામાંથી તૂટીને ભારતવર્ષમાં જતી રહેશે. ત્યાં તેનું નવેસરથી સંગઠન થશે. ભારત વર્ષ લાંબા સમય સુધી તેનું આગેવાન અને અધ્યક્ષ રહ્યા કરશે. સાંપ્રદાયિક ખેંચતાણો બિલકુલ બંધ થઈ જશે. જોકે શાસનસૂત્રો કેટલીક બીજી વ્યક્તિઓનાં હાથમાં હશે પરંતુ એ બધા એક ધાર્મિક સંગઠનના આશ્રિતો હશે.

"ભારતવર્ષ કેટલાંક વિલક્ષણ શસ્ત્રોનું નિર્માણ કરશે. વિસાલયમાંથી કોઈ ગુપ્ત ખજાનો અને કીમતી સાંસ્કૃતિક જ્ઞાનનો ગુપ્ત ભંડાર મળશે. ઈઝરાયલ અને ભારતવર્ષના મૈત્રીસંબંધો ઘણાં ગાઢ થશે. રશિયા, અમેરિકા, બ્રિટન, ફ્રાંસ અને જર્મની જેવા દેશો ભેગા મળીને પણ આજે જે વૈજ્ઞાનિક, ખગોળિય સફળતાઓ પ્રાપ્ત કરી શક્યા નથી, એ ભારતવર્ષ એકલું જ પ્રાપ્ત કરી લેશે. સન ૧૯૮૦ થી ૨૦૦૦ સુધીનો સમય ભારતવર્ષની ઝડપી પ્રગતિનો છે. આ અવધિમાં તેની ઉન્નતિને જોઈને લોકો દાંતો તળે આંગળીઓ દબાવશે. સૌથી વદારે આશ્ચર્યની વાત એ હશે કે, આ બધુ ધાર્મિક વિચારવાળા લોકો જ કરશે. આખી દુનિયાના લોકો ભારતીઓની માફક શાકાહારી થશે. દુનિયામાં એક એવી ભાષાનો વિસ્તાર થશે કે જે આજે સૌથી ઓછી બોલવામાં અને ભણવામાં આવે છે."

પ્રો. હરારે નવયુગના નિર્માતાના સંબંધમાં એક મહત્ત્વપૂર્ણ સ્વપ્ન જોયું. એનાથી તે ઘણાં પ્રભાવિત થયા અને નિરંતર અનેક લોકોને સંભળાવતાં રહ્યા. એ સ્વપ્નનો સારાંશ આ પ્રમાણે છે :

"રાત્રિના પહેલા પહોરે જ્યારે હું ગાઢ નિદ્રામાં હોઉં છું ત્યારે સ્વપ્નમાં એક દિવસ પુરુષનાં હું દર્શન કરું છું, કોઈ જળાશયની નજીક બેઠેલા આ યોગીના મસ્તકમાં, જ્યાં બંને ભમરો મળે છે એ જગ્યાએ મને

ચંદ્રનાં દર્શન થાય છે. તેના વાળ વિનાનાં જૂતા અથવા પાવડીઓ હોય છે. તેની આસપાસ ઘણાં સંત અને સજ્જન વ્યક્તિઓની ભીડ જણાય છે. તેમની વચ્ચે બળતી નાની-મોટી જવાળાઓને હું જોઉં છું. આ લોકો કશુંક બોલે છે અને અગ્નિમાં કંઈ નાંખે છે. એના ધુમાડાથી આકાશ છવાઈ રહ્યું છે. આખી દુનિયાના લોકો ત્યાં જ દોડતા આવી રહ્યા છે. તેઓમાંના કેટલાંક કષ્ટપીડિતો, અપંગ અને કંગળ હોય છે. તે દિવ્ય દેહધારી પુરુષ એ બધાને ઉપદેશ આપી રહ્યો છે. એનાથી બધાના મનમાં પ્રસન્નતા વ્યાપી રહી છે, અને લોકોનાં કષ્ટો દૂર થઈ રહ્યાં છે. લોકો એકબીજાના રાગદ્વેષ ભૂલીને પરસ્પર મળી રહ્યાં છે. સ્વર્ગીય વૃષ્ટિ થઈ રહી છે. ધીરે ધીરે આ પ્રકાશ ઉત્તર દિશા તરફ આગળ વધી રહ્યો છે અને કોઈ પર્વત પર દિવ્ય સૂર્યની માફક ચમકવા લાગે છે. ત્યાંથી પ્રકાશનાં કિરણો વરસાદના જળની માફક ફેલાય છે. અને આખા પૃથ્વીમંડળને આચ્છાદિત કરી લે છે. બસ આટલે આવીને સ્વપ્નનો અંત આવી જાય છે.'

(૩) પ્રો. સીરો

ઈંગ્લેન્ડના વતની પ્રો. સીરો, જેમને પશ્ચિમની દુનિયામાં જ્યોતિષના જાદુગર કહેવામાં આવતા હતા, તેમની ભવિષ્યવાણીઓએ લોકોને ઘણીવાર ચોંકાવ્યા રે ! વ્યક્તિઓ, સંપ્રદાયો તથા રાષ્ટ્રોના સંબંદમાં તેમણે એવી એવી વાતો જાહેર કરી હતી કે જે એકદમ અસંગત લગતી હતી, પરંતુ ભવિષ્યનાં ઘટનાચક્ર તેમણે સાચાં પુરવાર કરી દીધાં. તેમણે દક્ષિણ આફ્રિકાની લડાઈનાં. મહાન વિક્ટોરિયાના મૃત્યુનાં તથા એડવર્ડ સાતમાનાં મૃત્યુના બરાબર માસ અને દિવસ જાહેર કરીને લોકોને કુતૂહલના અંતિમ બિંદુ સુધી પહોંચાડી દીધા હતા. ઈટાલીના શાસક હર્બર્ટનું ખૂન, રશિયાના ઝારનું પતન અને તેના પરિવારના દરેક સભ્યની કતલ થવી, જર્મનીના પહેલા યુદ્ધનો બરાબર સમય વગેરે બાબતો તેમણે વર્ષો પહેલાં જણાવી દીધી હતી. તે સમયે ભલે લોકોને શંકાઓ થઈ પરંતુ જ્યારે એ ઘટનાઓ હકીકત બનીને સામે આવી, ત્યાં પ્રો. સીરોની અતીન્દ્રિય ક્ષમતાઓથી તેમને હાર માનવી પડી. લોર્ડ કિચનર અંગેની તેમની ભવિષ્યવાણીને પણ ઘણું મહત્ત્વ આપવામાં

આવ્યું. સન. ૧૮૮૭માં જ્યારે કિચનર લશ્કરમાં એક સાધારણ કર્નલ હતા ત્યારે પ્રો. સીરોએ તેમને જણાવ્યું હતું : "આપ પર સન ૧૯૪૧માં એક મહાયુદ્ધની જવાબદારી આવી પડશે. એ દરમ્યાન આપનું મૃત્યું ૬૬ વર્ષની ઉમરે યુદ્ધના મેદાનમાં નહી પરંતુ સમુદ્રની કોઈ દુર્ઘટનામાં થશે." આ ભવિષ્યવાણી સોએ સો ટકા સાચી નીકળી. લોર્ડ કિચનર જ્યારે યુગ-મંત્રણા માટે અમેરિકા જઈ રહ્યા હતા ત્યારે જર્મનની એક સબમરીને તેમને સમુદ્રમાં ડુબાડી દીધા. સીરોએ ઈઝરાયલ, આરબ રાષ્ટ્રો તથા ભારતના સંબંધમાં પણ મહત્ત્વપૂર્ણ ઘોષણાઓ કરી હતી.

પ્રોફેસર સીરોએ આગાહી કરી હતી, "..યુરોપની ખ્રિસ્તી જાતિઓ ફરીથી એકવાર યહૂદીઓને પેલેસ્ટાઈનમાં વસાવશે. જેને કારણે આરબ રાષ્ટ્રો તથા તેમના ઈસ્લામી મિત્રો ભડકી ઊઠશે. તેઓ વારંવાર ઈંગ્લેન્ડ તથા અમેરિકા વિરુદ્ધ ઉશ્કેરણીજનક નારા જગાવશે. યહૂદીઓની શક્તિ વધશે. ઓછી સંખ્યામાં હોવા છતાં પણ ઈશ્વરીય ચમત્કારની મદદથી યહૂદીઓ આરબોને પીટશે અને તેમનો ઘણો પ્રદેશ પોતાના કબજામાં કરી લેશે. ૧૯૭૦ પછી કોઈ સમયે એક વાર ફરીથી ઘણી જ ભયાનક લડાઈ થશે. જેમાં આરબ રાષ્ટ્રો બૂરી રીતે ખેદાન મેદાન થશે. આ વિનાશ પૂરો થયા પછી એક નવી સનાતન સભ્યતાનો ઉદય આખા વિશ્વમાં થશે. આ બધું સન ૨૦૦૦ પહેલાં થશે."

"ઈંગ્લેન્ડ ભારતને સ્વતંત્ર કરી દેશે, પરંતુ ધાર્મિક ટંટાથી ભારત બરબાદ થઈ જશે. એટલે સુધી કે દેશ હિન્દુ, બૌદ્ધ અને મુસલમાનોમાં વિભક્ત થઈ જશે." જે દિવસોમાં આ આગાહી છપાઈ હતી એ દિવસો બ્રિટનના દમનચક્રના દિવસો હતા. કોઈ કલ્પના પણ કરી શકતું ન હતું કે ભારત સ્વતંત્ર થશે. પરંતુ પ્રો. સીરોનું કથન હતું -"ભારતવર્ષનો સૂર્ય બળવાન છે અને કુંભ રાશિ પર છે, તેની ઉન્નતિને સંસારની કોઈ તાકાત અટકાવી શકશે નહીં." એ પ્રમાણે સાચું થઈને રહ્યું પરંતુ બીજી આગાહી કે જેમાં દેશના ભાગલાની વાત હતી એને તો કોઈ બિલકુલ માનતું જ ન હતું પરંતુ આખી દુનિયાએ જોયું કે ભારતમાંથી લંકા, બ્રહ્મદેશ, તિબેટ વગેરે બૌદ્ધ રાજ્યો અલગ થઈ ગયાં અને મુસલમાનોનું પાકિસ્તાન બન્યું.

પરંતુ ભારતના અતિ ઉજ્જવળ ભવિષ્ય માટે શ્રી. સીરો ઘણાં જ આશાવાન હતા. તેમનું કથન છે- "એક શુદ્ધ, ધાર્મિક સશક્ત વ્યક્તિ ભારતવર્ષમાં જન્મ લેશે એવો યોગ છે. એ વ્યક્તિ આખા દેશને જગાદી દેશે. તેની આધ્યાત્મિક શક્તિ દુનિયાભરની તમાસ ભૌતિક શક્તિઓ કરતાં વધારે સમર્થ હશે. બૃહસ્પતિનો યોગ હોવાને કારણે જ્ઞાન-ક્રાંતિની સંભાવના છે, તેની અસર આખી દુનિયામાં પડ્યા વિના નહીં રહે."

ફ્રાન્સના સુવિખ્યાત આત્મવેત્તા નોસ્ટ્રાડમે ૧૫મી સદીથી ૨૦મી સદી સુધીની લગભગ ૧૦૦૦ આગાહીઓ કરી છે તેમની આગાહીઓ પાછલાં ૫૦૦ વર્ષોથી આખા સંસારને પ્રભાવિત કરતી રહી છે. નોસ્ટ્રાડમનો જન્મ ફ્રાન્સના સેંટ રેમી નામના સ્થાનમાં ૧૩ ડિસેમ્બર, ૧૫૦૩માં થયો હતો. તે એ યુગના શ્રેષ્ઠ જ્યોતિષી અને અતીન્દ્રિય દ્રષ્ટા મનાવા લાગ્યા.

તેમણે ભવિષ્યવાણી કરી હતી કે ૨૦મી સદીમાં જર્મનીમાં એક એવો સરમુખત્યાર અસ્તિત્ત્વમાં આવશે, કે જે આખા યુરોપમાં પ્રલયકારી તાંડવ-દશ્ય ઉપસ્થિત કરી દેશે. તેનું નામ "હિટલર". હશે. અને ખરેખર ફક્ત એક અક્ષરના તફાવતથી "હિટલર" આજ રૂપે જર્મનમાં અસ્તિત્ત્વમાં આવ્યો. એજ પ્રકારની તેમની બીજી આગાહી કોર્સીકા (ફ્રાન્સ)માં જન્મ લેનાર એક વીર સિપાહીની હતી કે જેના સંબંધમાં તેમણે કહ્યું હતું-"આ વ્યક્તિ એક અજોડ ઐતિહાસિક પુરુષ થશે. તેની વીરતા આગળ અંગ્રેજો કંપી જશે. પરંતુ એક દિવસ તે ગિરફતાર થઈ જશે અને તેની પડતી થઈ જશે." તેનું નામ શ્રી. નોસ્ટ્રાડમે "નેપોલિયન" જ જણાવ્યું હતું અને ખરેખર નેપોલિયન બોનાપાર્ટ નોસ્ટ્રાડમે આગાહી કરી હતી એવો જ થયો. તેમની ભવિષ્યવાણીઓનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ "માઈકેલ કી. નોસ્ટ્રાડમની સદીઓ અને સાચી ભવિષ્યવાણીઓ" (સેન્ચુરીઝ એન્ડ ટુ પ્રોફેસીજ ઓફ ધી માઈકેલ ડી નોસ્ટ્રાડમ) પુસ્તકમાં મળે છે. "ધી ન્યુસ રિવ્યુ" નામનું માસિક વખતોવખત આ ભવિષ્યવાણીઓને છાપે છે અને એમની સત્યતાનું પ્રતિપાદન કરતું રહે છે.

૨૦મી સદીનો સૌથી વધારે ઉલ્લેખ કરનાર આ મહાન

ભવિષ્યદ્રષ્ટાએ લખ્યું છે-"૨૦મી સદીના ઉત્તરાર્ધમાં વિજ્ઞાનનો વિકાસ એટલો બધો થશે કે દુનિયા નાસ્તિક થઈ જશે. સામાજીક આચાર-વિચારો ભૂંસાઈ જશે. ચારિત્ર્ય નામની કોઈ વસ્તુ રહેશે નહીં. ફેશનની ધૂમ મચશે. આ પરિસ્થિતિઓમાં પોતાની રીતે અનોખી "એક" વિશ્વવિખ્યાત વ્યક્તિ કોઈ મહાન ધર્મનિષ્ઠ પૂર્વના દેશોમાં જન્મ લેશે. આ વ્યક્તિ એકલી જ પોતાના નાના સહયોગીઓ દ્વારા આખા સંસારમાં ખળભળાટ મચાવી દેશે. આ ક્રાંતિકારીઓનો સમય ૨૦મી સદીના અંત અને ૨૧મી સદીની શરૂઆતનો છે. ત્યાર બાદ સંસારમાં સર્વત્ર માનવતાનું આધિપત્ય સ્થપાશે. લોકો આસુરી વૃત્તિઓનો ત્યાગ કરી દેશે અને સંસાર સ્વર્ગતુલ્ય સુખમય બની જશે.

નોસ્ટ્રાડમની આ ભવિષ્યવાણી પણ સાચી નીવડશે. એનાં પ્રમાણો (૧) એકવાર તેમણે આગાહી કરી- "ત્રણ મહિના પછી ફ્રાંસમાં ભયંકર પ્લેગ ફેલાશે, જેમાં લાખો લોકો મૃત્યું પામશે," ત્રણ મહિના સુધી એકપણ એવો બનાવ બન્યો નહીં. એકાણુમે દિવસે પહેલીવાર પેરિસમાં પ્લેગ હોવાની નાનીશી સૂચના મળી ત્યાર પછી જ પ્લેગે એટલું બધું જોર પકડ્યું કે, આખા ફ્રાંસમાં ખળભળાટ મચી ગયો અને આ ખળભળાટની સાથે નોસ્ટ્રાડમની ખ્યાતિ પણ આખા યુરોપમાં ફેલાઈ ગઈ.

(૨) પ્લેગ પૂરો થઈ ગયો ત્યારે કોઈએ તેમને પૂછ્યું, "આગળ બીજી મોટી ઘટના શું બનશે ?" તેમણે કહ્યું, સમ્રાટનું મૃત્યું." લુઈને સિંહાસન પર આરૂઢ થયે ભાગ્યે ૩ અથવા ૪ વર્ષ થયાં હશે. તેમનું શારીરિક આરોગ્ય પણ સારું હતું. એક માસની અંદર જ સાધારણ 'મધુમેહ'ની બીમારીને કારણે તેમનું ઓચિંતુ મૃત્યું થઈ ગયું. આ વાતની લોકોને બિલકુલ સંભાવના જણાતી ન હતી.

(૩) આના પછી તેમણે ફ્રાંસની 'મેગીનોટ લાઈન' નષ્ટ થવાની આગાહી કરી હતી કે જે સાચી પડી.

(૪) જર્મનીના ભાગલા થવાની તેમની ભવિષ્યવાણી સાચી નીવડી. અમેરિકાના એક પછી એક કેટલાય રાષ્ટ્રપતિઓને મારી નાંખવામાં આવ્યા. એની ચેતવણી નોસ્ટ્રાડમે બહું આગળથી આપી હતી.

૨૦મી સદીના સંબંધમાં તેમનું કથન હતું, "પ્રકૃતિને એટલી કોપાયમાન પહેલાં કદી જોવામાં નહીં આવી હોય કે જેટલી તેને ૨૦મી સદીના અંતમાં જોવામાં આવશે. ઠેર ઠેર સૈનિક-ક્રાંતિઓ થશે."

"ત્યારે સંસારને બદલનારી એક અદ્‌ભુત શક્તિ સક્રિય થશે, તે ન તો કોઈ દેશની રાજસત્તા હશે અથવા ન તો કોઈ વાદ કે પંથ હશે. પરંતુ એક એવી વ્યક્તિ હશે કે જે પોતાના સૌજન્ય દ્વારા સમસ્ત સંસારને એકતાના સૂત્રમાં બાંધી દેશે. ત્યાર પછી દુનિયામાં એ પ્રકારના સુખ-શાંતિ સ્થપાશે કે જેવાં આજ સુધી સંસારમાં કદી પણ આવ્યા નહીં હોય."

સન ૧૯૫૬ના જુલાઈ માસમાં સૌથી વધારે ભવિષ્યવાણીઓ કરનાર જાણીતા ભવિષ્યદ્રષ્ટા એક દિવસ સાંજના પોતાના ઓરડામાં બેઠા બેઠા કંઈક વિચારી રહ્યા હતા. એકાએક કંઈક વિચારીને તેમણે ઘરના બધાં માણસોને બોલાવ્યા, અને કહ્યું, 'જુઓ ! આજની રાત મારા જીવનની છેલ્લી રાત છે. હું સવારમાં હોઈશ નહીં પરંતુ તમે મારા મૃત્યુથી દુઃખી થશો નહીં. હું ભગવાનના કામમાં મદદ કરવા જઈ રહ્યો છું."

નહીં ખાંસી કે નહીં તાવ. નોસ્ટ્રાડમના આ કથને બધાને વિસ્મિત તો કરી દીધા પરંતુ કોઈએ વાત માની નહીં. નોસ્ટ્રાડમ દરરોજની માફક જ ઊંઘી ગયા. જે જીવનભર બીજાઓની આગાહીઓ કરતા રહ્યા તેમની પોતાની માટેની ભવિષ્યવાણી ખોટી કેવી રીતે હોય ? તે રાત્રે ઊંઘી ગયા પછી ખરેખર તેમની નિંદ્રા તૂટી જ નહીં.

(૪) આર્થર ચાર્લ્સ ક્લાર્ક

વિજ્ઞાની અને ભવિષ્યવક્તા એ બંનેની ભૂમિકા નિભાવનાર આર્થર ચાર્લ્સ, આંતરરાષ્ટ્રીય કલિંગ ઈનામના વિજેતા તરીકે વિશ્વવિખ્યાત છે. તેમની દિવ્યદર્શનની શક્તિથી આખું વિજ્ઞાનજગત આશ્ચર્યચકિત થયેલું છે.

સન ૧૯૫૯ના એક ભોજન સમારંભમાં તેમણે જાહેર કર્યું હતું કે, '૩૦મી જૂન, ૧૯૬૯નો દિવસ પૃથ્વીના ઈતિહાસનો સૌથી વધારે રોમાંચકારી દિવસ હશે. હું સ્પષ્ટ રીતે જોઈ શકું છું કે, "પૃથ્વીનો કોઈ રહેવાસી તે દિવસે ચંદ્રમાં પર ઊતરશે." આ ભવિષ્યવાણી સાચી

પડવામા માત્ર ૨૦ દિવસનો તફાવત પડ્યો. એનું કારણ એ હતું કે એક 'એપોલો' કેપ કેનેડીમાં જ બળી ગયું. એ જો ન બળ્યું હોત તો કદાચ આ ૨૦ દિવસનો તફાવત પણ ન પડત.

આ ઉપરાંત તેમની ચીન અને પાકિસ્તાન વચ્ચેની મૈત્રીની, રસિયા અને ચીન વચ્ચેના સંઘર્ષની, ઈજિપ્ત અને ઈઝરાઈલ વચ્ચેના યુદ્ધની આગાહીઓ પણ સમયની કસોટી પર સાચી પુરવાર થઈ ચૂકી છે.

ડો. કલાર્કે "૨૦૦૧ સ્પેસ ઓડેસી" નામની આંતરરાષ્ટ્રીય ખ્યાતિવાળી ફિલ્મ બનાવી, કે જેમાં ૨૦મી સદી પૂરી થતાં ૨૧મી સદીની શરૂઆતમાં દુનિયાનું બદલાયેલું ચિત્ર કેવું હશે એ બતાવવામાં આવ્યું છે.

ડો. આર્થર ચાલર્સ ક્લાર્કનું નવયુગ અવતરણ સંબંધી કથન આ પ્રમાણે છે :

"એ સમય આવી ગયો છે કે જયારે સંસારમાંથી વર્ણભેદ, જાતિભેદ, લિંગભેદ તથા રાષ્ટ્રો વચ્ચેના ભેદભાવ નાબૂદ થઈ જશે. આખી દુનિયાના લોકો ભાઈભાઈની માફક રહેશે.

"કોઈ દેશમાં કોઈ એકાદ મુકદ્દમો ઉપસ્થિત થશે તો લોકોને આશ્ચર્ય થયા કરશે, કે પૃથ્વીમાં એવો કોણ માણસ છે કે જેના મનમાં દ્વેષ, છળ અથવા વેરઝેર છે ? આખી પૃથ્વી પર એકજ ધર્મ-માનવધર્મની સ્થાપના થશે. માનવતાના વર્તુળો અત્યારે જેવાં મર્યાદિત છે તેવાં આગળ ઉપર નહીં રહે.

"એશિયાના કોઈ દેશ (ભારતવર્ષ તરફ સંકેત) માંથી થોડાજ દિવસોમાં એક પ્રચંડ વિચારક્રાંતિ ઊઠવાની છે. તે ૧૯૭૧ સુધી એ દેશમાં અને એનાં ૧૦ વર્ષ પછી આખા વિશ્વમાં એવી રીતે ગૂંજી ઊઠશે કે માનવીનાં ઊંઘતા અંતઃકરણને જાગવાની ફરજ પડશે. આજે જે શક્તિઓ તરફ લોકોનું ધ્યાન પણ નથી જતું, તે શક્તિઓ ત્યારે જન-જનની શોધ અને અનુભવનો વિષય બની જશે. વિજ્ઞાન એક નવો વળાંક લેશે, કે જેમાં આધ્યાત્મિક તત્ત્વોની અધિકતા હશે. આખા વિશ્વને એક સૂત્રમાં બાંધવામાં આધાર આ આધ્યાત્મિક સિદ્ધિઓ અને સામર્થ્યો જ હશે."

(૫) પ્રો. બેજી લેટિન

સ્પેનના સમાચારપત્ર "સાયન્સ વેસ્ટ-મિનિસ્ટર"માં સન

૧૯૨૬માં એક દિવ્યદર્શી પ્રો. બેજી લેટિનની ભવિષ્યવાણીઓ છપાઈ હતી. એમાંથી ઘણી ખરી આ લાંબી અવધિમાં સાચી નીવડી છે. એટલે તેમની આગામી ભવિષ્યવાણીઓ સાચી પુરવાર થવાની વાત પર પણ સંસારભરમાં ભરોસો રાખવામાં આવે ચે. તેમણે લખ્યું છે. "મશીનોનો યુગ સંસારમાં વાયુની અશુદ્ધિને એટલી બધી વધારી દેશે કે સન ૧૯૮૧ સુધીમાં પ્રકૃતિનું સંતુલન બગડી જશે. એનાથી આખા સંસારમાં પ્રકૃતિના કોપથી લોકોને ભારે કષ્ટ ઉઠાવવાં પડશે. અને પ્રલય જેવી સ્થિતિ ઉત્પન્ન થઈ જશે. ત્યાર પછી પૂર્વમાં નવી સભ્યતાનો ઉદય થશે. ભારતનો કિસાન આગળ વધીને વાયુમંડળને શુદ્ધ કરશે, અને સંસારમાં વ્યાપેલા કલહ અને અનાચારને શાંત કરવામાં પણ તેનો જ પ્રભાવ અસરકારક નીવડશે. સન ૧૯૩૦થી સન ૨૦૦૦ સુધીનો સમય વિશ્વપરિવર્તનનો કાર્યકાળ છે. આ સમય દરમિયાન એક એવી શક્તિ પ્રગટ થશે કે જેના પ્રભાવથી ત્રણ ચતુર્થાંશ નાસ્તિકો આસ્તિક બની જશે. નવા યુગમાં લોકો ભાઈ-ભાઈની માફક પ્રેમપૂર્વક રહેશે. દેશ, ધર્મ અને જાતિની સીમાઓ તૂટીને વિશ્વવ્યાપી ઉત્પન્ન થશે."

(૬) શ્રીમતી બોરિસ્કા

હંગેરીનાં દિવ્યદર્શી મહિલા બોરિસ્કાએ રાજનૈતિક ભવિષ્યવાણીઓ સંબંધી ભારે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. સંસારના મોટા રાજનીતિજ્ઞો પોતે ગૂંચવાયા હોય એવા પ્રસંગો પણ ઘણું કરીને તેમની સલાહ મેળવતા હતા કારણ કે તેમનાં કથનો સામાન્ય રીતે સાચા નીવડતા હતા.

એક અંગ્રેજ રાજનેતાઓ બોરિસ્કાને ભારત અને ઈંગ્લેન્ડના સંબંધો વિષે પૂછયુ. સ્વતંત્રતા આપવાના સંબંધમાં તે દિવસોમાં ઈંગ્લેન્ડનો કોઈપણ રાજનૈતિક પક્ષ તૈયાર ન હતો. એ વાત પણ પેલા રાજનેતાએ કહી.

બોરિસ્કાએ હસતાં હસતાં કહ્યું- 'સને ૧૯૪૪ પછી ભારતની સ્વતંત્રતાને દુનિયાની કોઈ શક્તિ અટકાવી શકશે નહીં. એટલું જ નહીં, ભારત સંસારમાં શાંતિસ્થાપનાની નેતાગીરી પણ કરશે."

શ્રીમતી બોરિસ્કાએ ભારતની આઝાદી ૧૯૪૪ પછી થવાનું ભાખેલું. ભારતના ભાવિનું ચિત્ર તેમણે આ પ્રમાણે આપ્યું છે :-

"ભારતની એક સર્વોચ્ચ શક્તિરૂપે ઉન્નતિ થઈ જશે, પરંતુ એને માટે તેને ઘણાં કઠોર સંઘર્ષો કરવા પડશે. એ દેશમાં એક દેવદૂત આવશે. તે હજારો નાના નાના લોકોને એકઠા કરીને તેઓમાં એટલી બધી હિંમત ઉત્પન્ન કરી દેશે, કે એ જ નાના નાના લોકો પ્રબળ જણાતા ભૌતિકવાદીઓ સાથે ભિડાઈ જશે અને તેમની માન્યતાઓને મિથ્યા પુરવાર કરી બતાવશે. સખત સંઘર્ષ વચ્ચે જ માનવીય સદ્‌ગુણોનો વિકાસ ચિરસ્થાયી બનશે. એના લક્ષણો સન ૨૦૦૦ સુધીમાં સ્પષ્ટ થઈ જશે. ત્યાર પછીનો સંસાર પ્રેમ, દયા, કરૂણા, ઈમનદારી, પરોપકારી અને ભાઈચારાને. સંસાર હશે."

પરમહંસ રાજનારાયણ શ્રી. પટશાસ્ત્રીએ જાહેર કર્યું છે :- નજીકના ભવિષ્યમાં એક ભારે ધાર્મિક ક્રાંતિ થશે અને એનાથી સંસારને નવો દષ્ટિકોણ મળશે. જીવનપદ્ધતિમાં આજે ભૌતિકવાદી માન્યતાઓને જે સ્થાન મળ્યું છે એ મૂળમાંથી ઊખડી જ રહેશે.

પટણાની "ખુદાબક્ષ ઓરિએન્ટલ લાયબ્રેરી" માં ફારસી કવિતાનું ઘણું જૂનું પુસ્તક છે, કે જે બુખારાના સુપ્રસિદ્ધ સંત શાહ નિયામત ઉલ્લા વલી સાહેબનું લખેલું છે. શ્રી વલી સાહેબની ખ્યાતિ જેટલી એક સંત અને ઈશ્વર-ભક્તરૂપે છે, એનાથી વધારે એક ભવિષ્યવક્તા રૂપે છે.

આ પુસ્તકમાં તેમણે લખ્યું- 'જાપાન અને રશિયા વચ્ચે યુદ્ધ થશે.' (૧૯૦૪માં જાપાન અને રસિયા વચ્ચે યુદ્ધ થયું પણ ખરું) 'જાપાનમાં ભયંકર ધરતીકંપ થશે.' (૧૯૨૩માં ધરતીકંપ થયો) પહેલા વિશ્વયુદ્ધમાં અલફ (અંગ્રેજો) અને જીમ (જર્મની) લડશે. એમાં અંગ્રેજો જીતશે પરંતુ યુદ્ધમાં એક કરોડ એકત્રીસ લાખ વ્યક્તિઓ મરી જશે.' (બ્રિટિશ કમિશનના રિપોર્ટ પ્રમાણે ખરેખર એ યુદ્ધમાં એક કરોડ અને ત્રીસ લાખ માણસોનાં મૃત્યુનું વર્ણન આપવામાં આવ્યું છે,) 'બેજીમ (જર્મની બે ભાગમાં વહેંચાઈ ગયું) પરસ્પર તંગ પરિસ્થિતિમાં આવી જશે.' બીજા વિશ્વયુદ્ધમાં બોમ્બ ફાટવાની તેમની વાત પણ સાચી નીકળી. આ રીતે તેમની એક પણ આગાહી ખોટી ન પડી.

ભારતનાં સંબંધમાં વલી સાહેબ લખે છે- 'મુસલમાનોના હાથમાંથી

આ દેશ વિદેશીઓના હાથમાં જતો રહેશે. પછી હિન્દુઓ અને મુસલમાનો ભેગા મળીને વિદેશીઓના વિરૂદ્ધમાં લડાઈ લડશે, વિદેશીઓ અહીંથી ચાલ્યા તો જશે, પરંતુ હિન્દુસ્તાનને બે ટુકડાઓમાં વહેંચતા જશે. બંને બે દેશ બની જશે અને તેમની વચ્ચે શત્રુતા એટલી બધી વધી જશે કે બંને વચ્ચે યુદ્ધનું તંગ વાતાવરણ રહ્યા કરશે. આ પ્રમાણે જ્યાં સુધી હિન્દુસ્તાનનો મુસલમાની ભૂભાગ પૂરી રીતે પરાજય નહીં મેળવે ત્યાં સુધી રહ્યાં કરશે.

રામન સ્વામી અય્યર

કલ્કિ પુરાણ અને મહાભારત વગેરેમાં નિષ્કલંક અથવા કલ્કિ અવતારનો જે સમય આપવામાં આવ્યો છે, એ પણ અત્યારના સમયને જ લાગુ પડે છે. આ બંને સંભાવનાઓને એકજ સ્થાન પર મળતી જોઈને અમેરિકન અધ્યાત્મિકવાદીઓની આ સંદર્ભમાં રૂચિ વધી એને પરિણામે ત્યાં 'કલ્કિ અવતાર'ની શોધને માટે એક સમિતિ પણ બનાવવામાં આવી છે. એક અમેરિકન છાત્રએ એને પોતાની શોધનો વિષય બનાવ્યો છે. ઈંગ્લેન્ડ વગેરેમાં હિન્દુ ધર્મગ્રંથોની જે પ્રમાણસિદ્ધ નકલો મળી છે એમના પ્રમાણે આ સમિતિ માને છે કે 'કલ્કિ' જન્મ લઈ ચૂક્યા છે. ૮ ઓક્ટોબરનાં 'અમેરિકન રિપોર્ટર' પ્રમાણે આ સમિતિ ભારતવર્ષમાં રહીને કલ્કિ અવતારની વિસ્તૃત શોધ કરવાના અને જાણકારી પ્રાપ્ત કરવાના કાર્યમાં જોડાઈ ગઈ છે.

'આ યુગના દેવદૂત નિષ્કલંક અવતાર' નામના પુસ્તકના લેખક, દક્ષિણ ભારતના જાણીતા સંત શ્રી. રામન સ્વામી અય્યરે પણ એવી જ સંભાવના વ્યક્ત કરી છે, શક્તિરૂપી ઘોડા પર સવાર થયેલા કલ્કિ પોતાના તપની તલવારથી અયોગ્ય અસુરોના માથાં કાપવામાં લાગેલા છે, જ્યારે તેમનું રૌદ્ર સ્વરૂપ પ્રગટ થશે ત્યારે સંસાર કાંપવા લાગશે. યુગ બદલાતાં ભારતવર્ષ વિપુલ ઉન્નતિ કરશે. તેના માર્ગદર્શનમાં સમસ્ત વિશ્વ કલ્યાણમાર્ગે ચાલશે.

(૭) ગોપીનાથ ચુલેટ

બરારના એક દિવ્યદર્શી વિદ્વાન્ ગોપીનાથ શાસ્ત્રી ચુલેટે ઘણાં

સમય પહેલાં કેટલીક ભવિષ્યવાણીઓ કરી હતી, એમાંની મુખ્ય આ હતી : (૧) ભારતવર્ષ સને ૧૯૪૫ અને ૧૯૫૦ વચ્ચે સ્વતંત્ર થઈ જશે. (૨) ગાંધીજીનું મૃત્યુ શસ્ત્ર પ્રહારથી થશે. (૩) સન ૧૯૭૦માં કોઈ અમેરિકાના રહીશ ચંદ્રમાં પર ઊતરશે. (૪) ઉત્તર ભારત પર ચીન આક્રમણ કરશે. આ ચારે ઘટનાઓ સાચી પડી. જ્યારે આ આગાહીઓ કરવામાં આવી તે સમયે એવી કોઈ પરિસ્થિતિઓ જણાતી ન હતી.

શ્રી શાસ્ત્રીજીએ યુગપરિવર્તન પુસ્તક પ્રકાશિત કર્યું, એમાં તેમણે લખ્યું, 'હાલમાં યુગપરિવર્તનની સંધિવેળા શરૂ થઈ છે. યુગ પરિવર્તનની પ્રત્યક્ષ નિશાનીઓ થોડા સમય પછી પોષ વદી અમાસ, સંવત ૨૦૩૮માં પ્રત્યક્ષ થશે, ત્યાર પછી અજ્ઞાનાંધકારનો અંત ઝડપથી થશે અને નવયુગનો પ્રકાશ વધતો જશે. એ સમય ભારતમાં તીવ્ર ખળભળાટનો સમય છે. સાથે સાથે અનેક સફળતાઓ સાથે તેને વિશ્વની નેતાગીરી કરવાનો અવસર મળશે. આગામી સમયમાં ભારત જ્ઞાન અને વિજ્ઞાન એ બંને દૃષ્ટિબિંદુએ વિશ્વનું સર્વોપરી રાષ્ટ્ર થશે.

શ્રી. શાસ્ત્રીએ યુગપરિવર્તન સાથે બદલાતી પરિસ્થિતિઓની રૂપરેખા આ પ્રમાણે બતાવી છે :

'આ દેશમાં એક જબરદસ્ત વિચાર-ક્રાંતિ થવાની છે. આ વિચાર-ક્રાંતિને પરિણામે (૧) શિક્ષણપદ્ધતિ બદલાઈ જશે. અત્યારે લોકો નોકરીને માટે ભણે છે. થોડા દિવસોમાં જ એક એવી શિક્ષણ પદ્ધતિ પ્રગટ થશે કે જેમાં ભણેલા લોકોને નોકરીની નહિ પણ નોકરની જરૂર પડશે. (૨) ઈશ્વરભક્તનું સ્વરૂપ માળા જપવા સુધી મર્યાદિત ન રહેતાં માનવસમાજના પછાત વર્ગની સેવારૂપે બહાર આવશે. (૩) લોકોને મોક્ષની નહિ પણ સેવાની કામના થશે. (૪) કહેવાતા હલકટ હૃદયના બુદ્ધિવાદીઓ પ્રત્યે લોકોને ઘૃણા ઉત્પન્ન થશે. ભૂગર્ભવિદ્યા, રસાયણશાસ્ત્ર, યંત્રવિદ્યા, ખનિજવિદ્યા, ચુંબક વિદ્યુત વગેરેનાં નવાં ક્ષેત્રોનો વિકાસ થશે. અને એની નેતાગીરી ભારતવર્ષ કરશે. (૫) બેહદ ફેલાયેલી કોમો સમેટાઈ જશે. ને ચાર વર્ણમાં મર્યાદિત થઈ જશે. કોમી સંકુચિતતાઓ નાશ પામશે, અને એનો પ્રભાવ ખાવા-પીવા રહેણી-

કરણી, અને રીતરિવાજો પર પડશે. (૬) વેદવિજ્ઞાનનો વિસ્તાર આખા વિશ્વમાં થશે. (૭) લોકો સંઘશક્તિ પર વિશ્વાસ કરશે. (૮) નવા મંદિરો બનાવવા કરતાં જીર્ણ થયેલાં મંદિરોનો પુનરુદ્ધાર કરવાનું પુણ્યદાયક માનવામાં આવશે. મંદિરો જન-જાગૃતિનાં કેન્દ્રો બનીને કામ કરશે. સદ્‌ભાવ વધશે.

લખનૌમાંથી પ્રકાશિત થતા 'જ્ઞાનભારતી' માસિકના ફેબ્રુઆરી ૧૯૬૩ના અંકમાં એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા દિવ્યદર્શી શ્રી. રાવલની ભવિષ્યવાણી છપાઈ હતી. એમાં એવી વાતો આવી હતી કે જેમની તે દિવસોમાં સહેજ પણ સંભાવના હતી નહીં. વાંચનારાઓએ તે દિવસોમાં એ વાતોને અસંબદ્ધ જણાવી હતી પરંતુ સમયે એ બધી વાતોને સાચી પુરવાર કરી દીધી એટલે હવે એ આગાહીઓમાંની કેટલીક બીજી વાતો પર વિશ્વાસ કરવામાં આવે છે.

આ ભવિષ્ય-કથનમાં કહેવામાં આવ્યું હતું 'સન ૧૯૬૫ના અંત સુધીમાં ભારત-પાકિસ્તાન યુદ્ધ થશે. એમાં ભારત પોતાની પાકિસ્તાનના કબજામાં ગયેલી ઘણી હદ પાછી મેળવી લેશે અને વાતચીત દ્વારા સમજૂતી થઈ જશે...

પાકિસ્તાન તાશ્કંદ સમજૂતીનું પાલન કરશે નહિં. બંગાળમાં હિંસક ઘટનાઓ વધશે. બેંકોનું રાષ્ટ્રીયકરણ થશે. કોંગ્રેસ બે જૂથોમાં વહેંચાઈ જશે. નાણાપ્રધાન મોરારજી દેસાઈ રાજીનામું આપશે. પૂર્વ પાકિસ્તાનમાં ગૃહયુદ્ધ થશે અને ભાગલા પણ પડશે. સન ૧૯૭૦માં ઈજિપ્તના નાસરનું મરણ થશે. ઈઝરાયલ જીતેલો પ્રદેશ છોડશે નહીં. બંધારણમાં ફેરફાર થશે. રાજાઓની પ્રીવિયર્સ છિનવાઈ જશે. મોંઘવારી અને ટેક્સ વધશે.'

ઉપરોક્ત બધી વાતો સાચી પડવાથી તેમના નવયુગના આગમન સંબંધીના કથન પર પણ વિશ્વાસ કરવાનું દિલ થાય છે. તેમનું કહેવું છે કે ભારત દરેક ક્ષેત્રમાં ઉન્નતિ કરશે. સારી જાતિનું સન્માન ઘણું વધશે. માનવી-માનવી વચ્ચે ભાઈચારાનો વિકાસ થશે. સંસાર એકતાના કેન્દ્ર તરફ આગળ વધશે. મહાયુદ્ધને સમાંતર એક વિશ્વવ્યાપી બૌદ્ધિક ક્રાંતિ થશે. એની નેતાગીરી ભારત કરશે. ધર્મ અને સંસ્કૃતિનો ઝડપથી વિકાસ

થશે. મૂડીવાદ અને સમાજવાદ ટકરાશે અને સમાજવાદ જીતશે.'

સાચા અધ્યાત્મવાદીની શક્તિ સચ્ચાઈમાં જ અમર્યાદિત હોય છે. ઋદ્ધિ-સિદ્ધિઓનું જે વર્ણન ભૂતકાળમાં થતું આવ્યું છે એનાથી આત્મવિજ્ઞાનની ક્ષમતા ઓછી નહીં, પણ વધારે જ થાય છે એનાં પ્રત્યક્ષ પ્રમાણો કદી જોવા મળે છે.

આધ્યાત્મિક સિદ્ધિઓમાં એક સિદ્ધિ પરોક્ષ જ્ઞાનની છે. જેનાથી ભૂત અને ભવિષ્યને પણ જાણી શકાય છે. વર્તમાન દૃશ્ય હોય એ તો ઈન્દ્રિયોથી જોઈ-જાણી શકાય છે. પરંતુ જ્યાં સંચારના સાધનો નથી, એ અપ્રત્યક્ષ છે એવા વર્તમાન પણ ઈન્દ્રિયોથી જાણી શકાતા નથી, જો ઘટના હજી બની નથી, વર્તમાન સ્થિતિને આધારે જેની સંભવના પણ જણાતી નથી, વર્તમાન સ્થિતિને આધારે જેની સંભવના પણ જણાતી નથી, એના સંબંધી આત્મ-વિજ્ઞાનીઓ કેટલીવાર આગાહીઓ કરતા રહે છે, તે સમયે એ આગાહીઓને માત્ર કુતૂહલ જ સમજવામાં આવે છે પરંતુ જ્યારે યોગ્ય સમયે એ સાચી પુરવાર થાય છે ત્યારે ભૌતિકવિજ્ઞાનની શક્તિઓ કરતાં પણ આત્મવિજ્ઞાનની ક્ષમતા વધારે છે એ જાણીને આશ્ચર્ય થાય છે.

આમ તો જ્યોતિષને આધારે પણ ભવિષ્યકથન કરવાનો ધંધો કેટલાંક માણસો કરે છે, પરંતુ એ કથનોને તુક્કા જ કહેવા જોઈએ. સાચાં ભવિષ્ય-કથનો કહેવાનું આત્મબળ સંપન્ન લોકોને માટે જ સંભવિત છે. સાધનાની અનેક સિદ્ધિઓમાં જ ભવિષ્ય-કથન પણ એક સિદ્ધિ જ છે. આ દિવ્યદર્શનની ક્ષમતા ધરાવતા આત્મબળ સંપન્ન લોકોને માટે જ સંભવિત છે. કોઈ આ આત્મબળને આ જન્મમાં એકત્રિત કરે છે, તો કોઈની પાસે એ પૂર્વજન્મોનું સંઘરેલું હોય છે. બીજી પ્રકારની સુખ-સગવડો સંસારને પહોંચાડવાની માફક આ લોકો કદી કદી લોકહિતની દૃષ્ટિએ એવી ભવિષ્યવાણીઓ પણ કરી દે છે કે જેમને આધારે ભાવી શક્યતાઓથી સાવચેત રહી શકાય છે. વધારે અને બિનજરૂરી નુકસાનથી બચી શકાય છે. શક્ય હોય તે તે રીતે એમાં ફેરફારને માટે પ્રયત્ન કરીને પોતાનો માર્ગ નક્કી કરવામાં આવે તો એમાં સફળતાનું વધારે શ્રેય પણ સરળતાપૂર્વક પ્રાપ્ત કરી શકાય છે.

આ દૃષ્ટિએ કેટલીકવાર આ ભવિષ્યવાણીઓ અસંખ્ય વ્યક્તિઓને માટે ઘણી ઉપયોગી પણ પુરવાર થાય છે. યુગ-પરિવર્તન સંબંધી પાછલા દિવસોમાં કેટલીય ભવિષ્યવાણીઓ એવા લોકોએ કરી છે કે જે જ્યોતિષના ધંધાવાળા કરી શકે નહીં, એવા જ્યોતિષીઓ પાસે એવું સામર્થ્ય હોતું નથી. આ કથનો એવા લોકોનાં છે કે જેમની પાસે આત્મબળની મૂડી ખૂબ પ્રમાણમાં રહી છે. તેમણે પોતાના દિવ્યદૃષ્ટિથી જે કહ્યું તે અક્ષરશઃ સાચું પડ્યું છે. જેમનાં અનેક ભવિષ્યકથનો લગાતાર સાચાં પડતાં રહ્યાં છે. તેમની જ સૂચનાઓ પર દૃષ્ટિપાત કરવાથી ખબર પડે છે કે યુગ-પરિવર્તનનો સમય નજીક આવી પહોંચ્યો છે. એની પાછળ દિવ્યશક્તિની પ્રેરણા છે, શ્રેય ભલે મનુષ્યોને મળી જાય પરંતુ સાચી રીતે તો એને, પહેલાંથી નક્કી થયેલી એક દિવ્યપ્રક્રિયા જ કહેવી એ વધારે યોગ્ય ગણાશે.

નીચે કેટલીક એવા જ દિવ્યદર્શીઓની ભવિષ્યવાણીઓ આપવામાં આવી છે, કે જેમની અત્યારે સુધીની બીજી આગાહીઓ સમય પ્રમાણે સાચી પુરવાર થતી રહી છે. તેમના કથનો પ્રમાણે નજીકના ભવિષ્યમાં નવયુગનું આગમન નિશ્ચિત છે. નિર્ધારિત નિયતિ પ્રમાણે આ પરિવર્તન આવશ્યક થવાનું છે. એ પ્રવાહમાં જે લોકો સાથ આપશે તેઓ શ્રેય અને સંતોષ પ્રાપ્ત કરશે. જે તરફ ઉપેક્ષા, ઉદાસીનતા રાખશે તેઓ પાછળથી એવો પશ્ચાત્તાપ કરતા રહેશે કે એક ઐતિહાસિક અવસર તેમના જીવનમાં એવો આવ્યો હતો કે જો એનો તેમણે ઉપયોગ કર્યો હોત તો અલ્પપરિશ્રમથી વધારે મહત્ત્વપૂર્ણ શ્રેય તેઓ પ્રાપ્ત કરી શક્યા હોત.

આ પ્રકારની અનેક ભવિષ્યવાણીઓમાંની કેટલીક અહીં રજૂ કરવામાં આવી છે :

(૮) એન્ડરસન

આયોવા (અમેરિકા)માં જન્મેલા શ્રી એન્ડરસન પોતાના સમયના શારીરિક રીતે મહા-બળવાનોમાંના એક હતા. તેમણે બળવાનો અને પહેલવાનોમાં પોતાની ગણતરી તો નથી કરાવી પરંતુ તાકાતની દૃષ્ટિએ તે બીજા કોઈથી ઊતરતા ન હતા. જ્યારે લોકો તેમને એક લોખંડની લાઠી પર ૨૦ વ્યક્તિઓને લટકાવી તેમને ઉઠાવીને ફરતા જોતા. મોટરકારોને

તે દડાની માફક ઉઠાવી લેતા અને મદોન્મત્ત સાંઢોને પડકાર આપીને એમને મલ્લયુદ્ધમાં પછાડતાં ત્યારે લોકો આશ્ચર્યચકિત થઈ જતા.

એમાં પણ મોટી વિશેષતા હતી તેમની અતીન્દ્રિય ચેતના, કે જેને આધારે તેમણે કેટલીય આશ્ચર્યજનક ભવિષ્યવાણીઓ કરી અને એ બધી ૯૭ ટકા સાચી પુરવાર થતી રહી. આ જન્મજાત પ્રતિભાને તેમણે યોગાભ્યાસની સાધના અને સંયમ-નિયમનું પાલન કરીને વધારી.

એન્ડરસન જ્યારે આઠ વર્ષના હતા ત્યારે એક દિવસ પોતાની માને ખેંચતા ખેંચતા પોતાના મોટાભાઈ નેલ્સનના ઓરડામાં ટાંગેલી તસ્વીર નજીક લઈ ગયા અને બોલ્યા, 'જોતી નથી, ભાઈના ચહેરા પર ગોળી વાગેલી છે અને તે જમીન પર પડીને મરી ગયા છે.'

માએ એન્ડરસનને ધમકાવ્યો અને કહ્યું, 'મૂર્ખ, ફરીથી આવી ખરાબ વાત મોંમાંથી કાઢીશ નહીં. બાળક ચૂપ ન રહ્યો અને કહેતો જ રહ્યો, 'તું મારી વાત સાચી કેમ નથી માનતી ? જે હું જોઈ રહ્યો છું એ શું ખોટું છે ?' ત્રણ દિવસ પછી કેનેડાથી તાર આવ્યો એમાં નેલ્સનના ચહેરા પર ગોળી વાગવાના અને એનાથી તેનું મૃત્યુ થયાના સમાચાર હતા.

એન્ડરસને વખતોવખત અનેક ભવિષ્યવાણીઓ કરી છે. એમાંની કેટલીક આંતરરાષ્ટ્રીય રીતે મહત્ત્વની પણ છે. જે દિવસોમાં રશિયા અને જર્મની વચ્ચે ઘનિષ્ઠ મિત્રતા હતી અને મિત્રરાષ્ટ્રો એ બંનેનાં શત્રુ હતાં, તે દિવસોમાં તેમણે અશક્ય કહી શકાય એવી ભવિષ્યવાણી કરી હતી. તેમણે કહ્યું કે જર્મની અને રશિયા એકબીજાના શત્રુ બની જશે અને અમેરિકા તથા રસિયા ભેગા મળીને જર્મનીને હરાવશે. સમય આવ્યે એ જ પ્રમાણે ઊલટો ઘટનાક્રમ બન્યો. ભારત ૧૯૪૭માં સ્વતંત્ર થશે એવી આગાહી પણ તેમણે કેટલાંય વર્ષ પહેલાં કરી હતી.

વોકર કાઉન્ટીના 'મેસેન્જર' અખબારના સંપાદકને તે મળ્યા ત્યારે તેમણે જણાવ્યું કે ૮મી ઓગષ્ટને દિવસે અમેરિકા જાપાન પર અણુબોમ્બ ફેંકશે અને ૧૮મી ઓગષ્ટને દિવસે યુદ્ધ-વિરામની જાહેરાત થશે. તે દિવસોમાં ન તો એટમબોમ્બની ક્યાંય કોઈ ચર્ચા કરતું હતું અને ન તો આ પ્રકારની યુદ્ધસંબંધી ખબરો છાપી શકાતી હતી. તો પણ સંપાદકોએ

સૂચના નોંધી લીધી. વાત અક્ષરશઃ સાચી પુરવાર થઈ.

એક પત્રકાર, 'વોરન સ્મિથ'ને એન્ડરસને લેખિત સમાચાર આપ્યા હતા કે નીગ્રો નેતા માર્ટિન લ્યૂથર કિંગનું ખૂન થશે અને ત્યાર પછી બીજા મોટા નીગ્રો નેતાનું પણ ખૂન થશે. શ્રી કિંગ અને તેમના ભાઈને ખરેખર મારી નાંખવામાં આવ્યા.

અમેરિકામાં અંદર ને અંદર છૂપી રીતે ચાલી રહેલાં ચીની કાવતરાંની સૂચના એન્ડરસને જ અમેરિકાની સરકારને આપી હતી. આ જ સૂચનાને આધારે સરકારે નિર્દેશક હુવરના અધ્યક્ષપણા નીચે એક તપાસ કમિટિ નીમી. તેમના તપાસ-રિપોર્ટમાં એ બધી બાબતોનાં પ્રમાણ મળ્યાં કે જેમને દિવ્યદૃષ્ટિને આધારે જણાવવામાં આવી હતી.

ભારત સંબંધી તેમણે લખ્યું છે, 'આ દરમિયાન ભારતવર્ષમાં એક નાના ગામમાં જન્મેલી એક વ્યક્તિનો ધાર્મિક પ્રભાવ એકલા ભારતવર્ષમાં જ નહીં પરંતુ બીજા દેશોમાં પણ વધવા લાગશે. એ વ્યક્તિ ઈતિહાસનો સર્વશ્રેષ્ઠ દેવદૂત બનશે. તેની પાસે પોતે એકલાએ જ સંપન્ન કરેલી બધી સંગઠનશક્તિ હશે કે જેટથી વિશ્વના કોઈપણ રાષ્ટ્રની સરકાર પાસે પણ નહીં હોય. તે એક માનવીય બંધારણનું નિર્માણ કરશે કે જેમાં આખા સંસારની એક ભાષા, એકસંઘી રાજ્ય, એક સર્વોચ્ચ અદાલત અને એક ઝંડાની રૂપરેખા હશે. આ પ્રયત્નના પ્રભાવથી મનુષ્યમાં સંયમ, સદાચાર, ન્યાય, નીતિ, ત્યાગ અને ઉદારતાની સ્પર્ધા થશે. સન ૧૯૯૯ સુધીમાં આ આખા સંસારનું સ્વરૂપ બદલાઈ જશે અને પછી હજારો વર્ષો સુધી લોકો સુખ શાંતિનું જીવન વ્યતીત કરશે. આજે સંસાર ધર્મ અને સંસ્કૃતિના જે સ્વરૂપની કલ્પના પણ નથી કરતો એ ધર્મનો ઝડપથી વિસ્તાર થશે અને તે આખા સંસાર પર છવાઈ જશે.'

(૯) ગેરાર્ડ ક્રાઈસે

હોલેન્ડના દિવ્યદર્શી ગેરાર્ડ ક્રાઈસેએ એકલા પોતાના દેશને જ નહીં પરંતુ આખા યુરોપને આશ્ચર્યચકિત કર્યું છે. વિજ્ઞાન પર વિશ્વાસ કરનારી આજની ભૌતિકવાદી દુનિયા હજી પણ એ સમજવા શક્તિમાન બની નથી કે મનુષ્ય અદીઠ અને અજામી ભૂત તથા ભવિષ્યની વાતોને કેવી રીતે

જાણી શકે છે અને છતાં પણ જે તથ્યો સામે સ્પષ્ટ રહે છે એમને જૂઠાં પણ શી રીતે ઠરાવી શકાય ?

ગુમ થઈ ગયેલા ડઝનો બાળકોનાં વાલીઓ લગભગ દરરોજ કાઈસને પૂછવા આવે છે અને સાચી સ્થિતિની ખબર મેળવીને સંતુષ્ટ ચિત્તે પાછા ફરે છે અમેરિકાથી પાંચ હજાર માઈલ દૂરથી એક પ્રોફેસરે પોતાની ગુમ થયેલી છોકરીના સંબંધમાં પૂછ્યું. એના જવાબમાં કાઈસેએ જણાવ્યું કે, 'છોકરી સ્કૂલ જતી હતી ત્યારે અકસ્માતનો ભોગ બની ગઈ. પોલીસે તેને બેભાન સ્થિતિમાં દવાખાને પહોંચાડી. આજે તેની હાલત સારી છે, ઘરનો પત્તો તે સારી રીતે જાણે છે. એટલે આજે જ તેને દવાખાનાવાળા ઘેર પહોંચાડી જશે.' તે જ દિવસે આ ઘટનાક્રમ કહ્યા પ્રમાણે બની ગઈ. છોકરી મલમ-પટા સાથે દવાખાનાની ગાડીમાં છ દિવસ પછી ઘેર પહોંચી ગઈ.

એક મહિલાએ પૂછ્યું : 'મારા જીવનની કોઈ જૂની ઘટના આપ જણાવી શકો છો ?' કાઈસેએ કહ્યું : 'જ્યારે તું ૧૨ વર્ષની હતી ત્યારે એક સાહેલીએ તને ધક્કો માર્યો તેથી તું પડી ગઈ અને ત્યાં પડેલી એક ખીલી તારા પેઢામાં ઘૂસી ગઈ. હજી પણ એ જગાએ પેલા ઘાનું નિશાન મોજૂદ છે. ૨૭ વર્ષ જૂની આ ઘટના તે વખતે કોઈને પણ માલૂમ ન હતી. આ પ્રત્યક્ષ કથનથી એ મહિલા ચકિત થઈ ગઈ.

એક માણસ પોતાના ખોવાઈ ગયેલા છોકરાં સંબંધી પૂછવા ગયો. કાઈસેએ કહેવા માંડ્યું, 'તે જંગલમાં સાયકલ પર ઝડપથી જઈ રહ્યો છે. એક બીજો સાઈકલ-સવાર તેનો પીછો કરી રહ્યો છે.' એમ કહેતાં કહેતાં તે ચૂપ થઈ ગયા. આગળની વાત તેમણે ઘણીવાર સુધી જણાવી નહીં. પછી પોતાનું મૌન તોડતાં તે બોલ્યા, 'હવે જણાવવાનું કશું બાકી રહેતું નથી. પીછો કરનારાઓએ છોકરાનું ખૂન કર્યું અને તેને ત્યાં જ દાટી દીધો.' દાટવાની જગાની પૂરી માહિતી કાઈસેએ આપી દીધી. એ માણસ પોલીસને લઈને એ જગ્યાએ પહોંચ્યો ત્યારે ખરેખર એ જ સ્થિતિમાં છોકરો મરાયેલો અને દટાયેલો મળી આવ્યો.

પરામનોવિજ્ઞાની 'ડગ તન હેફે' ગેરાર્ડની અતીન્દ્રિય શક્તિની

પરીક્ષા લેવાને માટે એક સંમેલનમાં પડેલી ખુરશી તરફ ઈશારો કરીને પૂછ્યું, 'આવતી કાલે આ ખુરશી પર કોણે બેસશે ?' જવાબમાં કાઈસેએ એક અજાણી મહિલાનું નામ જણાવ્યું. ખરેખર બીજે દિવસે એજ નામની કોઈ મહિલા એ ખુરશી પર બેઠી. આવી ઘટનાઓથી ગેરાર્ડ કાઈસેએ આખા યુરોપમાં ખ્યાતી મેળવી. અતીન્દ્રિય ચેતના પર અવિશ્વાસ કરનારાઓનો પડકાર ઝીલીને તેમને તેમણે વિશ્વાસુ બનાવ્યા.

આજ ગેરાર્ડ કાઈસેએ વિશ્વના ભવિષ્ય પર પ્રકાશ પાડતાં હોલેન્ડનાં બુદ્ધિજીવી શિષ્ટમંડળની આગળ કહ્યું : "હું જોઈ રહ્યો છું પૂર્વના એક અતિપ્રાચીન દેશમાં એક મહાપુરુષનો જન્મ થયો છે. તે વિશ્વકલ્યાણની યોજનાઓ બનાવી રહ્યો છે. અસંખ્ય લોકો તેની પાછળ ચાલશે, એક એવા પ્રકાશનો ઉદય થશે કે જે વાતાવરણને પણ શુદ્ધ કરશે અને લોકોનાં અંતઃકરણોને પણ."

(૧૦) કેટલાંક પ્રમાણસિદ્ધ અને વિશ્વાસપાત્ર ભવિષ્યદર્શનો સંત સૂરદાસ

મહાત્મા સૂરદાસે કલિયુગની વચ્ચે ૧૯મી સદી પૂરી થતાં અને વીસમી શરૂ થતાં એક હજાર વર્ષને માટે કલિયુગમાં સતયુગની અંતર્દશાનો પ્રારંભકાળ છે એમ કહ્યું

તેમનું કથન છે -

"અરે મન ધીરજ ક્યો ન ધરે !
એક સહસ્ત્ર વર્ષ નૌ સૌ સે ઉપર ઐસા યોગ પરે !
સહસ્ત્ર વર્ષ લો સતયુગ વરતે, ધર્મકી બેલ બઢે !
સ્વર્ણફૂલ પૃથ્વી પર ફલે, જગકી દિશા ફિરે :
સૂરદાસ યહ હરિ કી લીલા ટારે નહિ ટરે !"

(૧૧) યોગી અરવિન્દ ઘોષ

યોગી અરવિન્દ ઘોષે ભવિષ્યવાણી કરી હતી :-

"નવો યુગ હવે બહુ દૂર નથી. હાલની મુશ્કેલીઓ, પ્રભાત થતા પહેલા રાત્રિનો અંધકાર વધારે ગાઢ થવાની માફક છે. નવો સંસાર

વસ્તુપ્રદાન નહીં હોય. એમાં એટલી બધી વસ્તુઓની જરૂર નહી પડે કે જેટલીનો આજે અનુભવ થઈ રહ્યો છે. લોકો ગુજરાન પૂરતાં સાધનોથી સંતુષ્ટ રહીને પોતાનું ધ્યાન ભાવનાઓનાં સ્તરને ઊંચુ ઉઠાવનારાં કાર્યો પર કેન્દ્રિત કરશે.''

''મારા અંતઃકરણમાં દૈવી સ્ફુરણાઓ હેલારા મારી રહી છે, અને કહી રહી છે કે ભારતનો ઉદય ઘણો નજીક છે. કેટલાંક લોકો તેને પશ્ચિમી સભ્યતાનું અનુયાયી બનાવવાનો પ્રયત્ન કરશે પરંતુ મને વિશ્વાસ છે ભારતવર્ષમાં એક આંદોલન શરૂ થશે કે જે અહીંની સુરતાનો નાશ કરીને ફરીથી ધર્મને એક નવી દિશા આપશે અને આ દેશની પ્રતિષ્ઠાને, અહીંના ગૌરવને વધારશે. આ આંદોલન સંસારમાં ફરીથી સતયુગના જેવી સુખ-સૌમ્યતા લાવશે.''

(૧૨) મેહરબાબા

ભારતના વિશ્વવિખ્યાત સંત શ્રી. મેહર બાબાની ભવિષ્યવાણી હતી:

''માનવ જાતિ પર આજે જે સંકટો છવાયેલાં છે, એ માનવસમાજના આધ્યાત્મિક પુનર્જીવનની પ્રસવવેદનાની નિશાનીઓ છે. આ દિવસોમાં આસુરી શક્તિઓ પ્રબળ જણાય છે પરંતુ આગામી દિવસોમાં દિવ્ય શક્તિનો જ વિજય થશે. આ દિવ્ય શક્તિ આ દિવસોમાં ચૂપચાપ પોતાના કામમાં લાગેલી છે, તે જલદીથી જુદાં જુદાં પરિવર્તનો સાથે પ્રચંડતાથી પ્રગટ થશે.

(૧૩) ભૃગુ સંહિતાના જાણકાર અસીમાનંદ

ભૃગુ સંહિતાના જાણીતા મર્મજ્ઞ સ્વામી અસીમાનંદે લખ્યું છે કે, ''આગામી દિવસોમાં મનુષ્યજાતિ એક સૂત્રમાં બંધાશે. ધર્મની ભાવનાઓનો ઊભરો દરેક વ્યક્તિમાં જોવામાં આવશે. વિશ્વમાં શાંતિની સ્થાપનાની નેતાગીરી ભારતવર્ષ કરશે. ભારતમાંથી એક એવી ક્રાંતિ ઊઠશે કે જેના લપેટામાં આખો સંસાર આવશે અને સંસારમાં નવો યુગ પ્રગટશે.'

રાધાસ્વામી સંપ્રદાયના મુખ્ય ગુરુ શ્રી. સ્વામી બ્રહ્મશંકરે (હરજુજી

મહારાજ) કહ્યું છે કે 'નજીકના ભવિષ્યમાં જ આધ્યાત્મિકતાની લહરો ઉભરાતી આવી રહી છે અને તેઓ આપણી પૃથ્વી પર અધિકાર જમાવશે. આ સમયે આપણે જે આપત્તિઓ અનુભવી રહ્યા છીએ એમાંની એક પણ બાકી નહીં રહે. સતયુગ જેવાં પ્રેમ, આનંદ અને કલ્યાણ સર્વત્ર વ્યાપેલાં જણાશે. આજની ગુપ્ત આધ્યાત્મિક શક્તિઓ જલદી પ્રગટ થશે અને પ્રકાશમાં આવશે.'

દિવ્યદર્શી ડેનિયલ :

શ્રી. ડેનિયલનું કથન છે 'આગામી દિવસોમાં આખા વિશ્વનું શાસનસૂત્ર એક જગાએથી ચાલશે. માનવજાતિની એક ભાષા અને એક સંસ્કૃતિ હશે. શહેરોની વસ્તી ઘટી જશે. લોકોને નાના ગામોમાં રહેવાનું વધારે સગવડભર્યું લાગશે.'

શ્રી પેરા સેસલ્સનું કહેવું છે. 'નવયુગનો પ્રકાશ નવયુવકોથી શરૂ થશે. વૃદ્ધ લોકો સાથે તેમને ઝઘડવું પડશે. નવી પેઢી આવશે. આ બધુ સન ૨૦૦૦ સુધીમાં સ્પષ્ટ થઈ જશે.'

યોગવેત્તા અહારી અમાયા

મેક્સિકોના અહારી અમાયાએ સન ૧૯૭૦થી ૨૦૦૦ સુધીનો સમય યુગ-પરિવર્તનનો સંધિકાળ જણાવ્યો છે. 'આ સમય દરમિયાન જુની દુનિયા તૂટી જશે અને નવા પ્રકાશની શરૂઆત થશે. આ દિવસોમાં સંસારમાં અનેક કષ્ટો, ઉપદ્રવો અને સંઘર્ષો ખડાં થશે. છેવટે ઈશ્વરીય શક્તિઓ પ્રખર થશે અને દુનિયાને ભલાઈ તથા શાંતિના રસ્તા પર ચાલવાને માટે લાચાર બનાવી દેશે.'

જોર્જ બાબેરી

ઈજિપ્તની ગુપ્તવિદ્યાઓના પ્રખર પંડિત તથા તંત્રવિજ્ઞાનના ગહન અભ્યાસી જોર્જ બાબેરીએ કહ્યું છે, 'ભારતમાં એક એવો આત્મા જન્મ લઈ ચૂક્યો છે કે જે નવા યુગનું વિધાન બનાવશે. અને સંસારને સુખ-શાંતિનો માર્ગ બતાવશે.

સ્વામી આનંદાચાર્ય

એક ભારતીય યોગીને સમસ્ત સંસારમાં દિવ્યદર્શીરૂપે અસાધારણ ખ્યાતિ મળી. તે સમસ્ત વિશ્વમાં ઘૂમ્યા અને દર્શનનો પ્રચાર કર્યો. એની સાથે યોગશક્તિને આધારે તેમણે એવી ભવિષ્યવાણીઓ કરી કે જે સાચી પુરવાર થતાં તેમની અદ્‌ભુત શક્તિ આગળ અવિશ્વાસુ માણસોને પણ પોતાની હાર માનવી પડી. આ યોગીનું નામ હતું સ્વામી આનંદાચાર્ય.

તે સન ૧૮૮૩માં બંગાળામાં જન્મ્યા. જન્મસમયનું તેમનું નામ હતું સુરેન્દ્રનાથ બરાલ. કલકત્તા વિશ્વ વિદ્યાલયમાંથી તે ભારતીય દર્શનશાસ્ત્રમાં એમ. એ. થયા અને ત્યાં જ લેકચરર તરીકે પણ રહ્યા. પાછળથી તેમણે એ નોકરી છોડી દીધી અને યોગાભ્યાસમાં પ્રવૃત્ત થઈ ગયા. તેમણે પોતાનું કાર્યક્ષેત્ર ભારત સુધી જ મર્યાદિત ન રાખતાં સમસ્ત વિશ્વને પોતાનું ઘર માન્યું. તે નોર્વેમાં જઈને વસ્યા. ત્યાં તેમણે યોગ તથા દર્શન પર ૨૯ ગ્રંથ લક્યા અને અધ્યાત્મનો પ્રચાર કરવા માટે સમસ્ત વિશ્વમાં ઘૂમ્યા. આ દરમિયાન તેમણે યોગશક્તિને બળે એવી ભવિષ્યવાણીઓ કરી કે જે સમયની કસોટીએ સોએ સો ટકા સાચી પડી. તેમને પૂછતાછ કરવાના માટે વિશ્વશ્રેષ્ઠ માણસો આવવા લાગ્યા.

સન ૧૯૧૦માં સ્વામીજીએ સંસારનાં બધાં મુખ્ય અખબારોમાં પોતાની એવી ભવિષ્યવાણી છુપાવી હતી કે, "અત્યારથી ૪ વર્ષ પછી જુલાઈની આખર તારીખોમાં સામાન્ય કારણોને લીધે વિશ્વયુદ્ધ શરૂ થશે. તે ૧૯૧૮ના નવેમ્બર સુધી ચાલશે. એના પછી એક વિશ્વસંસ્થા બનશે, પરંતુ તેના નિર્ણયો ઘણાં ઓછા દેશો સ્વીકારશે."

એ દિવસોમાં આ ભવિષ્યવાણી તો કરવામાં આવી પરંતુ એના પર કોઈને વિશ્વાસ બેઠો નહીં. પરંતુ સમયાનુસાર બધું સાચુ પડ્યું. ઓસ્ટ્રિયાના યુવરાજને સીનિયાના કોઈ યુવકે ગોળી મારી દીધી. આટલી જ વાત પર વિશ્વયુદ્ધ શરૂ થયું. અને બરાબર એટલા જ દિવસ ચાલ્યું. રાષ્ટ્રસંઘ (લિગ ઓફ નેશન્સ)ની પણ સ્થાપના થઈ. બંને વાતો સાચી પુરવાર થઈ. એટલું જ નહીં, તેમની બીજી કેટલીય રાજનૈતિક ભવિષ્યવાણીઓએ સંસારના શ્રેષ્ઠ લોકોનું ધ્યાન તેમના તરફ ખેંચ્યું.

ઈંગ્લેન્ડના પત્રકારોનું એક મંડળ સ્વામીજીને મળવા નોર્વે ગયું અને

તેમને વિશ્વના ભવિષ્ય સંબંધી કેટલાંક પ્રશ્નો પૂછ્યાં, સ્વામીજીએ કહ્યું - 'હવે જલદીથી એક બીજા વિશ્વયુદ્ધને માટે પણ તૈયાર રહેજો. આ વિશ્વયુદ્ધમાં જર્મની અને રશિયા એકબીજા સાથે લડશે. ઓગષ્ટ ૧૯૪૫માં સંસારમાં પહેલીવાર એક ભયંકર ધડાકો થશે. એમાં લાખો વ્યક્તિઓ એક ક્ષણમાં માર્યા જશે. ત્યારે કંઈક શાંતિ-સમજૂતિ થશે. ઈટાલીનો મુસોલિની બળવાખોરો દ્વારા માર્યો જશે. આઈઝન હોવર અમેરિકાનો અને ખુશ્ચેવ રસિયાનો શાસનાધ્યક્ષ બનશે. મનુષ્ય ચંદ્રમાં પર સફળતાપૂર્વક પહોંચી જશે. લંકા અને ભારત પર મહિલાઓ રાજ્ય કરશે." કેનેડી અને લ્યુથર કિંગની હત્યાઓની પણ તેમણે ઘણાં સમય પહેલાં જાણકારી કરાવી હતી.

તેમણે પોતાના સંબંધમાં એટલું જ કહ્યું - "મને ભારત સ્વતંત્ર થાય એ જોવાની ઈચ્છા છે. ત્યાર પછી હું શરીરનો ત્યાગ કરીશ." બરાબર એજ પ્રમાણે થયું, સ્વરાજ્ય મળ્યા પછી થોડા જ સમય બાદ તેમનો સ્વર્ગવાસ થઈ ગયો.

ભારતનાં ઉજ્જવળ ભવિષ્ય તથા નવયુગના આગમનના સંબંધમાં તેમની ભવિષ્યવાણીઓનો સાર આ પ્રમાણે છે :

"ધર્મ ભારતમાં એક સંગઠિત સંસ્થા રૂપે વિકસશે. તેનો જન્મ તો સ્વતંત્રતાની સાથે જ થઈ જશે, પરંતુ ૨૪ વર્ષ પછી ૧૯૭૧માં એક શક્તિશાળી સંગઠનરૂપે આખા ભારતવર્ષમાં પ્રકાશમાં આવશે. એક બાજું વિશ્વમાં વ્યાપક ઊથલપાથલો રહેશે અને એમાં ભારતીય રાજનીતિ મુખ્ય રીતે ક્રિયાશીલ થતી જણાશે. એ સંગઠન કે જે ધાર્મિક ઉદ્ધારનાં રૂપમાં પ્રગટ થશે તે આ દરમિયાન વિશ્વકલ્યાણનો એક નવો નકશો તૈયાર કરશે. આ સંગઠન-સંચાલક કોઈ ગૃહસ્થ વ્યક્તિ હશે અને અત્યાર સુધીના દુનિયાના સૌથી મોટા વિચારક તરીકે ખ્યાતિ મેળવશે.

"સંસારના બધા દેશોનાં બાળકો ભારતવર્ષમાં જઈને ભણ્યા કરશે. એ દેશ ધાર્મિક ક્ષેત્રમાં જ નહીં પરંતુ ભૌતિક ક્ષેત્રમાં પણ વિશ્વની એવી રીતે નેતાગીરી કરશે કે જેવી રીતે તે મહાભારત પહેલાં કરી રહ્યો હતો."

ભારતમાં અત્યારે પણ એવા દિવ્યદર્શીઓ મળી આવે છે કે જેઓ

સૂક્ષ્મ જગતમાં ચાલી રહેલી હિલચાલને આધારે નિકટ ભવિષ્યની સંભાવનાઓને પ્રકટ કરી દે છે અને તેમનું કથન સાચું પણ હોય છે.

જ્યારે સ્વર્ગવાસી નહેરુના મૃત્યુની, શ્રી. લાલબહાદુર શાસ્ત્રીનાં વડાપ્રધાન બનવાની અને પાકિસ્તાનના કાશ્મીર પરના આક્રમણની કોઈ કલ્પના પણ કરતું ન હતું ત્યારે ઉપરોક્ત ત્રણે બાબતોની ભવિષ્યવાણી મહાત્મા વિશ્વરંજન બ્રહ્મચારીએ કરી હતી. તે સમયે આ કથનને સર્વ રીતે અવિશ્વાસપાત્ર અને બકવાદ માનવામાં આવ્યું હતું, પરંતુ સમય આવ્યે ત્રણે ઘટનાઓ સાચી પુરવાર થઈ. એજ બ્રહ્મચારીજીએ નવયુગના આગમન સંબંધી સાર્વજનિક જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યું હતું : "શ્રી લાલબહાદુર શાસ્ત્રીજી થોડાજ સમય માટે વડાપ્રધાન રહેશે. તેમનું મૃત્યું ભારતવર્ષની બહાર થશે. ત્યાર પછી એક મહિલા વડાપ્રધાન બનશે. આ દિવસોમાં વ્યાપક ઉતાર-ચઢાવ આવશે પરંતુ એ બધામાં નોંધપાત્ર ઘટના હશે-દેશમાં એક મહન આધ્યાત્મિક ક્રાંતિ. આ ક્રાંતિનું સંચાલન જો કે મધ્ય ભારતમાંથી થશે, તો તેનો સંબંધ ભારતવર્ષના દરેક પ્રાંત સાથે હશે. ઉત્તર અને દક્ષિણ ભારતને એક સાંસ્કૃતિક સૂત્રમાં બાંધવાનું શ્રેય આ નવી ક્રાંતિના સંચાલક જ પ્રાપ્ત કરશે. થોડા જ દિવસમાં ભારત નવા આદર્શોની સ્થાપના કરશે કે જેમને આખી દુનિયાના લોકો માનશે. લોકો સ્વેચ્છાથી પોતાની બૂરાઈઓને છોડીને ઉત્તમતાના માર્ગ પર ચાલી નીકળશે. આગળ ઉપર હરીફાઈ રૂપિયા, પૈસા કે પદપ્રતિષ્ઠા માટે નહીં હોય, પરંતુ એ બાબતની હશે કે કયો મનુષ્ય કેટલો સત્યનિષ્ઠ, કેટલો ઈમાનદાર, અને કેટલો દાની તથા કેટલો સેવા-ભાવી પરિશ્રમી અને સાહસિક છે.'

'કેટલાંક સમય સુધી સંસારમાં રાજનૈતિક અને સામાજિક વિગ્રહો થતા રહેશે. પરંતુ સન ૨૦૦૦ની આસપાસ નવા સંસારનું માળખું એક ચોક્કસ સિકલમાં આવી જશે. આજની રાજનૈતિક, આર્થિક, સામાજિક અને નૈતિક પરિસ્થિતિઓમાં એવું પરિવર્તન થશે કે જેની આજે કલ્પના કરવાનું પણ મુશ્કેલ જણાશે. સમાનતા અને ન્યાયને આધારે સંસારભરનાં દેશોનું શાસન એકજ સ્થાનેથી કરવામાં આવશે. આ

દિવસોના પ્રચલિત ભેદભાવોનું ક્યાંય નામનિશાન પણ નહીં રહે. તે દિવસોની બદલાયેલી પરિસ્થિતિઓમાં ઘડાઈને જે મનુષ્યોનું નિર્માણ થશે તેઓ આજના કલ્પિત દેવતાઓ જેવા સુવિકસિત હશે. ત્યારે કોઈને સંપત્તિ એકઠી કરવાની જરૂર જણાશે નહીં, કારણ કે દરેક જગાએ મનુષ્ય પોતાનું ઘર અનુભવશે અને ત્યાં જ જરૂરી સગવડો પ્રાપ્ત કરશે. એ પરિસ્થિતિમાં કોઈને ન તો ભોજનની ચિંતા કરવી પડશે કે પરિવારની. મનુષ્યો કામ કરશે અને સગવડોની જવાબદારી રાજ્ય ઉઠાવશે. આ રીતે સમસ્યાઓમાંથી છૂટેલો મનુષ્ય દૈવી જીવનના ક્ષેત્રમાં પ્રવેશ કરશે.'

●

પરિશિષ્ટ (૨)

અવકાશખોજથી આત્મખોજ સુધી

અમેરિકામાં પ્રગટ થતાં 'સેટરડે રિવ્યુ' નામના પાક્ષિકે તેના ફેબ્રુઆરી ૧૯૭૫ના અંકમાં 'મન અને દિવ્યમન' વિષે ભારે રસપ્રદ ચર્ચા કરી છે. શ્રી જ્યોર્જ લિઓનાર્ડ નામના કેળવણીશાસ્ત્રીએ તેમના લેખમાં વિજ્ઞાન અને કોમ્પ્યૂટર યંત્રની મર્યાદાઓનો ઉલ્લેખ કર્યો છે.

થોડાજ વર્ષ પહેલાં વિજ્ઞાનથી અંજાઈ ગયેલા ભવિષ્યવેત્તાઓએ ભવિષ્યવાણી ભાખી હતી કે ૧૯૮૦નો દાયકો કોમ્પ્યૂટરોનો સુવર્ણયુગનો દરવાજો બતાવશે. હડસન ઈન્સ્ટિટ્યૂટના ડો. હરમન કાહને ત્યારે કહ્યું હતું કે, થોડા જ વરસમાં ગૃહિણીના કામનો બોજો કોમ્પ્યૂટરો ઉકેલી આપશે. ૬૦ લાખ ડોલરને ખર્ચે તૈયાર થઈ રહેલો અમેરિકન યંત્રમાનવ, માનવને છક્ક કરી દે તેવાં કામ કરશે. શ્રી જ્યોર્જ લિઓનાર્ડે તેમના લેખમાં કહ્યું છે કે, શરૂમાં આવી આંજી દેનારી ભવિષ્યવાણીઓ પછી આપણે જોયું કે અત્યારે ૪ વર્ષનું બાળક જે પ્રકારે ગણિત સમજે છે તે કોમ્પ્યૂટર સમજતું નથી. અમેરિકાનું અવકાશ સંશોધન કેન્દ્ર જે 'નાસા'ના ટૂંકા નામે ઓળખાય છે. તેણે એક યંત્ર-માનવ દ્વારા સાઈકલ ચલાવવાનો પ્રયોગ કર્યો. શ્રી જ્યોર્જ લિયોનાર્ડ કહે છે, બાર વર્ષનો બાળક જે સાઈકલ ચલાવી શકે તે રીતે ૬૦ લાખ ડોલરનો 'નાસા'નો યંત્ર-માનવ સાયકલ ચલાવી શક્યો નહિ અને ભોંય ભેગો થયો !

વિજ્ઞાન અને કોમ્પ્યૂટરની નિષ્ફળતાના આ દાખલા આપીને શ્રી જ્યોર્જ લિયોનાર્ડ કહે છે કે, "We find it easy to imagine superhe man robots, but now science is showing us that our own abilities are even more remarkable' આમ, માણસ યંત્રોને ભવ્યતા બક્ષવા મથે છે તે ભવ્યતા તેના પોતાનામાં જ છે, તેમ શ્રી લિયોનાર્ડ કહેવા માગે છે. દા.ત. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં ડો.

બાર્બરા સાકીટે કરેલા પ્રયોગ ઉપરથી માલૂમ પડ્યું કે માનવની આંખ કોઈપણ વિજ્ઞાનનાં સાધનોનો ઉપયોગ કર્યા વગર પ્રકાશના ભિન્ન પાડેલા એક એકમને (કણને) જોઈ શકે છે. માનવીમાં અદ્‌ભુત શક્તિઓ રહેલી છે તેમ કહેવાની સાથે શ્રી લિયોનાર્ડ કહે છે કે, આ તમામ દિવ્ય શક્તિઓ આપણે સર્જન અને ક્રાંતિ માટે વાપરી શકતા નથી. આપણા શરીરની અંદરની અને મગજની ઘણી સૂતેલી શક્તિઓ નકામી પણ જતી હોય છે. કેટલીક શક્તિ વપરાયા પછીની જે સૂક્ષ્મ શક્તિ બાકી રહે છે તે વાપરવી કે ન વાપરવી તે આપણા હાથની વાત રહે છે.

'સેટરડે રિવ્યુ' ના અંકમાં ૧૯૭૧ની સાલમાં એપોલો ૧૪ નામના ચંદ્રયાનમાં ચંદ્ર ઉપર પગ મૂકી આવેલા અવકાશયાત્રી શ્રી એડગર ડી. માયકલે પણ એક સ્વાનુભવનો લેખ લખ્યો છે. 'આઉટર સ્પેસ ટુ ઈન્ટર સ્પેસ' નામના લેખમાં તેમણે એક વિપ્લવાકારી જાહેરાત કરી છે. તેમણે જે કહ્યું છે તેનો સાર આમ છે :

'મારી અવકાશયાત્રા દરમિયાન મેં પૃથ્વી ઉપરના મારા ચાર સાથીદાર વિજ્ઞાનીઓને ટેલિપથી (માનસિક સંદેશા) દ્વારા મારા માનવ-મનની શક્તિ કેટલી છે તેનો ખ્યાલ મને આ અખતરા દ્વારા થયો હતો. એ પ્રકારે મનોવિજ્ઞાનના સંશોધનમાં અવકાશયાત્રીએ શું કામ રસ લેવો જોઈએ તેમ મને પૂછવામાં આવે છે. મને અવકાશયાત્રામાં તો રસ હતો જ પણ હવે મને મારા અંતરમનની અંદરના અવકાશની શોધ કરવામાં વધુ રસ છે. બાહ્ય અવકાશને તો ઢંઢોળી આવ્યા, જોકે મને જ્યારે ચંદ્ર ઉપર મોકલ્યો ત્યારે હું એક વ્યવહારુ વિજ્ઞાની ઈજનેર તરીકે ગયો હતો. વિશ્વના રહસ્યો શોધવામાં જે વિજ્ઞાનના હેતુઓ હતા, તેને અનુલક્ષીને મેં ૨૫ વર્ષ અવકાશ વિજ્ઞાનને લગતો અભ્યાસ કર્યો ખરો, પણ એપોલો-૧૪ના અનુભવ વખતે મને થયું કે, વિજ્ઞાન અને ટેકનોલોજીની કેટલીક મર્યાદાઓ છે.

વિજ્ઞાનની આ મર્યાદાનો ભાસ તો યાત્રાના પ્રારંભમાં જ થયો. પૃથ્વી જેવા ગ્રહને વિશાળ અવકાશમાં મેં તરતો જોયો વાદળી અને શ્વેત રંગનો આ પાસાદાર હીરા જેવો સુંદર ઘાટ જોયો ત્યારે હું કુદરત ઉપર

આફરીન થઈ ગયો. એ સમયે હું થોડો ધર્મિષ્ઠ બન્યો અને જાણે હું ઉન્મત્ત આધ્યાત્મિક અવસ્થામાં ગરકાવ થઈ ગયો. તે સમયે દિવ્ય શક્તિનું અસ્તિત્ત્વ મને જણાવા લાગ્યું. ત્યારે મને ખ્યાલ આવ્યો કે, આ વિશ્વમાં માનવનો જન્મ અકસ્માત નથી. મને સ્પષ્ટ રીતે ભાસ થયો કે, આ વિશ્વની રચનાને કોઈ હેતુ છે, કોઈ સ્પષ્ટ દિશા છે, આ દશ્યમાન થયેલા સર્જનની પાછળ કોઈ અદશ્યમાન શક્તિનો હાથ છે.

આ બધી સુંદરતા હું જોતો હતો ત્યારે જ મને યાદ આવ્યું કે પૃથ્વી ઉપરના માનવબંધુઓ પત્ની, ઝરઝવેરાત, જમીન અને મિલકત માટે ઝઘડા કરે છે, યુદ્ધે ચઢે છે, એક બીજાને છેતરે છે. હવા અને પાણીને દૂષિત કરે છે. સત્તાની સાઠમારી ચાલે છે. વિજ્ઞાને જો ખૂબ પ્રગતિ કરી હોય તો ભૂખ-તરસની અને આ બધી સામાજિક ઝઘડાની સમસ્યા કેમ વિજ્ઞાને ઉકેલી નથી. માનવી સ્વાર્થી બન્યો છે, તો માનવીને તેની સંકુચિતતામાંથી વિજ્ઞાન કેમ છોડાવી શકતું નથી... આ બધી સમસ્યાને ઉકેલવા કઈ શક્તિ કામ લાગે. ત્યારે મને લાગ્યું કે, વિજ્ઞાન આમાં કાંઈ ન કરી શકે.'' ''I see only one answer : a transformation of consciousness. man Must rise from his present egocentered consciousess of find universal harmony starting within himself...'' આમ ચંદ્રયાત્રીને પણ લાગ્યું છે કે, કોઈપણ સમસ્યાનો ઉકેલ બાહ્ય સંયોગો ઉપર નહિ પણ આંતર શક્તિની ખોજ દ્વારા થાય છે. માનવે તેના આંતર-મનને ઢંઢોળવું જોઈએ, તેના અહમ્‌ને ત્યાગીને બહાર આવવું જોઈએ. જો આમ થશે તો જ માનવીની સમસ્યાઓ ઉકેલાશે. વિજ્ઞાને બક્ષેલી સમસ્યા નહિ ઉકલે.

●

પરિશિષ્ટ (૩)

વિજ્ઞાને સર્જેલી ભૂતાવળ

ઔદ્યોગિક યુગના આરંભકાળમાં જ અનેક ચિંતકોએ પશ્ચિમને એ ચીમકી આપી હતી કે વિજ્ઞાન અને ટેકનોલોજી પશ્ચિમની સંસ્કૃતિને દિશાહીન બનાવી દેશે. હેનરી ડેવીડ થોરો આવી આર્ષવાણી ઉચ્ચારનારાઓમાં અગ્રગણ્ય હતા. તેઓએ જણાવ્યું હતું કે, 'તમે વિચારો છો કે તમે-સુખેથી ટ્રેનની સવારી માણી રહ્યા છો, પરંતુ હું જોઈ રહ્યો છું કે, ટ્રેન તમારી ઉપર સવારી કરી રહી છે.'

વિજ્ઞાન અને ટેક્‌નોલોજી આજે પોતાની સીમાઓ અતિક્રમી ગયાં છે. અને તેમણે એવી એવી ભૂતાવળ સર્જી છે કે જેનો સંહાર કરવાનું સામર્થ્ય તેમની પાસે રહ્યું નથી. આ ભૂતાવળ એટલે બળતણની વિશ્વવ્યાપી કટોકટી, પ્રદૂષણની ભયાનક સમસ્યા અને આર્થિક અવદશા તથા અવ્યવસ્થા. આપણા યુગમાં આ બદી ભૂતાવળ સર્જાઈ છે. તેના મૂળ મધ્યકાલીન યુગમાં પડેલાં છે. તે સમયે યુરોપની વિચારપરંપરાએ વળાંક લીધો અને વિજ્ઞાન તથા ટેકનોલોજીના ક્ષેત્રે નવી દિશાઓ ખૂલવાની સાથે માત્ર ભૌતિક અને વસ્તુગત જગત્‌નાં સત્યો શોધવાનું શરૂ કર્યું. પરંતુ માનવી માત્ર ભૌતિક અને પદાર્થ જગત્‌નાં સત્યોથી જીવી શકતો નથી. એને તો આધ્યાત્મિક સત્યો અને એ પામવાની વિદ્યાઓની પણ જરૂર રહે છે. આ આધ્યાત્મિક વિદ્યાઓ એશિયાની સંસ્કૃતિમાં અતિ વિકસિત છે.

વિજ્ઞાન અને ટેક્‌નોલોજીની હરણફાળ પછી પશ્ચિમને પણ પ્રતીતિ થઈ કે તેના વિકાસમાં ઊણપો અને અધૂરપો રહી ગઈ છે. આ પ્રતીતિ થયા પછી પશ્ચિમની આજની પેઢીએ એશિયાના ધર્મો અને આધ્યાત્મિક પરંપરાની ખોજ કરવા માંડી છે, પરંતુ એશિયાના કેટલાંક દેશો દ્રાવિડી પ્રાણાયામ કરી રહ્યા છે, પણ તે માર્ગે જવાથી અંતિમ પ્રશ્નોનું સમાધાન મળવાનું નથી.

એશિયાની પરંપરાએ માનવીને પ્રકૃતિ સાથે સંવાદી જીવન ગાળવાનું શીખવ્યું છે. માત્ર માનવી અને માનવી વચ્ચેના નહીં, માનવી અને પ્રાણીજગત્ તથા માનવી અને અન્ય મહાભૂતો વચ્ચેના સંબંધોને પણ એશિયાઈ પરંપરાએ સુસંવાદી કલ્પ્યા છે. આમ પશું, પંખી, પહાડ, નદી, વૃક્ષો અને સરોવરો સૌ સાથે માનવીએ સંવાદ સ્થાપીને જ જીવનને ભર્યું ભર્યું કે પૂર્ણ બનાવવાનું છે. પરંતુ આજે સંવાદનો સેતુ તૂટી રહ્યો છે. જ્યારે માનવીમાં એ પ્રતીતિ નથી રહેતી કે પૃથ્વી તેની માતા છે ત્યારે પૃથ્વી પણ પોષણ આપવાનું કદાચ છોડી દે તેવી પૂરી સંભાવના છે.

સાંપ્રત પરિસ્થિતિમાં વિજ્ઞાન અને ધર્મ વચ્ચે સુસંવાદ સ્થાપવાની જરૂર છે. આ સંવાદ વૈજ્ઞાનિક પદ્ધતિથી કે વિજ્ઞાનના વિભ્રમથી નહીં સ્થાપી શકાય, એશિયાની જીવનદૃષ્ટિની એ વિલક્ષણતા રહી છે કે તે સમગ્ર માનવને લક્ષમાં લે છે. અન્ય વૈજ્ઞાનિક સભ્યો સમગ્ર માનવને લક્ષમાં લેતા નથી અને માનવીની આંતરિક જરૂરિયાતને પણ લક્ષમાં લેતા નથી. વૈજ્ઞાનિક સત્યોથી જ સુખ-શાંતિ નહીં આવે અને આજનાં વિકરાળ પ્રશ્નોનું સમાધાન નહીં જડે તેવો મત પશ્ચિમના વિજ્ઞાનીઓમાં પણ બંધાઈ રહ્યો છે. પશ્ચિમના વિજ્ઞાનીઓ હવે વિજ્ઞાનની દેણ વિષે સાશંક બની ગયા છે. અને વિજ્ઞાન પરની શ્રદ્ધા તેમનામાં ઘટી રહી છે. સૌ જાણે છે કે જે ખનિજ તેલના સર્જનમાં ચાલીસ કરોડ વર્ષો વીતી ગયાં તેને પશ્ચિમના માનવીએ ઉદ્યોગીકરણને નામે માત્ર ચારસો વર્ષમાં જ વ્યર્થ બનાવી દીધું. ઉદ્યોગીકરણને નામે પશ્ચિમે એ વાયુમંડળ જ દૂષિત કરી નાંખ્યું. જેમાંથી એ શ્વસન કરતું હતું. યોગની પરંપરામાં વાયુમંડળના પ્રદૂષણ સામે રક્ષણ મળે છે અને એશિયાની સંસ્કૃતિની આ જ વિશેષતા છે કે તે શક્તિને વેડફી દેવાનું નથી શીખવતું પણ તેને સંગૃહીત કરવાનું શીખવે છે.

પશ્ચિમની અવદશાનું મૂળ તેની વિચારપ્રણાલીમાં કે વિચારરીતિમાં પડેલું છે, તે જ્ઞાનને વિખંડિત કરીને જુએ છે. આજે આપણી પાસે ભૌતિકશાસ્ત્ર છે, અને નવું ભૌતિકશાસ્ત્ર પણ છે. જીવવિજ્ઞાન અને નવુ જીવવિજ્ઞાન તથા રસાયણશાસ્ત્ર અને નવું રસાયણશાસ્ત્ર પણ છે. આ બધા

ખંડવિખંડ છે. એશિયાઈ વિચારરીતિ સમગ્રને જુએ છે અને સુસંકલિત જીવનદૃષ્ટિ આપે છે. જ્યારે એમ કહેવામાં આવે છે કે સમગ્ર જ્ઞાન વેદમાં, કુરાનમાં કે અવેસ્તામાં પડેલું છે ત્યારે તત્ત્વતઃ તો માનવ દ્વારા ઉપાર્જિત જ્ઞાનને સંકલિત કરવાનો પ્રયાસ જ બોલતો હોય છે.

આજનો આપણો યુગધર્મ એ છે કે વિજ્ઞાન અને ટેક્નોલોજીના નૈતિક પાસાંઓનું મૂલ્યાંકન કરતું આજનું પશ્ચિમનું નીતિશાસ્ત્ર ગૂંચવાયેલું છે. દરેક વધુ ને વધુ સમૃદ્ધ થવા ઝંખે છે અને ઓછામાં ઓછું કામ કરવા માગે છે, પરંતુ એશિયાના કહો કે બિનઔદ્યોગિક દેશોના આ લોકોનું નૈતિક વલણ પૂરેપૂરું પશ્ચિમના વાદે બદલાયેલું નથી. પશ્ચિમની કોઈ વ્યક્તિ કહેશે કે ઘડિયાળના કાંટા પાછા ફરી શકતાં નથી, પરંતુ પ્રશ્ન એ છે કે કોઈવાર તેમ ન કરવામાં આવે તો કાંટા સાવ થંભી જાય છે.

●

પરિશિષ્ટ (૪)

સમસ્ત માનવજાતિનો પ્રશ્ન : વળાંક લઈ શકાશે ?

હવે દુનિયા એક નવા ક્ષેત્રમાં પ્રવેશ કરે છે. વિશ્વપરિષદો, ૧૯૪૭માં ત્રણ વિશ્વપરિષદો મળી. વસતીનો પ્રશ્ન બુખારેસ્ટમાં ઓગસ્ટ મહિનામાં ચર્ચાયો. ખોરાકનો પ્રશ્ન ત્રણ મહિના પછી રોમમાં ચર્ચાયો. અને તે બંનેની પહેલાં વેનેઝુએલાના કરાકાસમાં સમુદ્રોની ચર્ચા થઈ.

આ પરિષદોમાં રાજદ્વારી પ્રતિનિધિઓ ઉપરાંત ટેક્નિકલ નિષ્ણાંતોએ ભાગ લીધો. સમુદ્રોની પરિષદમાં દોઢસો દેશોના પાંચ હજાર પ્રતિનિધિઓ દસ અઠવાડિયાં સુધી મળ્યાં. એમાં જે દસ્તાવેજો રજૂ થયા તેની યાદી પણ એકસો સાઠ પાનાંની થઈ. ભાષણો, ટેક્નિકલ હેવાલો અને બીજી માહિતીના અઢી લાખ પાનાં દરરોજ તૈયાર થતાં, ચીની લિપિની મુશ્કેલી હોવાથી હાથે નકલો થતી.

એનું શું પરિણામ આવ્યું ? તો કહે વાટાઘાટોની શરૂઆત પણ થઈ નથી, દરેક પ્રતિનિધિ પોતાનો કક્કો ફરી ફરી ઘૂંટતો જાય છે. છેવટે જે નક્કી થયું તે એટલું કે પરિષદ ફરી બોલાવવી. વિશ્વપરિષદોમાં જેમ જેમ દેશોની સંખ્યા વધતી જાય છે, તેમ તેમ રાજકીય ને સાંસ્કૃતિક મતભેદો વધતા જાય છે. પરિણામ આવશે એવી આશા પડતી નથી. દેશેદેશના રાષ્ટ્રિય હિતોની રક્ષા માટે પવિત્ર સિદ્ધાંતો જોરશોરથી ખડકાય છે.

એક સમયે એવી આશા ઉગેલી કે રાષ્ટ્રસંઘમાંથી વિશ્વરાજ્યની સ્થાપના થઈ શકશે અને એના કાયદા આખા વિશ્વમાં ચાલશે. ૧૯૭૪માં આ સ્વપ્ન ખંડિત થયું. બહુમતીના જોરે ઈઝરાયેલ અને દક્ષિણ આફ્રિકા એ બે દેશોને રાષ્ટ્રસંઘમાંથી હાંકી કાઢવામાં આવ્યાં અને બીજી તરફ અત્યંત જુલમી શાસન કરનારા યુગાન્ડા વિષે કશી ચિંતા થઈ નહિ. પછી

જ્યાં લાખો માણસોને રાજદ્વારી કારણ માટે જેલમાં પૂરી રાખે કે મોતના ઘાટે ઉતારે તેવા રશિયા સામે કોઈ શું કહી શકે ?

'સેટરડે રિવ્યુ' અને 'વર્લ્ડ'ના તંત્રી શ્રી નોરમન કઝીન્સ કહે છે કે, 'આજે દોઢસો દેશો પોતાનું ધાર્યું કરતા રહે છે. કોઈ મધ્યવર્તી સરકાર નથી, જેનું પાલન થઈ શકે એવા કાયદા નથી, પોલીસ નથી, અને પરસ્પરનો વ્યવહાર સંભાળવા કોઈ વ્યવસ્થા નથી, પોલીસ નથી, અને પરસ્પરનો વ્યવહાર સંભાળવા કોઈ વ્યવસ્થા નથી. ફ્રાંસના પ્રમુખ માને છે : વિશ્વ દુ:ખી બન્યું છે કેમ કે એ ક્યાં જઈ રહ્યું છે તેનું ભાન નથી. એ આફત તરફ જ વધી રહ્યું છે. રાજકીય વિજ્ઞાની શ્રી મોર્ગેન્થો સાફ જણાવે છે કે, વિશ્વસરકાર વિના આંતરરાષ્ટ્રીય શાંતિ સંભવી ન શકે, અને હાલની નૈતિક, સામાજિક કે રાજકીય પરિસ્થિતિ જોતાં વિશ્વશાસન થઈ ન શકે.

— ડૉ. સૈયદ હુસેન નસ્ર

ઈરાનના સુપ્રસિદ્ધ ચિંતક અને વૈજ્ઞાનિક

•

પરિશિષ્ટ (૫)

ત્રીજું વિશ્વયુદ્ધ તો પૂરું થયું, હવે ચોથા વિશ્વયુદ્ધમાં હારવું ન જોઈએ...

નોબેલ પારિતોષિક વિજેતા શ્રી એલેક્ઝાન્ડર સોલ્ઝેનિત્સીનને રશિયાએ એક વરસ પહેલાં દેશનિકાલ કર્યા ત્યારે આખા જગતે તેનું નામ જાણ્યું હતું. અત્યારે સોલ્ઝેનિત્સીન થોડા થોડા ભુલાઈ ગયા છે. તેઓ સ્વિત્ઝરલેન્ડમાં અત્યારે રહે છે. તેમણે ત્યાં બેઠાં આંતરરાષ્ટ્રીય રાજકારણનું જે પૃથક્કરણ કર્યું છે તે માટે ભારતના ઘણાં લોકોને વિચારમાં પાડી દે તેવું છે.

જ્યારે બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારે સૌને એક પ્રશ્ન મૂંઝવતો હતો. હવે પાછું ત્રીજું વિશ્વયુદ્ધ થશે ખરું ? આવું અણુસંહારવાળું યુદ્ધ રોકવા માટે આપણે કેટકેટલાં બલિદાનો આપવાં પડશે ? એવો પ્રશ્ન પણ ઘણાં વિચારવંતોને થતો હતો. શ્રી સોલ્ઝેનિત્સીને આ પ્રશ્નનો ભડકાવે તેવો ઉત્તર આપ્યો છે.

શ્રી સોલ્ઝેનિત્સીન કહે છે કે ત્રીજું વિશ્વયુદ્ધ તો ક્યારનું પતી જવા આવ્યું છે. હવે ત્રીજું વિશ્વયુદ્ધ એ લગભગ ભૂતકાળની વાત બની ગઈ છે. આ વર્ષે જ ત્રીજી લડાઈની પૂર્ણાહુતિ થઈ હતી. અરે આ મુક્ત જગતે તે યુદ્ધમાં હાર ખાધી છે. બીજા શબ્દોમાં કહીએ તો પૂર્ણ સ્વાતંત્ર્યમાં માનનારા જગત્‌ના તમામ લોકોને પૂરા થયેલા ત્રીજા વિશ્વયુદ્ધમાં કરુણ પરાભવ થયો છે અને તે વાતનો અમુક મુક્તિના ચાહકોને ખ્યાલ પણ આવ્યો નથી.

'ત્રીજું વિશ્વયુદ્ધ આવશે' એવી વાત કરનારાને ખબર નહોતી કે એ તો બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ પછી તરત શરૂ થઈ ગયું હતું. ૧૯૪૫ના વરસની સવારથી જ યાલ્ટા ખાતે તે શરૂ થયું હતું. ઈતિહાસ વાંચનારને ખબર હશે કે અલ્ટા ખાતે અમેરિકન પ્રમુખ રૂઝવેલ્ટ અને બ્રિટિશ

વડાપ્રધાન ચર્ચિલે શાંતિના કરાર કરવાની સાથે રશિયાને ઘણાં કન્સેશનો આપ્યાં હતાં. ઈસ્ટોનિયા, લેટીવિયા, લિથુઆનિયા, મોલડાવિયા અને મોંગોલિયા જેવા પ્રદેશો અને લાખ્ખો રશિયન નાગરિકોને ક્રૂરપણે રશિયાને કતલ અને લેબર કેમ્પ માટે સોંપી દેવાયા હતા. ત્યારે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રાજકીય લાચારી ભોગવતા સંયુક્ત રાષ્ટ્રસંઘનો જન્મ થયો હતો. એની સાથે યુગોસ્લાવિયા, આલ્બાનિયા, પોલાન્ડ, બલ્ગેરિયા, રૂમાનિયા, ચેકોસ્લોવેકિયા, હંગેરી અને પૂર્વજર્મની જેવા દેશોને મુક્ત જગત્‌ની પંગતમાંથી છોડાવીને તે બધા દેશોને ૧૯૪૫-૪૬માં હિંસાની પકડમાં લઈ લીધા હતા.

એક નવાઈની વાત એ હતી કે બીજા વિશ્વયુદ્ધ કરતાં પણ આ ત્રીજું યુદ્ધ ખતરનાક હતું. તેની કોઈને ખબર પણ ન પડી. નવાઈ એટલા માટે કે હુમલો કરનાર દેશે બીજા દેશ સાથે રાજકીય સંબંધો તોડયા વગર કે હજારો લડાયક વિમાનોના હુમલા વગર એક લુચ્ચા વરુની માફક પાછલે બારણેથી છાપો મારવા માંડ્યો હતો. જગત્‌ના સુંવાળા શરીર ઉપર આ ત્રીજા વિશ્વયુદ્ધની શારડી અદ્રશ્ય રીતે ચાલતી હતી અને કહેવાનું હતું કે લોકોનાં સંપૂર્ણ સહકાર સાથે અને ૧૦૦ ટકા 'લોકશાહી ઢબે અમુક દેશોમાં રાજકીય પરિવર્તન આવતું હતું., 'કોલ્ડવોર' (ઠંડુ યુદ્ધ) 'પીસ ફુલ કો-એકઝીસ્ટન્સ (શાંતિમય સહઅસ્તિત્ત્વ) અને 'ડેટાન્ટ' (De'tente) (સુંવાળા સંબંધો) ને નામે મુક્ત વિશ્વનો ભરડો લેવાતો ગયો. ગમે તે ભોગે ત્રીજું વિશ્વયુદ્ધ ટાળવાની તલપમાં પશ્ચિમના દેશોએ તો હકીકતમાં મુક્ત વિશ્વને રગદોળાવા દીધું અને સંખ્યાંબંધ દેશો એક અવર્ણનીય ગુલામીની દશામાં આવી પડ્યા.

આપણે જ્યારે ૩૦ વર્ષના પાછલા ઈતિહાસને પાછુ વાળીને જોઈએ છીએ તો લાગે છે કે ઘણાં રાષ્ટ્રો ચૂં કે ચાં કર્યા વગર નરમ ઘેંશ બનીને પરાજિત થઈ ચૂક્યાં છે.

અમેરિકા, ફ્રાંસ અને બ્રિટન જેવા પશ્ચિમના દેશો, જે આગલા બે વિશ્વયુદ્ધમાં વિજેતા બનીને મજબૂત રાષ્ટ્રો તરીકે આગળ આવ્યા હતાં તેઓએ ત્રીજા વિશ્વયુદ્ધમાં એક પછી એક મિત્રો ગુમાવ્યા અને દુશ્મન

દેશને ઉત્તરોત્તર ઘણાં દેશો જાણે આખા ને આખા ભેટ ધરી દીધા. ચીન જેવો દેશ, જે બીજા વિશ્વયુદ્ધમાં પશ્ચિમનો મિત્ર દેશ હતો તે ગયો. ઉત્તર કોરિયા, ક્યુબા, ઉત્તર વિયેટનામ, (અને હવે દક્ષિણ વિયેટનામ પણ) કંબોડિયા અને લાઓસ તો હાથથી ગયાં છે. અને હવે કદાચ, થાઈલેન્ડ દક્ષિણ કોરિયા અને ઈઝરાયલનો વારો છે. પોર્ટુગલ એવી જ ડાબેરી અંધાધૂંધીમાં પડ્યો છે. ફીનલેન્ડ અને ઓસ્ટ્રિયા પેલાં ઘેટાંઓની માફક પોતાની કતલ થવાની જાણે રાહ જોતાં હોય તેમ ઊભાં છે. કારણ કે રક્ષણ માટે તેમની પાસે સાધન નથી. કોઈ પક્ષ તરફથી સહાયની આશા નથી. આફ્રિકાના ઘણાં નાના દેશો તેમજ અમુક આરબ દેશો તો સામ્યવાદના બચ્ચાં હોય તેમ માને ધાવવા તલપાપડ હોય તેવા દેખાય છે. બીજાં કેટલાંક દેશોને તમે આ પ્રકારની ધાવવાની તાલાવેલી દેખાડતાં જોવા માંગો છો ? આવો પ્રશ્ન કરીને શ્રી. સોલ્ઝોનિત્સીન તરત આપણું ધ્યાન સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફ દોરે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ અત્યારે શું કરે છે ? કદાચ કહીએ કે તે નિષ્ફળ નથી ગયું. પણ જગત્માં કનિષ્ઠમાં કનિષ્ઠ લોકશાહીનો દાખલો પૂરો પાડતો આ સંઘ બળવાન્ અને બેજવાબદાર રાષ્ટ્રોના હાથા જેવો બની ગયો છે.

રાષ્ટ્રસંઘ એક એવો તમ્બો બની ગયો છે, જ્યાં મુક્તિની હાંસી ઊડે છે. પશ્ચિમનાં રાષ્ટ્રોની ઠેકડી ઊડે છે. અને મહાન્ રાષ્ટ્ર તરીકે ગણાતા અમેરિકા, બ્રિટન અને ફ્રાંસના ગઢના કાંગરા ખરતા હોય તેવા દશ્ય સર્જાય છે.

હવે જ્યારે લાખ્ખો લોકોની કતલ પછી અને હજારો લોકોને ગુલામોની છાવણીમાં ધકેલ્યા પછી જગત્ના લાંબામાં લાંબા યુદ્ધ વિયેતનામના યુદ્ધનો અંત આવ્યો છે, ત્યારે આપણે ૩૦ વર્ષનો ઈતિહાસ જોઈશું તો માલૂમ પડશે કે પશ્ચિમના દેશો તેમની મજબૂત સ્થિતિ જાળવી જ શક્યા નથી. તેમના પગ નીચેથી રેતી સરતી જ ગઈ છે. આશ્વાસન માટે આપણે ત્રણેક દાખલા લઈએ. ૧૯૪૭માં વિયેતનામ, ઈ.સ. ૧૯૪૮માં પશ્ચિમ બર્લિન અને ૧૯૫૦માં દક્ષિણ કોરિયા. માનો કે આ ત્રણેય દેશો કે પ્રદેશોના કિસ્સામાં પશ્ચિમના દેશોએ રશિયાને ભૂ પાયું

હતું ત્યારે આશા જન્મી હતી કે, ત્રીજા વિશ્વયુદ્ધમાં જીત થશે. પણ ફરીથી આ ત્રણેય દેશોનાં નામ લઈ જુઓ. આ ત્રણ દેશોમાંથી કોની તાકાત છે કે તે ગુલામીની તરાપ સામે સામનો કરી શકે ? જો આ ત્રણેય પ્રદેશો ઉપર આક્રમણ થાય તો તેનું કોણ રક્ષણ કરી શકશે ? કઈ સેનેટ કે કયું પ્રધાનમંડળ તે દેશોની મદદ માટે લશ્કર કે યુદ્ધસામગ્રી મોકલશે ? આ ત્રણ દેશોની સલામતી કે આઝાદીને બદલે કદાચ અમેરિકનો પોતાના મનની શાંતિને વધુ પ્રિય ગણશે.

અત્યારે જગત્નાં તમામ લોકોના મનમાં અંગત સલામતી અને મનની શાંતિ મહત્ત્વની ચીજ બની ગઈ છે !

જ્યારે ઈઝરાયલ બહાદુરીપૂર્વક આક્રમણનો સામનો કરતું હતું ત્યારે યુરોપના દેશો એક પછી એક પેટ્રોલ બચાવવા અને કટોકટી પાર કરવા રવિવારના મોટર ડ્રાઈવિંગને બંધ કરવામાં લાગી ગયા હતા. મજબૂત પહેલવાન્ હજી કુસ્તી માટે હાથ લંબાવે તે પહેલાં જાણે યુરોપનાં રાષ્ટ્રો ચકિત થઈ ગયાં હતાં !

જો આવી જ સલામતી અને અંગત શાંતિની મનોદશા રહેશે તો છેલ્લા ત્રણ દાયકામાં જે "ઉજ્જ્વળ સહઅસ્તિત્ત્વ" જોવામાં આવ્યું હતું તેમાં સહઅસ્તિત્ત્વ જેવું કંઈ નહિ રહે, પણ અમુક દાદાગીરીનું અસ્તિત્ત્વ રહેશે અને પશ્ચિમના દેશોનું નામનિશાન આ પૃથ્વી ઉપર નહિ રહે.

પશ્ચિમના બહુ આખા પ્રદેશ ઉપર ત્રીજું વિશ્વયુદ્ધ ત્રાટક્યું છે. આ આખો પ્રદેશ શું છે તે બુદ્ધિશાળી માણસ અહીં સમજી લે. પશ્ચિમના દેશો સમૃદ્ધિ વિસ્તારવા માંગે છે. જ્યારે માનવી ગમે તે ભોગે અને ગમે તેટલી છૂટછાટો આપીને અંગત સમૃદ્ધિ વધારવા માગતો હોય ત્યારે તેના ચારિત્ર્યનો હ્રાસ થાય છે. અત્યારે પશ્ચિમના ચારિત્ર્યનું આ એક આગવું લક્ષણ છે. જાણે ગુલામી ભાગવાને પણ અંગત સમૃદ્ધિ વધારવાની સ્પર્ધા જાગી છે. એટલે જ રશિયા સાથે કોઈ કરાર થાય એટલે અમેરિકા ગેલમાં આવી જાય છે. કેવો ઘાતક ભ્રમ ! રશિયાને ઉપયોગી ન હોય તેવા કરાર તે રાતોરાત ફગાવી દઈ શકે છે. તે વાતનો પણ અમેરિકાને ખ્યાલ નથી. પૂર્વના ગુલામીબંધુઓની ગુલામીને મંજૂરીની મહોર મારવાની ધૃષ્ટતા પણ

પશ્ચિમના રાષ્ટ્રો કરી રહ્યાં છે. એમને કદાચ ખ્યાલ છે કે આમ કરીને તેઓ શાંતિને આગળ વધારી રહ્યા છે.

પોઝનાનથી કેન્ટાન સુધીના તમામ પૂર્વના દેશોના એક સરેરાશ માનવીને ચોક્ખે ચોખ્ખું દેખાય તેવું ચિત્ર ઉપર આપ્યું છે. તેમાં કોઈ અતિશયોક્તિ નથી. છેલ્લા ૬૦ વર્ષથી વિશ્વના એકજ કેન્દ્રથી આ પ્રકારની ગુલામી માટેની જોહુકમી ઊઠે છે અને પછી દેશોને ગુલામ બનાવાતા જાય છે. હવે મલેશિયા, ઈન્ડોનેશિયા, ફોર્મોસા કે ફિલિપાઈન્સને કદાચ પશ્ચિમના દેશો ઉપર બહુ મદાર ન રહે તે સ્વાભાવિક છે. કારણ કે, ઘણાંને પ્રતીત થઈ ગયું છે કે ત્રીજું વિશ્વયુદ્ધ કેમ દૂર ઠેલવું તે પ્રશ્ન હવે રહ્યો નથી. હવે તો તેવો પ્રશ્ન કરવામાં મોડું થઈ ચૂક્યું છે. હવે તો ચોથા વિશ્વયુદ્ધને અટકાવવા માટેની હિંમતની જરૂર છે. હવે એ યુદ્ધમાં ઘૂંટણીએ પડીને તાબે થઈ શકાય તેમ નથી.

●

પરિશિષ્ટ (૬)

વનસ્પતિનું રહસ્યમય જીવન

(ઓગસ્ટ-૭૬ના 'પ્રબુદ્ધ જીવન'માંથી સાભાર)

(જૈન દર્શન પ્રમાણે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ બધા સજીવ છે. ૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન્ મહાવીરને આ દર્શન થયું ત્યારે, અત્યારે છે તેવાં વિજ્ઞાનનાં સાધનો ન હતાં. આવું અદ્‌ભુત દર્શન આત્મજ્ઞાન અને અંતરદૃષ્ટિનું પરિણામ માનવું જોઈએ. વિજ્ઞાન હવે આ હકીકત સ્વીકારે છે. વનસ્પતિ સજીવ છે તે શ્રી જગદીશચંદ્ર બોઝે પ્રથમ પૂરવાર કર્યું. ત્યાર પછી વનસ્પતિ સંબંધે ઘણાં પ્રયોગો થયા છે. આ બાબતમાં આ લેખ ઘણી રસપ્રદ હકીકતો પૂરી પાડે છે. જૈન દર્શનનું જીવશાસ્ત્ર-બાયોલોજી-અતિ ગહન છે. કોઈ પ્રખર વૈજ્ઞાનિક બાયોલોજિસ્ટ-તેનો અભ્યાસ કરે તો વિજ્ઞાનને તેમાંથી ઘણું જાણવાનું મળે તેમ છે. જૈનદર્શનનો અભ્યાસ કરે છે તેને વૈજ્ઞાનિક માહિતી નથી, એટલે જૂની પરિભાષામાં રટણ થયા કરે છે, જીવના અનંતા ભેદ એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના અને નિગોદ અને સમૃદ્ધિ સુધીના ગોખાયે જાય છે. એનો તુલનાત્મક અભ્યાસ થાય તો ઘણું ઉપકારક થશે.-ચીમનલાલ)

કેનેડાના શ્રી ક્રિસ્ટોફર બર્ડ તથા શ્રી પીટર થોમ્પકિન્સે ૧૯૭૪ના ઓક્ટોબરમાં એક પુસ્તક પ્રગટ કર્યું છે. 'ધી સિક્રેટ લાઈફ ઓફ પ્લાંટ્સ' 'વનસ્પતિનું રહસ્યમય જીવન,' આ રોમાંચક કથા વનસ્પતિ વિજ્ઞાનના અસંખ્ય પ્રયોગો અને ફળશ્રુતિઓનું વર્ણન છે. યુરોપ, અમેરિકા અને ખાસ કરીને રશિયામાં આ વિશે જે ભારે તપશ્ચર્યા કરાઈ છે, એનું આ પુસ્તક જાણે બૃહદારણ્યક ઉપનિષદ છે.

પુસ્તક પાંચ ભાગમાં વહેંચાયેલું છે. પહેલા વિભાગમાં છોડ શું શું કરી શકે છે એનું મનોરંજક વર્ણન છે.

શ્રી બેક્સ્ટર નામનો છૂપો જાસૂસ પોતાની પાસે 'ગાલવેનોમિટર'

રાખતો હતો. મનુષ્યના શરીરના વિદ્યુત્‌સંચાર પર એમના મનની પ્રસન્નતા કે તાણની જે અસર થાય છે તે આ યંત્ર માપે છે. એક દિવસ તેણે યંત્રના તાર પોતાના ખંડમાંના છોડના પાંદડાને જોડી દીધાં. જોયું તો પાંદડાંના સંવેદનનો નકશો પણ યંત્રમાં ઊપસવા લાગ્યો. તેણે વિચાર્યું : ''જરા એક પાંદડાને દીવાસળી ચાંપીને જોઉં તો ખરો, શું થાય છે ? ''મનમાં આ વિચાર આવ્યો કે તરત યંત્ર પર ભયનું ચિહ્ન આવ્યું. બેક્‌સ્ટરને દયા આવી, છતાં કેવળ ડરાવવા ખાતર તેણે દીવાસળી સળગાવી ત્યારે પેલો છોડ સાવ નફકરો હતો ! આ જોઈ બેક્‌સ્ટર આનંદવિભોર થઈ ગયો. જાહેર માર્ગ પર દોડી જઈને એલાન કરવાનું તેને મન થઈ આવ્યું. 'અરે નાના છોડ પણ વિચારી શકે છે, સમજી શકે છે.'

એક વાર કેનેડાના એક ભૌતિક વિજ્ઞાની બેક્‌સ્ટરના પ્રયોગો જોવા આવ્યા, એ આવ્યા એવાં પાંચ છોડ બેહોશ થઈ ગયા, અને યંત્ર કશુંયે બતાવી શકતું નહોતું. છઠ્ઠો છોડ કાંઈક કામ આવ્યો, એ જોઈ બેક્‌સ્ટર તો અવાક્‌ જ થઈ ગયો. પેલા આવેલા મિત્રે સંકોચસહ કહ્યું, હું છોડો વિશે સંશોધન કરું છું. ભઠ્ઠીમાં તેમને તપાવું છું. સૂકવ્યા પછી વજન નોંધું છું...' એ મિત્ર છેક વિમાનઘરે પહોંચ્યો એ પછી પૂરા પોણા કલાકે પેલા છોડવાઓમાં જીવ આવ્યો.

છોડ આપણો પ્રેમ પહેચાની શકે છે. આપણી ભાવનાઓનો જવાબ વાળવાની ઉત્સુકતા પણ એનામાં છે. જેમ મનુષ્ય પોતાનું ઊર્ધ્વીકરણ ઈચ્છે છે તેમ વનસ્પતિ પણ ઈચ્છે છે. વનસ્પતિ પણ અન્ય જીવસૃષ્ટિની સેવા કરવા તત્પર હોય છે. આ સેવા પરસ્પર પ્રભાવથી લેવાય, આક્રમણથી નહીં. એકવાર બેક્સ્ટર કેનેડાથી ન્યૂયોર્ક જવા નીકળ્યા ત્યારે કેટલાંક રોપાઓ સાથે સંવેદન-યંત્ર જોડીને ગયા. ૧૫ દિવસ પછી ન્યૂયોર્કમાં કેનેડા પાછા જવાની ટિકિટ તે ખરીદતા હતા તે દિવસે પેલા છોડોએ આનંદ વ્યક્ત કરેલો યંત્રમાં નોંધાયો હતો !

એક બીજા વિજ્ઞાની શ્રી વોગલે વધુ સઘન પ્રયોગ કર્યો. એની શિષ્યા વિવિયને બે પાંદડાં તોડ્યાં. એક પાંદડું પોતાના ખંડમાં મૂકી રાખ્યું અને

રોજ એને માટે શુભેચ્છાઓ વ્યક્ત કરતી રહી, 'ઘણું જીવો'નો સંકલ્પ-મંત્ર રટતી રહી. બીજા પાંદડાને પણ એટલું જ પોષણ આપતી હતી, પણ એને બહાર રાખ્યું હતું. બીજી બાબતમાં પણ ઉપેક્ષા કરી હતી. એક માસ પછી બંને પાંદડાંના પ્રયોગપોથી પર ફોટા ઉતાર્યા ત્યારે પહેલું પાંદડું સુંદર વિકસેલું હતું. બીજું મુરઝાયેલું હતું !

શ્રી જયોર્જ લોરેન્સે સિદ્ધ કર્યું કે વિદ્યુત્‌ ચુંબકીય યંત્ર કરતાં છોડનાં પાંદડાં વધારે તીવ્રતાથી પ્રતિબિંબ-સંવેદનનાં આંદોલનો દેખાડે છે ! જીવંત માનવનાં ભાવોનું શ્રેષ્ઠ પ્રતિબિંબ જીવંત માધ્યમમાં જ પડી શકે છે, એમ લોરેન્સે સાબિત કર્યું. પાંદડાની મદદથી તેણે બાયોડાયનેમિક (આંતરતારિકા-ચિહ્ન સંગ્રાહક) સ્ટેશન બનાવ્યું અને એપ્રિલ ૧૯૭૫માં 'ઊર્જા મેઝર'થી સંદેશા નોંધ્યા.

રશિયન વિજ્ઞાનીઓ શ્રી યર્ટોવ્હે તથા શ્રી પાણિસ્કીને જાહેર કર્યું કે લાંબા દિવસના પ્રકાશના રોપાઓ થાકી જાય છે. રાત્રે તેમને અંધકાર તથા આરામ જોઈએ છે. રશિયન પ્રયોગકારોએ એક જવનાં છોડનાં મૂળિયાંને ગરમ પાણીમાં ઝબોલ્યાં ત્યારે એનાં પાંદડાં ચીસ પાડી ઊઠ્યાં હતાં. પાગલ પેઠે છોડ અત્યંત બકવાટ કરવા લાગ્યો અને આખરે મૃત્યુની વેદનાથી તે છોડે ચિત્કાર કર્યો, 'આ છોડના પાંદડાં લીલાં હોવા છતાંયે એનાં મૂળિયાં જલી રહ્યા હતાં અને એની અંદરનો કોઈ મસ્તિષ્ક્કોશ (બર્નરસેલ) આપણને એની વેદના બતાવી રહ્યો હતો.'

માણસોની જેમ રોપાઓ પણ અજવાળું-અંધારું, ગરમી-ઠંડી, પોતાની સુવિધા પ્રમાણે તેઓ લઈ શકે એ માટેની સ્વિચ ચાલુ કે બંધ કરવાનાં સાધનો તૈયાર થઈ રહ્યાં છે. એક સાધારણ વાલોળના છોડે આ સાધનનો લાભ લેવા માટે ખાસ 'હાથ' પણ બનાવી લીધો છે.

મનુષ્યની માંસપેશીઓ પેઠે છોડોના મૂળમાં વિકસવાની સંકોચાવાની નસો છે અને એની ઉપર વિદ્યુતીય તંત્રિકા કેન્દ્ર (નર્વસ સેન્ટર) જોડવાથી મનુષ્યની સૂક્ષ્મ જીવ-જગતની ઘણી બધી ગુપ્ત વાતોની નોંધ કરી શકાય છે, તેમજ ચકાસણી કરવા માટે કોઈક દૂરના કેન્દ્ર સુધી પણ પહોંચાડી શકાય છે.

છોડ અને મનુષ્ય વચ્ચે બે પ્રેમીઓ જેવો ભાવનાસેતુ નિર્માણ થઈ શકે છે. છોડ રિસાય છે. હસે છે. સોલમી સદીનો એક જર્મન તત્ત્વજ્ઞાની વનસ્પતિના જીવનમાં પ્રવેશ કરતો હતો. વોગેલની શિષ્યા પણ એવો પ્રવેશ કરતી હતી.

બેક્સ્ટરના પ્રયોગો વાંચીને જાપાનના શ્રી હોશિમોટો તથા એમનાં પત્નીએ છોડો ઉપર પ્રયોગ કરીને બતાવ્યું કે છોડો વાત કરી શકે છે, મનુષ્યનો જન્મદિવસ બતાવી શકે છે, સરવાળા કરી શકે છે. યાને એમને ગણિત શીખવી શકાય છે. એક છોડને ઉપવાસની સજા કરીએ તો એને આસપાસનાં બીજા છોડો છૂપી પ્રક્રિયાથી પોષણ પહોંચાડે છે.

કોલસા, પેટ્રોલ કે ગેસની તુલનામાં પાંદડામાં સંગ્રહાયેલી સૂર્ય કિરણોની શક્તિનો સીધો ઉપયોગ કરી શકાય છે એવો અનુભવ પણ કરવામાં આવ્યો છે.

શ્રી લોરેન્સ બીજી એક મહત્ત્વની વાત કહે છે કે છોડવાઓ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનું કામ સામાન્ય વિદ્યુતપ્રયોગ જેવું નથી. એને માટે પ્રયોગકારે કેટલાંક ગુણો, સંયમ અને સહૃદયતા હાંસલ કરવા જોઈશે. છોડો તમામ જીવ-સૃષ્ટિ સાથે એકરૂપ રહે છે. વોશ બેસિનમાં ગરમ પાણી રેડવામાં આવ્યું એથી નળમાં રહેતા બેક્ટરિયાઓને બહુ કષ્ટ થયું. એમનું એ દુ:ખ પાસેના છોડોએ વ્યક્ત કર્યું. બે રશિયન વિજ્ઞાનીઓએ હિંદુ શાસ્ત્રમાં વાંચ્યું હતું કે જોરથી બગાસું ખાવાથી શક્તિ પુનઃ આવિર્ભાવ (રિચાર્જ) થાય છે. આ રીતે એમણે છોડોને શક્તિ આપી પણ ખરી.

પુસ્તકના બીજા વિભાગમાં ભારતીય વિજ્ઞાની શ્રી જગદીશચંદ્ર બોઝના જીવન અને કાર્યનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે. ૧૯૫૮માં રશિયાના શ્રી શિયોખિને ભારે પ્રકોપ વ્યક્ત કરતા લખ્યું હતું : 'શ્રી બોઝે ૧૯૦૨માં જે પ્રયોગો કર્યા એ વિશે પશ્ચિમનું જગત ૫૦ વર્ષ સુધી સૂતું રહ્યું. શ્રી બોઝે પૂર્વના પ્રાચીન જ્ઞાનનો તથા પશ્ચિમના આધુનિક શાસ્ત્ર અને પરિભાષાનો સુમેળ કર્યો છે.' વૈજ્ઞાનિક પ્રયોગકારોનું સંમેલન યોજીને રશિયન વિજ્ઞાનીઓએ શ્રી બોઝની શતાબ્દી ઊજવી. આજના

કેટલાયે પ્રયોગોની પશ્ચાદ્ ભૂમિકારૂપે અસંખ્ય વિચારો આ પુસ્તકમાં જોવા મળે છે.

પરીકથા કરતાંયે વધારે આશ્ચર્યજનક

શ્રી જગદીશચંદ્ર બોઝની અગાઉ સદીઓથી એવી માન્યતા હતી કે છોડમાં નાડીપ્રણાલી (નર્વસ સિસ્ટમ) નથી. એથી સર્વ પ્રકારની ઉત્તેજનાઓ માટે તે જવાબદાર (રિસ્પોન્સિવ) નથી. શ્રી બોઝે છોડને એક જગ્યાએથી ઉખેડીને બીજે રોપ્યો ત્યારે એમને કાંઈ કષ્ટ ન થયું. સંશોધન અને પ્રયોગોના આધારે શ્રી બોઝે વિસ્મિત શ્રોતાઓને કહ્યું કે 'સ્થાવર અને જંગમ વચ્ચેની ખાઈ કાંઈ અધિક ગણનાપાત્ર છે નહીં, ભૌતિક (ફિઝિકલ) અને શારીરિક (ફિઝિયોલોજિકલ) ઘટનાઓ વચ્ચે સીમારેખા બતાવવાનું મુશ્કેલ છે. તેમણે જણાવ્યું કે પશુઓની ખાલ અને શાકભાજી-ફળની છાલ, સમાન રીતે કામ કરે છે. 'રિંજર-સોલ્યુશન' નામના રસાયણમાં પ્રાણીનું હૃદય મૂકવાથી ધબકવા લાગે છે તેમ પાંદડાને પાણીમાં મૂકવાથી તેનો ધબકાર ચાલુ રહે છે. છોડ મરે છે ત્યારે વિદ્યુત્શક્તિનો એક જોરદાર ધડાકો થાય છે. વટાણાના ૫૦૦ દાણા, ૫૦૦ વોલ્ટ્સ પેદા કરે છે. શરાબ સીંચવાથી છોડો પાગલ બન્યા, ખૂબ હાલ્યા-ડોલ્યા. કાર્બનડાયોક્સાઈડ આપવાથી તે મૃતવત્ થયા અને પુનઃ પ્રાણવાયુ આપવાથી ઠીક થયા. છોડનો વિકાસ સંગીતની જેમ લયમાં થાય છે. પ્રત્યેક તરંગ વેળા એક આરોહણ, પછી થોડો વિરામ અને છેવટે અવરોધ. મોટાં વૃક્ષો પોતાની પ્રતિક્રિયા બાદશાહી ઠાઠથી બતાવે છે. જ્યારે નાના છોડ જલ્દી ઉત્સાહી થઈ જાય છે. શ્રી હેન્રી બર્કસને કહ્યું છે, 'બાપડાં મૂગાં વૃક્ષોને શ્રી બોઝે પ્રભાવ પૂર્ણ ભાષા આપી.' શ્રી બોઝ સ્વયં કહેતા હતા, 'આ બધું પરીકથા કરતાંયે વધારે અજબ છે, છતાં સત્ય છે.'

વનસ્પતિનું પણ પોતાનું અસ્તિત્ત્વ છે.

૧૯૬૪માં જર્મન વિજ્ઞાની શ્રી રૂડોલ્ફ જેકબ કેમેરારિયસે શોધ કરી કે ફૂલવાળા છોડોની વિવિધ જાતો છે અને પુષ્પરજની ક્રિયાથી એમની ફલોત્પત્તિ થાય છે.

શ્રી ગુસ્તાવ ફેરનર નામના તબીબે અંધારા ઓરડામાં પ્રાર્થના કરતી વેળા ફૂલનો અવાજ સાંભળ્યો અને એની ઉપર એક જ્યોતિર્મય દેહ જોયો. પછી અનેક પ્રયોગ દ્વારા તેમણે સિદ્ધ કર્યું કે મનુષ્યની પેઠે છોડને પણ સૂક્ષ્મ દેહ. કારણ-શરીર અને પ્રભામંડળ છે. ઝેંદ અવેસ્તા અને ગટેનાં કાવ્યોમાં એનો પ્રાથમિક-ઉલ્લેખ છે.

એ જ રીતે ૧૮૯૨માં પણ શ્રી લ્યૂથર બરબેંકે અમેરિકામાં ઉત્સાહનું મોજું ફેલાવી દીધું હતું. પરિણામે વેબસ્ટરના નવા શબ્દકોશમાં એમના નામ પરથી એક નવો ધાતુ ઉમેરવામાં આવ્યો — 'ટુ બરબેંક'. કોઈ ચીજને ખાસ કરીને છોડોને દોષવિહીન અને ઉન્નત બનાવવા માટે 'ટુ બરબેંક' ધાતુ વપરાવા લાગ્યો. ૧૯૦૬ની ૧૮મી એપ્રિલે એક આશ્ચર્યજનક ઘટના બની. સાનફ્રાન્સિસ્કોમાં સાંતારોઝા નામનું આખું ગામડું નાશ પામ્યું, પરંતુ ત્યાં આવેલો બરબેંકનો બગીચો સુરક્ષિત રહ્યો એ જોઈ બરબેંકે કહ્યું, 'મેં વૃક્ષોને પ્યાર કર્યો છે, એ પ્રકૃતિ-તાદાત્મ્યે જ મારા પ્રયોગક્ષેત્રનું રક્ષણ કર્યું છે.' તેમણે લખ્યું છે, અનાદિકાળથી પૃથ્વીતળ ઉપર વૃક્ષરાજી ટકેલી છે. તો તેનું પોતીકું વ્યક્તિત્ત્વ તથા એની જોરદાર સંકલ્પશક્તિ નહીં હોય એવું તમે ધારો છો ?

શ્રી જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર નીગ્રો હોવા છતાંયે બહુમાન્ય બન્યા હતા. બાળપણથી તે વનસ્પતિની સંગતમાં મોટા થયા હતા. તેમણે છોડોનું દવાખાનું શરૂ કર્યું હતું. ગામેગામથી બીમાર છોડવા એની પાસે આવવા લાગ્યા અને પુનઃ પ્રફુલ્લિત થવા લાગ્યા. એમના એક પ્રોફેસર કહે છે, 'દેશનો કૃષિપ્રેમ જીવતો હોય છે ત્યાં સુધી જ દેશ જીવંત રહી શકે છે.' મોટો થઈને કાર્વર મહાન કૃષિવિજ્ઞાની બન્યો. પોતાના વિદ્યાર્થીઓ માટે તે ખૂબ પરિશ્રમ કરતો હતો. રોજ વહેલી સવારે ચાર વાગે ઊઠીને જંગલમાં જતો અને ઘણાં છોડો લઈને કાર્વર પાછો આવતો. તે કહેતો : 'પ્રકૃતિ સર્વોત્તમ શિક્ષિકા છે અને બીજાઓ ઊંઘતા હોય છે ત્યારે હું પ્રકૃતિ પાસેથી ઘણું બધું શીખી લઉં છું. ઢળતી રાતના અંધારામાં ઈશ્વર મને બતાવે છે કે મારે કઈ કઈ યોજનાઓ પૂરી કરવાની છે.' એક દિવસ તેણે મગફળીના છોડને પૂછ્યું, 'તારું રહસ્ય શું છે ?' પટ દઈને છોડે જવાબ

દીધો, 'વ્યવસ્થા, ઊષ્ણતામાન અને હવાનું દબાણ.' સાત દિવસ અને સાત રાત એમના પર પ્રયોગો કરીને કાર્વરે મગફળીના ૨૧ પ્રકાર તૈયાર કર્યા. મરતાં પહેલાં પોતાના એક મિત્રને એક ફૂલ બતાવીને કાર્વરે કહ્યું, આ ફૂલને સ્પર્શ કરતાં જ હું અનંતમાં પહોંચી જઉં છું. એ સ્પર્શ પાર્થિવ નથી...અદૃશ્ય જગતમાંથી જાણે એક નાજુક અવાજ આવતો ન હોય !'

કલ્યાણકારી વનસ્પતિ

પુસ્તકના ત્રીજા વિભાગમાં વનસ્પતિને સંગીત કેટલું પ્રિય છે. એના પ્રયોગની નોંધ છે. વનસ્પતિને પ્રાચીન સંગીત ગમે છે, રોક સંગીતથી તે મોં ફેરવી લે છે. પ્રિય સંગીતથી વનસ્પતિ ઝટ વધે છે.

પ્રત્યેક જીવંત વસ્તુમાંથી એક પ્રકારનાં શક્તિ-કિરણો નીકળે છે. ૧૮૪૫માં જર્મનીના શ્રી કાર્લે અને પાછળથી શ્રી વિલિયમ રીશે જાહેર કર્યું કે પ્રાચીન ગ્રીક 'ઓરગન' અને સાહિત્યમાં 'ઈથર'નો ઉલ્લેખ આવે છે. તે કોઈ ભૌતિક શક્તિ નહોતી. ૧૯૬૦ સુધીમાં તો એ વાત સર્વમાન્ય થઈ ગઈ કે સમસ્ત જીવસૃષ્ટિ પાછળ ઈલેક્ટ્રોન (વિદ્યુત્પરમાણુ)નો મૂળભૂત પ્રવાહ વહે છે.

હવે તો વાતાવરણમાં રહેલા વિદ્યુત્તરંગોનો ઉપયોગ વનસ્પતિ વિકાસ અર્થે કરાઈ રહ્યો છે. પાંદડાની તીક્ષ્ણ શિરાઓ વિદ્યુત્ને આકર્ષે છે. ઠંડો પ્રકાશ છોડોને નુકશાન કરે છે, ટેલિવિઝન પણ નુકસાન કરે છે.

ભારતમાં મોહન, મારણ, ઉચ્ચાટ (મંત્રતંત્રથી ઉચાટ કરાવવો તે) ની વાત આપણે સાંભળતા આવ્યાં છીએ. રશિયન વિજ્ઞાનીઓએ સંવેગમાપક યંત્ર મૂકીને વનસ્પતિ પર સંમોહનનો પ્રયોગ કર્યો પછી છોડોને હસવાનો આદેશ આપ્યો, છોડોએ કળીઓ ખિલાવીને હાસ્ય પ્રગટ કર્યું. પછી તેમને કહેવામાં આવ્યું, 'તમને હવે ઠંડી લાગે છે.' ત્યારે એ છોડો ઠંડીથી થથરવા લાગ્યા. શ્રી કિલિયાન અને એમનાં પત્નીએ તો કમાલ કરી દીધી. છોડો-પાંદડાંની અંદરની શક્તિનો જ્યોતિર્મય ફોટો ખેંચી શકાય એવો કેમેરા તેમણે નિર્માણ કર્યો !

દર્દથી ચીસો પાડતાં દર્દીઓ વચ્ચે કેટલાંક છોડોને એક વિજ્ઞાનીએ

મૂક્યા ત્યારે એ ફોટાઓમાં એ છોડોની ઊર્જાશક્તિ ઓછી થયેલી દેખાઈ. ઊર્જાશક્તિનો પ્રવાહ માણસના મધ્યભાગમાંથી નીકળીને સ્વસ્તિક આકારે વહે છે. જગતની લગભગ બધી સંસ્કૃતિઓમાં આ સંસ્કૃત શબ્દ 'સ્વસ્તિક' પ્રચલિત છે, જેનો અર્થ થાય છે-કલ્યાણ, આરોગ્ય !

વનસ્પતિનું રસાયણશાસ્ત્ર

પુસ્તકના ચોથા વિભાગમાં વનસ્પતિનું રસાયણશાસ્ત્ર આપવામાં આવ્યું છે. આહારશાસ્ત્રનાં નિયમો એ આધાર પર સાંપડ્યા છે. આ વિજ્ઞાનમાં શ્રેષ્ઠ ફાળો આપનાર છે. શ્રી નિકોલસ. એમણે રજૂ કરેલા તથ્યો નીચે પ્રમાણે છે.

(૧) તંદુરસ્ત છોડો પોતે જ જંતુરક્ષક હોય છે.

(૨) અપ્રાપ્ય વિટામીન 'બી' અને બેરિયમ ઘઉંનાં લોટનાં ચળામણમાં હોય છે.

(૩) કૃત્રિમ માખણ (માર્જરિન), સફેદ સાકર, સફેદ રિફાઈન્ડ મીઠું અને કૃત્રિમ ખાતર ખતરનાક છે.

શ્રી રૂડોલ્ફ હોશિકોએ પ્રમાણો આપીને પુરવાર કર્યું છે કે ચંદ્રની કળા ખીલે છે તેની સાથે વનસ્પતિ સુકુમાર (ઈથીરિલાઈજડ.) બને છે અને વિકસે છે. જોકે સદીઓથી પશ્ચિમી જગતમાં વનસ્પતિ વાસ્તે સૂર્યની ગરમી અને પાણી જ આવશ્યક ગણાયા છે. ત્યારે ભારતીય ઔષધ વિજ્ઞાનમાં ચંદ્રને ઔષધીશ અથવા અમૃતવપુઃ કહ્યો છે, એ સાચું છે. સમસ્ત સજીવ સૃષ્ટિના વિકાસ માટે ચંદ્ર બહુ ઉપયોગી છે એવો દાવો શ્રી હોશિકોનો છે.

શ્રી સ્ટીનરે આધ્યાત્મિક વિજ્ઞાન વિશે ઘણું લખ્યું છે. તેમણે કહ્યું છે કે, આપણે છોડ-પાન પાસેથી પ્રાણવાયું, હાઈડ્રોજન કે કાર્બન પ્રાપ્ત કરી શકીએ છીએ. પરંતુ એ ચીજો કોઈપણ રીતે સંયોજન કરીને આપણે છોડ પેદા નથી કરી શકતા. જે જીવંત છે તે મરે છે. પરંતુ એ મરેલામાંથી વળી પાછુ સજીવ આપણે પેદા નથી કરી શકતા. સજીવ-સૃષ્ટિનું જ્ઞાન કેવળ ભૌતિક તત્ત્વોથી નથી થતું.

વનસ્પતિ અને આહાર

ખાદ્ય-પદાર્થોની ઊર્જા માપવાના પ્રયોગનું વર્ણન પાંચમા વિભાગમાં છે. શ્રી બેવિસે એક હલકું લોલક બનાવ્યું. એની નીચે એક ફૂટપટ્ટી મૂકી. તપાસવા મૂકેલી ખાદ્યવસ્તુની જીવનશક્તિની માહિતી પેલા લોલકના હાલવાથી મળે છે.

એના પરથી શ્રી બેવિસે પદાર્થોની જ્યોતિર્મયતા (રેડિયન્સ) માપવાનું યંત્ર બનાવ્યું. એનાથી એક દ્રવ્યની માહિતી મળી, એનું નામ છે, 'એન્ગસ્ટ્રોમ'. બીજા એક વિજ્ઞાની શ્રી સીમોનેટને સાબિત કર્યું કે, પોષણ (ન્યુટ્રીશન)ના ઉષ્માંક (કેલરી)ની ગણતરી કરવાનું જેટલું વાસ્તવિક અને વૈજ્ઞાનિક છે એટલું જ એન્ગસ્ટ્રોમની ગણતરી કરવાનું. કેલરીની જેમ 'એન્ગસ્ટ્રોમ' પણ ઉપયોગી છે. સીમોનેટને કઈ ચીજમાં કેટલું 'એન્ગસ્ટ્રોમ' છે તેની લાંબી યાદી પોતાના પુસ્તકમાં આપી છે. આ યાદી આપીને શ્રી સીમોનેટને ચેતવણી આપી છે કે જે ચીજમાં ૬૫૦૦ કરતા ઓછા પ્રમાણમાં 'એન્ગસ્ટ્રોમ છે તે પદાર્થો ખાવાથી ખાનારની જ્યોતિર્મયતા ચાલી જાય છે. તેમણે એ શોધ્યું છે કે વનસ્પતિના વિવિધ અવયવોમાં જ ઔષધીય ગુણો રહેલા છે તે કેવળ એમની રાસાયણિક પ્રકૃતિ પર અવલંબતા નથી પરંતુ એમની જ્યોતિર્મયતા પર પણ નિર્ભર છે. આજે બધા પદાર્થોની રાસાયણિક સરંચના પૂર્વવત્ હોવા છતાંયે એમના ગુણોમાં ઓછપ આવી છે એનું આ જ કારણ છે. પ્રદુષણને કારણે તે મૃત્યુવત્ થઈ ગયા છે. વનસ્પતિ ઔષધીઓમાં મનુષ્યની ગતિમાનતા વધવાની શક્તિ છે, જેના દ્વારા મનુષ્ય આધ્યાત્મિક તાકાત ખેંચી શકે છે.

(સિક્રેટ લાઈફ ઓફ પ્લાન્ટસ પુસ્તકમાંથી 'સમર્પણ' દ્વારા સાભાર)

●

પરિશિષ્ટ (૭)

“પૃથ્વીમાં જીવ છે.” જૈનદર્શનની માન્યતાનો સચોટ પુરાવો

(ઊગતા પથ્થરોનું ગામ વીચવાડા)

લીનાબહેન અનુ : અમૃત મોદી

આપણાં ગુજરાતમાં એક એવું ગામ છે કે જ્યાં ધાન પાકતું નથી, વનસ્પતિ ઊગતી નથી, ઊગે છે કેવળ પથ્થરો. અને ઊગ્યા પછી વૃક્ષોની જેમ એ ધીરે ધીરે વધે છે.

છે ને અચરજની વાત ! માની ન શકીએ એવી પણ વાત નથી ? અને છતાંય સાવ સાચી વાત છે. પથ્થરો ઊગવાની આ વાતની વિચિત્રતા તો એવી છે કે પાકા બાંધેલા રૂડા-રૂપાળા મકાનના રસોડામાં, શયન ખંડમાં કે મુખ્ય ખંડમાં પણ એકાએક પથ્થર ફૂટી નીકળે છે અને પછી વધવા માંડે છે ! કેવળ સુરંગો ચાંપીને જ એને તોડી ફોડી ખસેડી શકાય છે. અને આવી તોડફોડથી મકાનને થતા નુકશાનનું ખર્ચ ગ્રામપંચાયત ભોગવે છે !

આ ગામનુ નામ છે વીરાવાડા.

સાબરકાંઠા જિલ્લાના હિમ્મતનગરથી માત્ર ૧૫ કિલોમીટર ઉપર જ આવેલું છે.

ખૂબીની વાત એ છે કે ગામની બહાર પગ મૂકો એટલે ઝાડ, પાન, વનસ્પતિ અને ધાનનાં ખેતરો લહેરાતાં હોય. એક માત્ર ગામમાં જ એમાંનું કશું જ હોતું નથી.

પથ્થરોનું જંગલ

આવા અજીબોગજીબ ગામની મેં જિલ્લા માહિતી અધિકારી મનોજ આહવા અને અમારા જુવાન તસવીરકાર કરણ સોલંકી સાથે મુલાકાત

લીધી અને આ બધું જોઈ-જાણી વધુ પૂછપરછ કરવા અને પાકી ખાત્રી કરવા ગામના સરપંચ મહંમદમીયાં છોટુમીયાં મલેકની મુલાકાત લીધી, ચુમ્મોતેર વર્ષના જૈફ જમાલભાઈ ઈડરિયાની મુલાકાત લીધી, એકધાર્યા ૪૫ વર્ષથી એ ગામમાં ઉછરેલા કરીમભાઈ મનસૂરીને પણ મળ્યો. આ સૌનું કહેવું હતું કે જન્મ્યા ત્યારથી અમે તો આ ગામમાં ગમે ત્યારે ઊગી નીકળતા અને પછી ધીરે ધીરે વધતા કાળમીંઢ પથ્થરોના ટીંબા અને ખડકો જ જોયા છે. પેલા ૭૪ વર્ષના જૈફ જમાલભાઈએ આંખે નેજવું કરી ગામ ફરતા ઊભેલા તોતિંગ કાળમીંઢ પથ્થરોના ખડકો ભણી આંગળી ચીંધતા કહ્યું : હું નાનો હતો ત્યારે આ વીસ વીસ હાથ ઊંચા પાણાં માંડ એકાદ ફૂટના પણ નહોતાં. અને જુઓને આજે કેવા ફાલીફૂલી વધી ગયા છે ?

વીરાવાડાનો ઈતિહાસ

એમણે આ ગામનો ઈતિહાસ પણ કહ્યો.

એમણે કહ્યું : આજે આ ગામ અમારા મલેકોનું જ છે. એમાં આંગળીને વેઢે ગણાય એવા હિન્દુ પરિવારોને બાદ કરતા ગામની અઢીથી ત્રણ હજારની વસ્તી અમારા મલેકોની છે. ગામનું નામ ભલે વીરાવાડા હોય, પણ આસપાસની વસ્તી એને પથ્થરિયા ગામ તરીકે જ ઓળખે છે.’

આટલી પ્રસ્તાવના કર્યા પછી એમણે ગામનો ઈતિહાસ કહેવા માંડ્યો : ‘મૂળ આ ગામ, આજથી ત્રણસો વર્ષ ઉપર વીરાજી નામના એક બળિયા અને ખૂંખાર ઠાકોરની ઠકરાત હતું. એ માથાભારે અને વકરેલા માણસથી આસપાસના મુલક થરથરતાં હતાં.’

‘એકવાર એની નજર બાજુના બ્રહ્મક્ષત્રિય ગામના ઠાકોરની ખૂબસુરત જુવાન રાજકુંવરી પર ઠરી. એને થયું આવો રૂપનો કટકો તો વીરાવાડામાં જ શોભે. એણે પળનીય વાટ જોયા વગર માંગુ મોકલ્યું : ‘તમારી દીકરીને મારી સાથે પરણાવો. નહિ તો તમારું ગામ ભાંગીને, એને રોળી-ટોળીને એને ઉપાડી જઈશ.

વીરાજી હણાયો

‘વીરાજીની આ માગણી અને એની પાછળની આકરી ધમકી

સાંભળી પેલો બ્રહ્મક્ષત્રિય રાજવી તો ધ્રુજી ગયો. રક્ષણ માટે એણે આસપાસ નજર નાખી. છેવટે એની નજર અમારા મલેકોના દૂર દૂર આવેલા ગામ પર પડી. એણે ત્યાં પહોંચી જઈ પનાહ માગતાં કહ્યું 'તમે જો વીરાજીથી મને, મારા ગામને અને મારી પારેવડી જેવી દીકરીને બચાવવા વીરાવાડા ઉપર ચડાઈ કરીને વીરાજીને ઠાર કરશો તો એ ગામ તો તમારી ઠકરાત ઠરશે, પણ ઉપરથી મારી ઠકરાતનું એક ગામ પણ સરપાવમાં આપીશ.'

'મલેકોને કશું ગુમાવવાનું હતું જ નહિ. એમને ઠરીઠામ થવા ઠકરાત જોઈતી જ હતી એટલે એમણે એ શરત કબૂલ રાખી. વીરાજીના આ વીરાવાડા ઉપર ચોપાસથી હુમલો કરી એને બરાબરનો ઘેર્યો. વીરાજી બળિયો હતો એટલે લડ્યો પણ પૂરા ઝનૂન અને તાકાતથી પણ બૂરી નૈયત કદી ફળે ખરી ? એ ઠાર થયો અને આ વીરાવાડા અમારા હાથમાં આવ્યું. બસ ત્યારથી અમારી કોમ અહીં રહેતી આવી છે.'

'ગામ પથ્થરીયું છે, એમાં પાણા જ પાકે છે. છતાં એ અમને કોઠે પડી ગયું છે, એટલું જ નહિ પણ એને છોડી જવાને બદલે એના પર અમારુ મમત્વ ઉપજ્યું છે.'

શીળી બિછાત

'અને સાહેબ, આ કાળકરાળ પથ્થરોના અડાબીડ જંગલમાં અમે સુખી થયા છીએ. ગમે તેવો ધોમધખતો હોય તોય આ ડુંગરોની શીળી બિછાત ઉપર બેસીને અમે જયાફતો માણતા હોઈએ છીએ કારણ કે આ કાળમીંઢ પથ્થરો એવા આકરા તાપમાં પણ તપતા નથી, ધીખતા નથી.

શરૂઆતમાં તો આ ગામમાં રસ્તો પણ નહોતો. પણ રસ્તો કરવા માટે સુરંગો ફોડવામાં નિષ્ણાત એવા રાજસ્થાની કારીગરોને તેડાવી એમના પાસે સુરંગો મૂકાવીને પથ્થરો સાફ કરાવી આ રસ્તો બનાવ્યો છે.'

ગામના સરપંચ મહમદમીંયાએ અમને એક જગાએ સુરંગ ધરબી પથ્થરો-ખડકોના અવરોધો કેવી રીતે દૂર કરાય છે એ પ્રયોગ કરીને દેખાડ્યું, તો ગામના ઘરોમાં ફેરવીને ઘરોમાં ફુટી નીકળેલા પથ્થરો પણ

નજરો નજર દેખાડ્યાં. પાકા બંધાયેલા ઘરોમાં ફુટી નીકળેલા પથ્થરો જોઈ અમે તો આભાજ બની ગયા.

સંશોધનનો વિષય

અને એથી ગુજરાતને એના એક અજીબોગજીબ ગામનો પરિચય કરાવવા વેઠેલો શ્રમ અમને સાર્થક લાગ્યો. ભૂસ્તરશાસ્ત્રીઓને રસ હોય અને ફૂટતા પથ્થરો અંગે સંશોધન કરી એ રહસ્ય છતુ કરવું હોય તો એમના માટે પણ એક સરસ સંશોધનનો વિષય બને એવા આ વીરાવાળાની મુલાકાત લેવા જેવી છે.

— અવિનાશ ગાંધી

'સૌરસ' તા. ૬-૩-૭૭માંથી સાભાર

●

પરિશિષ્ટ (૮)

શું વૈજ્ઞાનિકોની શક્તિ અગોર પ્રજાની પાયમાલી કરવા માટે કામે લાગી છે ?

• 'પારથેનીઅમ' કૃષિ અને માનવી માટે ખતરનાક ઘાસ પરદેશી અનાજ સાથે ભારતમાં આવેલી ઝેરી વનસ્પતિ : એક છોડમાં ૫૦ હજાર બી ! વડવાનલની જેમ થયેલો ફેલાવો : હવે શું ?

ભારતીય કૃષિ સંશોધન કાઉન્સિલ (આઈ.એ.આર.સી.)ના એલોન પ્રમાણે દેશમાં ૨૨મી ઓગસ્ટે 'ગજર ઘાસ ઉન્મૂલ દિને' પાળવામાં આવ્યો. આ ભયંકર પ્રકારના ઘાસે ભારતના ખેતી જગતમાં મોટી આપત્તિ ઊભી કરી છે. એ બેફામ ઉગે એટલું જ નહિ પણ પાક તેમજ પ્રાણીઓને નુકસાન કરે છે. અંગ્રેજીમાં એ ઘાસને "પારથેનિયમ" કહે છે.

'કોંગ્રેસ ઘાસ'

પારથેનિયમ ઘ્રોની જેમ ઊગતું હરિયાળી ફેલાવતું ઘાસ હોય તો એને ઉખેડી નાંખવાની હાકલ કરી ન પડે. એ ઘાસ દ્વિ બીજપત્રી સુરજમુખી પરિવારનો એક છોડ છે, જેનું જીવન એક વર્ષનું હોય છે. એનાં પાંદડાં ગાજરના જેવાં હોય છે. ફૂલ ઝીણાં તથા આકર્ષક ગુચ્છમાં છેક ટોચ પર ખીલેલા હોય છે. તેનો રંગ સફેદ અને માથે સફેદ ફુમતાં જેવાં હોવાથી તેને "કોંગ્રેસ ઘાસ", "સફેદ ટોપી" અથવા "ચટક ચાંદની" ઘાસ કહે છે.

પશ્ચિમથી આયાત

પારથેનિયમ ઘાસની માતૃભૂમિ વેસ્ટ ઈન્ડિઝ તેમજ ઉત્તર અમેરિકા છે. ભારતમાં પહેલીવાર તેનો ઉલ્લેખ ૧૯૫૬માં પૂનાની આસપાસના ખેડાયા વિના પડી રહેલાં ખેતરોની હાલ વિષેના રિપોર્ટમાં થયો એ પછી

તેનો ફેલાવો વંટોળની જેમ થયો અને થોડા જ વર્ષોમાં એની હાજરી ધારવાડ, બેંગલોર, દિલ્હી, મધ્ય પ્રદેશ, કર્ણાટક, તામીલનાડુ, કેરલ, જમ્મુ, કાશ્મીર અને મહારાષ્ટ્રમાં ચારે કોર જોવા મળી છે.

ભારતમાં આ આફત પી. એલ. ૪૮૦ના મેકસીકન ઘઉંની સાથે આવી. શરૂઆતમાં એની ભયંકરતાનો ખ્યાલ ન હોવાથી બળતણ માટેની કરાંઠી તરીકે એને આવકાર પણ મળ્યો. અને તેના ફૂલો સુશોભન તરીકે જ્યાં ત્યાં ઉપયોગમાં લેવાતાં હતાં, અને બજારમાં વેચાતાં પણ હતાં.

ચેપી રોગોની જેમ ફેલાવો

"કોંગ્રેસ ઘાસ"નો છોડ ૪ થી ૬ ફીટ ઊંચો અને પાંદડાં છૂટા છૂટા રહે છે. મોટી ડાળીઓમાંથી અનેક નાની ડાળીઓ ફૂટે છે. અને તે દરેક નાની ડાળીને છેડે સફેદ ફૂલનો ગુચ્છ હોય છે. જેમાં બી ભરેલાં હોય છે. એક પૂરા કદના છોડમાં ૫૦ હજાર જેટલાં બી ઉત્પન્ન થતાં હોવાથી આ ઘાસ ચેપી રોગની જેમ ફેલાય છે. બીજ બહુ હલકા હોવાથી વાયરામાં એકદમ ઊડે છે. અને પથરાઈ જાય છે. તળાવના કાંઠે એનાં ઝુંડના ઝુંડ ઊગી જાય છે. પડતર જમીન, રેલ્વે લાઈનની બે બે બાજુએ અને જંગલી ઝાડીમાં એનો ગીચ ઉછેર થાય છે.

ગુજરાતમાં આ બલાએ હજી દેખાવ દીધો નથી, પણ મધ્યપ્રદેશમાં છેક ઈન્દોર અને મહારાષ્ટ્રમાં પૂના સુધી ફેલાયું છે એટલે ગુજરાત પર તેની ચઢાઈ અશક્ય નથી. જુવાર, મકાઈ, ડાંગર, મગફળી, કપાસ, બટાકા તથા ભાજીપાલાના વાવેતરમાં આ ઘાસ એકદમ ખીલે છે. જંગલમાં ય તથા ભાજીપાલાના વાવેતરનાં ઘાસ એકદમ ખીલે છે. જંગલમાં ય સહેલાઈથી ફૂટી નીકળતા ઘાસને ખેતરના પાકની માવજત મળે પછી શું બાકી રહે ?

એકદમ ઊગે છે

આ ઘાસની વિશેષ ભયંકરતા એના બીજની કેટલીક લાક્ષણિકતામાં રહેલી છે. બીજ ખૂબ હલકાં હોવા ઉપરાંત જમીન પર પડવા સાથે તરત જ ઊગી નીકળે છે, અને જેટલાં ખરે એટલાં બધાં જ ઊગે છે ! ઊગ્યા પછી છોડ થોડા સમયમાં રૂષ્ટપુષ્ટ થઈને ૪-૫ ફીટ ઊંચા થાય છે અને

બરાબર એક વર્ષ સુધી ટકીને લહેરાય છે. એક વર્ષના આયુષ્યમાં એ સેંકડોને સેંકડો બીજ જમીન પર વેરે છે, જેને હવા દૂર દૂર સુધી પાથરી દે છે. સૂકામાં સૂકી ઋતુમાં પણ આ છોડ સૂકાઈ મરતો નથી. એટલે ઊગ્યા પછી તેના નાશનું પ્રમાણ નહિવત્ હોય છે.

પારથેનિયમની ઘાસની ૨૦ જાત વનસ્પતિશાસ્ત્રીઓએ નોંધી છે, પણ ભારતમાં એકજ, અને જે વધુમાં વધુ ખતરનાક જાત આવી છે તેનું નામ પારથેનિયમ હિસ્ટેરોફોરસ છે.

ઝેરી અસરો

એની અસરોની તપાસમાં જણાયું છે કે એના સંસર્ગમાં આવનાર માનવીઓમાંથી લગભગ બે ટકાને એની બીમારી જરૂર લાગુ પડે છે. પૂનાના એક પ્રસિદ્ધ ચામડી-નિષ્ણાત ડોક્ટરના જણાવ્યા પ્રમાણે પારથેનિયમ ઘાસમાં એક ઝેરી રસાયણ છે તે ચામડીને અડતા ચર્મરોગ થાય છે, જેથી ચહેરો, હાથ અને ગરદન પર મગરની ચામડી જેવા બરછટ ચકામાં પડી જાય છે, જે જૂની દાદરના જેવાં લાગે છે. વળી આ ઘાસથી ચિત્રવિચિત્ર પ્રકારની 'એલર્જી' થવાથી કેટલીકવાર દરદીનું મૃત્યું પણ થાય છે. એ ગીચ ઝાડીની જેમ પથરાય છે અને પુષ્કળ ફૂલ ઝમતાં હોવાથી તેની ઝેરી પરાગની અસર હવાના માધ્યમ દ્વારા પણ ફેલાય છે.

આવા ઘાસનો નાશ કેવી રીતે કરવો એ પણ મોટી સમસ્યા છે. સારામાં સારો માર્ગ છોડ નાનકડા હોય ત્યારે જ મૂળમાંથી ઉખેડી નાંખવાનો છે. સરકારનું કૃષિખાતું એ કામ મશીન વડે કરવામાં માને છે. અત્યારે વરસાદથી જમીન પોચી છે, અને છોડ હજી ઊભા રહ્યા છે ત્યારે તેને જડમાંથી ઊખેડવાની ઝુંબેશ સામૂહિક ધોરણે ઉપાડવામાં આવે તો પરિણામ આવે. હાથ વડે ઉખેડીને એક બાજુ ખડકીને સૂકા થતા સળગાવી મૂકવાથી જેમ તેનો નાશ થાય છે, તેમ રસાયણોના છંટકારથી પણ તેનો ખાતમો થઈ શકે છે. કર્ણાટકમાં "બોમોસીલ" નામનું રસાયણ કામિયાબ નીવડ્યું છે. ૨-૪ડી તથા પેરાકયેટરનું મિશ્રણ પણ કામ આપે છે. કોપર સલ્ફટથી પણ આ છોડની વૃદ્ધિ અટકે છે.

(ગુજરાત સમાચાર તા. ૩૧-૮'૭૬ માંથી સાભાર)

●

પરિશિષ્ટ (૯)

ઓ, વિજ્ઞાન ! તારા પાપે પ્રદૂષણથી મરી રહેલ હજારો ગાયો લાખો મરઘાં-બતકાં અને કરોડો માછલાં !

રસાયણોનાં અને બીજા ઉદ્યોગોનાં કારખાનાંઓમાંથી જે ઝેરી રસાયણો કચરા રૂપે ફેંકાઈને ધરતી, હવા અને પાણીમાં પ્રદૂષણ ફેલાવી રહ્યાં છે તેથી હાથીથી હંસ સુધી અને ગાયોથી માછલા સુધી હજારો ઢોર અને લાખ્ખો પક્ષીઓ મરી રહ્યા છે એટલું જ નહીં પણ આ રાસાયણિક ઝેરો માણસનો પણ ભોગ લઈ રહ્યાં છે. ઈ.સ. ૧૯૨૯ પહેલાં પોલિકલોરિનેટેડ બાઈ ફેનીલ્સ નામના રસાયણોની શોધ થઈ ત્યારે કોઈને ખબર ન હતી કે રસાયણ વિજ્ઞાનની દૃષ્ટિએ આ એક અજાયબી છે. અને બીજી બાજુ જીવસૃષ્ટિ માટે ગંભીર જોખમરૂપ પણ છે. વરસો જતાં તેમનાં ઉપયોગ ઉદ્યોગોમાં વધવા લાગ્યા. પ્લાસ્ટિકને નરમ બનાવવા, ઈમારતી રંગને સુંદર બનાવવા, રબ્બરને વધુ સ્થિતિસ્થાપક બનાવવા, લખવાની શાહીમાં ચળકાટ લાવવા અને બીજાં ઘણાં કામોમાં તેમનો ઉપયોગ શોધાવા લાગ્યો. આ રસાયણો રંગ, સ્વાદ કે ગંધ ધરાવતાં નથી. તેઓ વીજળી અને આગનો પ્રતિકાર કરે છે અને ઉષ્ણતાના સારા વાહક છે. આથી વીજળીનાં સાધનો બનાવતા કારખાનામાં તેમનો ઉપયોગ વધવા લાગ્યો. અહીં તેમનો ઉપયોગ સીલ કરેલાં સાધનોમાં જડબેસલાક પૂરી રાખેલી દશામાં થાય છે. તેથી તેમાં તે ભયરૂપ નથી. પરંતુ બીજા અનેક ઉદ્યોગોમાં તેમનો ઉપયોગ ઉઘાડી દશામાં થતો હોવાથી અને કારખાનાનાં કચરા સાથે તેમનો પણ નિકાલ થતો હોવાથી તેઓ વનસ્પતિસૃષ્ટિ અને જીવસૃષ્ટિ માટે બહુ જોખમી છે.

અમેરિકાની હડસન નદીને કાંઠે આ રસાયણોનો ઉપયોગ કરનાર

ઘણાં કારખાનાઓ છે અને તેમનો કચરો આ વિશાળ નદીમાં જાય છે. મચ્છીમારો તેમાંથી મોટા પ્રમાણમાં માછલાં પકડતા હતા. પરંતુ આ વર્ષે ન્યૂયોર્ક રાજ્યના સત્તાવાળાઓએ તેમાંથી માછલા પકડવાની મનાઈ કરી છે, કારણ કે તેમાં પડી રહેલા પોલિકલોરિનેટેડ બાઈ ફેનીલ્સના કારણે માછલાં ઝેરી બની ગયાં છે. ૪૫ વર્ષ પહેલાં આ રસાયણોની શોધ થઈ ત્યારે મર્યાદિત ઉપયોગના કારણે તેઓ પ્રદૂષણ ફેલાવતા ન હતાં. પરંતુ ૧૯૬૮ માં ૧૬૦૦ જાપાનીઓ તેમના ઝેરના સપાટામાં આવી ગયા અને તેમને હોસ્પિટલમાં ખસેડવા પડ્યા. તેમના શરીરે વ્રણ થયા હતાં, તેઓ ઊલટી કરતા હતા અને તેમની આંખો સૂજી આવી હતી. તેમણે આ રસાયણોથી પ્રદૂષિત થયેલું તેલ ખાધુ હતું. આ ઘટનાથી જાપાની સરકાર ચેતી ગઈ અને તેણે તેમના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂક્યો. ત્યારથી આ રસાયણોના જોખમ પ્રત્યે સુધરેલી દુનિયાનું ધ્યાન ખેંચાયું છે. ૧૯૭૦માં કેમ્પબેલસુપ કોર્પોરેશને જોયું કે તેના કારખાનામાં ખોરાકની વાનગીઓ બનાવવા માટે દોઢ લાખ કૂકડાના શરીરમાં આ પ્રદૂષણનું ઝેર પહોંચ્યું છે. જો કુકડાની તપાસ કર્યા વિના વાપરી નાખવામાં આવ્યા હોત તો આ ઝેર કેટલા લાખ માણસોના શરીરમાં આવી ગયું હોત ! આ રસાયણો ઊડીને કે ધોવાઈને ધરતીમાં ગયાં હતાં. ત્યાંથી કૂકડાના ખોરાકમાં ગયાં હતાં અને ખોરાક વાટે કૂકડાના શરીરમાં ગયાં હતાં. કોર્પોરેશને તત્કાળ આ બધા કૂકડાનો નાશ કરી નાંખ્યો.

જાપાને જે સાવચેતી વાપરી એ અમેરિકાએ ન દાખવી, કારણ કે ત્યાં રાક્ષસી કદના કોર્પોરેશનો પ્રદૂષણ કરતાં પોતાની આવકની વધુ કાળજી રાખે છે. આથી ૧૯૭૨ સુધીમાં અમેરિકાની લગભગ બધી મોટી નદીઓ દૂષિત થઈ ગઈ. કોઈ કોર્પોરેશનો પોતાનો દૂષિત કચરો પરભારો નદીઓમાં ઠાલવતા હતા, તો કોઈ કોર્પોરેશનનો કચરો વરસાદમાં ધોવાઈને નદીઓમાં જતો હતો. પ્રદૂષણનું સૌથી વધુ પ્રમાણ હડસન નદીમાં છે. અહીં-કેપેસીટર બનાવનાર બે કદાવર કારખાનાં રોજના ત્રીસ રતલના હિસાબે ૧૯૫૦થી દૂષિત કચરો ઠાલવતાં આવ્યાં છે. જો ખોરાકના દસ લાખ ભાગે પાંચ ભાગ સુધી ટી.સી.બી. (પોલિકલોરિનેટેડ

બાઈ ફેનિલ્સ) હોય તો ત્યાં સુધી સરકારી ધારાધોરણો છૂટ આપે છે. પરંતુ હડસન નદીની એક વાય માછલીનું શરીર તપાસતાં તેમાં ૫ ભાગને બદલે ૫૬૦ ભાગ આ રસાયણોના મળી આવ્યાં. તેનો અર્થ એ કે કોઈ માણસ આવી માછલી છ ઔંસ જેટલી ખાય તો આખી જિંદગીમાં તેના શરીરમાં પ્રદૂષણ પહોંચે. તેના ૫૦ ટકા એકજ ભોજનમાં પહોંચી જાય. આમ હડસન જેવી નદીના માછલાં એવાં જોખમી થઈ ગયા છે કે એક લેખકે લખ્યું છે કે "મચ્છીબજારમાં માછલા ખરીદવા જવું એ જયાં અસંખ્ય સુરંગો દાટેલી હોય એવા ધરતી પર ચાલવા બરાબર છે." આ રસાયણો કેન્સર પણ ઉત્પન્ન કરે છે.

ન્યૂયોર્ક રાજ્યના સત્તાવાળાઓએ જનરલ ઈલેક્ટ્રિક કોર્પોરેશનને નોટિસ આપી છે કે આવતા સપ્ટેંબર સુધીમાં તમારાં કારખાનામાંથી આ પ્રદુષણનો ફેલાવો સંપૂર્ણ રીતે અટકી જવો જોઈએ. કોર્પોરેશનને જવાબદાર ઠરાવવામાં આવેલ છે. તેણે હવે પ્રમાણ તો ઘટાડ્યું છે. રોજનું ત્રીસ રતલ પ્રદૂષણ નદીમાં જતું હતું તે ઘટાડીને હવે આશરે બે રતલ જેટલું નાખવામાં આવે છે. સત્તાવાળાઓ આ પ્રમાણ ઘટાડીને આશરે ૦ા રતલ પર લાવવા માગે છે. કોર્પોરેશન નદીને શુદ્ધ કરવા માટે ૨૦ લાખ ડોલર આપવાની તૈયારી બતાવી છે.

ટી.સી.બી.ના કુળનું એક બીજું રસાયણ અમેરિકામાં પશુપક્ષીઓનો ભોગ લઈ રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં ૩૨,૦૦૦ ગાયો, ૬૦૦૦ જેટલાં ભૂંડ, ૧૪૦૦ જેટલાં ઘેટાં, ૧૫ લાખ જેટલા મરઘા-બતકાં અને અસંખ્યાત ઈંડા આ રસાયણના પ્રદૂષણથી માર્યા ગયા છે. ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં ચીઝ, માખણ અને દૂધની ભુક્કીનો નાશ કરવો પડ્યો છે. આ રસાયણનું નામ છે. પોલી બ્રોમિનેટેડ બાઈ ફેનિલ્સ અથવા ટૂંકમાં પી.બી.બી. આથી ઘણાં અમેરિકન ખેડૂતો પાયમાલ થઈ ગયા છે. ૧૯૭૩માં ફેડરિક હેલ્બર્ટ નામના એક ગોસંવર્ધક રસાયણ-વિજ્ઞાનીએ જોયું કે તેની ગાયોની ભૂખ મરી ગઈ છે. તેની ગાયો રોજ ૧૩૦૦૦ રતલ દૂધ આપતી હતી તે ઘટીને ૭૬૦૦ રતલ થઈ ગયું. પશુચિકિત્સકો તેનું કારણ શોધી શક્યા નહીં આથી હેલ્બર્ટે પોતે સંશોધન શરૂ કર્યું. જુદે જુદે

ઠેકાણેથી ખોરાક લાવીને જુદી જુદી વાછડીઓને ખવરાવવાથી જાણી શકાયું કે ક્યાંથી લાવેલો ખોરાક વાછડીઓની ભૂખને મારી નાખે છે. સંશોધન ઉપર ખીસામાંથી પાંચ હજાર ડોલરનો ખર્ચ કર્યા પછી તેને શોધી કાઢ્યું કે એ ખોરાક પી.બી.બી. રસાયણ વડે દૂષિત થયેલ છે. ૧૯૭૪માં તેણે પોતાની બધી ગાયોને કવોરેન્ટાઈનમાં મૂકવી પડી અને તેને પોતાની ૮૦૦ ગાયોનો નાશ કરી નાખવો પડ્યો. પ્રદૂષણ કયું કોર્પોરેશન ફેલાવે છે તે જાણ થાય પછી જેટલા ખેડૂતોએ તેનાથી સહન કરવું પડ્યું હતું તેમણે મિશિગન કેમીકલ કોર્પોરેશન સામે દાવા માંડ્યાં, અત્યાર સુધી એ કોર્પોરેશને ત્રણ કરોડ ડોલર ખેડૂતોને નુકસાની તરીકે ચૂકવ્યા છે. હજુ ત્રણસો દાવા ઊભા છે અને હજી વધુ દાવા થશે. વિજ્ઞાન અને ઉદ્યોગોની પ્રગતિ માટે કોઈવાર કેવી ભારે કિંમત ચૂકવવી પડે છે તેનું આ દૃષ્ટાંત છે. ખેડૂતો એવો દાવો કરે છે કે આ પ્રદૂષણથી અમને પોતાને માથું દુખે છે, ચક્કર આવે છે અને સાંધા દુખે છે. એક ખેડૂતે પોતાની ૬૦૦ ગાયો ગુમાવી. મરેલી ગાયોને ખાઈને બીજા પ્રાણીઓ પ્રદૂષણનો ભોગ ન બને તે માટે અત્યાર સુધી ૩૨,૦૦૦ કરતાં વધુ ગાયોને ઊંડા ખાડા કરીને દાટી દેવામાં આવી છે માંદી પડેલી ગાયો પીડાયા કરે તે કરતાં તેમને ગોળીથી ઠાર કરીને મારી નાંખવામાં આવે છે અને દાટી દેવામાં આવે છે. પશ્ચિમી દેશોમાં અમુક ઓલાદની ગાયો વધુ દૂધ આપે એવી રીતે ઉછેરવામાં આવે છે. અને અમુક ઓલાદની ગાયો વધુમાં વધુ માંસ માટે ઉછેરવામાં આવે છે. તેમના ખોરાકમાં પ્રદૂષણ જાય એટલે માંસ અને દૂધ દ્વારા માણસના શરીરમાં પણ જાય આથી તેમને મારી નાંખીને દાટી દીધા સિવાય બીજો રસ્તો નથી. એક ખેડૂતે ગયા નવેંબરમાં પોતાની ૧૫૦ ગાયો મારી નાંખી.

જાપાને અને અમેરિકાએ જે સહન કર્યું તે આપણા માટે આંખ ઉઘાડનારો ભૂતકાળ હોવો જોઈએ. રસાયણો, પેટ્રોલ, કેમિકલ્સ, કાગળ, તેલની રિફાઈનરીઓ, વગેરે, રંગો વગેરેનાં કારખાનાં વધુમાં વધુ પ્રદૂષણ ફેલાવે છે. તેમનું પ્રદૂષણ હવા, પાણી ને જમીન ઉપર ફેલાય છે. મુંબઈમાં ચેંબુરની આસપાસના વિસ્તારો પ્રદૂષણના ભોગ બન્યા છે. ઘણું પ્રદૂષણ સમુદ્રમાં ફેલાય છે. પાણી સાથેના રાસાયણિક પ્રક્રિયામાં

પાણીમાંનો ઓક્સિજન વાયુ વપરાઈ જાય છે આથી આવા પાણીમાં જો માછલાનું ટોળુ આવી ચડે તો તેઓ ગૂંગળાઈને મરી જાય. મુંબઈનાં દરિયાકાંઠે કોઈવાર લાખો સડેલાં માછલાં આવે છે તેનું કારણ આ જ છે. થોડાં વર્ષો પહેલાં વડોદરા પાસે એક તળાવડીમાં સરકસનાં હાથીઓ પાણી પીવા ગયા. તે પીને રિબાઈને મરી ગયા. કારણ કે તે તળાવમાં એક રાસાયણિક કારખાનાનું પ્રદૂષણ પડતું હતું.

યુરોપ, અમેરિકા અને જાપાનની સરખામણીમાં આપણા રાસાયણિક અને બીજા ઉદ્યોગો કશી વિસાતમાં નથી એમ કહીને એ બાબતમાં આંખ આડા કાન કરવા જેવું નથી, કેમકે આપણા દેશમાં પણ રાસાયણિક ઉદ્યોગો દિવસે દિવસે વધી રહ્યા છે ત્યારે આ વિકસિત દેશોના અનુભવમાંથી આપણે બોધપાઠ લેવો જોઈએ.

લે. વિક્રમાદિત્ય

(ફલેશમાંથી સાભાર)

●